પ્રવચન-પીયૂષ

ભાગ ૨ જો



પ્રવચનકાર

લીંબડી સ્થા. જૈન નાના સંપ્રદાયનાં વિદુષી દિવાળીબાઈ
સ્વામીનાં સુશિષ્યા બા. બ્ર. વિદુષી
મહાસતીજી શ્રી લીલાવતીબાઈ સ્વામી



અમદાવાદ ચાતુર્માસ
સં. ૨૦૧૯

પ્રકાશક
શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ
અમદાવાદ



મૂલ્ય રૂ. ૨
બેઉ ભાગનું સામટું મૂલ્ય રૂ. ૪

પ્રકાશક
અમૃતલાલ છગનલાલ ગાંધી
માનદ મંત્રી
શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ
અમદાવાદ

આવૃત્તિ ૧ લી : પ્રત ૩
વિ. સંવત ૨૦૨૦ : વીર સંવત ૨૪૯૦
ઈ. સ. ૧૯૬૪

*

પુસ્તક મળવાનું સ્થળ :
શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ
અમદાવાદ

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિંટિંગ પ્રેસ,
ઘીકાંટા રોડ : અમદાવાદ

અનુક્રમણિકા

—(*)—

*

પ્રવચન-પીયૂષ

ભાગ ૨ જો

વ્યાખ્યાન : ૫૮

(રવિવાર, તા ૧-૯-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે ભગવાન મહાવીરે નરકમા જવાના ઘણા ભાવો કહ્યા છે તેમા નીચેના ચાર કારણો મુખ્ય છે (૧) મહાઆરંભિયાએ, (૨) મહાપરિગ્ગહિયાએ, (૩) કુણિમાહારેણ, (૪) પંચેન્દ્રિયવહેણ

(૧) મહાઆરંભિયાએ—મોટા પાયા પર સમારંભો કરવા, મોટી પેઢીઓ સ્થાપવી, મિલો, મશીનો અને કારખાનાઓ ચલાવવા; અનેક જીવોનો હુ પાલનહાર છુ એમ માનવુ અને પાપ કરતા કરતાં આનંદ માનવો, એ મહાઆરંભિયાએ ભાવ છે

(૨) મહાપરિગ્ગહિયાએ—મહાન પરિગ્રહ કરવો તે પરિગ્રહ કારમો છે એ કામને પ્રદીપ્ત કરનાર, જન્મ, જરા અને મૃત્યુના મૂળને રીંચનાર છે અણુ અને પરમાણુના બોમ્બ બનાવનારાઓ કેટલા ભવ માટે પાપ બાંધે છે ? એક દેશ બીજા દેશ પર હુમલો કરે છે અને લાખો જીવોનો કચ્ચરઘાણ વાળી દે છે કોઈ ધરતીનો ટુકડો ભેગો બાંધી જતો નથી, છતા એને મેળવવા માટે કાળા કામો કરે છે મહમ્મદ ગિઝનીએ ભારત ઉપર સત્તર વાર ચઢાઈ કરી હીરા, મોતી અને ઝવેરાતના ભેગુ કર્યું મૃત્યુ વખતે તેનો વ્યાધિ વધી ગયો ત્યારે પોતાની બાજુમા હીરા, મોતી અને ઝવેરાતના ઢગલા કરાવીને કહેવા લાગ્યો,

ઓ ઝવેરાત ! ઓ સોનામહોરો ! મને બચાવો ! પણ હવે એનું કોણ સાંભળે ! જીવતો હતો ત્યારે એનું નામ સાંભળે ત્યાં હોઠ થરથરતા હતા પણ હવે એને કોણ બચાવે ! એની વેદના કોણ લઈ લે !

પોતાના આપ્તજનોને અને સ્નેહીઓને બોલાવીને એ કહેવા લાગ્યો તમારા બધાના માટે મેં લોકોની નીંદા વહોરી, હજારોના પાપો બાંધ્યા. હવે મને આમાંથી બચાવો. આ તે એ હાથ ઘસતો ચાલ્યો ગયો પણ કોઈ એને બચાવી શક્યું નહીં

તમે જે છેતરપીંડી કરીને પૈસા કમાતા હશો તો ખાનારા ખાઈ જશે અને કાળા હાથ કરીને કર્મોના જે જથ્થા ભેગા કર્યા હશે તે તો તમારે જ ભોગવવા પડશે. માટે પાપથી ડરે તે પંડિત અને નવાં કર્મો ન બાંધે તે જ્ઞાની. અહીં તો એકનું ખૂન કરે તેને પણ એક ફાંસી અને હજારના ખૂન કરે તેને એક જ ફાંસીની સજા થાય છે પણ ત્યાં એવું નથી. નરકમાં ગયા પછી તેને ભાલાની અણીમાં ભરાવીને ધગધગતી આગમાં શેકે છે અહીં તો બીડીનું ઠૂંઠું પગમાં આવી ગયું હોય, તેમ પાયે બાંધીને ફેરવે છે આંખમાં કણું પડ્યું હોય તેમ કેટલાય ઉપચારો કરાવે છે પણ ત્યાં કોઈ વેદનાનું શમન નથી. શાકભાજી સુધારે તેમ કાપીને ટુકડા કરી નાખે છે અહીં કસાઈ મારી નાખે છે કે તારા તો રાઈ રાઈ જેટલા ટુકડા કરીને ઉપરથી મીઠું ભભરાવું તેમ મારી આગ ઓલવાતી નથી, ત્યારે નરકમાં તો એવું પ્રત્યક્ષ બને છે ઘાણીઓમાં શેરડીની જેમ પીલી નાખે છે ધોબી કપડાં ધૂવે તેવી રીતે પણ ઝીલીને પછાડે છે નિકાચિત આયુષ્યનો બંધ હોવાથી આવી વેદનામાં પણ જીવ મરતો નથી.

નાગશ્રીનો જીવ સાતમી છઠ્ઠી પાંચમી ચોથી ત્રીજી બીજી અને પહેલી નરકે બબ્બે વાર જઈ આવ્યો. સાતમી નરકે નમ છે ત્યાં કપાવું ઉકળવું ભેદાવું ચામડી ઉતારવી ઉપરથી તીક્ષ્ણ ક્ષારો છાંટવા અને આવી તો અનેક વેદનાઓ વેઠે છે કુંભીનું મુખ સાંકડું અને પેટાળ મોટું હોય છે તેમાં જીવ ઉત્પન્ન થાય છે બહાર કરતા કાંટા હોય

છે અંદર ને અંદર શરીર મોટું થવા લાગે છે ને જીવ અંદર ગૂંગળાય છે પરમાધામીઓ ભાલા લઈ લઈને એના ટુકડે ટુકડા કરી નાખે છે જીવ કાળી ચીસો નાખીને પોકારો કરે છે 'બચાવો, બચાવો!' પણ ત્યાં એને કોણ બચાવે? છાના કે જાહેર પાપો ત્યાં છાના રહેતા નથી કેટલાય જીવો સત્તા, સંપત્તિ, સુરા, સુંદરી અને માંસભક્ષણની પાછળ મતવાલા બનીને મહાલે છે અને આવી અણમોલ જિંદગી ગુમાવી દે છે. જે જીવો જીવવાની આશાવાળા અને મરણના ભયવાળા હોય તેની ક્રૂર હિંસા કરે છે આજનું રાજ્ય તો જાણે હિંસાનું રાજ્ય બની ગયું છે મત્સ્ય-ઉદ્યોગ દ્વારા માછલીઓ ભેગી કરીને અને તેને શીતાગારોમાં રાખીને પરદેશ મોકલે છે આ બધાં પાપો તેને ક્યાં મૂકશે?

તમે અહીં તો ઉનાળાની સાધારણ ગરમી પડે ત્યાં એરકંડિશનમાં ભરાઈ જાવ છો, સુગંધી વાળાની ટટ્ટીઓની પાછળ શીતળતા મેળવવાના ફાંકા મારો છો, હવાખાવાના સ્થળોમાં ફરવા જઈ આવો છો, પણ નરકની ગરમીનો અનુભવ બહુ કપરો છે લાખ યોજનનો લોઢાનો ગોળો નરકમાં નાખવામાં આવે, તો એ એક સેકંડમાં પીગળીને રસ બની જાય એટલી ગરમી ત્યાં છે સાતાના રસિયા જીવો એકમાત્ર પોતાની સાતા માટે કેટલા જીવોને રિબાવે છે?

દૃષ્ટાન્ત—શિકાર કરવા જતાં શ્રેણિક રાજાએ એક ગર્ભવતી મૃગલીને બાણ માર્યું આથી મૃગલી તરફડવા લાગી, અને ગર્ભના કોમળ બચ્ચાઓને વીંધીને તેનું બાણ જમીનમાં ખૂંપી ગયું! આથી શ્રેણિક રાજા ફુલાવા લાગ્યો કે મારામાં જોર કેટલું! એક બાણથી ત્રણ ત્રણ જીવો વીંધાયા અને મારું બાણ જમીનમાં ખૂંપી ગયું! જૈનધર્મ પામ્યા પહેલાં શ્રેણિક રાજાએ ઘણા શિકાર કર્યા તેને અનાથીમુનિનો ભેટો થઈ ગયા પછી તેના દેશની હદમાં તેણે શિકાર કરવાનો પ્રતિબંધ કરી દીધો આથી તેણે તીર્થંકર ગોત્ર બાંધી દીધું! માટે સત્સંગમાં પ્રીતિ રાખો સત્સંગથી કૃષ્ણપક્ષી હોય તે શુક્લપક્ષી થઈ જાય છે,

મિથ્યાતી હોય તે સમકિત બની જાય છે એથી રાજા પ્રદેશીસ્વામીના યોગથી એકાવતારી બની ગયા.

દૃષ્ટાન્ત—અંગુલિમાલ એક પ્રદેશના ક્રૂર બહારવટિયો હતો. રસ્તામાં કોઈ મુસાફર મળે તેને મારી નાખી તેની આંગળીઓ કાપીને અને તેને સોયદોરાથી પરોવીને તેની તે માળા પહેરતો આ ઉપરથી તેનુ નામ 'અંગુલિમાલ' પડ્યુ હતુ મનુષ્યને જ્યાંસુધી મોહની અસરમાં ચડેલાં હોય ત્યાંસુધી એ માને છે કે મારે ઇતર્યુ અને બધી મારવાં. આ ભાવ ન જાય—મોહની અસરમાં ન ઉતરે ત્યાંસુધી મોક્ષ કપાતો નથી. તે દેશનો રાજા પ્રસેનજિત આવા ભયંકર બહારવટીયાથી ત્રાસી ગયો અને વિશાળ સેના તૈયાર કરીને તેને પકડવા માટે તૈયાર થયો

આ તરફ ભગવાન બુદ્ધ વિચરે છે ફરતાં ફરતા તેઓ અંગુલિમાલના પ્રદેશ તરફ આવ્યા રસ્તે જતા ગ્રામવાસીઓએ ભગવાન બુદ્ધને કહ્યુ આ રસ્તા પર ભયંકર ડાકુ અંગુલિમાલ રહે છે માટે આપ એ રસ્તે ન જાવ તો સારુ કારણ કે એ સાધુને પણ છોડતો નથી. ભગવાન બુદ્ધ વિચાર કરે છે કે જગતને જેટલો ભય આ ઘરના બહાર વટિયાના ભય છે તે શો અંદરના ડાકુઓનો કેમ નહીં હોય ! આત્મ ધનને લૂંટનારા એ લૂંટારા ક્રોધ માન માયા અને લોભ કર્યા ઓછા ભયંકર છે ! પૌષધ પ્રતિક્રમણ કે સામાયિકમાં બેઠા હોય ને ક્રોધ નામનો ડાકુ આવે છે આવા ડાકુઓ એક ગતિમાંથી બીજી ગતિમાં અને આમ ન આમ ચારાસી લાખ યોનિમાં ભમવે છે આવો ક્રોધ આવે ત્યારે કોઈ ન અન થાય છે કે મારો પૌષધ કે મારુ પ્રતિક્રમણ લજાય છે ! મોટી મોટી જટાઓ વધારનારા અને તિલક કરી માળાઓ પહેરનારાઓ પણ આ અંદરના બહારવટિયાઓથી બચ્યા નથી. બહારનો સંસાર છોડીને તેઓ આંતરિક સંસારને વધારી મૂકે છે

સંપ તજી ભલે કાંચળી, તોય નાગનો નાગ.

કદાચ કાંચળી તજી દે, તેનાથી શું સર્પ મિટે ? મહત્તાઈ ત્યાગ છે ! વેર તો માત્ર વાસ્તુ કામ કરે છે સામતવાનુ આત્મશોધન રહ્ના

તો અંદર છે એ લૂંટાઈ ન જાય, એના માટે જે સાવધાન રહે તે સાધુ છે એટલા માટે તો મહાત્મા આનંદઘનજી કહે છે—

જેને તે જીત્યા રે તેણે હુ જીતીઓ રે,
પુરુષ કીસ્યુ મુજ નામ ?
પંથડો નિહાળુ રે બીજા જિનતણો રે

હે ભગવાન ! કામ, ક્રોધ, મોહ આદિ કષાયોને આપે તો જીતી લીધા, પરંતુ એ જ કષાયોએ મને જીતી લીધો છે, માટે હુ પુરુષ કહેવડાવવાને યોગ્ય રહ્યો નથી !

દૃષ્ટાન્ત—ઘરમા બધુ ઝવેરાત મૂકીને બાપ બહારગામ ગયો. જતી વખતે જુવાન છોકરાને ભલામણ કરી કે આ મકાનના બધા કમાડ સાચવીને સૂજે પાછળથી છોકરાએ વિચાર કર્યો કે બાપા કમાડ સાચવીને સૂવાનુ કહી ગયા છે, માટે બધા કમાડને સાચવીને જ સૂવુ જોઈએ બધા મિજાગરા કાઢીને તેણે કમાડોનો ઢગલો કર્યો અને તેના ઉપર પથારી કરીને એ સૂઈ ગયો પાછળથી ચોરો બધુ સાફ કરી ગયા બાપે આવીને છોકરાને ઠપકો આપતા કહ્યુ કે, ' અરેરે, આ શું કર્યું ? ચોર લોકો બધુ ઉઠાવી ગયા, ને તે સભાળ્યુ કેમ નહીં ? ' છોકરો બોલ્યો, ' તમે કમાડ સાચવવાનુ કહી ગયા હતા એ કમાડોને બરાબર ગણી જુઓ. એક તો તમે બહારગામ જાવ ત્યારે અમે તમારુ કહ્યુ કરીએ ને ઉપરથી ધમકાવો છો ? ' હવે બાપ શુ બોલે ?

તમે પણ બાહ્ય સાચવવામા પડ્યા છો ને આતરિક લૂટાઈ રહ્યુ છે તાત્વિકમા કોઈ ઊભો નથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ બધા જૈનોની મૂડી છે, પણ તમે તો કમાડ સાચવનારા ડાહ્યા દીકરાઓ છો ને !

ગચ્છના ભેદ બહુ, નયન નિહાળતા,
તત્ત્વની વાત કરતા ન લાજે !

અહિંસાદિ પાચ વ્રતોનુ પાલન અને સ્થાપન કરાવવા માટે જૈનધર્મ છે તેમા ગચ્છો કેટલા ? ગચ્છમા પણ કેટલા ભેદો ? આનુ પરિણામ એ આવ્યુ કે એક અવાજનુ જે બળ હતુ તે ચાલ્યુ ગયુ,

મારા-તારાની ખેંચતાણ વધી પડી. એમાં કહેવાતા સાધુઓએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો. ખોટાઓ તો ઝઘડા કરાવીને દૂર રહે છે ભલે તે ગામની કોલેજમાં ભણતો વિદ્યાર્થી હોય, પણ પરીક્ષા તો એક જ યુનિવર્સિટીની છે ને ? એમ જ્યાં કુગુરુઓએ ભાગ પાડી દીધા છે તમે ધર્મમાં રમણ ન કરો તો કંઈ નહીં પણ ધર્મમાં ઝઘડા તો કરશો જ નહીં ધનવાનોને આવા ઝઘડાઓ બહુ ગમે છે પણ આવા ઝઘડાઓ ઝેર વધારે છે

દૃષ્ટાન્ત—દીકરો પરદેશથી કમાઈને આવ્યો અને મુંબઈથી નીકળતી વખતે બાપને તાર કર્યો કે અમુક ગાડીમાં હું આવું છું બાપ હારતોરા લઈને સ્ટેશને ગયો ગાડી આવી ને નીચે ઊતરીને છોકરો બાપના પગમાં પડીને કહે છે બાપા ! આ વખતે તો સારો તડાકો પડ્યો. એક લાખ રૂપિયા લઈને આવ્યો છું

બાપ કહે છે શાબાશ બેટા ! તું સપૂત છે

પણ કોઈ બાપે એમ પૂછ્યું કે એ એક લાખમાં કાળાબજારનાં કેટલા નાખ્યાં છે ? ખોટું બોલીને મેળવેલા પૈસા કેટલા છે ? એને જુદા કાઢી નાખ. આ કરવાની જરૂર છે

ભગવાન બુદ્ધ નિડરતાથી આગળ વધ્યા. અજ્ઞાની આત્માઓ પડખામાંથી પણ ડરે છે ત્યારે જ્ઞાનીઓ મૃત્યુથી પણ ડરતા નથી. એ તો કહે છે—

અબ હમ અમર ભયે ન મરેંગે.
યા કારન મિથ્યાત દિયો તજ
ક્યોં કર દેહ ધરેંગે અબ
રાગ દોષ જગબંધ કરત હૈ
ઇનકો નાશ કરેંગે.
મર્યો અનંત કાલ તેં પ્રાણી
સો હમ કાલ હરેંગે અબ

જેના હૃદયમાં અમરત્વના સિદ્ધાન્તો ઊતર્યો હોય તેને ભય શાનો

હોય ? શિવાજીની માએ હાલરડામાં પુત્રને અમરત્વના પાઠ પઢાવ્યા, ત્યારે તમે શું કર્યું ? ' બાવો આવ્યો ' કે ' હાઉ આવ્યું ' કહીને બાળકને ડરપોક બનાવ્યું ?

ભગવાન બુદ્ધ ચાલ્યા આવે છે. એક પથ્થર પર બેઠેલો અંગુલિમાલ વિચાર કરવા લાગ્યો કે આ બે માથાનો કોણ નીકળ્યો ? એણે તરત જ પડકાર કર્યો, ' એય ! ખડે રહો ! તુમ કૌન હો ? ' પણ બુદ્ધ ભગવાન તો ચાલવા જ માંડ્યા, અને ચાલતાં ચાલતાં તેઓ બોલ્યા, ' મૈં તો ખડા હૂં, ઔર તુમ ચલ રહે હો ! ' આ સાંભળીને અંગુલિમાલ ઊભો થઈ ગયો અને બોલ્યો, ' હું ઊભો છું, તેને તમે ચાલતો હોવાનું કહો છો, ને તમે ચાલતા હોવા છતાં ઊભા હોવાનું કહો છો. આ શું બોલો છો ? જરા સમજાવો તો ખરા ? '

ભગવાન બુદ્ધ બોલ્યા, ' હું અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહવ્રતમાં ઊભો છું, અને તું માયા, મોહ, લોભ આદિના પ્રવાહમાં ચાલી રહ્યો છે. '

અંગુલિમાલ તો સ્તબ્ધ બની ગયો. બુદ્ધે તેને અહિંસાનો ધર્મ સમજાવ્યો, અસ્તેય અને અપરિગ્રહના પાઠો પઢાવ્યા અને સત્યનો ઉપદેશ આપ્યો. અંગુલિમાલે પોતાની તલવારના ટુકડા કરી નાખ્યા અને એ બુદ્ધ ભગવાનના ચરણોમાં નમી પડ્યો. અંગુલિમાલ બૌદ્ધ ધર્મનો સાધુ બની ગયો !

આ તરફ પ્રસેનજિત રાજા અંગુલિમાલને પકડવા માટે સેના સજ્જ કરીને ભગવાન બુદ્ધને વંદન કરવા અને માંગલિક સાંભળવા આવી રહ્યા હતા. બુદ્ધે પૂછ્યું, ' અત્યારમાં કઈ તરફ ? '

પ્રસેનજિતે કહ્યું, ' ભગવન્ ! ડાકુ અંગુલિમાલથી પ્રજા ત્રાહિ ત્રાહિ પોકારી રહી છે. તેને પકડવા જઈ રહ્યો છું. '

' એક ડાકુને પકડવામાં આટલું મોટું સૈન્ય ! ' બુદ્ધે હસીને પ્રશ્ન કર્યો.

મારા-તારાની ખેંચતાણ વધી પડી. એમાં કહેવાતા સાધુઓએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો. એટાઓ તો ઝઘડો કરાવીને દૂર રહે છે અને તે બાબતો કૉલેજમાં ભણતો વિદ્યાર્થી હોય, પણ પરીક્ષા તો એક જ યુનિવર્સિટીની છે ને ! એમ છતાં ગુરુઓએ આજે પાટા બાંધી દીધા છે તમે ધર્મમાં રમણ ન કરો તો કાંઈ નહીં પણ ધર્મમાં ઝઘડા તો હરગીઝ જ નહીં ધનવાનોને આવા ઝઘડાઓ ગમે છે પણ આવા ઝઘડાઓ ઝેર વધારે છે

દૃષ્ટાન્ત—દીકરો પરદેશથી કમાઈને આવ્યો અને મુંબઈથી નીકળતી વખતે બાપને તાર કર્યો કે અમુક ગાડીમાં હું આવું છું બાપ હારતોરા લઈને સ્ટેશને ગયો ગાડી આવી ને નીચે ઉતરીને છોકરો બાપના પગમાં પડીને કહે છે બાપા ! આ વખતે તો સારો વાંધો પડ્યો. એક લાખ રૂપિયા લઈને આવ્યો છું

બાપ કહે છે શાબાશ બેટા ! તું સપૂત છે

પણ કોઈ બાપે એમ પૂછ્યું કે એ એક લાખમાં કાળાધોળાસ્તાં કેટલાં નાખ્યાં છે ? ખોટું બોલીને મેળવેલા પૈસા કેટલા છે ? એને જુદા કરી નાખ આ કરવાની જરૂર છે

ભગવાન બુદ્ધ નિરંતરથી આગળ વધ્યા. અજ્ઞાની આત્માઓ પાપમાંથી પણ રે છે ત્યારે જ્ઞાનીઓ મૃત્યુથી પણ ડરતા નથી. એ તો કહે છે—

અબ હમ અમર ભયે ન મરેંગે.
યા કારન મિથ્યાત્વ દિયો તજ
ક્યોં કર દેહ ધરેંગે અબ
રાગ દ્વેષ જગબંધ કરત હૈ
ઇનકો નાશ કરેંગે.
મર્યો અનંત કાળ તેં પ્રાણી
સો હમ કાળ હરેંગે અબ

જેના હૃદયમાં અમરત્વના સિદ્ધાન્તો જીવતો હોય તેને ભય શાનો

હોય ? શિવાજીની માએ હાલરડામા પુત્રને અમરત્વના પાઠ પઢાવ્યા, ત્યારે તમે શુ કર્યું ? 'બાવો આવ્યો' કે 'હાઉ આવ્યુ' કહીને બાળકને ડરપોક બનાવ્યુ ?

ભગવાન બુદ્ધ ચાલ્યા આવે છે એક પથ્થર પર બેઠેલો અ ગુલિમાલ વિચાર કરવા લાગ્યો કે આ બે માથાનો કોણ નીકળ્યો ? એણે તરત જ પડકાર કર્યો, 'એય ! ખડે રહો ! તુમ કૌન હો ?' પણ બુદ્ધ ભગવાન તો ચાલવા જ માડ્યા, અને ચાલતા ચાલતા તેઓ બોલ્યા, 'મૈ તો ખડા હૂ, ઔર તુમ ચલ રહે હો !' આ સાભળીને અ ગુલિમાલ ઊભો થઈ ગયો અને બોલ્યો, 'હુ ઊભો છુ, તેને તમે ચાલતો હોવાનુ કહો છો, ને તમે ચાલતા હોવા છતા ઊભા હોવાનુ કહો છો આ શુ બોલો છો ? જરા સમજાવો તો ખરા ?'

ભગવાન બુદ્ધ બોલ્યા, 'હુ અહિ સા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહવનમા ઊભો છુ, અને તુ માયા, મોહ, લોભ આદિના પ્રવાહમા ચાલી રહ્યો છે'

અગુનિમાલ તો સ્તબ્ધ બની ગયો બુદ્ધે તેને અહિ સાનો ધર્મ સમજાવ્યો, અસ્તેય અને અપરિગ્રહના પાઠો પઢાવ્યા અને સત્યનો ઉપદેશ આપ્યો અ ગુલિમાલે પોતાની તલવારના ટુકડા કરી નાખ્યા અને એ બુદ્ધ ભગવાનના ચરણોમા નમી પડ્યો અ ગુનિમાલ બૌદ્ધ ધર્મનો સાધુ બની ગયો !

આ તરફ પ્રસેનજિત રાજા અ ગુલિમાલને પકડવા માટે સેના સજ્જ કરીને ભગવાન બુદ્ધને વ દન કરવા અને માગલિક સાભળવા આવી રહ્યા હતા બુદ્ધે પૂછ્યુ, 'અત્યારમા કઈ તરફ ?'

પ્રસેનજિતે કહ્યુ, 'ભગવન્ ! ડાકુ અ ગુલિમાલથી પ્રજા ત્રાહિ ત્રાહિ પોકારી રહી છે તેને પકડવા જઈ રહ્યો છુ'

'એક ડાકુને પકડવામા આટલુ મોટુ સૈન્ય !' બુદ્ધે હસીને પ્રશ્ન કર્યો.

"ડાકુ બહુ ભયંકર છે." પ્રસેનજિત બોલ્યો. "કદાચ આટલું સૈન્ય પણ ઓછું પડશે !"

"એ અંગુલિમાલ પકડાઈ જાય તો તેને શી સજા કરશો ?" ભગવાન બુદ્ધે પ્રશ્ન કર્યો.

"એ બદમાશ પકડાય તો શૂળીને પાટિયે ચડાવી દઉં !"

"અને એ સાધુ થઈ ગયો હોય તો ?" ભગવાને હસતાં હસતાં પૂછ્યું.

"અરે પ્રભુ !" પ્રસેનજિત બોલ્યો. "એવા નિર્દયને ધર્મ ક્યાંથી સૂઝે !"

"પણ આ બૌદ્ધ સંઘમાં જ એ અંગુલિમાલ હોય તો ?" પ્રભુએ પૂછ્યું.

"તો એના પગમાં પડું." પ્રસેનજિતે કહ્યું. ભગવાન બુદ્ધે ભિક્ષુના વેશમાં અંગુલિમાલને બતાવ્યો. પ્રસેનજિત રાજાએ તેને વંદન કર્યાં.

વેરથી વેર શમે ન કદાપિ, આગથી આગ બુઝાય ના;
હિંસાથી હિંસા હણાય નહિ, શસ્ત્રોથી શાન્તિ સ્થપાય ના.

બોમ્બના બનાવનાર વૈજ્ઞાનિકોને એક દી જરૂર પસ્તાવું પડશે !

બળતી ઝળતી આ દુનિયાને એક દી
પ્રભુ મહાવીરે ચીંધ્યા રાહે જાવું પડશે !

વેરાણા વેરં વડ્ઢઈ —વેરથી વેર વધે છે. વેરનું શમન થાય છે પ્રેમથી. શસ્ત્રોના ઢગલાઓ શાન્તિ સ્થાપવા સમર્થ નથી. ભગવાન મહાવીરના અભયમાર્ગે શાન્તિ સ્થપાય છે.

નાગશ્રીએ મુનિનો ઘાત કર્યો. નારકીના ૧૪ અને તિર્યંચના ૧૪ મળીને ૨૮ ભવ તેણે કર્યા. આવા નરકમાં ન જવું હોય તો—

એક વચન એ સદ્ગુરુ કેરું, જો બેસે દિલમાંય રે પ્રાણી !
નરકગતિમાં તે નવી જાવે, એમ કહે જિનરાય રે પ્રાણી !

સદ્ગુરુનું એકાદ વચન હૃદયમાં ઉતરી જાય અને જીવન પલટાવી નાખે તો જરૂર કલ્યાણ થઈ જાય.

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૫૯

(સોમવાર, તા ૨-૯-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે નાગશ્રી બ્રાહ્મણી મુનિની હત્યા કરીને એક એક નરકમા બબ્બે વાર ગઈ આરભ અને પરિગ્રહમા રક્ત રહેનાર ધર્મનો દ્રોહી બની જાય છે પરિગ્રહીને ધર્મ ગમતો નથી નરકમા જવાના ચાર કારણોમાના પ્રથમના બે કારણો ગઈ કાલે કહેવામા આવ્યા આજે એના ત્રીજા અને ચોથા કારણનો વિચાર કરીએ

(૩) કુણિમાહારેણં—ભક્ષણ કરવામા શુ યોગ્ય છે અને શુ અયોગ્ય છે તેનો વિચાર ન હોય અને માસ–મદિરા આદિનુ ભક્ષણ કરે તે કુણિમાહારેણ કહેવાય છે

(૪) પચેન્દ્રિયવહણેણં—સજ્ઞી પચેન્દ્રિયનો વધ કરે અને તેમા બડાઈ માને તેને પચેન્દ્રિયવહણેણ કહેવામા આવે છે

આ ચારેય કારણો મનુષ્યભવમાથી સીધા નારકીના ભવમા લઈ જનારા છે નારકીના જીવને જયમને માટે આ દસ પ્રકારની વેદનાઓનો અનુભવ કરવો પડે છે (૧) અનતી ભૂખ, (૨) અનતી તરસ, (૪) અનતી ટાઢ, (૪) અનતી ગરમી, (૫) અનતો દાહ, (૬) અનતો ભય, (૭) અનતો જ્વર, (૮) અનતી ખજ્જ, (૯) અનતી પરાધીનતા, અને (૧૦) અનતો શોક માનવ જ્યારે પાપ કરે છે ત્યારે તેને નરકમા-

ખાનારી આ વેદનાઓનો ખ્યાલ રહેતો નથી, ફળને વિચાર્યા વિના જ એ કર્મ બાંધતો રહે છે

જે તે અભક્ષ્ય વસ્તુઓ ખાઈને કાયા નચાવે તેમ કરીને રે,
રાત્રિ ન જોઈ દિવસ ન જોયો ભટક્યો ભાનને ખોઈને રે,
એ કાયા છે પિંજરું રે એની શું રે કરામત હોય રે.

આ કાયા પિંજર સમાન છે તેમાં રહેનાર પક્ષીને આકાશમાં ઉડ્ડયન કરવું છે પિંજરમાં પડ્યું પડ્યું એ મુક્તિને ઝંખી રહ્યું છે

કંઈક કેટલા આવ્યા ગયા નજર ચડી નથી
કંઈક કેટલા ચાલ્યા ગયા ખબર પડી નથી.
તારા ઐશ્વર્યનું તું એટલું અભિમાન ન કર,
સિકંદર બાદશાહ જેવાની કબર પણ જડી નથી.

જે સિકંદર વિશ્વવિજેતા ગણાતો હતો તે સિકંદર મરી ગયો અને તેની કબરનો પત્તો પણ આજે લાગતો નથી. માટે જ મળેલી થોડી ક્ષણોમાં સાધનોનું અભિમાન ન કરો. જિંદગીને નમતાં ને આપતાં શીખો આવી થોડી જિંદગીમાં આટલા ઝઘડા શા માટે?

ખાવાની લાલચથી ઉંદર ઉંદરિયામાં સપડાઈ જાય છે પણ એ ઉંદરિયાનું બારણું ખોલો કે તરત જ એ ભાગી છૂટે છે એને બંધન ગમતું નથી. દેહરૂપી ઉંદરિયામાં સપડાઈ ગયેલા જીવનું પણ એમ જ છે કર્મના બંધનોથી એ ગાઢ રીતે જકડાયેલો છે તમે એ બંધનોને વધારે મજબૂત બનાવવાના વિચાર કરો છો કે છોડવાના?

હીરો કથી છૂટે ભગતનું પૂછરુ વરે
સાચું જ્ઞાન થતાં બંધન નથી ગમતાં નથી ગમતાં
આત્માનું ભાન થતાં ભોગો નથી ગમતાં નથી ગમતાં

[illegible] જા ળ મ્યો ત્યાં જુવારનો રોટલો ને છાશ ખારાં લાગે છે કારણ કે પ્રથમનો સ્વાદ દાઢે આવે છે તેમ આત્માનંદ મેળવવા માટે પ્રથમ સમ્યગ્દર્શનની ખાસ જરૂર છે એથી ભેદવિજ્ઞાન

થશે આત્મા શરીરથી ભિન્ન છે, પણ તમે તો શરીરની સજાવટ, રક્ષણ અને શોભા વધારવામા જ સમય વિતાવો છો એટલો સમય જો આત્માના ગુણોનો વિકાસ કરવામા આવે તો કલ્યાણ થઈ જાય એક વાર સમ્યગ્દર્શન થઈ જાય, તો શરીરનો મોહ છૂટી જાય, જ્ઞાનનો પ્રકાશ પથરાઈ જાય એમ છતા સમકિત વિનાનુ જ્ઞાન શુષ્ક છે સમકિત વિના શ્રેણિક રાજાને નરકનો બધ પડી ગયો સમકિતી જીવને નરકનો બધ થતો નથી

જેને પરિગ્રહ રુચે છે તેને ધર્મ રુચતો નથી જો કોઈ મિલ, કારખાના આદિ ખોલે તેને અભિનદન આપનાર પણ પાપનો ભોક્તા થાય છે એક કારખાનાના ઉદ્‌ઘાટનમા ચા-નાસ્તો ઉડાવીને બધા અભિનદન આપે છે અને જાતે પાપ વહોરે છે પણ તમારા આ કારખાનામા રૂ અને મગફળી પિલાતી નથી, પણ તમરુ પુણ્ય પિલાય છે, કારણ કે એમા મગફળી કે રૂને બદલે કેટલા જીવો પિલાશે એમ કોઈ કહે છે ખરૂ ? આવા લોકોના પુણ્ય ખવાઈ જાય છે એટલે એ નરકના અધિકારી બની જાય છે એમને કોઈ શાપ દેવા જતુ નથી

દૃષ્ટાન્ત—રાજગૃહી નગરીમા મહાશતક નામનો ગાથાપતિ રહેતો હતો એ સમર્થ અને બુદ્ધિમાન હતો તેને ત્યા તેર સ્ત્રીઓ હતી બાર સ્ત્રીઓ એક એક કરોડ સોનૈયા અને એક એક ગોકુળ જેટલી ગાયો લાવી હતી બાકીની એક સ્ત્રી આઠ કરોડ સોનૈયા અને આઠ ગોકુળ ગાયો લાવી હતી. દસ હજાર ગાયોનુ એક ગોકુળ ગણાય છે આ ઉપરાત મહાશતકની પોતાની મિલકત પણ ચોવીસ કરોડ સોનૈયાની હતી તેમાના આઠ કરોડ સોનૈયા તેણે ધરતીમા રાખ્યા હતા આઠ કરોડ વેપારમા રોક્યા હતા અને આઠ કરોડ ઘરવખરીમા રાખ્યા હતા સિદ્ધાન્ત કહે છે કે એ શ્રાવકો જેટલો વેપાર કરતા તેટલી જ રકમ અનામત પણ રાખતા, કદાચ આસ્માની સુલતાની થાય તો અનામત-માથી ભરપાઈ થઈ શકે ! આજે તો ખીસામા એક હજાર હોય ને દસ-હજારનો વેપાર કરે છે પછી એમા કેટલી રાડીરાડોને રહવુ પડે છે !-

ઇચ્છા કરો એ આરંભ છે અને આરંભમાં મમતા એ પરિગ્રહ છે. એક ધનવાનને જોઈને ધનવાન થવાની ઇચ્છા કરવી, એક મોટર કે બંગલાવાળાને જોઈને મોટર કે બંગલાવાળા બનવાની ઇચ્છા કરવી એ જ આરંભ છે આવો આરંભ પરિગ્રહમાં પલટાઈ જાય છે અને એ પરિગ્રહ પાપનું મૂળ છે ખોટા સતારાઓને જોયા છે? શરૂઆતમાં એ સોના જેવા ઝગારા મારે છે પણ પાણી અડે કે કાળા ધબ પડી જાય! એવી જ રીતે—

જૂઠી આશા ને માનમાં ફુલાયે
દિને આસમાને તારા દેખાયે
એમાં તારું છે પતન કર ધર્મનું જતન
વહી જાય રે અમોલ ઘડી ખરી રે
ફરી ફરી રે પ્રસંગ નાવે ફરી ફરી રે

તમે જૂઠામાં મોહી રહ્યા છો. પૈસાને શોધો છો પણ ધરમને જોતા નથી. તમને પરિગ્રહના ઘરમાં મોહ લાગ્યા છે તમારે ત્યાં એમ. એ. થયેલી વહુ આવે તો તમે ફુલાતા ફરો એમ મનાય કે ઘંઘાનાં અંગોને ઉઘાડાં રાખે એ આજે સારી ગણાય છે! આવો હળાહળ જમાનો તમને ગમે છે અને છતાં મોક્ષમાં જવાની આશા રાખી રહ્યા છો!

રાજગૃહી નગરીના ગુણશીલ નામના ઉપવનમાં ભગવાન મહાવીર પધાર્યા. ભગવાને જ્યારે દીક્ષા લીધી હતી ત્યારે ઇન્દ્રે દેવદૂષ્ય નામનું એક દિવ્યવસ્ત્ર ભગવાનના ખભા પર નાખ્યું હતું પરંતુ ભગવાને એ વસ્ત્રને ઉપયોગમાં જોયું નથી કે આ વસ્ત્ર કેવું છે અને કેવડું છે! કેવો છે ભગવાનનો અપરિગ્રહ! ત્યારે તમે એક નવું કપડું પહેર્યું હોય તો તેના પર હજાર વાર તો હાથ ફેરવો છો!

આળસમાં આયખાં ગયાં દિનદિન દોડ્યા કામ,
હાટમાં હવેલી ધંધા પછી કે દી ભજશો ભગવાન?

રાજગૃહીના ઉદ્યાનમા ભગવાન પધાર્યા રાગી અને ભોગી, રાજા ને પ્રજા બધા ઊલટભેર ભગવાનની વાણી સાભળવા આવવા લાગ્યા બધા ફેશનના ભભકાથી ભરપૂર બનીને જાય છે અને નીકળે ત્યારે બધુ ફેંકીને ! ત્યાગભાવનાને હૃદયમા ધારણ કરીને બધા નીકળે છે. પ્રભુની વાણીથી જેમ ઘન ગાજે ને મોર નાચી ઊઠે તેમ બધા નાચી ઊઠે છે પ્રભુ સુખની શય્યામા ભાન ભૂલેલ જીવોને સમજાવે છે કે 'તમારુ પુણ્ય ઉપાર્જન બધ થઈ ગયુ છે જ્યારે અતિમ ઘડીએ તમારા પાપો પાકશે ત્યારે તમારે પસ્તાવુ પડશે તમે કમાણી કરી કે ગુમાવ્યુ ? આકૃતિના માનવ ને પ્રકૃતિના પશુઓ ! જરા જાઓ તમારુ આત્મધન લૂટાઈ રહ્યુ છે'

પ્રભુની વાણીના અજબ જાદુથી જન્મજાત વૈરો ભૂલીને વાઘની પાસે બકરુ, સિંહની પાસે હરણ, સર્પની પાસે નોળિયુ, બિલાડીની સામે ઉંદર વગેરે પ્રાણીઓ બેસી જાય છે અર્ધમાગધીમા પ્રભુ વાણીનો પાવન પ્રવાહ વહાવે છે, ને સૌ પોતપોતાની ભાષામા સમજી રહ્યા છે

ચુમાળીસ કરોડ સોનૈયા અને તેર રમણીઓનો સ્વામી મહાશતક પણ પ્રભુ મહાવીરની વાણી સાભળવા ચાલતો થયો વાહનો ઘણાં હોવા છતા આજે એ પગે ચાલીને જવા લાગ્યો. મૂલ્યવાન વસ્ત્રો અને દાગીનાઓ તેણે ધારણ કર્યા હતા પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરીને તેણે વદના કરી પછી એ યથાસ્થાને બેસી ગયો.

પ્રભુ બધાને એકસરખુ જ્ઞાન આપે છે—'**जहा पुण्णस्स कत्थति तहा तुच्छस्स कत्थति।**' જેવુ ધનવાનને કહે છે તેવુ જ નિર્ધનને કહે છે, કારણ કે તેઓ કોઈ ઇચ્છાથી બોધ આપતા નથી પ્રભુના બોધથી કેટલાયે લોકો ત્યાગી બની ઘરબાર છોડીને પ્રભુના શિષ્યો બની ગયા

'ત્યાગી તો નીકળે બહાર, ઘરમા તો બેસી રહે કાયર'

પ્રભુના જ્ઞાનનુ શ્રવણ કરીને ઇન્દ્રભૂતિ ગૌતમાદિ અગિયાર બ્રાહ્મણો, જેને ઇન્દ્રજાળિયો માનીને સાભળવા ગયા હતા તેઓ, પણ ગયા તે

ગયા ! પ્રભુના શિષ્યો બની ગયા ! મહાશતકનું હૃદય પણ ભીંજાઈ ગયું ભગવાનના પગમાં પડીને એ કહેવા લાગ્યો : ભગવન્ ! હું બધાનો ત્યાગ કરી શકું તેમ નથી, હું કાયર છું પરંતુ બારવ્રતનો ભાર જરૂર ધારણ કરી શકું. જે મહાશતકે રાગી બનીને પ્રવેશ કર્યો હતો તેણે બાર વ્રતધારી ત્યાગી બનીને રાજગૃહીમાં પ્રવેશ કર્યો, ત્યારે તમે શું છો ?

અમે રંગરાગના રાગી અમે ભગમગ અનુરાગી
પછી તારી કને શું માગીએ વીતરાગી !

તમે ત્યાગીની પાસેથી ભોગ માગો છો. પ્રભુ મહાવીરના આજના કહેવાતા કેટલાક ત્યાગીઓ તમને આંક ફરક અને ઓપન-ક્લોઝના આંકડા કાઢી દે છે ! આવા આંધળા ભક્તોને ખબર નથી કે જગતનો સાધુ બગાડે યોગી ને જગતનું પાન બગાડે ભોગી ! આવા કહેવાતા ત્યાગીઓને પૂજવા અને સાધુ માનવા એ પરિગ્રહને પોષવા સમાન પાપ છે.

ત્યાગનો દહાડો ઊગ્યો ને ભોગનો દહાડો નમ્યો છે. તમે અહીં આવીને માથા નમાવો છો એ ત્યાગને નમો છો અને હૃદયથી સ્વીકાર કરો છો કે હું નબળો છું અને ત્યાગ કરી શકતો નથી, માટે આપને વંદન કરું છું. સ્વ સમાધિ ને મોહાધિ વગર સાધુ જોઈ શકતો નથી.

મહાશતક બારવ્રતધારી દેશવિરતિ શ્રાવક બનીને ઘેર આવ્યો. તેણે પરિગ્રહ વધારવો બંધ કર્યો, વેપારને મર્યાદિત બનાવી દીધો. પણ ઘણીવાર એક જ ઘરમાં એક ધર્માત્મા અને એક પાપાત્મા પણ વસતો હોય છે. જ્યારે મહાશતક આત્મધર્મને ધારણ કરનારો હતો ત્યારે તેની રેવતી નામની સ્ત્રી વિલાસી, ભોગભ્રસ્ત અને માંસભક્ષણ કરનારી હતી. તેને થયું કે મારી આ બારેય શોક્યો મારા સુખની આડે આવે છે. આથી તેણે ગુપ્ત રીતે છ શોક્યોને શસ્ત્રથી અને છને વિષપ્રયોગથી મારી નાખી ! પોતાના સુખમાં કોઈ ભાગ ન પડાવે તેના માટે રેવતીએ કેટલું પાપ કર્યું ! જ્યારે જીવ વિષયમાં રાચતો હોય છે ત્યારે એ સાન અને ભાન ગુમાવી બેસે છે. બધી શોક્યોના

સોનૈયા અને ગોકુળના ભોગો હવે એકલી રેવતી ભોગવવા લાગી મહાશતકને એ વાતની ખબર પણ પડી નહી કે આ બાર સ્ત્રીઓનો વધ કોણે કર્યો છે

થોડા સમયમા મહારાજા શ્રેણિકે ભગવાનનો ઉપદેશ સાભળીને પોતાના રાજ્યમા પચેન્દ્રિય સજ્ઞી જીવોનો વધ કરવાનો પ્રતિબધ મૂક્યો અને અમારિપડહ વગડાવીને પ્રજાને તેની જાણ કરી, એટલે રાજગૃહીમા માસ વેચાતુ બધ થયુ રેવતીને માસ વિના ઘડી પણ ચાલતુ ન હતુ, અને હવે બજારમા માસ મળવુ શક્ય ન હતુ તેથી તેણે સેવકોને સમજાવીને એક નવી યોજના કરી પોતાના પિયરમાથી આવેલા ગોકુળની ગાયોના તરત જન્મેલા બબ્બે વાછડાનો વધ કરીને પણ તેણે પોતાનો માસાહાર ચાલુ રાખ્યો

મહાશતકને આ વાત ધ્યાનમા પણ આવી ગઈ એમ છતા પોતાના આત્મામા તેણે આર્ત અને રૌદ્ર ધ્યાન આવવા દીધુ નહી વ્રતધારણ કર્યે પદર વર્ષ થયા તેણે હવે પૌષધશાળામા જ બેસીને તપ–ધ્યાન કરવાનુ ચાલુ કર્યું, અને છેવટે એક મહિનાના સથારાના બેઠો

વિષયી જીવને વિષય વિના બીજુ કાઈ સૂઝતુ જ નથી એકવાર રેવતી દારૂ પીને મગ્ન બની મહાશતકના ખોળામા આવીને બેસી ગઈ, પરતુ શ્રાવક મહાશતક ધ્યાનમાથી જરા પણ ચળ્યો નહી છેવટે રેવતી જેમતેમ બકીને ચાલી ગઈ

અને થોડા જ દિવસોમા મહાશતકને અવધિજ્ઞાન થઈ ગયુ બીજીવાર રેવતી વધારે દારૂના નશામા ઉન્માદી બનીને આવી અને મહાશતકને ઉદ્દેશીને જોરજોરથી જેમતેમ બોલવા લાગી મહાશતકે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો રેવતીનો ઉન્માદ અને તેણે કરેલા પાપો તેના જાણવામા આવી ગયા આથી તેનાથી બોલાઈ ગયુ, 'અરે રેવતી! આવી ઉન્મત્ત દશામા તુ ધ્યાનીનુ ધ્યાન તોડાવવા માટે પ્રયત્ન કરી રહી છે, પરન્તુ આજથી સાત દિવસમા મરીને તારે પહેલી નરકે

લોલુચ્ચય નામના નરકાવાસમાં ચોરાસી હજાર વર્ષની સ્થિતિએ નારકીપણે ઉપજવું પડશે. આ સાંભળી રેવતી ડરી ગઈ અને ત્યાંથી ચાલી ગઈ.

સાત દિવસ સુધી રેવતીએ ખૂબ વેદના ભોગવી. આર્ત અને રૌદ્ર ધ્યાનમાં તે પડી રહી. મરીને એ પહેલી નરકે ગઈ. શ્રાવકના મુખમાંથી આવી વાણી નીકળી એ ભગવાન મહાવીરે પોતાના જ્ઞાન દ્વારા જાણી લીધું. આવું સત્ય છતાં અમનોજ્ઞ બોલવા માટે તેને પ્રાયશ્ચિત્ત દેવા ગૌતમસ્વામીને મોકલ્યા. ગૌતમસ્વામીએ આવીને મહાશતકને કહ્યું : તમને રેવતી પર ક્રોધ આવી ગયો. તમે તેના માટે સત્ય છતાં અમનોજ્ઞ વાણી વાપરી માટે હું તમને ભગવાનની આજ્ઞાથી પ્રાયશ્ચિત્ત દેવા આવ્યો છું. સોનાની લગડી ભિન્ન હોવા છતાં ધગધગતી હોય તો તેને તજી દેવી પડે છે કારણ કે એ દુઃખકર છે માટે તમે પ્રાયશ્ચિત્ત લો. મહાશતક શ્રાવકે તરત જ પ્રાયશ્ચિત્ત લીધું. આ રીતે એ પહેલા દેવલોકે દેવ બન્યો. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઈને મોક્ષમાં જશે.

એક શ્રાવક અપરિગ્રહ વ્રતથી કેટલો ઉચ્ચ ગતિએ જાય છે અને એક રાણી ભોગ ભોગી રેવતીએ કેવું અધઃપતન કર્યું એ તમને આ દૃષ્ટાન્તથી સમજાયું ?

નાગશ્રી બ્રાહ્મણી પણ એ જ પાપના કારણથી નરકની અધિ-કારિણી બની ગઈ.

ૐ શાન્તિઃ

•

વ્યાખ્યાન : ૬૦

(મંગળવાર, તા ૩-૯-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે નાગશ્રી બ્રાહ્મણીના ૧૪ નારકી અને ૧૪ તિર્યંચના ભવ થયા દરેકમા શરીરમા દાહ અને શસ્ત્રથી તેનો ઘાત થયો ત્યાથી એ પૃથ્વીમા જન્મી પૃથ્વી બે પ્રકારની છે સુંવાળી અને ખરબરી ૧૬ જાતના રત્નો આદિ પૃથ્વીકાયના ૪૩ પ્રકારો છે હીરા, માણેક આદિ રત્નોનું આયુષ બાવીસ હજાર વર્ષનું છે

સૂક્ષ્મ અને બાદર એમ પૃથ્વીકાયના બે ભેદ છે સૂક્ષ્મ પૃથ્વી હણી હણાય નહી, શસ્ત્રથી છેદાય કે ભેદાય નહી તેવી જ રીતે સૂક્ષ્મ પાણી, સૂક્ષ્મ વાયુ, સૂક્ષ્મ અગ્નિ અને સૂક્ષ્મ વનસ્પતિ છે સોનુ, રૂપુ આદિ ધાતુઓ અને હીરા, માણેક આદિ રત્નો એ બધા પૃથ્વીકાયના જીવો છે એમા આસક્તિ કરનારા દેવ હોય તોપણ પૃથ્વીકાયમા જન્મ પામે છે અથવા અપકાયમા કે વનસ્પતિકાયમા આવે છે

તમે હાલતા-ચાલતા, ફરતા, સૂતા અને બેસતા, કામકાજ કરતાં કેટલી હિંસા કરો છો? પાણીનો લોટો પછાડો છો કે પાણીને ફેંકી દો છો, એમા કેટલા જીવોને મારી નાખો છો? બંગલાઓ બંધાવવામા, મિલો કરવામા અને એવા અનેક આરંભ અને સમારંભમા કેટલા કર્મો

જાય છે! નારકી સિવાય ૨૩ દંડકના જીવો પૃથ્વી પાણી ને વનસ્પતિમાં જાય છે મનુષ્ય મરીને અગ્નિકાયમાં જાય પણ અગ્નિકાય મરીને મનુષ્યમાં ન જાય. મનુષ્ય મરીને વાઉકાયમાં જાય, પણ વાઉકાય મરીને મનુષ્યમાં ન જાય. તમારે ઊંચા ચડવું છે કે નીચે પડવું છે? આત્માને ઊંચે લઈ જવા માટે ઊંચા નંબરની ટિકિટ લેવી પડશે, એની કિંમત ચૂકવવી પડશે. અહીં તો કરે તે જે 'આપ અને લે'નો ન્યાય છે માટે આત્માને માટે પ્રયત્નશીલ બનો.

સુખ દીધે સુખ ઊપજે દુઃખ દીધે દુઃખ હોય,
ઝેર આરોગી જે સૂવે, ઊઠવા વાટ ન જોય.

માટે છકાયના જીવોને આત્મસમાન માનો. જ્યાં જ્યાં સમારંભ હોય ત્યાંથી હટી જાવ. આરંભ પાપનું મૂળ છે આરંભમાં જઈએ તો રાગ કે દ્વેષમાં લપટાવું પડશે.

દૃષ્ટાન્ત—એક રાજાએ ચૌદ લાખ રૂપિયા ખર્ચીને એક બંગલો બંધાવ્યો. તેમાં કીમતી ફર્નિચર વગેરે ગોઠવીને પ્રજાજનોને જોવા માટે એ બંગલો ત્રણ દિવસ માટે ખુલ્લો રખાવ્યો. તમામ મનુષ્યો આ બંગલો જોઈ જોઈને વખાણ કરવા લાગ્યા.

આ ગામનો નગરશેઠ શ્રાવક હતો. એ બંગલો જોવા માટે ગયો નહીં. એણે કહ્યું કે રાજાનો બંગલો છે એમાં મારે શું જોવા જેવું છે? એના સમારંભમાં મારે બંધાવા શા માટે જવું?

તમે પરદેશમાં પરગામમાં બાગબગીચામાં અને સમુદ્રકિનારે કે પહાડોની ટોચ પર ભલે ખૂબ ફર્યા પણ ક્યાંય ઠર્યા ખરા? ફરવામાં માલ નથી માટે હવે ત 'આ ઠરેલ' જોવા ને જાણવા જેવો આત્મા છે માટે ફરી ન ભરી ન અને સમજીને સમાઈ જા. કરવા અને જોવામાં ક્યાં તો સારું કહેવું પડશે અથવા ખરાબ કહેવું પડશે. કોઈ નવા માણસને કે નવા નવતર જોવા દોડશો તોપણ **જીવવિદ્વિયા** ઊભા લાગે છે વરનો વરઘોડો કે નેતાનાં સરઘસોમાં જોવાનું શું છે!

જોવા હોય તો તેના ગુણો જુઓ **'गुणा पूजास्थानं, गुणिषु न च लिंगं न च वय'**—પૂજા કરવાયોગ્ય ગુણો છે, લિંગ, રૂપ કે વય જોવા કે પૂજવા યોગ્ય નથી જૈનશાસન શરીરના રૂપને વખાણતુ નથી, પણ આત્માના સૌંદર્યને વખાણે છે આકૃતિ ગમે તેવી હોય, છતા જો ગુણમા અગ્રેસર હોય તો એ મોક્ષનો અધિકારી છે ઉપરના ઊજળા છતા સમકિત વિનાના હોય તેને જૈનશાસન માન્ય રાખતુ નથી શ્રદ્ધાનુ સ્થાન સર્વોપરિ છે

આ નગરશેઠ જૈનધર્મના જાણકાર હતા લોકો રાજાના બગલાના ખૂબ વખાણ કરતા હતા, છતા તેને આ બગલો જોવાની ઇચ્છા થઈ નહી છેલ્લે દિવસે રાજા પોતે બગલા પર આવ્યા અને પ્રધાનને પૂછ્યુ, 'આ બગલા માટે લોકોનો કેવો અભિપ્રાય છે?' પ્રધાને કહ્યુ, 'લોકો તો બગલાને વખાણે છે, પણ આ શહેરના નગરશેઠ હજી બગલો જોવા આવ્યા નથી જ્યા સુધી એ ન વખાણે ત્યા સુધી બરાબર ન કહેવાય' રાજાએ પોતાની મોટર મોકલીને નગર શેઠને બોલાવ્યા હવે તો ગયા વિના ચાલે તેમ ન હતુ નગરશેઠ આવ્યા અને તેણે પ્રશ્ન કર્યો, 'બોલો રાજન્! મારુ શુ કામ પડ્યુ?' રાજાએ કહ્યુ, 'ઉપર ચાલો મારે તમને બગલો બતાવવો છે' ઇચ્છા ન હોવા છતા સાત માળ ચડી-ઊતરીને નગરશેઠે બગલો જોયો, પણ તેણે બગલાની નિંદા કે વખાણ કાંઈ કર્યાં નહી

રાજાએ હવે સામેથી પ્રશ્ન કર્યો, 'બોલો શેઠ! આ બગલો તમને કેવો લાગ્યો?'

હવે તો બોલ્યા વિના છૂટકો જ ન હતો આથી નગરશેઠ બોલ્યા, 'રાજન્! આ બગલો ઘણા જ આરભ-સમારભથી બધાયેલો છે આવો બગલો બધાવવો એ મારા જેવાનુ કામ નથી આ કામ તો આપ જ કરી શકો!' રાજા પણ શેઠના વચન સાભળીને ખુશ થયો, પણ શેઠના કથનના હાર્દને એ ક્યાથી સમજી શકે?

તમારો આત્મા કોઈનાં વખાણ કરતાં થાકે છે? જેવો મારો આત્મા છે તેવો જ પૃથ્વીકાય, અપકાય, વાયુકાય, અગ્નિકાય, વનસ્પતિકાય અને ત્રસકાય આદિ જીવોનો છે એમ તમને લાગે છે?

જે કરે છે તે આને સમજી શકતો નથી. પણ જે કરે છે તે સમજી શકે છે. ગૌતમસ્વામીએ પૂછ્યું: જુવારના દાણા જેટલી મીઠાની કણીમાં કેટલા જીવો છે? ભગવાન બોલ્યા: એટલી કણી માંથી જીવો બહાર નીકળીને કબૂતરના જેવડો દેહ ધારણ કરે તો ચાળીસ કરોડ માઈલના જંબૂદ્વીપમાં પણ એ બધા જીવો સમાઈ શકે નહીં.

હવે વિચાર કરો કે ચૂનાના પથ્થરમાં, પાણીમાં અને માટીમાં રહેલા કેટલા જીવોની ઘાત કરીને એક બંગલો બંધાતો હશે? તમે બચાવ કરો છો કે આજના મકાનમાં સંકડાશ પડે છે માટે બંગલો બંધાવવો પડે છે પણ જ્યારે નિગોદમાં હતા ત્યારે કેટલી સંકડાશ મળી હતી તેનો કદી વિચાર આવે છે ખરો?

પણ આ તો આપણી વાત. ઘણા કેટલાક સાધુઓ ઉપાશ્રયમાં બેસીને પણ આવી જ હિંસા કરી દે છે. અહીં બારી કે બારણું ઉઘાડ્યું હોય તો બરાબર પવન આવે. આમ કહેવું એ પણ સાધુ માટે પાપ છે. તમારી અશાતા મટાડવા માટે તમે કેટલા જીવોની ઘાત કરી રહ્યા છો? શરીરની શાતા માટે કરેલાં પાપો શરીરને નહીં પણ આત્માને લાગે છે. ભગવાન મહાવીરે તો वसुधैव कुटुम्बकम् નો મહામંત્ર શીખવ્યો છે. પૃથ્વીને ખોદાવો છો, પાણીમાં ફુવારો કરો છો અને હવા ખાવા માટે પંખાઓ ફેરવો છો. તેથી તેમાં રહેલા જીવોની હિંસા થાય છે. સંભવ છે કે એ મરતા જીવોમાં કોઈ તમારા પૂર્વ જન્મનાં માતાપિતા પણ હોય!

ધર્મ છે જેનો કુળ આચાર સુવિધિ છે
એમ જાણે જો જીવો શાન્તિ ને શુદ્ધિ પામશે.

—સાધક

આ ધર્મરૂપી કુડમા સદાય સ્નાન કરતા રહો નહાવાથી શરીરની અશુચિ મટવાની નથી નહાઈને ટુવાલથી શરીરને લૂછતા નખ વાગી જાય ને લોહી નીકળે, એ અશુચિ ક્યાથી નીકળી ? આખુ શરીર અશુચિનુ પોટલુ છે જેમ લોહીથી ખરડાએલુ કપડુ લોહીથી શુદ્ધ થતુ નથી, તેમ પાપથી ખરડાયેલો આત્મા પાણીથી પવિત્ર થતો નથી એક ખૂની ખૂન કરીને ગગામા નહાઈ લે, તો એ ખૂનની સજામાથી બચી શકે ખરો ? ગગામા નહાયા પછી હવે એ તમારી ધારણા પ્રમાણે પાપી તો રહ્યો નથી, છતા એને સજા કેમ થાય છે ? માટે ગગામા નહાવાથી પાપ દૂર થાય છે એ માન્યતા બરાબર નથી શુદ્ધ આચરણ વિના આત્માની પવિત્રતા આકાશકુસુમવત્ મિથ્યા છે

દૃષ્ટાન્ત—મહાભારતના યુદ્ધ પછી પાડવો ગોત્રમર્દનના પાપનુ પ્રાયશ્ચિત્ત કરવા માટે તીર્થમા જવાનો વિચાર કરવા લાગ્યા તેમણે શ્રીકૃષ્ણ મહારાજ પાસે તીર્થાટનમા જવાની આજ્ઞા માગી અને તેમને પણ તીર્થાટનમા સાથે આવવાની પ્રાર્થના કરી શ્રીકૃષ્ણે કહ્યુ, 'મારી આ તુબડીને તમે મારા વતી તીર્થાટનમા નવરાવજો હુ હમણા નીકળી શકુ તેમ નથી' પાડવો જે જે તીર્થમા ગયા ત્યા ત્યા તુબડીને નવરાવતા રહ્યા. છેલ્લે દ્વારકામા આવીને એ તુબડી શ્રીકૃષ્ણને આપી શ્રીકૃષ્ણે આખી સભાના દેખતા એ તુબડીના ટુકડા કરી વાટીને ચૂર્ણ બનાવરાવ્યુ અને સભાજનોને એક એક ચપટી આપતા કહ્યુ, 'આ તુબડી અડસઠ તીર્થો કરીને આવી છે, માટે એનો પ્રસાદ લેવો જોઈએ સભાજનોએ તેને મોમા નાખ્યુ તો બધાને એ ચૂર્ણ કડવુ લાગ્યુ બધાની સિકલ બદલાઈ ગયેલી જોઈને હસતા હસતા શ્રીકૃષ્ણે કહ્યુ, 'હવે એ ચૂર્ણને થૂકી નાખો મે તો પાડવોને સમજાવવા માટે આ યુક્તિ રચી હતી જેમ આ તુબડીએ તમામ તીર્થોમા સ્નાન કર્યુ છતા તેની કડવાશ ગઈ નહી, તેમ બાહ્ય તીર્થોથી અતરાત્મા શુદ્ધ થતો નથી આત્માની પવિત્રતા માટે 'ધર્મ છે જળનો કુડ, બ્રહ્મચર્ય સુતીર્થ છે'

ધર્મના જળથી પવિત્ર થયેલો આત્મા નરમાંથી નારાયણ બને છે આત્મામાંથી પરમાત્મા બને છે જનમાંથી જનાર્દન બને છે માટે સાફ પ્રકારનો સંયમ પાળો. એ સાચું સ્નાન છે ચોપડીને વાંચ્યા પછી પગની ઠમાને બંધ કરતાં અવાજ કરવો, કોઈએ માગેલી વસ્તુને પછાડીને આપવી, કોઈને કાને વાગે તેવું બોલવું એ બધું આત્માનો અસંયમ દર્શાવે છે માટે સંયમધર્મને ભૂલશો નહીં

ગૌતમસ્વામીએ પૂછ્યું અગ્નિના તણખામાં કેટલા જીવો સમાયેલા છે? પ્રભુએ જવાબ આપ્યો, અગ્નિના એક તણખામાં રહેલા બધા જીવો જો ખસખસના દાણા જેવડા બની જાય તો આ જંબૂદ્વીપમાં સમાઈ શકે નહીં આટલા સૂક્ષ્મ જીવો અગ્નિના એક જ તણખામાં સમાયેલા હોય, તો તમે એક દિવસમાં કેટલી હિંસા કરો છો? વાયુની પણ તેવી જ હિંસા થાય છે એકવાર ખુલ્લે મોઢે બોલો તો આખા જગતની માખીઓના દાણા જેટલા સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે જૈનસિદ્ધાન્તે એના માટે જ મુહપત્તિ બાંધવાનો આદેશ આપ્યો છે વાયુકાયની જતના માટે દોરાસહિત મુહપત્તિ રાખવી જરૂરી છે કેટલાક કહે છે કે મુહપત્તિના દોરા માટે ક્યાંય લખ્યું નથી, માટે અમે મુહપત્તિને હાથમાં રાખીએ છીએ અને જ્યારે બોલવું હોય ત્યારે હાથમાંથી મો આગે ધરી દઈએ છીએ, પણ એનું નામ જ મુહપત્તિ છે હસ્તપત્તિ નહીં એને કાયમને માટે મોઢે બાંધવા માટે દોરો રાખવો છે દોરીને આવામાં પચીસ અક્ષિકા કહી, અને એ સંખ્યા વેંઢાઈને લખી જણાવતી હોય તો અક્ષિકાની સાથે શું તેના નાકને પણ બાંધવા પડે? એમ શાસ્ત્રોમાં મુહપત્તિ લખી ને દોરો ન લખ્યો તેથી શું દોરો ન હોય? કેટલાક સાધુઓ મનમાં છેદ પાડીને, દોરા બાંધીને મુહપત્તિ બાંધે છે તો કેટલાક માત્ર વાસ્તી વખતે જ બાંધે છે અગ્રહણી વખતે પરિણ ત્યાં કેટલાક મુહપત્તિ બાંધી રાખતા નહીં તેમણે આ લખ્યું કે અમ મુહપત્તિ રાખતા નથી પણ જતના અગાળ ગખાસ છીએ, તો આમારે મુહપત્તિની જરૂર છે કે નહીં?

તેનો જવાબ લખાયો કે 'જતના રાખી શકાતી હોય તો મુહપત્તિની જરૂર નથી'

મોમાથી નીકળતો ઊનો પવન બહારના ઠંડા પવનને હણે છે. વાયુકાયની જતના માટે મુહપત્તિ રાખવી જોઈએ પારસી ધર્મમા વાચતી વખતે નાક સુધી કપડુ બાધીને જ વચાય છે ડૉક્ટરો ઑપરેશન વખતે મો પર કપડુ બાધીને જ ઑપરેશન કરે છે બહારના સૂક્ષ્મ જતુઓ અદર ન પ્રવેશે અને અદરના સૂક્ષ્મ જતુઓથી બહારના જતુઓને ઇજા ન પહોચે તેથી આરોગ્યને અને આત્માને બનેને લાભ છે સાધુના હાથમા રજોહરણ ન હોય તો પ્રાયશ્ચિત્ત કરવુ પડે રાતમા કઈક કરડી ગયુ હોય તો શરીરને પૂજીને પછી જ ખણાય, પૂજ્યા વિના ખણ્યુ હોય તોપણ પાપ લાગે રાતમા પડખુ પલટતા પણ સાધુ સભાળ રાખે સાધુથી એક જ પ્રહરની નિદ્રા લેવાય, બાકીનો સમય સ્વાધ્યાય ને ધ્યાનમા ગાળવો જોઈએ

> નિદ્રાનો શોખ ન રાખે, તજે હાસી મજાકને,
> રમે ન ગુપ્ત વાતોમા સ્વાધ્યાયરત સાધક
>
> —સાધક

સાધુને સૂવાનો પણ કટાળો આવવો જોઈએ જેમ સાધુને સભાળવુ પડે, તેમ જ સાધકને પણ સભાળવુ બહુ જરૂરી છે. પણ તમે તો ઊઠ્યા કે તરત જ ચા-દેવીની આરાધનામા લાગી જાવ છો!

> થાય પૂજા પ્રભાતે તમ તણી રે,
> ખરી ખાંતેથી રોજ પિવાય,
> ચા બાઈ તમે તો ચાગલા રે,
> હવે હૈયુ કિડનુ ઊકળે રે,
> તેથી થાઓ તમે પલાયન ચા

નાગશ્રીએ પૃથ્વીકાયનુ શરીર બાધ્યુ તે પછી અનેક લાખ ભવ પાણીના, પછી અનેક લાખ ભવ અગ્નિના, વાયુના અને વનસ્પતિના

જન્મમાં આવી. વનસ્પતિમાં પણ કંઈ લીલોતરી તુંબડી, ઇન્દ્રામણાં વગેરેમાં ઉત્પન્ન થઈ ચીકુ કેરી કે કેળામાં નહીં! પછી બેઇન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચઉરેન્દ્રિયમાં આવી. અનેક લાખ ભવો જળચરોના કર્યા, અનેક લાખ સ્થળચરોના અનેક લાખ ખેચર પક્ષીના કર્યા. એમ અનેક ભવ કર્યા પછી કોઈ શુભ કર્મના ઉદયે મનુષ્યભવ પામશે તેનો અધિકાર અવસરે.

ૐ શાન્તિ.

*

વ્યાખ્યાન : ૬૧

(બુધવાર, તા ૧૯-૮-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત નિરૂપ્યા. ત્રણેય લોકમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬ મા અધ્યયનનો અધિકાર ચાલે છે અનેક ભવો રખડી રખડીને નાગશ્રી બ્રાહ્મણીના જીવની પ્રકૃતિ કૂણી પડવા લાગી. એનો જીવ માનવભવમાં આવવાનો અધિકારી બન્યો જોયું ને! માનવભવમાં એક તપસ્વી મુનિની હત્યાના પાપે તેને કેટલી ભટકાવી! તમને આવો મોંઘો માનવભવ મળ્યો છે એ રત્ન એળે ન જાય તેની સાવધાની રાખજો. માનવભવ મળવાનાં ચાર કારણો છે ૧ **पगइ भद्दयाए** અર્થાત્ પ્રકૃતિની ભદ્રતા ૨ **पगइविणीयाए** અર્થાત્ પ્રકૃતિના વિનીતભાવ ૩ **साणुक्कोसियाए** અર્થાત્ અનુકંપાભાવ અને ૪ **अमच्छरियाए** અર્થાત્ અમત્સરભાવ. જીવમાં જ્યારે આ ચાર ગુણો આવે ત્યારે જ મનુષ્યભવ મળે છે આવા જીવો જેવા મનુષ્ય થઈ શકતા નથી. બોલવું કંઈ મનમાં કંઈ અને આચરણમાં કંઈ હોય આ જીવના અશુભ પ્રકૃતિ તિર્યંચની ગતિમાં થઈ જાય છે. સરળતા વિના મનુષ્ય બની શકાતું નથી. **जीवा सोहिमणुपत्ता आययंति मणुस्सयं** અર્થાત્ જ્યારે પ્રકૃતિભાવ મંદ પડે ત્યારે જ તેને મનુષ્યભવ મળે છે જ્યાંસુધી પુણ્ય અને પાપનો ગુરુલઘુભાવ હોય

ત્યાંસુધી મનુષ્યભવ મળી શકતો નથી, કારણ કે પુણ્ય વધારે હોય તો એને દેવલોક મળે છે, ને પાપ વધારે હોય તો એ નારકી બને છે પાપ અને પુણ્ય બન્ને પલ્લા સરખા થાય તો જ મનુષ્ય થવાય છે 'બહુ પુણ્ય કેરા પુંજથી' આ માનવભવ મળ્યો, છતાં જો ભવચક્રનો આરો નહી આવે તો પછી ક્યારે આવશે ? ટૂંકી જિંદગીમાં ઘણી કમાણી કરવાનો આ જોગ છે તમારા કેટલા ઊંચા પુણ્ય છે કે તમને આવો દુર્લભ મનુષ્યભવ મળ્યો છે ?

આરજ ક્ષેત્ર શ્રેષ્ઠ કુલ, ઔર નિરોગી કાય,
નવ ઘાટી ઉલ્લંઘ કર, અવસર મિલ્યો આય

આર્યક્ષેત્રમા જન્મ, ઉત્તમ કુળ અને તમામ અંગોથી નીરોગી-પણું–આ બધા અવસર મળ્યો છે, તો તેમા આત્મસાધના નહી કરનારને આત્મઘાતી જ કહી શકાય કે બીજુ કઈ ?

જન ભટકત ભટકત ભવ ભવ ભ્રમ ભ્રમ,
ચેતન ચેતો અબ સમ મેરો આવન જાવન રે,
છિન છિન છિન પલ પલ, ઘટત ઘટત જન,
મનુષ્યજન્મારા વારવારા, મુશ્કિલ પાવન રે

માટે જલદીથી ચેતી જાવ માનવભવ મળ્યો હોત ને કાને બહેરા થયા હોત તો વ્યાખ્યાન સાભળી શકત ખરા ? એક એક ઇન્દ્રિયની ખોટ પણ બરાબર સાધના થવા દેતી નથી મ્લેચ્છ દેશમા જન્મ્યા હોત તો ? અને 'માનવ માનવમા અંતર, કોઈ હીરો કોઈ કંકર' માનવ માનવમા પણ કેટલો ફેર છે ?

આનંદ પૂછે પરમાનંદને, માણુસે માણુસે ફેર,
એક લાખેય લાભે નહિ, અને એક ત્રાંબિયાના તેર !

એક મિલમાલિક રંગરાગમા તરબોળ હોય, તો તેની કિમ્મત-કોડીની છે આત્મા ઉપર વિજય મેળવે, એ જ સાચો શક્તિમાન છે કારણ કે —

મહાસંગ્રામમાં જીતે, જે યોદ્ધો દશ લાખને;
તેથી શ્રેષ્ઠ દુરાત્માનો વિજેતા જય મેળવે.
લડો સૌ આત્મસંગ્રામે, બીજા સંગ્રામ શા કરો?
શુદ્ધાત્માથી દુરાત્માને જીતીને સુખ મેળવો.

ભગવાન કહે છે કે હે પુરુષ! તું તારા આત્મા સાથે યુદ્ધ કર, બીજા સાથે લડવાથી શું પ્રયોજન છે? દશ લાખ સુભટને જીતનારા યોદ્ધા કરતાં એક આત્મવિજયી શ્રેષ્ઠ છે. જે ક્ષમાનું હથિયાર હાથમાં રાખે, તેનું સુખ સૌથી વધારે છે. ક્રમે ક્રમે ક્રોધનાં નિમિત્ત મળે ત્યારે જ શૂરવીરતાની સાચી કસોટી છે. પણ બહિરાત્માએ તો ઊંધો કેર વર્તાવ્યો છે. ગમતું મળે, ત્યાં એ સુખી થઈ જાય છે ને અણગમતાનું લીલામ થઈ જાય તો એ દુઃખી-દુઃખી થઈ જાય છે. આવી જ રીતે શરીર, સ્ત્રી પુત્ર આદિ જડ પદાર્થોના સુખોને તેણે સુખ માની લીધું છે. જડ સાથે જ પોતાના સુખદુઃખને સાંકળીને જ એ દુઃખના દરિયામાં ડૂબી ગયો છે. તેમાં જ એ સ્વની ચિન્તા ભૂલી ગયો છે. જરા વિચારો કે—

સાગરના જળથી વધુ છે મેં પીધા માતનાં થાન
તૃપ્તિ ન પામ્યો આતમા છે અધિક આરોગ્યાં ધાન,
હો માનવી! હજુ લાભેશું રે ના.

આ જીવે સંસરતાં જનની વધી ગઈ એટલાં તો માનાં દૂધ પી નાખ્યાં અને દુનિયાભરની કોઠીઓમાં પણ ન સમાય તેટલું અનાજ ખાઈ નાખ્યું તોપણ તેને તૃપ્તિ થઈ નથી. આ તે કેવી મમતાની ભૂખ છે! એ મમતાને મારો તો જ એ ભૂખ મટે!

તમને સગાંવહાલાં મળે ત્યારે તમે પૂછો છો કે કામકાજ તો મઝામાં છે? વેપારપાણી કેમ ચાલે છે? તમારી તબિયત કેમ છે? પણ કોઈ એમ પૂછે કે તમે ધર્મધ્યાન કેટલું કરો છો? કોઈ એમ કહેશે કે આ નર જન્મ તો આવતી કાલે ખલાસ થશે માટે ફેશનની વાતો છોડીને કંઈક આત્માની કમાણી કરવા માંડ.

સોળ દેશ અને ત્રણસો ત્રેસઠ ગામનો ધણી ઉદાયન રાજા ભગવાન મહાવીર પાસે દીક્ષા લેવાનો વિચાર કરે છે 'મે તો મારુ કર્યું, પણ મારા પુત્રનુ કલ્યાણ કેમ થશે? જો એ રાજકાજમા ફસાઈ જશે, તો તો એનુ બગડશે?' આમ પોતાના પુત્રની ચિતા કરીને તેણે પોતાનુ રાજ્ય પોતાના ભાણેજને આપી દીધુ તમે તમારા છોકરા માટે શુ કરો છો? મોક્ષની વાત એ તમારા જ ઘરની વાત છે, પરની વાત નથી પણ તમે તો તમારી તિજોરીમા આખા ઘરનો કચરો ઠસોઠસ ભરી દીધો છે હવે હીરાને મૂકવાની જગ્યા જ ક્યા રાખી છે? માટે પહેલા તો એ કચરો સાફ કરો તમને આવા વીતરાગ દેવ મળ્યા, જૈનશાસનરૂપી હીરો મળ્યો, એમ છતા તમે તમારા ધનઘાતી કર્મો ન છોડો તો તમારો આરો ક્યારે આવશે?

તુ નિરાગી નાથ જિનેદ્ર, મને ઉગારો ભવથી અનત,
મહા મોહે ભમ્યો, ઘોર કર્મે રમ્યો, સહ્યા દુ ખો અપાર અનત,
ભવસાગર વિશાળ જણાય, ઉપર આભ નીચે પાણી ન માય,
મધદરિયે હુ નાથ! ઝોલા ખાઉ અનાથ, હાથ ઝાલી મુજ કરજે સનાથ.

ભવસાગરના ભયકર મોજા ઊછળી રહ્યા છે, મોટા મોટા મગરમચ્છો મોઢા ફાડીને ફરી રહ્યા છે તેમા હુ અનાથ ડૂબકા મારી રહ્યો છુ હે નાથ! મારા હાથ ઝાલીને મને ઉગારી લેજે તુ વીતરાગી છે ને હુ રાગી છુ, તુ નાથ છે ને હુ અનાથ છુ, તુ દિવ્યદૃષ્ટિ અને હુ અલ્પદૃષ્ટિ છુ, છતા મારો ને તારો આત્મા દ્રવ્યદૃષ્ટિથી એક જ છે.

મોહ મેલ રાગાદિનો, જે ક્ષણ કીજે નાશ,
તે ક્ષણ તે પરમાત્મા, પોતે લહે પ્રકાશ
એક માહિ અનેક રાજે, અનેક માહિ એક તુ,
એક અનેકકી નાહિ સખ્યા, નમો સિદ્ધ નિરજન

આપણુ ધ્યેય શુ હોવુ જોઈએ? જન્મજન્માતરમા અને આ જન્મમા પણ પૌદ્ગલિક પદાર્થો તો તમને ઘણા મળ્યા, પણ તે તે નાશવત ...

ભોગોને મેળવવામાં જીવનો કેટલાં ખોયાં, પરાધીન કેટલો બની ગયો, એનો કોઈ દિવસ વિચાર કર્યો છે? હવે એ પ્રાપ્ત થયેલા ભોગોને છોડો સાચો લાભ પણ એ જ છે તમે નહિ છોડો તો ભોગો તમને છોડી દેશે!

સુંદર પ્રિય ભોગોને જે પામી અળગા કરે
સ્વાધીન પ્રાપ્ત ભોગોને, ત્યાગે તે ત્યાગી જ ખરો.

માટે એ ભોગોની શોધમાં તણાતાં અટકો. રહે કે જાય એની તમારે શી પડી છે? પાડોશીનું ઘી ઢોળાય તેમાં તમારે શું રડવાનું છે? શરીર પણ તમારો પાડોશી છે એ પરમાણુ શરીર એના ભાવે પરિણમે ને તમે તમારે ભાવે પરિણમો. શરીરમાં તમારી મરજી મુજબ કાંઈ થવાનું નથી, જ્યાં એની પાછળ શું કામ પડી ગયા છો? રાગ રખરાખ છોડો તો જ ચૈતન્યની મજા માણી શકાય. જે ચેતનામાં ઠરી ગયો એને **[illegible]** —મળે તોય શું ને ન મળે તોય શું! એ મસ્ત આત્મા તો આત્મસાધના સિવાય બીજી સાધના કદાપિ કરતો નથી. પરંતુ માણસ માંદુ પડે ને તમે મહિનાઓ સુધી ઉજાગરા કરો પણ આત્માની ચિંતા કેટલી કરી?

દૃષ્ટાન્ત—એક રાજા મુનિનો ઉપદેશ સાંભળીને આત્મચિંતનમાં બેસવાનો વિચાર કરે છે. રાત્રિ પડી ને તેણે વિચાર દૃઢ કરી લીધો કે આ દીવામાં એક પ્રહર ચાલે તેટલું તેલ છે. જ્યાં સુધી આ દીવો ચાલે ત્યાં સુધી ધ્યાનમાં બેસીશ. અને એ રાજા ખરેખરી લગની લગાડીને બેસી ગયો.

એક પહોર થવા આવ્યો. ઘરની કુશળ દાસીએ જોયું કે રાજાજી તો હજી બેઠા છે ને કોડિયામાં તેલ ખૂટવા આવ્યું છે માટે લાવ તેમાં તેલ પૂરી દઉં. અને આમ દીવામાં એક પ્રહર ચાલે તેટલું તેલ વધી ગયું. રાજાને અનાયાસે યોગ મળી ગયો. અને હજી બીજા પ્રહર સુધી ધ્યાન ચાલુ રાખ્યું. પણ ત્યાં તો બીજી વાર દાસીએ આવીને

દીવામાં તેમ પૂરી દીધું રાજાને આત્મધ્યાનમા નવા નવા ઉચ્ચ ભાવો વધવા લાગ્યા. મનથી નિશ્ચય કર્યો હતો, તેના પર અડગ રહીને એણે ત્રીજા પહોરમા પણ ધ્યાન ચાલુ રાખ્યુ દાસીને તો આ વાતની ખબર ન હતી, છતા રાજાએ દાસીની મનથી પણ નિંદા કરી ન હી

નિંદા કરવી તે વિષ્ટા ખાવા સમાન છે, માટે પારકી નિંદા છોડો પોતાનુ હોય તેનો સગ્રહ કરો અને પરનુ હોય તેને છોડો પતન કરનાર વિચારોને રૂકવા માડો અને પુષ્ટિ કરનારા વિચારોને પકડો આનુ નામ જ ભેદવિજ્ઞાન છે આ ભેદવિજ્ઞાનને જાણો એથી તમારુ આત્મધન વધશે અને તમારા દોષોનો ક્ષય દૂર થશે

आत्मा मनीपिभिरयं त्वदभेदबुद्ध्या
ध्यातो जिनेन्द्र ! भवतीह भवत्प्रभाव ।
पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानम्
किंनाम नो विपविकारमपाकरोति ॥ १७ ॥

હે જિનેન્દ્ર ભગવાન ! આપના ધ્યાનથી જ આપના જેવુ થવાય છે સામાન્ય પાણીનો ક્રોગે પણ મત્ર દ્વારા કે ભાવના દ્વારા અમૃતમય બનીને ભયકર ઝેરને દૂર કરવા સમર્થ થઈ શકે છે, તો પછી આપના નામના પ્રભાવથી શુ આત્મા પવિત્ર નહી બને ? અવશ્ય બની જશે

આદોલન મત્ર સમાન અસર કરે છે એમા એક જ શરત છે કે તીવ્રભાનપૂર્વક એવી ભાવના કરવી જોઈએ આત્મા નિત્ય અને અમૃતમય છે તેનુ ધ્યાન શુદ્ધબુદ્ધિથી કરવામા આવે તો જરૂર આત્મ-દર્શન થાય છે

દૃષ્ટાન્ત—એક ડોસીમા છાસ કરતા હતા ત્યા તેના ઘર આગળથી બે મુસાફરો નીકળ્યા મુસાફરોને પણ તરસ લાગી હતી, આથી તેમણે કહ્યુ, 'માજી ! અમને તમારી તાજી છાસ આપશો ?'

'હા બેટા !' માજી બોલ્યા, 'મીઠી અમૃત જેવી છાસ છે, ખુશીથી પીઓ ને ?' અને બન્ને મુસાફરોને તેણે ગોળીમાથી છાસ આપી મુસાફરો તૃપ્ત થઈને આગળ ચાલ્યા

પણ પાછળથી છાસમાં જોતાં એ ઝોળીમાંથી એક મરેલો સાપનો કકડો નીકળ્યો ! માજી વિચાર કરવા લાગ્યાં કે બીચારા બન્ને મુસાફરો તો બહુ દૂર નીકળી ગયા હવે શું કરવું !

પણ મુસાફરોને એ ઝેરની લેશ પણ અસર થઈ નહીં બરાબર બાર મહિના વીતી ગયા અને એ જ મુસાફરો પાછા ફરતાં ડોસીમાને ત્યાં આવ્યા એ બે મુસાફરોને જોઈને માજી બોલ્યા, અરે ! હજી તમે જીવતા છો !

મુસાફરોએ આશ્ચર્ય પામીને પૂછ્યું માજી ! આમ કેમ બોલો છો ! અમે તો પરદેશમાં ગયા હતા તમારી છાસ પીને અમને બહુ સંતોષ થયો હતો તેથી જ મળવા આવ્યા છીએ.

પણ પણ એ છાસમાંથી મરેલા સાપનો કકડો નીકળ્યો હતો. એ છાસ ઝેરી હતી.

માજીની વાત સાંભળીને મુસાફરોના પેટમાં ફાળો પડ્યો ! અને એક વર્ષ વીત્યા પછી એ જ ઝેરની અસરથી બન્ને મૃત્યુ પામી ગયા ! આ છે વિચારોના ભાવના કે આસક્તિનું પરિણામ !

આજે તો હાથે કરીને આત્માના પતનનાં સાધનો ઊભાં કરવામાં આવે છે યુવાન બાળકોને વિજાતિય મૈત્રી કદાપિ યોગ્ય નથી, છતાં આજે કોલેજના સહશિક્ષણમાં એમ બની રહ્યું છે વીસ વીસ વર્ષની છોકરીઓ અમર્યાદ વેષભૂષા વગેરે છતાં એને ચલાવનારાં માબાપો કેટલાં !

ભગવાન કહે છે કે શરીરને એવી વેષભૂષાથી ન શણગારો કે જેથી બીજાને મોહ થાય મદ ચડે તેવાં ખાનપાન છોડો. જડના સંસર્ગથી દૂર થાવ. જડ જડ સાથે અથડાય તો તેની અસર થતી નથી. દારૂનો ભરેલો શીશો હોય તોપણ શીશાને નશો ચડતો નથી. પણ એ જ દારૂ પેટમાં પડે તો માનવને દાનવ બનાવી દે છે ! છતાં અનાદિ કાળથી જડને પંપાળવામાં જ કૃતાર્થતા માની છે એને હવે

ભોગને માર્ગેથી પાછો વાળો ભૂતકાળમા ભોગવેલા ભોગોને યાદ કરશો તોપણ વિહ્વળ થઈ જશો એનુ સ્મરણ પણ મરણસમાન માનો. સાધુઓને માટે ભગવાને કહ્યુ છે કે પૂર્વની રતિક્રીડા સભારે તો—

'उम्मायं वा पाउणीज्जा दीहकालीयं वा रोगायर्क हवेज्जा केवलीपण्णत्ताओ धम्माओ भंसेज्जा।'

ઉન્માદ પામે, દીર્ઘકાલિક રોગ થાય અને કેવળીના પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય માટે અશુભ વિચારોને છોડીને ઉમદા ભાવના ભાવો ઉમદા ભાવનાથી હલકા વિચારોને ધક્કો લાગશે પણ તમે ઉમદા વિચારો બાર કલાક કરો ને હલકા વિચારો બાર કલાક કરો, ત્યાસુધી તો બન્ને બરાબર થશે એક બાજુ ધર્મરાજાનુ સૈન્ય છે, ને એક બાજુ મોહરાજાનુ સૈન્ય છે તમારો આત્માનો લાભ શામા છે એનો વિચાર કરો આ બધુ જો સાચી રીતે સમજાયુ હોય તો ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરો.

રાજા ધ્યાનમા બેઠો હતો ત્રીજો પ્રહર પૂરો થવા આવ્યો, ત્યા ચતુર દાસી ફરીવાર તેલ પૂરી ગઈ! રાજા જાગે છે, ને એને અધારામા કેમ રહેવા દેવાય? પણ અહી રાજાને તો નવો જ પ્રકાશ મળી રહ્યો હતો સવાર થતા થતા તો આત્મધ્યાનદ્વારા એ દૃઢ સધયણના ધણીએ લાભ મેળવી લીધો ચાર પ્રહરના ધ્યાનથી તેનો દેહાધ્યાસ છૂટી ગયો! ગજસુકુમારની જેમ રાજાનો આત્મા શીતળીભૂત બની ગયો

ગુરુ તો ચાવી બતાવે છે ચાલવુ એ તમારા હાથમા છે અમે તમને લેસન તો રોજ આપીએ છીએ, પણ આ એક એવી શાળા છે કે તમે કાલે શુ સાભળ્યુ હતુ એતુ કોઈ પૂછનાર નથી ! કોઈ બીજી નિશાળમા લેસન કર્યા વિના જનાર વિદ્યાર્થીને ક્લાસ બહાર ઊભો રખાય છે, પણ અમે તમને ક્યા ઊભા રાખીએ ? તમારે જાતે જ વિચારણા ચલાવવી જોઈએ કે રૂપિયાનો વિયોગ થતી વખતે તમે રડો છો ને રૂપિયા તો રડતા નથી ? જડની પાછળ ચેતન રડે, ને ચેતનના વિયોગે જડ ન રડે, એ કેવી ઊલટી વાત છે?

સવાર થતાં જ રાજાને ક્ષપક શ્રેણી ક્ષાયિકભાવ કેવળજ્ઞાન કેવળ દર્શન પ્રાપ્ત થઈ ગયું । એક જ ઉજાગરામાં રાજાનો બેડો પાર થઈ ગયો. નાગશ્રી બ્રાહ્મણીનો જીવ ચંપાનગરીના સાગરદત્ત શેઠને ત્યાં ભદ્રા નામની સ્ત્રીના પેટે ઉત્કૃષ્ટ લાવણ્યવતી પુત્રીરૂપે જન્મ્યો. તેનાં સુકુમાર અંગો હોવાથી તેનું નામ સુકુમાલિકા પાડવામાં આવ્યું

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૬૨

(ગુરુવાર, તા. ૫-૯-૬૩)

અહીં નાશે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. ત્રણેય કાળે સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે સાગરદત્ત શેઠને ત્યાં નાગશ્રીના જીવે પુત્રી તરીકે જન્મ લીધો નદીના પ્રવાહમાં ઘસાતો ઘસાતો જેમ પથ્થર ગોળ બની જાય છે તેમ નારકી અને તિર્યંચનાં દુઃખો ભોગવીને જીવ નરમ બની જાય છે આ સાગરદત્તની પુત્રી સુકુમાલિકા ખરેખર રૂપવતી હતી. પિતાને ત્યાં ધનનો પાર ન હતો પુત્રીના રક્ષણ માટે તેણે પાંચ ધાત્રી—દાસીઓ રાખી લીધી. કર્મ ઘસાતાં ઘસાતાં માનવના સુખનો ઉદય થાય છે માતાના ગર્ભમાં નવ માસ રહેવાના કારણથી માનવી કહેવાય છે તેના રૂપવાન શરીરની, ધનની કે ભોગવિલાસોની કોઈ કિંમત નથી. સાચી કિંમત આત્માના સૌંદર્યની છે માનવતા ન પ્રગટે તો આત્મામાં સુંદરતા આવતી નથી. ઉઠતે પહોરે આપણે સતીઓ યતિ અને તીર્થંકરોને એટલા માટે યાદ કરીએ છીએ કે તેઓ સાચા માનવ બન્યા હતા માનવ ગુણથી પૂજાય છે વય ધન કે સુન્દરતાથી નહીં

દૃષ્ટાન્ત—એક શેઠને ત્રણ પુત્રો હતા. ત્રણેયને એક એક હજાર રૂપિયા આપીને તેણે પરદેશમાં મોકલ્યા તેમાં મોટા પુત્રે નાચગાનમાં

રૂપિયા ગુમાવી દીધા, વચલા પુત્રે પિતાની આપેલી મૂડીને જેમ તેમ સભાળી અને પોતાનુ પોષણ કર્યું, અને નાના પુત્રે પિતાના એક હજાર રૂપિયામાંથી ઝવેરીનો ધંધો કરીને લાખો રૂપિયા મેળવ્યા ત્રણેય જણા મુદ્દત પૂરી થયે ઘેર આવ્યા આ ત્રણેમા ક્યા પુત્રને પિતાએ ધન્યવાદ આપ્યો હશે ? નાના પુત્રે પિતાની મૂડી વધારી હતી, એટલે એ જ ધન્યવાદને પાત્ર હતો

આપણે પણ પૂર્વભવની મૂડી લઈને આ પરદેશમા કમાવા આવ્યા છીએ જેનામા અનુકપા, દયા અને ભદ્ર પ્રકૃતિ હોય તે જ મનુષ્ય મટીને દેવ થાય છે તીર્થંકરો ઉપદેશ આપતા હોય, ત્યારે તેઓ માનવને ઉદ્દેશીને જ કહે છે સસાર તો મનુષ્ય, તિર્યંચ અને દેવભવમા પણ સરખો જ છે, પરતુ લૌકિક વસ્તુઓથી આત્માની ગરજ કોઈ દિવસ સરતી નથી આ તત્ત્વ સમજીએ દેવો માત્ર સમકિતી જ બની શકે છે, પરતુ જીવનમા ઉતારી શકતા નથી માનવ જ સ્વ–પરનુ ભેદવિજ્ઞાન ધારણ કરીને સર્વવિરતિ બની શકે છે અનત તીર્થંકરો પણ માનવ-ભવમા જ થઈ ગયા છે આવો માનવભવરૂપી હીરો હાથમાંથી ચાલ્યો ન જાય તેનો ખ્યાલ રાખજો તેને સુધારવાનુ પહેલુ પગથિયુ સત્સગ છે

દૃષ્ટાન્ત—એક પરોપકારી ડૉક્ટરનુ પોતાનુ દવાખાનુ ગામ બહાર હતુ ડૉક્ટર ગરીબોની દવા અને સારવાર પૈસા વિના કરતો હતો એ જ દવાખાનાની નજીકમા આવેલા એક જગલમા એક ભયકર ડાકુ રહેતો હતો આજુબાજુના લોકો એ લૂટારાથી થરથરતા હતા એકાકી મુસાફરોને એ મારીને લૂટી લેતો હતો, પણ ડૉક્ટરને એ લૂટારાનો ભય ન હતો જેણે પોતાના જીવનમા '**वसुधैव कुटुम्बकम्**' એ સૂત્રને વણી લીધુ હોય તેને જગતમા કોઈનો ભય નથી

એક વાર એ લૂટારો કોઈ દુશ્મનને હાથે ઘવાયો ઘસડાતો ઘસડાતો એ ડૉક્ટરની પાસે આવ્યો ડૉક્ટરે એની સેવા–શુશ્રૂષા શરૂ કરી લૂટારો કહેવા લાગ્યો, 'ડૉક્ટર! મને બચાવી લેશો તો હુ તમને એક

લાખ રૂપિયા આપીશ. મારાથી બીજા કોઈ દવાખાનામાં જઈ શકાય તેમ નથી કારણ કે મને પકડાઈ જવાનો ભય છે. ડોક્ટરે કહ્યું મને તારા પૈસાની જરૂર નથી. હું તો મારી ફરજ સમજીને તારી સારવાર કરું છું અને ચોક્ક દિવસમાં લૂટારાને આરામ થઈ ગયો. ડોક્ટરના ધર્મનિષ્ઠ અને સેવાભાવી જીવનની પ્રભુના હૃદયમાં સારી છાપ પડી ગઈ આથી તેણે એ ધંધો છોડીને નાની સરખી દુકાન ચલાવવાનું શરૂ કરી દીધું. સત્પુરુષના સંગથી કઠોરમાં કઠોર મનુષ્ય પણ નરમ બની જાય છે તેનું આ જ્વલંત ઉદાહરણ છે. જીવને દુઃખી કરવામાં કારણરૂપ એનાં પાપો છે. એકેન્દ્રિય જીવને દુઃખ કોણ આપે છે? દુઃખ દેનારને એ દેખી શકતો નથી કે સામથી શકતો નથી. આવા એકેન્દ્રિય જીવો એક અંતમુહૂર્તમાં ૧૨૮૨૪ વાર જન્મે-મરે છે. વનસ્પતિના બે પ્રકાર છે (૧) પ્રત્યેક અને (૨) સાધારણ. નિગોદ એ સાધારણ વનસ્પતિ છે. એક જ શરીરમાં અનંત જીવો છે અને સાધારણ વનસ્પતિ એક અંતમુહૂર્ત—અડતાળીસ મિનિટમાં ૬૫,૫૩૬ ભવ કરે છે! તેનું આયખું બસો છપ્પન આવલિકાનું છે. બીજી પ્રત્યેક વનસ્પતિ એક અંતમુહૂર્તમાં ૩૨, ભવ કરે છે. પણ નિગોદના દુઃખોનો તો પાર જ નથી. સાધારણ વનસ્પતિમાં જેટલી ખુરાક વધારે તેટલા વધારે જીવો તેમાં છે. જેટલી ખુરાક ઓછી, તેટલા જીવો ઓછા.

> આસમુના પાણી બૂજે ઊછળે દાણા અપાર,
>
> પણ પાક તેમાં પડે, નીકળે કોક જ બહાર.
>
> એમ સૂક્ષ્મ નિગોદથી નીકળ્યો રાજ પંથી અમે પરદેશના.
>
> આમ ભૂલમનિ ઝાલજો હાથ હો રાજ પંથી અમે પરદેશના.

આસમુજાને પાણી ઊકળતો જોયો છે તમે? એના તાવડામાં દાણા નાખે અને એ દાણા ઊછળી ઊછળીને તાવડામાં જ પડે છે અને એમાં શેકાવું જ પડે છે તેવી જ રીતે—

वणस्सई कायमइगओ उक्कोसं जीवो उ संवसे।
कालमणंतं दुरन्तयं समयं गोयम ! मा पमायए ॥

ઉત્તરાધ્યયનસૂત્ર અ ૧૦, ગા. ૯

નિગોદમાથી મરીને પાછા નિગોદમા જ જન્મે આવા નિગોદના ભવો તમે કેટલા કર્યા ? એક છોકરો આકાશ તરફ પથ્થર ઉછાળે, તેમા કેટલો સમય લાગે ? એમ જો જીવ ત્રસપણે રહે તો બે હજાર સાગરથી ઝાઝેરો રહી શકે પાછો મરીને સ્થાવરમા જન્મ લેવો પડે તમારે ત્રસમાથી સ્થાવરમા જવુ છે કે શુ કરવુ છે ? આવા મોઘા માનવભવને શુ સ્થાવર બનાવવાનુ તમને ગમશે ?

દ્વીન્દ્રિય જીવ એક અતર્મુહૂર્તમા ૮૦ ભવ કરે છે
ત્રીન્દ્રિય જીવ એક મુહૂર્તમા ૬૦ ભવ કરે છે
ચતુરિન્દ્રિય જીવ એક મુહૂર્તમા ૪૦ ભવ કરે છે
અસજી પચેન્દ્રિય જીવ એક મુહૂર્તમા ૨૪ ભવ કરે છે
સજી મનુષ્ય ને તિર્યંચ એક અતર્મુહૂર્તમા એક જ ભવ કરે છે.

આ ભવો ભોગવતા ભોગવતા તમે માનવભવમા આવ્યા, તેમાં આર્યક્ષેત્ર મળ્યુ, તેમા ઉત્તમ કુટુમ્બમા જન્મ મળ્યો સવારમા માતા-પિતા અરિહતનુ નામ લેવડાવે એવા સસ્કારી કુટુમ્બમા જન્મ મળે, એમા પણ પુણ્યનો જોગ જોઈએ તેમા પણ ભવની ભેખડોના ભુક્કા ઉડાડી દે તેવો માર્ગ બતાવનાર સદ્દગુરુ મળ્યા માટે તકને જાણીને કામ કરો હાથમા આવેલી તકને જવા દેશો તો હાથ ઘસતા રહી જવું પડશે મનુષ્યભવમા જો કઈક કરશો તો ઓછામા પતી જશે, અને જો તિર્યંચ કે નારકીમા ગયા, તો પછી પાર નહી આવે

દૃષ્ટાન્ત—એક ગામમા એક વાણિયો અને એક લોહાણો બને મિત્રો હતા બને એકબીજાના સુખદુખમા સહાયક હતા પણ ધીમે ધીમે વાણિયો પૈસામા ઘસાવા લાગ્યો, અને લોહાણાની આર્થિક સ્થિતિ સુધરતી રહી લોહાણો ટાઇમે ટાઇમે વાણિયાને વગરવ્યાજે સો–પચાસ રૂપિયા આપવા લાગ્યો, ને એમ કરતા કરતા તેના પર

દસ હજારનું કરજ થઈ ગયું. છતાં તેની સ્થિતિ સુધારા પર ન આવી.

એકવાર સોદાગર બીમાર પડ્યો. વાણિયો મિત્ર તેની ખબર કાઢવા આવ્યો. સોદાગરે એકાંત જોઈને વાણિયાને કહ્યું, ભાઈ! તારા ખાતામાં દસ હજાર રૂપિયા નીકળે છે. હવે મારા શરીરનો કોઈ ભરોસો નથી, માટે તું દસ હજારને બદલે ગમે તેમ કરીને પાંચ હજાર આપી દે તો હું હયાત છું ત્યાં જ તારું ખાતું ભરપાઈ કરી દઉં. મારા ગયા પછી મારો છોકરો વીસ હજાર વ્યાજ સાથે માગશે!

વાણિયો બોલ્યો : હું પાંચ હજાર ક્યાંથી લાવું? એટલા રૂપિયા હોત, તો તો મે વપાર ન કર્યો ન હોત! માટે રૂપિયા તો હું હાથમાં આપી શકું નહીં. સોદાગરે કહ્યું : તો ભલે બે હજાર લાવી દે તોપણ હું ખાતું ચૂક્તે કરી આપું. પણ વાણિયાએ જવાબ આપ્યો : મારાથી બની શકે નહીં. સોદાગરે એક હજાર લાવવા કહ્યું. પણ મારાથી બની શકે નહીં એ જ જવાબ મળતો રહ્યો. આખરે સોદાગરે કહ્યું : તું કંઈ ન આપે, તો તો મારાથી ખોટું ન બોલાય. છેવટે તારું ઘરબાર કે જમીન વેચીને પણ એકસો રૂપિયા લાવી દે, તો હું તારા બધા રૂપિયા ભરપાઈ કરી દઉં. પણ વાણિયાએ એક જ જવાબ આપ્યો : એટલી પણ મારી ત્રેવડ નથી.

આખરે સોદાગર મરી ગયો ને છોકરાના હાથમાં વહીવટ આવ્યો. ખાતાંઓ તપાસતાં વાણિયા પાસે દસ હજારનું લેણું નીકળ્યું. છોકરાએ વાણિયાને બોલાવીને કહ્યું, કાકા! મારા બાપને અને તમારે ભાઈબંધી હતી, પણ પૈસાનું લેણું તમારે હવે ચૂક્તે કરી આપવું જોઈએ.

વાણિયાએ તો એ જ પહેલાનો જવાબ આપ્યો : મારી ત્રેવડ નથી! આ જવાબ સાંભળીને છોકરાએ કોર્ટમાં દાવો નોંધાવી, જપ્તી લાવીને ઘરબારનું લીલામ કરાવી નાખ્યું ને લેણું વસૂલ કર્યું.

સોદાગરની જેમ તમને સંતમહાત્માઓ સમજાવે છે કે ભાઈ! આ માનવભવમાં તમે કંઈક કરો. પણ તમે તો મનમાં જવાબ આપો

છો કે અમારી ત્રેવડ નથી અમે કહીએ છીએ કે તમે અઠ્ઠમ, છઠ આદિ ઉપવાસ કરો, તો તમે કહો છો કે ત્રેવડ નથી અમે કહીએ છીએ કે તમે એક અપવાસ કરો, તો તમે જવાબ આપો છો કે ત્રેવડ નથી અમે કહીએ છીએ કે તમે એકાસણા કરો કે રાત્રિભોજનનો ત્યાગ કરો, તોપણ તમે એક જ કક્કો ગોખ્યો છે કે અમારી ત્રેવડ નથી અમે કહીએ છીએ કે તમે આયબિલ કે ઊણોદરી કરો, તોપણ તમારી ત્રેવડ નથી અરે કાઈ ન કરો તો સામાયિક તો કરો, પણ તમારો જવાબ તો એ જ મળે છે કે 'નો ટાઇમ !' પણ આ ભવમા તમને ટાઇમ નથી, ત્યારે પછી શુ નિગોદના ભવમાં ટાઇમ મળશે ? ત્યારે તો તમારી ઇચ્છા નહી હોય, તોપણ બધા કર્મોના ફળો ભોગવી જ લેવા પડશે ! માનવભવમા જે થોડામા પતે છે, તે નારકીમા ચૂકતે ભરપાઈ કરવા પડશે નારકીના દુખો તો તમે સાભળ્યા છે ને ? ચીચોડામા પીલે, ધાણીમા ઘાલે, ધોબી કપડાને પછાડે તેવી રીતે પછાડે, ભયકર ભઠ્ઠીમા શેકી નાખે આ બધા દુખો સહીને કર્મોને ભરપાઈ કરવા કરતા આ દુર્લભ માનવજન્મમા જ કઈક કરો, તો થોડામાં ઘણુ કમાઈ શકશો એક જ સામાયિક કરવાથી ૯૨,૫૯,૨૫,૯૨૫ પલ્યોપમ ઝાઝેરા નરકના પાપો કપાઈ જાય છે એક આનુપૂર્વી ભણવાથી ૫૦૦ વર્ષમા નારકી જીવ જેટલા પાપો ખપાવે તેટલા પાપો ખપી જાય છે રોજના આહાર કરતા એક જ રોટલી ઓછી ખાવ, તો નારકીના સો વર્ષનુ દેણુ કપાઈ જાય છે અહી—આ ભવમા આવુ કઈક કરશો તો નરકના દુખોમાથી બચી જશો, નહીતર પરમાધામી-ઓના હાથે છેદાવુ–ભેદાવુ પડશે ! સુયગડાગસૂત્રમા કહ્યુ છે કે—

हण छिन्दह भिन्दह णं दहेत्ति,
सद्दे सुणेन्ता परधम्मियाणं ।
ते नारगाओ भयभिन्नसन्ना,
कंखन्ति कं नाम दिसं वयामो ॥ ६ ॥

—સુયગડ, સુયક્ખધ અ ૫, ઉદ્દેશ ૧

મારી નાખો, કાપી નાખો બાળી નાખો—આવા પરમાધામીઓના શબ્દો ચારે બાજુથી સંભળાય છે.

આવાં જન્મના હાથનાં દુઃખો ભોગવવાં પડે, તે પહેલાં આજથી જ—અત્યારથી જ ચેતી જાવ. પરમાધામીઓ એકાન્ત મિથ્યાત્વી હોય છે. એમના હાથે પરાધીન બનીને દુઃખ ભોગવવા કરતાં સમજીને સંયમ અને તપશ્ચર્યામાં, ત્યાગ અને વૈરાગ્યમાં આગળ વધો.

ૐ શાન્તિઃ

*

વ્યાખ્યાન : ૬૩

(શુક્રવાર તા. ૬-૭-૭૩)

અહીં નાયે સિદ્ધાન્ત કહ્યા. ત્રણેય કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે. જે જમાનાની સાથે ફરતો જાય તેનું નામ સિદ્ધાન્ત કહેવાય નહીં. ત્રિકાલાબાધિત અને ત્રિલોકાબાધિત હોય તેનું નામ સિદ્ધાન્ત. જે સિદ્ધાન્ત કદાપિ સ્ખલિત થાય નહીં ને બદલાય નહીં. હિંદમાં પણ બે ને બે ચાર થાય, તેવી જ રીતે યુરોપ, અમેરિકા, રશિયા આદિ દેશોમાં પણ બે ને બે મળીને ચાર જ થાય.

નાગશ્રી બ્રાહ્મણીનો જીવ સાગરદત્ત શેઠની પુત્રી સુકુમાલિકા તરીકે જન્મ્યો. પુણ્યનો ઉદય થાય એટલે સારું ઘર ને સારું કુટુંબ મળે, પણ એટલેથી જ પતી જતું નથી. બોલો, મનુષ્યભવ શા માટે મળ્યો છે? જ્ઞાનીઓના ચીંધ્યા માર્ગે પણ આ માનવભવમાં જ જઈ શકાય અને તો જ કર્મરહિત દશા પ્રાપ્ત થઈ શકે. કાલા-કપાસની મોસમ હોય ત્યારે વેપારીઓ રાતદિવસ જોયા વિના તોલ કર્યા કરે છે તેવી તાલાવેલી આત્મા માટે જોઈએ. બજારને ગમે તેટલું કામ હોય છતાં

તમે પ્રયત્ન કરો નહી અને પ્રયત્ન કરતા હો તો એ પ્રયત્ન સફળ કેમ થતો નથી એ જોતા ન હો, તો શુ કામનુ ? ભગવાન કહે તે તમે ન માનો તો ?

દૃષ્ટાન્ત—એક શેઠાણી બહુ ફૂવડ હતી ઘરના કામકાજમા દુર્લક્ષ તો આપે જ, પણ કરેલી રસોઈ પણ ઢાક્યા વિના રાખી દે. આથી કૂતરાઓ ખાવાનુ ખાઈ જાય આથી કટાળીને શેઠે એક જાળી બનાવીને બારણામા ગોઠવી દીધી આથી કૂતરાઓ ગભરાવા લાગ્યા કે શેઠે બારણામા જાળી કરાવી છે, એટલે હવે આપણને ખાવાનુ મળશે નહી એટલામા એક આગેવાન કૂતરો બોલ્યો, 'ગભરાવાનુ કારણ નથી. શેઠાણી એટલી આળસુ છે કે એ જાળી બધ કરશે જ નહી '

એમ આપણા આત્મિક ધનને ક્રોધાદિ કષાયો લૂટી રહ્યા છે એ જોઈ ભગવાન મહાવીરે આપણા માટે વિરતિની જાળી તો મૂકી છે, છતા કર્મના પ્રવાહને આપણે અટકાવી શકતા નથી **'उड्ढंसोत्ता अहं-सोत्ता'**—ચારે બાજુથી કર્મનો પ્રવાહ ચાલ્યો આવે છે કર્મરહિત બનવા માટે આસ્રવના દ્વારો બધ કરવા જોઈએ પણ પ્રભુએ બતાવેલા માર્ગે આપણે ચાલવું નથી માનવી પાસે મન, વિચારશક્તિ અને આચરણ કરવાની શક્તિ તો છે, તેને માનવભવ પણ મળી ગયો છે, પણ માનવતા મેળવવી એ હવે માનવનુ પોતાનુ કામ છે દુર્ગુણોને પ્રવેશવા ન દે અને સદ્ગુણોને સભર ભરી દે, તો જ માનવભવ સિદ્ધ કર્યો ગણાય. માટે ઊંઘતા હો તો જાગો, જાગતા હો તો બેઠા થાવ અને બેઠા હો તો પ્રયત્નશીલ બની જાવ જેને આજીવિકાનુ સાધન ન હોય તેને તો ભટકવુ પડે, પણ ઘણાને પૂરતા સાધનો હોવા છતા પણ તે ક્રોધ, માન, અને માયામા રાચતા રહીને કર્મના બધનમા જકડાય છે

દૃષ્ટાન્ત—જગદીશ નામનો એક યુવાન ડોક્ટર હાથમા બેગ લઈને ઉતાવળે જઈ રહ્યો હતો ત્યા તેનો એક જૂનો મિત્ર સુરેશ મોટરમા બેસીને તેને સામો મળ્યો મોટર ઊભી રાખીને સુરેશે પૂછ્યુ,

અરે જગદીશ! અત્યારમાં કઈ તરફ જાય છે? મારી મોટરમાં બેસી જા. તારે જ્યાં જવુ હોય ત્યાં તને પહોંચાડી દઉં. મોટરમાં બેસતાં જગદીશે કહ્યું: ગામ બહાર જ્યાં ગરીબોનાં ઝૂપડાં છે ત્યાં મારે જવાનુ છે. થોડી વારમાં મોટર ગરીબોનાં ઝૂપડાં આગળ આવીને ઊભી રહી. જગદીશ બેગ લઈને નીચે ઊતર્યો. સુરેશે કહ્યું: તું પાછો ફરે ત્યાં સુધી હુ અહીં જ ઊભો છુ. ગરીબોની સારવાર કરીને ડૉ. જગદીશ પાછા ફર્યા. વાતો કરતાં બન્ને મિત્રો જગદીશને બંગલે આવ્યા.

બે વર્ષ પહેલાં સુરેશ જગદીશને મળ્યો હતો ત્યારે જગદીશની પ્રેક્ટિસ ધમધોકાર ચાલુ હતી. વિશાળ બંગલો અને મોટર હતાં. પણ આ? એ બધું સુરેશને પલટાઈ ગયેલું દેખાયું. આથી તેણે પૂછ્યું: અરે જગદીશ! આવો સારો બંગલો અને સાહ્યબી વિહોણું તારુ જીવન કેમ બની ગયું? બે વર્ષ પહેલાં તો બધું જ હતું ને આજે આ હુ શુ જોઈ રહ્યો છુ?

વાત જરા લાંબી છે. જગદીશ બોલ્યો: હુ બાર વર્ષનો હતો ને મારા પિતા નિર્ધન હાલતમાં મરી ગયા. મારી માતા બીજાનાં કામકાજ કરીને મને ભણાવવા લાગી. પણ થોડી વારમાં એ વૃદ્ધમાતા થાકી જતી હતી. થોડા દિવસો પછી એ બીમાર પડી અને હુ જેમતેમ કરીને તેને ઘરે જ લાવ્યો. એક ખાટલા [?] માં લાવીને મારી માતાને એક બાજુ સુવાડીને હુ ડૉક્ટરને મળવા માટે ઊભો. ડૉ. આમ કરતાં બપોરના બાર વાગ્યા. ડૉક્ટર હવે દવાખાનામાંથી પાછા ફરતા હતા. મે ડૉક્ટરને કહ્યું: ડૉક્ટર સાહેબ! મારી માતા બહુ બીમાર છે. ફીના પૈસા લઈને હુ થોડાથોડા ભાગમાંથી તેને ભરી આપીશ [?], માટે તેની સારવાર કરો.

પણ મને અત્યારે ટાઇમ નથી, કહીને ડૉક્ટર ચાલ્યા ગયા. મારી માતાએ કહ્યું: બેટા! આવા શહેરમાં ગરીબોની કોઈ સંભાળ લેતું નથી. તારે ભણે કોઈ કીમતે જો ડૉક્ટરના કામમાં થોડી નોંધ [?]

સરકાર્વા દીધી હોત તો એ જ ડૉક્ટરને ટાઇમ મળી જાત હવે મને ઘેર પહોચાડી દે.'

અને હુ મારી માતાને ઘેર લાવ્યો મરતા મરતા મારી માતાએ મને કહ્યુ, બેટા! તુ મોટો થઈને ડૉક્ટર થજે અને જેવી દશા મારી થઈ તેવી દશા કોઈ ગરીબની ન થાય તેનો વિચાર કરજે તારાથી બને એટલી સેવા કરીને તેમને આરામ પહોચાડજે,' કહીને મારી માતા મૃત્યુ પામી

હુ જાતમહેનત કરીને ભણવામા આગળ વધવા લાગ્યો ઇન્ટર થઈને મે ડોક્ટરી લાઇન લીધી અને થોડા વર્ષોમા ડૉક્ટર પણ બની ગયો પણ મરતી વખતની માતાની આજ્ઞા ભૂલી ગયો મારુ ધ્યાન મોટર, બગલો અને માન-સન્માન મેળવવામા વળી ગયુ થોડા જ વખતમા મને એ બધુ મળી ગયુ મારુ જીવન સુખચેનમા વીતવા લાગ્યુ કોઈ ગરીબની સામે જોવાની મને ફુરસદ ન હતી હુ તો ધનની લાલચમા જ મારુ કામ કર્યે જતો હતો પણ એવામા એક બનાવે મારી આખો ખોલી નાખી બપોરના એક વાગ્યાનો સમય હતો હુ જ્યા હૉસ્પિટલના પગથિયા ઊતરીને મોટરમા બેસવા જતો હતો ત્યા એક વૃદ્ધ માતા અને તેનો એક દસ વર્ષનો પુત્ર એક બાજુ પર બેઠેલા મને જોવામા આવ્યા મને જોઈને એ છોકરો ઊભો થઈને કહેવા લાગ્યો, 'ડૉક્ટર સાહેબ! મારી મા બહુ બીમાર છે હુ ગામડામાથી માડમાડ તેને અહી પહોચાડી શક્યો છુ એની સારવાર નહી કરો તો એ મરી જશે ને હુ અનાથ બની જઈશ'

'ભાઈ સુરેશ!' આખમાના આસુને લૂછતા જગદીશ બોલ્યો, 'મારી મરતી માતાની સ્મૃતિ મને એ જ વખતે તાજી થઈ આવી જાણે એ મ તા મને કહી રહી હતી, 'બેટા, મોટો થઈને તુ ડૉક્ટર બનજે અને મારી માફક કોઈ ગરીબને સારવાર વિના મરવુ ન પડે એ વિચારજે'

જ્ઞાનીઓ કહે છે કે ભૂખ સમયે ચેતીએ. કામના ભૂખ પડે, તે વખતે મનુષ્યે સાવધાન બની જવું જોઈએ. નામની આસક્તિની ભૂખ વખતે ચેતી નહી તો એને અનંતા ભવ કરવા પડશે. એનાં કર્મો ભોગવવામાં કોઈ એનું સાથીદાર થશે નહીં. તમારું સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાન મળશે તો જ જ્ઞાન મળશે.

અને તે દિવસે મારી મોટરને પાછી વાળીને મેં એ વૃદ્ધ માજીની સારવાર ચાલુ કરી. ગરીબોની સેવા-શુશ્રૂષાનું મન થઈને હું પરિષદને આગેથી પાછો ફર્યો. ગરીબોની અને રોગીઓની સેવામાં મેં મારું ચિત્ત લગાવ્યું. મોટર અને વિશાળ બંગલો વેચીને મેં સારવાર માટેનાં સાધનો વસાવ્યાં. જગદીશે પોતાની વાત પૂરી કરી.

માનવ પાસે જ્યાં ધનવૈભવ આવે છે એની બેને બદલે ચાર આંખો થઈ જાય છે એ માનવતાના ગુણોને પણ ગુમાવી દે છે. જ્યાં સુધી અનાદિકાળનો મિથ્યાત્વી જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી એ સંસાર પરિત્ત કરી શકતો નથી.

સુકુમાલિકા પુણ્યના ઉદયથી સાગરદત્ત શેઠને ત્યાં જન્મી અને જેમ જેમ મોટી થવા લાગી તેમ તેમ તેનું ઉત્કૃષ્ટ રૂપલાવણ્ય ખીલવા લાગ્યું. બાલ્યાવસ્થા વીતતાં તેણે ચોસઠ કળાઓ જાણી લીધી. એકવાર સાહેલીઓની સાથે એ અગાસીમાં દડાની રમત રમી રહી હતી. બાપ તરફથી પૈસાની છૂટ હતી. કીમતી વસ્ત્રો અને આભૂષણો તેણે ધારણ કર્યાં હતાં. સોનાના તારથી ગૂંથેલા દડાથી એ રમી રહી હતી. ત્યાં માર્ગ પરથી જતા જિનદત્ત શેઠની દૃષ્ટિ સુકુમાલિકા પર પડી. જિનદત્ત શેઠ વિચારમાં પડ્યો કે આ તે કોઈ જળદેવી હશે કે વનદેવી હશે? કોઈ દેવાંગના હશે કે કોઈ ગંધર્વકન્યા હશે? તેણે બાજુમાં ચાલ્યા જતા કુટુંબી જનને પૂછ્યું કે આ રૂપવતી કન્યા કોણ છે? જવાબ મળ્યો કે સાગરદત્ત શેઠની કન્યા છે.

માનવસ્વભાવ જ એવો છે કે જે સારી વસ્તુને જુએ તેને એ

પોતાની બનાવવાની ઇચ્છા કરે છે જિનદત્ત શેઠે વિચાર કર્યો કે મારો પુત્ર સાગરદત્ત પણ સ્વરૂપવાન અને ગુણવાન છે. તેની સાથે આ કન્યાના લગ્ન થાય તો કેવુ સારુ ?

ભૌતિક સુખોની પાછળ જીવને કેટલુ અથડાવુ પડે છે ! પણ સત્=દર્શન, ચિત્=જ્ઞાન અને આનંદ=ચારિત્રરૂપ આત્માને તેણે જોયો નથી, જાણ્યો નથી અને જાણવાની તેને ઇચ્છા થતી નથી માનવને અંધારી કોટડીમા રહેવુ ગમતુ નથી, પણ અનંતા ભવથી આત્મા અંધકારમા ડૂબેલો પડ્યો છે તેમા પ્રકાશ મેળવવાનો એ પ્રયત્ન કરતો નથી Knowledge is power—જ્ઞાન એ જ બળ છે જ્ઞાનના અજવાળાથી અજ્ઞાનનો અંધકાર દૂર થઈ જાય છે એક હજાર વર્ષથી ભોયરામા અંધકાર હોય અને બેટરીની ચાપ દબાવો કે તરત પ્રકાશ પથરાઈ જાય છે હજાર વર્ષના કબ્જા માટે અંધારુ દાવો કે દલીલ કરતુ નથી

વરસાદ આવે ત્યારે છોકરાઓ પાણીના ખાબોચિયામા કાગળની હોડીઓ તરાવે છે ને રાજી થાય છે એ જ રીતે ખેડૂત પણ રાજી થાય છે પણ બન્નેની પ્રસન્નતામા તમને કાંઈ ફેર જણાય છે ? પણ જો ખેડૂતે કાંઈ ન વાવ્યુ હોય ને માત્ર વરસાદથી રાજી થતો હોય તેને પૂછીએ કે કાંઈ વાવ્યુ છે ? તો એ જવાબ આપે કે આણ સાલ તો કાંઈ વાવ્યુ નથી, તો એ રાજીપો શા કામનો ? અમે તમને પણ એ જ પૂછીએ છીએ કે આ સાલ ચોમાસુ તો સારુ થયુ, પણ એમા તમે કાંઈ વાવ્યુ ખરુ ? આ માનવભવ એક પ્રકારનુ ફળદ્રુપ ખેતર છે તેમા વાવશો તે પ્રમાણે ફળ આવશે

દૃષ્ટાન્ત—પોતાના ખેતરમા થયેલા ફળોની ટોપલી લઈ ને એક ખેડૂત રાજાને ભેટ આપવા માટે ગયો આરસપહાણના રાજમહેલમા બેઠેલા રાજાએ એ ફળો ચાખ્યા, અને એ પ્રસન્ન થઈ ગયો ખેડૂતને તેણે પૂછ્યુ, 'આવા સ્વાદિષ્ટ ફળો કયા વાવ્યા હતા ?' ખેડૂતે કહ્યુ,

મારુ કાળી જમીનવાળુ જે ખેતર છે તેમાં મેં આ ફૂલોનો બગીચો બનાવ્યો છે. રાજા બોલ્યો: તો એવો બગીચો મારા રાજમહેલમાં બનાવી આપ. કાળી જમીન કરતા તો આ રાજમહેલ કીમતી આરસ પહાણનો બનાવેલો છે. ખેડૂત બોલ્યો: નામદાર! આવાં ફૂલો વાવવા માટે કાળી અને ફળદ્રુપ જમીન જોઈએ. એમાં કીમતી આરસની જમીન ચાલી શકે નહીં.

તેવી જ રીતે દેવતાના ભવમાં ધર્મધ્યાન થઈ શકતુ નથી. દેવના ભવમાં તેત્રીસ હજાર વર્ષે એકવાર આહાર લેવાની ઇચ્છા થાય છે તો તમે જ વિચારો કે ઉપવાસની દૃષ્ટિએ તેના કેટલા ઉપવાસ થયા! પણ દેવના ભવમાં પચ્ચક્ખાણ નથી, તેથી ઉપવાસ ગણાય નહીં.

એક માણસે ચોવીસ કલાકનો પોસો કરીને પચ્ચક્ખાણ લીધા. ચોવીસ કલાક માટે તેણે અન્ન, પાણી, મેવો, મીઠાઈ, ફળ, મુખવાસ આદિ બંધ કર્યાં ત્યારે બીજા એક દર્દીને ડૉક્ટરે ચોવીસ કલાક ખાવા પીવાનુ બંધ કર્યું અને ત્રીજા એક ભીખારીને ભીખ માગવા છતાં આખો દિવસ આહારપાણી મળ્યાં નહીં. ત્રણેયના ખાનપાન બંધ છે પણ તેમાંથી નિર્જરાનો હેતુ કોનો હશે? તમે પરાધીનતાથી તો ઘણી વાર ઉપવાસ કર્યા હશે પરન્તુ એને સાચો ત્યાગ ગણી શકાય નહીં. કારણ કે—

वत्थगंधमलंकारं, इत्थीओ सयणाणि य।
अच्छंदा जे न भुंजंति न से चाइ त्ति वुच्चइ॥

—દશવૈકાલિકસૂત્ર અ. ૨ ગા. ૨

વસ્ત્ર, અલંકાર, સ્ત્રી કે શયન આદિ નથી મળ્યુ ને તેથી નથી ભોગવતો તે ત્યાગી નથી. પણ—

जे य कंते पिए भोए लद्धे वि पिट्ठिकुव्वइ।
साहीणे चयइ भोए से हु चाइ त्ति वुच्चइ॥

—દશવૈકાલિકસૂત્ર અ. ૨ ગા. ૩

સુંદર પ્રિય ભોગો જે, પામીને અળગા કરે.
સ્વાધીન પ્રાપ્ત ભોગોને, ત્યાગે તે ત્યાગી છે ખરો

મળ્યું છતાં જે ત્યાગી દે તે સાચો ત્યાગી છે.

દરિદ્રીને, દર્દીને અને પોસો કરનારને એકસરખુ જ વેઠવાનુ હોવા છતાં ત્રણેયના ફળમાં મોટું અંતર છે ડૉક્ટર દર્દીને ખાવાપીવાની ના પાડે છે અને ભીખારીને ખાવાપીવાનુ મળતુ જ નથી એ બન્ને ઉદયના કારણો છે, પરન્તુ '**इच्छानिरोधस्तप**'—સાધન હોવા છતાં ઇચ્છાનો નિરોધ એ સાચુ તપ છે, અને '**तपसा निर्जरा च**' —તપથી નિર્જરા થાય છે તમે તો ખાવું, પીવુ અને એશઆરામ કરવામાં જ જીવનનુ ધ્યેય સમાપ્ત થયેલુ માનો છો, તો એમ ચાલશે નહીં અગ્નિ જેમ ના ન પાડે તેમ આવા આત્માઓ જે આવ્યા કરે તે ખાઈ લઈને સર્વભક્ષી બની જાય છે નવ વાગ્યા સુધી સૂવાની ઇચ્છા હોય, પણ તૈયાર થઈને સાત વાગ્યે નોકરી પર જવાનુ હોય તો ? તો તમે તમારી સ્વચ્છંદતાને તરત જ છોડી દો છો, પણ સવારમાં પ્રતિક્રમણ કરવુ તમને રુચતુ નથી

એક માણસ કૂવામાં પડી ગયો, પણ કૂવામાં પાણી નહીં હોવાથી તથા અંદર ઘાસ ઊગી ગયેલુ હોવાથી એ બચી ગયો હવે એ 'બચાવો, બચાવો'ની બૂમો પાડવા લાગ્યો એટલામાં એક માણસ ત્યાંથી નીકળ્યો અવાજ સાંભળીને તેણે કૂવામાં દોરડુ નાખ્યુ વિશ્વાસ કરીને તેણે એ દોરડાને પકડી લીધુ અને એ બહાર નીકળી ગયો બન્ને જણા પોતપોતાને રસ્તે પડી ગયા તેવી જ રીતે—

સંસાર રૂપી ઊંડો કૂવો, જે પડિયો તે મૂઓ,
રડતાને તમે શીદને રૂઓ છો, જીવતાના સુખ જુઓ

સદ્‌ગુરુદેવ આ સંસારરૂપી કૂવામાથી જીવને બહાર કાઢે છે, પણ જીવને પાકી શ્રદ્ધા જોઈએ તમને ગૂમડું થાય તો તરત જ ડૉક્ટર

[illegible] [illegible], [illegible] જેટલો પ્રયત્ન તમે ભાગ્યમાંથી [illegible] માટે છે અને ઇન્જેક્શન ભરી ભરે ને [illegible] મહેરો અનાદિ મૂકીને કરી નાખે છે ક્વીનીન [illegible] તેને તાવડી હેવા નથી, પણ તમારા [illegible] રોગ [illegible] થયા છે? આ [illegible] જ નથી. જીવને દવાની જરૂર નથી, પણ એ રોગો કરનાર કર્મ [illegible] [illegible] આ [illegible] અનંતા [illegible] ના દસે મુખે [illegible] છે કે જેને [illegible] કરી નાખે છે માટે એવા [illegible] ઉપાય હાથ ધરો.

ત્યારથી [illegible] જીવને જુદા જુદા ભવોમાં અનંતી વેદનાઓ સહન કરી કર્મોના [illegible] [illegible] રૂપલાવણ્યવાળી [illegible] [illegible] સુકુમાલિકા નામની પુત્રી તરીકે એ જન્મી, પણ વળી તેને કોઈ હસ્તમેળાપ કરનારો મળ્યો નથી.

સુકુમાલિકાના રૂપસૌંદર્યથી આકર્ષાઈને જિનદત્ત સાર્થવાહ શેઠની પાસે આવ્યો અને પોતાના પુત્ર સાગરદત્ત વતી સુકુમાલિકાનું માગું કર્યું. શેઠે જવાબ આપ્યો: શેઠજી! મેં તમારા સાગરદત્ત પુત્રને જોયો છે. સુકુમાલિકા અને સાગરદત્ત રૂપગુણમાં સમાન છે પરંતુ મારે આ એકની એક પુત્રી છે એના [illegible] કોઈ એવા મુરતિયા સાથે કરવા છે કે જે મારે ત્યાં પુત્ર તરીકે રહે અને ઘરજમાઈ બને. હવે જિનદત્ત શેઠ એનો શો જવાબ આપશે તે અધિકાર અવસરે.

ૐ શાન્તિ.

*

વ્યાખ્યાન : ૬૪

(શનિવાર, તા ૭-૯-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે સુકુમાલિકાનું માગુ કર્યો પછી જિનદત્ત શેઠે પોતાના પુત્ર સાગરદત્તને પૂછી જોયુ અને પુત્રે મૌન રહીને સમ્મતિ આપી વિષયના લોલુપ મનુષ્યો ઇન્દ્રિયજન્ય સુખોને જ સુખ માને છે આવા જીવો સયોગમા સુખ અને વિયોગમાં દુ ખ માનતા હોય છે પાણીનુ મથન કરવાથી કદાપિ માખણ નીકળતું નથી અને રેતી પીલવાથી કોઈ દિવસ તેલ નીકળતુ નથી મોહવશ બનેલો માનવ એનો વિચાર પણ કરી શકતો નથી જ્ઞાનીઓ કહે છે—

કાળ અનતો ગુમાવ્યો એના સગમા રે,
તેમા કાઢ્યો તે કેટલોક સાર, ઓ ગમાર !
મૂકી દે સગત મહા મોહની રે
દર્શનમોહનીયે દર્શન તારુ આવર્યું રે,
ચારિત્રમોહે ચુકાવ્યો સદાચાર ઓ ગમાર !

દર્શનમોહનીયથી જીવનુ દર્શન અવરાઈ જાય છે અનત પુદ્ગલ-પરાવર્તન થઈ ગયા, છતા જીવને પોતાનુ ભાન થયુ નથી જેને મોહના ચાળામા રસ આવે છે, જીભના, સ્પર્શના અને શ્રવણેન્દ્રિયના સ્વાદમા જે તરબોળ રહે છે, તે આત્માનુ ભાન ગુમાવી બેસે છે ભગવાન કહે

છે કે ઇન્દ્રને તો ક્ષણિક સુખ છે પણ મારા ખતો અને મુનિઓનું આત્મસુખ અનંત છે એક માણસને કેન્સરનું દર્દ થયું હોય તો તેનો આપ્તજન ખજાનો પણ તેનો રોગ દૂર કરી શકતો નથી પણ જેના આત્માનો અમૂલ્ય ખજાનો ખૂલી ગયો હોય તેને રોગો કાંઈ કરી શકતા નથી. કયા કંચન કામિની અને કુટુંબ એ ચારેય કફનને સાથે લઈ જવાની ખપત નિમ્નસમખી છે કોઈ પરિગ્રહ સાથે લઈ જવાતો નથી. આ જીવ રાગમાં રંગાઈ ગયો મોહમાં મૂંઝાઈ ગયો અને જીવનભર લૂંટ ને લૂંટ જ ચલાવી! તમારી પ્રગતિ પણ જેટલી પૈસાના વિચારમાં થઈ છે તેનો ૧ ટકો ભાગ પણ 'સ્વ'માં પ્રગતિ સાધી નથી. એમાં ત્યાગ ફિક્કો ભાસવાની જરૂર છે માનવ ધનને મહત્તા આપનારો બન્યો ત્યારથી 'સ્વ'ની પ્રગતિ રૂંધાઈ ગઈ હરખાભાઈ દરખાસ્તભાઈ બની ગયા! ધર્મનાં સ્થાનોની આગેવાની પણ પૈસાદારને જ મળે! વધારે પૈસા આપે એ જ પ્રતિક્રમણ બોલાવે સદાચારી ગરીબને કોઈ અધિકાર નહીં! પણ જેણે જીવનમાં સદાચાર કેળવ્યો હોય તેને જ આતી કાઢીને ચલાવાનો સાચો અધિકાર છે પૈસાદારને નહીં

સનત્કુમાર ચક્રવર્તીને ત્યાં ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ રથ અને ગણું કરોડ યોદ્ધાઓ હતા. તેનું રૂપ પણ અવર્ણનીય હતું. એક વાર દેવતાઓ ઇન્દ્રની પ્રશંસા સાંભળીને બ્રાહ્મણના રૂપે તેનું રૂપ જોવા આવ્યા. તેમને જોઈને સનત્કુમારે પૂછ્યું તમે કેમ આવ્યા છો? દેવતાઓ બોલ્યા તમારું રૂપ જોવા. સનત્કુમારે પૂછ્યું તમે ક્યાંથી આવ્યા છો? જવાબમાં દેવતાઓએ જોયાનું પોતાનું ઓળખી બતાવીને કહ્યું આપને જોવા આવતાં આટલા જોવા પરસાઈ ગયા! એટલે દૂરથી અમે આવ્યા છીએ. સનત્કુમારે કહ્યું હજી તો મારી ખેળખાણી બાકી છે હું નાહીને શૃંગાર ધારણ કરું ત્યારે મારું સ્વરૂપ જોવા જેવું થશે.

સનત્કુમારે સ્નાન કરી, સુગંધી તેલોનું લેપન કર્યું અને બહુમૂલ્ય વસ્ત્રાભૂષણો ધારણ કર્યાં દાસીએ આવીને તેને વસ્ત્રાદિનો ચાંદલો કર્યો.

જ્યારે તેઓ સિંહાસન પર બેઠા ત્યારે દેવતાઓને બોલાવ્યા, પણ સનતકુમારને જોઈને દેવતાઓ મો ફેરવી ગયા આથી સનતકુમારે પૂછ્યું, 'મારુ રૂપ જોઈને તમે મો કેમ ફેરવી ગયા?' દેવતાઓ બોલ્યા, 'અમે તમારુ જે સ્વરૂપ પહેલા જોયુ હતુ, તેના હજારમા ભાગનુ સ્વરૂપ પણ અત્યારે નથી, કારણ કે—

સોળ રોગ તારી કાયામા ઊપન્યા, ગર્વ ન કર, કાચી કાયા,
રંગીલા રાણા રે હો, રહો રહો મેરે 'સનતકુમાર'

કાયાનો પલટો કેટલી વારમા થઈ ગયો? તમે કાયાને ફેશનમાં કેટલી ફટાવ્યે રાખી છે? આ જડ શરીરને તાજિયાની જેમ કેવુ શણગરો છો, પણ એનુ પરિણામ વિચાર્યું છે?

मानव तनके रोमरोम में भरा हुआ है रोग अपार।
कारण पा कर वही रोग सब आते हैं बाहिर दुःखकार॥
फूटे घटके जल सम ही है आयु क्षीण होती दिनरात।
रोगभरे इस नश्वर तनमें, करता मोह अरे क्यों भ्रात॥

માનવના શરીરમા સાડાત્રણ કરોડ રૂવાડા છે એક એક રૂવાડે પોણા બબ્બે ઝાઝેરા રોગો ભર્યા છે આવા રોગમય શરીર પર આટલો બધો મોહ શા માટે? ઘડાને તળિયે તિરાડ પડી હોય તો તેમાથી પાણી ચાલ્યુ જશે, તેમ આયુષ ક્ષણે ક્ષણે કપાઈ રહ્યુ છે 'કટ-કટ' કરતી ઘડિયાળ એની સાક્ષી પૂરે છે કાચી માટીની આ કાયા ઉપરથી સુદર દેખાય છે, પણ અદર તો અશુચિનો ભડાર ભર્યો છે જેના ઉપર તમે મોહ પામો છો તેમા માસ, રુધિર અને લોહી-હાડકા આદિ સાત ધાતુ વિના બીજુ કાઈ જ નથી આવા નશ્વર શરીરને પડતા પણ કાઈ વાર લાગે છે?

મોહભાવ ક્ષય હોય જ્યા અથવા હોય પ્રશાત,
તે કહીએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન

જેનો મોહ ઉપશમી ગયો હોય તે જ સાચો જ્ઞાની છે.

દૃષ્ટાન્ત—માર્ગ બતાવનારું એક બોર્ડ જ્યાં રસ્તો જુદો પડતો હતો ત્યાં, ઊભું કરેલું હતું. તેની નજીકમાં જ એક વેલ ઊગીને પાટિયાની ઉપર ચડવા લાગી. આથી પાટિયું બોલ્યું, "ઓ વેલ! હજી તો ઊગીને ઊભી થઈ ત્યાં તું મારા ઉપર ચડી બેઠી! ઘણા વખતથી હું અહીં મુસાફરોને માર્ગદર્શન આપું છું. માટે ખસી જા અહીંથી."

વેલ બોલી, "પાટિયાભાઈ! તમે જડ છો ને હું પ્રગતિશીલ છું. તમારા ઉપર ચડીને મારે પેલા ઝાડ પર ચડવું છે. તમે મુસાફરોને ભલે માર્ગ બતાવો, પણ વર્ષો થયાં જ્યાં છો ત્યાં ને ત્યાં જ છો. તમારામાં પ્રગતિ નથી. માત્ર બીજાને ઉપદેશ આપવામાં જ તમે તમારા જીવનને પૂરું કરશો. પરંતુ એ ઉપદેશનો લેશ પણ અંશ તમારામાં ઊતરવાનો નથી. તમે આમ ને આમ સડીને પડી જશો ને તમારે બદલે બીજું બોર્ડ મુકાઈ જશે ત્યારે મારી કોમળતા અને મારાં પુષ્પોની સોરમથી કોઈને બે ઘડી આનંદ મળશે!"

વક્તા ગમે તેટલું બોલી જાય પણ જો તેના જીવનમાં ન ઊતર્યું હોય તો તમો બોર્ડ જેવા છો. આજે તો 'શ્રોતારસ્તત્ર દુર્લભા' જેવો ઘાટ થયો છે. શ્રોતાઓ ઘટ્યા ને વક્તાઓ વધી પડ્યા છે. વર્તન ઘટ્યાં ને વાણી વધી ગઈ. હજારો વાનગીઓનાં નામો બોલી જનાર સો કરતાં સૂકો પણ સાચો જુવારનો રોટલો પીરસનાર સારો!

લાકડાનાં બનાવીને રંગેલાં દાડમ, બદામ, કાજુ, કેરી, સીતાફળ વગેરે દેખાવમાં તો સાચાંને ટક્કર મારે એવાં હોય છે પણ તેની ગમે તેવી નામ હોવા છતાં ભૂખ્યાની ભૂખ ભાંગતી નથી. શબ્દ-જાળની ગમે તેટલી ભારી હોય પણ એ આચરણમાં ઊતાર્યું ન હોય તેના કરતાં મૌન શું ખોટું? અનુભવની એરણ પરથી પસાર થયેલા શબ્દ પ્રત્યેક બની આચાર જેટલી જાય છે. આજે તો જીવનમાં બહુ મુશ્કેલ હોય તેવા ઉપદેશો અધર્મીની જેમ ઊબકાઈ [illegible]

ભગવાન કહે છે કે પ્રથમ તું સૂત્રનુ અધ્યયન કર, પછી તારા ચિત્તને સ્થિર કર, અને આત્માની સ્થિરતા મેળવ્યા પછી જ તું કોઈને ઉપદેશ કરજે તેમા પણ જો તારામા ઉપશમભાવ હોય તો કોઈને ક્ષયોપશમનો બોધ આપજે, અને ક્ષાયિક ભાવ હોય તો જ ઉપશમનો ઉપદેશ આપજે તમે જાણતા હો તેથી ઓછો ઉપદેશ આપજો, કારણ કે સંતોનુ મૌન પણ ઉપદેશ છે

ભગવાન મહાવીરે કદી પણ ઉપદેશની ઉતાવળ કરી નથી એમની મૌનસાધના તો જુઓ તેમણે જગતનો પરિચય જ ન સાધ્યો, કારણ કે વસ્તીનો સગ આત્માની પ્રગતિને અટકાવનારો છે.

ભગવાને તમામ ઉપસર્ગો સહન કર્યા, કોઈની પણ મદદ માગી નહી ચાર જ્ઞાનના ધણી છતા તેઓ મૌન જ રહ્યા ભગવાન ઋષભદેવને ચાર હજાર શિષ્યો હતા, છતા તેઓ એક હજાર વર્ષ સુધી મૌન રહ્યા વાણીના મૌન સાથે જો મનનુ મૌન ન હોય તો સકલ્પ-વિકલ્પોની હારમાળા ઊભી થાય છે માટે જોઈને બોલો, જોખીને બોલો, સમજીને બોલો તમારી વાણી બીજાને કડવી, કાટા જેવી કે ભારરૂપ ન લાગે તેનો બરાબર ખ્યાલ રાખો પરીકથાઓમા પરીઓના મોમાથી ફૂલ ઝરે છે તેવી વાત આવે છે તે કાઈ પેટમા ફૂલ ભરી રાખતી નથી, પણ તેની વાણી ફૂલ જેવી કોમળ અને સુવાસવાળી હોય છે પરતુ અનાદિકાળથી જીવની અવળાઈ ચાલુ છે એને ચાર ગતિ, ચોવીસ દડક ને ચોરાસી લાખ યેનિમા ભટકવુ ગમે છે એ જ કારણથી એ જ્ઞાનની વાતોમા બેદરકાર રહે છે

પ્રભુએ સાડા બાર વર્ષ સુધી ઊંઘ લીધી નહી તેમનુ અપ્રમત્તપણુ કેટલુ ! તમે તો આનદ મેળવવા માટે થિયેટરમા ચાલ્યા જાવ છો, પછી ત્યાથી આનદ લાવો છો કે ઉપાધિ ? એ દિવસ ઘરમા રહ્યા, ને ગમતુ નથી એટલે બજારમા દોડો છો એટલે તમારી તો ચાવી જ ખોવાઈ ગઈ છે પણ યાદ રાખજો, દાગીના ગમે તેટલા હોય પણ ચાવી ન મળે ત્યાસુધી તમે ભીખારી જ રહેવાના છો તમારે તમારા

પોતાના જ ઘેર જવું છે એમાં આટલી આળસ કેમ? નાનું છોકરું અકારણ ગયું હોય તો એ ઘેર જવાનો કજિયો કરે છે તો તમને સ્વ-ઘર વિના કેમ ગમે છે? તમારું શાશ્વત ઘર સિદ્ધક્ષેત્રમાં છે

દૃષ્ટાન્ત—મા અને ચાર વર્ષની દીકરી મેળામાં ગયાં. ચાલતાં ચાલતાં છોકરી પાછળ રહી ગઈ. માએ માન્યું કે છોકરી પાછળ પાછળ ચાલી આવે છે એટલે એ ઘેર ચાલી ગઈ. અહીં છોકરી મેળામાં ભૂલી પડી ગઈ અને ખૂબ રડવા લાગી. કોઈ સજ્જન માણસોએ પૂછ્યું તું ક્યાં રહે છે? છોકરીએ જવાબ આપ્યો, મારી મા! કોઈએ કહ્યું તારે ખાવું છે? પણ છોકરીએ તો એ જ જવાબ આપ્યો મારી મા! કોઈ એને બોલાવે, રમાડે, રમકડાં બતાવે, પણ એને તો મારી મા સિવાય કાંઈ ગમતું જ નથી. આખરે બધાએ મળીને એને પોલીસચોકીએ મૂકી.

મા તરફ ઘેર જઈને માએ જોયું તો છોકરી નથી. માતા જુદે રસ્તે શોધવા નીકળી અને બાપ જુદે રસ્તે શોધવા ગયો. પોલીસચોકી પર બેઠેલી છોકરીએ રડતાં રડતાં દૂર દૃષ્ટિ કરી, તો એની મા ચાલી આવે છે. બન્નેની પરસ્પર ઓળખાણ થઈ. છોકરી રડતી રડતી માતાની પાસે પહોંચી ગઈ

તમને કોઈની ઓળખાણ પડે છે? ના? તો સાચાને ઓળખવાની પણ શક્તિ રહી નથી, કેમકે ભટકવાની ટેવ પડી ગઈ છે. હરામી ઢોરને ખીલે બાંધવું ગમતું નથી, તેમ તમને સ્વઘરમાં ગમતું નથી કેમ?

સનત્કુમાર ચક્રવર્તીના શરીરમાં સોળ રોગ ઉત્પન્ન થયા. હજાર દાસદાસીઓ અને તેની બધી રાણીઓ પણ તેનો રોગ લઈ શકી નહીં. જ્યાં તેણે પાનની પીચકારી મારી ત્યાં તેમાંથી કીડા નીકળી! જેને આત્માને ઓળખવો હોય તેને દેહની ઓળખાણ પણ રાખવી નીવડે છે આ માને ઓળખનાર તો जगत्कायस्वभावौ संवेगवैराग्यार्थम् — જગતને જુએ તે પણ વૈરાગ્ય માટે જ જુએ છે. આવા અસાધ્ય સોળ રોગોને જોઈને સનત્કુમાર દીક્ષા લઈ લીધી.

દીક્ષા લીધા પછી સનત્કુમારમુનિને ૭૦૦ વર્ષ સુધી રોગો રહ્યા. તેને સહન કરતા કરતા તેમને લબ્ધિઓ ઉત્પન્ન થઈ, છતા રોગ મટાડવાની તેમને ભાવના થઈ નહી તમને રોગ થાય કે તરત તેને મટાડવા માટે ધમપછાડા કરી મૂકો છો

એક વાર દેવતાઓ વૈદ્ય બનીને સનત્કુમારમુનિ પાસે આવ્યા અને તેમને કહ્યુ, 'આ રોગથી તમારી સાધનામા ખામી આવે છે, માટે અમે તમારા રોગ મટાડવા આવ્યા છીએ આપ નિરવદ્ય ઔષધ લો.' સનત્કુમાર બોલ્યા, 'જો તમે રોગ મટાડવા આવ્યા હો તો શ્વાસોચ્છ્વાસ લેવા પડે એ પણ એક પ્રકારનો રોગ છે માટે શ્વાસોચ્છ્વાસ ન લેવા પડે એવી દવા આપો આ રોગો મટાડવા એ તમારુ કામ નથી' એમ કહીને તેમણે પોતાના જ થૂકવાળી આગળી કરીને શરીર પર ફેરવી અને તેમની કાયા કચન જેવી થઈ ગઈ! દેવતાઓ તો આશ્ચર્યમુગ્ધ બની ગયા

ત્યારે તમને રોગમા કેટલા ચાળા સૂઝે છે? બીમાર પડો છો ને આ ખાવુ ને તે ખાવુ તમારુ મટતુ નથી 'રોગીની ખબર ખાટલે ને ભોગીની ખબર પાટલે' એની ખાતરી જ્યારે માણસ બીમાર પડે ત્યારે થાય છે વાતો કરનારા તો ઘણા છે માર્ગસૂચક પાટિયાઓનો પાર નથી, પણ પ્રગતિ કરનારી વેલો બહુ ઓછી છે.

આમ સાતસો વર્ષની વેદના વેદ્યા પછી સનત્કુમારમુનિ મોક્ષે ગયા તમને આ બધી તાલીમ અપાય છે તેમા ઉપરટપકે કાંઈ નહી ચાલે માટે આજથી જ નક્કી કરો કે—

મહાવીર કે હમ સિપાહી બનેગે,
જો રક્ખા કદમ ફિર ન પીછે હટેગે,
અહિંસાકી બિજલી નસોમે ભરેગે,
મહાવીર કે હમ સિપાહી બનેગે

એકલો વેશ પહેરવાથી પોલીસ બનાતુ નથી. તાલીમ લઈને આત્માના શત્રુઓની સામે યુદ્ધને મોરચે જવાનુ છે. મહાવીરના સૈનિકો પીછેહઠ કરતા નથી. માટે તૈયાર થાવ.

કમર કસો ને કરો કેસરિયાં
પછી જરૂર પારેથી જીત મેળવી શકશો

ॐ શાન્તિઃ

*

વ્યાખ્યાન : ૬૫

(રવિવાર, તા. ૮-૭-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત સમજાવ્યા. ત્રણે કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર આવે છે. શેઠકન્યા સુકુમાલિકા સાથે લગ્ન કરવાનો સાગરદત્તે સ્વીકાર કર્યો અને ઘરજમાઈ તરીકે રહેવાની પણ મૌન રહીને કબૂલાત આપી. **મૌનં સમ્મતિલક્ષણમ્** માનીને જિનદત્ત શેઠે લગ્ન કરવાનું નક્કી કર્યું. જે માણસ ઇન્દ્રિયનો ગુલામ હોય તે ઘરજમાઈ બને છે. ભગવાન કહે છે **'ખણમિત્તસુક્ખા બહુકાલદુક્ખા'**—સંસારનુ સુખ ક્ષણિક અને લાંબો કાળ દુઃખ આપનારુ છે. માટે ઇન્દ્રિયજનિત વિષયોમાં સુખ નથી. કર્ણેન્દ્રિયને રેડિયોના ગાયનો સાંભળવાં ગમે છે પણ જ્યારે મસ્તકશૂળ ઉપડ્યુ હોય ત્યારે એનો એ રેડિયો અપ્રિય બની જાય છે. જે સ્ત્રીમાં સુખ દેખાય છે તે જ સ્ત્રી જ્યારે દુરાચારિણી બને, ત્યારે દુઃખરૂપ બની જાય છે. દૂધપાક-પૂરીમાં સુખ માનનારને જ્યારે અજીર્ણ થાય છે ત્યારે એ ભોજન અરુચિકર બની જાય છે. શરીરનાં દર્દને મટાડનાર ડૉક્ટરનો તમે આભાર માનો છો ત્યારે તમારા આત્માના દોષરૂપી રોગ બતાવનારને તમે દુશ્મન માનો છો.

ખરી રીતે આત્માના દોષો બતાવનારને ગુરુ માનવો જોઈએ, પણ તમને આત્મશક્તિનુ બહુમાન નથી, તેથી આત્માના દોષોને તમે નભાવતા શીખી ગયા છો આ બધુ આત્મભાન આવે તો સમજાય

દૃષ્ટાન્ત—એક સિંહણે બચ્ચાને જન્મ આપ્યો અને તરત જ એ શિકારીનો શિકાર બની ગઈ આ બચ્ચુ એક ભરવાડને મળ્યુ. ભરવાડે તેને દૂધ પાઈ મોટુ કર્યુ અને ઘેટાના ટોળાની સાથે તેને ચરાવવા લાગ્યો. બચ્ચાને પણ એમ થઈ ગયુ કે જેમ આ બધા ઘેટાં છે તેવુ જ હુ પણ એક ઘેટુ જ છુ ! આમ કરતા ઘણા દિવસો વીતી ગયા એકવાર જગલનો સિહ આ બચ્ચાને જોઈ ગયો એને લાગ્યુ કે આ સિહનુ બચ્ચુ ઘેટાના ટોળામા કેમ ભળી ગયુ હશે? આથી તેણે એક ગર્જના કરી અને બધા ઘેટાની સાથે એ પણ ભાગવા લાગ્યુ પાછળ દોડીને સિહે તેને પકડી લીધુ

સિહનુ બચ્ચુ કહેવા લાગ્યુ, 'મને જવા દો મારી જાતના ઘેટા મારાથી જુદા પડી જાય છે' સિહ બોલ્યો, 'તુ ઘેટુ નથી, પણ મારા જેવો જ સિહ છે તને ખાતરી ન થતી હોય તો ચાલ મારી સાથે' આમ કહીને સિહ તેને નદીકિનારે લઈ ગયો અને સ્થિર પાણીમા તેને પોતાનુ પ્રતિબિબ બતાવતા કહ્યુ, 'જોઈલે તારુ અને મારુ મુખ, કેશવાળી અને પગ બધુ સરખુ છે માત્ર તારો ઉછેર જ ઘેટાના ટોળામા થયો છે, માટે મારા જેવી ગર્જના કર આથી તને તારા સ્વરૂપની પ્રતીતિ થઈ જશે' સિહના બચ્ચાએ ગર્જના કરી અને એની ભ્રાન્તિ ભાગી ગઈ.

તેમ અનન્તા સિદ્ધો જેવી જ આપણામા શક્તિ છે, પણ જ્યારે તમને ધ્યાન, તપ, સયમ આદિ કરવાનુ કહેવામા આવે, ત્યારે તમે કહો છો કે, 'બનતુ નથી,' પરતુ એ વાત સાચી નથી તમે કરતા નથી એ વાત સાચી છે માનવ મોહની સેનાને મારી–હઠાવીને સાચો સિદ્ધ બનવા શક્તિમાન છે, પણ તેના માટે સાધના કરવી જોઈએ.

સિંહની જેમ જ્ઞાની પુરુષો તમને જાગ્રત કરે છે કે નરક-નિગોદના ભવરૂપી રાત્રિ વીતી ચૂકી છે અને હવે માનવભવરૂપી પ્રભાત થયું છે માટે જાગો અને તમારામાં ભરાઈ રહેલા દોષોને કાઢી નાખો. કોઈ મોટા માણસને આમંત્રણ આપ્યા પછી એને ગંદકીવાળા મકાનમાં ઉતારો ન અપાય તેવી જ રીતે પરમાત્મારૂપી દેવને દોષોથી ભરેલા દેહમંદિરમાં ન સ્થપાય. આજ દિવસ સુધી તો ખૂબ ઠોકરો ખાધી, ઘણું ઘણું ઠેકાણે ભટક્યા. હવે સમજો.

દૃષ્ટાન્ત—એક સાધક ઘેર ઘેર જઈને કહેતો હતો કે **મુઝે ચેતના સિખા દો!** આ સાંભળીને સૌ તેની આગળ પોતપોતાના મત બતાવવા લાગ્યા, પરંતુ તેને સંતોષ થયો નહિ. આખરે એકવાર તેને એક મહર્ષિ યોગી મળી ગયા.

મહાત્મા આનંદઘનજી કહે છે કે—

મત મત ભેદે રે જો જઈ પૂછીએ
સહુ થાપે અહમેવ.
અભિનંદન જિન દરશન તરસીએ

હું જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં સૌ પોતાનો મત સ્થાપવા માગે છે. સાધકે મહર્ષિ યોગી પાસે જઈને પ્રાર્થના કરી, **મુઝે ચેતના સિખા દો!** યોગીએ વિચાર કર્યો કે ઘણું ભટકેલો જીવ આ જિજ્ઞાસુ સાધક છે. કદાચ મારું કહેલું એ સીધેસીધું ન પણ માને. આથી તેણે સાધકને કહ્યું: અહીંથી થોડે દૂર આવેલા સરોવરનો એક મચ્છ તને સમજાવશે. સાધક સરોવર પાસે આવ્યો અને બોલ્યો, **મુઝે ચેતના સિખા દો!** અને તરત જ એક માછલું બહાર આવ્યું. માછલાએ કહ્યું: તું મારું એક કામ કર, પછી હું તારું કામ કરી દઈશ. મને પાણીની ખૂબ તરસ લાગી છે મને પાણી પાઈ દે!

માછલાનું વચન સાંભળીને સાધકને હસવું આવ્યું એ બોલ્યો, પાણી તો તારી પાસે જ છે જરા ડોકને નીચી નમાવ કે તરત જ તને પાણી મળી જશે! માછલાએ કહ્યું: તો સાંભળી લે

સાધક ! તું આખા જગતમા ભટકીશ, તોપણ તને ચેતના મળશે નહી, કારણ કે જેને તું શોધે છે તે ચેતનાથી જ તુ સભર છે. માટે દષ્ટિ પલટાવ'

તમે પણ એવા જ સાધક છો સુખ મેળવવા માટે તમે જડ વસ્તુઓ પાસે ભિખારી બનીને માગો છો કે મને સુખ આપો ! પણ જે સ્વય નાશવત છે તે તમને શાશ્વત સુખ કયાથી આપી શકે ભલા ?' તમે તમારી અદરજ ડૂબકી લગાવો, તો ચેતના પ્રાપ્ત થઈ જશે - સાધકને સાચુ સમજાયુ. એને પોતાની ભૂલ જણાઈ.

જગદીશને જોવા માટે, દશે દિશા આથડયા રે,
જાગીને જોયુ તો એ તો ઘરમા જડયા
અમે ભવના મુસાફર ભૂલા રે પડયા,
કયા રે જવુ'તું ને કયા જઈ રે ચડયા અમે

જિનદત્ત શેઠના પુત્ર સાગરદત્તને પણ સુકુમાલિકાના મોહમા આનદ દેખાયો, પણ જ્યા મોહ ઊભો છે ત્યા કર્મ પણ ઊભુ છુ' માટે મોહનીય કર્મની અઠ્ઠાવીસ પ્રકૃતિ પર પ્રથમ વિજય મેળવવાની જરૂર છે, કારણ કે—

વિષયરૂપ અ કુરથી ટળે જ્ઞાન ને ધ્યાન,
લેશ મદિરાપાનથી, છાકે જેમ અજ્ઞાન

જેમ રાજાને જીતવાથી તેની પ્રજા અને તમામ સૈન્ય જિતાઈ જાય છે, તેમ આ મોહનીય કર્મને જીતવાથી વિષયો વિરામ પામી જાય છે વિષયી માણસ સાચુ જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી, માટે મોહને તોડો

અષ્ટ કર્મમા શિરોમણિ મોહનીય જો,
કથચિત મોહ એ જ સસાર.
ઓ ગમાર ! મૂકી દે સગત મહા મોહની જો !

મોહ એ જ સસાર છે બારમે ગુણસ્થાને જાય ત્યારે મોહ ક્ષીણ થાય છે. મોહની સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ છે તમને કોનો

કોનો મોહ નડે છે? એકવાર કહેવું પડે તો તેને ટીકર કહેવાય. ટીકર ઝીણે ચોકર. અને વારવાર કહેવું પડે એ ટક ટક કહેવાય. તમે ટક ટકથી ટેવાઈ ગયા લાગો છો.

દૃષ્ટાન્ત—સગરનો સમય હતો. રાજા પોતાની કચેરીમાં બેઠો હતો. તેવામાં રાજભંડારના કોઠારીને વાળવા માટે એક બગડી—સાંસારિની આવી. શું તમે જોયું કે બગીની જાતમાં પણ કેટલું ચાતુર્ય સ્વરૂપ હોય છે!

કેટલાક જીવો સામાન્ય જોવામાં જ [illegible] સુભાવે છે એવા જીવો ગમે તે જાતિના હોય છતાં તેને સમાર કહેવામાં શું મોહ છે! રાજા પણ બગડીના રૂપમાં મોહ્યો. તેણે તેનું સરનામું મેળવી લીધું અને અર્ધી રાતે ઉપડ્યો બગીચામાં. ઘેર અનેક સ્વરૂપવતી રાણીઓ હોવા છતાં અને પોતે ઉત્તમ જાતિનો હોવા છતાં રાજાએ હવે મર્યાદા છોડી દીધી. कामातुराणां न भयं न लज्जा — કામના ભૂખ્યાઓને ભય કે લજ્જા હોતાં જ નથી. હવે તો એ રોજ રાતના બાર વાગે બગીચામાં જાય છે ને સવારના ચાર વાગે પાછો ફરે છે. પણ તેના અંતરાત્મા અને રાજમાતાનો એક—અંતરાત્મા—[illegible] તે ઠીક કરતો નથી. છતાં એ પોતાની જાતને પાછી કેવી રીતે વાળે? તમારામાં દોષ નથી એમ તો કહી શકાય નહિ ત્યારે દેખાય છે એ તો નક્કી છે તો પછી એ દોષો તમને દેખાતા કેમ નથી? શું વિષરૂપી સર્પનું ઝેર ચડ્યું છે? તમે જાણો છો કે જેને સર્પનું ઝેર ચડ્યું હોય તેને કડવો લીંબડો પણ મીઠો

પાછો ફરી શકુ, પણ રાજાને અટકાવે કોણ ? સિહને કોણ કહેવા જાય કે તારુ મો ગધાય છે ? આખરે રાજાએ એક નિશ્ચય કર્યો

એક દિવસ ભરી સભામા રાજાએ કહ્યુ, 'જે માણસ રાતના મારી ચોકી કરશે તેને હુ એક હજાર રૂપિયા ઇનામ આપીશ ' એક રાતના હજાર રૂપિયા લેવા કોણ તૈયાર ન થાય ? આખરે એક માણસે રાતના ચોકી કરવાનુ સ્વીકાર્યું અને પોલીસનો ડ્રેસ પહેરી, બદૂક લઈને રાજમહેલના દ્વાર આગળ ઊભો રહ્યો

આજે રાતના બાર વાગ્યા સુધી તો પડખા ઘસતા ઘસતા સમય પસાર કર્યો પછી રાજા બહાર નીકળ્યો નવા આવનાર રક્ષકે રાજાને સલામ કરીને પૂછ્યુ, 'અત્યારે આપ ક્યા પધારો છો ?' રાજાએ કહ્યુ, 'સેન કરવા ' રક્ષકે પૂછ્યુ, 'હુ સાથે આવુ ?' રાજાએ જવાબ આપ્યો, 'ત્યા કોઈનુ કામ નથી' રાજા ચાલ્યો ગયો અને સવાર પડતા પાછો આવ્યો સભામા જઈને એ રક્ષકે કહ્યુ કે 'મારા હજાર રૂપિયા આપો મે તમારી આખી રાત ચોકી કરી છે ' પણ હજાર રૂપિયાને બદલે રાજાએ એને માર મરાવીને કાઢી મૂક્યો

આમ ઘણા દિવસ સુધી ચાલ્યુ હવે કોઈ માણસ ચોકી કરવા તૈયાર થતો નથી રુપિયાને બદલે માર ખાવા કોણ જાય ? આખરે રાજાએ આખા શહેરમા પડો વગડાવીને કહેવડાવ્યુ કે જે કોઈ રાજાની ચોકી એક રાત કરશે તેને હજાર રૂપિયા ઇનામ મળશે આ વાત એક ગરાસણીએ સાભળી ચતુર ગરાસણીએ પોતાના પતિને કહ્યુ, 'તમે ચોકી કરવાનુ કબૂલ કરો તમારે માર ખાવો પડશે નહી તમારે બદલે હુ ચોકી કરવા જઈશ ' ગરાસિયાએ આજે ચોકી કરવાનુ કબૂલ કર્યુ રાત્રે ગરાસણી બાઈ ચોકી ભરવા આવી ગઈ બાર વાગ્યાનો સમય થયો, અને રાજા રાજમહેલમાથી બહાર નીકળ્યો ગરાસણી વેષ બદલીને દ્વાર પાસે ઊભી હતી તેણે ધીમે અવાજે પૂછ્યુ, 'ક્યા જાવ છો ?' રાજાએ જવાબ આપ્યો, 'સેન કરવા જાઉ છુ '

કોનો મોહ નડે છે? એકવાર કહેવું પડે તો તેને 'ઠાર' કહેવાય. ઠાર ઠીમે ચોર અને વારંવાર કહેવું પડે એ 'ઠઠ ઠઠ' કહેવાય. તમે ઠઠ ક્યી કેટાઈ ગયા લાગો છો.

દૃષ્ટાન્ત—સવારનો સમય હતો. રાજા પોતાની અટારીમાં ઊભો હતો. તેરામાં રાજમહેલના કંપાઉન્ડને વાળવા માટે એક ભંગડી— આંગણિની આવી. રાજાએ જોયું કે ભંગીની જાતમાં પણ કેટલું આશ્ચર્ય સ્વરૂપ હોય છે!

કેટલાક જીવો ચામડાં જોવામાં જ ઊંડ[illegible] ઝુમાવે છે એવા જીવો ગમે તે જાતિના હોવા છતાં તેને ચમાર કહેવામાં શું ખોટું છે! રાજા પણ ભંગડીના રૂપમાં ઘેલા બન્યો. તેણે તેનું સરનામું મેળવી લીધું અને અર્ધી રાતે છૂપાયો ભંગીવાસમાં. ઘેર અનેક સ્વરૂપવતી રાણીઓ હોવા છતાં અને પોતે ઉત્તમ જાતિનો હોવા છતાં રાજાએ હવે મર્યાદા છોડી દીધી. **कामातुराणां न भयं न लज्जा** — કામના ગુલામોને ભય કે લજ્જા હોતા જ નથી. હવે તો એ રોજ રાતના બાર વાગે ભંગીવાસમાં જાય છે ને સવારના ચાર વાગે પાછો ફરે છે. પણ તેના અંતરાત્મા અને બહિરાત્મામાંથી એક—અંતરાત્મા— ડંખવા લાગ્યો કે હું જે કરું છું તે ઠીક કરતો નથી. છતાં એ પોતાની જાતને પાછી ફેરવી શકતો નથી. તમારામાં દોષ નથી એમ તો કહી શકાય નહીં. ત્યારે દેખાય છે એ તો નક્કી છે. તો પછી એ દોષો તમને ડંખતા કેમ નથી? શું વિષયસુખની સર્જનું ઝેર ચડ્યું છે? તમે જાણો છો કે જેને સાપનું ઝેર ચડ્યું હોય તેને કડવો લીમડો પણ મીઠો લાગે છે અને તેથી સાકર ખવડાવો તો તેને કડવી લાગે છે. આ વિષયનાં ઝેર ન ઉતરે ત્યાંસુધી તમને સંસાર મીઠો જ લાગવાનો છે. આ રાજા સુખી [illegible] તમે હોસ હોંશે પાપ કરો છો. જ ગમી જાતવરો નિશાચરો અને વ્યભિચારી માણસાન રાતનું અંધારું ખૂબ ગમે છે. રાજા પણ હવે ટેવાઈ ગયો. છતાં તેને આ કાર્ય સારું લાગતું નથી. તેણે વિચાર્યું કે મને કોઈ અટકાવનાર હોય તો હું હવે આ માર્ગેથી

પાછો ફરી શકુ, પણ રાજાને અટકાવે કોણ ? સિંહને કોણ કહેવા જાય કે તારુ મો ગધાય છે ? આખરે રાજાએ એક નિશ્ચય કર્યો

એક દિવસ ભરી સભામા રાજાએ કહ્યુ, 'જે માણસ રાતના મારી ચોકી કરશે તેને હુ એક હજાર રૂપિયા ઇનામ આપીશ ' એક રાતના હજાર રૂપિયા લેવા કોણ તૈયાર ન થાય ? આખરે એક માણસે રાતના ચોકી કરવાનુ સ્વીકાર્યું અને પોલીસનો ડ્રેસ પહેરી, બદૂક લઈને રાજમહેલના દ્વાર આગળ ઊભો રહ્યો

આજે રાતના બાર વાગ્યા સુધી તો પડખા ઘસતા ઘસતા સમય પસાર કર્યો પછી રાજા બહાર નીકળ્યો નવા આવનાર રક્ષકે રાજાને સલામ કરીને પૂછ્યુ, 'અત્યારે આપ કયા પધારો છો ?' રાજાએ કહ્યુ, 'સેન કરવા ' રક્ષકે પૂછ્યુ, 'હુ સાથે આવુ ?' રાજાએ જવાબ આપ્યો, 'ત્યા કોઈનુ કામ નથી ' રાજા ચાલ્યો ગયો અને સવાર પડતા પાછો આવ્યો સભામા જઈને એ રક્ષકે કહ્યુ કે ' મારા હજાર રૂપિયા આપો મે તમારી આખી રાત ચોકી કરી છે ' પણ હજાર રૂપિયાને બદલે રાજાએ એને માર મરાવીને કાઢી મૂક્યો

આમ ઘણા દિવસ સુધી ચાલ્યુ હવે કોઈ માણસ ચોકી કરવા તૈયાર થતો નથી રૂપિયાને બદલે માર ખાવા કોણ જાય ? આખરે રાજાએ આખા શહેરમા પડો વગડાવીને કહેવડાવ્યુ કે જે કોઈ રાજાની ચોકી એક રાત કરશે તેને હજાર રૂપિયા ઇનામ મળશે આ વાત એક ગરાસણીએ સાભળી ચતુર ગરાસણીએ પોતાના પતિને કહ્યુ, 'તમે ચોકી કરવાનુ કબૂલ કરો તમારે માર ખાવો પડશે નહી તમારે બદલે હુ ચોકી કરવા જઈશ ' ગરાસિયાએ આજે ચોકી કરવાનુ કબૂલ કર્યુ રાત્રે ગરાસણી બાઈ ચોકી ભરવા આવી ગઈ બાર વાગ્યાનો સમય થયો, અને રાજા રાજમહેલમાથી બહાર નીકળ્યો ગરાસણી વેપ બદલીને દ્વાર પાસે ઊભી હતી તેણે ધીમે અવાજે પૂછ્યુ, ' કયા જાવ છો ?' રાજાએ જવાબ આપ્યો, 'સેન કરવા જાઉ છુ '

ગરાસણી વિચાર કરવા લાગી કે ખરે તો રાજાની ચોકી ભરવાની છે રાજમહેલની નહીં

> दिवा पश्यति नोलूकः काको नक्तं न पश्यति ।
> अपूर्वः कोऽपि कामान्धो दिवा नक्तं न पश्यति ॥

ઘુવડ દિવસે જોઈ શકતું નથી, કાગડો રાતના જોઈ શકતો નથી પરન્તુ કામાન્ધ એ એવો અપૂર્વ આંધળો છે કે જે રાતના કે દિવસના જોઈ જ શકતો નથી.

રાજા આગળ ચાલ્યો. ધીમે પગલે છુપાઈને ગરાસણી તેની પાછળ પાછળ જવા લાગી. રાજા ભંગીવાસમાં આવ્યો. પોલીસના વેષમાં ગરાસણી છુપાઈને બધું જોવા લાગી. રાજા ઝૂંપડીમાં ગયો. પેલી ભંગડી ખાટમાં નિદ્રામાં પડી હતી. તેણે શરૂઆતમાં તો રાજાને ન બોલવાના શબ્દો કહ્યા, છતાં રાજાએ તે શબ્દોને સહન કર્યા. રાજાએ ભંગડીને કહ્યું આજે તો મારે તારા હાથનું ખાવું છે માટે તારા ઘરમાં જે કાંઈ હોય તે મને ખાવા માટે આપ. ભંગડી બોલી, આજે મારા ઘરમાં કાંઈ ખાવાનું નથી. એક વાણિયાને ત્યાંથી ઓસાવાના ભાત આવ્યા હતા. ઉંદરના ખાતાં ખાતાં તેમાંથી એંઠાં પડ્યા છે. રાજા બોલ્યો ભાત તો ભાત પણ તું મને તારા હાથથી ખવરાવ તો મઝા પડે!

ભંગડી પોતાના હાથે રાજાને ઓસાવાના ભાત ખવરાવવા લાગી. ગરાસણીએ વિચાર કર્યો કે રાજાએ તો હદ છોડી છે ભાત તો વાણિયાના ઘરના છે પણ હમણાં ભંગીના ઘરનું પાણી પણ પી લેશે. આથી તેણે લાગ મારીને ગોળામાં કાંકરો મારી દીધો પાણી બધું ઢોળાઈ ગયું.

આ તરફ રાજાએ ભાત ખાઈ લીધા અને તેણે ભંગડીને કહ્યું, "મને પાણી આપ." ભંગડી ગોળામાંથી પાણી લેવા માટે આવી, પણ તેણે ગોળો ખાલી જોયો. આથી તેણે રાજાને કહ્યું પાણી તો ઘરમાં નથી, પણ આ સામે પાણીયાર છે ત્યાં જઈને પાણી પી આવ. રાજાએ પાણીયાર પર જઈને ખોબે ખોબે પાણી પીધું અને પાછો આવ્યો.

હવે એ ભગડીની ત્રણ પાયાવાળી અને એક પાયાને બદલે પથ્થર મૂકેલી તથા ગંધાતી ગોદડી પાથરેલી પથારીમા સૂતો ! આખા ગામના રાજાની આ દશા કેમ થઈ તેનો વિચાર કરજો

મોતીડાંનો ચારો ચરવો મૂકી દઈને,
ચૂથવા ગમે છે હાડ ચામ રે,
મૂરખ થઈને રે હસને કર્યો છે હેરાન,
નફ્ફટ પ્રભુ નિર્લજ્જ થઈને રે, હસને કર્યો છે હેરાન

એક ડૉકટર લખે છે કે માણસ રોજનુ એક શેર અનાજ ખાય, આવુ ચાળીસ શેર અનાજ પચાવી જાય, ત્યારે ચાર શેર લોહી થાય અને એ ચાર શેર લોહીમાથી બે તોલા વીર્ય બને છે આવા મૂલ્યવાન વીર્યની અધોગતિને બદલે જે ઊર્ધ્વગતિ કરે છે તે જ સાચો મર્દ છે તમને મર્દ માનવા કે મડદા ? નરસિહ ભગત લખે છે કે—

'વાચ કાછ મન નિશ્ચલ રાખે, પરસ્ત્રી જેને માત રે'

પુરુષે પરસ્ત્રીને માતા અને બહેન સમાન માનવી અને સ્ત્રીએ પરપુરુષને પિતા કે ભાઈ સમાન માનવો જોઈએ એવા સ્ત્રી કે પુરુષની માતાને ધન્ય છે આજે તો દેખાવમા સાફસૂફ થયેલાની વાણીમા ઝેર અને આખોમા અગારા હોય છે રાવણે સીતાનુ હરણ કર્યુ તો એના હાથમા શુ આવ્યુ ? રામાયણનુ રમખાણ રાવણની કામાંધતાને લઈને જ થયુ

ગરાસણીએ રાજાનુ રાત્રિચરિત્ર જોઈ લીધુ અને બીજે રસ્તે થઈને એ પોતાના પહેરા પર હાજર થઈ ગઈ સવાર પડતા એ પોતાને ઘેર આવી અને જે રીતે તેનો પતિ સમજી શકે તે રીતે તેને બધી સમજણ આપીને તેને રાજસભામા મોકલ્યો તે ઉપરાત તેણે કહ્યુ કે મે કહેલા શબ્દોથી રાજા જરૂર કુમાર્ગેથી પાછો વળી જશે, કારણ કે એ સરળ ચિત્તવાળો છે મનનો પરાધીન બની જવાથી જ તેણે આવો ઉપાય યોજ્યો છે

ગરાસણી વિચાર કરવા લાગી કે મારે તો રાજાની ચોકી ભરવાની છે રાજભક્તની નહીં

> दिवा पश्यति नोलूकः काको नक्तं न पश्यति ।
> अपूर्वः कोऽपि कामान्धो दिवा नक्तं न पश्यति ॥

ઘુવડ દિવસે જોઈ શકતુ નથી, કાગડો રાતના જોઈ શકતો નથી, પરન્તુ કામાન્ધ એ એવો અપૂર્વ આંધળો છે કે જે રાતના કે દિવસના જોઈ જ શકતો નથી.

રાજા આગળ ચાલ્યો. ધીમે પગલે છુપાઈને ગરાસણી તેની પાછળ પાછળ જવા લાગી. રાજા ભંગીવાસમાં આવ્યો. ચોકીદારના વેષમાં ગરાસણી છુપાઈને બધુ જોવા લાગી. રાજા ઝૂંપડીમાં ગયો. પેલી ભંગડી માંડમાંડ નિદ્રામાં પડી હતી. તેણે શરૂઆતમાં તો રાજાને ન કહેવાના શબ્દો કહ્યા છતાં રાજાએ તે શબ્દોને સહન કર્યા. રાજાએ ભંગડીને કહ્યું આજે તો મારે તારા હાથનું ખાવુ છે માટે તારા ઘરમાં જે કાંઈ હોય તે મને ખાવા માટે આપ. ભંગડી બોલી, આજે મારા ઘરમાં કાંઈ ખાવાનુ નથી. એક વાણિયાને ત્યાંથી ઓસાવાના ભાત આવ્યા હતા. ઉકરડાના ખાતાં ખાતાં તેમાંથી કીડાક પડ્યા છે. રાજા બોલ્યો ભાત તો ભાત પણ તુ મને તારા હાથથી ખવરાવ તો મઝા પડે !

ભંગડી પોતાના હાથે રાજાને ઓસાવાના ભાત ખવરાવવા લાગી. ગરાસણીએ વિચાર કર્યો કે રાજાએ તો હદ વાળી છે ભાત તો વાણિયાના ઘરના છે પણ હમણા ભંગીના ઘરનુ પાણી પણ પી લેશે. આથી તેણે બાણ મારીને ગોળામાં કાણુ પાડી દીધુ પાણી બધુ ઢોળાઈ ગયુ.

આ તરફ રાજાએ ભાત ખાઈ લીધા અને તેણે ભંગડીને કહ્યું, મને પાણી આપ. ભંગડી ગોળામાંથી પાણી લેવા માટે આવી, પણ તેણે ગોળો ખાલી જોયો. આથી તેણે રાજાને કહ્યું પાણી તો ઘરમાં નથી, પણ આ સામે ધોબીઘાટ છે ત્યાં જઈને પાણી પી આવો. રાજાએ ધોબીઘાટ પર જઈને ખોબે ખોબે પાણી પીધુ અને પાછો આવ્યો.

હવે એ ભગડીની ત્રણ પાયાવાળી અને એક પાયાને બદલે પથ્થર મૂકેલી તથા ગંધાતી ગોદડી પાથરેલી પથારીમાં સૂતો ! આખા ગામના રાજાની આ દશા કેમ થઈ તેનો વિચાર કરજો

મોતીડાંનો ચારો ચરવો મૂકી દઈને,
ચૂંથવા ગમે છે હાડ ચામ રે,
મૂરખ થઈને રે હંસને કર્યો છે હેરાન,
નક્કી પ્રભુ નિર્લજ્જ થઈને રે, હંસને કર્યો છે હેરાન.

એક ડૉક્ટર લખે છે કે માણસ રોજનું એક શેર અનાજ ખાય, આવું ચાળીસ શેર અનાજ પચાવી જાય, ત્યારે ચાર શેર લોહી થાય અને એ ચાર શેર લોહીમાંથી બે તોલા વીર્ય બને છે આવા મૂલ્યવાન વીર્યની અધોગતિને બદલે જે ઊર્ધ્વગતિ કરે છે તે જ સાચો મર્દ છે તમને મર્દ માનવા કે મડદા ? નરસિંહ ભગત લખે છે કે—

'વાચ કાછ મન નિશ્ચલ રાખે, પરસ્ત્રી જેને માત રે'

પુરુષે પરસ્ત્રીને માતા અને બહેન સમાન માનવી અને સ્ત્રીએ પરપુરુષને પિતા કે ભાઈ સમાન માનવો જોઈએ એવા સ્ત્રી કે પુરુષની માતાને ધન્ય છે આજે તો દેખાવમા સાફસૂફ થયેલાની વાણીમા ઝેર અને આખોમા અગારા હોય છે રાવણે સીતાનુ હરણ કર્યું તો એના હાથમા શુ આવ્યુ ? રામાયણનુ રમખાણ રાવણની કામાધતાને લઈને જ થયુ

ગરાસણીએ રાજાનુ રાત્રિચરિત્ર જોઈ લીધુ અને બીજે રસ્તે થઈને એ પોતાના પહેરા પર હાજર થઈ ગઈ સવાર પડતા એ પોતાને ઘેર આવી અને જે રીતે તેનો પતિ સમજી શકે તે રીતે તેને બધી સમજણ આપીને તેને રાજસભામા મોકલ્યો. તે ઉપરાત તેણે કહ્યું કે મે કહેલા શબ્દોથી રાજા જરૂર કુમાર્ગેથી પાછો વળી જશે, કારણ કે એ સરળ ચિત્તવાળો છે મનનો પરાધીન બની જવાથી જ તેણે આવો ઉપાય યોજ્યો છે

ગરાસિયો રાજસભામાં આવ્યો અને ચોકી કરવા બદલના એક હજાર રૂપિયા માગ્યા પણ રોજના નિયમ પ્રમાણે રાજાએ જવાબ આપ્યો અને તેને માર મારવાની આજ્ઞા આપી. પરંતુ ગરાસિયાએ પોતાની પત્નીના કહ્યા પ્રમાણે રાજા પાસે આવીને કહ્યું : મેં રાજમહેલની ચોકી કરી નથી પણ આપની ચોકી કરી છે. હવે આપ કહો તો સભાની વચ્ચે અને આપ કહો તો એકાંતમાં આપને કહેવાનું છે તે કહી સંભળાવું.

રોજના કરતાં જુદો જવાબ સાંભળીને રાજા ચોંકી ઊઠ્યો. ગરાસિયાને એ એકાન્તમાં લઈ ગયો. ગરાસિયો કહેવા લાગ્યો—

કામી ન જાણે જાત કજાત, ઊંઘ ન જાણે તૂટેલ ખાટ,
ભૂખ્યો ન જાણે એંઠો ભાત, તરસ્યો ન જાણે ધોબીઘાટ.

રાજાએ આજે ૮ પોતાની ભૂલને ખાનગીમાં કબૂલ કરી. એણે મનથી જ આ કુકર્મ છોડી દેવાનો નિશ્ચય કર્યો અને ગરાસિયાને એક હજારને બદલે દસ હજાર બે ધરતાં કહ્યું : ભાઈ! તમે મારી કુટેવ છોડાવી છે માટે તમારો હું આભાર માનું છું. ગરાસિયાએ કહ્યું, રાજન્! જેને ઘરે આવે સંતોષ ન થાય તેને બગડેલા એંઠા ભાત ખાવાથી સંતોષ મળે? તમારે ત્યાં પદ્મિની જેવી રાણીઓ હોવા છતાં એક વિધ્યા ભૂખનારી બગડીથી તમને સંતોષ થાય? અને તેની સ્વરૂપવતી હોવા છતાં એ તમારી પ્રજા છે અને પ્રજાની સ્ત્રી તો તમારી પુત્રી સમાન છે.

રાજાએ તે દિવસથી પોતાનો દોષ સુધારી લીધો. તમે પણ તમારા દોષોને આજથી દૂર કરવાનો નિશ્ચય કરી લ્યો. આજે તો સિનેમાએ સંસારનું સત્યાનાશ વાળ્યું છે. આજની યુવાન છોકરીઓની વેશભૂષા પણ ચટક મટકી અને આકર્ષણ કરનારી છે. આવાં બધાં કારણોથી જે તમારે ત્યાં યુવાન પુત્ર કે પુત્રી હોય તો તેને બચાવજો. વિષય વધતા જાય ખરાબ છે. આ તો કહેવાનો પ્રેમ એ મોહનું જ પ્રચ્છાદિત સ્વરૂપ છે.

સુકુમાલિકા સ્વરૂપવતી હતી, માટે સાગરદત્તે ઘરજમાઈ રહીને પણ તેની સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું સારું મુહૂર્ત જોઈને લગ્ન લેવાયા વરઘોડો મંડપમા આવ્યો કન્યાદાન આપતી વખતે માતા-પિતાએ કન્યાનો હાથ વરના હાથમા મૂક્યો. અનેક વાજિંત્રો અને મંગળગીતો ગવાવા લાગ્યા હવે ત્યા શુ બનાવ બનશે તે અવસરે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૬૬

(સોમવાર, તા ૯-૯-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે સુકુમાલિકાના અને સાગરદત્તના લગ્નસમારભમા હાથેવાળો મેળવવાનો સમય આવ્યો. સુકુમાલિકાના આનદનો આજે પાર નથી, પણ જ્યા સાગરદત્તના હાથમા તેનો હાથ મુકાયો ત્યા જાણે સાગરદત્તનો હાથ ધગધગતી આગમા મુકાયો હોય તેવો અનુભવ થયો સાગરદત્તને જાણે વીજળીનો આચકો લાગ્યો હોય તેમ લાગ્યુ પણ અનેક વડીલો અને સગા-વહાલાઓની વચ્ચે હવે શુ કરવુ ? ચીસ પાડે તો મર્યાદાનો ભગ થાય તેમ વિચારીને સાગરદત્તને થોડીવાર શાન્તિ રાખવાનો વિચાર થયો તેણે મૂગે મોઢે સહન કર્યું થપ્પડ મારીને જેમ મોઢુ લાલ રાખે તેમ હાથેવાળાની અનતી વેદના તેણે સહન કરી હાથેવાળાનો વિધિ સપૂર્ણ થયો ચાર મગળફેરા ફરાઈ ગયા બન્નેને પરણવાના આનદનો પાર નથી જાન વિદાય થઈ, પણ સાગરદત્તને તો ઘરજમાઈ તરીકે જ રહેવાનુ હોવાથી એ સસરાને ત્યા જ રોકાઈ ગયો

રાત્રી પડી સુદર વસ્ત્રો અને અલકારો ધારણ કરીને સુકુમાલિકા

શયનગૃહમાં આવી. શયનગૃહ સુશોભિત હતું. પલંગ પર મખમલનાં ગાદલાં બિછાવેલાં હતાં. ઉપર પુષ્પની સુવાસિત બિછાત બિછાવેલી હતી. સુકુમાલિકા શય્યા પર આવીને બેઠી. સાગરદત્ત પણ આવીને બેઠો અને જ્યાં તેણે સુકુમાલિકાને સ્પર્શ કર્યો ત્યાં જાણે અંગારાને સ્પર્શ કર્યો હોય તેમ તેને લાગ્યું. સુકુમાલિકાને નિદ્રા આવી ગઈ એટલે સાગરદત્ત નિરાંતવદને ત્યાંથી ઊઠીને બીજા ઓરડામાં સૂતો પણ **ચિન્તાતુરાણાં ન સુખં ન નિદ્રા** —ચિન્તાથી આતુર બનેલા મનુષ્યને સુખ કે નિદ્રા ક્યાંથી આવે? જગતની ચિન્તામાં આતુર તો ઘણાં હોય છે પણ હવે આત્માની ચિન્તા કરો.

સાગરદત્ત બીજા ઓરડામાં સૂતો સૂતો વિચાર કરે છે કે આ સાપનો ભારો મને ક્યાં વળગ્યો! હવે મારે શું કરવું? આખી ને આખી જિંદગી કેમ વિતાવવી? અને આ ને આ વિચારોમાં અર્ધી રાત વીતી ગઈ એ વખતે સુકુમાલિકા જાગી. તેણે જોયું ત્યાં પોતાનો પતિ શય્યામાં નથી. સુકુમાલિકાને આ વાતની કંઈ ખબર નથી, એટલે એ ઓરડામાં ચારે તરફ નજર નાખી જોતાં જોતાં જ્યાં સાગરદત્ત સૂતો હતો ત્યાં આવી. એના અંગેઅંગમાં કામનો અગ્નિ પ્રજ્વલિત બન્યો હતો.

ભગવાન કહે છે કે જ્યાં દાવાનલ લાગ્યો હોય ત્યાં પેટ્રોલના ડબ્બાઓ ઠાલવવામાં આવે તો તેથી એ અગ્નિ ઓલવાતો નથી, એ તો વધારે જોરથી ભભૂકી ઊઠે છે તેવી જ રીતે કામનાઓનું સેવન કરવાથી વિષયો શાંત થતા નથી પણ વધારે ઉગ્રતાથી પ્રજ્વલિત થાય છે. ઇચ્છાઓ-કામનાઓનો વિનાશ કરવો હોય તો સંયમ ધારણ કરો. સંયમદ્વારા ઇચ્છાઓને ઓછી કરો.

કોઈ માણસ બાસુંદી અને પૂરી ખાવાની ઇચ્છા કરે, તો તેને વિચાર થાય કે ખમણ જેવું કંઈક ફરસાણ કર્યું હોય તો ઠીક પડે. ખમણ તૈયાર થાય, ત્યાં ચટણી વિના કેમ ચાલે? પછી મગની છૂટી દાળ અને કેળાં ભાત તો જોઈએ જ ને? અને એ બધું પચાવવા માટે ગરમાગરમ દૂધ ન હોય તો તો આનંદ જ આવે નહિ ને!

આમ એક પછી એક તૃષ્ણા વધતી જ જાય છે મહાત્મા આનંદઘનજી કહે છે કે—

સસરો મારો બાળો ભોળો, સાસુ બાળકુંવારી,
પિયુજી મારો ઝૂલે પારણિયે, હું છું ઝુલાવનહારી
નહી પરણેલી નહી રે કુંવારી, પુત્ર જણાવણહારી
કાળી દાઢીનો કોઈ ન મૂક્યો, હજુયે છું બાળકુંવારી

તૃષ્ણાનું રૂપક આપતા શ્રી આનંદઘનજી કહે છે કે ' મારો ક્રોધ નામનો સસરો એવો ભોળો છે કે જ્યાં જાય ત્યાં ઝટ દેખાઈ આવે, અને મારી માયા નામની સાસુ બાળકુંવારી છે, અર્થાત્ ચંચળ હોવાથી કોઈનું ઘર બાંધીને સ્થિર રહેતી નથી અને તૃષ્ણા કહે છે કે મારો પતિ જીવાત્મા તો અજ્ઞાનના પારણામાં ઝૂલે છે અને હું પોતે જ તેને ઝુલાવું છું હું પોતે તો પરણેલી પણ નથી ને કુંવારી પણ નથી એમ છતાં મારે સંકલ્પ-વિકલ્પ નામના પુત્રો છે મેં આ જગતમાં કોઈને છોડયા નથી, એમ છતાં હું બાળકુંવારી ગણાઉં છું, કારણ કે મારું પેટ કોઈ દિવસ ભરાતું નથી ' તૃષ્ણા દેવતાઓને પણ છોડતી નથી તેમને ખાવાપીવાની ચિન્તા નથી, છોકરા-છોકરીને પરણાવવાની ઉપાધિ નથી, તેમને દાગીના ઘડાવવા પડતા નથી, રહેવા માટે શાશ્વતા આવાસો છે, છતાં તેમને તૃષ્ણા એટલી બધી હોય છે કે તેઓ પોતાથી ઊંચી ઋદ્ધિવાળા દેવને જોઈને સળગી જાય છે જ્ઞાનીઓ કહે છે કે આ તૃષ્ણા ભયંકર છે

એમ છતાં તમારી તૃષ્ણા ઓછી થતી નથી તમે દસ હજારનો ચેક લઈને બેંકમાં જાવ ને પૂછો કે આના કેટલા રૂપિયા આવશે ? તો જવાબ મળશે કે દસ હજારનો આ ચેક છે, એટલે તમને પૂરા દસ હજાર મળશે પણ તમે કહો કે મારે તો એક લાખ જોઈએ, તો મળશે ખરા ? તેમ તમારા પ્રારબ્ધમાં જેટલું છે તેટલું જ મળવાનું છે ગમે તેટલા કાવાદાવા કરશો, તોય વધારે મળવાનું નથી તમારા

શયનગૃહમાં આવી. શયનગૃહ સુશણગારેલું હતું. પલંગ પર મખમલની ચાદરો બિછાવેલી હતી. ઉપર પુષ્પની સુવાસિત બિછાત બિછાવેલી હતી. સુકુમાલિકા શય્યા પર આવીને બેઠી. સાગરદત્ત પણ આવીને બેઠો અને જ્યાં તેણે સુકુમાલિકાને સ્પર્શ કર્યો ત્યાં જાણે અંગારાને સ્પર્શ કર્યો હોય તેમ તેને લાગ્યું. સુકુમાલિકાને નિદ્રા આવી ગઈ એટલે સાગરદત્ત નિગાહવરને ત્યાંથી ઊઠીને બીજા ખંડમાં સૂતો પણ **ચિન્તા તુરાણાં ન સુખં ન નિદ્રા** —ચિન્તાથી આતુર થયેલા મનુષ્યને સુખ કે નિદ્રા ક્યાંથી આવે? જગતની ચિન્તામાં આતુર તો ઘણાં હોય છે પણ હવે આત્માની ચિન્તા કરો.

સાગરદત્ત બીજી શય્યામાં સૂતો સૂતો વિચાર કરે છે કે આ સાપનો ભારો મને ક્યાં વળગ્યો! હવે મારે શું કરવું? આમ ને આમ જિંદગી કેમ વિતાવવી? અને આ ને આ વિચારોમાં અર્ધી રાત વીતી ગઈ એટલામાં સુકુમાલિકા જાગી. તેણે જોયું ત્યાં પોતાનો પતિ શય્યામાં નથી. સુકુમાલિકાને આ વાતની કાંઈ ખબર નથી. એમ એ ઓરડામાં ચારે તરફ જોવા લાગી. જોતાં જોતાં જ્યાં સાગરદત્ત સૂતો હતો ત્યાં આવી. એના અંગેઅંગમાં કામનો અગ્નિ પ્રજ્વલિત બન્યો હતો.

ભગવાન કહે છે કે જ્યાં દાવાનળ સળગ્યો હોય ત્યાં પેટ્રોલના ડબ્બાઓ નાખવામાં આવે તો તેથી એ અગ્નિ ઓલવાતો નથી એ તો વધારે ને વધારે સળગી ઊઠે છે તેવી જ રીતે કામનાઓનું સેવન કરવાથી વિકારો શાંત થતા નથી પણ વધારે ઉલટાથી પ્રજ્વલિત થાય છે. ઇચ્છાઓ-કામનાઓનો વિનાશ કરવો હોય તો સંયમ ધારણ કરો. સંયમદ્વારા ઇચ્છાઓનો ક્ષય કરો.

એક માણસ ભાજી અને પૂરી ખાવાની ઇચ્છા કરે, ત્યાં તેને વિચાર થાય કે ખમણ જેવું કાંઈક ફરસાણ હોય તો ઠીક. ખમણ તૈયાર થાય, ત્યાં ચટણી વિના કેમ ચાલે? થોડી મરીની ભૂકી દાળ અને થોડા ભાત તો જોઈએ જ ને? અને એ બધું પચાવવા માટે ગરમાગરમ કઢી ન હોય તો તો આનંદ જ મારી જાય ને!

આમ એક પછી એક તૃષ્ણા વધતી જ જાય છે મહાત્મા આનંદઘનજી કહે છે કે—

> સસરો મારો બાળો ભોળો, સાસુ બાળકુવારી,
> પિયુજી મારો ઝૂલે પારણિયે, હુ છુ ઝુલાવનહારી
> નહી પરણેલી નહી રે કુવારી, પુત્ર જણાવણહારી
> કાળી દાઢીનો કોઈ ન મૂક્યો, હજીયે છુ બાળકુવારી

તૃષ્ણાનુ રૂપક આપતા શ્રી આનંદઘનજી કહે છે કે ' મારો ક્રોધ નામનો સસરો એવો ભોળો છે કે જ્યા જાય ત્યા ઝટ દેખાઈ આવે, અને મારી માયા નામની સાસુ બાળકુવારી છે, અર્થાત્ ચચળ હોવાથી કોઈનુ ઘર બાધીને સ્થિર રહેતી નથી અને તૃષ્ણા કહે છે કે મારો પતિ જીવાત્મા તો અજ્ઞાનના પારણામા ઝૂલે છે અને હુ પોતે જ તેને ઝુલાવુ છુ હુ પોતે તો પરણેલી પણ નથી ને કુવારી પણ નથી એમ છતા મારે સકલ્પ–વિકલ્પ નામના પુત્રો છે મે આ જગતમા કોઈને છોડયા નથી, એમ છતા હુ બાળકુવારી ગણાઉ છુ, કારણ કે મારુ પેટ કોઈ દિવસ ભરાતુ નથી ' તૃષ્ણા દેવતાઓને પણ છોડતી નથી તેમને ખાવાપીવાની ચિન્તા નથી, છોકરા–છોકરીને પરણાવવાની ઉપાધિ નથી, તેમને દાગીના ઘડાવવા પડતા નથી, રહેવા માટે શાશ્વતા આવાસો છે, છતા તેમને તૃષ્ણા એટલી બધી હોય છે કે તેઓ પોતાથી ઊચી ઋદ્ધિવાળા દેવને જોઈને સળગી જાય છે જ્ઞાનીઓ કહે છે કે આ તૃષ્ણા ભયકર છે

એમ છતા તમારી તૃષ્ણા ઓછી થતી નથી તમે દસ હજારનો ચેક લઈને બેકમા જાવ ને પૂછો કે આના કેટલા રૂપિયા આવશે ? તો જવાબ મળશે કે દસ હજારનો આ ચેક છે, એટલે તમને પૂરા દસ હજાર મળશે પણ તમે કહો કે મારે તો એક લાખ જોઈએ, તો મળશે ખરા ? તેમ તમારા પ્રારબ્ધમા જેટલુ છે તેટલુ જ મળવાનુ છે ગમે તેટલા કાવાદાવા કરશો, તોય વધારે મળવાનુ નથી તમારા

પુણ્યે તમને મનુષ્ય બનાવ્યા. એ જ પુણ્ય તમને ખાવાપીવાનું નહીં આપે ? તમે જન્મ્યા તે પહેલાં દૂધ કોણે તૈયાર કર્યું ? તમારાં આંચળાં કોણે તૈયાર કરાવ્યાં ? માટે સંતોષ રાખો. સંતોષ વિના સિદ્ધિ નથી.

એક માણસે અઢાર રૂપિયાની ગાય લીધી. તેને કાપીને તેણે માંસ વેચ્યું તો તેને પાંત્રીસ રૂપિયા મળ્યા. ગાયના વધથી નફો મળ્યો પણ જે પાંત્રીસ રૂપિયા મળ્યા તે તો તેના ભાગ્યમાં નક્કી થયેલા જ હતા અને ગાયના વધના પાપથી ભવિષ્યમાં નરક મળશે એ નફામાં ! સરકારની આંખો આંજીને ભલે ચોપડા કરો પણ મિયાં ચોરે મૂઠીથી ને અલ્લા ચોરે ઊંટે ! ચોરીનું ધન ચાંડાળને ત્યાં જાય. ચોરી કરનાર કોઈ દિવસ ઊંચો આવ્યો નથી. ઊલટું ચોરી કરવા જતાં નથી, તો તેને ખાઈ નાખનારા ઘણા મળી રહે છે. એક માણસ ચોરી કરતાં પકડાય, તો તેની જિંદગીભરની શાખ ચાલી જાય છે. જેનું દિલ સાફ હોય, તેને રોટલો મળ્યા વિના રહે જ નહીં. ભગવાન કહે છે કે તમે જ ભોગ લઈને આવ્યા છો. તૃષ્ણા રાખશો તોપણ પ્રારબ્ધમાં લખાયું છે તેથી વધારે મળશે જ નહીં. અધશેરનો લોટો લઈને ભરવાડને ત્યાં જઈને કહો કે આમાં સવાશેર દૂધ ભરી દે તો એ કેવી રીતે આપશે ! જ્યાં તમારાં પુણ્ય જ અધશેરનાં છે ત્યાં સવાશેર ક્યાંથી મળશે !

ભૂખ ઉપરાંત ખાનારને અજીર્ણ થયા પછી ઊલટી ન થાય કે ઝાડો ન થાય ત્યાંસુધી તેને બેચેની ઘણી પડે છે. જેવી પેટની સ્થિતિ છે તેવી જ સ્થિતિ પેટીની છે. એ પેટી ધનથી ખીચોખીચ ભરી હોય તો ચોરની નજર પડેલી પડે. કોઈ મિત્ર બનીને આવે, ને છેતરી જાય. પેટની માફક એ પેટીનું પણ વિરેચન કરવામાં આવે તો જ એ ધનની સાધના છે. આવા તો કેટલાય કરોડપતિઓની પેઢીઓ ક્યાં ગઈ ને ક્યાં ચાલ્યા ગયા !

[illegible] શેઠના પુત્ર લાખ અને સાગરલાલ આઠસોના કરોડ રૂપિયા પર દૃષ્ટિ રાખીને તે મુંબઈ [illegible] ની રૂપવતી પત્ની ભેગાંની પરણ્યાઈ

બન્યો, પણ પહેલી રાતે જ એને ચિતામાં મૂકી દીધો સુકુમાલિકા સાગરદત્તની બીજી શય્યામાં આવી, પણ એના સ્પર્શના તાપથી ગભરાતો સાગરદત્ત ત્યાંથી ભાગી છૂટચો

સવારના પહોરમાં જિનદત્ત શેઠ દાતણ કરતા હતા, ત્યાં સાગરદત્તે પિતાના ઘરમાં પ્રવેશ કર્યો શેઠે વિચાર્યું કે અત્યારમાં સાગરદત્ત ઘેર કેમ આવતો ગયો હશે? પણ દાતણ કરી લીધા પછી પૂછવાનું નક્કી કરીને તેઓ દાતણ કરવા લાગ્યા

અહીં સુકુમાલિકા અને સાગરદત્તના માટે દાતણ, પાણીના લોટા અને ટુવાલ વગેરે લઈને દાસી ઉપર આવી સુકુમાલિકા ક્યારની જાગી ઊઠી હતી તેણે બન્ને પથારીઓમાં જોયું, પણ પોતાનો પતિ જોવામાં આવ્યો નહીં આથી રડી રડીને તેની આંખો લાલ બની ગઈ હતી

સુકુમાલિકાને રડતી જોઈને દાસી એકદમ નીચે આવી અને તેણે બધી વાત કરી પુત્રીને રડતી જોઈને સાગરદત્ત શ્રેષ્ઠી એકદમ ઉપર આવ્યો અને તેણે પૂછ્યું, 'બેટી, કેમ રડે છે? તમારે કાંઈ બોલચાલ થઈ હતી?'

સુકુમાલિકા બોલી, 'ના પિતાજી, હું કાંઈ જાણતી નથી, પણ એટલું જાણું છું કે તેઓ મને છોડીને ચાલ્યા ગયા છે'

વાટડી જોઈને નૈન ઝંખાયા, હૈયું અધીરું થાય,
ઝૂરી ઝૂરી મારી ડોક દુખે ને જીવ માનો મૂંઝાય,
ધીરે ધીરે પધારો નાથ

શ્રેષ્ઠીને થયું કે 'આમાં જમાઈનો જ વાંક છે, માટે હમણાં જ તેને ઘેર જઈને તેની ખબર લઈ નાખું ઘરજમાઈ રહેવાનું કબૂલ કરીને એણે મારી પુત્રીનું જીવન ઝેર બનાવી દીધું' આમ કહીને એ જિનદત્ત શેઠને ઘેર આવ્યો

અહીં પિતા અને પુત્ર બન્ને વાતો કરી રહ્યા હતા સંક્ષેપમાં હાથેવાળા વખતની વાત કરીને પુત્રે પિતાને કહ્યું, 'હું હવે સાગરદત્ત

શેઠાણીને ત્યાં કદાપિ જઈશ નહીં. તમે મને કહો તો આ છરી પેટમાં મારીને પ્રાણ આપી દઉં. તમે કહો તો અગ્નિ આદિને આત્મઘાત કરું. તમે દેશવટો આપો તો આ ઘર છોડીને ચાલ્યો જાઉં. તમે આજ્ઞા કરો તો ધગધગતા અંગારા પર પગ મૂકીને ચાલું. તમે કહો તો દીક્ષા લઈ લઉં. પણ સુકુમાલિકાનો સ્પર્શ કરીને મારે મારા શરીરને સળગાવી મૂકવું નથી.

સાગરદત્ત નામના જમાઈની આ વાત સાગરદત્ત શેઠીએ—સસરાએ સાંભળી. શેઠીએ વિચાર કર્યો કે આમાં જમાઈનો વાંક નથી. પુત્રીના ભાગ્યનો જ આ દોષ છે. બાકી જમાઈ હવે મારે ઘેર પગ મૂકશે નહીં એમ વિચારી તે વગસ્ત્રોએ ત્યાંથી પોતાના ઘર તરફ રવાના થયો.

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૬૭

(બુધવાર તા. ૧૧–૪–૧૪)

અહીં નાએ સિદ્ધાન્ત પ્રરૂપ્યા. ત્રણે કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે. લગ્નની પહેલી જ રાત્રિએ સુકુમાલિકાનો સંસાર ખારો બની ગયો. સાગરદત્ત શેઠીએ નક્કી કર્યું કે પુત્રીને કોઈ એવો રોગ હશે કે ? હાલથી હવે જિનદત્ત શેઠનો પુત્ર તો તેને પત્ની તરીકે સ્વીકારશે નહીં. પેર જાણીને તેણે પુત્રીને આશ્વાસન આપ્યું. એમ છતાં સુકુમાલિકાની વ્યગ્રતા મટી શકી નહીં. ભોગના ભિખારીઓ જે વિષયની વાંછના કરતા હોય છે તે સિવાયનાં અન્ય સુખસાધના પણ તેમને સુખ આપી શકતાં નથી. કરોડોની સંપત્તિ સાધનામાં ઊછરેલી સુકુમાલિકાને પણ રાચા વસ્ત્રો, દાસદાસીઓ આદિ સુખશાન્તિ આપી શક્યા નહીં. એ તો એકમાત્ર પતિસુખની પાછળ જ પાગલ બની ગઈ.

આજના યુગમા પણ ખાનપાન, વસ્ત્રાભૂષણ અને રહેણીકરણીમા માત્ર વાસનાનો જ વાયરો વાઈ રહ્યો છે આ અધ અનુકરણ—આ ખાનપાન અને વસ્ત્રોની સજાવટની વિષમતા નાના ઘરોથી લઈને બગલાઓ સુધી અને સેવાસસ્થાઓથી લઈને શિક્ષણસસ્થાઓ સુધી પહોચી ગઈ છે. સ્વય સરકાર તરફથી પણ માસાહાર જેવી અનર્થકારી વસ્તુઓને પ્રોત્સાહન અપાઈ રહ્યુ છે એ ચેપીરોગ જેવી પ્રવૃત્તિ આજના યુવક-યુવતીઓને વધારે આકર્ષી રહી છે સુધારાને નામે સારા સારા ઘરો વાસનાની ગધાતી ગટર જેવા બની ગયા છે વિચારકોની મતિ પણ આ બાબતમા મૂઝવનારી બની છે સમજુ માતાપિતાએ આ બાબતમા કાયમ સાવધ રહેવુ ઘટે છે

તીર્થંકર દેવોએ આ ભોગવિલાસોને તણખલાની જેમ ત્યાગ્યા, ચક્રવર્તી રાજાઓએ છ છ ખડના રાજ્યસુખોને વિષ સમાન માનીને છોડયા, કારણ કે તેમને સાચા સુખની સમજણ પડી ગઈ

ભડકે બળી રહેલા દાવાનલમા આજે તો માનવ પોતે જ હાથે કરીને હોમાઈ રહ્યો છે એની ભોગની ભિક્ષાઝોળી કોઈ દિવસ છલકાઈ નથી, કારણ કે તૃષ્ણા આકાશસમાન અનતી છે એનો છેડો બગલાઓ બધાવાથી, ફર્નિચર ગોઠવવાથી, રેડિયો કે પખાઓ ગોઠવવાથી કે મોટરોમા મહાલવાથી આવતો નથી રણમાથી ખોદીને ખેતર સુધી પહોચાડેલી નહેરથી જેમ ખેતરના પાકને તૃપ્તિ થવાની નથી, તેવી જ રીતે ભોગવિલાસોની પાછળ કરેલો પરિશ્રમ માથે જ પડવાનો છે આવા જીવો પચેન્દ્રિયના લાભ માટે આત્માનો અનતો લાભ ગુમાવે છે

સાગરદત્ત શ્રેષ્ઠી અગાસીમા બેઠા બેઠા વિચાર કરી રહ્યા છે. આટલા સુખોમા ઊછરેલી પુત્રી પતિસુખથી વચિત બને એ કેમ ચાલે ? પણ ઉચ્ચ કુળનો કોઈ છોકરો હવે સુકુમાલિકા સાથે લગ્ન કરવા તૈયાર ન થાય, તો હવે શુ કરવુ ? એવા વિચારોમા એ ડૂબેલો હતો, એટલામા એક હાથમા લાકડી, બીજા હાથમા ભિક્ષાનુ પાત્ર વગેરે લીધેલો એક ભિખારી

તેના જોવામાં આવ્યો. શુકમાલિક પ્રત્યેના સ્નેહથી સાગરદત્તે વિચાર્યું કે આ ભિખારીને જો પ્રલોભન આપવામાં આવે, તો એ સુકુમાલિકાનો પતિ થવા તૈયાર થાય!

કેશીસ્વામીએ પ્રશ્ન કર્યો, 'पासा य इइ के वुत्ता ?'—પાશ કયા છે? ગૌતમસ્વામીએ કહ્યું રાગ અને દ્વેષ એ બે પ્રબળ પાશોમાં 'नेहपासो भयंकरो'—સ્નેહ (રાગ)નો પાશ બહુ ભયંકર છે.

બસ, આ સ્નેહપાશના બંધનમાં બંધાયેલા સાગરદત્ત શ્રેષ્ઠીએ પોતાની પુત્રીને ભિખારી સાથે પરણાવવાનો વિચાર કર્યો. જ્ઞાનીઓ કહે છે કે તમારું મન આત્મતત્ત્વ તરફ વળવું જોઈએ. ખાતાં ખાતાં હૃદયમાં તણખલું રહી ગયું હોય, તો આખા મોંમાં ફરીને જીભનું કેન્દ્ર કયું સ્થાન બને છે! જ્યાં સુધી હૃદયમાં રહી ગયેલું તણખલું દૂર ન થાય ત્યાં સુધી જીભને જંપ વળતો નથી. પણ અજ્ઞાની જીવોને આત્મામાં રહેલો અનંત કચરો રાખી મૂકવા ગમે છે કારણ કે એની દૃષ્ટિ સંસાર તરફ છે સમુદ્રના મધ્યમાં ડૂબતા મનુષ્યનું લક્ષ કિનારા તરફ હોય છે તો કોઈક વાર એ કિનારે પહોંચે છે પરંતુ માછલાંઓને તો સમુદ્રમાં જ જીવવું છે અને સમુદ્રમાં જ મરવું છે જીવની દશા આ માછલાં જેવી છે એને કિનારો ગમતો નથી. એને તો ભવસાગરમાં ડૂબતાં ખાતાં ખાતાં જ જીવવું છે ને મરવું છે મોંઘા માનવજન્મને ગુમાવનાર આવા જીવને તમે શું કહેશો!

દૃષ્ટાન્ત—એક ભરવાડ બકરાં ચારતાં ચારતાં એક ઝાડ નીચે વિશ્રાન્તિ લેવા બેઠો. એટલામાં પાંદડાની નીચે દબાયેલ એક તેજસ્વી વસ્તુ તેના ધ્યાનમાં આવી. થોડા સમય પહેલાં એક રાજાએ એ સ્થાન પર વિસામો લેતાં પોતાનો મુગટ ત્યાં મૂક્યો હતો. તેમાંથી ખરી પડેલો એ મૂલ્યવાન હીરો હતો. ભરવાડે તેને હાથમાં લીધો. પણ તેને એ ઓળખી શક્યો નહીં. એને મન તો એ એક રંગીન કાચનો ટુકડો હતો. આથી તેણે પોતાની એક વહાલી બકરીને એ મણિ બાંધી દીધો અને એ બાજુમાં આવેલા શાન્તિ ગામ તરફ ચાલ્યો. રસ્તામાં તેને ઝવેરી

લઈને જતો એક વેપારી મળ્યો તેણે આ ચમકતી વસ્તુ જોઈને પૂછ્યું, 'બકરીની કોટે આ શું બાંધ્યું છે?' ભરવાડે કહ્યું, 'મને આ કાચની લખોટી ઝાડની નીચેથી મળી છે' ગોળના વેપારીએ કહ્યું, 'મને જો એ લખોટી આપી દે તો હું તેના બદલે તને બશેર ગોળ આપું' ભરવાડે બશેર ગોળના બદલામાં એ મણિ આપી દીધો ગોળના વેપારીએ બજારમાં જતા જતા એક કટલરીના વેપારીને એ મણિ પાંચ રૂપિયામાં વેચ્યો તેણે કટલરી ગોઠવવાના કબાટમાં આ કાચની લખોટીને ગોઠવી.

એટલામાં ત્યાંથી એક વૃદ્ધ છતાં લોભી ઝવેરી નીકળ્યો તેણે આ મણિને મણિ તરીકે ઓળખી લીધો આથી તેણે પૂછ્યું, 'ભાઈ! આ લખોટી વેચવી છે?' કટલરીવાળાએ જવાબ આપ્યો, 'મને એ પાંચ રૂપિયામાં મળેલ છે, પણ મારે એના પચીસ રૂપિયા લેવા છે' લોભી ઝવેરીએ વિચાર્યું કે આ હીરો છે તો કીમતી, પણ થોડો સસ્તામાં આપે તો ખરીદી લેવો આમ વિચારીને તેણે પ્રથમ દસ, પંદર અને પછી વીસ રૂપિયામાં માગણી કરી, પણ કટલરીવાળો માન્યો નહીં. આથી ઝવેરીએ વિચાર્યું કે હમણાં એ ગરજથી આપી દેશે થોડો આંટો મારીને આવું, એટલે મને આ મણિ સસ્તામાં મળી જશે નહીં તર બજારમાંથી પાછા ફરતા પચીસ રૂપિયામાં તેને ખરીદી લઈશ એટલી વારમાં એને કોણ ખરીદવાનું હતું?

મનુષ્યભવરૂપી મૂલ્યવાન રત્ન તમને પણ મળ્યું છે, પણ તમે તો પુદ્ગલોના ચળકાટમાં જ નાચી રહ્યા છો તમને ધર્મનું મૂળ દેખાતું નથી, અને બંગલાઓના મૂળ દેખાય છે, પરંતુ તમે પૂર્વે કરેલા પુણ્યના યોગથી જ બંગલો બંધાવ્યો છે એ વાતને તમે ધ્યાનમાં લેતા નથી.

જીવન ઝળકાટ ખોયો, સોના ચળકાટ જોયો,
મૂકી દીધા રત્ન અને કાચને ટુકડે મોહ્યો,
માયાના બંધનમાં મારું જીવન જડાયું જ્યારે,
વધી ગઈ ઉપાધિ, થોડી જિંદગીમાં ઝાઝી રે ઉપાધિ,
મેળવવી ક્યાં મારે સુખની સમાધિ રે .

તેના જોવામાં આવ્યો. સુકુમાલિકા પ્રત્યેના સ્નેહથી સાગરદત્તે વિચાર્યું કે આ ભિખારીને જો પ્રલોભન આપવામાં આવે, તો એ સુકુમાલિકાનો પતિ બનવા તૈયાર થાય।

કેશીસ્વામીએ પ્રશ્ન કર્યો, '**पासा य इइ के वुत्ता**'–પાશ કયા છે? ગૌતમસ્વામીએ કહ્યું રાગ અને દ્વેષ એ બે પ્રકારના પાશોમાં '**नेहपासो भयंकरो**' —સ્નેહ (રાગ)નો પાશ બહુ ભયંકર છે.

બસ આ સ્નેહપાશના બંધનમાં બંધાયેલા સાગરદત્ત શેઠે પોતાની પુત્રીને ભિખારી સાથે પરણાવવાનો વિચાર કર્યો. જ્ઞાનીઓ કહે છે કે તમારું મન આત્મતત્ત્વ તરફ વળવું જોઈએ. ખાતાં ખાતાં દાઢમાં તણખલું રહી ગયું હોય, તો આખા મોંમાં ફરીને જીભનું કેન્દ્ર બનું સ્થાન બને છે! જ્યાં સુધી દાઢમાં રહી ગયેલું તણખલું દૂર ન થાય ત્યાં સુધી જીભને જંપ વળતો નથી. પણ અજ્ઞાની જીવોને કાદવમાં રહેલો અનંત કચરો રાખી મૂકવો ગમે છે કારણ કે એની દૃષ્ટિ સંસાર તરફ છે. સમુદ્રના મધ્યમાં ડૂબતા મનુષ્યનું લક્ષ્ય કિનારા તરફ હોય છે તો કોઈક વાર એ કિનારે પહોંચે છે પરંતુ માછલાંઓને તો સમુદ્રમાં જ જીવવું છે અને સમુદ્રમાં જ મરવું છે. જીવની દશા આ માછલાં જેવી છે. એને કિનારો ગમતો નથી.. એને તો ભવસાગરમાં ડૂબકાં ખાતાં ખાતાં જ જીવવું છે ને મરવું છે. મોંઘા માનવભવને ગુમાવનાર આવા જીવને તમે શું કહેશો!

દૃષ્ટાન્ત—એક ભરવાડ ઢોરાં ચારતાં ચારતાં એક ઝાડ નીચે વિશ્રાન્તિ લેવા બેઠો. એટલામાં પાંદડાંની નીચે ઢંકાયેલ એક તેજસ્વી વસ્તુ તેના જોવામાં આવી. થોડા સમય પહેલાં એક રાજાએ એ જ સ્થાન પર વિશ્રામ લેતા પોતાનો મુગટ ત્યાં મૂક્યો હતો. તેમાંથી ખરી પડેલો એ મૂલ્યવાન હીરો હતો. ભરવાડે તેને હાથમાં લીધો પણ તેને એ ઓળખી શક્યો નહીં. એને મન તો એ એક રંગીન કાચનો ટુકડો હતો. આથી તેણે પોતાની એક વહાલી બકરીને એ મણિ બાંધી દીધો અને એ બકરાંઓને હાંકીને ગામ તરફ ચાલ્યો. રસ્તામાં તેને ગોળ

લઈને જતો એક વેપારી મળ્યો તેણે આ ચમકતી વસ્તુ જોઈને પૂછ્યુ, "બકરીની ડોકે આ શુ બાધ્યુ છે?" ભરવાડે કહ્યુ, 'મને આ કાચની લખોટી ઝાડની નીચેથી મળી છે' ગોળના વેપારીએ કહ્યુ, 'મને જો એ લખોટી આપી દે તો હુ તેના બદલે તને બશેર ગોળ આપુ' ભરવાડે બશેર ગોળના બદલામા એ મણિ આપી દીધો ગોળના વેપારીએ બજારમા જતા જતા એક કટલરીના વેપારીને એ મણિ પાચ રૂપિયામાં વેચ્યો તેણે કટલરી ગોઠવવાના કબાટમા આ કાચની લખોટીને ગોઠવી.

એટલામા ત્યાથી એક વૃદ્ધ છતા લોભી ઝવેરી નીકળ્યો તેણે આ મણિને મણિ તરીકે ઓળખી લીધો આથી તેણે પૂછ્યુ, 'ભાઈ! આ લખોટી વેચવી છે?' કટલરીવાળાએ જવાબ આપ્યો, 'મને એ પાચ રૂપિયામા મળેલ છે, પણ મારે એના પચીસ રૂપિયા લેવા છે' લોભી ઝવેરીએ વિચાર્યું કે આ હીરો છે તો કીમતી, પણ થોડો સસ્તામાં આવે તો ખરીદી લેવો આમ વિચારીને તેણે પ્રથમ દસ, પદર અને પછી વીસ રૂપિયામા માગણી કરી, પણ કટલરીવાળો માન્યો નહી. આથી ઝવેરીએ વિચાર્યું કે હમણા એ ગરજથી આપી દેશે થોડો ચાલતો થાઉ, એટલે મને આ મણિ સસ્તામા મળી જશે નહીતર બજારમાથી પાછા ફરતા પચીસ રૂપિયામા તેને ખરીદી લઈશ એટલી વારમા એને કોણ ખરીદવાનુ હતુ?

મનુષ્યભવરૂપી મૂલ્યવાન રત્ન તમને પણ મળ્યુ છે, પણ તમે તો પુદ્ગલોના ચળકાટમા જ નાચી રહ્યા છો તમને ધર્મનુ મૂળ દેખાતું નથી, અને બગલાઓના મૂળ દેખાય છે, પરતુ તમે પૂર્વે કરેલા પુણ્યના યોગથી જ બગલો બધાવ્યો છે એ વાતને તમે ધ્યાનમા લેતા નથી.

જીવન ઝળકાટ ખોયો, સોના ચળકાટ જોયો,
મૂકી દીધા રત્ન અને કાચને ટુકડે મોહ્યો,
માયાના બધનમા મારુ જીવન જકડાયુ જ્યારે,
વધી ગઈ ઉપાધિ, થોડી જિદગીમા ઝાઝી રે ઉપાધિ,
મેળવવી ક્યા મારે સુખની સમાધિ રે .

ઉભા રહેવામાં આવ્યો. સુકુમાલિકા એના સ્નેહથી આગ્રહવશ વિચાર્યું કે આ ભિખારીને જો પ્રધાન આપવામાં આવે, તો એ સુકુમાલિકાનો પતિ થવા તૈયાર થાય।

મહાવીરસ્વામીએ પ્રશ્ન કર્યો 'पासा य इह के वुत्ता'—પાશ કયા છે? ગૌતમસ્વામીએ પ્રભુ રાગ અને દ્વેષ એ બે પ્રબળ પાશામાં 'नेहपासो भयंकरो'—સ્નેહ (રાગ)નો પાશ બહુ ભયંકર છે

આજ આ સ્નેહપાશના બંધનમાં બંધાયેલા સાર્થવાહ શેઠજીએ પોતાની પુત્રીને ભિખારી સાથે પરણાવવાનો વિચાર કર્યો. જ્ઞાનીઓ કહે છે કે તમારું મન આત્મતત્ત્વ તરફ વળવું જોઈએ. આવી આવી દાંતમાં તણખલું રહી ગયું હોય, તો આખા મોંમાં ફરીને જીભ ત્યાં જ સ્થાન બને છે। જ્યાં સુધી દાંતમાં રહી ગયેલું તણખલું દૂર ન થાય ત્યાં સુધી જીભને જંપ વળતો નથી. પણ અજ્ઞાની જીવોને આત્મામાં રહેલો અનંત કચરો રાખી મૂક્યો એમ છે મરણ કે એની દૃષ્ટિ સંસાર તરફ છે સમુદ્રના મધ્યમાં ડૂબતા મનુષ્યનું લક્ષ્ય કિનારા તરફ હોય છે તો કોઈક વાર એ કિનારે પહોંચે છે પરંતુ માછલાંઓને તો સમુદ્રમાં જ જીવવું છે અને સમુદ્રમાં જ મરવું છે જીવની દશા આ માછલાં જેવી છે એને કિનારો ગમતો નથી. એને તો ભવસાગરમાં ડૂબકાં ખાતાં ખાતાં જ જીવવું છે ને મરવું છે મોંઘા માનવજન્મને ગુમાવનાર આવા જીવને તમે શું કહેશો!

દૃષ્ટાન્ત—એક ભરવાડ બકરાં ચારતાં ચારતાં એક ઝાડ નીચે વિશ્રાન્તિ લેવા બેઠો. એટલામાં પાંદડાની નીચે ઢંકાયેલ એક ચળકતી વસ્તુ તેના જોવામાં આવી. થોડા સમય પહેલાં એક રાજાએ એ જ સ્થાન પર વિશ્રામ કર્યો ત્યાં પોતાનો મુગટ ત્યાં મૂક્યો હતો. તેમાંથી ખરી પડેલો એ મૂલ્યવાન હીરો હતો. ભરવાડે તેને હાથમાં લીધો પણ તે એ ઓળખી શક્યો નહીં એને મન તો એ એક રંગીન પથ્થરનો ટુકડો હતો. આથી તેણે પોતાની એક બકરીને એ મણિ બાંધી દીધો અને એ બકરાંઓને લઈને ગામ તરફ ચાલ્યો. રસ્તામાં તેને એક

લઈને જતો એક વેપારી મળ્યો તેણે આ ચમકતી વસ્તુ જોઈને પૂછ્યુ, “બકરીની ડોટે આ શુ બાધ્યુ છે?” ભરવાડે કહ્યુ, ‘મને આ કાચની લખોટી ઝાડની નીચેથી મળી છે’ ગોળના વેપારીએ કહ્યુ, ‘મને જો એ લખોટી આપી દે તો હુ તેના બદલે તને બશેર ગોળ આપુ’ ભરવાડે બશેર ગોળના બદલામા એ મણિ આપી દીધો ગોળના વેપારીએ બજારમા જતા જતા એક કટલરીના વેપારીને એ મણિ પાચ રૂપિયામા વેચ્યો તેણે કટલરી ગોઠવવાના કબાટમા આ કાચની લખોટીને ગોઠવી.

એટલામા ત્યાથી એક વૃદ્ધ છતા લોભી ઝવેરી નીકળ્યો તેણે આ મણિને મણિ તરીકે ઓળખી લીધો આથી તેણે પૂછ્યુ, ‘ભાઈ! આ લખોટી વેચવી છે?’ કટલરીવાળાએ જવાબ આપ્યો, ‘મને એ પાચ રૂપિયામા મળેલ છે, પણ મારે એના પચીસ રૂપિયા લેવા છે’ લોભી ઝવેરીએ વિચાર્યું કે આ હીરો છે તો કીમતી, પણ થોડો સસ્તામાં આપે તો ખરીદી લેવો આમ વિચારીને તેણે પ્રથમ દસ, પદર અને પછી વીસ રૂપિયામા માગણી કરી, પણ કટલરીવાળો માન્યો નહીં. આથી ઝવેરીએ વિચાર્યું કે હમણા એ ગરજથી આપી દેશે થોડો ચાલતો થાઉં, એટલે મને આ મણિ સસ્તામા મળી જશે નહીતર બજારમાથી પાછા ફરતા પચીસ રૂપિયામા તેને ખરીદી લઈશ એટલી વારમા એને કોણ ખરીદવાનુ હતુ?

મનુષ્યભવરૂપી મૂલ્યવાન રત્ન તમને પણ મળ્યુ છે, પણ તમે તો પુદ્ગલોના ચળકાટમા જ નાચી રહ્યા છો તમને ધર્મનુ મૂળ દેખાતુ નથી, અને બગલાઓના મૂળ દેખાય છે, પરતુ તમે પૂર્વે કરેલા પુણ્યના જોરથી જ બગલો બધાવ્યો છે એ વાતને તમે ધ્યાનમા લેતા નથી.

જીવન ઝળકાટ ખોયો, સોના ચળકાટ જોયો,
મૂકી દીધા રત્ન અને કાચને ટુકડે મોહ્યો,
માયાના બધનમા મારુ જીવન જકડાયુ જ્યારે,
વધી ગઈ ઉપાધિ, થોડી જિદગીમા ઝાઝી રે ઉપાધિ,
મેળવવી ક્યા મારે સુખની સમાધિ રે ...

Life is short and art is long—જિંદગી થોડી અને, ને જ આગળ વધી ગઈ માનવજન્મમાં સફળતા ન મળી, તો પાછળથી ભિખારીઓ ફરવી પડે છે માટે આ માનવભવની કિંમત સમજો.

પેલા લોભી ઝવેરી ગયો ન એક બીજે ઝવેરી ત્યાંથી નીકળ્યો. તેણે હીરાને હાથમાં લઈને તપાસ્યો અને કટથરીવાળાને પૂછ્યું આ સખોટીની શી કિંમત છે? કથરીવાળો વપારી હવે વિચાર કરવા લાગ્યો કે પચીસ રૂપિયાને બદલે પચાસ રૂપિયા કરી જોઉં ઉતરે તો એને પચીસમાં પણ આપી દેવો છે આમ વિચારીને તેણે કહ્યું એની કિંમત પચાસ રૂપિયા છે

ઝવેરીએ તેના તરત જ પચાસ રૂપિયા મૂકી દીધા. થોડીવાર પછી પેલો લોભી ઝવેરી પાછો આવ્યો અને બોલ્યો લે આ પચીસ રૂપિયા અને લાવ સખોટી. કટથરીવાળો બોલ્યો એ સખોટી તો પચાસ રૂપિયામાં વેચાઈ ગઈ

હવે લોભી ઝવેરી ગુસ્સાઈને કહેવા લાગ્યો તું કેટલો મૂર્ખ છે! એ સખોટી ન હતી પણ સાચો હીરો હતો! એની એક લાખ રૂપિયા કિંમત હતી અને તેં તો એને પચાસ જ રૂપિયામાં વેચી નાખ્યો! તારા જેવી મૂર્ખાઈ બીજા નમાં હોય ખરી!

હા, કથરીવાળો બોલ્યો મારા કરતાં મોટા મૂર્ખ તમે જ છો. કેમ કે મન તો પાંચ રૂપિયામાં ખરીદેલ વસ્તુના પચાસ તો મળ્યા છે પણ તમે તો પાંચ રૂપિયાના લોભમાં એક લાખનો હીરો ગુમાવ્યો મને તો એ હીરો હતો એની ખબર ન હતી ત્યારે તમને તો એની કિંમતની ખબર હતી માટે મારા કરતા તો તમે જ મૂર્ખ વધારે કરી છે

જીવ પણ આ લોભી ઝવેરી કરતાં ઓછો ઉતરે તેવો નથી કેમ કે પૂરવના ભવોમાં તપ અનંત તીર્થંકરોનાં દર્શન કર્યાં હશે છતાં તેમના જ્ઞાનના લાભ એ લઈ શક્યો નહીં એ બહારનો હીરો તેમાં જ રોકાઈ ગયો

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि,
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या।
ज्ञातोऽस्मि तेन जनबान्धव! दुःखपात्रं
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः॥

—કલ્યાણમદિરસ્તોત્ર, શ્લો ૩૮

હે પ્રભુ ! આપને જોયા, સાભળ્યા કે પૂજ્યા હશે, પણ એ ક્રિયા બધી ભાવશૂન્ય કરી, માટે ફળ મળ્યુ નહી

જોકે કોઈ ક્રિયા વાઝણી નથી ગમે તે ક્રિયા ફળે તો છે જ, પણ ભાવ વિનાની ક્રિયા આત્માને નિર્મળ બનાવી શકતી નથી તમે અજાણ્યા પ્રવાસીને પૂછો છો કે 'ક્યા રહો છો ? ક્યા જવાનુ છે ? શુ કામ કરો છો ?' પણ તમારી અદર રહેલા પ્રવાસી આત્માને કોઈ વાર એ પ્રશ્નો પૂછી જોયા છે ? જ્યાસુધી મન સ્થિર ન હોય ત્યાસુધી એ પ્રશ્નો ઉદ્‌ભવતા જ નથી મેલા અને અસ્થિર પાણીમા પ્રતિબિબ દેખાતુ નથી માટે પ્રથમ મનને શુદ્ધ અને સ્થિર બનાવો

આત્માના પ્રદેશો જ્યાસુધી જ્ઞાનાવરણીય કર્મથી ઢકાયેલા હોય, ત્યાસુધી કેવળજ્ઞાન અશક્ય છે સિહ સૂતેલો હોય ત્યાસુધી શિયાળોનુ સામ્રાજ્ય ચાલે છે માટે આત્મારૂપી સિહને જાગ્રત કરો એ આત્મા સુપુપ્તદશામા હશે, ત્યાસુધી કર્મરૂપી શિયાળો સત્તા જમાવી બેસશે

'**समयं गोयम ! मा पमायए**'—પ્રભુએ આ શબ્દો ગૌતમને ઉદ્દેશીને કહેલા હોવા છતા માનવને લાગુ પડે છે તમને બહુ લાબે સમયે આ મનુષ્યભવ મળ્યો છે આ ભવમા તમે જે કરી શકશો તે બીજા ભવોમા થઈ શકશે નહી આજ દિવસ સુધી તો તમે ધર્મને વાયદે ચડાવ્યો, પણ ધર્મના વાયદાના કાયદો નથી વાયદાના કાયદા તો સટ્ટા-બજારમા સભવે, આ કાઈ સટ્ટાબજાર નથી

સાગરદત્ત શ્રેષ્ઠીએ ભીખારીને પોતાના મહાલયમા બોલાવ્યો ડરતો ડરતો એ અદર આવ્યો શેઠે સેવકોને આજ્ઞા કરી, 'આના જૂના

Life is short and art is long—જિંદગી થોડી રહી ને જ્ઞાન વધી ગઈ. માનવજન્મમાં સફળતા ન મળે, તો પાછળથી ભિખારીઓ કરવી પડે છે. માટે આ માનવજન્મની કિંમત સમજો.

પેલા લોભી ઝવેરી ગયો ને એક બીજો ઝવેરી ત્યાંથી નીકળ્યો. તેણે હીરાને હાથમાં લઈને તપાસ્યો અને કઠિયારાવાળાને પૂછ્યું: આ પથ્થરની શી કિંમત છે? કઠિયારો વિચારી હવે વિચાર કરવા લાગ્યો કે પચીસ રૂપિયાને બદલે પચાસ રૂપિયા કહી જોઉં. ઉતરે તો એને પચીસમાં પણ આપી દેવો છે. આમ વિચારીને તેણે કહ્યું: એની કિંમત પચાસ રૂપિયા છે.

ઝવેરીએ તેના તરત જ પચાસ રૂપિયા મૂકી દીધા. થોડીવાર પછી પેલો લોભી ઝવેરી પાછો આવ્યો અને બોલ્યો: લે આ પચીસ રૂપિયા અને લાવ પથ્થર. કઠિયારાવાળો બોલ્યો: એ પથ્થર તો પચાસ રૂપિયામાં વેચાઈ ગયો.

હવે લોભી ઝવેરી પસ્તાઈને કહેવા લાગ્યો: તું કેવો મૂર્ખ છે! એ પથ્થર ન હતો પણ સાચો હીરો હતો! એની એક લાખ રૂપિયા કિંમત હતી અને તે તો એને પચાસ જ રૂપિયામાં વેચી નાખ્યો! તારા જેવી મૂર્ખાઈ બીજા કોની હોય ખરી!

આ કઠિયારાવાળો બોલ્યો: મારા કરતાં મોટા મૂર્ખ તમે જ છો. કારણ કે મેં તો પાંચ રૂપિયામાં ખરીદેલ વસ્તુના પચાસ તો મેળવ્યા છે, પણ તમે તો પાંચ રૂપિયાના લોભમાં એક લાખનો હીરો ગુમાવ્યો. મને તો એ હીરો હતો એની ખબર ન હતી ત્યારે તમને તો એની કિંમતની ખબર હતી, માટે મારા કરતાં તો તમે જ મૂર્ખતા વધારે કરી છે.

જીવ પણ આ લોભી ઝવેરી કરતાં ઓછો ઉતરે તેવો નથી. કારણ કે પૂર્વના ભવોમાં તેણે અનેક તીર્થંકરોના દર્શન કર્યાં હશે, છતાં તેમના જ્ઞાનનો લાભ એ ઉઠાવી શક્યો નહીં. એ બહારનો દેખાવ જોવામાં જ રોકાઈ ગયો.

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि,
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबान्धव! दुःखपात्रं
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ॥
—કલ્યાણમંદિરસ્તોત્ર, શ્લો ૩૮

હે પ્રભુ ! આપને જોયા, સાંભળ્યા કે પૂજ્યા હશે, પણ એ ક્રિયા બધી ભાવશૂન્ય કરી, માટે ફળ મળ્યું નહીં

જોકે કોઈ ક્રિયા વાંઝણી નથી ગમે તે ક્રિયા ફળે તો છે જ, પણ ભાવ વિનાની ક્રિયા આત્માને નિર્મળ બનાવી શકતી નથી તમે અજાણ્યા પ્રવાસીને પૂછો છો કે 'ક્યાં રહો છો ? ક્યાં જવાનું છે ? શું કામ કરો છો ?' પણ તમારી અંદર રહેલા પ્રવાસી આત્માને કોઈ વાર એ પ્રશ્નો પૂછી જોયા છે ? જ્યાંસુધી મન સ્થિર ન હોય ત્યાંસુધી એ પ્રશ્નો ઉદ્ભવતા જ નથી મેલા અને અસ્થિર પાણીમાં પ્રતિબિંબ દેખાતું નથી માટે પ્રથમ મનને શુદ્ધ અને સ્થિર બનાવો

આત્માના પ્રદેશો જ્યાંસુધી જ્ઞાનાવરણીય કર્મથી ઢંકાયેલા હોય, ત્યાંસુધી કેવળજ્ઞાન અગોચર છે સિંહ સૂતેલો હોય ત્યાંસુધી શિયાળોનું સામ્રાજ્ય ચાલે છે માટે આત્મારૂપી સિંહને જાગ્રત કરો એ આત્મા સુષુપ્તદશામાં હશે, ત્યાંસુધી કર્મરૂપી શિયાળો સત્તા જમાવી બેસશે

'**समयं गोयम** ! **मा पमायए**—'પ્રભુએ આ શબ્દો ગૌતમને ઉદ્દેશીને કહેલા હોવા છતાં માનવને લાગુ પડે છે તમને બહુ લાંબે સમયે આ મનુષ્યભવ મળ્યો છે આ ભવમાં તમે જે કરી શકશો તે બીજા ભવોમાં થઈ શકશે નહીં આજ દિવસ સુધી તો તમે ધર્મને વાયદે ચડાવ્યો, પણ ધર્મના વાયદામાં ફાયદો નથી વાયદાના ફાયદા તો સટ્ટાબજારમાં સંભવે, આ કાંઈ સટ્ટાબજાર નથી

સાગરદત્ત શ્રેષ્ઠીએ ભીખારીને પોતાના મહાલયમાં બોલાવ્યો હતો ડરતો એ અંદર આવ્યો શેઠે સેવકોને આજ્ઞા કરી, 'આના જૂના

Life is short and art is long—જિંદગી થોડી છે, ને જ્ઞાન વધી ગઈ. માનવભવમાં સફળતા ન મળે, તો પાછળથી દીલગીરીઓ કરવી પડે છે. માટે આ માનવભવની કિંમત સમજો.

પેલો લોભી ઝવેરી ગયો ને એક બીજો ઝવેરી ત્યાંથી નીકળ્યો. તેણે શી ને હાથમાં લઈને તપાસ્યો અને કઠિયારાને પૂછ્યું આ લખોટીની શી કિંમત છે? કઠિયારો વધારે હવે વિચાર કરવા લાગ્યો કે પચીસ રૂપિયાને બદલે પચાસ રૂપિયા કહી જોઉં. ઉત્તર તો એને પચીસમાં પણ આપી દેવો છે. આમ વિચારીને તેણે કહ્યું એની કિંમત પચાસ રૂપિયા છે.

ઝવેરીએ તેના તરત જ પચાસ રૂપિયા મૂકી દીધા. થોડીવાર પછી પેલો લોભી ઝવેરી પાછો આવ્યો અને બોલ્યો લે આ પચીસ રૂપિયા અને લાવ લખોટી. કઠિયારો બોલ્યો એ લખોટી તો પચાસ રૂપિયામાં વેચાઈ ગઈ.

હું લોભી ઝવેરી પસ્તાઈને કહેવા લાગ્યો તું કેટલો મૂર્ખ છે? એ લખોટી ન હતી પણ સાચો હીરો હતો! એની એક લાખ રૂપિયા કિંમત હતી અને તે તો એને પચાસ જ રૂપિયામાં વેચી નાખ્યો! તારા જેવી મૂર્ખાઈ બીજી નમાં હોય ખરી?

હા, કઠિયારાએ કહ્યું મારા કરતાં મોટા મૂર્ખ તમે જ છો. કારણ કે મને તો પાંચ રૂપિયામાં ખરીદેલ વસ્તુના પચાસ તો મળ્યા છે પણ તમે તો પાંચ રૂપિયાના લોભમાં એક લાખનો હીરો ગુમાવ્યો અને તો એ હીરો હતો એની ખબર ન હતી ત્યારે તમને તો એની કિંમતની ખબર હતી માટે મારા કરતાં તો તમે જ મૂર્ખ તર વધારે છો.

જીવ પણ આ લોભી ઝવેરી કરતાં ઓછો ક્યાં છે? તેવો નથી? કારણ કે પૂર્વના ભવોમાં તેણે અનેક તીર્થંકરોનાં દર્શન કર્યાં હશે. જીવ તેમના જ્ઞાનના લાભ એ ઉઠાવી શક્યા નહીં એ અત્યારનો સંસારમાં જ રોકાઈ ગયો

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि,
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या।
जातोऽस्मि तेन जनबान्धव! दुःखपात्रं
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः॥

—કલ્યાણમંદિરસ્તોત્ર, શ્લો ૩૮

હે પ્રભુ! આપને જોયા, સાભળ્યા કે પૂજ્યા હશે, પણ એ ક્રિયા બધી ભાવશૂન્ય કરી, માટે ફળ મળ્યુ નહી

જોકે કોઈ ક્રિયા વાઝણી નથી ગમે તે ક્રિયા ફળે તો છે જ, પણ ભાવ વિનાની ક્રિયા આત્માને નિર્મળ બનાવી શકતી નથી તમે અજાણ્યા પ્રવાસીને પૂછો છો કે 'ક્યા રહો છો? ક્યા જવાનુ છે? શુ કામ કરો છો?' પણ તમારી અદર રહેલા પ્રવાસી આત્માને કોઈ વાર એ પ્રશ્નો પૂછી જોયા છે? જ્યાસુધી મન સ્થિર ન હોય ત્યાસુધી એ પ્રશ્નો ઉદ્ભવતા જ નથી મેલા અને અસ્થિર પાણીમા પ્રતિબિબ દેખાતુ નથી માટે પ્રથમ મનને શુદ્ધ અને સ્થિર બનાવો

આત્માના પ્રદેશો જ્યાસુધી જ્ઞાનાવરણીય કર્મથી ઢકાયેલા હોય, ત્યાસુધી કેવળજ્ઞાન અપ્રકટ છે સિંહ સૂતેલો હોય ત્યાસુધી શિયાળોનુ સામ્રાજ્ય ચાલે છે માટે આત્મારૂપી સિંહને જાગ્રત કરો એ આત્મા સુષુપ્તદશામા હશે, ત્યાસુધી કર્મરૂપી શિયાળો સત્તા જમાવી બેસશે

'**समयं गोयम! मा पमायए**'—પ્રભુએ આ શબ્દો ગૌતમને ઉદ્દેશીને કહેલા હોવા છતા માનવને લાગુ પડે છે તમને બહુ લાભે સમયે આ મનુષ્યભવ મળ્યો છે આ ભવમા તમે જે કરી શકશો તે બીજા ભવોમા થઈ શકશે નહી આજ દિવસ સુધી તો તમે ધર્મને વાયદે ચડાવ્યો, પણ ધર્મના વાયદાના ફાયદો નથી વાયદાના ફાયદા તો સટ્ટાબજારમા સભવે, આ કાઈ સટ્ટાબજાર નથી

સાગરદત્ત શ્રેષ્ઠીએ ભીખારીને પોતાના મહાલયમા બોલાવ્યો ડરતો ડરતો એ અદર આવ્યો શેઠે સેવકોને આજ્ઞા કરી, 'આના જૂના

ફાટેલાં કપડાં ઉતરાવીને સુવાસિત તેલોથી તેના શરીરનું મર્દન કરી
અને સુગંધી જળથી સ્નાન કરાવ્યું. ભીખારીનાં કપડાં લાકડી અને
ભિક્ષાપાત્ર એક બાજુ પર મુકાવીને સેવકોએ તેને સ્નાન કરાવ્યું. પણ
ભીખારીની દૃષ્ટિ તેનાં રામપાતર લાકડી અને કપડાં પર જ હતી.
એણે વિચાર કર્યો કે મારી લાકડી કપડાં ને રામપાતર કોઈ લઈ જશે
તો ! આથી એ રડવા લાગ્યો.

આસક્તિ કેવી વસ્તુ છે ! તુચ્છ નકામી વસ્તુઓ માટે રડનારા
આ ભીખારીમાં અને નુકસાન જવાથી રડતા કરોડપતિ ભોગના
ભીખારીમાં તમને કોઈ અંતર લાગે છે ? દુઃખ ભીખારીનું ભિક્ષાપાત્ર
જતાં ભીખારીને થાય છે તે જ દુઃખનો અનુભવ ભોગસામગ્રીનો નાશ
થતાં ભોગના ભીખારીને થાય છે. જેમને સામગ્રી મળી નથી પણ આસક્તિ
ઘણી જ છે તેમને ભગવાને મહારંભી અને મહાપરિગ્રહી કહ્યા છે
અને છ ખંડ રાજ્યની ધુરા સંભાળનાર પણ અનાસક્ત ચક્રવર્તીને
અલ્પ આરંભી કહ્યા છે તથા વધારે મેળવવાની ઇચ્છારહિત શ્રાવકોને
અલ્પ આરંભી અને અલ્પપરિગ્રહી કહ્યા છે. કારણ કે તેમણે ભગવાન
પાસે પોતાની કાયરતા કબૂલ કરી છે. તેમનું ચિત્ત તો સંપૂર્ણ ત્યાગને
પસંદ કરે છે પરન્તુ સર્વવિરતિ સાધી શકે તેવો એ તૈયાર કે
શક્તિમાન નથી.

દૃષ્ટાન્ત—એક મધ્યમવર્ગનો માણસ બજારમાં શેલું ખરીદવા
નીકળ્યો. ત્યાં બજારમાં એક પાંચસો રૂપિયાનું બનારસી શેલું છે અને
એક સો રૂપિયાનું સાદું શેલું પણ મળે છે. જો તેની પાસે પૈસા
હોત તો એ પાંચસો રૂપિયાનું બનારસી શેલું જ ખરીદી લેત,
પરન્તુ ધનના અભાવે એને સો રૂપિયાનું જ શેલું ખરીદવું પડે છે.
તેનું તેને દુઃખ છે. તેમ શ્રાવક પોતાની અશક્તિના કારણથી સર્વવિરતિ
બની શકતો નથી. છતાં તેને પોતાના અલ્પ આરંભ અને અલ્પ-
પરિગ્રહનું દુઃખ છે.

ભિક્ષુકને સ્નાન કરાવીને નવા કપડા પહેરાવ્યા, છતા એ પોતાના જૂના કપડા, લાકડી અને ભિક્ષાપાત્ર છોડતો નથી એને મનમા થાય છે કે આ પહેરેલા મૂલ્યવાન વસ્ત્રો તો શેઠના છે કોણ જાણે ક્યારે એ પોતાની પાસેથી છીનવી લે! માટે પારકી વસ્તુનો ભરોસો શો ? તમે જે જે પદાર્થોને પોતાના માનો તેને છોડવામા દુ ખ થાય છે, પણ પરાયુ જાય તેનુ દુ ખ થતુ નથી ધર્મશાળાના ભાડે લીધેલા સુદર ગાદલા, વાસણો વગેરેને છોડતી વખતે તમને દુ ખ થતુ નથી, પણ જેને પોતાનુ માનો છો તેને છોડતા વેદનાનો અનુભવ થાય છે

આ ભીખારીએ પોતાના રામપાતર અને લાકડી વગેરેને છોડવાની ઇચ્છા કરી નહી આથી સાગરદત્ત શ્રેષ્ઠીએ કહ્યુ, 'એને જો પોતાની વસ્તુઓ પોતાની પાસે રાખવી હોય તો ભલે રાખે, હવે એને સારા સારા ભોજનથી તૃપ્ત કરો' ભીખારી ભોજન કરવા બેઠો, પણ તેનુ ધ્યાન તો તેના રામપાતર તરફ જ હતુ તમારુ ધ્યાન કઈ તરફ છે એનો વિચાર કરજો પુદ્ગલ તરફ જે દષ્ટિ છે તેને ઉઠાવી લઈ આત્મા તરફ દષ્ટિ દેશો તો જ કલ્યાણ થશે

આ ભીખારીને તૈયાર કર્યો પછી ભોજન કરાવ્યુ ઘણા દિવસના ભૂખ્યા ભીખારીએ પેટ ભરીને ખાધુ ત્યાર પછી શ્રેષ્ઠીએ તેને સુકુમાલિકા સાથે વસવા કહ્યુ આ ભીખારીને કલ્પનાના સુખો દેખાય છે, ઠેઠ આશાની ઇમારતો એ રચી રહ્યો છે અને પોતાના ભાગ્યને જાણે ધન્ય-વાદ આપી રહ્યો છે આમ કરતા રાત્રી થઈ સુદર શયનગૃહમા જતા વાર જ તેણે સુકુમાલિકાના હાથનો સ્પર્શ કર્યો, પણ તેના હાથને જાણે વીજળીનો આચકો લાગ્યો ! છતા એણે મૌનભાવે તે સહન કર્યો સુકુ-માલિકાને તો કાઈ ખબર જ નથી એ તો નિદ્રામા પોઢી કે પેથે ભીખારી બીજી શય્યામા આવી ગયો એની તમામ આશાઓ ગ ઝ્પત્તાના મહેલની જેમ ધૂળમા મળી ગઈ એને લાગ્યુ કે આ ભવ્ય મહેલાતો અને સુખો માત્ર દેખાવના જ છે આ તરફ સુકુમાલિકા જાગી એને થયુ કે આ પણ ક્યા ગયો ? એ ઊઠી અને ભીખારીની નજીક આવવા જાય છે

ત્યાં તો ભયનો માર્યો પેલો ભીખારી ભાગ્યો. શેઠના દાગીના અને વસ્ત્ર ઉતારી, પોતાનાં કપડાં પહેરી, દાગીના ને રામપાતર લઈ જેમ કસાઈના હાથમાંથી બોકડો છૂટે તેમ નાસી છૂટ્યો. એને આ મહેલાત કરતાં રામપાતર વધારે સારું લાગ્યું. કારણ કે દરેક જીવ સુખના અભિલાષી છે. હવે ત્યાં શું બનશે તે અવસરે.

ૐ શાન્તિ.

*

વ્યાખ્યાન ૨૮

(શુક્રવાર, તા. ૧૩-૭-૫૧)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. ત્રણેય લોકમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે. ભીખારી ચાલ્યો. જ્યારથી સુકુમાલિકા શોકમગ્ન બની ગઈ. બાહ્યની મૂર્છણ એ વિષયભોગ ત્યાગનું કારણ છે. જ્યારે વૈરાગ્યભાવ એ આત્માનો ભાન કરતા છે. જેને ભીખારી પણ ન ઈચ્છે એવું સુકુમાલિકાનું રૂપ અને સૌભાગ્ય તે સાચાં રૂપ કે સૌભાગ્ય ક્યાંથી ગણાય? જગત જુએ કે આ કન્યામાં કઈ કહેવાપણું નથી, છતાં તેનું એક દુઃખ બધાં સુખોને ઢાંકી દે છે. જ્યાં પાણી માગે, ત્યાં દૂધ હાજર થાય, સુખ-સમૃદ્ધિનો પાર ન હોય, છતાં સુકુમાલિકાનું દુઃખ દિનપ્રતિદિન વધતું ચાલ્યું. દાસીઓએ તેને આનંદમાં રાખવા અનેક ઉપાયો કર્યા પણ તેને આનંદમાં લાવી શકી નહીં. સાગરદત્ત તો ગયો. પણ એક ભીખારી સુખમાં આવેલી સમૃદ્ધિથી લલચાઈને રોકાયો નહીં! એક ભીખારી પણ મન ન ઈચ્છે આ ક્યા કર્મનો દોષ! આથી એ ચિંતામગ્ન બની ગઈ. માતાપિતાએ વિચાર કર્યો કે આ પુત્રી આર્ત અને રૌદ્ર ધ્યાનમાં પોતાનું મૂલ્ય પણ ગુમાવી દેશે. એના કરતાં એનું ધ્યાન કોઈ રીતે પણ ધર્મ તરફ વળે તો સારું.

કર્મ એ એક એવો ન્યાયાધીશ છે કે જેની આગળ સમરભૂમિના

પણ છક્કા છૂટી જાય જેની એક કૃપાદૃષ્ટિ માટે મનુષ્યો પોતાના અહોભાગ્ય માને તેવા છ છ ખંડના ચક્રવર્તીઓના પણ જ્યારે પુણ્યનો અંત આવે છે, ત્યારે એના સામે થૂકવા માટે પણ કોઈ તૈયાર થતું નથી જેની બોલબાલા બોલાતી હોય એવા માણસો ઘડીના છઠ્ઠા ભાગમાં ફેંકાઈ જાય છે એક હુંકારો કરે ને લોકો થરથરવા લાગે એવા શ્રીમંત કે સત્તાધીશને ઘડીવારમાં લકવો થાય ને એ પટકાઈ પડે છે ! કર્મના આ ન્યાય આગળ રાજાથી લઈને રંક સુધી દરેકને નમવું પડે છે જો ટાંકીમાં પાણી હોય તો જ નળમાં આવે છે તમે તમારી પ્રારબ્ધની ટાંકીમાં શું ભર્યું છે ? તમે તો પૈસામાં જ સર્વસ્વ માની બેઠા છો, પણ કોઈ શ્રીમંતો શ્રીમંતાઈથી કે સત્તાધીશો સત્તાથી મોક્ષમાં ગયા જ નથી જે ગયા છે તે સત્તા અને શ્રીમંતાઈને અહીં ફગાવ્યા પછી જ ગયા છે તો પછી તમે પૈસાની પાછળ આટલા બધા શું પડી ગયા છો ? તમને એક માળા ફેરવવાની કે પ્રાર્થના કરવા જેટલી પણ ફુરસદ નથી ? આને તે કઈ જાતની ઘેલછા સમજવી ? ભગવાન શાન્તિનાથ, કુંથુનાથ ને અરનાથ આદિ ચક્રવર્તીપદે હતા, પણ તેમણે ધન અને સત્તાને ચારિત્રની આગળ તુચ્છ માનીને તીર્થંકરપદની પ્રાપ્તિ કરી તમારું જીવન પૈસા માટે છે કે પૈસા તમારા જીવન માટે છે ? તમને પૈસાની વધારે કિંમત છે કે જીવનની ? જેનાથી તમારા જીવનને નુકસાન થાય, તેને તત્કાલ છોડી દો અજ્ઞાની જીવો ક્ષણે ક્ષણે ભાવમરણ મરી રહ્યા છે અને પોતાના આત્માને ઊંડી ગર્તામાં ધકેલી રહ્યા છે ત્યાગના માલમાં પુણ્યબંધ કે નિર્જરા એ બેમાંથી એક નક્કી તો જરૂર મળે છે પણ તમે જે માલ ખરીદી રહ્યા છો તેમાં કોઈ નફો બતાવી શકશો ? એક સાંધો ને તેર તૂટે, કોલસા લાવો ને તેલ ખૂટે, તેલ લાવો ત્યાં ઘી ખૂટે એવું તો તમારું પુણ્ય છે ! તમારી સાહ્યબી છ ખંડના ચક્રવર્તી રાજાઓ આગળ શા હિસાબમાં છે ? છતાં તમે તમારા પાપના પરિણામની બાબતમાં આટલા બધા નિર્ભય કેમ બની બેઠા છો ? શું તમે ભેગું કરેલું ધન તમને નરકથી બચાવશે ?

દૃષ્ટાન્ત—એક ખૂબ પૈસાદાર શેઠ હતો. તેને ત્યાં એક વફાદાર આરબ ચોકીદાર તરીકે હતો. સમય જતાં શેઠ મરણપથારીમાં પડ્યો. તેણે પોતાના વફાદાર આરબને બોલાવીને કહ્યું : જો ભાઈ! મારી માલમિલકત ક્યાં મુકામ છે એ તારાથી અજાણ્યું નથી. હું તો હવે એકબે દિવસનો મહેમાન છું. મારો પુત્ર રમેશચંદ્ર દોઢ વર્ષનો છે. એને તું સંભાળ? અને એ મોટો થાય ત્યારે મારી મિલકત એના હાથમાં સોંપજે.

શેઠ મૃત્યુ પામ્યા છતાં પેઢીનો વહીવટ બરાબર ચાલતો હતો. આ તરફ રમેશચંદ્ર ૧૫ વર્ષનો થયો. એક વાર મુનીમજી દાનત બગડી. તેણે એકાન્તમાં બોલાવીને આરબને કહ્યું, મારે તને એક વાત કહેવાની છે પણ તું એ વાત પ્રાણાન્તે પણ કોઈને ન કહેવાનું વચન આપે તો જ હું તને વાત કહું. આરબે વચન આપ્યું. મુનીમ બોલ્યો, શેઠની ખાનગી મિલકત તારા હાથમાં છે અને શેઠની પેઢીની મિલકત મારા હાથમાં છે. જો તું રમેશચંદ્રને ખલાસ કરી નાખે તો બધી મિલકતમાં મારો ને તારો અરધોઅરધ ભાગ રહ્યો.

આરબ ખરેખરો પ્રામાણિક અને સ્વામીભક્ત હતો. મુનીમજીની આવી વાત સાંભળીને તેની આંખો લાલ બની ગઈ. એ બોલ્યો : તમે આ શું બોલો છો? એકવાર બોલ્યા પણ જો બીજીવાર મારા નાનાશેઠ માટે કંઈ પણ બોલશો તો તમારી જીભ ખેંચી લઈશ.

બાજી હાથમાંથી ચાલી જતી જોઈને મુનીમે દસ હજારનું વધારે પ્રલોભન પણ આપી જોયું. પરંતુ આથી તો આરબ વધારે ઉશ્કેરાઈને બોલ્યો : જુઓ મુનીમજી! તમારે સુખેથી કામ કરવું હોય તો તમે પેઢીનું કામ કરો. પણ જો છોકરાશેઠના માટે કંઈ પણ કહેશો તો તેને હું સાંખી શકીશ નહિ. આથી ઉશ્કેરાઈને મુનીમે છરો લઈને આરબને મારવા માટે દોટ મૂકી. પણ આરબે પોતાના બચાવ માટે એ છરો આંચકી લીધો અને એ જ છરાથી ઝપાઝપીમાં મુનીમનું મૃત્યુ થયું. કેસ ઊભો થઈ ગયો. દસ હજારની થેલી અને છરો એ બન્ને આરબને

ગુનેગાર ગણવાના મજબૂત કારણો તો હાજર જ હતા પોલીસે આવીને આરબને પકડી લીધો શેઠાણીએ પોતે આવીને આરબને પૂછયુ 'તમે મુનીમજીને શા માટે માર્યો ? પૈસાના લોભમા તમે કોઈને મારો નહી, પણ એનું કારણ જણાવો તો તમારો બચાવ થઈ શકે' પણ મુનીમને આપેલા વચનને લીધે આરબે તેના જવાબમા એક પણ શબ્દનો ઉચ્ચાર કર્યો નહી. આખરે કેસ ચાલ્યો ને આરબને જન્મટીપની સજા થઈ. કેદમા ગયા પહેલા આરબે દેશમાથી પોતાના પુત્રને બોલાવીને રમેશને સભાળવા માટે મૂક્યો

અહી રમેશચદ્ર મોટો થયો અને ભણીગણીને વહીવટદારના હોદ્દાની નોકરીમા ચડી ગયો એક વાર મિલમજૂરો અને માલિકોની વચ્ચે ઝઘડો થયો અને એ ઝઘડામા મજૂરોના ઘણા આગેવાનો કેદમા પુરાયા મજૂરોએ હડતાલ પાડી આથી મજૂરોના આગેવાનોને સમજાવવા માટે રમેશચદ્રને કેદમા જવાનુ થયુ કેદમા જઈને રમેશચદ્રે મજૂરોના આગેવાનોને સમજાવવાનો પ્રયાસ કર્યો, પણ આથી મજૂરો વધારે આવેશમા આવી ગયા

પરિચિત અવાજ સાભળીને જન્મટીપની સજા પામેલો વૃદ્ધ આરબ જોવા આવ્યો અહી ઉશ્કેરાયેલા મજૂરોએ રમેશચદ્રની સામે બદૂક તાકી, પણ વચ્ચે આવી જઈને આરબે રમેશચદ્રને બચાવી લીધો. આરબને ગોળી વાગી ગઈ એ બેભાન થઈને પડી ગયો

રમેશચદ્ર તો આ આરબને ઓળખી પણ ન શક્યો નહી, પણ પોતાના પ્રાણદાતા આરબની તેણે હોસ્પિટલમા જઈને સારવાર શરૂ કરી આરબને ઑપરેશન કરીને બચાવી લેવામા આવ્યો આરબે રમેશચદ્રને પૂછ્યુ, 'મને ઓળખો છો ?' રમેશચદ્રે કહ્યુ, 'હુ તમને ક્યાથી ઓળખુ ? મે તમને ક્યાય જોયા હોય તેવુ અને યાદ આવતુ નથી' આરબ બોલ્યો, 'તમે મને અત્યારે ઓળખી ન શકો, પણ તમે નાના હતા ત્યારે વાર્તા કહીને તમને ઊઘાડનાર હુ હતો તમારા સદ્ગત

પિતાજીનો જૂનો નોકર છું ભારમલ છું ' રમેશ પોતાના જૂના વફાદારને ઓળખી ગયો અને એની સારવાર માટે પણ કાળજી રાખી.

આખરે આરબની સજ્જનતાથી તેની આંખની સાન આવી ગઈ

આ છે વફાદારીનો નમૂનો. આજે તો શેઠ ને નોકરો વચ્ચેનાં ઘર્ષણો વધી ગયાં છે શેઠની મોટર બગડી પડે તો તરત જ હજારનો ખર્ચ કરી શકાય, પણ નોકર માંદો પડે તો તેને બે રૂપિયાની દવા ન અપાવાય! સુભાષિતકાર કહે છે કે—

यौवनं धनसम्पत्ति प्रभुत्वमविवेकिता ।
एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ॥

અર્થાત્—ધન જોબન ને ઠકરાઈ મળે સાથ અવિવેક
ચારો સાથે મળી રહે અનર્થ કરે અનેક

ધન જુવાની અને સત્તા એ ત્રણેય મદિરા કરતા ચઢિયાતા નશા છે એમનો એક પણ નશો અનર્થ કરે અને જો તેમાં અવિવેકનો નશો ભળી જાય તો પછી બાકી શુ રહે ? પરન્તુ—

ધન જોબન ને ઠકરાઈ સાથે મળે વિવેક
ચારે મળી સાથે રહે તો અર્થ કરે અનેક

ધન યૌવન અને સત્તાની સાથે જો વિવેક હોય, તો એ જામ દીપી નીકળે છે તમારી પાસે પૈસા છે તમારાં બાળકો પાસે સત્તા આવવાનો સંભવ છે પણ તમે તેને વિવેક આપતા નથી. ધન, જુવાની અને સત્તા સાથે તેનામાં અવિવેક તો અનાયાસે ભળી જાય છે પછી એ ભંગીની છોકરી સાથે પ્રેમલગ્ન કરે, તો તેમાં દોષ કોનો ? તમે તેને સંસ્કાર આપ્યા નહીં તેનું તો એ પરિણામ છે પોતાનાં બાળકને ખવડાવવા-પીવડાવવાનું તો જંગલનાં પક્ષીઓને પણ આવડે છે એમાં તમે નવું શું કર્યું ? છોકરાં પાળ્યે કોઈ પરાક્રમ નથી. કૂતરી પણ એકીસાથે દસ ગલુડિયાં જન્માવી શકે છે અને ધન મેળવવામાં પણ તમારું કોઈ પરાક્રમ નથી. પણ આજનો માનવ ધન મેળવવા

પાછળ એવો અસદાચારી બન્યો છે કે તેના જીવનમાથી ધર્મ છેરો પડી ગયો છે માટે તમે તમારા બાળકોને ધર્મના સારા સસ્કારો આપવા પાછળ એકાદ કલાક કાઢો, તો એ તમારા જ લાભમાં છે આગળના શ્રાવકો પોતાના બાળકોની સામે બેસીને રોજ સમજાવતા કે—' **अयमाउसो निग्गंथे पवयणे, एस अट्ठे, एस परमट्ठे, सेसे अणट्ठे ।**'

હે આયુષ્યમાનો ! નિર્ગ્રન્થ પ્રવચનમા જ સાચો અર્થ છે, બાકીનો બધો અનર્થ છે આ જ્ઞાન જો તમે તમારા બાળકોને આપો, તો તમારા બાળકો તમારી સાથે ધર્મ સાભળવા આવે, પણ તમને તો પૈસા કમાવામાંથી ક્યા ફુરસદ મળે છે ?

વિષયની આગમાથી બચાવવા માટે અને સુકુમાલિકાને ધર્મને માર્ગે વાળવા માટે સાગરદત્ત શેઠે એક દાનશાળા ચાલુ કરી અને તેઓ પુત્રીને સમજાવવા લાગ્યા, ' બેટા ! તારા કોઈ કર્મના ઉદયથી આ બધુ બનવા પામ્યુ છે જે ખેતરમા બટી વાવી હોય તેનો પાક આવી ગયા પછી તેમાથી બાજરો લણી શકાતો નથી માટે હવે પછીથી નવો સારો પાક તૈયાર કર તુ આ દાનશાળામા તારો જીવ પરોવ કામતુ ઔષધ કામ છે નવરુ મગજ શયતાનનુ કારખાનુ બની જાય છે, માટે આ દાનશાળામા ગરીબો, ભૂખ્યાઓ અને અનાથોની સેવામા તારુ ચિત્ત લગાવ '

આગળની વિધવાઓને આખો દિવસ ઘરકામમા રોકાઈ રહેવુ પડતુ આથી રાત્રે થાકીને સૂવા સિવાય તેને બીજા વિચારો આવતા નહી મનની સ્થિતિ લોખડના જેવી છે લોખડ જો વપરાય નહી તો તેના ઉપર કાટ ચડી જાય છે, એમ નવરા મગજમા અનેક કુવિચારો આવે છે

પિતાની આજ્ઞા માનીને સુકુમાલિકાએ દાનશાળામા આવીને ગરીબોની સેવામા પોતાના મનને પરોવી દીધુ

ॐ શાન્તિ.

*

વ્યાખ્યાન : ૬૯

(શનિવાર, તા. ૨૪-૭-૭૧)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. ત્રણેય કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે. ભગવાન મહાવીર ધર્મકથાનુયોગમાં કર્મ કેવી રીતે બંધાય છે અને તેના વિપાક કેવી રીતે ભોગવવા પડે છે તેનું નિરૂપણ કરે છે. કેમ જીવે ઉત્પન્ન કરેલ છે? જીવ નામના પદાર્થ કોઈએ ઘડ્યો નથી. ચૈતન્યલક્ષણયુક્ત જીવ જ્ઞાતા અને દ્રષ્ટા છે. જો જીવ જ્ઞાનયુક્ત ન હોય તો જડ થઈ જાય છે. નિગોદનું જ્ઞાન પણ ઉઘાડું રહે છે. ઉપયોગ એ જીવનું લક્ષણ છે. જીવ જ્યારે સ્વભાવમાં રમે ત્યારે સ્વભાવનો કર્તા અને કામ, ક્રોધ અને માયામાં રમે ત્યારે વિભાવનો કર્તા બને છે. જીવને કેરીસચાર કરનાર કોઈ નથી. કેટલાકને એવો વિચાર થાય છે કે જ્યારે ઘડા જેવી વસ્તુ બનાવવી હોય તોપણ તેનો કર્તા કુંભાર છે એમ માનવું પડે છે તો જીવને બનાવનાર કોઈ હોવો જ જોઈએ. પણ ઘડો સાકાર છે અને કુંભાર પણ સાકાર છે ત્યારે જીવ નિરાકાર છે. નિરાકારને બનાવનારો સાકાર હોઈ શકે નહિ. કેટલાક વાતવાતમાં ઈશ્વરની મરજીને વચ્ચે મૂકી દે. નુકસાન થાય કે છોકરો મરી જાય તોપણ એ કહે છે કે જેવી ઈશ્વરની મરજી! પણ દુઃખ આપે એ ઈશ્વર ન કહેવાય. પાપ તમારે કરવાં ને રોપના રોપમાં ઈશ્વરને માથે ઓઢાડવો એ કયાંનો ન્યાય? માટે દેવ, ગુરુ અને ધર્મ ઉપર શ્રદ્ધા રાખો. જેણે

ઘાતીકર્મનો ક્ષય કર્યો છે, જેના આત્માનું સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ દર્શન ઊઘડી ગયું છે તે અરિહંત સાચા દેવ છે એ વાણિજ્યથી રીઝતા નથી ને ગાળો દેવાથી ખીઝતા નથી તમારું ભલુ કરનાર તમારી અંદર બેઠો છે ઈશ્વર પણ તમારો આત્મા જ છે મન, વચન અને કાયા એ કર્મ બાંધવાના સાધનો છે શુભ ભાવનાથી શુભ બંધ અને અશુભ-ભાવનાથી અશુભ બંધ બંધાય છે

મહાત્માઓ, સિદ્ધો અને તીર્થંકરોને બેઠા બેઠા મોક્ષ મળ્યો નથી આત્મશુદ્ધિના ભગીરથ પ્રયાસો વિના મોક્ષની સિદ્ધિ સહજ નથી પરંતુ વિભાગમાં આવીને જીવ પોતે જ પોતાનું ખૂન કરી નાખે છે માન કષાયના પરિણામે એક મુનિને કડવા તુંબડાનું શાક વહોરાવીને નાગશ્રી બ્રાહ્મણીએ કેવો કર્મનો પરિપાક ભોગવ્યો એ તો તમે સાભળ્યું ને? આટલા બધા નારકીના ભવો અને તિર્યંચના ભવો પછી પણ સુકુમાલિકાને કર્મનો ઉછાળો કેવો નડ્યો? કર્મ બાંધતી વખતે તો મીઠા લાગે છે, પણ ભોગવતી વખતે તમે કહો છો કે અમે આવું નહોતું જાણ્યું! વળી કેટલાક તો કહે છે કે આત્માને કર્મ લાગતા જ નથી આત્મા તો અબંધ છે પણ પહેલે ગુણસ્થાને બેઠા હો ને ચૌદમા ગુણસ્થાનની વાતો કર્યે કેમ ચાલે? વાતોના વડા ખાઈને પેટ ભરાયું જાણ્યું છે કોઈએ? તમારા ગુરુ નિર્ગ્રન્થ છે મોટરમાં ફરનારા, ઘેર ઘેર પૂજાનારા અને પોતાની આરતી ઉતરાવનારા કે પગમાં પૈસા મુકાવનારા ગુરુ હોઈ શકે નહીં પંચમહાવ્રતધારી જ ગુરુ કહેવાય. આ વસ્તુ કોના માટે કરી છે? શા માટે કરી છે? વગેરે પૂછીને વહોરનાર ગુરુ જોઈએ લૂટી જાય તે ગુરુ હોઈ શકે નહીં

ગુરુ લોભી ચેલા લાલચી દોનો ખેલ દાવ,
દોનો બૂડે બાપડે બૈઠ પત્થરકી નાવ

માટે ગુરુને ઓળખશો તો જ આત્માને જાણી શકશો જે ગુરુ સિદ્ધાન્તથી વિરુદ્ધ ચાલે તેને નમસ્કાર ન હોય સિદ્ધાન્ત અને ગુરુમાથી

તમે કોને નમસ્કાર કરશો ? દેવોની પાસે ત્રણ જ્ઞાન છે અને સાધુઓ પાસે બે જ્ઞાન છે છતાં દેવો અને સાધુઓ મળે ત્યારે સાધુઓને જ દેવો વંદન કરે છે કારણ કે દેવોની પાસે ચારિત્ર નથી, ત્યારે સાધુઓની પાસે ચારિત્ર છે. તમે હવે તો સમજી ગયા હશો કે જ્ઞાન અને ચારિત્ર એ બેમાં શું મોટું ? માટે,—

ભેખ દેખી મત ભૂલજો, ઓળખજો આચાર
ન્યારી તે કેમ તારશો તારશે તારણહાર.

આજી તો ગુરુ માન આપનાર અને ચેલો માનનો [illegible] ભૂખ્યો. લોભી ગુરુ ને લાલચુ ચેલા દોનોં નરકમેં ઠેલંઠેલા. આવો જ્યાં માટ હોય ત્યાં આત્માનું કલ્યાણ કેમ સધાય ? ત્યાં સિદ્ધાન્તોને અગ્રસ્થાન હોય ત્યાં આપનાર કે લેનારને અવકાશ નથી. સોટચના નક્કર સોનાને નકશીકામ કરવાપણું નથી. હીરાને હીંડી પિત્તળીને કહેવું પડતું નથી કે હું પ્રકાશ આપું છું. હીરાહીંડી પોકાર કરીને કહેતી નથી કે હું વાદળોના [illegible]થી બનાવું છું. એનું મૌન એ પણ મૂલ છે. અજ્ઞાન પુરુષો મૌન લઈને કામ કરે છે પાણી મૌન લઈને [illegible] તરસ્યાની તૃષા છિપાવે છે માટે નિઃસ્વાર્થ ભક્તિ અને નિઃસ્પૃહ સેવા કરો. મનના ભીખારી [illegible]વાન પોતાની ક્રિયાથી અને પોતાની સેવાથી સંતોષ નથી માટે એ બીજાની પ્રશંસાઓ અને માનપત્રો મળે તો જ સેવા થઈ એમ માન છે એ એટલું પણ સમજતા નથી કે પથ્થરો ખાઈને પણ ઝાડ ફળ આપે છે. તેમને સંયમમાં પથ્થરો વાગતા હોય તો મહીમ્ર [illegible] [illegible] પથ્થરો તો ફળવાળા ઝાડ પર જ પડે છે [illegible] કાંઈ પથ્થર શું કામ મારે ભલા ?

[illegible] यस्य धर्मे सदा मनः —જેનું મન સદા—સર્વદા ધર્મમાં [illegible] देवाऽपि तं नमस्यन्ति — દેવતાઓ પણ વંદન કરે છે [illegible] સ[illegible] તે સાધુઓ પાસે નથી, છતાં તમે સાધુઓને શું કામ વંદન કરો છો ? કારણ કે સાધુઓ પાસે ત્યાગ

ને વૈરાગ્ય છે અને એ તમારામા નથી જેનામા ત્યાગ અને વૈરાગ્ય ન હોય તે સાચો સાધુ હોઈ શકે નહી સાધુઓ કેવા હોય? તેના માટે જ્ઞાનીઓ કહે છે—

ત્રિવિધ તાપ સૌના એ દૂર કરે છે,
શરણે જનાર સૌએ શિવલક્ષ્મીને વરે છે,
જૈન શાસન એ શીતળ વડલાની છાય છે,
જે ભાન ને બેભાન બની ભૂલ ખાય છે,
અમૃત મૂકીને ઝેર પીવાને તે જાય છે

શારીરિક વ્યાધિ, માનસિક આધિ અને કૌટુમ્બિક ઉપાધિ એ ત્રિવિધ તાપને દૂર કરનાર જૈનશાસન્ છે થાકેલા જીવને જેમ વડની છાયા શીતલતા આપે છે, તેમ સસારના તાપથી થાકેલો જીવ આ શાસનરૂપી કલ્પતરુની છાયામા પરમ શાન્તિનો અનુભવ કરે છે

બળતો ઝળતો આતમા, સન્ત સરોવર જાય,
સમકિત કેરી લહેરમા, સ્વરૂપ ઝીલોળા ખાય

સતોના ચરણોમા શીતલતા છે સસારના જગલમા થાકેલો જીવ સતોના ચરણોમા આવીને શાન્તિ પામે છે માટે જ જ્ઞાનીઓ કહે છે—

શાન્તિ પમાડે તેને તો સન્ત કહીએ
તેના દાસના દાસ થઈ રહીએ

આવા એક સત—ગોવાલિકા નામના સાધ્વીજી ફરતા ફરતા ચપાપુરીમા પધાર્યા ભગવાને મોક્ષમાર્ગમા સાધુ અને સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને સરખો અધિકાર આપ્યો છે જેને મોક્ષ લેવો હોય તે ઇન્દ્રિયોની ફૂદાફૂદ મૂકી દે, પછી એ સ્ત્રીશરીર હોય કે પુરુષશરીર હોય

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અતરાય એ ઘનઘાતી કર્મો ક્ષણે ક્ષણે આત્માનો ઘાત કરે છે ગોવાલિકા સાધ્વીજી જ્ઞાની છતા સરળ હતા સરળતા વિના જ્ઞાન શોભતુ નથી સરળતા હોય તો જ આત્મા કર્તવ્યની દિશામા વળી શકે છે સરળતા વિનાનુ જ્ઞાન અભિમાનમા પરિણમે છે

દૃષ્ટાન્ત—કાશીમાં બાર વર્ષ સુધી ભણીને એક પંડિત પોતાના ગામમાં આવ્યો. પણ તેનું શુષ્ક જ્ઞાન એના ગર્વનું કારણ બન્યું. શાસ્ત્રાર્થનો એ અભ્યાસી હતો. દેશદેશના પંડિતો આ પંડિતજીથી ગભરાતા હતા અને પંડિતજી પણ માનતા હતા કે છે કોઈ મારા પગભરનો ઝીલનારો? જે હોય તે મને શાસ્ત્રાર્થમાં હરાવે.

અને પોતાથી હારેલા પાસેથી તે દક્ષિણારૂપે સોનાનું પૂતળું લેતો હતો. આવાં તો અનેક સોનાનાં પૂતળાંઓ મેળવીને પંડિતજી નર્યા અભિમાનનું પૂતળું બની ગયા હતા!

એક વાર ગામમાં ધાડપાડુઓ આવ્યા. બધાને ખબર હતી કે પંડિતજીએ દેશદેશના પંડિતોને હરાવીને સોનાનાં પૂતળાં ભેગાં કર્યાં છે. એ બે પચાસેક જેટલા ધાડપાડુઓ પંડિતજીના ઘરમાં પેસી ગયા. બધા લોકો ભયના માર્યા સંતાઈ ગયા અને પંડિતજીનું ઘર લૂંટાયું. ધાડપાડુઓએ પંડિતજીને મુશ્કેટાટ બાંધીને ચારે બાજુ પાણીવાળા એક ઉજ્જડ બેટમાં મૂકી દીધા.

હવે આ ઉજ્જડ બેટમાં પંડિતજીનું જ્ઞાન શા કામનું? જ્યાં સુધી જીવમાં 'હું કંઈક છું, જાણતા છું, બધું જાણું છું' એવો ભાવ હોય ત્યાં સુધી એ આત્માથી દૂર ને દૂર છે. પંડિતજીને ભૂખ લાગી પણ હવે એકલા શુષ્ક જ્ઞાનથી થોડી ભૂખ ભાંગે છે? તરસ લાગી પણ આજુબાજુમાં તો ખારું પાણી હતું. તરીને એ પોતાને ઘેર જઈ શકે, પણ તરતાં તો એ જાણતા ન હતા એટલે ભરતના ડૂચાની જેમ તેમનું અભિમાન પીગળવા લાગ્યું! મને તરતાં આવડતું નથી ત્યાંથી પંડિતની જ્ઞાતિની શાખ્યાત ખાઈ ઉપરે સમજતાં સમજતાં તેમને એ સમજાઈ ગયું કે 'હું કાંઈ નથી!' એમનો જે ઘમંડ અજગરના ફુંફા જેવો હતો તે હવે હવામાં વિલીન બની ગયો! પંડિતજીમાં હવે સરળતા આવી ગઈ કારણ કે—

ભર્યો તો છલકાય નહીં છલકાય અધ.
ભસે તો ભૂંકે નહીં ને ભૂંકે તે ભસે.

ફૂટબોલના દડાને આમતેમ અથડાતો-કુટાતો જોઈને કવિએ પૂછ્યુ, ' એ દડા ! તારે જેના તેના ધક્કા કેમ ખાવા પડે છે ? કોઈ તને લાકડીથી ફગાવે છે, તો કોઈ લાતથી ઉડાવે છે તારી આવી દુર્દશા કેમ ? ' દડાએ જવાબ આપ્યો, ' મારા પેટમા હવા છે, એટલે બધાની ઠોકરો ખાવી પડે છે જ્યારે એ હવા નીકળી જશે ત્યારે મને કોઈ ઠોકર મારશે નહી ' એમ માનવીમા જ્યા સુધી અભિમાનનો પવન ભર્યો છે ત્યા સુધી એને ચાર ગતિની ઠોકર ખાવી પડે છે માન જાય તો જ્ઞાન મળે

મહાસતી ગોવાલિકા મહાજ્ઞાની હતા, સાચે રસ્તે દોરનારા અને મોક્ષધર્મની લહાણી કરનારા હતા ચ પાપુરીમા આવા સ તની પધરામણીથી આન દ ફેલાઈ ગયો

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૭૦

(રવિવાર, તા ૧૫-૯-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે સુકુમાલિકા દાનશાળાની પ્રવૃત્તિમા રોકાયેલી છે ચ પાપુરીમા પધારેલા ગોવાલિકા સાધ્વીજીની સાથે અનેક સાધ્વીઓનો પરિવાર છે તેઓ અને તેમનુ સાધ્વીમ ડળ અપૂર્વ ત્યાગી અને સયમી છે તમને ત્યાગમા દુ ખ અને ભોગમા સુખનો ભાસ થાય છે, કારણ કે તમારી દૃષ્ટિ પુદ્ગલો તરફ છે તમે સળગતા દાવાનળમા પગ મૂકવામા આન દ માનો છો દીકરીને સાસરે વળાવતી વખતે 'સ સાર દાવાનળ છે, સાસુની દુ ખની ચક્કીમા પિસાવુ પડશે, એક સાધતા તેર તૂટશે એવુ આ જીવન કારમુ છે.'

—એમ દોરીને કહેનારાં કેટલાં માતાપિતા હશે? પણ જે ભોગમાં પડ્યા તેના ભોગ લાગી જાય છે. કમ્બખ્ત એ આરંભ છે અને મમતા એ પરિગ્રહ છે. આરંભ અને પરિગ્રહનો ત્યાગ એ સાચો ત્યાગ છે. શાલીભદ્ર એ વાણિયા સમભાવે જીવન જીવનારા અને ત્યાગમાં સુખ માનનારા હતા.

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો,
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહીં એ સ્થિરતાનો અંત જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે!

આત્માના આનંદને જ સાચો આનંદ માનનાર આત્માઓ જ નિરંજન અને નિર્વિકાર બની શકે છે.

લાભ, અલાભ, સુખ, દુઃખ, માન, અપમાન, નિંદા પ્રશંસામાં સમભાવ રાખનારા આત્માઓ જ આત્માને સ્થિર કરી શકે છે. કંચની વર્ષાના વાવાઝોડામાં તેનું બેસણ ખસી જતું નથી. એટમ બોમ્બ અને જેટ વિમાનો જેવી વૈજ્ઞાનિક સિદ્ધિઓ જોઈને તમે નાચવા માંડો છો પણ એ બધી પુદ્ગલની ખૂબીઓ છે. આથી અનંતગણું આશ્ચર્ય અને અનંત સિદ્ધિઓના ભંડાર આત્મામાં ભર્યો છે. આનંદ-સમૃદ્ધ અનંતા ગુણો છે પણ ક્રોધાદિ કષાયોમાં રચ્યાપચ્યા જીવોને આત્મા તરફ લક્ષ જ ક્યાં રાખવું છે! અને પારકા દૂધ-સાકરની વાટકી આવે તો મીઠી લાગે તેમ આત્મા અનંત શક્તિનો ધણી, અનંત જ્ઞાનનો ભંડાર છે. પણ તમારા વૈભવનું તમને માહાત્મ્ય નથી. નાના નાના છોડને ઝારી વડે પાણી પાવું પડે છે પણ એ જ્યારે મોટું ઝાડ થઈ જાય ત્યારે પોતાનાં જ મૂળ વડે અઢળક પાણી શોષીને સ્વાવલંબી બની જાય છે. તમે વારંવાર આશાઓ રાખો છો છતાં કોઈ દિવસ સ્વાવલંબી બન્યા નહીં. કારણ કે તમારો મૂળ સાથેના સંબંધનો વિચ્છેદ થયેલો છે. કોઈ પૈસાદારની મોટર જુઓ કે તેની સાથે થોડોક સંબંધ બાંધ્યો, છતાં તમે લોકોને કહો છો કે આ શેઠ અમારા શેઠાણીના વેવાઈ થાય

છે તે એટના ધર્મનિષ્ઠ છે કે માળા કર્યા વિના પાણી પણ પીતા નથી આ સાભળીને વળી મોટરવાળા ભાઈ રબ્બરના ફુગ્ગાની જેમ ફુલાય છે કે મારી ગણતરી ધર્મનિષ્ઠમા કરી એ મોટરવાળા વળી વખાણ કરનારના વખાણ કરવા માડે ! આ સામસામેના વખાણ ચેતનના થયા કે જડના ?

દૃષ્ટાન્ત—એક ઊટના લગ્ન થવાના હતા, પણ ઊંટના ગીત ગાવા માટે તો કોઈ જોઈએ ને ? આથી તેણે ગધેડાની મડળીને ગીત ગાવા માટે બોલાવી—' **उष्ट्राणां च विवाहेषु गीतं गायन्ति गर्दभाः** ।' ગીત ગાનારા ગધેડાઓ ગીતમા ઊટના સ્વરૂપના વખાણ કરવા લાગ્યા. હવે વખાણ કરનારના પણ વખાણ તો કરવા જ જોઈએ ને ? એટલે ' **परस्पर प्रशंसन्ति अहो रूपमहो ध्वनि**—' ઊટે ગધેડાના સ્વરના અને કડના વખાણ શરૂ કર્યા ! આ પરસ્પરની પ્રશસામા સાચુ કોને ગણવુ ? ઊટના રૂપને કે ગધેડાના ગીતને એ તો સજ્જનો જ સમજી શકે !

જકશનમા ઘણી ગાડીઓ હોય, પણ જેને જ્યા જવાનું હોય, એ ગાડીમા બેસાય તો જ ઠેકાણે પહોચાય, પણ તમે તો મોક્ષના ગાડી જ ચૂકી ગયા છો, માટે ગાડીને ઓળખ્યા વિના ચઢી બેસશો તો પસ્તાશો જ્ઞાન, દર્શન અને ચારિત્રમા શુદ્ધિ રાખશો તો તમને પડિતવીર્ય પ્રગટશે, અને જો ભોગના બીમારી બનશો તો બાલવીર્યમા ખપી જશો ચારિત્ર વિના પડિતવીર્ય મળતુ નથી છઠ્ઠા ગુણસ્થાનેથી પડિતવીર્યની શરૂઆત થાય છે જેટલી વિરતિ તેટલુ પડિતવીર્ય, અને જેટલી અવિરતિ તેટલુ બાલવીર્ય તમારી દૃષ્ટિ સોનાના ઘાટ પર છે, પણ ઘાટ પર દૃષ્ટિ કરવી એ પર્યાયદૃષ્ટિ છે, ઘાટમા રહેલા સોનાને જુઓ તો દ્રવ્યદૃષ્ટિ આવે તમે પુદ્ગલના ગાણા ગાઈ રહ્યા છો, પરન્તુ ગાણા તો અદર બેઠેલા આત્માના હોય, નાશવત પુદ્ગલના નહી

દૃષ્ટાન્ત—કાશીમાં પાંડુ કરીને એક બાળકનાં માતપિતા બાળપણથી મરી ગયાં અને એ એક ઝવેરીને ત્યાં નોકરીએ રહ્યો મોટો થતાં એ એવો તો રત્નોનો પરીક્ષક બન્યો કે એની કરેલી પરીક્ષા કોઈ દિવસ ખોટી જ પડે નહીં આમ બાળપણમાંથી આગળ વધીને એ પાંડુ ઝવેરી બની ગયો. શ્રીમંતાઈ આવી ગઈ પૈસા વધવા લાગ્યો. હવે તો એનું કોઈ સગું ન હતું, ત્યાં હજારો સગા થવા લાગ્યા જ્યાં મધ હોય ત્યાં મધમાખીઓ વિના બોલાવ્યે આવે છે

એકવાર બીજા શહેરથી રથમાં બેસીને એ કાશી જઈ રહ્યો હતો તેના ખોળામાં સોનામહોરની થેલી હતી. મહાદત્ત નામનો સારથિ રથ ચલાવી રહ્યો હતો એટલામાં એ જ રસ્તે આવ્યો. તે એક બૌદ્ધ સાધુ તેને મળ્યો. સૂર્યના તાપથી તપેલી રેતીમાં એ ઉઘાડે પગે ચાલ્યો જતો હતો. શરીર પર ફાટ્યું વસ્ત્ર ઓઢ્યું હતું તેને જોઈને પાંડુ ઝવેરીએ રથને ઊભો રાખ્યો અને તેણે કહ્યું સાધુ મહારાજ! ઉઘાડે પગે આપ ચાલી રહ્યા છો. મારો રથ કાશી જવાનો છે આપને પણ જો એ તરફ જવાનું હોય તો મારા રથમાં બેસી જાવ. અને એ સાધુ રથમાં બેસી ગયો. રથમાં બેઠા બેઠા પાંડુ ઝવેરીએ પૂછ્યું મહારાજ! તમે રસ્તામાં મળ્યા ત્યારે કેમ બોલ્યા નહીં કે હું થાકી ગયો છું મારે મને રથમાં બેસાડો. સાધુએ જવાબ આપ્યો ભાઈ! અમે કોઈને દુઃખ આપીને સુખ ભોગવવા ઇચ્છતા નથી. વળી ચાલીને ત્યાગમાં અમે ટેવાયેલા પણ છીએ મારા સુખ માટે કોઈને અગવડમાં મૂકવાની ઇચ્છા ન હતી. પણ શેઠ! તમે મારા પર મોટો ઉપકાર કર્યો છે હું તમારું ઋણ વાળવું ન કે ભૂલું તે સાંભળી શેઠને હસવું આવ્યું કે મૂઠીમાં માત્ર બે લંગોટી હતી તે શું મારું ઋણ વાળવાનો હતો? પૈસાથી જ ઋણ વાળી શકાય છે તેમ શેઠ માનતા હતા. વાતચીત કરતાં કરતાં રથ આગળ ચાલ્યો. નદીને પેલે પાર એક નેળિયું આવ્યું નેળિયામાં જતાં રથ ઊભો રહી ગયો. પાંડુ ઝવેરીએ પૂછ્યું મહાદત્ત! રથને કેમ ઊભો રાખ્યો છે? મહાદત્ત સારથિ બોલ્યો આગળ

ચાલ્યુ જતુ એક ગાડુ અટકયુ છે ગાડાવાળો ગાડાને બહાર કાઢવાની મહેનત કરે છે, પણ ખાડામા પડેલુ ગાડુ નીકળી શકતુ નથી જ્યાસુધી એ ગાડુ આગળ ન ચાલે, ત્યાસુધી રથને રોકાવુ પડશે'

પાડુ ઝવેરી રથમાથી નીચે ઊતર્યો અને જોયુ તો ગાડામા ચોખાની ગુણીઓ ભરી હતી ગાડુ ખાડામા ફસાઈ ગયુ હતુ આથી તેણે મહાદત્ત સારથિને આજ્ઞા કરી, 'ગાડામાથી ચોખાની ગુણીઓને નીચે ફેકી દો, અને ગાડાને કાઢીને એક બાજુ પર મૂકી દો મારે જલદી પહોચવુ છે ગાડાવાળાને વાકે અહી અટકી રહેવુ મને પાલવશે નહી ' આમ શેઠનો મિજાજ ગયો તે બોલ્યો, 'ગાડામા વધારે ભાર છે તો ઓછો કરી નાખ બમણો તમણો ભાર ભરીને ઘાતકીઓ બળદને મારી નાખે છે બાપડા મૂગા પ્રાણીની જરા દયા રાખો ને!'

ગાડાવાળો કરગરતો રહ્યો ને મહાદત્ત સારથિએ ચોખાની ગુણીઓને નીચે ફગાવી નાખી ગાડાને એક બાજુ મૂકીને તેણે રથને આગળ જોરથી ચલાવ્યો ગાડાવાળો માથે હાથ દઈ નીચે બેસી ગયો પાડુની આ નિર્દયતા પર બૌદ્ધ સાધુને દયા આવી નેળિયુ પૂરુ થતા સાધુએ કહ્યુ, 'રથને ઊભો રખાવો મારે નીચે ઊતરવુ છે' પાડુ ઝવેરી બોલ્યો, 'મહારાજ! તમે તો કહેતા હતા કે મારે કાશી જવુ છે અને આ રથ પણ કાશી જઈ રહ્યો છે, તો પછી આપ કેમ ઊતરી જાવ છો?'

'ભાઈ!' રથમાથી નીચે ઊતરતા ભિક્ષુ બોલ્યો, 'મારે તારુ ઋણ ચૂકવવા માટે જવાનુ છે ' પાડુ બોલ્યો, 'મારુ ઋણ તે તમે કેવી રીતે ચૂકવવાના છો?' રથમાથી નીચે ઊતરતા ભિક્ષુએ કહ્યુ, 'એ તમને હમણા નહી સમજાય, ભાઈ! તમે તમારે રસ્તે જાવ હુ મારે રસ્તે જઈશ તમારા નસીબ સાથે તેનુ નસીબ જોડાયેલુ છે'

ભિક્ષુ ત્યાથી પાછો ફરીને ગાડાવાળા પાસે આવ્યો નીચે ફેકી દીધેલી ચોખાની ગુણને એક એક કરીને તે ગાડામા ચડાવવા પ્રયત્ન કરી રહ્યો હતો, પણ પાચ મણની ગુણી એકલે હાથે કેવી રીતે ઊચકાય? સાજ પહેલા તો તો કાશીએ પહોચવી કરવાની હતી એટલામા ભિક્ષુ

આવી પહોંચ્યો. ગાડાવાળાએ પૂછ્યું : મહારાજ ! તમે તો રથમાં બેઠા હતા ને પાછા કેમ વળ્યા ! આ પૈસાદારો કેવા દુષ્ટ હોય છે ! તેમનામાં દયા કે લાગણીનો છાંટો હોતો નથી. ભિક્ષુ બોલ્યો : ભાઈ ! હું તારી ખુશીઓ ચાહવા માગું છું. પણ તારી ખુશીઓ કે હાની કરનાર પાંડુ ઝવેરી પર તું દ્વેષ ન કરતો, કારણ કે તારો અને તેનો બંનેનો ઝઘડો ચીતરનાર દરજી એક જ છે. એ દરજીનું નામ છે કર્મદેવ. રાગ અને દ્વેષ એ કર્મશિલ્પના બંધનો છે. આમ કહીને સાધુએ ગાડાવાળાની બધી ખુશીઓ ચલાવવામાં સફળતા કરી અને સાધુ કૌશાંબી તરફ આગળ ચાલ્યો. રસ્તે ચાલતાં પણ ભિક્ષુએ ખેડૂતને જ્ઞાન આપતાં કહ્યું : ભાઈ ! રાગ અને દ્વેષની નવાં કર્મો બંધાય છે. પાંડુ ઝવેરીએ તને દુઃખ ન કર્યો. એ પણ તારું કોઈ કર્મનું ફળ હશે. એ ફળ તો તને પાંડુ તરફથી નહીં તો બીજા કોઈ તરફથી પણ મળવાનું જ હતું. તેમાં પાંડુ તો માત્ર નિમિત્ત જ બન્યો છે. મુખ્ય ઉપાદાનકારણ તો તારાં જ કર્મનું અમોઘ ફળ છે.

આમ વાતો કરતા કરતા તેઓ આગળ ચાલ્યા જતા હતા ત્યાં રસ્તામાં એક સોનામહોરની થેલી પડેલી જોવામાં આવી. ગાડાવાળાએ તેને ઊંચકી લીધી પરન્તુ ભિક્ષુએ કહ્યું : આ થેલી પાંડુ ઝવેરીની જ રથમાંથી પડી ગઈ છે. માટે દ્વેષ કરીને તારાં કર્મનાં નવાં બીજ વાવીશ નહીં. આ સોનામહોરની થેલી કાશીમાં પહોંચતાં વાર જ તેને પહોંચાડી દે. એ બીચારો લોભનો ભીખારી છે. થેલી ખોવાયાની ખબર પડતાં વાર જ એ માથાં કૂટવા લાગશે. હું તારી જાતને એ પાંડુ ઝવેરીને ઠેકાણે મૂકી જો. તારી થેલી જાય તો તને કેવું દુઃખ થાય ! આ થેલી જો તું રાખીશ તો નવું કર્મ બંધાશે.

ગાડાવાળાની વૈરવૃત્તિ ભિક્ષુના સત્સમાગમ દ્વારા ટળી ગઈ. તેનાં કર્મનાં નવાં વાવેતર અટકી ગયાં ! વૈરની સ્મૃતિ પણ નવા કર્મબંધનનું કારણ બને છે. માટે પૂર્વ વૈરનું સ્મરણ પણ કરશો નહીં.

ગૌતમે પ્રશ્ન કર્યો, ભગવન્, ક્ષમાપના કરવાથી શું થાય ? ભગવાને

જવાબ આપ્યો 'ક્ષમાપના કરવાથી આહ્લાદભાવ ઉત્પન્ન થાય, આહ્લાદભાવથી મૈત્રી જન્મે, મૈત્રી થતા આત્મભાવ આવે, તેથી ભાવ-વિશુદ્ધિ થાય અને તે નિર્ભય બની જાય' તમે તો અમારા કહેવાથી વર્ષમા એકવાર ક્ષમાપના કરો છો અને તે પણ ભાવનાવિહોણી ! વૈદ્યે કોઈ બીમારને દવાની પડીકી ખાઈ જવાનુ કહ્યુ દરદી અ દરની દવાને ફેકી દઈને એકલી કાગળની પડીકી ખાઈ જાય તો એનુ દર્દ કોઈ દિવસ મટે ખરુ ? એમ ક્ષમાપના ભાવપૂર્વક થવી જોઈએ ભાવવિશુદ્ધિ વિના સાચી ક્ષમાપના અસભવિત છે

એ જ કાશી નગરમા એક મલ્લિક નામનો વેપારી રહેતો હતો તેણે ચોખાનો વેપાર કર્યો હતો અને અમુક મુદ્દતમા ચોખા ન પહોચે તો તેને મોટુ નુકસાન પડે તેમ હતુ ચોખાનુ ગાડુ મોડુ પડવાથી મલ્લિક પાડુ ઝવેરીની પાસે આવ્યો તેણે કહ્યુ, 'ચોખાના વેપારમા મે ચોખા પૂરા પાડવાનુ નક્કી કર્યું છે, પણ ચોખાની ગુણીઓ આજસુધી આવી નથી આથી મને પૈસાનુ ભયકર નુકસાન થશે મારુ ગાડુ તમે રસ્તે જોયુ ?' હા હા, તેના કોથળા તો મે જ ગાડામાથી ફેકાવી દીધા હતા કોણ જાણે ક્યારે અહી આવશે ? કાળા રગનો કપાળમા ઘાની નિશાની હતી તે જ ગાડુ તમારુ હતુ ?' પૈસાનુ નામ પડતા વાર જ પાડુ ઝવેરીને સોનામહોરની થેલી યાદ આવી રથમાં જોયુ, ત્યા થેલી ન મળે થેલી ખોવાયાથી પાડુ ઝવેરી ઊચોનીચો થવા લાગ્યો તેણે મહાદત્ત સારથિને ધમકાવીને પૂછ્યુ ' 'રથમા પડેલી થેલી તે જ લીધી છે, માટે આપી દે' મહાદત્ત સારથિએ કહ્યુ, 'થેલીને તો તમે ખોળામા જ રાખી હતી, મને થેલીની કાઈ ખબર નથી' આથી ક્રોધ કરીને પાડુએ સારથિને અધારી કોટડીમા પૂરી દીધો અને ખૂબ માર માર્યો મલ્લિક તો મૌન જ બની ગયો પૈસાની વાત કરવા માટે એ પાડુ ઝવેરીની પાસે આવ્યો હતો, પણ એવુ જ દુખ પાડુના ઉપર પણ આવી પડ્યુ હવે બન્ને સરખા દુખિયા ભેગા થયા તેમા કોણ કોનુ દુખ ભાગે ? સુખી સમજી જેની આગળ પોતાનુ દુખ

રડવા આવ્યો તે પોતે જ દુઃખી નીકળ્યો.

એટલામાં ગાડાવાળો દોડતો દોડતો આવી પહોંચ્યો અને કહ્યું, પ્રભુ! લો આ તમારી સોનામહોરોની થેલી. તમારી છે ને? રસ્તામાં પડી ગઈ હતી તે મને મળી છે. થેલી મળવાથી પાંડુ ઝવેરી આનંદમાં આવી ગયો. કહ્યું ગાડાવાળાનો આભાર માનતાં પ્રભુ ભાઈ! તેં મારી આબરૂ રાખી. મેં તો તારા પર અપકાર કર્યો હતો. મારો રથ ચલાવવા માટે મેં તારી ચોખાની ગુણીઓને નીચે ફેંકી દીધી હતી, ત્યારે તું તને મળેલી સોનામહોરોની થેલી મને સોંપવા માટે આવ્યો! પણ એ તો કહે કે ચોખાની ગુણીઓને તેં એકલે હાથે ગાડામાં ચડાવી કેવી રીતે? ગાડાવાળો બોલ્યો, જે ભિક્ષુ તમારા રથમાંથી નીચે ઊતર્યા તેમણે આવીને મને મદદ કરી અને તમારા પર દ્વેષ નહીં કરવાનો ઉપદેશ પણ તેમણે જ મને આપ્યો. આ થેલી આપને સોંપવાનું પણ તેમણે જ કહ્યું છે. સત્કર્મનો કણેકણ જમીને પાંગરશે એ નક્કી છે. બીજાના સુખનો પ્રથમ વિચાર કરજે.

પાંડુ ઝવેરીને હવે જ ખ્યાલ આવ્યો કે રથમાંથી નીચે ઊતરતી વખતે એ ભિક્ષુએ કહ્યું હતું કે હું તમારું ઋણ ચૂકવવા માટે જાઉં છું. ઓહો! આ ભિક્ષુનો કેટલો મોટો ઉપકાર છે! ગાડાવાળાનાં પણ અહોભાગ્ય કે તેને આવા મહાત્માનો સત્સંગ થયો. થોડા વખતના સહવાસમાં તેનું જીવન સુધરી ગયું. શેઠને પણ એવો સત્સંગ કરવાનો શુભ ભાવ થયો ને સતત શોધ્યા.

ગોવાલિકા નામનાં સાધ્વી આત્મતત્ત્વના જાણકાર હતાં. ગોપાપુરીના લોકો આવા પુણ્યશાળી મહાત્માના સત્સંગ માટે ઝંખી રહ્યાં હતાં. અનેકને આત્મતત્ત્વ જાણવાની ઇચ્છા હતી.

જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં
ત્યાંસુધી સાધના સર્વ કાચી,
પારાના ઊંટના પગ ઘટતો નથી,
સાધના સમ ત્યાં થાય સાચી.

ગોવાલિકા સાધ્વી આત્મસાધનામા લીન હતા એમને ભવનો નિવેડો લાવવાનો હતો જ્યાસુધી આત્મતત્ત્વ તરફ દષ્ટિ દીધી નથી ત્યાસુધી ઘાણીના ઊ ટની માફક આ ચાર ગતિમા પરિભ્રમણ કરવુ પડે છે. હવે સંસાર-અટવીનો પથ કાપવો હોય, ભવનો નિવેડો લાવવો હોય તો આત્મતત્ત્વની ઓળખાણ કરી શાશ્વતપદ પામવાના પુરુષાર્થને ઉપાડશો, તો અવશ્ય કલ્યાણ થશે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૭૧

(સોમવાર, તા ૧૬-૯-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુ સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે ગોવાલિ નામના સાધ્વી અગિયાર અગના જાણકાર હતા સૂત્રના આધારે, સાધુપણુ કેમ પાળવુ, ક્યે માર્ગે મોક્ષમા જવાય, એ બધુ સૂત્રસિદ્ધાન્તમાં બતાવેલુ છે સાધુ-સાધ્વીઓના જીવન પણ વીતરાગે પ્રરૂપેલાં સૂત્રોને આધારે હોવા જોઈએ.

> પાપ નહી કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસો,
> ધર્મ નહી કોઈ જગ સૂત્રસરીખો.
> સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
> તેહનો શુદ્ધ ચારિત્ર પરીખો
> ધાર તલવારની સોહિલી દોહિલી,
> ચૌદમા જિન તણી ચરણ સેવા

સૂત્રથી ઓછુ, અધિક કે વિરુદ્ધ ભાષણ કરનાર અથવા કપોલકલ્પિત ગ્રન્થો રચીને વાતો કરનાર મહાપાપના ભાગીદાર છે ઉત્સૂત્ર

રડવા આવ્યો તે પોતે જ દુઃખી નીકળ્યો.

એટલામાં ગાડાવાળો દોડતો દોડતો આવી પહોંચ્યો અને તેણે કહ્યું : લો આ તમારી સોનામહોરોની થેલી. તમારી છે ને ! રસ્તામાં પડી ગઈ હતી તે મને મળી છે. થેલી મળવાથી પાંડુ ઝવેરી આનંદમાં આવી ગયો. તેણે ગાડાવાળાનો આભાર માનતાં કહ્યું : ભાઈ ! તેં મારી આબરૂ રાખી. મેં તો તારા પર અપકાર કર્યો હતો. મારો રથ ચલાવવા માટે મેં તારી ચોખાની ગુણીઓને નીચે ફેંકી દીધી હતી, ત્યારે તું તને મળેલી સોનામહોરોની થેલી મને સોંપવા માટે આવ્યો ! પણ એ તો કહે કે ચોખાની ગુણીઓને તે એકલે હાથે ગાડામાં ચડાવી કેવી રીતે ? ગાડાવાળો બોલ્યો : જે ભિક્ષુ તમારા રથમાંથી નીચે ઊતર્યા તેમણે આવીને મને મદદ કરી અને તમારા પર દ્વેષ નહીં કરવાનો ઉપદેશ પણ તેમણે જ મને આપ્યો. આ થેલી આપને સોંપવાનું પણ તેમણે જ કહ્યું છે. સત્કર્મનો કણેકણ ઊગીને પાંગરશે એ નક્કી છે. જીવનના સુખનો પ્રથમ નિયમ કરજો.

પાંડુ ઝવેરીને હવે જ ખ્યાલ આવ્યો કે રથમાંથી નીચે ઊતરતી વખતે એ ભિક્ષુએ કહ્યું હતું કે હું તમારું ઋણ ચૂકવવા માટે જાઉં છું. ઓહો ! આ ભિક્ષુનો કેટલો મોટો ઉપકાર છે ! ગાડાવાળાનાં પણ અહોભાગ્ય કે તેને આવા મહાત્માનો સત્સંગ થયો. થોડા વખતના સહવાસમાં તેનું જીવન સુધરી ગયું. શેઠને પણ એવો સત્સંગ કરવાનો શુભ ભાવ થયો ને સંતને શોધ્યા.

નોવાધિકા નામનાં સાધ્વી આત્મતત્ત્વના જાણકાર હતાં. ચંપાપુરીના લોકો આવા પુણ્યશાળી મહાત્માના સત્સંગ માટે ઝંખી રહ્યાં હતાં. અનેકને આત્મતત્ત્વ જાણવાની ઇચ્છા હતી.

જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં
ત્યાંલગી સાધના સર્વ જૂઠી
પાર્થિના ભિટના પગ પડતો નથી,
સાધના સમજવો થાય સાચી.

ગોવાલિકા સાધ્વી આત્મસાધનામા લીન હતા એમને ભવનો નિવેડો લાવવાનો હતો જ્યાસુધી આત્મતત્ત્વ તરફ દષ્ટિ દીધી નથી ત્યાસુધી પ્રાણીના ઊટની માફક આ ચાર ગતિમા પરિભ્રમણ કરવુ પડે છે. હવે સસાર–અટવીનો પથ કાપવો હોય, ભવનો નિવેડો લાવવો હોય તો આત્મતત્ત્વની ઓળખાણ કરી શાશ્વતપદ પામવાના પુરુષાર્થને ઉપાડશો, તો અવશ્ય કલ્યાણ થશે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૭૧

(સોમવાર, તા ૧૬–૯–૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી પ.. સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે ગોવાલિકા નામના સાધ્વી અગિયાર અગના જાણકાર હતા સૂત્રના આધારે સાધુપણુ કેમ પાળવુ, કયે માર્ગે મોક્ષમા જવાય, એ બધુ સૂત્રસિદ્ધાન્તમા બતાવેલુ છે સાધુ–સાધ્વીઓના જીવન પણ વીતરાગે પ્રરૂપેલા સૂત્રોને આધારે હોવા જોઈએ

પાપ નહી કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસો,
ધર્મ નહી કોઈ જગ સૂત્રસરીખો.
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનો શુદ્ધ ચારિત્ર પરીખો
ધાર તલવારની સોહિલી દોહિલી,
ચૌદમા જિન તણી ચરણ સેવા

સૂત્રથી ઓછુ, અધિક કે વિરુદ્ધ ભાષણ કરનાર અથવા કપોલકલ્પિત ગ્રન્થો રચીને વાતો કરનાર મહાપાપના ભાગીદાર છે ઉત્સૂત્ર

પ્રરૂપણાના જેવું કોઈ પાપ નથી. ને સૂત્રની યથાર્થ પ્રરૂપણાના જેવો કોઈ ધર્મ નથી. કૂપ કહે છે કે મારે હવે કોઈ ડાળી શાખા પાન કે મૂળની જરૂર નથી, કારણ કે હવે મારામાં સુવાસ આવી ગઈ છે હું સંપૂર્ણ રીતે ખીલી ચૂક્યો છું તો એ કેમ ચાલશે? કોઈ એમ માને કે મને હવે અધિકારીઓ વકીલો બેરિસ્ટરો અને ડૉક્ટરો માને છે અને મસ્તકમાં પદે છે માટે હવે મારે સૂત્રસિદ્ધાન્તની કોઈ જરૂર નથી તો એ પોતાની જાતને અને તેને માનનારાઓને ઊંધે રસ્તે દોરી રહ્યો છે. સૂત્રનો સ્વાધ્યાય કરનારને અભિમાન ભેગ કરવા પડતા નથી. આત્માને મોક્ષમાર્ગી બનાવવાના સિદ્ધાન્તો એ સૂત્રમાં ભર્યા છે પણ ઇન્દ્રિયાધીન સુખને માનનારાઓ સૂત્ર તરફ ઉદાસીન રહે છે

તમે કહો છો કે અમારાથી સ્વાધ્યાય થતો નથી અમારાથી ચૌવિહાર પણ થતો નથી અને અમુક પ્રકારનાં તપ વગેરે થઈ શકતાં નથી પણ આ તો તમે ભગવાનને પથ્થાણીને માથે ફેંકી દેવા જેવી વાત કરો છો. તમને તમારા ભાડાના-શરીરની કિંમત વધારે છે અને અંદર રહેલા આત્માની કિંમત નથી. તમે પુદ્ગલની પાછળ પ્રાણ ઘસી નાખો છો જેની પાછળ નીચું જોઈને દોટ મૂકી રહ્યા છો પણ તમારી આ માન્યતા તરફથી તમારે પાછા ફરવું જોઈએ.

દૃષ્ટાન્ત—રસ્તે ચાલતા એક માણસને એક રૂપિયાની નોટ જડી. એ ખુશ થઈ ગયો. આગળ ચાલતાં તેણે એક રૂપિયાની લોટરીની ટિકિટ ખરીદી. થોડા દિવસમાં તેને દસ હજાર રૂપિયા મળ્યા અને ભાગ્યના સારાં કર્માં કરતાં તેના પાંચ લાખ થઈ ગયા! પછી તો એના મૂડનો પાર જ ન રહ્યો. બંગલો, મોટર, રેડિયો, ફર્નિચર બધું આવી ગયું અને પૈસા વધતાં વધતાં દસ લાખ થઈ ગયા! હવે એ લાખોપતિના ફૂલની જેમ ઉછળવા માંડ્યો. થોડા વખત પછી દુઃખ પલટાણી ગયું ન ભાગ્યરેખાના પૂર ઓસરવા લાગ્યાં! દસ લાખમાંથી ઘટીને

જ્યાં પાંચ લાખ થઈ ગયા ત્યાં તો એ માથું પછાડવા લાગ્યો જ્યારે એક લાખમાંથી પાંચ લાખ થયા ત્યારે એના આનંદનો પાર ન હતો, હવે દશ લાખ થયા પછી ઘટીને પાંચ લાખ થયા તો એનો શોક સાગર છલકી ઊઠ્યો! જ્યારે મૂળમાં એક રૂપિયો પણ ન હતો ત્યારે પણ તેને આટલો શોક ન હતો આજે આ શોક ક્યાંથી આવી પડ્યો? માટે સુખ અને દુઃખ એ કલ્પનાની વસ્તુઓ છે આવી નાની સરખી ભૂલ પણ તમને સમજાતી નથી આ ભૂલ તમને આર્ત અને રૌદ્ર ધ્યાન કરાવીને ભવિષ્યમાં ભૂલા પાડવાની છે પ્રારબ્ધને આધીન પૈસો આવે ને જાય, પણ તમારા સુખદુઃખને પૈસા જેવી જડ વસ્તુની સાથે સાંકળી દેવા એ હિમાલય જેવી ગંભીર ભૂલ છે અંતે તો જે કાંઈ હોય એ પણ છોડીને જવાનું છે નાળિયેર બંધાય છે એ પણ અહીં ને અહીં છોડી લેશે એમાં કાંઈ સાથે લઈને જવાતું નથી

કેટલાક લોકો આનંદ મેળવવા માટે યુરોપ, અમેરિકા, સ્વીટ્ઝરલેંડ, જર્મની, જાપાન આદિ દેશોમાં જાય છે કોઈ કોઈ વાર તો ત્યાંથી દુઃખના પોટલાં બાંધીને જ પાછા ફરે છે એથી પણ અનંતા સુખોનો ભંડાર આત્મામાં છે જડ વસ્તુમાં સુખ છે જ નહીં ભગવાન કહે છે કે ચેતનમાંથી ચૈતન્ય મળે છે ને જડમાંથી જડતા મળે છે આત્મા ચેતન છે, એ સિવાયના તમામ પદાર્થો જડ છે

જડ પાસેથી ચેતન માગે, તું મને કંઈક દે,
નરસૈયાનો સ્વામી કહે, તારી એક ફૂટી કે બે

જડની પાછળ અનેક જિંદગીઓ ખર્ચી નાખશો તોય સાચો હીરો હાથમાં આવશે નહીં ધન, પુત્ર–પરિવાર, સત્તા આદિથી સુખ મળશે એવી જો તમારી કલ્પના હોય તો એ કલ્પના ઉપર કાતર મૂકી દેજો રમકડાંને ચાવી આપો એટલે એ દોડવા માંડે, પણ ચાવી પૂરી થયા બાદ એ ચાલી શકતું નથી પરંતુ તમે ચૈતન્યની શક્તિ તો જુઓ રેલવેના પાટા પર એક નાનો કથવો ચાલ્યો જતો હોય અને ગાડી

આવવાનો અવાજ સાંભળીને એ તરત નીચે ઉતરી જાય છે ત્યારે પાટા પરથી ઉપડી પડેલું એન્જિન એની મેળે પાટા પર આવી ચઢે ખરુ !

માંગમાનો રાયમલ રાજા એવો હતો કે કિલ્લાના લાલ કિલ્લાની વચ્ચેથી પોતાને હાથે જ પથ્થર ખેંચી કાઢે. મોટા મોટા હાથીઓ પણ જેની કાંકરી ન ખેરવી શકે તેવા કિલ્લામાંથી પોતાને હાથે પથ્થર ખેંચી લેવો એ ઓછા બળની વાત ગણાય ! એવી જ રીતે તમે છાતી પર મોટર ચલાવતા અને પથ્થર ભાંગતા તો જોયા હશે, પણ આ તો શરીર બળની વાત થઈ હવે જરા આત્માના બળની વાત સમજો.

પાંચસો હાથીના બળ જેટલું બળ એક સિંહમાં હોય છે એવા પાંચસો સિંહનું બળ એક અષ્ટાપદમાં અને એવા દસ હજાર અષ્ટાપદ બરાબર એક બળદેવ, બે બળદેવ બરાબર એક વાસુદેવ બે વાસુદેવ બરાબર એક ચક્રવર્તી એક કરોડ ચક્રવર્તી બરાબર એક દેવ, કરોડ દેવતાઓ બરાબર એક ઇન્દ્ર અને એવા ત્રણ લોકના જન બળવાનોનું બળ ભેગું કરો તેટલું બળ એક તીર્થંકરની ટચલી આંગળીમાં હોય છે આ છે આત્માનું અમોઘ બળ! જીવનાં લક્ષણો બતાવતાં ભગવાન કહે છે કે—

नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा।
वीरियं उवओगो य एयं जीवस्स लक्खणं ॥

—ઉત્તરાધ્યયનસૂત્ર, અ. ૨૮ ગા. ૧૧

જ્ઞાન દર્શન, ચારિત્ર તપ, વીર્ય અને ઉપયોગ એ જીવનાં લક્ષણો છે ત્યારે પુદ્ગલનાં લક્ષણો બતાવતાં કહે છે કે—

सद्दन्धयारउज्जोओ, पहा छायातवो इ वा।
वण्णरसगन्धफासा पुग्गलाणं तु लक्खणं ॥

—ઉત્તરાધ્યયનસૂત્ર અ. ૨૮ ગા. ૧૨

શબ્દ, અંધકાર, ઉદ્યોત પ્રભા છાયા આતપ, વર્ણ રસ ગંધ અને સ્પર્શ એ પુદ્ગલનાં લક્ષણો છે ત્યારે જીવનાં લક્ષણો આ પ્રમાણે છે—

एगत्तं च पुहुत्तं च, संखा संठाणमेव च ।
संजोगा य विभागा य पज्जवाणं तु लक्खणं ॥
—ઉત્તરાધ્યયનસૂત્ર અ° ૨૮, ગા ૧૩

એકત્વ, પૃથક્ત્વ, સખ્યા, આકૃતિ, સજોગ અને વિભાગ એ પર્યાયના લક્ષણો છે

માટે હવે તો જડની ઉપાસના છોડીને ચેતનના પૂજારી બનો અરિહત, સિદ્ધ, સાધુ, તપસ્વી આદિના ગુણગાન કરે તોય તીર્થંકર ગોત્ર બધાય, ત્યારે મિથ્યાત્વી જીવો માટીની ગોરને પણ પગે લાગે ! જેમા વિશેષ ગુણ હોય તે ગુણવિહોણાને પગે શા માટે લાગે ? તમારુ દર્શન તમને સમજાવે છે કે તમારા પુણ્યનો ઉદય હોય તો દેવતાઓ સામેથી તમારા બનવા આવે ! એક માણસ મરી જાય ને આખો દેશ હાહાકાર કરી ઊઠે ને એક માણસ મરી જાય ને એનો સગો ભાઈ પણ સ્મશાને ન જાય—આ પુણ્ય ને પાપના ઉદયનુ પરિણામ છે ત્યારે તમને થોડુ ક દુખ પડે ને બીજાનો ઓરતો કરવા લાગી જાવ છો ! શા માટે ? તમારા જ કર્મનુ ફળ છે એટલુ સમજી જાવ, તોપણ બેડો પાર થઈ જાય. અત્યાર સુધી તમને રખડાવનાર અને આ ભવમા દુખ આપનાર તમારા જ કરેલા કર્મ છે જેને દુખમા મૂકનાર તરીકે તમે માનો છો એ તો નિમિત્ત જ છે આ કર્મના ભુક્કા ઉડાવવા માટે જો તમે એ વખત ભાવપૂર્વક પ્રતિક્રમણ કરો, સુપાત્રે દાન આપો અને સાધુ, તપસ્વી શુદ્ધ આદિની યથાશક્તિ સેવા કરો, તોપણ તીર્થંકર ગોત્ર બધાય અનતશક્તિમાન તીર્થંકર તમે પણ બની શકો છો

પૃથ્વી વિના પગ મૂકવો, વાટ વગરનો દીવો,
જે ઘેર જઈને ઊપજવુ તે ઘેર જીવતા જુઓ

આવા સિદ્ધો એક ક્ષણમાત્રમા સિદ્ધક્ષેત્રમા પહોંચી જાય છે આ શક્તિ વિશુદ્ધ આત્માની છે, પણ તમે તો એક પેડા માટે રત્ન આપી દો છો જડને ખાતર ચેતનની હત્યા થઈ ન જાય તેનો ખ્યાલ રાખો.

ઇન્દ્રિયોના સુખોને ખાતર એકેન્દ્રિય બનવા શા માટે તૈયારી કરો છો ?
કૂતરાના મોંમાં આવેલું હાડકું ચાવી ચાવીને કૂતરો હાડકાના સ્વાદને
વખાણતો હોય છે પણ એને ખબર નથી કે એ જ હાડકું દાંતમાં
પેસી જવાથી એના જ દાંતમાંથી નીકળતા લોહીનો એ સ્વાદ છે
હાડકામાં કાંઈ સ્વાદ નથી. માટે સાચો સ્વાદ લેનાર આત્મા છે ઓળખા-
ણરૂ શરીરમાં સ્વાદ લેવાની શક્તિ નથી. જ્યાં ન મનાય તો અખતરો
કરી જુઓ. કોઈ મૃત્યુ પામેલા શબના મોંમાં દૂધપાકનો ચમચો આપી
જુઓ એને સ્વાદ આવશે ખરો ! પરંતુ આ બધું તમને સમજાતું
નથી. છોકરો રખડુ થઈ ગયો હોય તો તેનો દંડો સમ છોડાવવા
તમે તૈયાર બનો છો પરંતુ આત્મા રખડુ બની ગયો છે તેનો કુસંગ
છોડાવવા તમે તૈયાર નથી.

બાલાવિકા સાધ્વી બધા આગમોના અનુભવ હતાં. સાધ્વીઓ
ગણ પ્રકારના ન હોય તેનાથી કોઈ ગામમાં ચાતુર્માસ કરવું રોકાવાય
નહીં. આચારાંગસૂત્રમાં સાધુસાધ્વીઓને આચરવા યોગ્ય આવા અનેક
અપવાદો છે અને એ કાયદાઓનું પાલન નહીં કરનાર માટે નિશીથ
સૂત્રમાં તેનું દંડવિધાન છે. ઓછામાં ઓછાં આઠ પ્રવચનોથી લઈને
ચૌદ પૂર્વ સુધીના જ્ઞાનના અધિકારી છે પણ તેમાં **આચારઃ પ્રથમો
ધર્મ** —આચારમાં ઉતાર્યા વિના મોક્ષપદ મળી શકતું નથી.

બાલાવિકા સાધ્વીજીમાં જ્ઞાન અને ચારિત્રનો સુમેળ હતો. આત્મા
રૂપી હંસની આ બે પાંખો છે. જેમાંથી એક પણ ન હોય તો એ
આત્મા ઊંચે ઊડી શકતો નથી. જ્ઞાનને ગોખ્યું હોય અને ચારિત્ર
છોડી દીધું હોય અથવા ચારિત્ર ગોખીને જ્ઞાનને છોડી દીધું હોય
તોપણ તેની એક પાંખ ખંડિત થઈ ગયેલી છે. પાંખ+ખંડિત એટલે
પાખંડ નામની [illegible]

દૃષ્ટાન્ત—એક હંસ ટાઢથી ધ્રૂજતો અને ઠંડીથી ખરડાયેલા
ઘર ઉપર દયા આવી. ટાઢ ઉડાડવા માટે તેણે તેને પોતાની પાંખની અંદર
બેસાડ્યો. ઠંડીની ટાઢ ઊડી અને એ કૃતઘ્ની ઘર હંસની પાંખો કાતરવા

લાગ્યો આથી હસની ઉત્પનશક્તિ હણાઈ ગઈ! જેઓ સિદ્ધાન્તોથી જ આગળ આવ્યા અને હવે સિદ્ધાન્તના વચનરૂપી પાખને કાપે છે તે ઉંદરના જેવા કૃતઘ્ની છે એવાના સગમા પડશો નહીં, કારણ કે—

ડાહ્યા ડાહ્યાના આ કળજુગમા ઊતરી ગયા છે પાણી,
જગતમા સુણજો સતની વાણી
જડ ને ચેતન બન્ને દ્રવ્યો, ચેતનની કિમત ખરી જાણી જગતમા૦

ભગવાન મહાવીરનો અહિંસામય ધર્મ છોડી દઈ પાખડીઓનો સગ કરશો નહીં આ કળિયુગમા ધર્મના બહાના હેઠળ કઇંક એવા પાક્યા છે કે વીતરાગના સૂત્રો ઉથલાવી, ઉત્સૂત્રપ્રરૂપણા કરી, ભોળા જીવોને ફસાવી, નવા વાડા પથો કે સપ્રદાયો વધારી, આત્માને અધોગતિના પથે ધકેલી રહ્યા છે તેવાથી ચેતજો જેણે ચૈતન્ય તત્ત્વને જાણ્યુ-પિછાણ્યુ તેને જડની કિમત કેમ હોય? એ જડવાદમા પલટાય નહી. એ તો ગતને દિવસ આત્માના જ અને જેનો સ્વભાવ પ્રગટી ચૂક્યો છે તેવા મહાપુરુષના જ ગાણા ગાય ગોવાલિકા સાધ્વીજી સતીશિરોમણિ અને મહાન પવિત્ર છે તે ત્યા પધાર્યા છે હવે શુ બનશે તે અધિકાર અવસરે કહેવાશે

ॐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૭૨

(મગળવાર, તા ૧૭-૯-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે ગોવાલિકા સાધ્વીજી આત્માર્થી હતા સાધુઓની દિવસની અને રાત્રિની ચર્યા બતાવતા ભગવાન કહે છે કે દિવસને પહેલે પ્રહરે સ્વાધ્યાય, બીજે

ધ્યાન, ત્રીજે ભિક્ષા અને ચોથે પ્રહરે સ્વાધ્યાય. રાત્રિના પહેલે પ્રહરે સ્વાધ્યાય બીજે ધ્યાન ત્રીજે નિદ્રા અને ચોથે પ્રહરે સ્વાધ્યાય. આમ આઠેય પ્રહરમાંના એકમાં ભિક્ષા અને એકમાં નિદ્રા એમ બે પ્રહરને છોડીને છ પ્રહર ધ્યાન અને સ્વાધ્યાયમાં જ ગાળવા જોઈએ સાધુઓનાં પાંચ મહાવ્રત છે અને શ્રાવકનાં બાર વ્રત છે પરન્તુ અનંતકાળ વહી ગયા છતાં જીવે પોતાના ઘર તરફ દૃષ્ટિ કરી નથી.

અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન,
સેવ્યા નહીં ગુરુ-સંતને, મૂક્યું નહીં અભિમાન.

આત્માને કર્મનો સંયોગ પહેલાં ક્યારે થયો તેની આદિ નીકળી શકતી નથી, પણ ભવ્ય જીવોના કર્મનો અંત જરૂર છે ત્યારે અભવ્ય જીવોના કર્મની આદિ પણ નથી ને અંત પણ નથી. તેથી તેનો મોક્ષ નથી. ભવ્યમાં પણ દૂરભવ્ય અને નિકટભવ્ય એવા બે પ્રકારો છે તેમાં દૂરભવ્ય જીવો તો એશઆરામ અને સંસારમાં પચ્યા-પાચ્યા રહે છે પણ નિકટભવ્ય જીવને પાંચ, દસ કે પંદર ભવે પણ મુક્ત થવાનું છે આવા જીવોની ધર્મમાં દૃષ્ટિ થાય છે કર્મરહિત દશા તે મોક્ષ છે અને કર્મસહિત દશા તે સંસાર છે તમારા પુત્રને કોઈ અકર્મી કહે તો એથી તમે ક્રોધ કરો છો પણ અકર્મી થવું સહેલું નથી. કર્મરહિત-અકર્મી થવા માટે સિદ્ધોએ અને તીર્થંકરોએ બહુ પ્રયાસો કર્યો છે

સ્વાધ્યાય અને ધ્યાન એ બન્ને કર્મની નિર્જરા કરનાર છે વાંચવાથી સમજ ન પડે તો તેને ગુરુજનો પાસે પૂછવાનું છે આત્મદ્રવ્ય અને તેના ગુણ ભિન્ન ન જુદા પડી શકે નહીં સાકર અને મીઠાશની જેમ દ્રવ્ય અને ગુણનો અભેદ છે ગુણ અને પર્યાયના સમૂહને દ્રવ્ય કહેવાય. એ સર્વેય ભાગમાં છે અવસ્થાન્તર થવું એનું નામ પર્યાય છે સત્ દ્રવ્યલક્ષણમ્ —દ્રવ્યનું લક્ષણ સત્ છે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે તેની પર્યાયો છે આ ત્રિપદી ભગવાને ગૌતમને આપી હતી. પૂર્વ-

પર્યાયનો નાશ થાય છે, ઉત્તરપર્યાય ઉત્પન્ન થાય છે, અને ધ્રુવપણે ટકી રહ્યો એ આત્મા છે

અવતરે, મરે છે તે જ ધ્રુવતા ધરે છે,
સ્યાદ્વાદ રૂપ આ સસાર છે,
હજારવાર વિષમવૃત્તિકારને ધિક્કાર છે

એકનુ ટળવુ, એકનુ આવવુ અને આત્મા એનો ધ્રુવપણે સાક્ષી છે આ બધુ જેમા થાય તે સત્ છે જ્યારે પર્યાયનો સ્વભાવ પરિવર્તનનો છે, ત્યારે તેમા ખેદ શા માટે ? શરીરના ધર્મો આ પ્રમાણે છે—

पुव्वंपेतं पच्छापेतं भिउरधम्मं विद्धंसणधम्मं अधुवं अणितियं असासयं चयावचयइयं विप्परिणामधम्मं ॥

આચારાગસૂત્ર, ૧ ૫ ૨.

શરીર અધ્રુવ, અશાશ્વત, વિધ્વસન ધર્મવાળુ છે શરીર વિનાશી છે, અનિત્ય છે, ત્યારે આત્મા અવિનાશી અને નિત્ય છે

ગોવાલિકા સાધ્વી સકામનિર્જરા કરનારા હતા સર્વપ્રથમ તમે બધના કારણોને તજો, પછી જે ભાવો તમને બધકર્તા છે તે ભાવોને છોડો તેમ નહી કરો તો આર્તધ્યાન થઈ જશે આ સંયોગો મને મળતા જ રહે એવા વિચારોને આર્તધ્યાન કહે છે આર્ત અને રૌદ્ર એ બન્ને ધ્યાનો સસારમા રઝળાવનારા છે, પણ મિથ્યાત્વી જીવો શુક્લધ્યાન કે ધર્મધ્યાન કરી શકતા નથી આઠમે ગુણસ્થાનેથી શુક્લ-ધ્યાનની શરૂઆત થાય સાતમા ગુણસ્થાનમા એકલુ ધર્મધ્યાન જ છે. આઠમા ગુણસ્થાનથી ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી મડાય છે ઉપશમ એટલે ભારેલો અગ્નિ અને ક્ષપક એટલે ઠારેલો અગ્નિ તેમા ઉપશમ-શ્રેણીવાળો અગિયારમે ગુણસ્થાનેથી પાછો ફરે છે, ત્યારે ક્ષપકશ્રેણીવાળો નવમે-દશમે થઈ અગિયારમાને છોડી દઈને સીધો બારમા ગુણસ્થાનમા પ્રવેશે છે ત્યા અતર્મુહૂર્ત કાળ રહે છેલ્લે સમયે કેવળજ્યોતિ પ્રગટે એટલે તેરમે જાય, ત્યાથી ચૌદમે અને ત્યાથી સિદ્ધમા જાય

अप्पा कत्ता विकत्ता य दुहाण य सुहाण य।
अप्पा मित्तममित्तं च दुप्पट्ठिय सुपट्ठिओ॥

—ઉત્તરાધ્યયનસૂત્ર અ. ૨૦ ગા. ૩૭

આત્મા કર્તા પણ છે ને ભોક્તા પણ છે. નરકમાં અને મોક્ષમાં પણ આત્મા જ જાય છે. આત્મા મિત્ર પણ છે ને શત્રુ પણ છે. પોતાના જ વિચારથી પોતાને રખડપટ્ટી કરવી પડે છે. માટે સ્વાધ્યાય અને ધ્યાનમાં રત રહો. વિચારોની દોરી બાંધ કરીને સ્વાધ્યાય અને ધ્યાન કરવું જોઈએ. સામાયિકમાં તમો ધ્યાન કરી રહ્યા છો? ભરુ! તમે પહેલાંની કરેલું સામાયિક અને આજનું બેઠેલા દિવસનું સામાયિક એ બંને સામાયિકોમાં કાંઈ ફેર દેખાય છે તમને? તમારાં ભણતર અને ગણતર સાચાં છે કે કાચાં છે એને નિત્ય સંભાળતા રહેજો.

ધ્યાનમાં ચિત્તશૂન્યતા (રિક્તતા) અને ચિત્તની સમગ્રતા એ શબ્દ નામમાં છે. તેમાં તો ઉપયોગ એ ધર્મ છે. માટે જે કાંઈ કરો તે ઉપયોગપૂર્વક કરો તો જ એ તમારું બની રહે. બાકી એટલું તમારું નથી, પણ એટલું જ તમારું છે.

ગોવાસિક સાધુઓ પણ સાધુઓને બતાવતાં કહે ભગવાન કહે છે કે સાધુએ ગૃહસ્થના પરિચય પણ સેવો નહીં. કારણ કે આત્મા સંસારરૂપ અગ્નિથી છૂટ્યો છે હવે જો એ એ બાળનારાનો પરિચય કરીશ, તે—

गिहिसंथवं न कुज्जा कुज्जा साहूहिं संथवं।

સંસારીનો સંગ કરીશ નહીં પણ જ્ઞાનીઓનો અને સાધુનો સંગ કરજે. કલ્યાણમંદિરમાં કહ્યું છે કે—

आस्तामचिन्त्यमहिमा जिनसंस्तवस्ते
नामाऽपि पाति भवतो भवतो जगन्ति।
तीव्राऽऽतपोपहतपान्थजनान्निदाघे,
प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि॥

—કલ્યાણમંદિરસ્તોત્ર શ્લો. ૭

અર્થાત્ જેમ ગરમીની ઋતુમા સૂર્યના પ્રચડ તાપથી પીડાતા મનુષ્યોને પદ્મસરોવરના પાણીની વાત તો દૂર રહી, પરન્તુ તેનો સરસ શીતલ અને સુગ ધિત પવન પણ આન દિત કરી દે છે, તેમ જિનેશ્વરનુ નામ જ જીવોનુ ભવભ્રમણ દૂર કરી દે છે

જેમ બાર વર્ષથી ગુમ થયેલો છોકરો તમને અચાનક તાર કરે કે હુ આવતી કાલે એક લાખ રૂપિયા કમાઈને આવુ છુ, તો તમે કેટલા પ્રસન્ન થઈ જાવ! જે છોકરાની શોધ કરતા પણ પત્તો લાગ્યો ન હતો, એ મરી ગયો છે કે જીવતો છે એ નક્કી ન હતુ, એ છોકરાનો તાર આવે ત્યારે તેના માતાપિતાના હર્ષાશ્રુ છલકાવા માડે છે આ આન દ કરતા પણ અધિક આન દ સ તના સમાગમમા છે જ્યારે સ તના સમાગમમા આવે, ત્યારે તેનો મોક્ષનો માર્ગ સરળ બને અનાદિની ઊ ધી પરિણતિને સીધી કરનાર સ તસમાગમ છે

ગોવાલિકા સાધ્વીજી સ સારીનો સ ગ કરતા નથી, ગૃહસ્થના પરિચયથી દૂર રહે છે સાધ્વીઓ પણ તેમની આજ્ઞામા અધ્યયન, ધ્યાન અને તપ કરે છે શિષ્યાઓને મન ગુરુની આજ્ઞા એ જ પ્રભુની આજ્ઞા છે

બૃહત્કલ્પમા લખ્યુ છે કે સાધુએ સાધ્વીઓના ઉપાશ્રયમા કે સાધ્વીએ સાધુઓના ઉપાશ્રયમા વ્યાખ્યાન અને વાચણી સિવાય જવુ નહી, બેસવુ કે સુવુ નહી, અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ આહારપાણી-આદિ કરવા નહી ત્યા કાઉસગ્ગ પણ ન કરાય અને ધ્યાન પણ ન ધરાય સાધુએ અને સાધ્વીએ જ્યાસુધી શરીર ચાલે ત્યાસુધી પોતાનો શ્રમ પોતે જ ઉઠાવવો જોઈએ શરીર ન ચાલે ત્યારે શિષ્યવર્ગ સેવા કરે તેમા પણ સાધુની સેવા સાધ્વી ન કરે અને સાધ્વીની સેવા સાધુ ન ન કરે સ યમભ ગને કોઈપણ અવકાશ ન આપે

દૃષ્ટાન્ત—ન દરાજાએ ધર્મની દેશના સાભળી અને તેને તીવ્ર-વૈરાગ્ય આવી ગયો, પરન્તુ રાજ્યની સુવ્યવસ્થા કર્યા પછી દીક્ષા લેવાનો વિચાર કરતો હતો તેવામા જ અકસ્માત્ તેનુ મૃત્યુ થયુ દીક્ષાનો

વિચાર કરતાં દેહ છૂટયો તેથી તેને દેવનું શરીર મળ્યું છતાં વૈરાગ્ય
ભાવની વૃત્તિના કારણે એ ઋદ્ધિમાં લેપાયો નહીં દેવના ભવમાં [illegible]
વિચાર કરવા લાગ્યો કે હું તો મનુષ્યભવમાં દીક્ષા લઈ શક્યો નહીં
પરન્તુ મારી રાણીને જો કોઈ સુપાત્ર સાધ્વીનો સમાગમ મળી જાય
તો સારું પણ એવાં સુપાત્ર સાધ્વીજી ક્યાં મળે! આથી તેણે પોતાની
ઋદ્ધિના ઉપયોગદ્વારા એક સાધ્વીનું રૂપ લીધું અને આગળ એક સાધુના
ઉપાશ્રયમાં તેણે પ્રવેશ કર્યો. સાધુઓ વ્યાખ્યાન કરતા હતા ત્યાં કોઈ
અજ્ઞાત સાધ્વીજીને આવતાં જોઈ મુનિએ પડકાર કર્યો અત્યારે
અકાળે કેમ આવવાનું થયું છે! દેવરૂપી સાધ્વીજીએ કહ્યું મારે
પાઠ શીખવો છે મુનિએ કહ્યું પાઠ શીખવાનો આ સમય નથી
માટે તમે બહાર નીકળી જાવ. સાધ્વીએ કહ્યું હું પણ શરીરે વૃદ્ધ
છું અને આપ પણ અવસ્થામાં વૃદ્ધ છો તો શો વાંધો છે! મારે પાઠ
જોઈએ છે

પરન્તુ મુનિએ કહ્યું નિયમનો ભંગ કરીને અકાળે તમે આવો
છો. એ ઠીક થતું નથી. જો તમે પાછાં નહીં ફરો તો અમે બધા
સાધુઓ બહાર નીકળી જઈશું મુનિના આવા દૃઢ નિયમથી દેવરૂપે
બનેલા નંદરાજના જીવને બહુ આનંદ થયો. તેણે પોતાની રાણીને એ
મુનિની નિશ્રામાં વિચરતા એક વિદ્વાન સાધ્વીજીના સમાગમમાં મૂકી દીધી.

આ છે સાધુઓ અને સાધ્વીઓની અખંડ સંયમસાધના!
વિશ્વભરનું પહેલું પગથિયું એકાન્તમાંથી મંડાય છે આ? સંયમધર્મ
શિથિલ બનતા લાગ્યા છે પરન્તુ સંઘના કાર્યકર્તાઓ અને શુદ્ધ
ભાવિકોએ આવા શિથિલાચાર માટે સાવધાન બનવું પડે છે એક જ
સાધુથી કે એક જ સાધ્વીથી ભિક્ષા વહોરવા માટે પણ જવાય નહીં
નાવાલિક સાધ્વીજીની બે શિષ્યાઓ ભિક્ષા વહોરવા નીકળ્યાં છે તે
ફરતા ફરતા મુસાફિરખાના ત્યાં આવશે ને ત્યાં શું બનશે તે અવસરે.

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૭૩

(બુધવાર, તા. ૧૮-૯-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણે કાળમા સિદ્ધ થયેલી વસ્તુને **સિદ્ધાન્ત કહે છે.**

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે શ્રેષ્ઠી સાગરદત્તે પોતાની પુત્રી સુકુમાલિકાને માટે એક દાનશાળા બંધાવી આપી તેમા અનેક અભ્યાગત, સાધુ-સ ત, અપ ગ, અનાથ અને ભૂખ્યાઓને ભોજન મળવા લાગ્યુ ગોવાલિકા સાધ્વીની બે શિષ્યાઓ એકવાર આ સુકુમાલિકાના ઘેર ગોચરી માટે આવ્યા સાધુની ભિક્ષાને ગોચરી કહેવામા આવે છે ગોન્ચરી=ગોચરી જેમ ગાય ઉપર ઉપરનુ ઘાસ ખાઈ જાય છે, પરન્તુ ઘાસને મૂળમાથી ઉખેડી લેતી નથી તેમ ગૃહસ્થને તકલીફ પડે તેવો આહાર સાધુથી વહોરાય નહી આહાર વહોરવામા તૃષ્ણા કે લોભ રખાય નહી, અને—

जहा दुमस्स पुप्फेसु भमरो आवियइ रसं ।
न य पुप्फं किलामेइ सो य पीणेइ अप्पयं ॥

—દશવૈકાલિકસૂત્ર અ ૧, ગા ૨

જેમ પુષ્પ ઉપરથી ભમરો રસને ચૂસી લે છે, પણ પુષ્પને મૂળમાથી ઉખેડી નાખતો નથી, તેવી રીતે સાધુએ ગોચરી કરવી જોઈએ. 'આ ભોજન કોના માટે બનાવ્યુ છે?' વગેરે પ્રશ્નો પૂછીને વહોરી શકાય છે માંદા માણસ માટે કે ગર્ભવતી માટે બનાવ્યુ હોય તે ન લેવાય, પરતુ તેણે ઉપયોગમા લીધા પછી વહોરી શકાય છે બાળકને-

સઈને માતા બેઠી હોય, તો બાળકને છોડાવીને વહોરાય નહી દાન પુણ્ય માટે રાખેલુ હોય કે ભીખારીઓ માટે રાખી મૂકેલુ હોય તોપણ તે વહોરાતુ નથી. બે જણ ખાવા બેઠા હોય તેમાના એકની અનુમતિ ન હોય, તો તેવો આહાર વહોરાય નહીં સાધુ તો ટાઢો ટુકડો ખાય ને આત્માની શુદ્ધિ ઇચ્છે.

પાંચની ભાગીદારીમાં ચારની અનુમતિ હોય અને એક વિરોધ કરનાર હોય, ત્યાં આહાર વહોરી શકાય નહીં અજ્ઞાતકુળમાં વહોરવાથી વધારે ધર્મલાભ થાય છે કારણ કે મળે તો સંયમની વૃદ્ધિ અને ન મળે તો તપની વૃદ્ધિ થાય છે

સાધુ તે મધુકરની પેરે નહી તૃષ્ણા નહીં લોભ,
સાધુ બાહુ દીએ કાયને અણુમળ્યે સંતોષ
ધમ્મો મંગલ મહિમા નીલો

પ્રથમ નીરસ આહાર મળ્યો હોય અને પછી સરસ આહાર મળી જાય, તોપણ નીરસને પરઠાવીને સાધુથી સરસ આહાર લેવાય નહીં જ્યાંસુધી આ કાયા છે ત્યાંસુધી કાયા પાસેથી કામ કઢાવી લેવા માટે આહારપાણી લેવાના છે સાધુએ ખાઈપીને એશઆરામ માટે ખોરાકપાણી લેવાના ન હોય. વહોરવા જતાં આધાકર્મી આહાર હોય તો મનાય નહીં સૂરમાનો ભૂકો તૈયાર હોય તેમાં ઘી, ખાંડ વગેરે અચેત વસ્તુ મેળવવાની હોય, પણ સાધુસાધ્વી માટે સાધુ વહોરવાના આરંભ થઈ શકે નહીં સાધુ વાળી, તો એ સાધુને ખપે નહીં સચેત ઉપર અચેત હોય કે અચેત ઉપર સચેત હોય, તોપણ લેવાય નહીં પહેલા પ્રહરના આહાર ત્રણ પ્રહર સુધી ચાલે પણ ચોથે પ્રહરે ચાલે નહીં સાધુથી બેસાતું ઊઠીનુ કે સૂતાંને લેવાય નહીં સામે લાવીને આપે તોપણ લેવાય નહીં

સાધુને મળે તોય શુ અને ન મળે તોય શુ ? સાધુ કોઈને ત્યાં નિર્દોષ દવા લેવા જાય ન એ વખતે એ દવા શોધવા છતાં ન મળે અને પછી એ ૪ દવા ઉપાશ્રયમાં દેવા માટે આવે તોપણ એ દવા

ઉપયોગમાં લેવાય નહીં સાધુને નિર્દોષ દવા લેવાની છૂટ છે, પણ સદોષ દવા લઈ શકાય જ નહીં સાધુનું શરીર બીમાર પડે, તોપણ ગૃહસ્થ પાસે સેવા કરાવી શકાય નહીં. દેશસ્નાન અને સર્વસ્નાન કદાપિ થાય નહીં સાધુનો ત્યાગ જોઈને સંસારીઓને ત્યાગનું મન થઈ જાય એવો સાધુસાધ્વીઓનો ઉજ્જ્વળ ત્યાગ હોવો જોઈએ ગૃહસ્થને ઘેર સાધુથી બેસાય નહીં જો સાધુ કોઈને ત્યાં બેસે, તો ગૃહસ્થને એના કામમાં અડચણ પડે વળી એ સાધુ ભીખારીઓને અંતરાયરૂપ અને ક્રોધનું કારણ બની જાય ને ઉપરાન્ત ગૃહસ્થને ત્યાંના વાતાવરણથી સાધુના બ્રહ્મચર્યમાં પણ ખામી પડે આવો મુનિનો માર્ગ અતિ સાંકડો અને કઠણ ત્યાગ જેવો છે વિહારમાં સાથે લીધેલી વસ્તુનો બે ગાઉથી વધારે ઉપયોગ થઈ શકે નહીં

બન્ને સાધ્વીઓ સુકુમાલિકાને ઘેર ગોચરી માટે આવ્યાં સુકુમાલિકાએ આવી પવિત્ર તપોમૂર્તિ સાધ્વીઓને જોઈને હર્ષ પ્રગટ કર્યો, પોતાના ભાગ્યની પ્રશંસા કરી અને અન્નપાણી વહોરાવ્યાં સાધ્વીજીઓ પાછાં ફરતાં હતાં, ત્યાં સુકુમાલિકાએ કહ્યું, 'મારે આપને કંઈક વાત કરવી છે' સાધ્વીજી બોલ્યાં, 'જે કહેવું હોય તે ટૂંકમાં કહો' સુકુમાલિકા બોલી, 'આપને કોઈ મંત્ર, તંત્ર, દોરો, વશીકરણ કે એવું કાંઈ આવડતું હોય તો મારો સાગર મને છોડીને ચાલ્યો ગયો છે તે પાછો આવે એવું કાંઈક કરી આપો'

સુકુમાલિકાના આવાં વચન સાંભળીને બન્ને સાધ્વીઓ કાનમાં આંગળીઓ નાખીને કહેવા લાગ્યાં, 'તમે આવું ન બોલો તમારી સંસારની વાતો સાંભળવી પણ અમને કલ્પતી નથી ત્યાગીની પાસે ત્યાગની વાત હોય, ભોગની નહીં જે એવી વાતો કરે તેને સાધુ કહેવાય નહીં

जे लक्खणं च सुविणं अंगविज्जं च जे पउज्जन्ति।
न हु ते समणा वुच्चंति एवं आयरिएहिं अक्खायं॥

—ઉત્તરાધ્યયનસૂત્ર અ. ૮, ગા. ૧૩

અર્થાત્ સાધુ મંત્ર તંત્ર આદિ જન્મજાત લક્ષણો, રેખાઓ સ્વપ્નશાસ્ત્ર કે અંગસ્ફુરણ આદિની વિદ્યા સાધુ જાણતો હોય, આકાશ અને ભૂસ્તરની વિદ્યા જાણતો હોય, છતાં સાધુથી એ કહેવાય નહીં જે કહે તે સાચો સાધુ નથી. ભોગના ભીખારીઓ સાધુઓ પાસે પણ ભોગની જ માગણી કરે છે પણ સાચો ત્યાગી કદી પણ એવી વાત સાંભળે નહીં અને ઉપડતા બજાર કે મંદ બજારના ભાવો બતાવે નહીં. ગૃહસ્થનો પરિચય પણ હાનિકારક છે.

દૃષ્ટાન્ત—એક સાધુ મહારાજ કથા વાંચતા હતા. કથામાં રોજ એક બાઈ સાંભળવા આવતી હતી, પણ એ બાઈને રોજ ઉદાસ જોઈને એક દિવસ સાધુએ પૂછ્યું — બહેન! તમે રોજ ઉદાસ કેમ રહો છો? બાઈએ કહ્યું — મારો પતિ બાર વર્ષથી પરદેશ ગયો છે એના મને કોઈ ખબર પણ મળતા નથી. સાધુએ તેનું ભવિષ્ય જોઈને કહ્યું — આજે બાર વાગે તારો પતિ ઘોડી પર બેસીને આવશે.

બાઈ તો રાજી રાજી થતી પોતાને ઘેર ગઈ ઘરને સાફસૂફ કર્યું ઘરમાં કંસારનું ભોજન તૈયાર કર્યું. તેને સાધુ મહારાજ પર પૂર્ણ શ્રદ્ધા હતી અને ખરેખર જ્યાં બાર વાગ્યા ત્યાં બાર વર્ષે તેનો પતિ ઘોડી પર બેસીને ઘેર આવ્યો! બાઈ તો રાજી રાજી થઈ ગઈ પતિને નવરાવીને ભોજન કરવા બેસાડ્યો પણ કંસાર તૈયાર થયેલો જોઈને તેને શંકા પડી. આથી તેણે પોતાની સ્ત્રીને ધમકાવીને કહ્યું, બોલ, મારી ગેરહાજરીમાં આ કંસાર તેં કોના માટે તૈયાર કર્યો હતો? સ્ત્રીએ સાચો જવાબ આપતા કહ્યું — સ્વામીનાથ! હું તો તમારા વિના સાધુ જીવન જ જીવી રહી હતી. તેમાં સાધુ મહારાજે ભવિષ્ય જોઈ દીધું કે આજે તમે અવશ્ય ઘેર આવશો. આથી મેં આ ભોજન અને આ તૈયારી કરી રાખી છે.

એમ વાત છે! બાઈનો પતિ બોલ્યો — આવા ભવિષ્ય જાણનારા સાધુ મહારાજના હું પણ આવતી કાલે દર્શન કરવા જઈશ.

બીજે દિવસે બાઈનો પતિ સાધુ મહારાજ પાસે આવ્યો અને વદન કરીને એ બોલ્યો, 'મહારાજ! મારો બાર વર્ષથી પત્તો ન હોવા છતા આપે મારી સ્ત્રીને અગાઉથી કહી દીધુ કે હુ અમુક સમયે આવીશ તો મને કૃપા કરીને એ બતાવો કે મારી સગર્ભા ઘોડીને શુ જન્મશે?' મહારાજે ભવિષ્ય જોઈને કહ્યુ, 'તારી ઘોડીને ચારેય પગે ધોળો અને કપાળમા ધોળા ચાંદલાવાળો વછેરો જન્મશે' આ વાત સાંભળીને રાજી રાજી થતો એ પોતાને ઘેર આવ્યો અને વિચારે ચડ્યો કે 'આવો રૂપાળો વછેરો તો જોવો જોઈએ સાધુ મહારાજ સાચા છે કે ખોટા એની ખાતરી પણ ત્યારે જ થાય માટે ઘોડીનુ પેટ ચીરીને અત્યારે ને અત્યારે જ ખાતરી કરી લઉં!'

પત્ની નદીએ કપડા ધોવા ગઈ હતી આ તકનો લાભ લઈને એ ભાઈએ પોતાના જ ફળિયામા ઘોડીનુ પેટ ચીર્યું અને જેવો મહારાજે કહ્યો હતો તેવો જ આબેહૂબ મરેલો વછેરો નીકળ્યો! મૂર્ખ અને અજ્ઞાની માણસો એક સાધારણ કુતૂહલને ખાતર કેવા કેવા પાપ-કર્મ કરી નાખે છે! ખાતરી કરી લીધા પછી એ જ જમીનમા ઊંડો ખાડો ખોદીને મરેલી ઘોડી ને વછેરાને તેણે દાટી દીધા!

થોડી વાર બાદ તેની પત્ની કપડા ધોઈને આવી પતિના કપડાં પર લોહીના ડાઘ જોઈ એ ચમકી તેણે વિચાર કર્યો કે આ બધી જમીન લોહીથી કેમ ભીજાઈ હશે? ફળિયામા બાંધેલી ઘોડી દેખાઈ નહી બાઈ સમજી ગઈ કે જરૂર મારા પતિએ ઘોડીને મારી નાખી છે આવા ક્રૂર અને ઘાતકી પતિની સાથે રહેવુ તેના કરતા મરવુ વધારે સારુ આમ નક્કી કરીને મેડા પર જઈને તેણે ગળે ફાંસો ખાઈને શરીરનો અત આણ્યો

ઉપર ગયેલી પત્ની કલાક સુધી નીચે ન ઊતરી, એટલે પતિને થયુ કે આ હજી કેમ ન આવી? એ જ્યા મેડા પર ચડીને જોવા જાય

છે તો પત્નીને મૃત્યુ પામેલી જોઈ આથી ગભરાઈને તેણે પણ ગળે ફાંસો ખાઈને મૃત્યુને હાથે કરીને નોતરું આપી દીધું !

આ વાતની ખબર પેલા મુનિ મહારાજને પડી. પોતે એક બાઈને અવિધ્ય જોઈ દીધું તેનું આવું પરિણામ આવેલું જોઈને અને ચાર ચાર પંચેન્દ્રિય જીવોના ઘાતનું નિમિત્ત પોતાને સમજીને તેણે પણ યાવજ્જીવન સંથારો કરી લીધો. જાગૃત હોવા છતાં ભોળવાથી કેવો અનર્થ થઈ ગયો ! માટે સાધુ–સાધ્વીઓએ આવા પ્રપંચોથી હમેશાં દૂર રહેવું.

આવી ગોચરી માટે આવેલા સાધ્વીજીએ કહ્યું — અમારી પાસે તો ધર્મનું આરાધન છે ધર્મ વિના કર્મ ખપતાં નથી. સુકુમાલિકા બોલી, તો મને ધર્મનો બોધ આપો. સાધ્વીજી બોલ્યાં આ સંસાર અગ્નિની જ્વાળા જેવો છે જન્મ, જરા અને મૃત્યુ વિના એનું કોઈ ફળ મળતું નથી અને આથી વધારે સાંભળવું હોય તો અમારા ગુરુણીજીનો લાભ લેજો. આમ કહીને બન્ને સાધ્વીજી વિદાય થયાં.

સુકુમાલિકા ગોવાલિકા સાધ્વીજી પાસે આવી. ધર્મદેશના સાંભળીને તેને વૈરાગ્યભાવ આવ્યો અને એ દીક્ષા લેવા માટે માતાપિતાની આજ્ઞા લેવા આવી. આથી માતાપિતાને પહેલાં આઘાત થયો પણ સાથે સાથે આનંદ પણ થયો કે આ પુત્રીનો જીવ ધર્મમાં પ્રવેશ્યો એ ઘણું સારું થયું. તેમણે પુત્રીના ત્યાગની કસોટી કરી જોઈ પણ સુકુમાલિકાનું ચિત્ત તો હવે સંસારથી વિરક્ત જ થયું હતું. આથી ધામધૂમપૂર્વક સુકુમાલિકાને દીક્ષા લેવાની રજા આપી.

ૐ શાન્તિ.

*

વ્યાખ્યાન : ૭૪

(શુક્રવાર, તા ૧૯-૯-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે ગોવાલિકા સાધ્વીજી પાસેથી ધર્મદેશના સાભળીને સુકુમાલિકાએ સસારમા દુખનુ દર્શન કર્યું તેનો આત્મા સસાર તરફ ઉદાસીન બન્યો

> વિષયારસ વિષ સરીખો લાગે, ચેન પડે નહી સસારે,
> જન્મમરણપદ સરખુ લાગે, આત્મપદ ચીને ત્યારે
> અલખનિરજન આતમજ્યોતિ, સતો તેનુ ધ્યાન ધરે,
> આ કાયાઘટ આતમ હીરો, ભૂલી કા ભવમાહિ ફરે

જેને વિષયના રસો ઝેર સમાન લાગતા હોય તે જ આત્મપદને ઓળખે છે, પણ ભોગના ભીખારીઓને આ સસારનુ પર્યટન કરવુ પડે છે બાળક નાનુ હોય ત્યારે એ પોતાની જ વિષ્ટા ચૂથે છે, પણ મોટો થયા પછી તેને અશુચિ પર ઘૃણા થાય છે પણ અજ્ઞાની જીવ ભલે ગમે તેટલો મોટો કહેવાતો હોય, છતા તેને હજી મળમૂત્ર ચૂંથવા ગમે છે આ શરીરમા પણ એ જ મળમૂત્ર અને અશુચિ ભરેલ છે. શરીરમા '**जहा अंतों तहा बाहि**' અને **जहा बाहि तहा अंतो**'— જેવુ અદર છે તેવુ જ બહાર અને જેવુ બહાર તેવુ જ અદર છે, છતા જડના મોહમા પડી ગયેલા જીવો આત્માનો સ્વભાવ જાણતા

નથી. આ શરીર दुक्खाय, मोहाय, माराय, नरगाय, नरगतिरिक्खाय सततं मूढे धम्मं नाभिजाणति —દુઃખ, મોહ, રોગ, શોક અને વ્યાધિનું ઘર હોવા છતાં મૂઢ બનેલો જીવ ધર્મને જાણવા તત્પર થતો નથી. કામના પાંચ પ્રકાર છે (૧) શબ્દ, (૨) સ્પર્શ (૩) રૂપ (૪) રસ, અને (૫) ગંધ. આ પાંચેય વિષયોની પૂર્તિ માટે અજ્ઞાનીઓ અનેક ધમપછાડા કરે છે જેમ કે આંખનો વિષય રૂપ છે એકવાર જોવું એ આંખનો સહજ સ્વભાવ છે પણ એ ને એ રૂપ ફરીને વારવાર જોવું એ વિષય બની જાય છે આ વિષયોનો ત્યાગ કરવો જ જોઈએ અને એવા વિષય ભોગવનારનો પણ ત્યાગ કરી દેવો જોઈએ. પણ ઉન્દરડાની જેમ અજ્ઞાની જીવ વિષયોમાં વારવાર ફસાય છે તમારી વીંટીમાંથી હીરો પડી જાય તો તેને શોધવા માટે આખી શેરીની ધૂળ જોઈ નાખો છો, પણ તમારો આત્મારૂપી હીરો તમે ગુમાવ્યો છે એને ક્યારે શોધશો? તમને જંગલમાં લુંટારાઓ મળી જાય, તો તમને કેટલો ડર લાગે છે? ક્રોધાદિ ચાર લુંટારાઓ તમારા આત્મારૂપી હીરાને લૂંટવા તમારી અંદર બેઠા છે એનો તમને ડર લાગે છે? કોઈ જૈન સાધુને લુંટારાઓ જંગલમાં ક્યાંય મળી જાય તો એને ભય શાનો? લુંટારાઓ પણ કહે છે કે જૈનના સાધુ છે ને? ત્યારે એની પાસે તો ત્રાંબાની પાણીની વાટકી પણ નહીં હોય. જેટલો પૈસો વધારે પાસે રાખશો તેટલો લુંટારાનો ભય વધશે. વધારે પૈસા ભેગા કરશો તો સુખેથી મરવા પણ દેશે નહીં. માનવજન્મ સંસારમાં ભમવા માટે નથી મળ્યો ભવનો નિવેડો લાવવા માટે છે તેથી આત્માની શુદ્ધિ આદરો.

એક ચીમની બળે છે પણ એનો પ્રકાશ આવતો નથી કારણ કે તેના ધુમાડાની મેશ બાઝી ગઈ છે તમારા દિલની ચીમનીમાં વિષયના ધુમાડાની મેશ જામી ગઈ છે તેથી આત્માનો પ્રકાશ દેખાતો નથી. ગોપાલિકા સાધ્વીજીએ સુકુમાલિકાને આ પ્રકારે દેશના આપી. આથી સુકુમાલિકા ત્યાગને પંથે ચાલી. હવે એને જીવ આળખામણો દેખાવા લાગ્યો.

જ્યારે આતમનો દીવડો જાગે, વૈભવ અળખામણા લાગે,
લાગે ખારો સંસાર, લાગે પ્યારો અણગાર,
એને સંસારત્યાગની રઢ લાગી, જાગ્યો રે આતમા આશ જાગી,
મુક્તિના અમૃતની પ્યાસ જાગી અભિલાષ જાગી

જ્યારે આત્માની જ્યોતિ જાગે છે ત્યારે તેને પૌદ્ગલિક વૈભવો ઝેર જેવા લાગે છે. પતિના મૃત્યુ પછી સ્ત્રીને ઘરેણાં પહેરાવવામાં આવે છે એ વસ્ત્રો અને આભૂષણો એને ગમે ખરા? એ આભૂષણો એને આનંદ આપી શકે? એમ જે સંસારથી વિરક્ત થવા ઇચ્છે છે તેને—

सव्वे विलवियं गीयं सव्वं नट्टं विडम्बियं ।
सव्वे आभरणा भारा सव्वे कामा दुहावहा ॥

—ઉત્તરાધ્યયનસૂત્ર અ. ૧૩, ગા ૧૬

સર્વ ગીતો—ગાયનો વિલાપ રૂપ લાગે છે, સર્વ નૃત્યો વિટંબણા રૂપ લાગે છે. તમામ આભૂષણો ભારરૂપ લાગે છે, તમામ કામનાઓ ધુમાડાના બાચકા જેવી જણાય છે. દુઃખના કારણભૂત જો કોઈ હોય તો તે કામભોગ છે. સુકુમાલિકાને તેના માતાપિતાએ વૈરાગ્યભાવમાં જોઈ ત્યારે ધામધૂમથી તેનો વરઘોડો કાઢ્યો. આજે માતાપિતા પોતાની વહાલી પુત્રીને ગુરુચરણમાં સુપ્રત કરવા જઈ રહ્યા છે ગોવાલિકા સાધ્વીજી પાસે જઈને માતાપિતાએ કહ્યું —

કોઈ વહોરાવે અન્ન પાત્ર ને કોઈ વહોરાવે કપડાની જોડ,
હું રે વહોરાવું મારી પુત્રીને, તમે કરજો તેના જતન રે
અનુમતિ આપી માએ રોવતા

માતાપિતા કહે છે, 'કોઈ આપને વસ્ત્ર-પાત્ર વહોરાવે, પણ અમે તો અમારા સુકોમલ પુત્રીરત્નને આપના હાથમાં સોંપીએ છીએ. જે અમારા હૈયાનો હાર અને આંખના રત્ન સમાન છે એવી વહાલસોયી દીકરીને આપના ચરણે ધરીએ છીએ. આપ એને યત્નપૂર્વક સાચવજો.

ગુરુએ પંચમુષ્ટિ લોચની ક્રિયા કરી દીક્ષા લીધા પછી સુકુમાલિકાએ જ્ઞાનાભ્યાસ શરૂ કર્યો. ગોવાલિકા સાધ્વીજી પોતે જ જ્ઞાનનો અભ્યાસ

કરાવવા લાગ્યા. આગળના સમયમાં ગુરુ પોતે જ શિષ્યોને જ્ઞાનાભ્યાસ કરાવતા. ઉપાધ્યાયમાં પચીસ ગુણો જોઈએ. તે વખતે બધાં સૂત્રો મુખપાઠ કરાવવામાં આવતાં. આજની લૌકિક વિદ્યામાં રાજાઓનો જન્મદિવસ યાદ કરાવવામાં આવે, પણ છોકરાના બાપનો જન્મદિવસ કયો એની પણ ખબર હોય નહીં.

સ્થૂલભદ્રાએ સાધુજીવનનાં આચરણો વગેરે શીખી લીધું અને સિદ્ધાન્તનો અભ્યાસ ચાલુ કર્યો. ઈર્યાસમિતિ આદિ સમિતિ અને ગુપ્તિ વડે મન વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિને રોકીને શુભ પ્રવૃત્તિ કરવી જોઈએ. મુનિઓ તો 'भासमाणो न भासेज्जा'—બોલવા છતાં ન બોલ્યા જેવા લાગે. મૌન રાખવું. વિહાર કરવાના નિયમો વગેરે સિદ્ધાન્તોનું જ્ઞાન તેણે મેળવી લીધું.

આજે તો કેટલાક સાધુઓ બીજાના લાભ માટે આત્મલાભ ગુમાવી રહ્યા છે. લાઉડસ્પીકરથી ભાષણો કરીને બીજાનો લાભ જુએ છે પણ તેમાં કેટલા અગ્નિકાયના જીવોનો આરંભ થાય છે એ વિચારતા નથી. વિહારમાં પણ હવે રોજની આઠ જણાની મહેનત બચાવવા માટે વાહનાદિનો ઉપયોગ કરવાની વાતો ચાલે છે. આ બધું સિદ્ધાન્તથી વિરુદ્ધ આચરણ છે. આવું આચરણ અક્ષમ્ય છે. જમાનો ફરે તેમ ધર્મ ફરે એમ કહેનારા ધર્મને સમજ્યા નથી.

જ્ઞાનના આઠ પ્રકાર છે: (૧) ભણવાને સમયે ભણવું જોઈએ. (૨) જ્ઞાન લેતાં વિનય કરવો જોઈએ. ચામર ઢોળતી વખતે જેમ ઢોળનારો ચામર આખું મૂકીને, પંપાળીને અને હાથ ફેરવીને પ્રસન્ન કરે છે તેમ શિષ્યે ઉપાધ્યાયને વિનયથી પ્રસન્ન કરીને જ્ઞાન ભણવું. (૩) જ્ઞાનનું બહુમાન કરવું. (૪) જ્ઞાન ભણતાં યથાશક્તિ તપ કરવું. (૫) અર્થ તથા ગુરુને ગોપવવા નહીં. (૬) અર્થશુદ્ધ ઉચ્ચારણ કરવું. (૭) અક્ષરશુદ્ધ અધ્યયન કરવું. (૮) અર્થ તથા અક્ષરથી ઉભય-શુદ્ધ અધ્યયન કરવું. સાચી શિષ્યો આ આઠ પ્રકારે મેળવેલા જ્ઞાનથી

જ્ઞાની બને છે 'તૂટેલ તળિયાનો ઘડો ભરાયે કેમ કરી?' તળિયુ જ ફૂટેલું હોય તો પાણી કેમ રહે? એમ અવિનીત શિષ્ય વિદ્યા ક્યાંથી પામી શકે?

દૃષ્ટાન્ત—પૂ ડુંગરશી સ્વામી પાસે એક ડાહ્યાજી સ્વામી હતા. એક વાર અજરામરજી સ્વામી ડુંગરશી સ્વામી પાસે આવ્યા તેમણે ડાહ્યાજી સ્વામીની પ્રશંસા સાંભળી હતી અજરામરજી સ્વામીએ સંસ્કૃત પચાસ શ્લોકો આપ્યા અને તેઓ પ્રવચન આપવા પધાર્યાં વ્યાખ્યાન પૂરું થયું ત્યાં તો ડાહ્યાજી સ્વામીએ શ્લોકો ગોખી લીધા અને તરત જ બોલી ગયા આનું નામ છે જ્ઞાન વિવેકી શિષ્ય આવું જ્ઞાન મેળવે છે શિષ્યે જ્ઞાનાભ્યાસ કરતાં અનેક કષ્ટો આવે તો પણ સહન કરવા જોઈએ.

जेण बंधं वहं घोरं, परिआवं च दारुणं ।
सिक्खमाणा नियच्छन्ति, जुत्ता ते ललिइन्दिया ॥
तेऽवि तं गुरुं पूयंति, तस्स सिप्पस्स कारणा ।
सक्कारेन्ति नमंसंति तुट्ठा निद्देसवत्तिणो ॥

—દશવૈકાલિકસૂત્ર, અ ૯, ઉ ૨, ગા ૧૪-૧૫

આ લોકની વિદ્યા માટે પણ ગુરુ શિષ્યને બાંધે, ભાર ઉપડાવે, કષ્ટ આપે અને એ કષ્ટોને રાજકુમારો જેવા પણ સહન કરે, તો જ આ લોકની વિદ્યા મળે છે, તો પછી સૂત્રસિદ્ધાન્ત ભણવા માટે કેટલા કષ્ટો વેઠવા પડે?

સુકુમાલિકાએ જ્ઞાનાભ્યાસ શરૂ કર્યો છે ગોવાલિકા સાધ્વીજી એને જ્ઞાન ભણાવે છે હવે ત્યાં શું બનશે તે અવસરે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૭૫

(રવિવાર, તા. ૧૨-૭-૫૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. ત્રણેય કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે. ગોવાલિકા આર્યાઓ પાસે દીક્ષા લઈને સુકુમાલિકાએ અભ્યાસ શરૂ કર્યો. ઘણાને દીક્ષા લેતી વખતે સિંહ જેવી શૂરવીરતા હોય છે ને પછીથી શિયાળ જેવા બની જાય છે ત્યારે કેટલાક દીક્ષા લેતી વખતે શિયાળ જેવા શિથિલ હોય છે અને પછીથી સિંહ જેવા બની જાય છે. કોઈ દીક્ષા લે ત્યારે સિંહ જેવા અને દીક્ષા લઈને પણ સિંહ ને સિંહ જેવા રહે છે ત્યારે કોઈ દીક્ષા લે ત્યારેય શિયાળ જેવા અને દીક્ષા લીધા પછી પણ શિયાળ ને શિયાળ જેવા રહી જાય છે. માટે પ્રત્યાખ્યાન લેતી વખતે જ તેનું પાલન થઈ શકશે કે કેમ એનો સંપૂર્ણ વિચાર કરવો જોઈએ. દીક્ષા લીધા પછી શિથિલાચાર પાળવે નહીં. જેમ એક મજૂરને પાંચ મણ ઘીનો ઘડો ઉપાડવા માટે મજૂરી ઠરાવીને અમુક ઠેકાણે મોકલ્યો. મજૂરે તેને ઠરાવતી વખતે તો આખો ઘડો ઉપાડી લીધો, પણ પછી તેને અનુભવ થયો કે આ ઘડો તો બહુ વજનદાર છે. આથી તેણે એ ઘડામાં એક છિદ્ર પાડી દીધું. ઘેર પહોંચવાના રસ્તામાં ઘી ઢોળાતાં ઢોળાતાં એક મણ ઓછું થઈ ગયું, તો તેને મજૂરી મળે કે રૂપિયા મળે? અરે, એકેય રૂપિયો જ નહીં પણ કોઈવાર દંડ પણ ભોગવવો પડે. દીક્ષામાં મુખ્યત્વે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય

અને અપરિગ્રહ એ પાચ વ્રતોનું યાવજ્જીવન પાલન કરવુ પડે છે. આ બધા વ્રતના પચ્ચક્ખાણ પાળતા પાળતા દેશ-કાળના બહાનાં નીચે જે એને હળવા કે શિથિલ બનાવી દે તે સાચો સાધુ નથી માટે જ્ઞાનીઓ કહે છે કે—

ત્રણ જોગે કરી પાળીએ, વ્રત ખાડાની ધાર;
કષ્ટ પડે નવિ ભાગતા, મહાન ફળ મળનાર

વ્રતપાલનમા પડતા કષ્ટોને હસતે મોએ ભોગવી લે એ જ મહાન ફળ મેળવી શકે છે પ્રતિજ્ઞાનુ પાલન તો પ્રાણાન્તે પણ થવુ જ જોઈએ.

' ભલે કાયાના કટકા થાય, અમે લીધી પ્રતિજ્ઞા પાળશુ રે '

પ્રતિજ્ઞા પાળવી એ ભૂષણરૂપ છે અને પ્રતિજ્ઞાપાલનમાં શિથિલતા સેવવી એ દૂષણરૂપ છે

દૃષ્ટાન્ત—એક માણસે બાધા લીધી કે અમુક કામ નહી થાય ત્યાસુધી હુ લાડુ ખાઈશ નહી જ્યાસુધી લાડુ ન મળ્યા ત્યાસુધી તો બાધા બરાબર ટકી રહી, પણ એકવાર ક્યાક જમવા જવાનુ થતા સામે લાડુ આવ્યા એટલે તેણે મનમા ને મનમા કહ્યુ, ' બાધા રે બાધા, તુ મારી મા ! લાડુ પરથી ઊતરી ને દાળ ઉપર જા ! ' અને એણે લાડુ ખાવાની શરૂઆત કરી પેટ ભરીને લાડુ તો જમી લીધા પછી વિચાર થયો કે હવે દાળભાતનો વારો આવશે લાડુ તો એકલા શાક સાથે ખાઈ લીધા, પણ ભાત કેમ ખવાશે ? આથી તેણે કહ્યુ, ' બાધા રે બાધા, તુ મારી મા ! દાળ પરથી ઊતરીને હતી ત્યા ને ત્યા જા ! ' અને એણે દાળ પણ ખાઈ લીધી આવી શિથિલ પ્રતિજ્ઞાઓ પાળવી એ તો વાઉમા છીડા પાડવા બરાબર છે ઉપવાસમા અશક્તિ આવે તેથી ગ્લુકોઝના ઇન્જેક્શનો પણ ન લેવાય મોઢેથી નહી, તો બીજી રીતે પણ કાંઈ લેવાય નહી

વ્રત કરતી વખતે થોડુ છોડીને વધારે મેળવવાની આસક્તિ રાખવી એ વાસ્તવિક તપશ્ચર્યા નથી માટે માન, પ્રતિષ્ઠા કે દેવલોકની

રોમરોમ સાક્ષી માટે મત કરવું ઉચિત નથી. બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યા પછી સિનેમા જોવામાં દોષ એવો બચાવ કરે છે કે અમે તો ધાર્મિક ચિત્રો જ જોઈએ છીએ પરન્તુ ધાર્મિક ચિત્રોમાં પાઠ ભજવનારાઓ ક્યાં ધાર્મિક છે ? આવા અધાર્મિક અને ચારિત્રની શિથિલતાવાળાઓની પાસેથી તમે શું મેળવવાના છો ? સાચું મૂલ્યાંકન તો ચારિત્રનું છે

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે કે **निव्वेएणं भंते ! जीवे किं जणयइ ?** —નિર્વેદથી જીવને શું ફળ મળે છે ?

ઉત્તર આપતાં ભગવાન કહે છે કે **निव्वेएणं दिव्वमाणुस-**
निव्वेयं हव्वमागच्छइ, सव्वविसएसु
। सव्वविसएसु विरज्जमाणे आरंभपरिग्गहपरिच्चायं
। आरंभपरिग्गहं परिच्चयमाणे संसारमग्गं
सिद्धिमग्गं पडिवन्ने य भवइ ॥२॥

—ઉત્તરાધ્યયનસૂત્ર, અ. ૨૯

રંજિતાત્મા આત્મા દેવ, મનુષ્ય ને તિર્યંચના કામભોગોથી બની જાય. જે આરંભ-પરિગ્રહને છોડે તે ચતુર્ગતિરૂપ સંસારને એ અને મોક્ષનો માર્ગ પ્રાપ્ત કરી લે. પૂર્વભવમાં માસ તપ કરીને ચક્રવર્તીપદ મેળવનારા બ્રહ્મદત્ત ચક્રવર્તીને સાતસો મનુષ્ય મળ્યું પરંતુ તપનું પુણ્ય ઋદ્ધિસિદ્ધિમાં પૂર્ણ કરીને જ સાતમી નરકે ગયો. ત્યાં તેત્રીસ સાગરોપમનું દુઃખ પડે એને તિર્યંચનો ભવ મળ્યો. માત્ર સાતસો વર્ષના તેણે કેવું અપાર કષ્ટ વહોરી લીધું ! કેટલી દુઃખ અનંતી વેદના વેઠવી પડી !

મારવાડી વેપારના કામ માટે જ્યારે જતો તેણે એક વાડીમાં ત્રિહાળી કરી અને પોતાની શાક ને ભાજી બનાવ્યાં. મારવાડીની ભાડી

ને શાક બહુ વખણાય છે. આવા શાક-ભાટીની સુગંધ ફોસ ચલાવતા ખેડૂતના નાકમા આવી અને તેણે એ મારવાડીને કહ્યુ, 'તમારા બનાવેલા શાક-ભાટી મને ખાવા આપશો? એની સુગંધથી મને ઇચ્છા થઈ ગઈ છે' ખેડૂતની ગરજનો લાભ ન લે તો એ મારવાડી કેમ કહેવાય? તેણે કહ્યુ, 'તારુ આ ખેતર મને લખી દે, તો શાક-ભાટી આપુ!' ખેડૂતે હા પાડી, ને મારવાડીએ કાગળમા ચાલુ પાક સહિતનુ ખેતર લખાવી લીધુ! એ ખેડૂતને એક વખત ખાવા માટે મજાના શાક-ભાટી તો મળ્યા, પણ તેણે લીલીછમ અને પાકથી ભરેલી વાડી ગુમાવી! એ ખેડૂતને તમે શુ કહેશો? મૂર્ખ! હવે તમે વિચાર કરો કે કષ્ટ કાપવા માટે અઠ્ઠમ અને એકયાસી આએલ કરનાર પણ એ ખેડૂતના જેવો જ ગણાય કે નહી? આ કાયા તો ચાર દિનનુ ચાદરડુ છે.

જેવો કુંજર કેરો કાન, જેવો સધ્યા કેરો વાન,
જેવુ પાકુ પીપળનુ પાન, તેવુ જોર જુવાનીનુ જાણ
જેવો ધુમાડાનો ગોટો, જેવો પાણીતણો પરપોટો,
જેવો સુદર કાચનો ફોટો, એવો સસાર આ ખોટો

આ યુવાનીનુ જોર હાથીના કાન જેવુ, સધ્યાના રગ જેવુ, પીળા પડી ગયેલા પીપળના પાન જેવુ, ધુમાડાના ગોટા જેવુ અને પાણીના પરપોટા જેવુ છે આવા અનિત્ય અને અસ્થિર સસારના સુખો માટે વ્રતો કરવા એ તો ગરલક્રિયા સમાન છે

ભગવાન કહે છે કે—

दुमपत्तए पंडुयए जहा, निवडइ राइगणाण अच्चए।
एवं मणुयाण जीवियं समयं गोयम! मा पमायए॥

—ઉત્તરાધ્યયનસૂત્ર અ ૧૦, ગા ૧

જેના પર અનેક રાત્રિદિવસ વીતી ગયા છે એવા પાકા પાનને પડતા વાર નહિ લાગે, એવુ મનુષ્યનુ જીવન પણ છે

રોમરોમ સળગી માટે વાત કરવું ઉચિત નથી. અસ્વસ્થ મન ધારણ કરી પછી સિનેમા જોવામાં કેટલાક એવો બચાવ કરે છે કે અમે તો ધાર્મિક ચિત્રો જ જોઈએ છીએ પરન્તુ ધાર્મિક ચિત્રોમાં પાઠ ભજવનારાઓ ક્યાં ધાર્મિક છે? આવા અધાર્મિક અને ચારિત્રની શિથિલતાવાળાઓની પાસેથી તમે શું મેળવવાના છો? સાચું મહત્ત્વ તો ચારિત્રનું છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે કે निव्वेएणं भंते! जीवे किं जणयइ? —નિર્વેદથી જીવન શું ફળ મળે છે?

ઉત્તર આપતાં ભગવાન કહે છે કે निव्वेएणं दिव्वमाणुसतेरिच्छिएसु कामभोगेसु निव्वेयं हव्वमागच्छइ, सव्वविसएसु विरज्जइ। सव्वविसएसु विरज्जमाणे आरंभपरिग्गहपरिच्चायं करेइ। आरंभपरिग्गहं परिच्चायं करेमाणे संसारमग्गं वोच्छिन्दइ सिद्धिमग्गं पडिवन्ने य भवइ ॥२॥

—ઉત્તરાધ્યયનસૂત્ર, અ. ૨૯

મોક્ષની રુચિવાળો આત્મા દેવ મનુષ્ય ને તિર્યંચના કામભોગોથી વિરક્ત બની જાય છે અને આરંભ-પરિગ્રહને છોડે છે તે સંસારરૂપ સંસારને છેદી નાખે અને મોક્ષનો માર્ગ પ્રાપ્ત કરી લે. પૂર્વભવમાં માસખમણનાં તપ કરીને ચક્રવર્તી પદ મેળવનારા બ્રહ્મદત્ત ચક્રવર્તીને સાતસો વર્ષનું આયુષ્ય મળ્યું પણ તપનું ફળ ઋદ્ધિસિદ્ધિમાં પૂર્ણ કરીને એ સાધુ [illegible] સાતમી નરકે ગયો ત્યાં તેત્રીસ સાગરોપમનું દુઃખ ભોગવવા [illegible] અને નિયાણાનો ભય [illegible] માત્ર સાતસો વર્ષના ચક્રવર્તિપણા [illegible] કેવું [illegible] વહોરી લીધું! પોતે દુઃખ માટે કેવી બનતી [illegible]

દૃષ્ટાન્ત— [illegible] કામ માટે [illegible] જતો હતો [illegible] વિસામો કર્યો અને પોતાની [illegible] મારવાની માટી

ને શાક બહુ વખણાય છે આવા શાક–બાટીની સુગંધ ક્રોસ ચલાવતા ખેડૂતના નાકમાં આવી અને તેણે એ મારવાડીને કહ્યુ, 'તમારા બનાવેલા શાક–બાટી મને ખાવા આપશો? એની સુગંધથી મને ઇચ્છા થઈ ગઈ છે' ખેડૂતની ગરજનો લાભ ન લે તો એ મારવાડી કેમ કહેવાય? તેણે કહ્યુ, 'તારું આ ખેતર મને લખી દે, તો શાક–બાટી આપુ!' ખેડૂતે હા પાડી, ને મારવાડીએ કાગળમા ચાલુ પાક સહિતનુ ખેતર લખાવી લીધુ! એ ખેડૂતને એક વખત ખાવા માટે મજાના શાક–બાટી તો મળ્યા, પણ તેણે લીલીછમ અને પાકથી ભરેલી વાડી ગુમાવી! એ ખેડૂતને તમે શુ કહેશો? મૂર્ખ! હવે તમે વિચાર કરો કે કષ્ટ કાપવા માટે અઠ્ઠમ અને એકાસી આબેલ કરનાર પણ એ ખેડૂતના જેવો જ ગણાય કે નહી? આ કાયા તો ચાર દિનનુ ચાદરડુ છે.

જેવો કુંજર કેરો કાન, જેવો સંધ્યા કેરો વાન,
જેવુ પાકુ પીપળનુ પાન, તેવુ જોર જુવાનીનુ જાણ
જેવો ધુમાડાનો ગોટો, જેવો પાણીતણો પરપોટો,
જેવો સુંદર કાચનો ફોટો, એવો સંસાર આ ખોટો

આ યુવાનીનુ જોર હાથીના કાન જેવુ, સંધ્યાના રંગ જેવુ, પીળા પડી ગયેલા પીપળના પાન જેવુ, ધુમાડાના ગોટા જેવુ અને પાણીના પરપોટા જેવુ છે આવા અનિત્ય અને અસ્થિર સંસારના સુખો માટે વ્રતો કરવા એ તો ગરલક્રિયા સમાન છે

ભગવાન કહે છે કે—

दुमपत्तए पंडुयए जहा, निवडइ राइगणाण अच्चए।
एवं मणुयाण जीवियं समयं गोयम! मा पमायए॥

—ઉત્તરાધ્યયનસૂત્ર અ ૧૦, ગા ૧

જેના પર અનેક રાત્રિદિવસ વીતી ગયા છે એવા પાકા પાનને પડતા વાર નહિ લાગે, એવુ મનુષ્યનુ જીવન પણ છે

પ્રભા કુસુમ આકારની, દિન ચારમાં વસુકી જશે;
પાણી પહેલાં પાળ બાંધી લે, મનની મનમાં રહી જશે.
ચિંતામણિસમ દેહ આ પામ્યા છતાં પણ નહીં ચેતે
પારસમણિના પાત્રમાં ભીખ માગતાં દિન વહી જશે!

માટે જ્યાંસુધી યુવાની છે ત્યાંસુધી ધર્મ કરી લ્યો. શિયાળાનું છાણું ને યુવાનીનું નાણું ભવિષ્યના કામનું છે. ફરી ફરી આ દેહ મળશે નહીં. માટે સમયમાત્રનો પણ પ્રમાદ કરશો નહીં.

જરા જ્યાંસુધી ના પીડે, જ્યાંસુધી વ્યાધિ ના વધે;
થઈ ઇન્દ્રિયહાનિ ના ત્યાંસુધી ધર્મ આચરે.

જ્યાંસુધી વૃદ્ધાવસ્થા આવી નથી, જ્યાંસુધી રોગોએ શરીરને ઘર બનાવ્યું નથી અને ઇન્દ્રિયો જ્યાંસુધી શક્તિશાળી છે ત્યાંસુધી ધર્મ કરી લો. પછીથી કાંઈ નહી બની શકે. **सम्दीप्ते भवने तु कूप खननं प्रत्युद्यमः कीदृशः ?**—પછીથી તો ઘર બળવા લાગે ને કૂવો ખોદવાનો પ્રયત્ન નિષ્ફળ જ જશે! કાળ આવી જશે પછી શું થઈ શકશે! માટે સંયમ અને તપમાં કોઈપણ પૌદ્ગલિક કામના સેવશો નહીં. દાદરાના ઉપરના પગથિયેથી પડનાર છેક નીચે જઈ પડે છે.

કેટલાક શાહો પોતાના છોકરો પરદેશ જાય ત્યારે આવીને કહે છે: મહારાજ! આ છોકરાને એવું માંગલિક સંભળાવી દો કે એ ખૂબ પૈસા લાવે. પણ માંગલિકમાં શું કહેવાય છે ખબર છે?

ભાવ ધરીને જે ગુણ ગાય તે જીવ તરીને મોક્ષે જાય!

વીતરાગ ભગવાન પાસે આરંભ-સમારંભ માગવાનાં ન હોય. મંગલમાં પૈસા મેળવવાની વાતો નથી પણ ભગવાન થવાની વાતો છે.

नात्यद्भुतं भुवनभूषण ! भूतनाथ !
भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः ।
तुल्या भवन्ति भवतो ननु तेन किं वा
भूत्याश्रितं य इह नात्मसमं करोति ॥

—ભક્તામરસ્તોત્ર શ્લો. ૧

હે જગતના ભૂષણરૂપ ભગવાન ! હે પ્રાણીઓના નાથ ! એમા કોઈ આશ્ચર્ય નથી કે તમારા ગુણોની સ્તુતિ કરનાર મનુષ્ય તમારા જેવો જ બની જાય છે ભલા એવા સ્વામીથી શો લાભ કે જે પોતાના સેવકને પોતાના જેવો બનાવી ન શકે ? અર્થાત્ આપની સ્તુતિ કરનાર આપના જેવો જ બની જાય છે એક શેઠને અનુરૂપ થઈને રહેનાર નોકર પણ શેઠની કૃપાથી શેઠતુલ્ય થઈ જાય છે, તો આમા શું આશ્ચર્ય છે ?'

ભગવાન પાસે કેવળજ્ઞાન ને કેવળદર્શન છે, ને તમારે 'કવળ-જ્ઞાન' (કોળિયો મેળવવાનુ જ્ઞાન) જોઈએ છે, તો એ કેમ મળે ? પ્રભુ પાસે ભૌતિક માગણી કરાય જ નહી કર્મવશાત્ જે કાઈ મળે તેમા સતોષ રાખો સૌને પોતાના પુણ્ય પ્રમાણે મળે છે મોટી મહત્ત્વા-કાક્ષા કરવાથી કાઈ વળવાનુ નથી

सहज मिला सो दूध बराबर, मांग लिया सो पानी ।
खेंच लिया सो रक्त बराबर, गोरख बोल्या वाणी ॥

ભવ વધારવા માટે વ્રત કરશો નહી, નહીતર 'ઘટીની ઉંદરડી થાળામા કે ગાળામા' જેવી હાલત થશે 'બળદ ઘાચીનો બહુ ફરે, તોય પોતાને ઘેર'—એમ તો ઘાચીનો બળદ પણ ઘાણીના ફેરા કરતો સેકડો ગાઉ ચાલે છે, છતા ઘાણીથી દૂર એક ડગલુ પણ જઈ શકતો નથી ભલે થોડુ કરો, પણ સાચુ કરો, કારણ કે—

કોડ ક્રિયાથી ના મળે, તે એક પલમાહિ મળે,
દરિદ્રતા દૂર રહે, શોક ને સતાપ ટળે,
એવા દેવાધિદેવના જે જઈ ચરણે પડે,
ભવોભવના કીધા સહુ પાપ ને પરિતાપ ટળે
જૈન સમુકતમકળનુ કાજ સર્યું રે,
ભૂલ્યા તારુ નામ, વખત ગયો રે,
મોહ તાણી સત્તામા જનમ ગયો રે ભૂલ્યા૦

જે કંઈ ક્રિયા કરો તે સમજણપૂર્વક જોઈને કરો. પેટમાં ગરબડ થયો હોય તેને ઠીક કરવા માટે પૈસો કરો તો પેટ સારું થઈ જાય એટલે જ લાભ ગણાશે. પણ સમકિતસહિત અને રાગદ્વેષ રહિત થઈને એક પૌષધ કરો તો ૨,૭૭ ૭૭ ૭૭ ૭૭૭ પલ્યોપમ જેટલું શુભ દેવતાનું આયુષ્ય બંધાય. કોઈ દરિદ્રી માણસને ચક્રવર્તી રાજા કહે કે તું જોઈએ તે માગી લે અને એ દરિદ્રી માણસ એક મૂઠી ચણા માગે તો તેને બુદ્ધિમાન કેવી રીતે કહી શકાય? એમ ધર્મકરણી કરી શાશ્વત સુખ મેળવવાને બદલે ભૌતિક સુખની માગણી કરનાર કેવા કહેવાય?

સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ! સિદ્ધ ભગવાન પાસેથી તમે શું માગો છો? સિદ્ધ પદ મેળવવા કેટલો પ્રયત્ન કરવો પડે? વાતો કર્યે કંઈ નહીં વળે. શ્રી દેવચંદ્રજી મહારાજ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે—

કાગળ પણ પહોંચે નહીં, નવિ પહોંચે હો તિહાં કોઈ પ્રધાન રે
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોઈનો વ્યવધાન રે
ઋષભ જિણંદ શું પ્રીતડી.

હે ભગવાન! આપની સાથે પ્રીત બાંધવા માટે કોઈ કાગળ મોકલાવી શકે ખરો? અને જે આપની પાસે પહોંચે તે તો આપના જેવા બની જાય છે. એ રાહ આપી શકતો નથી. તો પછી હે પ્રભુ! આપ નિરાગી ને હું સરાગી, આપ સમતાથી ભરપૂર અને હું ક્રોધથી ભરપૂર. મારો ને તમારો મેળ કેમ બેસે? તમે જેને છોડયા એની સાથે મારે ભાઈબંધી. પ્રભુ! આ કેમ ચાલે? કોઈ પુરુષને એના સ્નેહીજન સાથે અણબનાવ હોય ને એની વેરી હસી હસીને એ સ્નેહીજન સાથે વાતો કરતી હોય તો કેવું અજુગતું લાગે! આપણે પણ એવું જ કર્યું છે. પ્રભુ જેનો છોડી તો ધાર્યાં પણ કહાવો રાગ, દ્વેષ આદિ સાથે મૈત્રી રાખો માટે હવે સમજીને છોડો તો સાચી પ્રીત બંધાશે.

સુકુમાલિકા સંયમને વરી ગઈ. સ્વાધ્યાય, મનન, ચિન્તન અને તપ ખૂબ કરતા. એક દિવસ સાધ્વી સુકુમાલિકા પોતાના ગુરુણી ગોપાલિકા પાસે આવીને કહેવા લાગી: હે ગુરુણી! જો આપની આજ્ઞા

હોય તો આ ચંપાપુરીની બહાર આવેલા સુભૂમિભાગ નામના ઉદ્યાનમાં છઠ્ઠ–છઠ્ઠના પારણા કરીને સૂર્યની આતાપના સાથે તપ કરું ' ગોવાલિકા સાધ્વીજીએ જવાબ આપ્યો, 'તમે જે વાત કરો છો તે આપણને કલ્પે નહીં આપણે ઈર્યાસમિતિ, આદાનસમિતિના પાળનાર અને ગુપ્તિ રાખનારા છીએ. માટે જે મકાનમા સૂર્યનો તાપ આવતો હોય તે મકાનમા પછેડી બાધીને આતાપના લેવાય સ્ત્રીજાતિ માટે ખુલ્લી જગ્યામા આતાપના અને એક પગે ઊભા રહીને તપ કરવાની ભગવાને આજ્ઞા આપી નથી, કારણ કે સ્ત્રીઓએ બહુ સાવધાનીથી રહેવાનુ છે '

આ પ્રકારે ગુરુણીએ સુકુમાલિકાને સમજાવી સુકુમાલિકાને તો ઉછાળો જ આવ્યો હતો એથી તે વિચારવા લાગી કે 'મે જે તપ કરવાનુ ઇચ્છ્યુ છે તેની ના કેમ પડાય ?' પણ જે શિષ્ય કે શિષ્યા સિદ્ધાન્તના નિયમ પ્રમાણે ન ચાલે તો એને ચલાવી લેવાય નહીં ગુરુણીની એ ફરજ છે કે પોતાની શિષ્યાઓને સિદ્ધાન્તના નિયમમા રાખે ગુરુણીની જવાબદારી બહુ મોટી છે માત્ર દીક્ષા આપી દેવાથી બધુ જ કર્તવ્ય સમાપ્ત થતુ નથી પોતાના શિષ્યો માર્ગે છે કે ઉન્માર્ગે એ એની જવાબદારી ગુરુની છે ચલાવી લેનાર ગુરુ એ સાચા ગુરુ નથી ગોવાલિકા સાધ્વીજીએ સુકુમાલિકાને સ્પષ્ટ કહી દીધુ કે તમારાથી તપશ્ચર્યા માટે સુભૂમિભાગ ઉદ્યાનમા નહીં જવાય

દૃષ્ટાન્ત—ગોંડલ સમ્પ્રદાયના ડુ ગરસી સ્વામીના ભત્રીજી માનકુવરબાઈ સ્વામીએ પણ નાની વયમા દીક્ષા લીધી હતી ફરતા ફરતા તેઓ એક નાના ગામડામા ગયા માનકુવરબાઈ સ્વામી જેટલા જ્ઞાની હતા તેટલા જ સ્વરૂપવાન અને તેજસ્વી હતા ગામમા વાણિયાનુ એક જ ઘર હતુ ગામમા તેમણે બોધ આપ્યો તેમના ઉપદેશથી ઇતર ધર્મના લોકો પણ ખૂબ આકર્ષાયા તેમા ગામનો એક યુવાન કાઠી દરબાર સાધ્વીજીના રૂપની પાછળ આકર્ષાયો ઇન્દ્રિયાભિમુખ જીવોની દૃષ્ટિ વિષયોનુ જ ધ્યાન ધરતી હોય છે. દરબારે વાણિયાને કહ્યુ, 'આવતી કાલે તમારે ત્યા ઊતરેલા સાધ્વીજીને જવા દેશો નહીં એનુ રૂપ મને બહુ ગમે છે'

આ કાઠી દરબાર બહુ ક્રૂર અને વિષયાન્ધ હતો અને વાણિયો ઓળખતો હતો. દરબારની આજ્ઞાનું ઉલ્લંઘન કેવું પરિણામ લાવે એને એ બરાબર સમજતો હતો. આથી વહેલી સવારમાં ઊઠીને તેણે ઘોડો દોડાવીને એ ગામથી ત્રણ ચાર ગાઉ દૂર જ્યાં ડુંગરશી સ્વામી હતા ત્યાં જઈને તમામ હકીકત કહી સંભળાવી. તરતોતરત વિહાર કરીને ડુંગરશી સ્વામી દરબારના ગામ પહોંચ્યા. અગાઉથી જઈને વાણિયાએ સાધ્વીજીને તૈયાર કરી રાખ્યાં હતાં. ગુરુજી પહોંચ્યા ને સાધ્વીજીને તરત વિહારની આજ્ઞા કરી. તેઓ ખરે બપોરે વિહાર કરી ગયા. પોતાની શિષ્યા માનકુંવરબાઈને બચાવીને એ દરબારની હદ બહાર પહોંચાડી દીધાં અને પોતાના ઉતારામાં સાધ્વીજીને સુવાડીને શ્રી ડુંગરશી સ્વામીએ આખી રાત ખડે પગે ચોકી કરી. ક્યારે હુમલો આવે એ જ રાહ જોવાતી હતી, પણ ભાગ્યવશાત્ એવું કંઈ બન્યું નહીં. રાતમાં આ દરબારની દૃષ્ટિ બદલાઈ અને એને પોતાની ભૂલ માલૂમ થઈ. સવાર પડ્યું અને દરબારે વાણિયાને ત્યાં જઈને તપાસ કરી કે પેલાં સાધ્વીજી ક્યાં ગયાં?

વાણિયાએ જવાબ આપ્યો: અચાનક એ સાધ્વીજીના ગુરુદેવ પધાર્યા અને તેઓ તેમને પોતાની સાથે લઈ ગયા છે.

દરબારે કહ્યું: તમે મારી સાથે એ ગુરુદેવની પાસે ચાલો. હું વિષયાન્ધ બન્યો હતો. પરંતુ હવે મને તેનો પસ્તાવો થાય છે. મારે તેમની ક્ષમા માગવી છે.

દરબારની શુદ્ધ થયેલી બુદ્ધિ જોઈને વાણિયો પણ દરબારની સાથે ડુંગરશી મહારાજ પાસે આવ્યો. દરબારે મહારાજની અને સાધ્વીજીની ક્ષમાયાચના કરી અને તે દિવસથી પરસ્ત્રી પર યાવજ્જીવન કુદૃષ્ટિ નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી.

ત્યાંથી આ ડુંગરશી મહારાજે માનકુંવરબાઈ સ્વામીને આજ્ઞા

ફરી કે તમારે જ્યારે જ્યારે વિહાર કરવો હોય ત્યારે ત્યારે હાથે પગે
અને મોઢા પર કોલસાનો ભૂકો લગાડીને જ જવુ

આમ પોતાના શિષ્ય-શિષ્યાની સપૂર્ણ જવ
હોય છે આર્યા ગોવાલિકાએ પણ એ જ જવાબદારી
સાધ્વીને સુભૂમિભાગ ઉદ્યાનમા જવાનો નિષેધ...
બનશે તે અવસરે

આ કાંઠી દરબાર ભાવુ ક્રૂર અને વિષમાન્ધ હતો અને વાણિયો ભોળો હતો. દરબારની આજ્ઞાનું ઉલ્લંઘન કેવું પરિણામ લાવે એને એ બરાબર સમજતો હતો. આથી વહેલી સવારમાં ઊઠીને તેણે પોતે ઘોડાગાડીને એ ગામથી ત્રણ ચાર ગાઉ દૂર જ્યાં ડુંગરશી સ્વામી હતા ત્યાં જઈને તમામ હકીકત કહી સંભળાવી. તરતોતરત વિહાર કરીને ડુંગરશી સ્વામી દરબારને ગામ પહોંચ્યા. અગાઉથી જઈને વાણિયાએ સાધ્વીજીને તૈયાર કરી રાખ્યાં હતાં. ગુરુજી પહોંચ્યા ને સાધ્વીજીને તરત વિહારની આજ્ઞા કરી. તેઓ બારે બપોરે વિહાર કરી ગયા. પોતાની શિષ્યા માનકુવરબાઈને બચાવીને એ દરબારની હદ બહાર પહોંચાડી દીધાં અને પોતાના ઉતારામાં સાધ્વીજીને સુવાડીને એ ડુંગરશી સ્વામીએ આખી રાત બેઠે પગે ચોકી કરી. ક્યારે દુઃખો આવે એ જ રાહ જોવાતી હતી પણ આશ્ચર્યવત્ એવું કાંઈ બન્યું નહીં રાતમાં આ દરબારની દષ્ટિ બદલાઈ અને એને પોતાની ભૂલ સમજાઈ સવાર પડયું અને દરબારે વાણિયાને ત્યાં જઈને તપાસ કરી કે પેલાં સાધ્વીજી ક્યાં ગયાં!

વાણિયાએ જવાબ આપ્યો, અજાણ્યા એ સાધ્વીજીના ગુરુદેવ પધાર્યા અને તેઓ તેમને પોતાની સાથે લઈ ગયા છે.

દરબારે કહ્યું તમે મારી સાથે એ ગુરુદેવની પાસે ચાલો હું વિષયાન્ધ બન્યો હતો, પરંતુ હવે મને તેનો પસ્તાવો થાય છે મારે તેમની ક્ષમા માગવી છે.

દરબારની શુદ્ધ થયેલી બુદ્ધિ જોઈને વાણિયો પણ દરબારની સાથે જ શ્રી ડુંગરશી મહારાજ પાસે આવ્યો. દરબારે મહારાજની અને સાધ્વીજીની ક્ષમાયાચના કરી અને તે દિવસથી પરસ્ત્રી પર યાવજ્જીવન કુદૃષ્ટિ નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી.

ત્યારથી શ્રી ડુંગરશી મહારાજે માનકુવરબાઈ સ્વામીને આજ્ઞા

કરી કે તમારે જ્યારે જ્યારે વિહાર કરવો હોય ત્યારે ત્યારે હાથે પગે અને મોઢા પર કોલસાનો ભૂકો લગાડીને જ જવુ ।

આમ પોતાના શિષ્ય-શિષ્યાની સંપૂર્ણ જવાબદારી ગુરુને શિર હોય છે આર્યા ગોવાલિકાએ પણ એ જ જવાબદારી સમજીને સુકુમાલિકા સાધ્વીને સુભૂમિભાગ ઉદ્યાનમા જવાનો નિષેધ કરી દીધો હવે ત્યા શું બનશે તે અવસરે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૭૬

(સોમવાર, તા ૨૩-૯-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે ગુરુના વચનોમા અખડ વિશ્વાસ રાખવાથી જ પોતાને મોક્ષ મળશે એમ માનવાને બદલે સુકુમાલિકાએ ગુરવાક્યનો અનાદર કર્યો સિદ્ધાન્તમા કહ્યું છે કે સાધ્વીએ આતાપના લેવી હોય તો ઉપાશ્રયમા ફરતી પછેડી બાધીને, સ્થિર રહીને જ લેવી પરતુ એ વાકયને સુકુમાલિકાએ શ્રદ્ધાપૂર્ક સ્વીકાર્યું નહી તેને એ રુચ્યુ પણ નહી સ્વચ્છન્દી જીવોને સિદ્ધાન્તવાક્ય ગમતુ નથી શ્રીમદ્ રાજચદ્રજી કહે છે કે—

સ્વચ્છન્દી મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,
સમકિત તેને ભાખીયુ, કારણ ગણી પ્રત્યક્ષ,
માનાદિક શત્રુ મહા, નિજ છદે ન મરાય,
જાતા સદ્‌ગુરુ શરણમા, અલ્પપ્રયાસે જાય

સ્વચ્છન્દે વિચરીને જ જીવે પોતાનુ ઊંધુ વાળ્યુ છે, મતાગ્રહ અને દુરાગ્રહ તજીને જો સિદ્ધાન્તને સમજે તો જ મોક્ષે જવાય 'છદ

निरोहेण उवेइ मोक्खं'—પોતાની ઇચ્છાનો નિરોધ કરે તો મોક્ષ મળે. કેળવેલા રેસના ઘોડાની કિંમત લાખ રૂપિયા હોય છે પણ સ્વચ્છંદી ઘોડાની કિંમત નથી રાણા પ્રતાપનો ચેતક શિક્ષિત અને માલિકને વફાદાર ઘોડો હતો તો જ તેને ઇતિહાસમાં સ્થાન મળ્યું છે શિષ્યને ગુરુ પ્રત્યે વિનય રાખવાનું ભગવાને કહ્યું છે ઠાણાંગસૂત્રમાં ભગવાને કહ્યું છે કે માબાપ શેઠ-સ્વામી અને ગુરુ એ ત્રણના ઉપકારનો બદલો વળી શકતો નથી. જે પુત્ર વિનય કરે છે તે બાળક પર જ ગુરુજનોનું હૃદય ઠરે છે પોતાની સ્ત્રીનો પક્ષ લઈને જે બાળક વડીલોને ધમકાવે છે અથવા વડીલો નીચે બેઠા હોય ને પુત્ર ખુરશી પર બેસે અને વડીલનો અવિનય કરે એ પુત્ર વડીલોને કેવો લાગે ! આજની કોલેજો તો અવિનયનાં ઘર બની ગઈ છે

દૃષ્ટાન્ત—એક કોલેજિયને એક ઓફીસરને અસભ્યતાથી ટાપલી મારી. પ્રિન્સિપાલે તેના આ અવિનય જોઈને પચીસ રૂપિયા દંડ અને એક કલાક ઊભા રહેવાની શિક્ષા કરી. આ સાંભળીને કોલેજિયન બોલ્યો, તમે આમાં પ્રેમની કિંમત માત્ર પચીસ જ રૂપિયા આંકી, પણ એની કિંમત હું વધારે ચૂકવવા માગું છું આમ કહીને તેણે એ ઓફીસરના ગાલ પર બીજી ટાપલી લગાવી અને ખિસ્સામાંથી પચાસ રૂપિયા પ્રિન્સિપાલના ટેબલ ઉપર ફેંકીને એ બોલ્યો હવે હું એક કલાકને બદલે બે કલાક ઊભો રહીશ ! આવા અવિવેકી માટે પતિત શબ્દો અને … સમજવો કે ભાઈ Character is the best property —ચારિત્ર એ તો ઉત્તમ … સુભાષિતને ગુરુજીએ … ગુરુજીના અપમાન …

પત્ની આ … સમજે, કે … એને ઉછેરે રસોઈ કરે, ત્યારે … કહીએ કે મારી … આવી પત્ની તો તમે એને શો ત્રાસ આપો … ઉપર … એવું છે એ કોઈ … નથી … ફરી … માગણી કરે એ કેવી અસભ્યતા છે તેવી

જ રીતે જે શિષ્ય ગુરુસેવાના કે પોતે કરેલા વિનયના બદલામા માન કે પ્રશસા માગે તે અવિનયી શિષ્ય છે

દૃષ્ટાન્ત—અમેરિકાની એક બાઈ સાસુ અને પતિથી કટાળીને એક માનસશાસ્ત્રી પાસે આવીને કહેવા લાગી, 'મારી સાસુ મારી પાસે ખૂબ કામકાજ કરાવીને મારા પર ટકટક કર્યા કરે છે અને મારો પતિ મારી કદર નથી કરતો નથી, માટે તેનો ઉપાય બતાવો' માનસશાસ્ત્રીએ કહ્યુ કે, 'તમે કહો છો કે હુ નિર્દોષ છુ, તો તમારી નિર્દોષતાને હુ માની લઉ છુ, પણ જેનામા સતોષ ન હોય એ નિર્દોષ કેવી રીતે ગણાય ? તમે બધાને ખરાબ કહો છો, પરતુ તમે પોતે પોતાનો દોષ જોઈ શકતા નથી કરી છૂટવુ એ માનવધર્મ છે, પણ કરીને કઈક લેવાની ઇચ્છા કરવી એ સ્વાર્થ છે'

વૃક્ષને કોઈ પથ્થર મારે તો તે પથ્થરના બદલામા ફળ આપે છે તમને કોઈ પથ્થર મારે તો તમે ફળ આપો છો કે ગાળો ? માનવ-જીવન પરોપકાર માટે છે

परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय दुहन्ति गाव ।
परोपकाराय वहन्ति नद्यः परोपकारार्थमिदं शरीरम् ॥

ફળ આપીને વૃક્ષો પણ પોતાનુ પરોપકારીપણુ આપણને બતાવે છે ઘાસ ચરનારી ગાય દૂધ આપે છે, મળમૂત્ર ધોવા છતા નદીઓ નિર્મળ જળ આપે છે મનુષ્યે તેમની પાસેથી પરોપકારનો ગુણ લેવા જેવો છે સતો પણ પરોપકાર માટે ગામેગામ ફરીને તીર્થંકરદેવનો સદેશો ઘેરઘેર પહોચાડે છે માટે મહાપુણ્યે મળેલો માનવભવ સુધારી લેજો ગોવાલિકા સાધ્વીને સુકુમાલિકાને શિષ્ય બનાવીને કોઈ વશ વધારવો ન હતો સતો તો મોક્ષમાર્ગના સથવારો છે તેઓ કહે છે, કે ચાલવાનુ તમારે પગે છે સતોના વાક્યોમા શ્રદ્ધા રાખશો તો એને સથવારે તમે પણ મોક્ષમા પહોચી જશો ગુરુ તો બધા વિદ્યાર્થીઓને એકસરખુ જ જ્ઞાન આપે છે, પણ સૌ પોતપોતાના ક્ષયોપશમ પ્રમાણે તેને ગ્રહણ કરે છે

ગંગામાં જે ગયું જળ ગણાયું તે ગંગાજળ,
ગટરમાં ગયું જળ ગંદુ તે ગણાય છે
ખારે દરિયે ગયું તે ખારેખરું ખારું થયું
ઝેરમાં ગયું તે ઝેરરૂપ થઈ ઝણાય છે
શેરડીએ શોષ્યો રસ થયો શેરડીનો રસ ૧૫,
સૂનામાં ગયું તે સૂનારૂપ થઈ સમજાય છે
એક જ આકાશની પેદાશ દાખે દલપતરામ,
જેવા જેને જોગ મળ્યો તેવું તે જણાય છે

વીતરાગની વાણી એક જ હોવા છતાં પાત્ર પ્રમાણે ગુણ આપે છે કુંભાર માટી લાવીને, તેને પિંડા મારીને કોમળ બનાવી પાણી રેડીને તેને ફાવડે લાતો મારીને ચીકણી બનાવે છે તે પછી તેનો પિંડ બનાવી ચાકડા પર ચઢાવીને ઘાટ તૈયાર કરે છે તેને ટપલાં મારીને સરખું કર્યા બાદ તેની અગ્નિપરીક્ષા કરે છે ત્યારે તે પાણી ભરવા યોગ્ય ઘડો તૈયાર થાય છે તેવી જ રીતે દુઃખ સહન કરીને અને નમ્રતા રાખીને જે શિષ્ય અભ્યાસ કરે છે તેને જ વિદ્યા ફળે છે **नच्चा नमइ मेहावी लोए कित्ती से जायए** —મેધાવી મનુષ્ય હંમેશાં નમીને જ ચાલે છે ગુરુની આજ્ઞાનું પાલન કરવું એ શિષ્યનું કર્તવ્ય છે અને એવા વિનયવાન શિષ્ય લોકોમાં કીર્તિને પામે છે

દૃષ્ટાન્ત—મારવા પ્રદેશમાં કુલ્લા નામનાં એક સાધ્વીજી પોતાનાં ગુરુણી સાથે વિહાર કરતાં હતાં. કુલ્લા સાધ્વી જાગતાં હતાં ને ગુરુણી સૂતા હતા [illegible] સૂતી વખતે કુલ્લાજીએ આત્માને ચાંભી મારી, પણ ઊંઘ ખીધા સમાવવા જૈઈએ એ મળ્યો નહીં એટલામાં ગુરુણીએ નમીન પૂ [illegible] અરે ! શું કરે છે ? કુલ્લાજીએ કહ્યું [illegible] સાપ [illegible] ચાલ્યો ગયો [illegible] ખીનો [illegible] એ જાગતો નથી. [illegible] સાચી [illegible] થાઈ ગયું કે તારી આજ્ઞા તો છે ને ! અને [illegible] નિદ્રાધીન થઈ ગયા [illegible] કુલ્લાજીએ ગુરુણીને

શિરોધાર્ય કર્યું સાંકળ દઈને પોતાની આગળી ખીલીને ઠેકાણે લગાવીને ત્રણ પ્રહર સુધી એમ ને એમ તેઓ ઊભા રહ્યા ચોથે પ્રહરે ગુરુજી ઊઠ્યા અને જુએ છે તો કુ દણા એમ ને એમ ઊભેલ છે તેણે પૂછ્યુ, 'ત્યા કેમ ઊભા છો ?' કુદણાજીએ વિનયથી કહ્યુ, 'આપની આજ્ઞા મુજબ ઊભી છુ ' ગુરુજીએ ઊઠીને જોયું તો સાકળના ઉપર લગાવેલી આગળી સૂઝી ગઈ હતી આનુ નામ છે ગુરુની આજ્ઞાનુ પાલન ! '**हवइ किच्चाणं सरणं भूयाणं जगई जहा**'—જેમ પ્રાણીઓને પૃથ્વી આધારભૂત છે, તેમ વિવેકી શિષ્ય જગતના આધારરૂપ બને છે

અવિવેકી શિષ્ય ગુરુને ભારરૂપ બને છે આવા શિષ્યો જ્ઞાનમા પણ કોરા રહી જાય છે ગુરુની આજ્ઞાનુ પાલન ન કરનાર શિષ્યોને બુદ્ધિનો ઉઘાડ પણ ન થાય તો પછી કેવળજ્ઞાન તો ક્યાથી જ થાય ? માટે વડીલોની આજ્ઞાનુ પાલન એ પુત્રનો અને શિષ્યનો ધર્મ છે

દૃષ્ટાન્ત—માકદીપુત્રો જિનપાલ અને જિનરક્ષિત અગિયાર વાર સમુદ્રમાર્ગે પરદેશ જઈ આવ્યા ધન પણ ખૂબ મેળવ્યુ અને હવે બારમી વાર પરદેશ જવા માટે બન્ને જણા માતાપિતાની આજ્ઞા લેવા આવ્યા માતાપિતાએ કહ્યુ, 'બેટા ! આપણી પાસે અખૂટ ધન છે અને બારમી વાર પરદેશમા જવુ એ અપશુકન ગણાય છે, માટે તમારે બારમી વાર પરદેશ જવાની જરૂર નથી '

પરંતુ જિનપાલ અને જિનરક્ષિતે હઠાગ્રહ કરતા કહ્યુ, 'અમે અગિયાર વાર તો સમુદ્રને ખેડી નાખ્યો છે, એટલે અમારા માટે અપશુકનનો ભય નથી માટે આજ્ઞા આપશો તોય અમે જઈશુ અને નહી આપો તોય જઈશુ !'

આમ માતાપિતાની આજ્ઞાનો અનાદર કરીને વહાણોમા માલ ભરીને બન્ને જણા વેપાર માટે નીકળ્યા થોડા દિવસ બાદ સમુદ્રમા તોફાન આવ્યુ અને એક પછી એક વહાણુ ડૂબવા લાગ્યા છેલ્લા વહાણમા જિનપાલ અને જિનરક્ષિત બન્ને બેઠા હતા. છેવટે એ વહાણુ પણ તૂટી

પરંતુ ભાગ્યયોગે બંને તેના હાથમાં વહાણનું પાટિયું આવી ગયું અને તરતાં તરતાં આઠમે દિવસે એક કિનારા પર તેઓ આવી ગયા. જ્યારે બન્ને જણાને શુદ્ધિ આવી ત્યારે બંને જણા કિનારા પરના વનમાં જવા લાગ્યા. ત્યાં જોયું તો એ રત્નદ્વીપ હતો. સુંદર ઉદ્યાનમાંથી બન્ને જણાએ ફળોનો આહાર કર્યો અને ત્યાં આગળ જવા લાગ્યા ત્યાં સોળેય શણગારો ધારણ કરેલી અને અત્યંત સ્વરૂપવતી સ્ત્રી તેમને સામે મળી. હાવભાવ અને કટાક્ષ કરતી એ સ્ત્રી બોલી, આ દ્વીપની હું માલિક છું. મારું નામ રયણાદેવી છે જો તમે મારે ત્યાં આવશો અને મારા કહેવા પ્રમાણે કરશો તો તમને સ્વર્ગીય સુખો અને ઉપભોગો મળશે. બન્ને જણા રયણાદેવીના હાવભાવમાં મોહ પામી ગયા અને તેના જ રાજભવનમાં રહેવા લાગ્યા. રયણાદેવી પણ તેમને ખાનપાન અને ઉપભોગો આપવા લાગી.

આજના ભીખારીઓ વર્તમાનને જુએ છે પરંતુ ભવિષ્ય સામે દૃષ્ટિ પણ કરતા નથી. જિનપાલ અને જિનરક્ષિતને ઘરના કરતાં પણ વધારે સુખ મળવા લાગ્યું. તેઓ ઘરબાર ને બાપાને ભૂલીને ભોગમાં મસ્ત બની ગયા.

આ રયણાદેવી હજારો કોટીની દેવ જાતિની એક સ્ત્રી હતી. ભૂખ્યા પડેલા મુસાફરોને આજીવન એ આવા જ કામ કરતી હતી. આવા તો કેટલાય ભ્રમના ભીખારીઓના તેણે વિનાશ સર્જ્યા હતા. પરંતુ જિનપાલ અને જિનરક્ષિત તો નવો વર્ગના સુખની આશા મળી ગઈ હોય તેમ માનતું હતું.

[illegible] ઇન્દ્રના [illegible]ણાને આજ્ઞા થઈ કે આખા લવણસમુદ્રને [illegible] કરી નાખો. રયણાને ઇન્દ્રની આજ્ઞા પાળ્યા વિના છૂટકો [illegible] આથી [illegible] બન્ને ભાઈઓને કહ્યું [illegible] મારે લવણસમુદ્રને [illegible] સાફ [illegible] તમે [illegible] આ મહેલમાં જ [illegible] તમે સુખમાં [illegible] એમ [illegible] મારા

વિના તમને ચેન ન પડે તો પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણના ઉપવનોમાં ફરવા જજો, પરતુ ઉત્તર તરફના ઉપવનમા જવાની ભૂલ કદાપિ કરશો નહી '

જિનપાલે અને જિનરક્ષિતે પૂછયુ, ' દેવી! અમને તમારા વિના ચેન તો નહી જ પડે, એમ છતા તમારી રાહમા અમે દિવસો વીતાવી દઈશુ, પરતુ એ તો બતાવો કે ઉત્તરદિશાના ઉપવનમા જવાની તમે ના કેમ કહો છો ? '

' તમે તો મારુ સર્વસ્વ છો,' રયણા બોલી, ' ઉત્તરદિશામા કાળો અને ભયકર નાગ રહે છે એના ફૂફાડાથી પણ માનવનો વિનાશ થાય છે ' આમ કહીને રયણા ચાલી ગઈ

દેવી ચાલી ગઈ અને જિનપાલ અને જિનરક્ષિતને બેચેની થવા લાગી એકવાર તેઓ પૂર્વના ઉપવનમા ફરી આવ્યા, પછી પશ્ચિમ અને દક્ષિણના ઉપવનોમા પણ જઈ આવ્યા, પરન્તુ રયણા વિના બન્નેને ક્યાય ચેન પડતુ નથી આથી બન્ને જણાએ વિચાર કર્યો કે આજે તો ઉત્તર તરફના ઉપવનમા જઈએ જોઈએ તો ખરા કે એ નાગ કેવો છે ?

અને તેઓ ઉત્તરદિશાના ઉપવનમા પ્રવેશ કરવા લાગ્યા, પરન્તુ તેમને બગીચામાથી અસહ્ય દુર્ગંધ આવવા લાગી મોઢે ડૂચો દઈને એ બન્ને આગળ વધ્યા, ત્યા તો એક મોટો હાડકાનો ઢગલો જોવામા આવ્યો આશ્ચર્ય પામતા બન્ને જણા આગળ જવા લાગ્યા, ત્યા એક પુરુષને શૂળી પર ચઢાવેલો હતો અને હવે તેને મરવાને થોડીક જ વાર હતી બને જણાએ પાસે જઈને તેને પૂછયુ, ' ભાઈ! તમારી આવી દશા કોણે કરી ? '

' રયણાએ ! ' શૂળી પર ચડેલા માણસે કહ્યુ ' હુ પણ એક દિવસ સમુદ્રના તોફાનમા ભૂલો પડીને તમારી માફક જ રત્નદ્વીપમા આવી પડ્યો અને તમારી જેમ જ એના મોહમા ફસાઈ ગયો જ્યાં

તમે બન્ને આવ્યા એટલે મારી આ દશા થઈ આ સ્વરૂપ ક્રૂર સ્વભાવની દેવી છે આવા તો અનેક પુરુષોના તેણે પ્રાણ લઈ લીધા છે અને પછી જ્યારે કોઈ બીજો મુસાફર આવશે એટલે તમારી પણ મારા જેવી જ દશા થવાની છે

મરવાની ઘડીએ પહોંચેલા પુરુષની આ વાત સાંભળીને આ બન્ને ભાઈઓ કંપી ઉઠ્યા તેમણે પૂછ્યું ભાઈ ! તમે તો હવે મૃત્યુ પામવાના જ છો પણ અમારે બચવું હોય તો તેનો કોઈ ઉપાય છે ખરો ?

હા એક જ ઉપાય છે હાંફીએ ચડેલો પુરુષ બોલ્યો પૂર્વના વનમાં એક યક્ષનું મંદિર છે દરેક સોમવારે સવારે એ યક્ષ ઘોડાનું સ્વરૂપ ધારણ કરીને ઉચ્ચાર કરે છે કે **कं तारयामि ! कं पारयामि !**— કોને તારું ! કોનો ઉદ્ધાર કરું ! જો તમે એ જ વખતે હાજર થઈને એ ઘોડાને પ્રાર્થના કરશો કે **मां तारय मां पारय** —મને તારો મારો ઉદ્ધાર કરો તો એ ઘોડો પોતાની પીઠ પર બેસાડીને તમને તમારે ઘેર પહોંચાડી દેશે પરન્તુ તમે જો તમારો ઉદ્ધાર કરવામાં બરાબર મક્કમ રહેશો તો જ બચી શકશો કારણ કે તમે ઘોડા પર સવાર થશો કે તરત જ એ દેવીને ઉપયોગથી ખબર પડી જશે, અને એ તમારી પાછળ આવીને તમારી આગળ રડશે, કરગરશે અને છેવટે અનેક ધમકીઓ પણ આપશે ! પણ તમે જો એના હાવભાવમાં કે પ્રલોભનમાં ફસાઈને પાછું વાળીને જોશો તો એ ઘોડો તમને પછાડીને ચાલ્યો જશે. માટે કોઈપણ રીતે પાછું વાળીને જોશો નહીં !

આટલું કહીને એ પુરુષ તો મૃત્યુ પામી ગયો બરાબર સોમવારને દિવસે સવારના એ બન્ને ભાઈઓ યક્ષના મંદિર પાસે આવ્યા. ત્યાં એક અશ્વ તેમના જોવામાં આવ્યો. એ માનવભાષામાં બોલી રહ્યો હતો. **कं पारयामि ! कं तारयामि !** જવાબમાં બન્ને ભાઈઓ બોલ્યા **मां तारय मां पारय !** અને અશ્વે પોતાની પીઠ પર બન્નેને બેસાડી દીધા બન્ને ભાઈઓને લઈ ઘોડાએ વાયુવેગે ચાલવા માંડ્યું

પરન્તુ ઉપયોગદ્વારા આ બનાવને જાણી લઈને રયણાદેવી તેમની પાછળ આવી પ્રથમ તો બહુ કોમળતાથી અને મનમોહક શબ્દોથી સબોધીને કહેવા તે લાગી, ' અરે, તમે કેમ ચાલ્યા જાવ છો ? મે આપેલા સુખોમા તમને બન્નેને કાઈ ખામી લાગી હોય તો પાછા વળો હું તમને દિવ્ય સુખોપભોગ વડે તૃપ્ત કરીશ '

પરન્તુ બન્ને ભાઈઓ મક્કમ હતા કોઈએ પાછુ વાળીને તેની સામે જોયુ નહી આથી એ કાલાવાલા કરીને કહેવા લાગી, ' મને છોડીને તમે ચાલ્યા જાઓ છો, તો શુ તમને મારી દશા માટે ચિતા પણ થતી નથી ? હુ હવે કોને આધારે રહીશ ? મારા ઉપર દયા કરીને એકવાર મારી સામે તો જુઓ ! ' આ શબ્દો સાભળ્યા છતા જિનપાલ અને જિનરક્ષિત બન્ને અડગ રહ્યા આથી રયણાદેવી ક્રોધ કરીને કહેવા લાગી, ' તમને આટઆટલા લાડ લડાવ્યા તેની તમને શરમ પણ રહેતી નથી ? જતા જતા મને મો પણ બતાવવા તમે તૈયાર નથી ? તમે બન્ને જેનુ ખાધુ તેનુ જ ખોદવા તૈયાર થયા છો હુ પણ જેવીતેવી નથી જો હુ ધારુ તો ભલભલાના પ્રાણ લઈ શકું છુ, પણ તમો બન્નેને તો મે પ્રાણથી અધિક સાચવ્યા છે માટે એક-વાર મને મુખ બતાવતા જાવ ! '

આવા વાક્યો સાભળીને જિનરક્ષિતના મનમા થયુ કે રયણા-દેવીની વાત તો સાચી છે આપણને એણે સાચવ્યા છે, તેના બદલામાં જરાક મોઢુ બતાવવામા શો વાધો છે ? ' જિનરક્ષિતનો આ મનોભાવ રયણાએ જાણી લીધો આથી એ તેને જ ઉદ્દેશીને કહેવા લાગી, ' જિનરક્ષિત ! તમારો ભાઈ તો વચનભ્રષ્ટ છે, પણ તમે મને તેના કરતા અધિક પ્રિય છો માટે એકવાર મને તમારા મુખનુ દર્શન કરાવો, એટલે હુ સતોષ માનીને પાછી ફરી જઈશ '

અને જિનરક્ષિતનુ મન પીગળી ગયુ તેણે રયણાના સામે જોયુ ! તત્કાલ એ ઘોડા પરથી ઊછળી પડ્યો, અને જિનપાલને લઈને ઘોડો વાયુવેગે આગળ વધ્યો

જિનરક્ષિતનું પતન થયું અને વીફરેલી વાઘણ સમી રયણાએ જિનરક્ષિતને પકડીને તેના ટુકડા કરી નાખ્યા અને એ ટુકડા જળચરોના ભક્ષ્ય તરીકે આપી દીધા! જિનપાલને યક્ષે ઉદ્યાનમાં મૂકી દીધો.

ભગવાનની વાણી બધાને એકસરખું જ્ઞાન આપે છે. યક્ષરૂપી આત્માને જો તમે વફાદાર રહેશો તો એ તમને તમારે સાથે ઘેર પહોંચાડી દેશે અને જો રયણારૂપી મોહમાયાને આધીન બની જશો તો તમારો વિનાશ થઈ જશે! જિનપાલ એકલો ઘેર આવ્યો અને માતાપિતાને વંદન કરીને કહેવા લાગ્યો: આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું ફળ અમો બન્નેને મળી ગયું અને તેમાંય જિનરક્ષિત રયણાનાં વાક્યો પર વિશ્વાસ રાખીને મૃત્યુને આધીન બની ગયો. તેણે માતાપિતાને બધી વાત કરી અને સંસારનાં સુખો પરનો પોતાનો વૈરાગ્યભાવ પ્રદર્શિત કર્યો. દીક્ષા લઈને, મુનિ બનીને, તેણે મોક્ષપદની પ્રાપ્તિ કરી.

રત્નદ્વીપરૂપી સંસારમાં તમે પણ આવી પડ્યા છો. હવે એ જ નિર્ણય કરવાનો રહે છે કે તમારે રયણાને આધીન બનવું છે કે યક્ષને આધીન બનીને મોક્ષપદ પ્રાપ્ત કરવું છે! ભગવાનની આજ્ઞા પાળનારને સંસારમાં ભટકવું પડતું નથી અને જે વિષયમાં અંધ બને છે તેનું પરિભ્રમણ ટળતું નથી.

સુકુમાલિકાએ ગુરુવાક્યનું ઉલ્લંઘન કર્યું અને સ્વેચ્છાચારી બનીને એ સુભૂમિભાગ નામના ઉદ્યાનમાં જઈને તપ અને આતાપના કરવા લાગી.

ૐ શાન્તિ.

*

વ્યાખ્યાન : ૭૭

(મંગળવાર, તા. ૨૪-૯-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણે કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે નિર્ગ્રન્થીએ સુકુમાલિકાને ના પાડી, છતા તેને રુચ્યુ નહી અને એ સુભૂમિભાગ ઉદ્યાનમા છઠ છઠના તપ કરી તથા સૂર્યની આતાપના લઈને ઉપાશ્રયમા આવીને પારણા કરવા લાગી આ ચ પાપુરીમા એક લલિત ગોષ્ઠિ [સિનેરી ટોળી]ના પાચ સભ્યો રહેતા હતા માબાપની આજ્ઞાનુ અને રાજ-નિયમોનુ પણ ઉલ્લંઘન કરીને મદિરાપાન, વ્યભિચાર, ચોરી, લૂટફાટ અને દ્યૂત રમવુ એ તેમનુ કામ હતુ આવા નિરંકુશ જીવો માટે જ્ઞાનીઓ કહે છે—

દાબ વિના દુનિયા વિષે, નીતિ ન પાળે કોય,
નાય રહે નહી નીરમા, જો લગર નવ હોય

આ પાચ જણાની સ્વચ્છન્દ ટોળકી છેલ્લે પાટલે જઈ બેઠી હતી તેમના માબાપોએ તેમને સુધારવાના અનેક પ્રયત્નો કર્યા, પરંતુ ફૂટેલા હાલ્લાના ટુકડાઓમાથી પાત્ર કેવી રીતે બનાવી શકાય? આવા પુત્રો થવા એ માબાપના સતાપનુ કારણ છે

'મા બાપનુ માને નહી, એ પુત્રને ધિક્કાર છે'

પોતાના પુત્રોને આવા કુમાર્ગગામી બનેલા જોઈને માબાપને એમ થતુ હતુ કે આના કરતા તો વાઝિયા રહ્યા હોત તો શુ ખોટુ હતુ?

જગતમાં જેને સંતાન ન હોય તે દુખી છે જેને સંતાન થઈને મૃત્યુ પામી જતાં હોય તે પણ દુખી છે પણ એ બન્નેના દુખ કરતાં અનેકગણું દુખ કુપુત્રનાં માબાપને હોય છે આવા કુપુત્રો માતાપિતાના ઉપકારોને ભૂલી જઈને યમ સમાન દુઃખો ઊભાં કરે છે

નાના થકી મોટા કર્યો ભીના થકી કોરા કર્યો
ઉપકાર ભૂલે આભાગિયા એ પુત્રને ધિક્કાર છે
મોજો કરી મન ફાવતી હોટલ સિનેમાની મહી
માબાપ મરે દાણા વિના એ પુત્રને—
સેવા કરી જાણે નહીં એ પુત્રને ધિક્કાર છે

માતાપિતાના અસીમ ઉપકારો છે ગર્ભવતી માતા ઊભી થાય ત્યારે ગર્ભના બાળકને જાણે આકાશમાં ઉછાળ્યો હોય તેમ લાગે છે બેસે ત્યારે લાગે છે કે જાણે પાતાળમાં ફેંકી દીધો. આવા ગર્ભની સંભાળ રાખી બાર વર્ષ વહન કરીને કરેલા ઉપકારોનો બદલો બાળક કોઈ પ્રકારે વાળી શકે નહીં ગૌતમસ્વામી પૂછે છે માતાપિતાને દાતણ કરાવીને પોતે દાતણ કરે તેમનાં મર્દન અને સ્નાન કરાવીને પોતે સ્નાન કરે ભોજન કરાવ્યા પછી જ પોતે ખાય અને સુવડાવ્યા પછી સૂવે તો પુત્રે માબાપનો બદલો વાળ્યો કહેવાય? ભગવાન બોલ્યા ના ગૌતમ! માબાપના ઉપકારનો બદલો એક જન્મથી વળી શકે જ નહીં

દૃષ્ટાન્ત—એક શેઠને વિનયચંદ્ર નામનો ગુણવાન અને વિનયશીલ પુત્ર હતો એ જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે તેની માતાનું મૃત્યુ થયું લોકોના કહેવાથી શેઠ બીજું લગ્ન કર્યું નવી આવેલી શેઠાણી આખું ગયું ન ટિકું ભણ્યું એ કર્કશ સ્વભાવે ક્રોધી, વાચાળ અને કલહ રમાતની હતી. થોડા જ દિવસમાં શેઠના ઘરનો દિવાળીનો આનંદ હોળીના ભડકામાં ખાખ થઈ ગયો. વિનયચંદ્રને પણ નવી માતા ત્રાસ દેવા લાગી, છતાં વિનયચંદ્ર બધું સહન કરવા લાગ્યો. પણ નવી શેઠાણીનો

કારમો ક્રોધ અને માન કષાય અત્યંત હતા. ઘરે ઘણી ભેંસો હતી, જૂની શેઠાણીના સમયમા ગામના ગરીબ લોકો છાસ લઈ જતા હતા. નવી શેઠાણીના કર્કશ સ્વભાવથી એ બધા બંધ થઈ ગયા ભેંસોને છાસ પાઈ દે, પણ ગામલોકોને મળે નહી શેઠાણી બહુ તોછડા સ્વભાવની હોવાથી સગાવહાલા પણ શેઠને ત્યા આવતા જતા બંધ થઈ ગયા વિનયચદ્રને પણ એ વાર વાર ગમે તેમ બોલ્યા કરતી, પણ ઘરમા લાગેલા આ જ્વાળામુખીને કોણ ઠારી શકે ભલા ?

વિનયચદ્ર સમજી ગયો કે નવી માતા પ્રકૃતિની નચાવેલી નાચી રહી છે, એમા એના આત્માનો કોઈ દોષ નથી આમ કરતા કરતા એ અઢાર વર્ષનો થયો અને એક સારા કુટુમ્બની કન્યા સાથે તેના લગ્ન થયા, પણ પહેલે જ દિવસેથી પુત્રવધૂને નવી સાસુનો પરિચય થવા લાગ્યો સુખી ઘરમાથી આવેલી કોઈની લાડિલી પુત્રીને સાસુએ ધીમે ધીમે પોતાના ઘરને અનુકૂળ બનાવવી જોઈએ, પણ અહી તો ઊલટુ જ બનવા લાગ્યુ પુત્રવધૂને અને તેના માતાપિતાને પણ નવી શેઠાણી ગાળો ભાડવા લાગી

થોડા દિવસો ગયા બાદ પત્નીએ વિનયચદ્રને કહ્યુ, 'તમારા બા અને તો ગાળો ભાડયા જ કરે છે, પણ મારા માબાપે એનો શો અપરાધ કર્યો છે ? એની હાજરીમા મારી એક એક મિનિટ પણ વર્ષો જેવી જાય છે ' પરન્તુ વિનયચદ્રે પત્નીને સમજાવતા કહ્યુ, 'બાનો સ્વભાવ જરા ઉતાવળિયો છે, પણ તેના મનમા આપણા માટે દુર્ભાવ નથી એ બોલે, અને તારે બીજે કાનેથી કાઢી નાખવુ હૃદયમા ઉતારીએ તો દુખ લાગે ને ? એ એના સ્વભાવ પ્રમાણે વર્તે, તો તારે તારા સ્વભાવ પ્રમાણે થોડુ સહન કરવુ એ ક્રોધી સ્વભાવના છે, પણ આપણાથી બાળકના સામે બાળક થઈને ન બેસાય !'

પરન્તુ નવી શેઠાણીના સ્વભાવમા આથી કાઈ ફેરફાર થયો જ નહી એને તો જાણે ક્લેશ ને કકાસ કરવાનુ વ્યસન જ થઈ પડ્યુ

હતું. એક દિવસ વિનયચંદ્રે પિતાને કહ્યું : મારી માએ આજ સુધી તમને અને મને ગાળો આપી, પણ હવે તો આ નવી આવેલી વહુના ઉપર પણ વાગ્બાણના પ્રહારો કરે છે અને લાગે છે કે એની સહનશક્તિની હવે હદ આવી ગઈ છે અને એમ સહન કરવાથી કંઈ મારી માનો સ્વભાવ બદલાવાનો નથી.

બાર ગાઉએ બોલી બદલે, તરુવર બદલે શાખા
બુઢાપણના કેશ બદલે (પણ) લખણ ન બદલે લાખા !

બધું બદલાવ્યું બદલી શકે છે પણ સ્વભાવ બદલવો મુશ્કેલ છે. પિતાજી ! એક સમય હતો કે જ્યારે આપણે બીજાના ઝઘડાઓ પતાવતા હતા. ત્યારે આજે બીજાઓ આપણે ત્યાં માથું મારવા આવે છે. માટે જો આપ આજ્ઞા આપો તો હું જુદો થઈ જાઉં. આપની કૃપાથી મને ભણતર મળ્યું છે એટલે રોટલો કમાઈ લઈશ. મારે આ ઘરમાંથી એક પણ વસ્તુ જોઈતી નથી.

જેનું બાળપણ બગડ્યું તેનું ઘર બગડ્યું. જેનું શાક બગડ્યું તેનો દિવસ બગડ્યો. જેનું અથાણું બગડે તેનું વર્ષ બગડે. પરન્તુ જેની સ્ત્રી કર્કશા હોય તેનું તો જીવન બગડે છે ! બિચારો બાપ વિનયચંદને શું જવાબ આપી શકે ! વિનયચંદ પત્નીને લઈને જુદો રહેવા લાગ્યા. એક ઝવેરીની દુકાનમાં તેને નોકરી મળી ગઈ અને પોતાની કુશળતાથી એ સારો રત્નપરીક્ષક બની ગયો. હવે એણે સ્વતંત્ર ધંધો શરૂ કર્યો અને થોડા જ વખતમાં તેને ત્યાં લક્ષ્મીની રેલમછેલ થવા લાગી. આ તરફ ઘેર ઘસાવા લાગ્યા. ધીમે ધીમે તેના ઘરમાં અનાજના સાંસા પડવા લાગ્યા ! કોઈ બે રૂપિયાનું ઉધાર પણ ધીરતું ન હતું. કુસંપથી રાજાના રાજ્યો પણ ઊજડી ગયાં છે. કુસંપથી અખૂટ લક્ષ્મી ખૂટી જાય છે. કુસંપના ખાડામાં દુર્ભાગ્ય પૂરી કરતાં સંપથી સાખથી ઘર ન બેસે. સંપ વધારે મીઠી હોય છે.

ઘરમાં જેનું જોર ન ચાલે જેવા દિવસમાં દિવાળી પછી થઈ હોય તેના ઘરમાં પણ દીવાળી ઊભી થાય છે. આવા સંયોગોમાં

સમજુ માણસે જતુ કરવાની ટેવ પાડવી જોઈએ આ જતુ કરવાની—સહન કરવાની પ્રાથમિક ભૂમિકા ગૃહસ્થાશ્રમમાથી જ બાધી લેવી જોઈએ, કારણ કે આગળ જતા મોક્ષના માર્ગમા તો જીવે ઘણુ ઘણુ જતુ કરવુ જ પડે છે જતુ કરતા નહી શીખો, તો મોક્ષ નહી મળે વેર અને ઝેર, ઈર્ષ્યા અને ક્લેશમા જે જતુ કરે છે તે ડાહ્યો છે અને જે પકડી રાખે છે તે મૂર્ખ છે

એક દિવસ નવી શેઠાણીએ શેઠને વ્યગમા કહ્યુ, 'તમે વારવાર તમારા વિનયચદ્રને વખાણ્યા કરો છો, ત્યારે એને ત્યા કેમ ચાલ્યા જતા નથી ?' શેઠની આખમાથી આસુ પડી ગયા ! આજે એના પગ વિનયચદ્રની દુકાન તરફ વળવા લાગ્યા વિનયચદ્ર દુકાનમા બેઠેલો હતો પિતાજીને આવતા જોઈને એ ઊભો થઈ ગયો, સાચો પુત્ર માબાપના દુખને આખમાથી ઓળખી જાય છે તેણે પોતાની ગાદી પર શેઠને બેસાડયા અને તિજોરીની ચાવી સોપતા એ બોલ્યો, 'આ જે કાઈ છે તે તમારુ જ છે આજથી તમે આપશો તે જ મારે લેવાનુ છે, પણ એ તો બતાવો કે મારી બા શુ કરે છે ?'

'એનુ અહી કામ નથી, બેટા !' શેઠ ગદ્ગદ બનીને કહેવા લાગ્યા, "એ તો હવે પાડોશીમા પણ વેર બાધીને બેઠી છે ખાવાનુ ખૂટ્યુ, પણ એ કર્કશાનો મિજાજ ઓછો થતો નથી !' વિનયચદ્ર બોલ્યો, 'એમ ન બને પિતાજી ! લોકો આપણને શુ કહે ? તમે અહી ને મારી બા એકલા ત્યા રહે તેમા આપણી પ્રતિષ્ઠા પણ શી ? હુ હમણા જ મારી બાને તેડી લાવુ છુ '

એક જ બગલામા નવી શેઠાણી, શેઠ, વિનયચદ્ર અને તેની પત્ની રહેવા લાગ્યા, પરતુ નવી શેઠાણીની ઉગ્રતા હજી એની એ જ હતી. શેઠે એકાન્તમા તેને ઘણી રીતે સમજાવી જોઈ, પરતુ—

नलिकागतमपि कुटिलं न भवति सरलं शुनः पुच्छम् ।
तद्वत् खलजनहृदय वोधितमपि नैव याति माधुर्यम् ॥

કૂતરાંની વાંકી પૂછડીને વાંસની નળીમાં રાખ્યા છતાં તેની વાંકાઈ આવી જતી નથી. તેવી જ રીતે અનેક પ્રકારે બોધ પામ્યા છતાં ખલ મનુષ્યનું ચિત્ત મધુર બની શકતું નથી. નવી શેઠાણીનો રોજનો કંકાસ જોઈને એક દિવસ શેઠે જિનચંદ્રને કહ્યું બેટા! હવે ફરીને આ કમાણીનો કારભાર તું ઘરમાં લાવ્યો છે તારી તો સહનશક્તિની પણ હદ છે તને પણ દુઃખ જોઈ શકાતું નથી. જિનચંદ્ર બોલ્યો હું પણ એ જ વિચાર કરી રહ્યો છું આ બંગલો અને સામાન બધું આપને સોંપીને હું જુદો રહેવા જાઉં છું.

અને જિનચંદ્ર અને તેની પત્ની જુદાં રહેવા લાગ્યાં, પણ જ્યાં જિનચંદ્ર પગ મૂકે ત્યાં જ જાણે કેમ લક્ષ્મીદેવી તેની પાછળ પાછળ જતા હોય! ભાગ્યોદયથી બંગલો ખાલી થઈ ગયો અને શેઠશેઠાણીની એવી એ સ્થિતિ થઈ ગઈ! અને આમ ને આમ સાત સાત વાર જિનચંદ્રે માબાપને સાથે રાખ્યાં, અને ખાલી હાથે જુદો થતો રહ્યો. અને માતા પિતા વૃદ્ધ થઈ ગયા. એક વાર એક નિર્ગ્રન્થ મુનિના પ્રવચનમાં શેઠ, શેઠાણી જિનચંદ્ર અને તેની પત્ની બેઠાં હતાં. તેમાં જિનચંદ્રે મુનિની આગળ પોતાની બધી વાત કરીને મુનિને પ્રશ્ન કર્યો, આ માતાપિતાના ઉપકારનો બદલો મેં વાળ્યો ગણાય કે કેમ? મુનિએ જવાબ આપ્યો, **नो इणट्ठे समट्ठे** —તે સમર્થ નથી. આ શરીરની ચામડીના જોડા સીવ લે તોપણ પુત્ર માતાપિતાનો બદલો વાળી શકતો નથી. જિનચંદ્રે ફરી ના પ્રશ્ન કરી તો પછી માતાપિતાના ઋણમાંથી મુક્ત થવા માટે પુત્રે શું કરવું જોઈએ? મુનિ બોલ્યા માતાપિતાને ધર્મ પમાડીને પુત્ર ઋણમાંથી મુક્ત થઈ શકે છે.

અને જિનચંદ્રે પોતાના વૃદ્ધ માતાપિતાને ધર્માચરણ માટે યોગ્ય અનુકૂળતા કરી આપી.

આજના પુત્રો માતાપિતા બીમાર પડે ત્યારે એક પૈસાની દવા પણ કરવા ઇચ્છતા નથી ને સ્ત્રી બીમાર પડે તો ડૉક્ટરના ઢગ ઢગ કરીને

ખર્ચી નાખે છે ! માતાપિતાને દુખી કરીને બીજા ધર્મકાર્યો કરે છે, પણ—

અડસઠ તીરથ ઘેર આગણીએ, તો તીરથ કરવા ક્યા જઈએ ?
એ ચરણોના ચરણામૃતથી, ગગાજળના કઈ મૂલ્ય નથી !
માતાપિતા અમૃત છાયા, જેનુ અવનીમા મૂલ્ય નથી,
બાળક ભૂલે સેવા કરવી, એના જેવી કોઈ ભૂલ નથી

માબાપના ચરણામૃત છોડીને ગગા અને તીર્થોના જળમા ડૂબકી લગાવે તેનો કોઈ અર્થ નથી ગાયના પૂછડાને આખે લગાડનાર કોઈ વાર માબાપના ચરણની રજને માથે ચડાવે છે ? એ માતા ભરી નાતમા હજારો માણસોની વચ્ચે તમને ખોળામા લઈને ખ તેથી જમતી હોય અને તમારી બાળવયમા તમને ઝાડા થયા હોય, ત્યારે તમે એની કિંમતી સાડીઓ બગાડી દીધી હશે, છતા એ માયાળુ માતાએ હસતે મુખે તમને સાફ કરી લીધા હશે ! આ માતાનો બદલો પુત્ર કેવી રીતે વાળી શકે ? પુત્ર પરનો પ્રેમ તો એક માતા પોતે જ સમજી શકે

દૃષ્ટાન્ત—વિધવા માતાનો પચીસ વર્ષનો એક પુત્ર મકાન ચાળતો હતો મધ્યાહ્નનો તાપ માથા પર પડવાથી યુવાન પુત્ર પસીનાથી રેબઝેબ થઈ રહ્યો હતો વૃદ્ધ માતા વારવાર કહી હતી કે 'બેટા ! હવે સૂરજ માથે આવ્યો છે, માટે નીચે ઊતરી જા થોડો તાપ ઓછો થાય એટલે કામ કરજે' પણ છોકરો માના પ્રેમને સમજી નહી શકવાથી માનતો હતો કે મા વૃદ્ધ છે, એટલે એને તો ટકટક કરવાની ટેવ પડી ગઈ છે. આથી એ નીચે ઊતરતો ન હતો, અને માથી પુત્રનુ કષ્ટ જોઈ શકાતુ ન હતુ પણ પોતાના પ્રાણપ્યારા પુત્રના દુખથી માના દિલમા શું થાય છે એ આ યુવાન પુત્ર ક્યાથી સમજી શકે ? આખરે વૃદ્ધ માતાને એક ઉપાય સૂઝ્યો એ પુત્રને બે વર્ષનો એક બાળક હતો તેને લઈને ફળીમા એક પાટલો નાખીને માતાએ તેના પર બેસાડ્યો. પોતાના પુત્રને તાપથી અકળાતો જોઈને મકાન પર ચડેલા યુવાનનુ ઊંચુ તપી ગયુ નીચે ઊતરીને તેણે પોતાના બાળકને છાયામા બેસાડી

રોપી હસતાં હસતાં આ બોલી : હવે સમજ્યો ! તારો પુત્ર તારામાં નહોતો રહેતો ને તને જે દુઃખ થયું એ જ દુઃખ તને તપતો જોઈને મને થતું હતું ! પરંતુ માતાપિતાનાં આ હૈયાને કોણ ઓળખી શકે !

બાજરો બાજરીથી નવ નીપજે રે, આંબા આકડેથી નવ થાય,
જેવાં કરશો તેવાં પામશો એ છે અચળ જગતનો ન્યાય.

કોઈનું ભી જુઓ એનું નામ ભલુંભી, ભલુંભી સમજે છે કે બાજરી વાવીને તેમાંથી બાજરો મેળવી શકાતો નથી. તેવી જ રીતે જે પુત્રોએ માતાપિતાની સેવા કરી નહીં હોય, ઊલટું માતાપિતાને તિરસ્કારની દૃષ્ટિથી જોયા હશે એ પુત્રો એક વાર વૃદ્ધ તો થવાના જ છે ને ! જેવાં બાજરાં વાવ્યાં હશે તેવા બાજરા, ને કર્યાં હશે તેવા ફળશે. કર્મનો આ અફર નિયમ કોણ અટકાવી શકે ? ઘુમ્મટમાં જઈને બોલો કે 'તું સિંહ છે' તો ઘુમ્મટમાંથી પણ એ જ અવાજ નીકળશે અને જો તમે બોલશો કે 'તું ભગવાન છે' તો સામેનો પ્રતિધ્વનિ પણ કહેશે કે 'તું ભગવાન છે.' એમ આ સંસાર પણ એક ઘુમ્મટ છે જેવું કરશો તેવું પામશો. માટે વડીલો, ગુરુજનો અને ભગવંતોની ખરે દિલથી સેવા કરો. બાહુબલિએ પાંચસો સાધુઓની વૈયાવચ્ચ કરી હતી. વડીલોના બોલ્યા સામે જોશો નહીં પણ પોતાની જાતને ધન્ય માનજો કે મારી જિંદગીમાં આ માતાપિતા ઘરડાં થયાં ત્યારે જ મને તેમની યથાશક્તિ સેવા કરવાની તક મળી. જો હું નાના હતો ત્યાં જ માતાપિતા મૃત્યુ પામ્યાં હોત તો એમના ઉપકારમાંથી હું કેવી રીતે મુક્ત થઈ શકત ! કેટલાયે માણસ પરિશ્રમથી જમાડે છે, કેટલાય ડોક્ટરો રોગીઓની મફત સેવાઓ કરે છે અને કેટલીયે નર્સો બાળકો અને ગરીબ રોગીઓનાં મળમૂત્ર સાફ કરવામાં સેવા કરવાનો સંતોષ અનુભવે છે ત્યારે જુવાન અને શક્તિશાળી પુત્ર વૃદ્ધ માતાપિતાની સેવા કરવામાં શરમ અનુભવે છે એ પોતાના જીવનની એક અમૂલ્ય તક ગુમાવે છે. માટે ઘરડાં માતાપિતા સામે તતડશો નહીં. એની આંતરડી ઠારશો તો એના એક આશીષ

વૌદથી તમારી જિંદગી સુધરી જશે, અને એના અંતરની એક ઊની આહ—એક નિશ્વાસ તમારુ હતું ન હતુ કરી દેશે। માટે જો એમના ઋણમાથી સાચી રીતે મુક્ત થવુ હોય તો વૃદ્ધ માતાપિતાને ધર્મ પામવાની અનુકૂળતા આપજો, એમને જ્ઞાનમાર્ગે વાળજો

ચંપાપુરીની આ પાચ જણાની ટોળી ચંપાપુરીમા બેફામ રીતે ફરતી હતી એમને કોઈનો પણ ભય ન હતો એમના માતાપિતા ઘરમા બેસીને આંસુ સારતા હતા, કારણ કે એમણે માનેલા કુળના દીવાઓ

કુળનો દીવો સૌ કોઈ માને, જન્મે ત્યારે જનની રાચે,
કુળ લજાવે, કૂખ લજાવે, ખોળાનો ખૂંદનાર બાપુ। ખોળાનો૦
પલ પલ સળગે છે સંસાર.

બાળકના જન્મ વખતે માતાપિતા કંસારના આંધણ મૂકે છે, ઘેર ઘેર સાકર વહેંચે છે એ જ કુળદીપક પુત્ર જ્યારે કુળને અને કૂખને લજાવનારો થાય છે, ત્યારે માબાપના પેટમા જાણે કકડતુ તેલ રેડાય છે આ પાચ જણાની સોનેરી ટોળી સ્વતંત્રતાને નામે સ્વચ્છંદ બની ગઈ હતી મોહ પર વિજય મેળવવો એ સ્વતંત્રતા છે, અને પ્રકૃતિની પાશવતાનુ નામ સ્વચ્છંદતા છે આજે વાણિયાની છોકરી હરિજનને લઈને ભાગી જાય એ સ્વતંત્રતા નથી, પણ સ્વચ્છંદતા કે પાશવતા છે આ પરિણામ કેળવણીને નામે ચાલતી કેળવણીનુ છે આ પાચેય જણાની ટોળી ચંપાપુરીમા રહેતી દેવદત્તા નામની ગણિકાને ત્યા પહોચી ગઈ ત્યા મદિરાનુ પાન કરી, સોનામહોરોની ભેટ ધરીને પાચેય જણા કહેવા લાગ્યા, 'આપણે આજની મજા સુભૂમિભાગ ઉદ્યાનમા જઈને માણીએ' અને તેઓ મદોન્મત્ત બનીને ઉદ્યાનમા આવ્યા

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૭૮

(બુધવાર, તા. ૨૫-૯-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. ત્રણેય લોકમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે. દેવદત્તા ગણિકાને રથમાં બેસાડીને પાંચેય ગોષ્ઠિક પુરુષો સુભૂમિભાગ નામના ઉદ્યાનમાં આવ્યા. **णविहय लोप अणुपरियट्टंति** —જે જીવોને કામભોગ મીઠા લાગે છે તે મોહરૂપી મહાસમુદ્રમાં ડૂબી જાય છે. વિલાસપ્રિય જીવો સર્વસ્વના ભોગે પણ કામભોગ મેળવે છે. પરિણામે એક પછી એક દુઃખની પરંપરા ઊભી થાય છે. આ પાંચેય જણા ગણિકાને ઉદ્યાનની શોભા બતાવવા લાગ્યા. ઉદ્યાનના એક ભાગને સુંદર અને શોભાયમાન બનાવીને દેવદત્તાને ત્યાં બેસાડી અને ખૂબી જમાનામાં કામચેષ્ટાઓ કરવા લાગ્યા. એકે ગણિકા પર છત્ર ધર્યું. એકે ફૂલની માળાઓ પહેરાવી. એકે ગણિકાને પોતાના ખોળામાં બેસાડી, એકે તેના પગમાં મહેંદી લગાવી અને એક તેને ચામર ઢોળવા લાગ્યો. જેણે આ સુખને સુખ માન્યું હોય તે ભાન ભૂલી જાય છે. પરંતુ શાસ્ત્રમાં આને મોહની દશા માનવામાં આવી છે.

દૃષ્ટાન્ત—હવે ચંપામાં રહેતા સુવ્રતસ્વામી રત્નાવતી નામની ... તેમના તે આમાં એ શા ... આપેલા ... તેમને ... જાણ ન હતુ. રત્નાવતીએ

વારવાર પતિને પ્રાર્થના કરી કે મારા પિયરમા મને વારંવાર બોલાવે છે, તો મને હવે એકવાર ત્યા જવા દો પણ લગ્ન પછી ઘણા વર્ષો સુધી રત્નાવલીને તુલસીદાસે જવા દીધી નહી એકવાર પિયરમાથી તેડવા આવ્યા અને આગ્રહ કરીને રત્નાવલીને તેડી ગયા તુલસીદાસે જેમ તેમ દિવસ તો પસાર કર્યો, પણ રાતના તેઓ વિહ્વલ બની ગયા ઘોર અધારી રાત્રિએ તુલસીદાસ પત્નીને મળવા માટે ઊપડયા નદીમા પૂર આવ્યુ હતુ, છતા સાહસ કરીને અને પ્રાણને હોડમા મૂકીને તેઓ સામે કિનારે ગયા પોતાના સસરાને ગામ પહોચી પાછળના ભાગમાથી ચોરની જેમ તેઓ પત્નીના ઓરડામા આવ્યા. આવીને રત્નાવલીના પગ પાસે બેસી ગયા પગને સ્પર્શ થતા એ જાગી અને પૂછ્યુ, 'આવી ઘોર રાત્રિમા તમે કેમ આવ્યા?' તુલસીદાસે કહ્યુ કે, 'હુ તારા વિના એક રાત પણ જીવી શકીશ નહી' રત્નાવલી બોલી, 'અરર! આટલુ મારુ રટણ કરીને તમે તમારો મોઘો માનવભવ બગાડી રહ્યા છો જેટલુ મારુ રટણ કર્યુ એટલુ જો તમે પરમાત્માનુ રટણ કર્યુ હોત તો તમારો ક્યારનો ઉદ્ધાર થઈ ગયો હોત!' પત્નીની વાત સાભળીને તુલસીદાસની દષ્ટિ બદલાઈ ગઈ તેઓ ત્યાથી ચાલ્યા ગયા અને પ્રભુભક્તિમા લીન બની ગયા.

જીવ જેવી માન્યતા કરે છે, તેવો અનુભવ કરે છે કૂતરાના મોમા સૂકુ હાડકુ આવી જાય અને તેથી તેને લોહીના ઘૂટડાનો અનુભવ થાય છે, પણ એને ખબર નથી કે એ લોહી તો એના જ મોમા હાડકુ વાગવાથી નીકળતુ હોય છે!

ઉજ્જ્વલ અગે સદા ઓપતો રે, શોભાને મટાડી બન્યો સ્યામ!
મનવે મૂરખ થઈને રે, હસને કર્યો છે હેરાન

અજ્ઞાની આત્માની દષ્ટિમા પણ વિકાર હોય છે એ હાથે કરીને હસપદ છોડીને કાગડાનુ પદ સ્વીકારે છે અગાઉ ઉઘાડુ માથુ થઈ જાય, ત્યારે માતા પોતાની પુત્રીને કહેતી કે તારા માથા પરથી ઓઢણી પડી જતી હોય તો ખીલા મારી દે, પણ ઉઘાડે માથે નહીં

રહેવાય. એ જ પુત્રીઓ આજે ઉઘાડે અંગે ફરવામાં ગૌરવ અનુભવે છે માતાપિતા પણ પુત્રીને નટીના જેવો વેષ પહેરાવવામાં આનંદ માને છે આજે તો **जैसेको तैसे मिले** જેવો ઘાટ થઈ ગયો છે સુધારાને બહાને આજનો સમાજ વેશ્યાઓને નભાવી રહ્યો છે વઢવાણવાળા એક ભાઈએ આવી કસબી વૃત્તિવાળી સ્ત્રીઓને નિર્વાહ કરવા માટે સંસ્થાઓ આપવાનું કામ શરૂ કર્યું છે પરન્તુ જ્યાં સુધી સમાજનો બહુ મોટો ભાગ સાદાઈને ન અપનાવે ત્યાં સુધી આવા પ્રયત્નો બહુ ફળ આપી શકે નહીં

भोगे रोगभय —જેટલા ભોગ એટલા રોગ છે. જે સુખને ભોગવ્યા બાદ કટાક્ષ આવે એ સાચું સુખ નથી. તમે માની લીધેલાં સુખો ભોગવ્યા બાદ તમોને કટાક્ષ આવે છે? આવતો હોય તો એ સુખોને મિથ્યા માનો. દેવદત્તા વેશ્યા અને પાંચ ગોઠિલ પુરુષો ખુલ્લા બગીચામાં નિર્લજ્જ ચેષ્ટાઓ કરવામાં આનંદ માનવા લાગ્યા. જેને શીલના કરતાં શરીરની કિંમત હોય, તેને કોઈની શરમ આવતી નથી. પરન્તુ તમામ આભૂષણોમાં **शीलं परं भूषणम्** —શીલ એ મહાન ભૂષણ છે

દૃષ્ટાન્ત—સીતાનું હરણ કર્યા પછી રાવણે સીતાજીની પાસે આખીય સોનાની લંકા, લંકાના અલંકારો પુષ્પક વિમાન આદિનાં અનેક પ્રલોભનો રજૂ કર્યાં પરન્તુ શીલવતી સીતાએ રાવણની સામે પણ જોયું નહીં જોકે જ્યોતિષીના કથન પ્રમાણે પરસ્ત્રીગમનના દોષથી રામને હાથે તેનું મૃત્યુ થવાનું છે એમ રાવણને ખબર હતી. એટલે એણે પ્રતિજ્ઞા કરી હતી કે કોઈપણ સ્ત્રી ઉપર બળાત્કાર કરવો નહીં આથી તેણે સીતાજીને પણ કોઈ જાતના બળથી નહીં પણ કળાથી જ પોતાની બનાવવાની ધારણા કરી હતી.

આજના પુરુષ અનેક સ્ત્રીમિત્રો અને આજની સ્ત્રી અનેક પુરુષમિત્રો રાખવામાં પોતાની જાતને સુધરેલી સમજે છે આ સુધારાએ ભારતની સંસ્કૃતિનું સત્યાનાશ કાઢ્યું છે વિદેશોમાં ભારતની જે

સસ્કૃતિના વખાણુ થતાં હતા એ સસ્કૃતિ આજે રસાતળમા પ્રવેશવા તૈયાર થઈ છે આખરે થાકીને રાવણે મદોદરીને સીતાજી પાસે સમજાવવા મોકલી મદોદરી સીતાને કહેવા લાગી—

મુક્તાફળનો થાળ ગ્રહીને આવે સહસ્ર ગમે નાર જો,
મદોદરી કહે 'મૂકો માનુની, માન પહેરી કરો શણુગાર જો'
વહારે આવો રઘુપતિ રામ
'સત્ય ન ચૂકુ કરોડ વાતે, બોલો વિચારીને બોલ જો,
ઉદધિ મૂકે મર્યાદ તોપણુ મેરુ રહે અડોલ જો વહારે આવો૦
લક્ષ્મણુ વીરા વેગે રે આવો વેરીમા રહી હુ ઘેરાઈ,
હનુમત વીરા વેગે રે આવો, વેરીમા રહી છુ ઘેરાઈ' વહારે આવો૦

મદોદરીએ રત્નના આભૂષણો, લકાની સમ્રાજ્ઞીનુ પદ અને એવા અનેક પ્રલોભનો આપ્યા, ત્યારે સીતાજીએ જવાબ આપ્યો કે 'કદાચ સમુદ્ર મર્યાદા છોડી દે, છતા મેરુપર્વત તો અડોલ ને અચલ રહે છે તેમ તારી બતાવેલી સાહ્યબી સતીને માટે એક તણુખલા સમાન છે' ત્યારે મદોદરીએ પ્રશ્ન કર્યો—

'સત્ય હતુ સતી તાહરુ તો શિદને છોડ્યા ઈશ જો?'
'મુજને કલક રાણી, તુજને રડાપો,
એમ છોડ્યા જગદીશ જો' . વહારે આવો૦

'સીતા! તારામા જ્યારે આટલુ સત્ય હતુ ત્યારે હઠ કરીને રામની પાછળ શા માટે ન ગઈ?' સીતાજીએ જવાબ આપ્યો, 'મદોદરી! ભાવીને કોણુ અટકાવી શકે? એ જ કારણથી મારા પર કલક આવવાનુ છે અને તને વૈધવ્ય આવવાનુ છે, એટલે જ આમ બન્યુ'

જ્યારે સીતાજી ન સમજ્યા ત્યારે મદોદરીએ આવીને રાવણને કહ્યુ, 'તમે સીતાને લાવ્યા નથી, પણુ સળગતી ચિતાને લાવ્યા છો! તમારુ કલ્યાણુ ચાહતા હો તો સીતાને પાછી સોપી દો, નહીતર કુળ

અને કુટુમ્બ સહિત તમારો વિનાશ કરીશ !' પણ રાવણે મંદોદરીને એક જ જવાબ આપ્યો કે તું પણ દુશ્મનના પક્ષમાં ભળી ગઈ છે એટલે મને શિખ સમજાવે છે

ક્યાં શીલ અને ચારિત્રના રક્ષણ માટે પ્રેમીઓને ઠોકરે મારનાર સીતા અને ક્યાં આ પાંચ પાંચ જારપુરુષો સાથે ખુલ્લા બગીચામાં રમતી બેસતી અધમ દેવદત્તા વેશ્યા !

આજે તો ઘેર ઘેર સિનેમાની નટીઓના ફોટાઓ લટકે છે ઘરના બાળકોને સિનેમાની નટનટીઓનાં નામ અપાય છે જેનું નામ લેતા પણ પાપ બંધાય, જે જગતને કુસંસ્કારો રેડવામાં અગ્રત્વનો ભાગ ભજવતા હોય, તેની પાછળ યુવાનો અને યુવતીઓ પાગલ બની રહ્યાં છે એમના વેશભૂષાને અપનાવીને એમના જેવા બનવા માટે તેઓ આકાશપાતાળ એક કરતાં હોય છે

પાંચમા આરાનાં લક્ષણો બતાવતાં ભગવાને કહ્યું છે કે મોટા કુળની સ્ત્રીઓ વેશ્યા જેવી થશે અને જગતમાં શરમ જેવું નામ નહીં રહે. એ વાણી આજે સત્ય પ્રતીત થતી જતી હોય તેમ દેખાય છે મોટા ભાગના કુટુંબોમાં તો ખાસ કરીને લાજ-શરમને તિલાંજલિ અપાઈ રહી છે

જ્યાં આ દેવદત્તા અને તેના પાંચ જાર પુરુષો નિરંકુશ ચેષ્ટાઓ કરી રહ્યા હતા તેની સામેના ભાગમાં જ આ સુકુમાલિકા આતાપના લઈ રહી હતી. તેના જોવામાં આ દૃશ્ય આવ્યું અને તેના હૃદયના દબાયેલા ભાવો જાગૃત થવા લાગ્યા તેના દિલમાં એવા સંકલ્પોનો ઉદય થયો કે આ બાઈ પોતાના પૂર્વનાં પુણ્યો ભોગવી રહી છે કે જે પુણ્યથી પાંચ પાંચ પુરુષો તેની સેવામાં ખડે પગે હાજર છે અને હું એવી પાપકર્મવાળી કે મારો સાગર પરણ્યાની પહેલી રાત્રે જ મને છોડીને વિદાય થઈ ગયો ! એ તો ઠીક પણ બીજી વારનો મારો ભિખારી પતિ પણ એવી જ રીતે મને છોડીને ચાલી ગયો. માટે મારાં કરેલ

તપ, સયમ અને ચારિત્રનુ જો કોઈ ફળ હોય, તો હુ પણ પાચ પતિથી સેવાતી એક સ્ત્રી બનુ !'

વિષયોનુ ચિંતન કરવાથી વાસના વધે છે અને તેમા વિઘ્ન કરનાર પર ક્રોધની ઉત્પત્તિ થાય છે ક્રોધથી અવિવેક થાય છે, અવિવેકથી સ્મૃતિભ્રમ થાય છે, સ્મૃતિભ્રમથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિ-નાશથી સર્વનાશ સર્જાય છે સુકુમાલિકાનુ પણ એવુ જ બન્યુ ગુરુની આજ્ઞાએ ન વર્તનાર પોતાના મોક્ષમાર્ગને પણ રૂંધે છે ગુરુ કઠોર શિખામણ આપે, તોપણ તે શિષ્યના હિત માટે જ છે

કઠોર શબ્દ ગુરુએ કહેલા, બક્ષે મહત્તા નિત તુચ્છકારે,
શાણે ઘસાયા વિણ ભૂમ કેરા, શિરે ચડે ના મણિ ગૌભનાર્થે

શરાણે ચડેલ હીરો જ રાજાના તાજમા મઢાય છે, પણ અહીં તો વિષયની ભાવના તીવ્ર બની છે

સુકુમાલિકાએ આ નિયાણુ બાંધી લીધુ સયમ, તપ અને ચારિત્રની બાબતમા દળીદળીને ઢાકણીમા ઉઘરાવ્યા જેવુ બની ગયુ ! લાખનો હીરો પાચ રૂપિયામા વટાવી ખાધો ! વરસાદ પડે અને માટીપાણીનો યોગ થાય એટલે ઘાસના અ કુરો ફૂટી નીકળે, તેમ પૂર્વના સચિત વિકારો સુકુમાલિકાના હૃદયક્ષેત્રમા ઊગી નીકળ્યા રાજુલને જોઈને તપસ્વી રથ-નેમિનુ ચિત્ત ચચળ બની ઊઠ્યુ હતુ માટે વિષયવિકારોને જેવાતેવા સમજશો નહી ઝેર તો ખાવાથી ચડે અને માણસનો એક ભવ બગાડે, પણ વિષયનુ ઝેર તો જોવાથીય ચડે છે અને અનેક ભવ બગાડે છે.

સુકુમાલિકા આતાપનાભૂમિમાથી પાછી ફરી ઉપાશ્રયમા આવી, પણ હવે સયમમા એ ઢીલી પડી ગઈ ઘડીએ ઘડીએ એ શરીરને સાફ કરવા લાગી વારવાર એ હાથપગ અને મોઢુ ધોવા લાગી. ભગવાન કહે છે કે—

सुहसायगस्स समणस्स सायाउलगस्स निगामसाइस्स।
उच्छोलणापहोअस्स दुल्लहा सुगइ तारिसगस्स॥

—દશવૈકાલિકસૂત્ર અ ૪, ગા ૨૬

સુખસાતાનો મેવો ભાઈપીને પોઢી જનારો વારવાર દાળ, પાન, મોઢું આવું વગેરે પીનાર સમજુને સુમતિ આવી પણ દુલભ છે

પ્રભુનો ધર્મ શુચિમૂલક નથી, પરન્તુ દયામૂલક છે શરીર તો ગંદકી છે તેનો પહેરનાર આત્મા એ ગંદકીથી જુદો છે માટે શરીરને અને આત્માને કોઈ સબંધ નથી.

સુકુમાલિકા હવે આરાધક મટીને વિરાધક બનવા લાગી. આ જોઈને આર્યા ગોવાલિકાએ કહ્યુ આર્યા સુકુમાલિકા ! તમારું આવું વર્તન તમને નો કપ્પઇ—કલ્પતુ નથી. આપણે બ્રહ્મચારીઓએ આવા એન ગાળા કવા યોગ્ય નથી. પરન્તુ આથી તો સુકુમાલિકાને સ્વમાન ઘવાતુ લાગ્યુ એને લાગ્યુ કે હજુ પોતે હવાલદારનુ ! મને જ ટકટક કરે છે એમ માની એણે ગુરુણીની અવગણના કરી. હવે તેનુ શુ પરિણામ આવશે તે અવસરે

ॐ શાન્તિ

*

વ્યાખ્યાન ૭૬

(શુક્રવાર, તા. ૧૧-૯-૧૩)

અનત નાની મિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે નાગશ્રી બ્રાહ્મણીના ભવમા ચપાપુરીમા ભૂલ થઈ હતી, અને હવે પણ ચ પાપુરીમા અનેક ભવના દુ ખો ભોગવ્યા બાદ સુકુમાલિકાના ભવમાં પણ ભૂલ થઈ ! ત્રણ પ્રકા ના શલ્યો છે (૧) માયાનુ શલ્ય (૨) નિયાણાનુ શલ્ય અને (૩) મિથ્યાદર્શનનુ શલ્ય ભૂલ કરે પણ તેની જો આલોચના કરે તો ભૂલ ધોવાઈ જાય લડાઈમાંથી આવેલા સૈનિકોના શરીરમા વાગેલા હોય, તો ડોક્ટર એક જાળાને કાઢવા માટે

ઓપરેશન કરતા કરતા કહે કે, 'તમને જ્યા જ્યા ખૂચતુ હોય તે બતાવો, તો એ ઠેકાણે ઘૂસી ગયેલી ગોળીઓ કાઢી નાખુ ' પણ એ સૈનિક મનમા વિચારે કે વધારે ગોળીઓ કઢાવીશ તો મારે વધારે ઉપાધિમા મુકાવુ પડશે પણ એકાદ ગોળી પણ શરીરમા રહી જાય, તો તેને લોહી ચડવા દેતી નથી કાટો વાગ્યો હોય, તો તેને વધારે અણીદાર લોઢાની સોયથી કઢાવવો પડે છે કાટો વાગ્યા પછી સોય ન ખમવી એ ક્યાથી ચાલે ? મન, વચન અને શરીરથી થયેલી આત્મા સબધી ભૂલોનુ પણ એવુ જ છે ભગવાન કહે છે આ શલ્યોથી મોક્ષમાર્ગમા વ્યાઘાત થાય છે અને અનત સસાર વધે છે એ ભૂલને છુપાવશો નહી

એક દશે પણ આદરુ પડશે, ઢાકવુ કપટનુ કામ છ,
લાખો બીજા કરવા પડશે, છળતણા સગ્રામ છ
જીવ ! તુ છાના કરીશ નહી કામજી
છાના કરીશ નહી કામ નહી તર તારો રિસાઈ જાશે રામજી જીવ તુ૦

સુકુમાલિકાએ નિયાણાના શલ્યને છુપાવ્યુ, તો એક પાપને છુપાવવા માટે બીજા લાખો પાપો કરવા પડ્યાં ! જૂઠા માણસનુ મોઢુ ચોર જેવુ બની જાય છે એ એક પછી એક દાવપેચ કરવા માડે છે, પણ ગમે તેટલો બચાવ કરવા છતા એ પકડાયા વિના રહેતુ નથી 'જૂઠાણુ જલદી પકડાય, આખર જૂઠો જન પસ્તાય' જૂઠા માણસનો કોઈ વિશ્વાસ પણ કરતુ નથી હોટલમા જઈને ચા પી આવે અને ઉપાશ્રયમા જઈ ને આયબિલ કરવા બેસે, તો આવા ધર્મના જૂઠાણા ક્યાથી ચાલી શકે ? ધરમાદો એટલે **'ધર-માદો'**—ધર મૂળમાથી જ માદો-ખોટો હોય, તો એનુ કલ્યાણ ક્યાથી થાય ? માટે ધર્મમા જૂઠાણુ ચલાવી લેશો નહી, નહીતર કપટ કરતા ચપટ થઈ જશો અધર્મથી અને છળકપટથી મેળવેલા પૈસા પણ દૂધના દૂધમા ને પાણીના પાણીમા જાય છે એક બારણેથી આવેલા બે હજાર બીજે બારણેથી

પાંચ હજારનું નુકસાન કરે છે આજે તો બીમારને આપવાની ગોળીઓમાં અને ઘી તેલ, દૂધ જેવા ખાદ્ય પદાર્થોમાં પણ ભેળસેળ ચાલે છે આ અસંતોષ મોટી ભૂખ ઊભી કરે છે પાપ કર્યું હશે તો ભવપરે રોવો થઈને પોકારશે।

નાગશ્રી બ્રાહ્મણીને કેટલા ભવ દુઃખો ભોગવવાં પડ્યાં ! ત્યારપછી સુકુમાલિકાના ભવમાં દીક્ષા લઈને એ સાતમે ગુણસ્થાનકે પહોંચી હોવા છતાં એવી પટકાઈ ગઈ કે એના મૂળમાં મીંડું મુકાઈ ગયું સાચુ જીવનમાં નિયાણું કરવા જેવું નથી.

ભગવાન મહાવીર રાજગૃહીના ગુણશીલ નામના ઉદ્યાનમાં પધારવાના છે એમ ખબર પડતાં શ્રેણિક રાજાએ વનરક્ષકોને કહ્યું કે ભગવાન પધારે ત્યારે મને ખબર આપજો. જ્યારે ભગવાન પધાર્યા ત્યારે વન પાલકોએ મહારાજા શ્રેણિકને વધામણી આપી. તત્કાલ મહારાજા શ્રેણિક પોતાના સિંહાસન પરથી નીચે ઉતરીને અને સાત આઠ ડગલાં આગળ ચાલીને અનુસાર ભગવાનને વંદના કરી અને બોલ્યા હે પ્રભુ ! આપ જ્યાં બિરાજો છો ત્યાં મારા વંદન સ્વીકારજો. અને ત્યારબાદ પાછા પગે સિંહાસન પર આવીને તેણે પોતાના મુગટ સિવાયનાં તમામ આભૂષણો વધામણી આપનારાઓને ઇનામમાં આપી દીધાં. જેનું દિલ દિલાવર હોય તે / આવો લાભ લઈ શકે. મહારાજા શ્રેણિકે અંતઃપુરમાં જઈને મહારાણી ચેલણાને પણ આ વધામણી આપી કે ભગવાન ગુણશીલ નામના ઉદ્યાનમાં પધાર્યા છે તેમનાં નામ, રૂપ અને ગુણનું ચિંતન કરનાર પણ પાપમુક્ત થઈ જાય, તો પછી તેમનાં પ્રત્યક્ષ દર્શન અને વ્યાખ્યાન શ્રવણ કરનારને કેવું ફળ મળે ! આ સાંભળીને મહારાણી ચેલણા પણ વસ્ત્રાભૂષણોથી સજ્જ થઈને ભગવાનનાં દર્શને જવા નીકળ્યાં. હાથી ઘોડા રથ, પાલખી અને સેનાસહિત રાજા અને રાણી બંને ઉદ્યાન તરફ ચાલ્યાં. છત્ર અને ચામર તથા વાજિંત્રના ઘોષ સાથે વાજતે ગાજતે તેઓ ભગવાનના સમવસરણ પાસે આવ્યાં. અભિગમન સાચવી ને તેઓએ ભગવાનને ભાવપૂર્વક વંદન કર્યાં. મહારાજા

શ્રેણિક ભગવાનના સન્મુખ બેસીને તથા મહારાણી મર્યાદાપૂર્વક ઊભા રહીને દેશના સાભળવા લાગ્યા ભગવાનની વાણીનો દિવ્ય પ્રવાહ માલકોષ રાગમા વહી રહ્યો હતો પથ્થર જેવા હૃદયો પણ આ રાગથી પીગળી જાય છે

स्वर्गापवर्गगममार्गविमार्गणेष्ट
सद्धर्मतत्त्वकथनैकपटुस्त्रिलोक्याम् ।
दिव्यध्वनिर्भवति ते विशदार्थसर्व—
भाषास्वभावपरिणामगुणैः प्रयोज्यः ॥

'હે પ્રભો ! આપનો જે દિવ્યધ્વનિ થાય છે તે સ્વર્ગ અને મોક્ષમાર્ગનુ અન્વેષણ કરવા માટે ઇષ્ટ છે તથા ત્રણે લોકના જીવોને સદ્ધર્મતત્ત્વનો ઉપદેશ કરવામા પણ કુશળ છે, અને સર્વ પ્રકારની ભાષાઓમા પદાર્થોનુ વિશદ વર્ણન કરવામા તેનુ સ્વાભાવિક પરિણમન પણ થાય છે, અર્થાત્ આપની વાણી સર્વભાષાઓમા પરિણમન પામે છે'

ભગવાનની દિવ્ય વાણી સ્વર્ગના દેવતાઓ આદિ બાર જાતની પરિષદ સાભળે સિંહ અને હરણ, વાઘ અને બકરી આદિ જીવો પ્રભુની વાણીથી જાતિગત વેરને પણ ભૂલી જાય અર્ધમાગધી ભાષામા પ્રભુ બોલતા હતા અને સર્વે જીવો પોતપોતાની ભાષામા સમજી જતા હતા

મહારાજા શ્રેણિક અને મહારાણી ચેલ્લણાના દિવ્ય તેજ અને પ્રભાવથી ત્યા બેઠેલા સાધુસાધ્વીઓ પણ પ્રભાવિત બન્યા આથી કેટલાક સાધુઓએ મહારાજા શ્રેણિક જેવુ થવાનુ નિયાણુ કર્યું અને સાધ્વીઓએ મહારાણી ચેલ્લણા જેવા બનવાનુ નિયાણુ બાધ્યુ અને મનમા વિચાર નક્કી કર્યો કે આ રાજા અને રાણી સાક્ષાત્ દેવદેવી જેવા છે, માટે આપણે પણ એમના જેવુ થવુ !

આમ રાજા અને રાણી દેશના સાભળીને પાછા ગયા, પરન્તુ આખી પરિષદ લૂટાઈ ગઈ ભગવાન તો ત્રિકાલસર્વજ્ઞ હતા તેમને કેવળજ્ઞાનદ્વારા આ હકીકત જણાઈ અને સાધુસાધ્વીઓને પૂછ્યુ કે, 'તમને રાજારાણીને જોઈને કોઈ ભાવ થયો ?'

ભગવાન પાસે કોઈ પોતાના મનની વાત છુપાવી શકે તેમ નહોતા. આથી ભગવાને પ્રગટ કર્યું. પ્રભુએ તે જ સમયે તમામ સાધુસાધ્વીઓને સંબોધવા માટે નિયાણાનો અધિકાર કહ્યો.

૧ જે શ્રમણ નિર્ગ્રન્થને મોહનીય કર્મના ઉદયથી કામવિકાર ઉત્પન્ન થાય અને અનેક દાસદાસીઓ સાથે આવેલા મહાસમૃદ્ધિમાન પુરુષને જોઈને તે નિદાનકર્મ (નિયાણું) કરે કે મારા તપ-સંયમ-બ્રહ્મચર્યનું ફળ હોય તો આવું સુખ મને મળે. આ પ્રકારે નિદાન કરીને આલોચના તથા પ્રતિક્રમણ કર્યા વિના જો એ કાળ કરે તો એ દેવલોકમાં મહર્દ્ધિક અને ચિરસ્થિતિવાળો દેવ થાય. ત્યાંથી ચ્યવીને એ ઉત્તમકુળમાં પુત્રપણે ઉત્પન્ન થાય અને પૂર્વે કરેલા નિદાનનું ફળ પામે. તેને તથારૂપના શ્રમણ ઉપદેશ આપે પણ તે સાંભળી શકે નહીં કારણ કે એ મહારંભવાન, મહાપરિગ્રહી અને અધર્મનું આચરણ કરનાર છે. ત્યાંથી મરીને એ દક્ષિણગામી નૈરયિક થાય છે. એ જીવ દુર્લભબોધિ હોય છે.

૨ કોઈ નિર્ગ્રન્થી શ્રમણી રૂપગુણયુક્ત અને પતિથી સન્માનેલી સ્ત્રીને જોઈને નિયાણું કરે કે મારા તપ-સંયમ-બ્રહ્મચર્યનું ફળ હોય તો આવી સ્ત્રી હું બનું અને તે આલોચનાદિ કર્યા વિના કાળ પામે તો પ્રથમ એ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય. ત્યાંથી ચ્યવીને સુકોમળ કર ચરણવાળી રૂપવતી બાલિકારૂપે જન્મે. યૌવન અવસ્થા પ્રાપ્ત થયે માતાપિતા દહેજ દઈને તેને યોગ્ય વર સાથે પરણાવે અને નિદાન ફળ ભોગવે. તેને તથારૂપના શ્રમણ ઉપદેશ આપે પણ તે સાંભળી શકે નહીં કારણ કે તે મહારંભવાળી છે. ત્યાંથી મરીને એ દક્ષિણગામી નૈરયિક થાય અને દુર્લભબોધિ થાય.

૩ કોઈ શ્રમણ રૂપવતી સ્ત્રીને જોઈને વિચારે કે આ સ્ત્રી એકલી પોતાના ઘરના ઐશ્વર્યનો ઉપભોગ કર્યા કરે છે તે અદ્વિતીય છે. આ સંસારમાં પુરુષત્વ કષ્ટકર છે. સ્ત્રીઓની બહુ માવજત થાય છે. તેને

કોઈ લડાઈ આદિમા ઊતરવુ પડતુ નથી ગાડીઓમા અને બસ આદિ વાહનોમા સ્ત્રીઓની બેઠક આજે પણ અલગ રિઝર્વ હોય છે માટે મારા તપ, સયમ અને બ્રહ્મચર્યનુ કોઈ ફળ હોય તો આ સ્ત્રીના જેવુ સુખ મને મળે ' આવુ નિદાન કરીને જો એ આલોચના કર્યા વિના કાળધર્મ પામે તો દેવલોકમા દેવપણે ઉત્પન્ન થાય ત્યાથી ચ્યવીને મનુષ્યલોકમા સ્ત્રીપણે ઉત્પન્ન થઈને નિદાનફળ ભોગવે તેને શ્રમણ ઉપદેશ આપે, છતા એ મહાઆરભી અને મહાપરિગ્રહી હોવાથી સાભળી શકે નહી ત્યાથી મરીને એ દક્ષિણગામી નૈરયિક થાય તેને સમકિતની પ્રાપ્તિ અતિદુર્લભ થાય

૪ કોઈ પણ શ્રમણી રૂપ, ગુણ, લાવણ્ય અને સમૃદ્ધિમાન પુરુષને જોઈને વિચારે કે ' સ્ત્રી થવામા દુ ખ છે ગમે તેવી ઉજ્વાળી હોય છતા એ રાત છે અનેક પુરુષરૂપી પતગિયા સ્ત્રીરૂપી દીવામા ઝપલાવે છે. વળી સ્ત્રીને પરાધીનતા પણ ઘણી છે સ્ત્રીથી એકલા ક્યાય જવાય-આવાય પણ નહી માટે મારા તપ-સયમનુ ફળ હોય તો આગામી જન્મમા હુ ઉત્તમ પુરુષ બનુ અને પુરુષોચિત સુખો મને પ્રાપ્ત થાય ' તે સાધ્વી આલોચના કર્યા વિના કાળધર્મ પામે તો દેવલોકમા દેવપણે ઉત્પન્ન થઈ, ત્યાથી કાળ કરી, મનુષ્યમા નિદાનફળ ભોગવે શ્રમણ તેને ઉપદેશ આપે, પણ એ મહાઆરભી અને મહાપરિગ્રહી હોવાથી કેવળીભાષિત ધર્મને સાભળવાને યોગ્ય નથી ત્યાથી મરીને તે દક્ષિણગામી નૈરયિક બને અને દુર્લભબોધિ થાય

૫ કોઈ તથારૂપના સાધુ મોહનીય કર્મના ઉદયના કારણે એમ વિચારે કે' મનુષ્યના કામભોગ અનિત્ય અને અશુચિમય છે દેવલોકમા જે દેવો અન્ય દેવોની દેવીઓ, પોતાની દેવીઓ તેમ જ પોતાની વૈક્રિયક-શક્તિથી દેવીઓ બનાવી તેમની સાથે કામભોગ સેવે છે, તેવુ સુખ મને મારા અત્યારના તપ-નિયમના ફળ રૂપે મળો, તો આગામી ભવમા હુ પણ એવા સુખો ભોગવુ ' આવુ નિદાનકર્મ કરીને આલોચના કર્યા વિના એ કાળધર્મ પામે તો દેવલોકમા મહાઋદ્ધિ અને મહાદીપ્તિશાલી

દેવ થાય અને નિદાનફળ ભોગવે. ત્યાંથી ચ્યવીને એ મનુષ્યમાં જન્મ લઈ ઉત્તમ કામભોગ સેવે. ત્યાં શ્રમણ ઉપદેશ આપે તેને એ સાંભળી શકે પણ તેમાં તેને શ્રદ્ધા રુચિ કે પ્રતીતિ થઈ શકે નહીં. ત્યાંથી મરીને દક્ષિણગામી નૈરયિક થાય અને દુર્લભબોધિ બને.

૬. કોઈ શ્રમણ આગામી દેવભવ માટે સ્વવિકુર્વિત અને પોતાની દેવીના ભોગ સંબંધી નિયાણું કરે અને આલોચના વિના કાળધર્મ કરે તો દેવલોકમાં નિદાનફળ ભોગવે. ત્યાંથી ચ્યવીને એ મનુષ્ય થાય. એ કેવળીભાષિત ધર્મ સાંભળી શકે પણ તેમાં શ્રદ્ધા ન કરે. અન્ય ધર્મમાં રુચિ રાખે અને તાપસાદિ બને. ત્યાંથી કાળ કરી એ અસુરકુમાર અથવા કિલ્બિષિકદેવપણે ઉત્પન્ન થાય. ત્યાંથી ચ્યવીને પુનઃ એ એડ-મૂકના ભવ કરે.

૭. કોઈ શ્રમણ પોતાની દેવીના ભોગ સંબંધી નિદાન કરે અને આલોચના કર્યા વિના કાળધર્મ પામે તો નિદાનફળ ભોગવીને મનુષ્ય થાય. ત્યાં તેને કેવળીભાષિત ધર્મમાં શ્રદ્ધા થાય, પરંતુ વિરતિ કરી શકે નહીં. માત્ર દર્શન-શ્રાવક બને. ત્યાંથી દેવલોકમાં ઋદ્ધિશાળી દેવ બને.

૮. કોઈ નિર્ગ્રન્થ વિચારે કે મનુષ્યના અને દેવના બન્ને કામભોગ અનિત્ય છે. જો મારા તપ અને સંયમનું ફળ હોય તો હું શ્રાવક બનું અને મુનિઓને પ્રતિલાભવાનો લાભ લઉં' વિચારે તો તે કાળધર્મ પામીને દેવલોકમાં જાય. ત્યાંથી ચ્યવીને એ શ્રમણોપાસક બને. જીવાજીવાદિ નવ તત્ત્વના જ્ઞાતા થાય અને અનશન કરીને દેવલોકમાં જાય, પણ સાધુ બની શકે નહીં.

૯. કોઈ નિર્ગ્રન્થ સાધુ થવાનું નિદાન કરે કે આગામી ભવમાં ગરીબ કુળ કે કોઈ યાચક કુળમાં જન્મ મળવું સારું કે જેથી સંયમ લેતાં વખત કોઈ રોકે નહીં. ત્યાંથી કાળ કરીને એ દેવભવમાં જાય, ત્યાંથી ચ્યવીને નિદાનફળ પામે. એ સરળતાથી સાધુ બની શકે પણ સર્વ દુઃખનો અંત કરી શકે નહીં અર્થાત્ મોક્ષમાં જઈ શકે નહીં. પછી કાળ કરીને એ દેવલોકમાં ઉપજે.

આ બધા નિયાણાનુ પાપરૂપ ફળ થાય છે, માટે કોઈએ પણ નિયાણા કરવા જેવા નથી,

૧૦ નિદાનરહિત સયમમા પરાક્રમ કરનાર મુનિઓ સર્વ વિષય-વાસનાથી મુક્ત થાય છે અને યથાખ્યાતચારિત્ર પામે છે તેવા અણગાર અનુપમ જ્ઞાન–દર્શન અર્થાત્ કેવળજ્ઞાન ને કેવળદર્શન પામે છે કેવળી અરિહ ત બનીને દેવ, મનુષ્ય તથા તિર્ય ચની પરિષદમા અમોઘ ધારાથી ધર્મદેશના આપે છે અને આયુષ્ય પૂર્ણ થતા સિદ્ધ બુદ્ધ મુક્ત બનીને સર્વ દુ ખનો અ ત કરે છે.

માટે હે આયુષ્માન્ શ્રમણો ! નિદાનરહિત ક્રિયાનુ ફળ કલ્યાણરૂપ થાય છે

ભગવાનનુ આ વ્યાખ્યાન સાભળીને જે જે સાધુસાધ્વીઓએ નિયાણા કર્યા હતા તેમણે ઊભા થઈ, વ દન નમસ્કાર કરી, પ્રભુ સમક્ષ આલોચના—પ્રતિક્રમણ કરી નાખ્યુ અને તેઓ પ્રાયશ્ચિત્ત લઈ ને શુદ્ધ બની ગયા પર તુ ગોવાલિકા સાધ્વીજીના બોધદાયક કથનને તો સુકુમાલિકાએ જાણે ફગાવી દીધુ એમ છતા પોતાની શિષ્યાના આત્મ-કલ્યાણ માટે ગોવાલિકાએ કહ્યુ , ' સાધ્વી સુકુમાલિકા ! આપણે શ્રમણી અને નિર્ગ્રન્થી છીએ હે આર્યા ! શા કારણે તુ આટલી બધી શરીરની પૂજારિણી બની ગઈ છે ? શરીરની વિભૂષા કર્મબ ધનુ કારણ છે.' આમ ગુરુણીના કહેવા છતા સુકુમાલિકા મૌન અને નિરુત્તર જ રહી

પાણીને ઘીની માફક જરૂરિયાત સિવાય ન વાપરવુ. મફતમા મળતુ પાણી જો વધારે ઉપયોગમા લેશો તો મફતમા જશો રગૂન પરના જાપાની આક્રમણ સમયે જ્યારે હિ દીઓ ભાગીને રગૂનથી આવતા હતા ત્યારે રસ્તામા પાણીના કષ્ટો અવર્ણનીય હતા એક પ્યાલો પાણી એક રૂપિયામા મળતુ હતુ પાણીની કિ મત આવે ઠેકાણે સમજાય છે જ્યા દેહ ટકાવવા એક ઘૂટડો પાણી ન મળતુ હોય, ત્યા હાથ, પગ અને માથુ ધોવા કોણ બેસે ? શ્રીમદ્ રાજચ દ્રજી કહે છે કે—

નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો,
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ અવસર

સાધુસાધ્વીને કપડાં પહેર્યાં છતાં નગ્નભાવ અને સંયમમય જીવન હોવું જોઈએ. માથામાં જૂઓ થાય ત્યારે ઓઢવા કપડાનો પાટો બાંધે. એ બહુ કીમતી હોય કે જરીનો કે કશો હોય તેથી શું પ્રયોજન છે! જેમ બને તેમ ઓછાં અને સાદાં કપડાંથી ચલાવવું જોઈએ. ગૌતમસ્વામીએ પૂછ્યું ભગવન્! उवहिपच्चक्खाणेणं भंते किं जणयइ? —ઉપધિના પચ્ચક્ખાણથી જીવને શો લાભ થાય? ભગવાન બોલ્યા, સંયમની વિરાધના ઓછી થાય છે તેનામાં લાઘવતા આવે છે

विभूसावत्तियं भिक्खू, कम्मं बंधइ चिक्कणं।
संसारसायरे घोरे, जेणं पडइ दुरुत्तरे॥
—દશવૈકાલિકસૂત્ર અ. ૬ ગા. ૬૬

શરીરની વધારે સંભાળ રાખનાર અને શરીરની વિભૂષા કરનાર ચીકણાં કર્મ બાંધે છે અને દુસ્તર એવા ઘોર સંસારસાગરમાં પડે છે માટે સાધુસાધ્વીથી આંખમાં અંજન આંજવાં નહીં સુગંધી તેલનું મર્દન થાય નહીં વસ્ત્ર-આભૂષણની શોભા થાય નહીં માટે હે આર્યા સુકુમાલિકા! તમે જે કાર્ય કરી રહ્યાં છો એ સાધુનું કર્તવ્ય નથી. માટે આ સ્થાને તમે તમારા કર્મોની આલોચના કરો. ગોપાલિકા સાધ્વીજીએ તો સુકુમાલિકાના ભાવ દેખાવથી જ આમ કહ્યું હતું તપનું નિયાણું કર્યું હતું એ વાતની તો તેમને ખબર ન હતી, છતાં સુકુમાલિકાએ તેનો આદર ન કર્યો. એવું ઊંધી વાળ / તેને પૂરો રાજ!

ગુરુના વચનની અવગણના કરનાર સુકુમાલિકાનું શું થશે તે અવસરે.

ૐ શાન્તિ

વ્યાખ્યાન : ૮૦

(શુક્રવાર, તા ૨૭-૯-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે સુકુમાલિકાએ સાધુપણુ સ્વીકાર્યા પછી એણે સાધુત્વના દૂષણરૂપ આચરણ કર્યુ. ગોવાલિકા સાધ્વીજીએ તેને અનેકવાર કહ્યા છતા એ સમજી નહી. સુજ્ઞ શિષ્યને સમજાવવામા પણ ગુરુ પ્રસન્ન થાય છે

रमए पंडिए सासं, हयं भद्दं व वाहए।
बालं सम्मइ सासंतो गलियस्सं व वाहए॥

—ઉત્તરાધ્યયનસૂત્ર અ ૧, ગા ૩૭

ભદ્ર—કલ્યાણિક ઘોડાને ખેલવતા તેનો સવાર જેમ આનદ પામે છે તેમ વિનયવાન શિષ્યને શિખામણ દેતા ગુરુ પણ આનદ પામે છે, અને ગળિયા ઘોડાને ખેલવતા સવાર જેમ થાકી જાય તેમ અજ્ઞાની શિષ્યને સમજાવતા ગુરુને શ્રમ પડે છે આવા શિષ્યને કહેતા ગુરુનુ મન મૂઝે છે, કારણ કે કહ્યા પછી પણ એ અવળો ચાલનાર છે આવો શિષ્ય ઉપરથી કહે કે હુ ગુરુનો આજ્ઞાકિત છુ, પરન્તુ ખરી રીતે તો એ એની સ્વચ્છન્દતા છે

કોઈ માણસ શેઠ પાસે જઈને કહે કે, 'તમે કહો તેમ નહી કરુ, પણ મારુ ધાર્યું કરીશ, પણ મને નોકરીમા રાખો' તો કોઈ એને નોકરીમા રાખે ખરા ? સડેલા કાનવાળી કૂતરીને જેમ ક્યાય સ્થાન

મળતું નથી તેમ આવા શિષ્યને ક્યાંય સ્થાન મળતું નથી. સાચો શ્રદ્ધાવાન શિષ્ય ગુરુને કહે કે શ્વાસ લેવો અને આંખનું મટકું મારવું એ બે સ્વાભાવિક ક્રિયા વિના અન્ય કોઈપણ કામ આપની આજ્ઞા વિના નહીં કરું. આવા આજ્ઞાંકિત શિષ્ય પર ગુરુની કૃપા ઊતરે છે. ગુરુણીએ સુકુમાલિકાને કહેવામાં કંઈ બાકી રાખી નહીં પરન્તુ ઊલટું તેને તો લાગ્યું કે બધા મને ટોકટોક જ કર્યા કરે છે. એને પોતાના દોષો તો દેખાય જ નહીં. ત્યારે ગુરુણીજીને લાગ્યું કે નકામો સાધુ બગાડે ટોળી, બગડેલું પાન બગાડે ટોળી. હવે આ સાધ્વી કોઈ રીતે સમજવાની નથી. આથી બધાએ સુકુમાલિકાનો પરિચય ઓછો કરી નાખ્યો. આખરે સુકુમાલિકાને એમ લાગવા માંડ્યું કે હું જ્યારે શ્રીમંત માબાપને ત્યાં હતી ત્યારે મારો પડ્યો બોલ ઝિલાતો. સૌ ખમાખમા કરતા. આ સાધ્વીઓ પણ પ્રેમથી મારી સાથે વાત કરતા હતાં અને મેં જ્યાં દીક્ષા લીધી ત્યાં હું પરવશ બની ગઈ! હવે અહીં મારું કોણ?

આજના યુવાન બાળકો માતાપિતાની આજ્ઞા નહીં માનવામાં પોતાનું ગૌરવ માને છે. અજ્ઞાની અને અવિનયી શિષ્યનું પણ એવું [illegible] એને ધર્મનો અંકુશ ગમતો નથી. ગળિયેલ બળદના ગાડાને ચલાવવામાં જેમ ખેડૂતને કંટાળો આવે છે તેવો જ કંટાળો અવિનયી અને સ્વચ્છંદાચારી શિષ્યને સમજાવવામાં આવે છે.

एगं डसइ पुच्छम्मि एगं विंधइऽभिक्खणं ।
एगो भंजइ समिलं एगो उप्पहपट्ठिओ ॥

—ઉત્તરાધ્યયનસૂત્ર અ. ૨૭ ગા. ૪

આ બળદ આગતમ પૂછડું મારે છે તો એક વારંવાર ભાગે [illegible] છે. એક ધૂંસરાને ભાંગી નાખે છે તો એક બેસી જાય છે [illegible] નિશાનમાં [illegible] પહોંચાડવું એ ખેડૂતને માટે કઠિન બની [illegible] વિનયવાન શિષ્ય [illegible] તો તેમને આત્માનો ભાગ [illegible]

स पुज्जसत्थे सुविणीय संसए
मणोरुइ चिट्ठइ कम्मसपया।
तवोसमायारिसमाहिसंवुडे
महज्जुई पचवयाइ पालिया॥

—ઉત્તરાધ્યયનસૂત્ર અ ૧, ગા ૪૭

'ગુરુના મનની રુચિ પ્રમાણે કાર્ય કરનાર શિષ્ય પૂજનિક બને છે, સૂત્રના રહસ્યાર્થ, ભાવાર્થ અને વિશેષાર્થને સમજી શકે છે. તપ-સમાધિ આદિ મહાવ્રત પાળીને એ મહાજ્યોતિવાન બને છે'

બધી આર્યાઓનો પરિચય ઓછો થઈ જવાથી સુકુમાલિકાને એમ લાગવા માંડ્યુ કે આ બધા મારો તિરસ્કાર કરે છે હવે હુ અહી કેવી રીતે રહી શકુ ? જ્યારે જીવનમાથી સયમની માત્રા ઘટી જાય, ત્યારે એ ઉન્માર્ગને જ પોતાનુ શ્રેય સમજે છે સુકુમાલિકાને પણ હવે એકલી વિચરવા માટેના વિચારો આવવા લાગ્યા સવાર પડ્યુ અને તેણે વસ્ત્રો, પાતરા વગેરે લઈને ગુરુણીને પૂછ્યા વિના જ ત્યાથી ચાલવા માડ્યુ અકુશ વિનાનો હાથી, લગામ વિનાનો ઘોડો અને લગર વિનાના વહાણની જે દુર્દશા થાય છે, એ સ્થિતિ તેણે પોતાને જ હાથે સ્વીકારી કોઈ એક સ્થાનમા એ એકલી જ રહેવા લાગી આ જીવની પણ અનાદિકાળથી એ જ સ્થિતિ છે ઉત્તમ જોગ મળ્યા છતા માનવભવને એ ગુમાવી દે છે

હીરો હાથમા હતો છતાયે, કાચના ટુકડે રાચ્યો હુ,
સતપુરુષનો સગ તજીને, રગરાગમા નાચ્યો હુ

આવો દેવદુર્લભ માનવભવરૂપી હીરો મળ્યા છતા વિષયરૂપી કાચના ટુકડાઓની પાછળ તમે રાચી અને નાચી રહ્યા છો, કારણ કે તમને અમૂલ્ય હીરાની કિમ્મત નથી

દૃષ્ટાન્ત—એક દરિદ્ર વાણિયો સસારવ્યવહારમા દુખી હતો. એકવાર તેની સ્ત્રીએ તેને કહ્યુ કે, 'કોઈ સતપુરુષના આશીર્વાદ મળે તો ધન મળી જાય અમુક જગલમા એક મહાત્મા રહે છે. લોકો કહે

છે કે એમની પાસે પારસમણિ છે. જો એમની કૃપા થઈ જાય, તો તમારું કામ થઈ જાય. વાણિયો શોધતો શોધતો મહાત્માની ઝૂંપડીમાં આવ્યો. તેણે જોયું તો એ મહાત્મા બીમાર હોવાથી ખાટલા પથારીમાં પડ્યા હતા. વાણિયાએ તો તેમની ખૂબ સેવા કરવા માંડી. એક મહિના સુધી સેવા કરી અને મહાત્મા મરણપથારીમાંથી સાજા થયા. છતાં વાણિયાએ સેવા ચાલુ રાખી.

ગુરુએ વિચાર કર્યો કે આ વાણિયો સ્વાર્થથી સેવા કરે છે કે પરમાર્થથી એ જાણવું જોઈએ. આમ સેવા કરતાં પાંચ, દસ અને બાર વર્ષ વીતી ગયાં, પણ મહાત્માએ તેને કંઈ આપ્યું નહીં. આથી નિરાશ થઈને વાણિયાએ મહાત્માને વંદન કર્યા અને એ બોલ્યો: મહારાજ! મને આજ્ઞા આપો. હવે હું જવા માગું છું. મહાત્માએ પૂછ્યું: તેં બાર બાર વર્ષ સુધી મારી સેવા કરી, ને અચાનક ક્યાં જવું છે? તું શા માટે આવ્યો હતો અને શા માટે જાય છે એ તો તું બોલતો જ નથી.

વાણિયો બોલ્યો: મહારાજ! હું બહુ દરિદ્ર છું. કંઈક આશાથી હું અહીં આવ્યો હતો. પણ બાર બાર વર્ષ થયાં છતાં મારી એ આશા ફળી નહીં. મેં સાંભળ્યું હતું કે આપની પાસે પારસમણિ છે. પણ હવે મને લાગે છે કે આપની પાસે જો પારસમણિ હોય, તો આપ જ આમ ચીંથરેહાલ શા માટે રહો?

મહાત્મા બોલ્યા, અરે ભલા માણસ! પારસમણિ તો મારી પાસે છે જ. પણ મને એનો ઉપયોગ નહીં હોવાથી સામેની ઝોળીમાં પડેલી એક લોઢાની ડબ્બીમાં તેને મૂકી રાખ્યો છે. તેં તો મારી આટલી સેવા કરી છે. બીમારીમાં મને સારી રીતે સંભાળ્યો છે. માટે તારે મને વહેલું કહેવું હતું તો હું તને પારસમણિ જ આપી દેત. હવે મોડે મોડે પણ જ્યારે તારે પારસમણિ જ જોઈએ છે તો ઝોળીમાં પડેલી લોઢાની ડબ્બી ભરી લાવ. હું તને પારસમણિનો ચમત્કાર બતાવું.

'મહારાજ! માફ કરજો ' વાણિયો બોલ્યો, 'લોઢાની ડબ્બીમા પારસમણિ પડ્યો હોય ને એ ડબ્બી સોનાની ન બને, તો એને પારસમણિ કેમ મનાય ? હવે એ પારસમણિ એ ડબ્બીમા જ ભલે રહ્યો એ કાચના કટકાને જોવાથી શો લાભ ?'

'અરે ભાઈ!' મહાત્મા બોલ્યા, 'એનુ પણ રહસ્ય તને સમજાવુ' આમ કહીને મહાત્માએ ઝોળીમાથી કાઢીને એ લોઢાની ડબ્બી ખોલી, તો એમાથી પારસમણિ નીકળ્યો પરન્તુ એની વચ્ચે એક પાતળો કાગળ ગોઠવેલો હતો એ કાગળને કાઢી બતાવતા મહાત્માએ કહ્યુ, 'લોઢાની ડબ્બી સોનાની ન બની એનુ કારણ આ કાગળનુ પડ હતુ જેમ તુ મારા સગમા બાર વર્ષથી રહ્યો છતા મારી સાધના અને મારો યોગ તુ ગ્રહણ કરી શક્યો નહી, કારણ કે મારા ને તારા સગની વચ્ચે તારા પર સ્વાર્થનુ પડ હતુ એથી તુ જેમ એવો ને એવો રહી ગયો, બસ તેવી જ રીતે કાગળના પડના કારણથી આ ડબ્બીને પારસમણિનો સ્પર્શ થઈ શક્યો નહી હવે એ પડ બાદ કરીને જોઈજો એ જ લોઢાની ડબ્બી સોનાની બની જશે!' વાણિયાએ કાગળનુ પડ કાઢી લીધુ ડબ્બીને જેવો પારસમણિનો સ્પર્શ થયો કે એ લોઢાની ડાબલી સોનામા પલટાઈ ગઈ! ગુરુ બોલ્યા—

સમજણ વિનાના નર કરે છે કીર્તિને,
ગુરુ વિના જ્ઞાન નહી મળે રે,
પારસમણિનુ પારખુ એ તો લોઢાને કચન કરે,
હીરો ખોમા હાથથી રે,
આવો અવસર પાછો નહી તો મળે

ભાઈ! આ માનવભવમા સાચો પારસમણિ તો તેની અદર રહેલો આત્મા છે એના વિશુદ્ધપણાથી ભવોભવના દારિદ્રય દૂર થઈ જાય છે વિશુદ્ધ બનેલો આત્મા જો ગુરુનુ જ્ઞાન હૃદયમા ધારણ કરે તો તેનુ ભવોભવનુ ભટકવુ અટકી જાય છે'

જેમ લોઢાની ડબ્બી પારસમણિના સ્પર્શથી સોનાની બની ગઈ

તેમ જ મહાત્માના જ્ઞાનોપદેશથી વાણિયાના હૃદયનો પલટો થઈ ગયો. ગદ્‌ગદ બનીને તેણે ગુરુચરણમાં વંદન કર્યાં અને એ બોલ્યો : મહારાજ! મારે હવે આ પારસમણિનું કોઈ કામ નથી. હું હવે સંસારમાં પાછો ફરવા માગતો નથી. મને હવે આત્મારૂપી પારસમણિનો બોધ આપો. મહાત્માએ વાણિયાને સમજણ કરાવી અને તેનો માનવભવ સુધારી દીધો.

તમે સંસારની વાસનાઓથી ધર્મમાં જોડાવ છો. એ નાનુંપાતળું પડ તમારા આત્માના દર્શનની આડે આવે છે અને તેથી અંધારાં ઉલેચાતાં નથી. જેમ ચિત્રકાર ચિત્ર બનાવવાનો અભ્યાસ કર્યા પછી સુંદર અને આબેહૂબ ચિત્ર દોરી શકે છે તેમ આત્માને જાણવાનો અભ્યાસ કરવો જોઈએ. તમે જ્યારે એકડો શીખતા હતા ત્યારે એક જ એકડામાં કેટલી વાર લાગી હતી? પણ હવે? લાખોના હિસાબો કરવામાં પણ તમને સરળતા પડે છે. તેવી જ રીતે આત્માનું સુખ પણ ધીમે ધીમે અભ્યાસ દ્વારા મળે છે. જ્ઞાનીઓ કહે છે કે—

તનનો હું તંબૂર બનાવું પ્રેમ નખલીએ ધૂન મચાવું
ઊઠે ઊઠે રોમે રોમે ઝંકાર ધીરને વંદન કરીએ.

આ દેહ એ સાધન છે. એ દેહરૂપી તંબૂરાથી પ્રભુની ધૂન મચાવવાની છે. એમાં એવા મગ્ન બનો કે દેહનું ભાન પણ ભૂલી જવાય.

તૂટે તંબૂર ભલે તૂટે સઘળે તાર,
ત્યારે ના ખૂટે એનો મીઠો એ રણકાર
છો ન આ જગના લોકો કહે અધાધૂરા
ત્યાગ ના આનંદ રહે ના અધૂરો.

દેહરૂપ તંબૂનું ગમે તે થાય, જગતના લોકો ગમે તે કહે પરંતુ પ્રભુ! મારા હૃદયમાંથી તારા નામનો ઝણકાર ઓછો ન થાય એવી કૃપા કરજે, કારણ કે આપ જગતના પ્રકાશક અને ભુવનના ભૂષણરૂપ છો.

पावनं कस्मात् निर्वापणभूतम्—પાપકર્મના કુસંસ્કારોને બદલવામાં ધ્યાન એ ધીંગીનાનું કામ કરે છે પણ તેમાં કેળવણીની

જરૂર છે એક જ ઘઉંના લોટનો કસાર પણ બને છે ને એ જ લોટની ઘેંશ પણ બને છે કેળવ્યા વિના જો કસાર બનાવશો તો કસારને બદલે પોટીસ બની જશે ! તમારે કસાર બનાવવો છે કે પોટીસ ? એ જ આત્માને મોક્ષ પણ મળે છે ને એ જ આત્મા નિગોદમા પણ ધકેલાઈ જાય છે માટે આત્માના આરાધક બનો વિરાધક બનશો તો ધનઘાતી કર્મોની પરંપરા ઊભી થશે ધ્યાનથી ઘનઘાતી કર્મોના ભુક્કા ઊડી જાય છે

સાધ્વીઓથી જુદી રહેવા ગયેલી સુકુમાલિકાએ હવે આત્માની વિરાધના ચાલુ કરી દીધી હવે તેને કોઈ અટકાવે તેમ ન હતુ શુદ્ધ ચારિત્રને તેણે તોડીફોડી નાખ્યુ અને એકલી રહેવા લાગી છેવટે અંતિમ ટાઈમ નજીક જાણી તેણે પંદર દિવસનો સથારો કર્યો, પરંતુ એમ છતા તેણે પોતે કરેલા પાપોની આલોચના ન કરી આમ આલોચના અને પ્રતિક્રમણ વિના તેણે કાળ કર્યો એનો જીવ બીજા દેવલોકમા દેવીગણિકારૂપે ઉત્પન્ન થયો સિદ્ધાન્ત કહે છે કે સમકિતી જીવ દેવલોકમાં જાય, તો ત્યા પુરુષપણુ પામે છે આથી નક્કી થાય છે કે સુકુમાલિકાએ સમકિત પણ વમી નાખ્યુ હતુ સમકિતી હોય તેને ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, નારકી, તિર્યંચ અને સ્ત્રી-નપુંસક વેદ–એ સાત બોલના બંધ ન પડે જો તેણે આલોચના અને પ્રતિક્રમણ કર્યાં હોત તો ગણિકાદેવી તરીકે નહી થતા પુરુષવેદ પામત સુકુમાલિકાના જીવને ગણિકાદેવીના ભવમા નવ પલ્યોપમની સ્થિતિ મળી હવે ત્યાથી ચ્યવીને ક્યાં જશે તેનો અધિકાર અવસરે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૮૧

(શનિવાર, તા. ૨૮–૧૨)

ભલી નાખે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. ત્રણે કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે સુકુમાલિકાએ જો વિરાધના ન કરી હોત અને વિશુદ્ધ ચારિત્ર પાળ્યું હોત તો એ બકુશ કોટીની ગણિકાસેવી વાત નથી ઇચ્છિત વિચારણું પોતે જ કેવું પરિણામ તેને પોતાને જ ભોગવવું પડ્યું યુક્તિઓ જે ભય સરવાના હતો તે ખરી રાખો નહીં

આ જીવે અનંતા જન્મમાં વિષયના ભોગો ભોગવ્યા છતાં તેને વિષયોની તૃપ્તિ થઈ નહીં એટલું જ નહીં પણ તેણે જ્યાં ત્યાં દેવ પ્રયાસ કર્યા કર્યો. જ્યાં તેને વિષયભોગો મળ્યા ત્યાં તેણે મીઠાશ માની. વિષયોનું ધ્યાન કરવાથી બુદ્ધિનો નાશ થાય છે વિભાવના કારણથી તેનું ધ્યાન પરમાં ચાલ્યું જાય છે અને તેમાંથી આ પાંચ પ્રમાદો ઉત્પન્ન થાય છે ૧ મદ, ૨ વિષય ૩ કષાય, ૪ નિદ્રા અને ૫. વિકથા આ પાંચેય પ્રમાદોમાં જીવ પોતાનો અમૂલ્ય સમય ગુમાવી નાખે છે ખરી આ માનવ છે માટે ધન, માન, પ્રતિષ્ઠા વગેરે જતા તો જવા દેજો કારણ કે એ બધાં તો ફરીવાર પણ મળી શકે છે પરન્તુ પ્રમાદના સમય પાછો મળતો નથી. Time lost is gone forever ભગવાન કહે છે समय गोयम मा पमायए —પ્રમાદ કર્યો વિના સમયને ઓળખી લેજો, કારણ કે —

मद्विसयकसाया, निंदा विकहा य पंचमा भणिया।
एए पंचपमाया, जीवा पाडन्ति संसारे ॥

ઉપરોક્ત પાચ પ્રમાદો જીવને વારવાર સસારમા ડુબાવનારા છે. એક અગ્રેજી કહેવત પણ છે કે Time is money—સમય એ મોટામા મોટુ ધન છે માટે જરા વિચાર કરીને આ માનવજીવનરૂપી હીરાને સભાળજો

લાખના હીરાને હાથમાથી કોઈ, જોજે ન લૂટી જાય,
હે કિરતાર ! મને આધાર તારો, જોજે ન તૂટી જાય

તમારા હાથમા આવેલા આ લાખના હીરાને કોઈ લૂટારાઓ લૂટી ન જાય એ જોજો સુકુમાલિકા ગણિકાદેવીનો ભવ પૂરો કરીને **'तेणं कालेणं तेणं समयणं इहेव जबुद्दीवे द्दीवे भारहे वासे'** —તે કાલ ને તે સમયે આ જ જબૂદ્વીપના ભરતક્ષેત્રમા ઉત્પન્ન થઈ જબૂદ્વીપ એક લાખ યોજનનો છે તેમા ત્રણ ક્ષેત્ર કર્મભૂમિના અને છ ક્ષેત્ર જુગલિયાના છે જુગલિયા સાથે જન્મે, સાથે જીવે, માતા એક જ જોડલુ પ્રસવે અને એ ભાઈબહેન પતિપત્ની થાય જીવનને અતે એકને છીક ને એકને બગાસુ આવે અને બન્ને મરે પણ સાથે. જિદગીમા કમાવાની કે બીજી કોઈ ચિતા નહી દસ પ્રકારના કલ્પવૃક્ષો મનવાછિત સુખ આપે આ જુગલિયા કાંઈ પણ ધર્મ કરી શકે નહીં

કર્મભૂમિના ૫દર ક્ષેત્રોમા રહેલા મનુષ્ય જ મોક્ષ પ્રાપ્ત કરી શકે એ ૫દર ક્ષેત્રમાથી ત્રણ ક્ષેત્ર જબૂદ્વીપમા છે (૧) ભરત, (૨) ઐરાવત, અને (૩) મહાવિદેહ મહાવિદેહ ક્ષેત્રમા સદાય ધર્મ હોય, જ્યારે ભરત અને ઐરાવત ક્ષેત્રમા આરાની અદલબદલ થાય છે ઉત્સર્પિણી કાળમા વર્ણ, ગધ, રસ, સ્પર્શમા વૃદ્ધિ થતી જાય છે. તે જ રીતે મનુષ્યના આયુષ્ય, અવગ્રહ વગેરે બધામા વૃદ્ધિ થાય છે. જ્યારે અવસર્પિણી કાળમા ઉત્તરોત્તર હાનિ થતી જાય છે કર્મભૂમિનો માનવી પાચે ગતિમા જઈ શકે, જ્યારે જુગલિયા તો એક દેવગતિમા જ જાય છે અને તે પણ બીજા દેવલોક સુધી જ જઈ શકે છે.

પરન્તુ તેને મુક્તિનો અધિકાર નથી. પાંચમા આરામાં આ કર્મભૂમિમાં જો તમે ધારો તો એકાવતારી બની શકો. અસિ મસી ને કૃષિ એ ત્રણેનો જ્યાં વ્યાપાર હોય તે કર્મભૂમિ કહેવાય છે અસિ એટલે તલવાર, મસી એટલે વેપાર અને કૃષિ એટલે ખેતી. આ ભરતક્ષેત્ર કર્મભૂમિનું ક્ષેત્ર છે તેમાં તમારા કર્મયોગે તમને જન્મ મળ્યો. તેમાંથી મુક્ત થઈને આહારના કોળિયા વિના અનંતકાળ સુધી નિરાબાધ એવું સ્વાધીન સુખ પ્રાપ્ત કરવું હોય, તો આજથી જ ભૂલ્યા ત્યાંથી ફરીવાર ગણો. આત્માની લક્ષ ઉપર રાખશો તો તરી જશો.

કોને ખબર છે કાલની ઠેકાણું આ દીવાલની
કાચા સૂતરના તાર જેવી છે માનવજિંદગી,
તક તજ કે આજથી, જાગી હવે કર બંદગી.

આ માનવજીવન મોંઘામાં મોંઘું છે પણ તમને એની કિંમત સમજાતી નથી. જેની જેની તમને ભ્રાન્તિથી પણ કિંમત સમજાઈ છે એને તો તમે ખૂબ ખૂબ સંભાળીને રાખો છો. અડધો રૂપિયાનું રોકડું તમે ધૂળમાં રગદોળાવા દેતા નથી. સો સો રૂપિયાની નોટોને કાઢીને તમે ફેંકી દેતા નથી. આવી નાશવંત વસ્તુને તમે કીમતી સમજી બેઠા છો. પણ એના કરતાં અનેકગણી કીમતી માનવજિંદગી છે કાચા સૂતરના તાર જેવી એ જિંદગી ક્ષણિક છે. એને તૂટી જતાં વાર લાગશે નહિ. પણ તમે તો ધન અને માનની કિંમત સમજી રહ્યા છો.

દૃષ્ટાન્ત—એક શેઠ પેઢી પરથી ઘેર આવીને ઝૂલા ઉપર બેઠા હતા ત્યાં કોઈ ધાર્મિક ફંડ ભરનારાઓ શેઠની પાસે આવ્યા. એમને આવેલા જોઈને એ શેઠ બોલી ઊઠ્યા: તમે મારી પાસે ફંડ લેવા આવ્યા છો ખરું ને? પણ અમારે તે કેટલાકને આપવા કરવું! આવનારા લોકોએ કહ્યું: શેઠજી! આપ ઉદાર છો અને ધનવાન પણ છો. આપ મદદ નહીં આપો તો કોણ આપશે? આપને ફુરસદનો વખત ન હોય, તો અમે ફરી ત્યારે આવીએ. પણ આપી તો શેઠનો

મિજાજ હાથમાથી ચાલ્યો ગયો એ કહેવા લાગ્યા, 'તમે લોકો તો અમારી પાછળ જ પડ્યા છો, માટે ચાલ્યા જાવ અમે કાંઈ તમારા માટે જ કમાતા નથી ' ફંડ કરવા આવનાર ત્યાથી ચાલતા થઈ ગયા

શેઠ બેઠા હતા ત્યા જ તારવાળાએ એમના હાથમા તાર આપ્યો તેમા લખ્યુ હતુ, 'મુબઈની પેઢી તૂટી ગઈ છે પાચ લાખનુ નુકસાન થયુ છે ' આ તાર વાચીને શેઠ ઉદાસ થઈ ગયા ફંડ લેવા આવનારા બહુ બહુ તો બસો કે પાચસો લઈ જાત, પણ આ તો એકીસાથે પાચ લાખ ગયા હવે શુ કરવુ ? શેઠ લમણે હાથ દઈને બેઠા હતા, ત્યા બીજો તાર આવ્યો તેમા લખ્યુ હતુ, 'તમારો જમાઈ મૃત્યુ પામ્યો છે' આ તાર વાચીને તેમના દુખનો પાર ન રહ્યો બાવીસ વર્ષની એકની એક પુત્રી રાડી ! શેઠના ઉપર આફત આવી પડી !

જ્યારે પુણ્ય ખૂટી જાય અને પાપનો ઉદય થાય ત્યારે ઉપરા-ઉપર આવી જ આફત ઊતરી પડે છે બીજે દિવસે પેઢી પર જઈને શેઠે ટપાલ ખોલી ત્યા પરદેશ ખાતેથી માલ લઈને આવતા પેઢીના દસ વહાણો ડૂબી ગયાના ખબર મળ્યા અધૂરો કાગળ હાથમા ને હાથમા રહી ગયો, ને હાર્ટ બેસી જવાથી શેઠ મૃત્યુ પામી ગયા આ છે પાપકર્મના ઉદયનુ ફળ ! જે પૈસાને સુખનુ કારણ માન્યુ હતુ એ જ પૈસા જતા દુખી થઈ ગયો અને પોતે ભેગા કરેલા સાધનોએ જ પોતાનુ મૃત્યુ નોતર્યુ

પ્રતિવાસુદેવનુ પણ એવુ જ બને છે દરેક પ્રતિવાસુદેવની સામે એક એક વાસુદેવ થાય પ્રતિવાસુદેવ ત્રણ ખડનુ રાજ્ય ભેગુ કરે રાવણ પ્રતિવાસુદેવ હતો એણે ત્રણ ખડનુ રાજ્ય ભેગુ કર્યુ હતુ એની પાસે ચક્રરત્ન પણ હતુ કે એ ચક્ર મૂકે એટલે સામા શત્રુનુ માથુ લઈને પાછુ આવે પણ જ્યારે પુણ્ય પૂરા થઈ જાય ત્યારે વાસુદેવ ચડી આવે રાવણની સામે લક્ષ્મણ આવ્યા એમને દુશ્મન ધારી રાવણે ચક્ર છોડયુ, પણ લક્ષ્મણના પુણ્યનો ઉદય એટલે ચક્ર માથુ

લેવાને જાણે ખોળામાં બેસી ગયું એ જ ચક્રને પુણ્યની લક્ષ્મણે ઉપાડ્યું અને એ રાવણનું માથું લઈ પાછું વળ્યું આમ તેના પોતાના જ શસ્ત્રથી પોતાનો નાશ થયો.

દૃષ્ટાન્ત—રાવણનો ભાણેજ સૂર્યહાસ ખડ્ગ મેળવવા માટે તપ કરવા દંડકારણ્યમાં ગયો અને બરાબર બાર વર્ષ ને સાત દિવસ સુધી બ્રહ્મચર્ય પાળીને, કસ્તી વાંસની જાળી કરી, ઝાડ સાથે પગ બાંધી ઊંધે મસ્તકે લટકી સાધના કરી. આમ બાર વર્ષ ને ૭ દિવસ થઈ ગયા. સૂર્યહાસ ખડ્ગ નીચે આવી રહ્યું છે આજે સાતમો દિવસ છે એક રાત્રિ જાય એટલે બીજે દિવસે સવારે એ ખડ્ગ મળી જવાનું છે એના મનમાં તો કંઈક આશાઓ છે ફળ મળવાની તૈયારી હતી, પણ પાપનો ઉદય હોય ત્યારે મળેલું સારું ફળ પણ બિગડ બની જાય.

રામ, લક્ષ્મણ અને સીતા એ જ વનમાં રહેતાં હતાં. લક્ષ્મણજી વનમાં ફળ લેવા ગયા હતા. ત્યાં સૂર્યહાસ ખડ્ગ નીચે આવતું જોયું જોતાં જ એમને એ લેવાનું મન થયું કારણ કે રત્ન જોયા પછી ક્ષત્રિય બચ્ચો રહી શકે નહીં એમણે આ ખડ્ગને હાથમાં લીધું અને વિચાર કર્યો કે આ ખડ્ગ બહુ ધારદાર છે માટે તેની ખાતરી કરવી જોઈએ. આમ વિચારીને તેમણે એ જ વાંસની જાળીમાં જોરથી ખડ્ગનો પ્રહાર કર્યો. એ જ જાળીમાં રાવણનો ભાણેજ સાધના કરી રહ્યો હતો. આ સૂર્યહાસ ખડ્ગ એની જ સાધનાના ફળરૂપે આવવું હતું પણ એનું જ માથું કપાઈ ગયું !

લક્ષ્મણજીએ જોયું કે વાંસની જાળીમાંથી રુધિર નીકળી રહ્યું છે જ્યાં જોયું ત્યાં તો એ બાર વર્ષની સાધના કરનારો કપાઈ ગયો હતો. લક્ષ્મણજી ઉદાસચિત્તે પાછા ફર્યા. શ્રીરામે પૂછ્યું આવું ખડ્ગ તમે ક્યાંથી લાવ્યા ! લક્ષ્મણે ઉત્તર આપ્યો ખડ્ગ તો મળ્યું પણ બિચારો નિરપરાધ સાધક કપાઈ ગયો ! રામે કહ્યું આ ખડ્ગ બહુ મોટી સાધનાને અંતે મળે છે તમારા પુણ્યના ઉદયથી તમને મળી

ગયુ અને પ્રયત્ન કરનાર સાધકનુ માથુ કપાઈ ગયુ, એ બહુ ખોટુ થઈ ગયુ '

રામ જેવા પણ ખોટુ કર્યું એમ કહી શકે છે તમારો છોકરો પરદેશથી લાખ રૂપિયા કમાઈને આવ્યો હોય, તો તમે તેને કહી શકો છો કે આ રૂપિયામા કેટલાની આશા અને કેટલાના નિશ્વાસ સમાયેલા છે? ક્યાથી કહો?

> દેવળ ચણ્યુ તે મોહનુ, માયાનો પૂજારી થયો,
> આરતી ઉતારી તે દ્રવ્યની, આશાનો દીપ જલાવીઓ,
> કોને ખબર છે કાલની ? દેહતણી દીવાલની ?

મળેલા ભોગોને ભોગવી શકાશે કે કેમ, બધાવેલી બિલ્ડિંગમા તમે રહી શકશો કે કેમ અને મગાવેલી મોટરમા તમે બેસી શકશો કે કેમ? એ જ સાધનો તમારા મૃત્યુના કારણરૂપ પણ બની શકે છે, પણ એનો તમને કાઈ ખ્યાલ આવે છે? ક્યાથી આવે? મોહના દેવળમા બેસાડેલી માયાદેવીના પૂજારી દ્રવ્યની થાળીમા આશાનો દીવડો પેટાવીને આરતી ઉતારવામા મસ્ત બની જાય, તેને આવો ખ્યાલ ન જ આવે!

આગળના શ્રાવકો એક સાધર્મીને જમાડીને પછી જ જમતા, પણ તમને તો ધધો કરવામા ખાવાની કે મરવાની પણ ફુરસદ ક્યા છે? પણ યાદ રાખજો કે ભૂતકાળના ભણકારા વર્તમાનમા પડઘો પાડે છે પુણ્ય જ્યારે ફરે છે ત્યારે ધન, માલ કે સ્ત્રી-પુત્ર, સગાસબધીઓ પણ ફરી બેસે છે એ વખતે પૈસાની આરતીમા જે આશાનો દીવડો જલાવ્યો છે, તેનો ભડકો બની જાય છે સાકરના શીરા ને બદામની પૂરી ઉડાવનારની માટી રગદોળાઈ જાય છે! અને—

> **जीव तू समरन करना, एक दिन होवेगा मरना।**
> **काया तेरी कदमकी शैया, भरोसा मत करना भैया॥**

દૃષ્ટાન્ત—એક સર્પ જગલમા જતા જતા એક દેડકાને ગળવા માડે અને અર્ધું સર્પના મોમા ગયેલુ દેડકુ પોતાના મો આગળ ઊડતા મચ્છરને ખાવા માટે પોતાનુ મોઢુ પહોળુ કરે છે, ત્યારે એ

દેખાને ક્યાં ખબર છે કે હું પોતે જ એક ક્ષણવારમાં સર્વનું ભક્ષ બની જઈશ છતાં આ શું કરી રહ્યો છું ! સિકંદર જ્યારે મરવા પડ્યો ત્યારે એક હથેળીમાં રાખ અને એક હથેળીમાં માટી રાખી હતી. તેણે મરતા મરતાં જગતના જીવોને સમજાવ્યું કે લાખોની હત્યા કરનારો અને દુનિયાની દોલત પોતાની બનાવવા ઈચ્છનારો હું આજે ખાલી હાથે પાછો જઉં છું. મારા જેવા ઉન્માદી જીવો જો હિંદુ હશે તો તેની રાખ થઈ જશે, ને મુસલમાન હશે તો તેની માટી બની જશે ! માટે જરા કુકર્મ કરતા વિચાર કરજો ! જ્ઞાનીઓ કહે છે—

ચેત તો ચેતાવું તને રે, પામર પ્રાણી
હજી છે હાથમાં બાજી કર તું પ્રભુને રાજી
તારી ખૂટી જશે તાજી રે, પામર પ્રાણી
હાથમાંથી બાજી જશે પછીથી પસ્તાવો થાશે
કર્યું ના કરી શકાશે રે, પામર પ્રાણી ચેત તો

હજુ સમય છે ત્યાં સુધીમાં ચેતી જાવ. અવસર ચાલ્યો જશે પછી કાંઈ જ નહીં બની શકે. આમ છતાં જીવ સમજી શકતો નથી. આમ ને આમ એ જન્મ અને મરણ, મરણ ને જન્મમાં ફર્યો કરે છે

દૃષ્ટાન્ત—એક લોભી માણસનો કાળ નજીકમાં હતો. છોકરાઓએ વિચાર કર્યો કે બાપાએ પોતાના જીવનમાં તો કાંઈ પણ કર્મ કર્યું નથી, માટે થોડા સાધુ ફકીરોને જમાડીએ ! એક રૂપિયાની મીઠાઈ મંગાવીને પછી મરવા પડેલા બાપને કહ્યું બાપા ! આ લાડુને હાથ અડાડો એથી એનું પુણ્ય તમને મળે ! છોકરાઓએ લાડુને હાથ અડાડ્યો ત્યાં તો આ વખતના સસ્તા ભાવના લાડુ બહુ વધારે દેખાયા ! આથી તેનાથી મૂળ સ્વભાવ પ્રમાણે બોલી જવાયું અરરર ! આ ૮ આના [illegible] ! અને આમ બોલતા તો તેના પ્રાણ ચાલ્યા ગયા ! જનાર સાથે શું થઈ ગયો ! કાંઈ જ સાથે આવવાનું નથી, છતાં જીવો મમત્વ ભાવને છોડતા નથી

સુકુમાલિકાનો જીવ ગણિકાદેવી બન્યા પછી સમય પૂરો થયે જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમા અને પાચાલ નામના દેશમા—**'पंचालेसु जणवएसु कंपिल्लपुरे नाम नयरं होत्था'**—કામ્પિલ્યપુર નામના નગરમાં દ્રુપદ નામના રાજા અને ચુલ્લણીદેવીને ત્યા દ્રૌપદીરૂપે જન્મ પામ્યો આ દ્રૌપદીથી મોટો એક ધૃષ્ટદ્યુમ્ન નામનો ભાઈ હતો, અને હવે આ પુત્રીનો જન્મ થયો.

ॐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૮૨

(રવિવાર, તા ૨૯–૯–૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે પુત્રીનો જન્મ થવાથી દ્રુપદ રાજા અને ચુલ્લણી રાણી બહુ જ પ્રસન્ન થયા પુત્રી ખૂબ જ સ્વરૂપવાન હતી કેટલાક માણસોમા ગુણ હોય છે ને રૂપ હોતુ નથી, કોઈમા રૂપ હોય છે અને ગુણનો અભાવ હોય છે, કેટલાકમા ગુણ અને રૂપ બન્ને હોતા નથી, ત્યારે કેટલાક ગુણવાન અને રૂપવાન હોય છે આ બાલિકામા રૂપ અને ગુણ એ બન્નેનો સમન્વય હતો માબાપ પોતાના બાળકને લાડ લડાવે છે, પણ જ્યા સુધી તેનામા આધ્યાત્મિક જ્ઞાનનુ સિંચન ન થાય ત્યા સુધી એને સાચા માબાપ કહી શકાય નહી તેમાયે પુત્રીને ખાસ કરીને ગૃહકેળવણીની સાથે સાથે આધ્યાત્મિક આચાર અને વિચાર આપવા જ જોઈએ, કારણ કે આજની પુત્રી એ આવતી કાલની ગૃહિણી છે અને ભવિષ્યની માતા પણ છે પુત્રીમા જો સારા સસ્કારો હશે, તો જ એ પ્રાણના ભોગે શીલને ટકાવી રાખશે તમે પુત્રીઓને કોલેજના અભ્યાસમા તો જોડો છો, પણ ધાર્મિક સસ્કારો તરફ દૃષ્ટિ રખાતી નથી આજનુ સહશિક્ષણ

તો કેળવણી સૌને શરમાવનાર છે માટે પુત્રી ઓછું ભણે તેની ચિંતા ન કરજો, પણ જો તેનામાં સદાચારની ઉણપ હશે તો એ પુત્રી તમને કલંક લગાડનાર થશે. આજના યુવાન બાળક-બાલિકાઓ શિક્ષણ-ને નામે મોજની ઝાપટમાં અટવાઈ પડે છે અને એ જ કારણથી તેમની ચેતરૂપી નાવના ભાંગીને ભૂક્કા થઈ જાય છે તમે સંસારમાં રહીને સતીને યાદ કરો છો કે દુરાચારિણીને? જે સ્ત્રી કે પુરુષ ઇન્દ્રિયોને આધીન ન થાય તેને જ સતી કહીને ગાવાનો હક છે ભગવાન કહે છે કે મનમાં દુર્ભાવ આવે કે તરત જ તે ક્યાંથી આવ્યો એનો વિચાર કરજો. આવા ચોરો ગમે તે વેશથી પણ મનમાં ઘૂસી જાય છે તમારા ઘરમા ફેરિયાના વેષમાં કે ભીખારીના વેશમાં કોઈ ચોર ઘૂસી જાય તો તેના માટે તમે સાવધાન રહો છો પણ તમારા આત્મા અને આપણામા જુદા જુદા ચોરો ધીમે ધીમે પ્રવેશી ન જાય તેનાથી તમે સજાગ રહો છો!

આવા ચોરોને દૃષ્ટિ ચુકાવીને પ્રવેશી જવાની ટેવ હોય છે. તમારામા રૂપ ન હોય તો તમે પાવડર ઘસીને, લાલી લગાડીને સ્વરૂપવાન બનવાની ઇચ્છા કરવા લાગો તો સમજી લેજો કે મોહ નામનો ચોર આવી પહોંચ્યો છે પાવડર, લવન્ડર, સાબુ અને જુદાં જુદાં રંગબેરંગી કપડાં કે દાગીનાઓથી શરીરની કૃત્રિમ શોભા વધારવાથી સાચી શોભા વધી જતી નથી. સાચી શોભા સદાચારથી વધે છે

સદાચારે શોભે છે અંગ માનવજીવનમાં
સાગરતરંગ જેમ આયુ અસ્થિર છે
કુંજર કાન સમ જીવન ચપળ છે
કર્મ સાથે ખાલી લે જગ માનવજીવનમાં
શિયળરૂપી જમાવો રંગ માનવજીવનમાં.

માનવજીવનમા સાચા આભૂષણો સદાચાર અને શિયળ છે. એ બન્ને આભૂષણોથી દેહ અને આત્માને દીપી ઊઠે છે આજથી

માનવ બનાવટી રૂપરંગમાં ફસાયો, ત્યારથી શીલ અને સદાચારથી દૂર ને દૂર ફેંકાઈ ગયો છે

દૃષ્ટાન્ત—કુમારપાળ જ્યારે રાજગાદી પર બેઠો, ત્યારે તેણે પોતાના જૂના અને અનુભવી સામન્તોને પ્રશ્ન કર્યો કે 'સિદ્ધરાજમા અનેક ગુણો હતા, છતા પ્રજાજનો તેની નિંદા કરતા હતા તેનુ કારણ શુ ? મારામા તો એવા કોઈ દુર્ગુણ નથી ને?' સામન્તોએ કહ્યું, 'સિદ્ધરાજમા અઠ્ઠાણુ ગુણો હતા, પણ સગ્રામમા પીઠેહઠ અને પર-સ્ત્રીમા પ્રેમ કરવો એ બે મોટા દુર્ગુણોએ તેના અઠ્ઠાણુ ગુણોને માથે કૂચડો ફેરવી દીધો હતો આપનામા એ બે દુર્ગુણો નથી, તેથી પ્રજા આપનો જયજયકાર બોલાવે છે'

આવા દુરાચારી લોકોને નરકના પરમાધામીઓ લોઢાની ધગધગતી પૂતળી સાથે આલિંગન દેવડાવે છે પાપ દેખાવમા નાનુ હોય છતા તેનુ પરિણામ બહુ ભયંકર હોય છે. એમ તો અણુ અને હાઇડ્રોજન બોમ્બ પણ દેખાવમા નાના જ હોય છે, પણ એનો ધડાકો સમુદ્રના પાણી અને આકાશના વાતાવરણને ખળભળાવી મૂકે છે કુકર્મના ફળનો ભડાકો પણ એવો જ છે એ કુકર્મરૂપી બોમ્બનો જ્યારે ભડાકો થાય છે ત્યારે હા-જી-હા કરનારા સ્ત્રી, પુત્ર, મિત્ર કે સગાસબંધી કોઈ ભાગીદાર થતા નથી પરસ્ત્રીનો ત્યાગ કરનારની પ્રશસા તો છે જ, પણ એથી વધારે પ્રશસા છે સ્વસ્ત્રીનો પણ ત્યાગ કરીને નવવાડ વિશુદ્ધ—નવ કોટીનુ બ્રહ્મચર્ય પાળનાર શૂરવીરની! જ્ઞાનીઓ તેની પ્રશસા કરતા કહે છે—

જે નવવાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાય;
ભવ તેનો પછી લવ રહે, તત્ત્વવચન એ ભાઈ!

ચારિત્ર એ હીરો છે જે સ્ત્રીએ પરપુરુષનુ સેવન ન કર્યું હોય એ સતી કહેવાય છે, પણ જેણે સ્વપુરુષનો પણ ત્યાગ કર્યો હોય તે 'મહાસતી' કહેવાય છે પતિ અને પત્ની બન્ને આ વસ્તુને સમજીને

આત્મસંયમ ધારણ કરે તો એ મત વધારે દીપી ઊઠે છે. રામચંદ્રજીના પૂર્વજોનું ઐતિહાસિક વર્ણન રજૂ થાય છે.

દૃષ્ટાન્ત—અયોધ્યાના રાજા વિજયનો પુત્ર વજ્રબાહુ જાન લઈને નાગપુરની કન્યા મનોરમાને પરણવા ગયો. ત્યાંના રાજાની પુત્રી મનોરમા સાથે તેનાં લગ્ન થયાં. રજપૂતના રિવાજ પ્રમાણે જાન વિદાય થઈ અને મનોરમાનો ભાઈ ઉદયસુંદર બહેનને વળાવવા માટે સાથે ગયો. તેણે બહેન-બનેવીને રથમાં બેસાડીને રથ ચલાવતા ગયો. ચાલતાં ચાલતાં એક ટેકરી પર એક એકાન્તપ્રિય મુનિરાજને બેઠેલા જોયા. તેથી વજ્રબાહુએ પોતાના સાળાને કહ્યું: ઉદયસુંદર! જરા રથને ઊભો રાખો. હું અને તમારી બહેન મુનિરાજને વંદન કરી આવીએ. રથ ચલાવતાં ચલાવતાં ઉદયસુંદરે કહ્યું: બહુ મોડું થઈ ગયું છે અને આપણે હજી ઘણી મજલ કાપવાની છે માટે અત્યારે મુનિરાજને વંદન કરવા ન જાવ તો નહીં ચાલે? રાજપુત્ર વજ્રબાહુએ કહ્યું: રસ્તામાં પૂજ્ય મુનિરાજ બેઠા હોય ને તેમને વંદન કર્યા વિના આગળ જવું એ અવિવેક છે માટે થોડીવાર રથને અટકાવો.

વર કન્યા અને ઉદયસુંદર ત્રણેય જ્યાં મુનિને વંદન કરવા માટે ટેકરી પર ચઢવા લાગ્યાં. સાધુનાં દર્શન પણ મંગલરૂપ થાય છે—'સાધુ મંગલમ્' ટેકરી ચઢતાં ચઢતાં સાળાએ મીઠી મશ્કરીમાં વરરાજાને કહ્યું: તમને જ્યારે આટલો વૈરાગ્ય છે ત્યારે પરણવાનું શું કામ? દીક્ષા લઈને મુનિ બની જવું હતું ને? વરરાજાએ સાળાનાં આ વચનો સાંભળ્યાં અને તેણે કહ્યું: મુનિ બનવું હોય તો હજી શું બગડી ગયું છે? ઉદયસુંદરના તો હજી આ શબ્દો માત્ર મશ્કરીના વ્યાજરૂપે જ બોલાતા હતા. આથી તેણે કહ્યું: જો તમે સાધુ બનવા તૈયાર હો તો હું પણ તમારી સાથે જ સાધુ બની જાઉં. પણ તમે વાત કરો છો તેવું સહેલું એ કામ નથી. બોલો હવે તમે તૈયાર છો? વજ્રબાહુએ તરત જ જવાબ આપ્યો: હા, હું દીક્ષા લેવા તૈયાર છું. તમે પણ ત્યાં થઈ જાવ.

ઉદયસુંદર તો પોતાના બનેવીના દૃઢતાપૂર્વકના વચન સાંભળીને સ્તબ્ધ જ બની ગયો હવે એને લાગ્યુ કે આ ક્ષત્રિયપુત્ર તો ખરેખર દીક્ષા લેવા તત્પર બની ગયો છે આથી ઢીલો પડીને એ બોલ્યો, ' અરે! તમે આ શુ કહો છો? હજી તો લગ્ન કરીને ઘેર પણ પહોચ્યા નથી ને દીક્ષા લેવાની વાત કરો છો? તમે મારી બહેનનો કાંઈ વિચાર કર્યો કે નહી?' રાજકુમારે જવાબ આપ્યો, ' જો તમારી બહેન કુલીન હશે તો એ મારે માર્ગે ચાલશે અને અકુલીન હશે તો તેનાથી મારે શુ કામ છે?' અકુલીનની કથની તો જુઓ

થોડા વર્ષો પહેલા મુબઈમા એક પચાસ વર્ષના શેઠ રહેતા હતા આ અવસ્થાએ તેમને નવી લાવવાના કોડ જાગ્યા પૈસાદાર વિધુર શેઠને એક કન્યા મળી ગઈ પણ શેઠ અને શેઠાણીની અવસ્થામા ત્રીસ વર્ષનો ફરક હતો શેઠાણી જ્યારે યુવાનીમા પહેલુ પગલુ માડી રહ્યા હતાં ત્યારે શેઠ ' વન 'મા પ્રવેશ કરી રહ્યા હતા શેઠ સિનેમા, નાટક, હોટલ, ચોપાટી, ભેળપુરીનો ચટકો કરતા અને કરાવતા વિકારવૃદ્ધિના કારણો આપતા હતા જેમ જેમ ચટકો ચાખે છે તેમ તેમ લટકો વધે છે ધીમે ધીમે કરતા શેઠાણીની યુવાની દીવાની બનવા લાગી શેઠની ગેર-હાજરીમા તેણે ઘરના એક યુવાન નોકરને સાધ્યો શરૂઆતમા તો નોકર ડરવા લાગ્યો, પણ ઘરની ધણીરણી થઈ બેઠેલી શેઠાણીએ નોકરને સમજાવી દીધો. નોકર પણ નિર્ભય બની ગયો પરન્તુ એકવાર શેઠે આ બન્નેની પાપલીલા જોઈ લીધી દુકાનેથી આવતા વાર શેઠે શેઠાણીને કહ્યુ, ' મારી પત્ની હોવા છતા તુ આ નોકર સાથે છૂટછાટ લઈ રહી છે, માટે તને ધિક્કાર છે '

ઘણા સમયથી છછેડાયેલી શેઠાણી બોલી, ' ધિક્કાર તો તમને છે આટલી મોટી ઉમ્મરે મને પરણીને તમે મારો ભવ સળગાવી દીધો! હવે તમે કાંઈપણ બોલશો તો તમારી આબરૂ જશે માટે ડાહ્યા હો તો ચૂપચાપ બેસી રહો '

આ સાભળી મનમા જ સમસમીને શેઠ ચાલ્યા ગયા તેમણે વિચાર

કર્યો કે આ રાજકુમાર કુમારો જતી હૂં આટલી શકીશ નહીં આવાને એહેવાય નહિ સહેવાય નહિ અને દીક્ષા વિના રહેવાય પણ નહીં એ રાજકુમારીના માટે શું શું કરી શકાય ?

વજ્રબાહુ કહે છે તે તમારી બહેન અનુરાગીની હશે તો આખુ જગત પણ તેને અટકાવી શકશે નહીં

સાળા—મનોરમાનો આ સવાલ પાછળ ચાલી આવતી મનોરમા સાંભળી રહી હતી. એ પણ સાચી ક્ષત્રિયાણી હતી. તેણે પોતાના ભાઈને ઉદ્દેશીને કહ્યું ભાઈ ! મારા પતિદેવને કહી દો કે હું પણ તમારે જ પગલે દીક્ષા લેવા તૈયાર છું

પતિને પગલે પગલે જાવુ
યોગીની પાછળ જોગણ થઈ રહેવું
નહીં આવ આવો અવસર ઘડી ઘડી રે,
હવે નહિ રે મોહું હું બીજાની મૂ ઢી.

ત્યાર બાદ ૧૨, કન્યા અને સાળો ત્રણેય જણાં ગુણસુંદરમુનિ પાસે પહોંચ્યાં મુનિરાજે ત્રણેયને બોધવચનો કહ્યાં, આ સંસાર **અસ્થિરોષ મંતો લોપ સમાકરામરસેણ'**—જન્મ, જરા અને મરણથી સળગી રહ્યો છે તેમાંથી સારભૂત આત્માની ઓળખાણ કરી લો.

વર કન્યા, અને કન્યાનો ભાઈ ઉદયસુંદર ત્રણે જણુએ આ બોધવચનો સાંભળ્યા. ઉદયસુંદરે પણ દીક્ષા લેવા માટે નિશ્ચય કરી લીધો, કારણ કે—

ફળ ફરે, વાદળ ફરે ફરે નદીઓનાં પૂર,
ઉત્તમ બોલ્યા નવ ફરે ભલે પશ્ચિમ ઉગે સૂર.

મુનિરાજ પાસે ત્રણેય જણુએ દીક્ષા લીધી. કેરીની નીચે બેઠેલા રાજકુમારના પચ્ચીસ મિત્રો કે જેઓ આ રાજકુમારની જાનમાં આવ્યા હતા તેમણે પણ આ વાત સાંભળી. તેઓ વિચાર કરવા લાગ્યા કે પોતિકાની વરરાજાએ અને બહેનને વળાવવા આવેલા ઉદયસુંદરે જ્યારે દીક્ષા લઈ લીધી, ત્યારે વરરાજા વિનાની જાન લઈ ન આવેલું એ મોઢે પાછા જવું ! આમ વિચારીને એ પચ્ચીસે યુવાન રાજપુત્રોએ દીક્ષા લઈ લીધી

અહીં રાજા અને રાણી આતુરતાપૂર્વક જાનની રાહ જુએ છે પોતાનો લાડીલો કુવર પરણીને આવે છે, તેથી રાણી હિમચૂલા કીમતી વસ્ત્રાભૂષણો ધારણ કરીને વરકન્યાને પોંખવા માટે તૈયાર થઈને ઊભી છે એટલામા ખાલી રથો અને પાલખીઓ આવી રથના સેવકોએ રાજાને વાત કરી કે ' મુનિરાજ ગુણસુદરને વાદવા જતા વર, કન્યા અને કન્યાના ભાઈ ઉદયસુંદરે દીક્ષા લઈ લીધી અને આ વાત સાભળીને પચીસેય જાનૈયા રાજપુત્રો પણ એ જ માર્ગે ગયા ! આ સમાચાર સાભળીને વૃદ્ધ રાજા વિચાર કરવા લાગ્યો, ' ધન્ય છે મારા કુમારને ! મારે પ્રથમ દીક્ષા લેવી જોઈએ, એને બદલે હુ તો હજી ગળાબૂડ સસારમા ડૂબેલો પડ્યો છુ, ને એણે પોતાનો ભવ સુધારી લીધો ! હુ પાછળ રહી ગયો ને પુત્ર આગળ થઈ ગયો ! માટે મારે પણ એ જ મુનિરાજ ગુણસુદરની પાસે દીક્ષા લેવી વૃદ્ધ રાજરાણીએ પણ એ જ નિશ્ચય કરી લીધો આમ રાજા અને રાણીએ પણ ત્યાગધર્મ સ્વીકારી લીધો રાગ એ આગ છે, ત્યાગ એ બાગ છે

ઉત્તરાધ્યયનસૂત્રમા ભગવાન કહે છે—

एए य संगे समइक्कमित्ता, सुदुत्तरा चेव भवंति सेसा।
जहा महासागरमुत्तरित्ता, नई भवे अवि गंगासमाणा ॥

અ ૩૨, ગા ૧૮

વિકારના કારણરૂપ વિષયોને જે જીતી લે છે તે દુસ્તર મહાસાગરને તરી ગયો છે ત્યારપછી તેને ગગા જેવી મોટી નદીઓને તરવી મુશ્કેલ જણાતી નથી, કારણ કે—

કાગની પેઠે હસ, વિષ્ટા પર દોડે નહી,
શૂરાઓ શિર જાય, પણ પ્રતિજ્ઞા તોડે નહી

જેણે બ્રહ્મચર્યની યાવજ્જીવન પ્રતિજ્ઞા લીધી હોય તેને શિર સાટે પાળવી જોઈએ માતા આ પુત્રીમા સુદર સસ્કારો રેડે છે દીકરી દિનપ્રતિદિન વધતી જાય છે હવે તેનુ શુ બનશે તે અવસરે

ॐ શાન્તિ

*

ડું ઝાડ પર ચડીને જેટલાં જોઈએ તેટલાં જાંબુ ખાતી આપું ત્યાં
બીજો શુક્લલેશ્યાવાળો કહેવા લાગ્યો, શા માટે ઝાડ પર ચડવું જોઈએ!
ઝાડની નીચે ઘણાં પાકેલાં ફળ પડેલાં છે. એને વીણી લેવાથી પણ
આપણું કામ સરી જાય છે એવું પ્રેમ તો તરત ખાવાનું થતું.
પણ પરિણામની તરતમતા કેટલી! આમાંની ત્રીજી કપોતલેશ્યાવાળા
માણસને માટે ભગવાન કહે છે—

> वंके वंकसमायारे नियडिल्ले अणुज्जुए ।
> पलिउंचग ओवहिए, मिच्छादिट्ठी अणारिए ॥
> उप्फालगदुट्ठवाई य, तेणे यावि य मच्छरी ।
> एयजोगसमाउत्तो काउलेसं तु परिणमे ॥

ઉત્તરાધ્યયનસૂત્ર, અ. ૩૪ ગા. ૨૫-૨૬

કપોતલેશ્યાવાળો વાંકો વાંકાં પરિણામવાળો વાંકાં આચરણવાળો, માયા વડે કામ પાડનારો, ધૂર્ત કપટી, અસભ્ય અને હિંસાપ્રધાન ભાષા બોલનારો હોય છે. જેમ કે આવા માણસે એક દૂધ નહીં દેનારી ગાય વેચતી વખતે ગાય લેનારાઓએ પૂછ્યું કે આ ગાય કેટલું દૂધ આપે છે? તો તેણે સામેના પથ્થર સામે આંગળી ચીંધીને કહ્યું, આ પથ્થર જેટલું દૂધ આપે છે. વિશ્વાસથી એ ગાયનું માપ પૂછ્યાંનિ ઘેર લઈ ગયા, પણ તેને દોહવા ગયા તો પથ્થરમાંથી દૂધ નીકળે તો ગાયમાંથી નીકળે! આ હિંસાયુક્ત ભાષા કપટપૂર્ણ અને ધુતારા લોકો વાપરે છે.

તેવી જ રીતે આવા ભાવાવાળા બે પ્રકારો છે (૧) કોઈની અનામત મૂકેલી થાપણને હજમ કરી જવી, અને (૨) ખોટી સાક્ષી પુરાવવી. એ બન્ને આ કપોતલેશ્યાવાળા લોકો આચરતા હોય છે.

તમારી પેઢીમાં જેટલાં કપડાં તૈયાર છે એ બધાં જ તમે પહેરી શકો એવી કોઈ ગરજ છે? જ્યાં તમારે પાપ નાખીને વધારે રાખવું છે ભગવાન કહે છે કે આ જીવે મોટ રાજમહેલમાં વાસના આસપાસ જેટલી જગ્યા પણ જગ્યા વિનાની ખાલી રહેવા દીધી નથી, હવે

બતાવો કે કઈ ભાષા જાણ્યા વિના તમે રહી ગયા છો અને કયો પ્રદેશ જોવાનો બાકી છે? માનવજન્મ દેશપરદેશની વસ્તુઓ જોવા અને ખાવાપીવા અને રખડવા માટે મળ્યો નથી રાજા-મહારાજાઓ મરીને ગયા એવા એવા લોકો પણ સાથે બાંધીને કાંઈ લઈ ગયા નથી માટે જેમ બને તેમ પરિગ્રહ ઓછો કરો ઘણા લોકો ઇન્કમ ટેક્સના વધારાની ચીસો પાડે છે, પણ જેટલી રકમનો ટેક્સ ભરવો પડતો નથી એટલા જ રૂપિયા કમાવાની મર્યાદા બાંધી લો, તો તેવી બૂમ પાડવી ન પડે આમ કરો તો તમારા સિવાય કેટલા ગરીબોને રોજી મળે? અને સાથે સાથે સરકારની પણ આખો ઊપડી જાય, પણ તમારે તો આખાયે આકાશને બાથમા લેવુ છે ને પછી રડવુ છે. તમને સતોની વાણી સાભળવાનો તો ટાઇમ પણ મળતો નથી પાપ કરવાનો ટાઇમ મળે છે, ને પાપ ધોવાનો ટાઈમ ન મળે એવુ શુ કરવુ? મકાન રોજ સાફસૂફ ન થાય, તો તેમા કચરાના ગજ ખડકાય તમે કચરો ભેગો થવા દો છો? વાસણો રોજ એઠા થાય છે, તેને રોજ સાફ કરો છો કે નહી? આ બધુ સાફસૂફ રાખવામા તમને ટાઈમ મળે છે ને આત્માને સાફ કરવાનો ટાઇમ તમને નથી મળતો પ્રાર્થનાનુ મહત્ત્વ દરેક ધર્મમા છે પારસી, મુસલમાન અને ક્રિશ્ચિયનો પણ દર રવિવારે એમના ધર્મની પ્રાર્થના નિયમિત કરે છે, ત્યારે પ્રતિક્રમણ જેવી આવશ્યક ક્રિયામા પણ તમે આળસ કરો અને પાપનો સઘરો થાય, તો તેમા કોનો દોષ? આ પ્રતિક્રમણ દ્વારા તમારા આત્માને હળવો ફૂલ જેવો બનાવો પાપનો સઘરો ન થાય એટલુ તો જરૂર કરો તમે જ તમને પોતાને પૂછી જુઓ કે તમારુ દિલ સાફ છે? આત્મા પવિત્ર છે?

મન મેલો નારીમા ઘેલો, ધન જોબનમા છકી ગયેલો,
ચામડામા લેશે સૌ પહેલો, ચડી ચોટ ઉપાડશે રે
પ્રભુના ભજન વિના પટકી પાડશે રે'

ધન અને જોબનમા છકી ગયેલો અને મનનો મેલો માનવ સામે આવેલી આફતને પણ જોઈ શકતો નથી ભગવાન કહે છે, 'वणो:

વ્યાખ્યાન : ૮૩

(સોમવાર, તા. ૩૦-૧૦-૫૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રાપ્યા જગે જગમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે. પુત્રીનો જન્મ થયા બાદ માતાપિતાએ એનું નામ દ્રૌપદી રાખ્યું. જેમ એક પોતાના છોકરાને નિર્વ્યાઘાત ઉછેરવામાં આવે તેમ દ્રૌપદીનો ઉછેર થવા લાગ્યો. માનવજીવનમાં ત્રણ સંસ્કારો મહત્ત્વ ધરાવે છે: (૧) પૂર્વના સંસ્કાર, (૨) માતાપિતાના સંસ્કાર અને (૩) સંગ અથવા પુસ્તકોના સંસ્કાર. પૂર્વના સંસ્કારો સારા હોવાથી માતાપિતાનો એક પુત્ર ધર્મપ્રેમી અને ગુણવાન હોય, ત્યારે પૂર્વસંસ્કારના અભાવે એ જ માતાપિતાનો બીજો પુત્ર ઉચ્છૃંખલ હોય. માતાપિતાના સારા સંસ્કારો ન હોય તો પૂર્વના સંસ્કારો દબાઈ જાય છે અથવા એ પૂર્વના સંસ્કારોની અસર ભુલાવી દે છે. તેવી જ રીતે પૂર્વના અને માતાપિતાના એમ બંને સારા હોય છતાં સંગ અને વાચન અશિષ્ટ હોય તો એ બન્નેને દબાવીને એ બાળક અસંસ્કારી બની જાય છે. ઉંચાણમાંથી પાણીને ઉતારવામાં પ્રયત્ન કે ક્રિયાની કોઈ જરૂર પડતી નથી, પરંતુ નીચેથી ઊંચે ચડાવવામાં પંપ અને મશીનની જરૂર પડે છે. તેવી જ રીતે કુસંસ્કારોને આમંત્રણ આપવા જવું પડતું નથી. એને તો બાળક વાતાવરણમાંથી, સંગમાંથી અને અનુકરણ દ્વારા પણ પકડી પાડે છે. સારા સંસ્કારોને મેળવવા પડે છે. મહાન વિભૂતિ જ અન્યના ગુણોને

અફળુ કરી શકે છે ખાટી કુસસ્કારોને પકડવા એ તો અનાદિની ટેવ છે **'नो लोगगमेणं चरे'** અર્થાત્ હે ભવ્ય જીવો દેખાદેખી કે લોકપણુ કરશો નહી જેનામા દેખાદેખી નથી, તે કુસગથી દૂર રહે છે માટે જ્ઞાનીઓ કહે છે કે—

અનતકાળથી આથડ્યો, વિના ભાવ ભગવાન,
સેવ્યા નહી ગુરુ સતને, મૂક્યુ નહી અભિમાન

અનાદિકાળથી ભટકતા જીવે પોતાનુ અભિમાન મૂક્યુ નથી અને સતનુ શરણુ શોધ્યુ નથી કેટલાક લોકો તો જવાબ આપે છે કે આખુ જગત કૂડકપટ કરે છે, આ જમાનો સાચનો નથી, પણ તેઓ સતોના વાક્યોને સમજ્યા વિના જ બોલે છે ' કૂડ ત્યા ધૂળ છે ' મનુષ્યે છ છ પ્રકારની લેશ્યાઓને ધ્યાનમા રાખવા જેવી છે આ છયે લેશ્યાઓ આ પ્રકારે છે (૧) કૃષ્ણલેશ્યા, (૨) નીલલેશ્યા, (૩) કાપોતલેશ્યા, (૪) તેજોલેશ્યા, (૫) પદ્મલેશ્યા અને (૬) શુક્લલેશ્યા આ છયે લેશ્યાઓને આપણે દૃષ્ટાન્ત દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ

દૃષ્ટાન્ત—છ મુસાફરો રસ્તે ચાલતા ભૂખ્યા થયા એટલામા ફળોથી લચી રહેલુ એક જાબુડાનુ ઝાડ તેમના જોવામા આવ્યુ ત્યા પહેલો કૃષ્ણલેશ્યાવાળો કહેવા લાગ્યો, ' મારી પાસે કુહાડો છે હમણા આખા ઝાડને મૂળમાથી ઉખેડી દઉ છુ ' ત્યા બીજો નીલલેશ્યાવાળો બોલ્યો, ' આખા ઝાડને મૂળમાથી કાપવાની જરૂર નથી હુ એની મોટી મોટી શાખાઓને કાપી દઉ છુ ' ત્યારે ત્રીજો કાપોતલેશ્યાવાળો બોલ્યો, ' મોટી શાખાઓને કાપવાની શી જરૂર છે ? હુ એની પ્રતિશાખાને કાપી દઉ ' એટલામા ચોથો તેજોલેશ્યાવાળો કહેવા લાગ્યો, ' પ્રતિશાખાને કાપવાની જરૂર નથી એની નાની નાની ડાળીઓ કાપી લઈએ એટલે આપણને જાબુના ફળ મળી જશે ' ત્યા પાચમો પદ્મલેશ્યાવાળો કહેવા લાગ્યો, ' ડાળો અને પાદડાઓનુ આપણને શું કામ છે ?

ડ઼ ઝાડ પર ચઢીને જેટલાં જોઈએ તેટલાં જાંબુ ખાઈ આવીએ ત્યાં બીજો શુક્લલેશ્યાવાળો કહેવા લાગ્યો, શા માટે ઝાડ પર ચઢવું જોઈએ? ઝાડની નીચે ઘણાં પાકેલાં ફળ પડેલાં છે. એને વીણી લેવાથી પણ આપણું કામ સરી જાય છે. એનું ધ્યેય તો જાંબુ ખાવાનું હતું, પણ પરિણામની તરતમતા કેટલી! આમાંની ત્રીજી કાપોતલેશ્યાવાળા માણસ માટે ભગવાન કહે છે—

> वंके वंकसमायारे नियडिल्ले अणुज्जुए ।
> पलिउंचग ओवहिए, मिच्छदिट्ठी अणारिए ॥
> उप्फालगदुट्ठवाई य, तेणे यावि य मच्छरी ।
> एयजोगसमाउत्तो काउलेसं तु परिणमे ॥

ઉત્તરાધ્યયનસૂત્ર, અ. ૩૪ ગા. ૨૫–૨૬

કાપોતલેશ્યાવાળો વાણી વાંકા પરિણામવાળો વાંકું આચરણ કરનારો, માયા વડે કામ પાર પાડનારો, ધૂર્ત, કપટી, [illegible] અને મિથ્યાર્દષ્ટિ [illegible] બોલનારો હોય છે. જેમ કે આવા માણસે એક દૂધ નહીં દેનારી ગાય વેચવી હતી. ગાય લેનારાઓએ પૂછ્યું કે આ ગાય કેટલું દૂધ આપે છે? તો તેણે સામેના પથ્થર સામે આંગળી ચીંધીને કહ્યું : આ પથ્થર જેટલું દૂધ આપે છે. વિશ્વાસથી એ ગાયનું મૂલ્ય ચૂકવીને ઘેર લઈ ગયા, પણ વને દોહવા ગયા તો પથ્થરમાંથી દૂધ નીકળે તો ગાયમાંથી નીકળે! આ મિથ્યાર્દષ્ટિ આવા કપટ પ્રપંચ અને ધૂતારા લોકો વાપરે છે.

તેવી જ રીતે આવા ખુશામતિયાના બે પ્રકારો છે (૧) કોઈની અનામત મૂકેલી થાપણને હજમ કરી જવી અને (૨) ચોરી ચપટી ચુકાવવી. એ બધું આ કાપોતલેશ્યાવાળા લોકો આચરતા હોય છે.

તમારી પરીક્ષા જેટલા કસવા તૈયાર છો એ બધા જ તમે પહેરી શકો [illegible] ? આ તમારે પાપ ભાખીને વધારે રહેવું છે. ભગવાન કહે છે કે આ જીવે ચૌદ રાજલોકમાં વાળના અગ્રભાગ જેટલી જગ્યા પણ જન્મ વિનાની બાકી રહેવા દીધી નથી. હવે

બતાવો કે કઈ ભાષા જાણ્યા વિના તમે રહી ગયા છો અને કયો પ્રદેશ જોવાનો બાકી છે? માનવજન્મ દેશપરદેશની વસ્તુઓ જોવા અને ખાવાપીવા અને રખડવા માટે મળ્યો નથી રાજા-મહારાજાઓ મરીને ગયા એવા એવા લોકો પણ સાથે બાંધીને કાંઈ લઈ ગયા નથી માટે જેમ બને તેમ પરિગ્રહ ઓછો કરો ઘણા લોકો ઇન્કમ ટેક્સના વધારાની ચીસો પાડે છે, પણ જેટલી રકમનો ટેક્સ ભરવો પડતો નથી એટલા જ રૂપિયા કમાવાની મર્યાદા બાંધી લો, તો તેવી બૂમ પાડવી ન પડે આમ કરો તો તમારા સિવાય કેટલા ગરીબોને રોજી મળે? અને સાથે-સાથે સરકારની પણ આંખો ઊઘડી જાય, પણ તમારે તો આખાયે આકાશને બાથમા લેવુ છે ને પછી રડવુ છે તમને સતોની વાણી-સાભળવાનો તો ટાઇમ પણ મળતો નથી પાપ કરવાનો ટાઇમ મળે-છે, ને પાપ ધોવાનો ટાઈમ ન મળે એનુ શુ કરવુ? મકાન રોજ સાફસૂફ ન થાય, તો તેમા કચરાના ગજ ખડકાય તમે કચરો ભેગો થવા દો છો? વાસણો રોજ એઠા થાય છે, તેને રોજ સાફ કરો છો કે નહી? આ બધુ સાફસૂફ રાખવામા તમને ટાઈમ મળે છે ને આત્માને સાફ કરવાનો ટાઇમ તમને નથી મળતો. પ્રાર્થનાનુ મહત્ત્વ દરેક ધર્મમા છે પારસી, મુસલમાન અને ક્રિશ્ચિયનો પણ દર રવિવારે એમના ધર્મની પ્રાર્થના નિયમિત કરે છે, ત્યારે પ્રતિક્રમણ જેવી આવશ્યક ક્રિયામા પણ તમે આળસ કરો અને પાપનો સઘરો થાય, તો તેમા કોનો દોષ? આ પ્રતિક્રમણ દ્વારા તમારા આત્માને હળવો ફૂલ જેવો બનાવો પાપનો સઘરો ન થાય એટલુ તો જરૂર કરો તમે જ તમને પોતાને પૂછી જુઓ કે તમારુ દિલ સાફ છે? આત્મા પવિત્ર છે?

મન મેલો નારીમા ઘેલો, ધન જોબનમા છકી ગયેલો,
સામડામા લેશે સૌ પહેલો, ચડી ચોટ ઉપાડશે રે
પ્રભુના ભજન વિના પટકી પાડશે રે'

ધન અને જોબનમા છકી ગયેલો અને મનનો મેલો માનવ સામે આવેલી આફતને પણ જોઈ શકતો નથી ભગવાન કહે છે, 'પગો:

धम्मो न लाभइ —આ બધા દોષોથી મુક્ત રહેવા માટે એકમાત્ર ધર્મનું સેવન કરો. પણ આજે તો તમે પૈસાને જ એક ધર્મ માનો છો. વકીલો પોતાના અસીલો પાસેથી ગમે તેમ સમજાવીને પણ ધન મેળવી લે છે. ડોક્ટરો ઇન્જેક્શનો ને દવાના ડોઝો આપી આપીને દર્દીને ચૂસી લે છે. જે વધારે પૈસા કમાય, જે વધારે કૂડકપટ કરી લે તેની જ ઉન્નતિ થઈ એમ લોકો માને છે.

દૃષ્ટાન્ત—શિયાળાની ઋતુમાં સારી જાતના ઘીના વાસણમાંથી ઘી કાઢતાં એક માણસને ઘીની કરચ વાગી ગઈ. આજે તો ગમે તેવી કરીમાં પણ આવાં ઘી જોવા મળતાં નથી. કરચ વાગવાથી તેની આંગળીને દુઃખ થવા લાગ્યું. એ ડોક્ટરની પાસે ગયો. ડોક્ટરે તેની આંગળી તપાસીને એક ઇન્જેક્શન માર્યું અને પાટો બાંધી દીધો અને કહ્યું કે આંગળીમાં મોટો જખમ થવાનો અને સેપ્ટિક થઈ જવાનો ભય છે માટે રોજ પાટો બંધાવી જજો. બીમારો દર્દી તો રોજ રોજ પાટો બંધાવવા લાગ્યો. આમ કરતાં કરતાં એક મહિનો થવા આવ્યો. એકવાર ડૉક્ટરને અચાનક બહારગામ વિઝિટમાં ઉપર જવાનું થયું. તેને ઠેકાણે ડોક્ટરનો યુવાન પુત્ર બેઠો. એ પણ ડોક્ટરીમાં પાસ થયેલો હતો. બરાબર એ જ સમયે પાટો બંધાવનારો દર્દી આવ્યો. આ યુવાન ડોક્ટરે આંગળીને બરાબર તપાસી, તો તેમાં ઘીની કરચ જોવામાં આવી. આથી ગરમ પાણી કરીને દર્દીની આંગળીને પાંચેક ક્ષણ એ પાણીમાં રખાવી. એટલે ઘી પીગળી ગયું અને તેથી તરત જ દુખાવો બંધ થઈ ગયો. બીજે દિવસે મોટા ડૉક્ટર આવ્યા. તેની પાસે જઈને દર્દીએ કહ્યું: તમારા પુત્રે તો થોડી જ વારમાં મારો દુખાવો બંધ કરી દીધો ને એક મહિનાના પચાસ રૂપિયાનો ખર્ચ થયો. જ્યાં તમે તો પાટા બાંધ્યે જ રાખતા હતા. દર્દીના ગયા પછી ડૉક્ટરે પોતાના યુવાન પુત્રને ધમકાવીને કહ્યું — આવી રીતે એક જ દિવસમાં રોગીને પાછો મોકલશો તો તમે કમાઈ શકશો નહિ. માટે જરા કમાવાની કુશળતા શીખતા જાવ. જુઓ, આ નીતિ કેવી પરિભવની વાચક છે!

દૃષ્ટાન્ત—ધન્યકુમાર (ધના અણગાર) આગળ અખૂટ ધન હતું તેની બત્રીસેય સ્ત્રીઓ એક એક કરોડ સોનૈયા લઈને આવી હતી આવી અખૂટ સમૃદ્ધિનો માલિક એક દિવસ ભગવાન મહાવીરના ઉપદેશથી રંગાઈ ગયો. જ્યારે એ દેશના સાંભળવા ગયો હતો ત્યારે જુદો હતો અને પાછો ફર્યો ત્યારે એનો આત્મા પલટાઈ ગયો. ધના અણગારે માતાની પાસે આવીને કહ્યું, 'મારે સંયમમાર્ગે જવું છે, માટે મને આજ્ઞા આપો' પોતાના એકના એક પુત્રની આવી વાત સાંભળીને માને મૂર્છા આવી ગઈ, છતાં ધન્યકુમાર એમ ને એમ ઊભો રહ્યો મૂર્છામાંથી જાગીને માતા વિચાર કરવા લાગી, 'મારું માથું દુખે તોપણ મારો પુત્ર કહેતો કે તારા બદલે ભલે મારું માથું દુખે આમ કહેનારો પુત્ર આજે મને મૂર્છા આવી ગઈ, છતાં એમ ને એમ ઊભો રહ્યો માટે એનામાં જરૂર કંઈ ફેરફાર થઈ ગયો છે' મા બોલી, 'બેટા! તું બત્રીસ નારીનો સાહ્યબો છે તારે ત્યાં સંતાન થાય અને હું મરી જાઉં પછી ખુશીથી દીક્ષા લેજે લોકો તપ કરીને પણ તારા જેવી સમૃદ્ધિની માગણી કરે છે, ત્યારે આ સમૃદ્ધિને સંપૂર્ણ ભોગવ્યા વિના તું સાધુ બની જાય, એ ઠીક કહેવાય?

> બાવીસ પરિષહ જીતવા, શ્રી કરવો ઉગ્ર વિહાર,
> દોષ બેતાળીસ ટાળીને, શ્રી લેવો સૂઝતો આહાર
> ઘેર ઘેર ફરવું ગોચરી, શ્રી સુણો દુઃખ અપાર રે,
> થે સુણ બાલુડા! સંયમ મત લેજો અમને છાંડીને

'બેટા!' રડતાં રડતાં માતા કહેવા લાગી, 'બાવીસ બાવીસ પરિષહો જીતવા કેટલા બધા મુશ્કેલ છે? એક એક પરિષહ કાળજું કંપાવી નાખે તેવો છે બત્રીસ પ્રકારના ભોજન લેનારા તારે પારકે ઘેર ભિક્ષા લેવા જવું પડશે, એ કેટલું મુશ્કેલ પડશે? ભીખ માગવામાં કેટલી શરમ આવશે? માટે હું તને હમણાં દીક્ષા લેવા દેવાની નથી'

પરંતુ ધન્યકુમારનાં પગલાં તો હવે સાચી પ્રભુતા તરફ મંડાઈ ચૂક્યાં હતાં એ પગલાં હવે પાછાં ફરી શકે તેમ ન હતાં એ બોલ્યો,

મા ! મને તપ કરવાનું અને સંયમધર્મ પાળવાનું કામ જન્મ, મરણ, જરા અને રોગાદિ દુઃખો કરતાં પણ સહેલું લાગે છે. માટે હવે વધારે વાર કરવી નથી. આ સંસારનાં સુખો મને કિંપાકનાં ફળ જેવાં વિષમય દેખાય છે.

ધન્યકુમારની માતાએ જાણ્યું કે મારો પુત્ર હવે મારું કહ્યું માને તેમ નથી. આથી એ રાજા પાસે ગઈ અને કહેવા લાગી, મારા પુત્રને દીક્ષા લેવી છે માટે દીક્ષામહોત્સવ માટે આપનાં છત્ર ને ચામર આપો. રાજા બોલ્યો : શું તમારો જુવાન પુત્ર આટલું મોટું સુખ છોડીને દીક્ષા લે છે ? ચાલો હું આવીને તેને સમજાવું.

રાજાએ આવીને ધન્યકુમારને સમજાવતાં કહ્યું : ભાઈ ! તારે ભજન કરવું હોય, તો તારા જ આ વિશાળ મહાલયમાં એકાન્તમાં બેસીને કર. તું દીક્ષા લેવા શા માટે તૈયાર થયો છે ? તને શું દુઃખ છે ? શું કોઈ દુશ્મન તારી પાછળ પડ્યો છે ? એમ હોય તો તારા દુશ્મનોને પરાસ્ત કરવાનું કામ હું મારે માથે લઈ લઉં.

તો તો મારું કામ થઈ જાય. ધન્યકુમારે કહ્યું : મારે એ દુશ્મનોને જ હરાવવા છે. જો તમે એ કરી શકતા હો, તો મારે દીક્ષા લેવાનું કોઈ કામ નથી.

તો જલદી બતાવો ધન્યકુમાર ! રાજા બોલ્યો : તમારા તમામ દુશ્મનોને હું નષ્ટભ્રષ્ટ કરી નાખીશ. તમને નિષ્કંટક બનાવી દઈશ. ધન્યકુમાર બોલ્યો : મારા દુશ્મનો કોઈ બહારના દુશ્મનો નથી. જન્મ, જરા, વ્યાધિ અને મરણ એ મારા કર્મના શત્રુઓ મારા પર આક્રમણ કરીને મને છિન્નભિન્ન કરી રહ્યા છે. શું તમે એ શત્રુઓને હરાવી શકશો ? રાજા નિરાશ થઈને બોલ્યો : ભાઈ ! એ શત્રુઓથી તો હું પણ ઘેરાયેલો જ છું. એક બંધાયેલો માણસ બીજા બંધાયેલાને મુક્ત ક્યાંથી કરી શકે ?

એ જ મોટી વાત છે. ધન્નાએ કહ્યું : બાહ્ય પ્રકારના શત્રુઓને તો જીતી શકો છો પણ સાચી શૂરવીરતા અંતરના શત્રુઓને જીતવામાં છે. મારે કોઈ બહારનો શત્રુ નથી, પરંતુ—

નથી કોઈ શત્રુ મારે, આ દુનિયામા,
ખરા દુશ્મનો મારા દિલમા છુપાયા,
લડતો રહ્યો છુ નિરતર ઝઝૂમી,
છતા દુશ્મનો તો જરી ના જિતાયા
કલેજે પડ્યા છે એવા કૈક કાણા,
કેમ કરીને ગાઉ હુ તો પ્રભુ ! તારા ગાણા ?

'આ મારા આન્તરિક શત્રુઓ સાથે નિરતર ઝઝૂમવા છતા તેમણે જરાય મચક આપી નથી હવે મારે આવા ઉપાધિમય જીવનમાથી મુક્ત થવુ છે એના માટે આજે જ સુઅવસર છે

'રાજન્ ! ધન્યકુમારે કહ્યુ, 'આ અદરના શત્રુઓએ જન્મ-જન્માન્તરથી મને દબાવી ગૂગળાવી અને રખડાવી માર્યો છે, પરતુ શ્રી મહાવીરના વાક્યોએ મારી અનતા જન્મની ઊંઘને ઉડાડી દીધી છે હવે હુ કોઈનો રોક્યો રોકાઈ શકુ એમ નથી'

રાજાએ ધન્યકુમારની માતાને કહ્યુ, 'માતાજી ! ધન્યકુમારનુ ચિત્ત સસારમાથી વિરક્ત બની ગયુ છે એમની ધામધૂમથી દીક્ષા થાય તેવા મહોત્સવનો પ્રબધ રાજ્ય તરફથી થશે'

અને રાજાએ હાથી, ઘોડા, રથ, પાલખી આદિ સહિત વાજતે ગાજતે ધન્યકુમારનો દીક્ષામહોત્સવ યોજ્યો માતાએ ભગવાન મહાવીરના ચરણોમા પોતાના પુત્રને સોપતા કહ્યુ—

આ પુત્ર વલ્લભ ઘણો શ્રી સોપુ તમારે હાથ રે,
થે સુણો, જિનવરજી ! દીક્ષા આપો ને મારા નદને

હે ભગવન્ ! મારી અધની લાકડી, હૈયાનો હાર અને વહાલામા વહાલી વસ્તુ મારો પુત્ર હુ આપને ભિક્ષામા આપુ છુ'

અને ભગવાને ધન્યકુમારને દીક્ષા આપી તે જ દિવસે ધના અણગારે પ્રભુના ચરણોમા વદન કરીને કહ્યુ, 'ભગવન્, મારી ઇચ્છા

જીવને વારંવાર સંસારમાં પર્યટન કરવું પડે છે. તમને આ સંસારમાં રખડી રખડીને થાક લાગ્યો છે ! મુદ્દામાલ સાથે એક ખૂની ચોરને પકડવામાં આવ્યો. તેના પર મૂકેલો ખૂનનો આરોપ પણ સાબિત થયો. રાજાએ તેને ફાંસીની સજા કરી. આ વખતે ચોર કેવો કંપે ! ચોરની અસહાયતા જોઈને રાણીને દયા આવી. રાણીનું રાજા પાસે એક વચન લેણું હતું. આથી રાણીએ એ ચોરને પોતાને ત્યાં એક દિવસ રાખીને પ્રસન્ન કરવાનું વચન માગ્યું. સ ન પામેલો ચોર રાણીના રાજમહેલનો એક દિવસનો મહેમાન બન્યો. દાસીઓએ તેને સુવાસિત પાણી વડે સ્નાન કરાવ્યું. ભોજનમાં સોનાની થાળીમાં સુંદર પકવાન્ન મૂકવામાં આવ્યાં. ભોજન કરી લીધા પછી સુગંધી મુખવાસ ધરવામાં આવ્યો. આરામ માટે મનોહર ચિત્રોવાળું શયનસ્થાન સોંપવામાં આવ્યું. નાટકાર મ જોડવાળા અનેક મધુર રમ્ય વાજિંત્રો અને ગીતો સંભળાવવામાં આવ્યાં. અને આમ એક દિવસની મહેમાની પૂરી થઈ ગઈ. રાજાએ પૂછ્યું: રાણીની મહેમાનગતી—સ્વાગતસત્કાર વગેરે કેવાં લાગ્યાં ? ચોરે જવાબ આપ્યો કે મને ખબર નથી ! રાજાએ પૂછ્યું તને ભોજન શું આપ્યું હતું એ તો બતાવ ! ચોરે જવાબ આપ્યો: મને ખબર નથી. રાજાએ પૂછ્યું: શયનખંડનાં સુંદર ચિત્રો, આરામ માટે મખમલના બિછાના, નાટરંગ, વાજિંત્રોની સુરાવલી એ બધું તો તને ગમ્યું જ હશે ! પણ ચોર તો એ જ જવાબ આપતો હતો, મહારાજ ! હું મહેમાન બન્યો, ત્યાં મારી સામે તો ફાંસીનો માંચડો જ દેખાતો હતો. આથી મેં ભોજન શું કર્યું તેની ખબર નથી, ચિત્રો જોયાં પણ દેખાયાં નથી, ગીતો ને ... મને તો

નથી કોઈ શત્રુ મારે, આ દુનિયામા,
ખરા દુશ્મનો મારા દિલમા છુપાયા,
લડતો રહ્યો છુ નિરતર ઝૂઝી,
છતા દુશ્મનો તો જરી ના જિતાયા
કલેજે પડ્યા છે એવા કૈક કાણા,
કેમ કરીને ગાઉ હુ તો પ્રભુ! તારા ગાણા?

'આ મારા આન્તરિક શત્રુઓ સાથે નિરતર ઝૂઝવા છતા તેમણે જરાય મચક આપી નથી હવે મારે આવા ઉપાધિમય જીવનમાથી મુક્ત થવુ છે એના માટે આજે જ સુઅવસર છે

'રાજન્! ધન્યકુમારે કહ્યુ, 'આ અદરના શત્રુઓએ જન્મ-જન્માન્તરથી મને દબાવી ગૂગળાવી અને રખડાવી માર્યો છે, પરતુ શ્રી મહાવીરના વાક્યોએ મારી અનતા જન્મની ઊંઘને ઉડાડી દીધી છે હવે હુ કોઈનો રોક્યો રોકાઈ શકુ એમ નથી'

રાજાએ ધન્યકુમારની માતાને કહ્યુ, 'માતાજી! ધન્યકુમારનુ ચિત્ત સસારમાથી વિરક્ત બની ગયુ છે એમની ધામધૂમથી દીક્ષા થાય તેવા મહોત્સવનો પ્રબંધ રાજ્ય તરફથી થશે'

અને રાજાએ હાથી, ઘોડા, રથ, પાલખી આદિ સહિત વાજતે ગાજતે ધન્યકુમારનો દીક્ષામહોત્સવ યોજ્યો માતાએ ભગવાન મહાવીરના ચરણોમા પોતાના પુત્રને સોપતા કહ્યુ—

આ પુત્ર વલ્લભ ઘણો શ્રી સોપુ તમારે હાથ રે,
થે સુણો, જિનવરજી! દીક્ષા આપો ને મારા નદને.

હે ભગવન્! મારી અધની લાકડી, હૈયાનો હાર અને વહાલામા વહાલી વસ્તુ મારો પુત્ર હુ આપને ભિક્ષામા આપુ છુ'

અને ભગવાને ધન્યકુમારને દીક્ષા આપી તે જ દિવસે ધના અણગારે પ્રભુના ચરણોમા વદન કરીને કહ્યુ, 'ભગવન્, મારી ઇચ્છા

છે કે જો આપની આજ્ઞા હોય તો યાવજ્જીવન છઠ છઠનાં પારણાં અને પારણે આયંબિલ કરું. તેમ જ ખરડાયેલા વાસણવાળી અને ઘરનાં કોઈ માણસને ઉપયોગમાં ન આવી શકે તેવી અને જે અન્નાધારને કાગડા પણ ન ઇચ્છે તેવો આહાર લેવો. આયંબિલમાં ઉજ્ઝ નાખે તે ખવાય નહીં. ભગવાને ધના અણગારને ધન્યવાદ આપ્યા. આ પ્રકારે તપ કરતાં કરતાં તેમણે અવિચાર જ ભગનો અભ્યાસ કર્યો. શરીર એટલું બધું શુષ્ક બની ગયું કે તેમના હાથની આંગળીઓ મગ કે અડદની સુકાયેલી શીંગોના જેવી બની ગઈ. તેમની આંખો વીણાના છિદ્રની જેમ ઊંડી ઊતરી ગઈ. વાંસના ટોપલાની સીપોની માફક તેમનું હાડપિંજર દેખાવા લાગ્યું અને તેની ઉજ્ઝ વડના પાનની જેમ કૃશ બની ગઈ. આમ છતાં એકાન્ત સ્થાનમાં તેમણે પોતાનું તપ ચાલુ જ રાખ્યું.

એક વાર રાજગૃહીમાં ભગવાન મહાવીર પધાર્યા. દર્શન કરવા આવેલા મહારાજા શ્રેણિકે ભગવાનને પ્રશ્ન કર્યો : આપના ઇન્દ્રભૂતિ આદિ ૧૪ સાધુઓમાંથી સૌથી વધારે દુષ્કર કરણી કરનાર સાધુ ક્યા હશે? ભગવાન મહાવીરે કહ્યું : તપ કરનારાઓમાં અત્યન્ત દુષ્કર તપ કરનાર ધના અણગાર છે. શ્રેણિકે પ્રાર્થના કરી : હું એ તપોમૂર્તિ ધના અણગારનાં દર્શન કરવા ઇચ્છું છું. અને મહારાજા શ્રેણિક નજીકમાં દર્શન એ દુષ્કર તપધારી ધના અણગારને વંદન ક્યાં. આમ સતત આઠ માસ સુધીનું તપ કરીને છેલ્લે સંથારો કરવા માટે તમામ વિપુલપર્વત ઉપર જવાનું નક્કી કર્યું. આથી સાધુનો આશ્રય લઈ એક સમભૂમિ શિલા પર દર્ભ બિછાવીને, તેમણે એક માસ સુધીનો પાદોપગમન સંથારો કર્યો.

> જેસે જેસે પારણાં શ્રી જાવજ્જીવ લગી જાણ
> ભાત તો પાણ્યું નહીં શ્રી આયંબિલ લૂખો આહાર,
> નવ મહિના સંયમ પાળ્યો આ કરી ગયા ખેવો પાર રે.

આમ તપસ્વીના કુલ નવ મહિના પૂરા થયે કાળ કરીને તેઓ

સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ બનીને રહ્યા તેત્રીસ સાગરોપમનું આયુષ ભોગવીને તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થશે અને મોક્ષમા જશે.

દ્રુપદ રાજા અને તેની રાણી બન્ને જણા દ્રૌપદીને નીતિ, સત્ય, અને સદાચારનુ શિક્ષણ આપવા લાગ્યા આમ કરતા કરતા દ્રૌપદીએ યુવાવસ્થામા પ્રવેશ કર્યો, એટલે માતાને ચિંતા વધી તેથી એક દિવસ સોળે શણગારે સજ્જ કરીને તેને તેના પિતા પાસે મોકલી ત્યા શું બનશે તે અવસરે

ૐ શાન્તિ.

*

વ્યાખ્યાન : ૮૪

(મંગળવાર, તા ૧-૧૦-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત અરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા અમરકંકાનો અધિકાર ચાલે છે દ્રૌપદીનો બાલ્યકાળ વ્યતીત થતા તેણે યૌવનમા પ્રવેશ કર્યો એક દિવસ વસ્ત્રાલકારોથી સજ્જ થઈને એ રાજસભામા આવી દ્રૌપદીના ગુણ, સ્વરૂપ અને અવસ્થા જોઈને દ્રુપદ રાજા વિચાર કરવા લાગ્યો કે મારી પુત્રીને હું કોઈ યોગ્ય રાજપુત્રની સાથે પરણાવુ, તો કદાચ એ સુખી પણ થાય ને દુખી પણ થાય તેમા પણ જો એ દુખી થાય, તો મારા ચિત્તને ઉદ્વેગ થાય જીવને પોતાના સગાઓ પ્રત્યેની આસક્તિ અને મમતાનો મૂર્ચ્છાભાવ હોય તો—

मायाहि पियाहि लुप्पइ नो सुलहा सुगईय पेच्चओ।
पयाहि भयाहि पेहिया, आरंभा विरमेज्ज सुव्वए ॥

—સૂત્રકૃતાગસૂત્ર અ ૨, ઉ ૧, ગા ૩

અર્થાત્ માતા, પિતા, સ્ત્રી આદિ સગાઓ પ્રત્યે લુબ્ધ થનાર

જીવને વારંવાર સંસારમાં પર્યટન કરવું પડે છે. તમને આ સંસારમાં રખડી રખડીને થાક લાગ્યો છે ? મુદ્રાભાસ સાથે એક ખૂની ચોરને પકડવામાં આવ્યો. તેના પર ઘણાં ખૂનોનો આરોપ પણ સાબિત થયો. રાજાએ તેને ફાંસીની સજા કરી. આ વખતે ચોર કેવો કંપે ! ચોરની ગભરામણ જોઈને રાણીને દયા આવી. રાણીનું રાજા પાસે એક વચન લેણું હતું. આથી રાણીએ એ ચોરને પોતાને ત્યાં એક દિવસ રાખીને પ્રસન્ન કરવાનું વચન માગ્યું. સજા પામેલો ચોર રાણીના રાજમહેલનો એક દિવસનો મહેમાન બન્યો. દાસીઓએ તેને સુવાસિત પાણી વડે સ્નાન કરાવ્યું. ભોજનમાં સોનાની થાળીમાં સુંદર પકવાન્ન મૂકવામાં આવ્યાં. ભોજન કરી લીધા પછી સુગંધી મુખવાસ ધરવામાં આવ્યો. આરામ માટે મનોહર ચિત્રોવાળું શય્યાસ્થાન સોંપવામાં આવ્યું. નાટ્યકાર બજાવાયા. અનેક મધુર વાજિંત્રો અને ગીતો સંભળાવવામાં આવ્યાં. અને આમ એક દિવસની મહેમાની પૂરી થઈ ગઈ. રાજાએ પૂછ્યું : રાણીની મહેમાનગતી—સ્વાગતસત્કાર વગેરે કેવાં લાગ્યાં ? ચોરે જવાબ આપ્યો કે મને ખબર નથી ! રાજાએ પૂછ્યું : તને ભોજન શું આપ્યું હતું એ તો બતાવ ! ચોરે જવાબ આપ્યો : મને ખબર નથી. રાજાએ પૂછ્યું : શયનખંડનાં સુંદર ચિત્રો, આરામ માટે મખમલનાં બિછાનાં, નાચરંગ, વાજિંત્રોની સુરાવલી એ બધું તો તને ગમ્યું જ હશે ! પણ ચોરે તો એ જ જવાબ આપતાં કહ્યું : મહારાજ ! હું મહેમાન બન્યો છતાં મારી સામે તો ફાંસીનો માંચ જ દેખાતો રહ્યો. આથી મેં ભોજન કર્યું છતાં સ્વાદની ખબર નથી, ચિત્રો જોયાં છતાં દેખ્યાં નથી, ગીતો ને વાજિંત્રો સાંભળ્યાં છતાં તેનો આનંદ અનુભવ્યો નથી. મને તો આવતી કાલે આવનારું મારું મૃત્યુ જ સામે તરવરતું દેખાતું હતું.

આ ચોરના કરતાં આપણી સ્થિતિ અનેકગણી વિષમ નથી શું ? સામે કેટલા જન્મમરણની ફાંસીઓ તૈયાર છે છતાં કોઈ સમજણ છે ?

कारति के आणंदे इत्थं पि अगहे चरे ।
सव्वं हासं परिच्चज्ज आलीणगुत्तो परिव्वए ॥

—આચારાંગસૂત્ર અ. ૩, ઉ. ૩, સૂ. ૨૦૧

સમુદ્રમાં સફર કરનારને જોઈતાં તમામ સુખો વહાણમાં હાજર હોવા છતાં જો સમુદ્રમાં તોફાન આવે અને વહાણ ડૂબવાની તૈયારીમાં હોય, ત્યારે એ વહાણમાં બેઠેલાઓને સુખ ભોગવવાં ગમતાં નથી. આવા તોફાની વહાણમાં તમે બેઠા હો, તો તમને ગંજીપાની બાજી ગમવી ગમે ખરી ? તેવી જ રીતે આ જીવની નાવ ઝોલે ચડી છે ત્યાં આનંદ કે રતિ ક્યાંથી હોય ? હવે તો સર્વ હાસ્યને છોડીને ગુપ્તેન્દ્રિય બનવું જરૂરી છે.

નાવ ઝોલે ચડી, ઊંચે આંધી અડી,
મારે જાવું છે દૂર કાંઈ સૂઝે નહીં,
નથી જડતી કડી, રાત કાળી નડી,
ઘનઘોર ઘટા જાણે છાઈ રહી,
દશા છે આવી મારી, એને તું લે ઉગારી,
મારી આ જીવન નૈયા, જોજે ના ડૂબે નૈયા.

જ્ઞાની મુનિઓ વિચાર કરે છે કે આ મોહમય ઝંઝાવાતમાં સપડાયેલી—સંસારસાગરમાં ઝોલાં ખાતી દેહરૂપી નૈયાને કેવી રીતે પાર પહોંચાડવી ? આવા સંજોગોમાં નાવમાં બેઠેલાઓના જીવ અધ્ધર ચડી જાય કે ખાવાપીવાની ઉજાણીઓ ને નાચરંગના જલસાઓ ગોઠવાય ?

નાવ મારી અથડાય, મોજાં સાથે પછડાય
નાવ તૂટીને અંદરમાં પાણી ભરાય

આ સંસારસમુદ્રમાં તમારી નાવ ઝોલે ચડી ગઈ છે એમ તમને લાગે છે ? તો પછી તમારા આ રંગરાગ ક્યાં સુખે સૂઝે છે ? આ જીવન અણમોલ છે. એ એળે જશે, તો હાથ ઘસતા રહી જશો. માટે વિચાર કરો—

न हि नूण पुरा अणुस्सुयं अदुवा तं तह णो समुट्ठियं ।
मुणिणा सामाइ आहियं नायएण जगसव्वदंसिणा ॥

—સૂત્રકૃતાંગસૂત્ર અ. ૨, ઉ. ૨ ગા. ૩૧

સાધકો કહે છે કે મેં પૂર્વે ભગવાનની વાણી સાંભળી નથી. કદાચ સાંભળી હોય, તો માત્ર કાનને તૃપ્ત કરવા પૂરતી જ સાંભળી છે કિન્તુ એ વાણીને હૃદયમાં ઉતારવા હું તૈયાર થયો નથી. ભગવાનની આ વાણી અંધકારમાં અટવાતા જીવને પ્રકાશ આપનાર, ડૂબતા જીવને જહાજ સમાન, તરસ્યાને સરોવર સમાન છે. જે મનુષ્ય પુદ્ગલના મોહમાં રંગાયેલા હોય તેને માનવભવ મળ્યો તોયે શું ને ન મળ્યો તોયે શું ?

દૃષ્ટાન્ત—ગાડાં જોડીને ચાર માણસો ધન મેળવવા માટે ચાલ્યા. ત્યાં રસ્તામાં લોઢાની ખાણ મળી. બધાએ લોઢું ખોદીને પોતપોતાના ગાડામાં ભરી લીધું. ત્યાંથી આગળ ચાલતાં તાંબાની ખાણ આવી, એટલે ત્રણ જણાએ એ લોઢાને ફેંકી દઈને તાંબુ ભરી લીધું. પણ એક ગાડાવાળાએ વિચાર્યું કે શુકનમાં મળેલું લોઢું કાઢી કેમ નખાય ? બધા ત્યાંથી આગળ ચાલ્યા. ત્યાં રૂપાની ખાણ આવી. પેલા ત્રણેય જણાએ તાંબુ કાઢી નાખીને રૂપું ભર્યું. પણ એક જણાએ લોઢું ને લોઢું ભરી રાખ્યું. ત્યાંથી આગળ જતાં સોનાની ખાણ આવી. પણ લોઢું રાખી મૂકનારે તો લોઢું ને લોઢું જ ગાડામાં ભરી રાખ્યું. ત્યાંથી આગળ જતાં વજ્રમણિની ખાણ આવી. ત્રણેય જણાએ સોનું કાઢીને વજ્રમણિ ભરી લીધા અને ચારેય જણા શહેરમાં પાછા વળ્યા. વજ્રમણિની તો ઘણુ મોટી માગણી થઈ. આથી ત્રણેય ગાડાવાળાઓ તો વૈભવશાળી બની ગયા ત્યારે લોઢું સંઘરનાર ગાડાવાળો પસ્તાવા લાગ્યો કે મને મારા ત્રણેય સાથીદારોએ વારંવાર ઘણું સમજાવ્યો પણ મેં તેમનાં વચનો માન્યા નહીં. પણ હવે શું થાય ! **समय चूकि पुनि का पछिताना !** —સમય ચૂક્યા પછી પસ્તાવાનો અર્થ શો ! આ લોઢાનું

ગાડુ ભરનારાની જેમ તમને કાંઈ થાય છે ? સમકિત કરતા દેશવિરતિપણું ઉત્તમ છે, માટે દેશવિરતિપણુ ગ્રહણ કરવુ દેશવિરતિ કરતા સર્વવિરતિ, તેના કરતા અપ્રમત્તભાવના, તેના કરતા અપૂર્વકરણની શ્રેણી, તેના કરતા ક્ષપકશ્રેણી અને તેના કરતા કેવળજ્ઞાન ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે જેમ જેમ ઉત્તમ શ્રેણી પ્રાપ્ત થતી જાય તેમ તેમ નીચેની શ્રેણીનો ત્યાગ અને ઉત્તમ શ્રેણીનુ ગ્રહણ કરતા જાવ તો મોક્ષમાર્ગમા આગળ વધી શકો, પણ જો મૂર્ખ ગાડાવાળાની જેમ સમકિત પામવામા જ શુકન માની બેસશો, તો તમે આગળ વધી રહ્યા ! માટે '**सोयवण्णा अपरिहीणा जाव फासवण्णा अपरिहीणा**'—જ્યાસુધી શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય, અને સ્પર્શેન્દ્રિયનુ બળ હીણુ થયુ નથી, ત્યાસુધીમા કઈક કરી લો આ સસારનો દાવાનળ ભડકે બળી રહ્યો છે '**खण जाणाइ पंडिए**'—આવેલા અવસરને ઓળખનાર જ સાચો પડિત છે જ્યારે કાયાનો ગઢ ઘેરાઈ જશે, આખના ને કાનના દેવતા ઊડી જશે, કંઠમા ઘરેડો બોલશે, ત્યારે કોઈ માગળિક સભળાવશે, તોપણુ સાભળશે કોણ ? માટે—

> આવ્યો હતો તુ છોડવા, બાધીને શાને જાય છે, ?
> '**स्व**' માથી તુ '**पर**'મા જઈ શાને વધુ રિબાય છે?
> ચેતી જા આતમ ચેત હવે, અવસર ચાલ્યો જાય છે!

તુ અહી માનવભવમા છોડવા આવ્યો છે, ને પાપના કર્મના પોટલા બાધીને શા માટે જાય છે ? જો આત્મા સ્થિરતા પકડે, તો જ બધન તૂટી શકે. દોરો ને મોતી હાથમા છે, ચારે બાજુ ઘોર અધારુ ઘેરાઈ રહ્યુ છે, પણ વીજળીનો ઝબકારો થાય એટલી વારમા જો મોતી પરોવી લેવાય તો જ કામ સર્યું ગણાય વીજળી થાય, ત્યારે સોય–દોરો ને મોતી શોધવા બેસશો તો રહી જશો જ્ઞાનીઓ કહે છે કે દાભડાની અણી પર પાણીનુ ટીપુ ટકે, તેટલુ માનવજીવન છે આગળના ભવમા કદાચ મનુષ્યભવ મળે ને આર્યાવર્ત ક્ષેત્ર ન મળે, યોગ્ય ક્ષેત્ર મળે ને

કુગામમાં જન્મ મળે, સાચું સમજાવનાર કોઈ ન મળે, તો માનવભવની કિંમત કેટલી ! પણ તમને તો અમેરિકામાં જન્મવું ગમે છે ! અમેરિકાના બંગલે બેઠા. મોટરમાં બેસીને ગલીઓમાં સહેલ કરવા નીકળે છે એમ સાંભળીને તમારા મોંમાં પાણી આવે છે પણ મોટરમાં જ ફરનારાઓ પગે ચાલવાના કોડ કરે છે. જંગલવાળાઓ ખુલ્લા બગીચાઓમાં ફરવાનું પસંદ કરે છે ત્યારે તમે જંગલમાં ને મોટરમાં શાન્તિ માટે ફાંફાં મારો છો. પણ સાચી શાન્તિ ધર્મમાં છે. સાચું મરણ ધર્મ ધારણ કરનારને મળે છે બાળકને રત્નનો મહેલ અને માટીની ઝૂંપડી એ બન્ને સરખાં છે છતાં એની શાન્તિ જુઓ આવી શાન્તિને ઓળખનારને ઓળખો. એ શાન્તિને ઓળખનાર આત્માને જાણો. **જે એગં જાણઈ સે સવ્વં જાણઈ**—જે એક આત્માને જાણે છે તે સર્વને જાણે છે આત્મજ્ઞાનમાં સમગ્ર લોકાલોક સમાઈ જાય છે આ જ્ઞાનનું સ્વરૂપ વિરાટ છે માટે ડિગ્રીઓને બોળી નાખો. આત્માનો પાતાળકૂવો ખોદી નાખો. એની અંદરનું ઝરણું અખૂટ છે આત્માનો ખજાનો અપાર છે. ભગવાન કહે છે કે એ આત્માના ખજાનાનો કોયડો અમે બતાવી દઈએ. ડોક્ટરને કોઈ સારો ઇલાજ મળ્યો હોય તો તે કોઈ માણસમાં જણાવે નહીં પણ આવા અમૂલ્ય કોયડાને ઉકેલવાનો ભગવાને અને જ્ઞાનીઓએ કોઈ ચાર્જ રાખ્યો નથી.

તમારું આત્મજ્ઞાન ખોલવાનો સરળ માર્ગ કર્મને ખપાવવાં એ છે ગૌતમસ્વામી પૂછે છે કે **સજ્ઝાએણં ભંતે ! જીવે કિં જણયઇ ?** —સ્વાધ્યાય કરવાથી શું ફળ મળે ? ભગવાન કહે છે **નાણાવરણિજ્જં કમ્મં ખવેઇ** —જ્ઞાનાવરણીય કર્મો ખપી જાય છે મા પોતાના છોકરાને પ્રેમથી દૂધ પાય છે પણ બાળકને દૂધ પીવાનું ગમતું નથી તો મા તેના મોમાં ચમચો નાખીને પરાણે દૂધ રેડે છે પણ કેટલાક ઢીલાં બાળકો એ દૂધને ઓકી કાઢે છે ! તમે એ બાળકની માફક જ્ઞાનને ઉલટી કરીને કાઢી નાખો છો. ભગવાનની વાણીનો કોઈ લાભ

કે ટિકિટ છે ? અહી તો તમારા માટે પાથરણા પણ પથરાઈને તૈયાર છે, છતા બેસનારા કરતા પાથરણા વધી પડે છે ! એનુ કારણ કે તમે તમારા સ્ત્રી, પુત્રો, મોટર, દુકાન અને બગલાની પાછળ પડયા છો. એ સુખમા જ રાચવા ને નાચવામા તમને મઝા પડે છે પણ આગળ જતા એ મઝા મોઘી પડી જશે એનો તમને ખ્યાલ નથી જરા સ્વસ્થચિત્તે વિચારો તો ખરા કે આવતા ભવનો ઉતારો કયા થશે ? એ વખતે આને આ સ્ત્રી, પુત્ર, દુકાન ને બગલાઓ કામ આવશે ખરા ? મુબઈ જનારાઓમાં કોઈ પ્લેનમા, કોઈ મોટરમા, ગાડીમા કે પગપાળા ચાલીને જાય, દરેકનુ ધ્યેય એક જ છે, પરતુ દરેકની ગતિમા ફેર છે આખરે તો લાબી મુસાફરી વખતે બધુ છોડીને ચાલી નીકળવુ પડશે ધારાસભામાથી ધક્કા મારીને બહાર કાઢે, તેના કરતા માનભેર રાજીનામુ આપીને છૂટા થવુ શુ ખોટુ છે ? જ્યારે આ સસારના તમામ સુખો બળાત્કારે છોડવા પડશે, તેના કરતા સ્વેચ્છાપૂર્વક છોડો તો તમારો એ ત્યાગ ભૂષણરૂપ બની જશે ! પ્રભુ મહાવીરનો આ માર્ગ ઉજ્જવલ ને ઉત્તમ છે માટે પરની મમતા છોડો અને સ્વની ચિન્તા કરો દ્રુપદ રાજા પોતાની પુત્રી દ્રૌપદી પ્રત્યેની મમતાથી પ્રેરાઈને સ્વયવરમડપ રચવાની ઇચ્છા કરવા લાગ્યા અને દેશદેશના રાજાઓને આમત્રણ આપવા માટે તેમણે દૂતોને બોલાવ્યા હવે એ દૂતો કયા જશે તે અધિકાર અવસરે

ૐ શાન્તિ

*

ફુગ્ગામાં જન્મ મળે, સાચું સમજાવનાર કોઈ ન મળે, તો માનવજન્મની કિમ્મત કેટલી ! પણ તમને તો અમેરિકામાં જન્મવું ગમે છે ! અમેરિકાના ભંગી લોકો મોટરમાં બેસીને ગલીઓ સાફ કરવા નીકળે છે એમ સાંભળીને તમારા મોંમા પાણી આવે છે પણ મોટરમાં જ ફરનારાઓ પગે ચાલવાના કોડ કરે છે બંગલાવાળાઓ ખુલ્લા બગીચાઓમાં ફરવાનું પસંદ કરે છે ત્યારે તમે બંગલામાં ને મોટરમાં શાન્તિ માટે ફાંફાં મારો છો. પણ સાચી શાન્તિ ધર્મમાં છે સાચું મરણ ધર્મ ધારણ કરનારને મળે છે બાળકને રત્નનો મહેલ અને પાણીની સૂપડી એ બન્ને સરખાં છે છતાં એની શાન્તિ જુઓ. આવી શાન્તિને ઓળખનારને ઓળખો. એ શાન્તિને ઓળખનાર આત્માને જાણો. '**एगं जाणइ सो सव्वं जाणइ**'—જે એક આત્માને જાણે છે તે સર્વને જાણે છે આત્મજ્ઞાનમાં સમગ્ર લોકાલોક સમાઈ જાય છે આ જ્ઞાનનું સ્વરૂપ વિરાટ છે માટે કિમ્મતને ખોલી નાખો. આત્માનો પાતાળકૂવો ખોદી નાખો. એની અંદરનું ઝરણું અખૂટ છે આત્માનો ખજાનો અપાર છે. ભગવાન કહે છે કે એ આત્માના ખજાનાનો કોયડો અમે બતાવી દઈએ. ડૉક્ટરને કોઈ સારો ઇલાજ મળ્યો હોય તો તે કોઈ ખાનગીમાં બતાવે નહીં પણ આવા અમૂલ્ય કોયડાને ઉકેલવાનો ભગવાને અને જ્ઞાનીઓએ કોઈ મા૨ રાખ્યો નથી.

તમારું આત્મજ્ઞાન ખોલવાનો સરળ માર્ગ કોઈને બતાવ્યો એ છે ગૌતમસ્વામી પૂછે છે કે **सज्झायेणं भंते ! जीवे किं जणयइ !** —સ્વાધ્યાય કરવાથી શું ફળ મળે ! ભગવાન કહે છે **नाणावरणिज्जं कम्मं खवेइ** —જ્ઞાનાવરણીય કર્મો ખપી જાય છે મા પોતાના બાળકને પ્રેમથી દૂધ પાય છે પણ બાળકને દૂધ પીવાનું ગમતું નથી તો મા તેના મોંમાં ગળથૂથી નાખીને પરાણે દૂધ રેડે છે પણ કેટલાક હઠીલાં બાળકો એ દૂધને ઓકી કાઢે છે ! તમે એ બાળકની માફક જ્ઞાનને ઓકી કરીને કાઢી નાખો છો. ભગવાનની વાણીનો કોઈ કેમ

કે ટિકિટ છે? અહી તો તમારા માટે પાથરણા પણ પથરાઈને તૈયાર છે, છતા બેસનારા કરતા પાથરણા વધી પડે છે ! એનુ કારણ કે તમે તમારા સ્ત્રી, પુત્રો, મોટર, દુકાન અને બગલાની પાછળ પડયા છો એ સુખમા જ રાચવા ને નાચવામાં તમને મઝા પડે છે પણ આગળ જતા એ મઝા મોંઘી પડી જશે એનો તમને ખ્યાલ નથી જરા સ્વસ્થચિત્તે વિચારો તો ખરા કે આવતા ભવનો ઉતારો ક્યા થશે? એ વખતે આને આ સ્ત્રી, પુત્ર, દુકાન ને બગલાઓ કામ આવશે ખરા? મુબઈ જનારાઓમાં કોઈ પ્લેનમા, કોઈ મોટરમા, ગાડીમા કે પગપાળા ચાલીને જાય, દરેકનુ ધ્યેય એક જ છે, પરતુ દરેકની ગતિમા ફેર છે આખરે તો લાબી મુસાફરી વખતે બધુ છોડીને ચાલી નીકળવુ પડશે ધારાસભામાથી ધક્કા મારીને બહાર કાઢે, તેના કરતા માનભેર રાજીનામુ આપીને છૂટા થવુ શુ ખોટુ છે? જ્યારે આ સસારના તમામ સુખો બળાત્કારે છોડવા પડશે, તેના કરતા સ્વેચ્છાપૂર્વક છોડો તો તમારો એ ત્યાગ ભૂષણરૂપ બની જશે ! પ્રભુ મહાવીરનો આ માર્ગ ઉજ્જ્વલ ને ઉત્તમ છે માટે પરની મમતા છોડો અને સ્વની ચિન્તા કરો દ્રુપદ રાજા પોતાની પુત્રી દ્રૌપદી પ્રત્યેની મમતાથી પ્રેરાઈને સ્વયવરમડપ રચવાની ઇચ્છા કરવા લાગ્યા અને દેશદેશના રાજાઓને આમત્રણ આપવા માટે તેમણે દૂતોને બોલાવ્યા હવે એ દૂતો ક્યાં જશે તે અધિકાર અવસરે.

ॐ શાન્તિઃ

*

વ્યાખ્યાન ૮૫

(બુધવાર તા. ૧-૧૦-૪૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. પ્રત્યેક પ્રમાણમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં દ્રૌપદીનો અધિકાર આવે છે દ્રુપદરાજાએ પોતાની પુત્રી દ્રૌપદી માટે સ્વયંવરમંડપ રચવાનું નક્કી કરીને જુદા જુદા દેશોના રાજા-મહારાજાઓને આમંત્રણ આપવા માટે દૂતોને મોકલ્યા. એક ખાસ દૂતને દ્વારિકાના વાસુદેવ કૃષ્ણમહારાજને આમંત્રણ આપવા માટે તૈયાર કર્યો અને કહ્યું કે બળદેવપ્રમુખ પાંચ મહાવીર પુરુષો, પ્રદ્યુમ્નપ્રમુખ સાડા ત્રણ ક્રોડ રાજકુમારો, શાંબપ્રમુખ ૬૦ હજાર વીર યોદ્ધાઓ અને ઉગ્રસેનપ્રમુખ સોળ હજાર રાજાઓને મારા વતી સવિનય આમંત્રણ આપીને કહે જે કે કૃપા કરીને આ સ્વયંવર-મંડપમાં અવશ્ય પધારે. શ્રીકૃષ્ણમહારાજ વાસુદેવ હતા. ચારસો ધનુષનો હાથી (ત્રણસો ધનુષની અંબાડી સહિતનો હાથી ઊંચો રાખીને ચાંદીની મહોરોથી એ હાથી ઢંકાય એટલું ધન હોય તો એ ઇભ્ય (શેઠ) કહેવાય. એ હાથી સોનામહોરોથી ઢંકાય તો તે મધ્યમ ઇભ્ય કહેવાય અને એવડો હાથી રત્નોથી ઢંકાય તેટલા ધનવાળો ઉત્તમ ગણાય છે. ધનવાનોમાં ઉત્તમ જેમ શ્રેષ્ઠ ગણાય છે તેમ યોદ્ધાઓમાં વાસુદેવ સર્વશ્રેષ્ઠ ગણાય છે. વાસુદેવનું બળ ઘણું જ હોય છે. એક તરફ હસ્તિરત્નપ્રમુખ દસલાખ જુવાનો હોય અને તેની સામે વાસુદેવ એકલા હોય, તોપણ વાસુદેવ વિજય મેળવે. આટલા બળવાન હોય તે જ વાસુદેવપદ પ્રાપ્ત કરી શકે

અન્ય સોળ સહસ્ર રાજાઓ વાસુદેવના ચરણો ચૂમે છે શ્રીકૃષ્ણ વાસુદેવે પૂર્વભવે જબરજસ્ત તપ ને ચારિત્રની આરાધના કરી હતી જેણે દેહાધ્યાસ છોડ્યો હોય, પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ ઝીલતા ઝીલતા તેનામા એક મોહનો ઉછાળો આવે અને તેથી એ નિયાણુ કરે કે મારા આ તપ–સયમનું ફળ મળવાનુ હોય, તો હુ આવતા ભવમાં વાસુદેવ બનુ. પૂર્વે જેટલા વાસુદેવ થયા તે બધા આ રીતે નિયાણું કરીને જ થયા છે તેઓને વધુમા વધુ અર્ધપુદ્ગલપરાવર્ત સસાર-કાળ હોય આવા સયમી તપસ્વીઓ કાળ કરીને દેવલોકમા ગયા અને ત્યાંથી વાસુદેવનો ભવ પામ્યા છતા ખરી રીતે કોડીને માટે તેમણે કોહિનૂર હીરો ખોયો ગણાય ચક્રવર્તીપદ પણ તપ–સયમનુ જ ફળ છે તીર્થકરગોત્ર બાધવુ હોય, તો તેણે ૨૦ સ્થાનની આરાધના કરવી પડે છે શ્રીકૃષ્ણ વાસુદેવે આવી ઘણી ધર્મદલાલી કરી હતી દ્વારિકાનગરીમા તેમણે પડહ વગડાવીને કહ્યુ હતુ કે 'જેને શ્રી નેમનાથ ભગવાનની પાસે દીક્ષા લેવી હોય તેના વૃદ્ધ માતાપિતાને અમે વસુદેવ ને દેવકી સમાન સભાળીશુ, તેના બાળકોને પ્રદ્યુમ્ન અને સાબકુમારની જેમ મોટા કરીશું અને તેના પર કોઈ કરજનો ભાર હશે તો એ રાજ્યધનમાંથી ચૂકવી દઈશુ માટે જેને નીકળવું હોય તે નીકળજો' આવા એક હજાર પુરુષો દીક્ષા લેવા માટે નીકળ્યા હતા, એટલુ જ નહીં, પણ શ્રીકૃષ્ણ મહારાજની આઠ પટરાણીઓ પણ ભગવાન નેમનાથ પાસે દીક્ષા લઈને સયમને માર્ગે ગઈ હતી

ધર્મથી અનત શાશ્વત સુખ મળે છે. '**एस धम्मे धुवे, नियचे, सासए, जिणदेसिए**'—આ ધર્મ જ અફર, શાશ્વત અને ધ્રુવ છે આ બીજો માર્ગ છે આમા કાયરનુ કામ નથી તમે સામાયિક કરો ત્યારે કેડ દુખે છે અને માથુ દુખે છે અને દુકાને બેસો ત્યારે ? અરે સિનેમાની ટિકિટો લેવાની લાઈનમા ઊભી ઊભીને, પૈસા આપીને, પગ વેચીને ઉજાગરો કરો છો અને ધર્મક્રિયામા આવવાનો તમને સમય નથી પરતુ સમાર–ચક્રીમા ન ભટકવુ હોય તો આ માર્ગ

સાધો ને ભગવાનનો માર્ગ સ્વીકારો આ કોઈ પોથીમાંના રીંગણાંવાળા પંડિતોનો માર્ગ નથી, કે ઘરમાં રીંગણાં શાક ખાય ને પોથીમાંથી ઉપદેશ આપાય કે રીંગણાંમાં રીંગણાં ન ખવાય! આવા પોતા ઉપદેશ શું અસર કરી શકવાના હતા! એક બંધાયેલો બીજા બંધાયેલાને કેવી રીતે છોડાવી શકે! ભગવાન મહાવીરના એક બોધથી ચુમાળીસસો બ્રાહ્મણોની જનોઈ ઉતરી ગઈ અને એ બધા ભગવાનના શિષ્યો બની ગયા. જેને તરસ લાગી હોય તે પાણી પીવા જાય.

સાચા સાધુઓ ચિત્રકાર જેવા હોય છે. જેમ ચિત્રકાર જુદા જુદા રંગોની પીંછી વડે રંગ ભરતો જાય ને ચિત્રની સામે જોતો જાય, જ્યાં જેટલી ખામી દેખાય તેને દૂર કરતાં કરતાં એ આબેહૂબ ચિત્ર સર્જી શકે છે. તેવી જ રીતે સાધુઓએ સિદ્ધાન્તરૂપી રંગથી આત્માનું ચિત્ર ઉતારવાનું છે. એમાં જે જે ખામીઓ હોય તે દૂર કરવાની છે. જે વક્તા સાંભળનારાઓને રંજન કરવા માટે ઉપદેશ આપતો હોય તે સાચું આત્માનું ચિત્ર દોરી શકતો નથી. કિંતુ, પ્રસંગ અને અવસરે કહેવું કહેનાર જ ધર્મગુરુપદને યોગ્ય છે. ધર્મગુરુ આમને આમ કેમ કહે એમ માનનાર સાચો શ્રાવક બની શકતો નથી.

બાપ તો વાંક આવે તો દીકરાને ધોલ પણ મારી દે ને ખોળામાં બેસાડીને દૂધ પણ પાય. આવો અવતાર પામ્યા છતાં જો તમે વીતરાગનું શાસન ન પામ્યા તો તમારું શું થશે એવી આપને કશું ચિન્તા છે? આમાં કોઈ રજ કીર્તિ સન્માન કે શ્લાઘાની ઇચ્છા ન હોવી જોઈએ. તમે તો ધન અને માનની પાછળ લાગી ગયા છો, પણ નામ કોનાં [illegible] અનંતા તીર્થંકરોની અનંતી ચોવીસી થઈ ગઈ તેમનાં નામ આ કોઈને યાદ નથી. કેમકે તો કહે છે કે અમારે ધર્મની સાથે કંઈ લાગતું વળગતું નથી. આવા જીવોને નાસ્તિકમાંથી આસ્તિક બનાવવામાં પરિશ્રમ લેવો પડે છે.

પ્રદેશી રાજા પણ આવા જ એક મહાનાસ્તિક અને ક્રૂર રાજા હતા. પરન્તુ કેશીસ્વામીએ તેને બોધ આપીને સીધા કરી દીધા. પ્રદેશીને

એ ઉપદેશને બરાબર પચાવ્યો. જ્યારે તેની સગી સ્ત્રીનો સ્વાર્થ ન સર્યો ત્યારે તેણે ચંડિકાનું રૂપ ધારણ કર્યું અને તેના પર વિષપ્રયોગ કર્યો, પણ પ્રદેશી રાજાની તૈયારી કેટલી બધી હતી ! તમને જો એમ લાગે કે મારે આજે ને આજે મરવાનું છે, તો તમે વેર બાંધો કે ક્ષમાપના કરો ? માટે મરણ અવશ્ય છે એમ માનીને ધર્મકાર્યમાં લાગી જાવ, બેસી રહ્યે નહીં પાલવે

ભાડૂતી મકાનને ખાલી કરવાની નોટિસ આવી ગઈ હોય, બે કે ચાર દિવસમાં એને ખાલી કરવાનું હોય, ત્યારે એની દીવાલમાં પડેલા ગાબડાંને રિપેર કરાવવાનું કે ચિત્રકામ કરાવવાનું કેમ ગમે ? તમારું આ શરીર પણ ભાડૂતી મકાન જેવું જ છે એને છોડવાનું એ નક્કી છે હવે એના માટે આ ઠાઠમાઠ અને મોજશોખ તમને કેમ ગમે છે ? માટે—

છૂટે દેહાધ્યાસ તો નહીં કર્તા તું કર્મ,
નહીં ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ

આ દેહાધ્યાસ ટળે તો બીજા અધ્યાસો ક્યાં રહે ? આજનો નાસ્તિક કહે છે કે આવા વ્રત, સયમ ને તપ અમારાથી કેવી રીતે બને ? એ જ નાસ્તિકને ડૉક્ટર કહી દે કે તમને આંતરડામાં ચાંદુ પડયું છે, માટે પ્રવાહી સિવાય કાંઈપણ લેશો નહીં અને લેશો તો મરી જશો હવે જરા વિચારો કે આંતરડાનું ચાંદુ એણે જોયું પણ નથી, છતાં એને ડૉક્ટર પર વિશ્વાસ રાખવો જ પડે છે અને પ્રવાહી ઉપર રહેવું પડે છે, પણ એ રોગી કહે કે મારા ઘરમાં ઘઉં, ચોખા અને ઘી–ખાંડ ઘણાં છે, પછી હું પ્રવાહી ઉપર શા માટે રહું ? તો ડૉક્ટર તરત જ કહી દે કે ચરી તો બરાબર પાળવી જ પડશે, નહીં તર મારી દવા બંધ ચરી ન પાળો, તો તમારી દવા કરીને મારે અપયશ લેવો નથી સાજા થવાની ગરજ હોય તો ચરી પાળવી પડશે

એક મિલમાલિક ફસામણીમાં આવી પડ્યો હોય, ત્યારે તેને સારા વકીલ કે બેરિસ્ટરનો આશ્રય લેવો પડે છે કે નહીં ? તેમાં મિલમાલિક

કહી દે કે હું આવડો મોટો ધનવાન છું ને તમારું કહેવું માનું તો શું થાય!

અરે ચાલતાં ચાલતાં પગનું હાડકું ભાંગી જાય તો ડાક્ટરને ત્યાં જઈને પાટો બંધાવવો પડે છે. ડાક્ટર પાટો બાંધીને કહે કે તમારે એક મહિના સુધી હાલ્યાચાલ્યા વિના પથારીમાં પડ્યા રહેવું પડશે, હલનચલન કરશો તો તમારા પગે ખોટ રહી જશે તો માનવું પડે છે કે નહીં? અને સાધુ કહે કે રૂમાલ રાખવાથી તમે જતના રાખી શકશો નહીં માટે મુહપત્તી બાંધો તો! આ વાત તમને સાચી લાગે છે? ધર્મનું આરાધન કરવામાં શ્રદ્ધા રાખો. ગુરુજનો તમને જે ઉપદેશ આપે છે એમાં એનો કોઈ સ્વાર્થ હોતો નથી.

શ્રેણિક રાજાએ પોતે સંયમ ન લીધો પરંતુ ભગવાનના જ્ઞાનમાં તેની અપૂર્વ શ્રદ્ધા હતી. એ શ્રદ્ધાથી એણે પોતાના દેશમાં અહિંસાનો નાદ વગડાવ્યો હતો.

अपुव्वनाणगहणे सुयभत्ती पवयणे पभावणया । एएहिं कारणेहिं तित्थयरत्तं लहइ जीवो ।

—જ્ઞાતાધર્મકથા અ. ૮

અપૂર્વ જ્ઞાન ભણવાથી, સૂત્ર પ્રત્યે ભક્તિ રાખવાથી અને પ્રવચનની પ્રભાવના આદિ અનેક કારણોથી તીર્થંકર નામગોત્ર બંધાય છે. શ્રેણિક રાજાએ અનેકને સંયમવ્રત લેવાની પ્રેરણા કરી.

નંદાદિક તેર શ્રેણિક નૃપની નાર,
સંયમી ચંદનબાળાએ લીધો સંયમભાર.

અંતગડ ૮ના ... શ્રેણિક રાજાની કાલિયાદિક દસ રાણીઓ, નંદાદિક તેર રાણીઓ, જાલિયાદિક તેવીસ પુત્રો અને પદ્માદિક દસ પૌત્રો વૈરાગ્ય પામીને ... એ બધાએ ભગવાન મહાવીરની પાસે દીક્ષા લીધી. શ્રેણિકે મગધદેશ અને રાજગૃહ નગરીમાં હિંસાનો પ્રતિબંધ કર્યો અને ઘણા જીવોને અભયદાન આપ્યું તેથી તેણે તીર્થંકર

નામગોત્ર બાધ્યુ માટે ધર્મધ્યાનની પ્રવૃત્તિ કરવા જેવી છે જેણે ધર્મનુ શરણ લીધુ છે તેનો બેડો પાર થઈ ગયો છે ધર્મમા રુચિ ધરાવનારા શ્રીકૃષ્ણમહારાજે પણ ધર્મદલાલી કરી હતી તેમણે તેમની આઠ અગ્રમહિષીઓને તથા સાબ પ્રદ્યુમ્નાદિ પુત્રોને દીક્ષા લેવાની રજા આપી હતી તમે તમારા પુત્રને દીક્ષા લેવી હોય તો શુ કહો છો ? પ્રભુના માર્ગને આરાધીને પૂર્વે અનતા જીવો ચતુર્ગતિરૂપ સસારની અટવીને ઉલ્લઘી ગયા છે, વર્તમાનમા સખ્યાતા જીવો સસાર–અટવીને ઉલ્લઘે છે અને ભવિષ્યમા અનતા જીવો મોક્ષને પ્રાપ્ત કરશે પૂર્વે અનતા જીવોએ આ માર્ગની આરાધના કરી છે

આ લોક અસખ્યાતા ક્રોડાનક્રોડી યોજનનો છે એમા અગુલ પ્રમાણ આકાશપ્રદેશથી લઈને એક એક શ્રેણિ લેવા માડે અને અસખ્યાત અવસર્પિણી ને ઉત્સર્પિણી કાળ સુધી પણ પૂરા ન થાય એવા લોક જેવડા અનતા ખડો અલોકમા થાય અને તેના જેટલા આકાશપ્રદેશ હોય તેટલા જીવો એક નિગોદના શરીરમા છે આવા તો અસખ્યાત નિગોદો છે નારકી, દેવતા, ભવનપતિ, વાણવ્યતર આદિ અસખ્યાત દેવો, અસખ્યાત તિર્યચ પચેન્દ્રિયો, અસખ્યાત પૃથ્વી, પાણી, તેજ વાયુ, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને અસખ્યાતા મનુષ્યો એમ વનસ્પતિ વર્જીને ત્રેવીસ દડકના જીવોનો ઢગલો કરો એના કરતા સિદ્ધના જીવો અનતગણા અધિક છે માટે આ ધર્મ તમારા માટે નવો નથી જે જીવો સમજશે તે મોક્ષે જશે

દવા તમને ભાવતી નથી, સ્વાદમા કડવી અને ગધાતી દવા જેવી પણ ગમતી નથી, છતા ડૉક્ટર નિષ્ણાત છે એવો તમને વિશ્વાસ છે, માટે એ દવાને પી જાઓ છો માત્ર ધર્મગુરુ પર તમને શ્રદ્ધા નથી અનતાભવમા નિગોદમા પડી પડીને બહાર નીકળ્યા બાદ માડમાડ માનવભવ મળ્યો છે દેવતાઓ પણ આશા રાખે છે કે અમને એકવાર માનવભવ મળે ને અમે માનવભવ પ્રાપ્ત કરીને મોક્ષપદ મેળવી શકીએ

મારે સંયમ આદરવા જેવો છે ને મોક્ષ માટે તૈયાર થવું જરૂરી છે અબ્રહ્મચર્યને છોડવું ને બ્રહ્મચર્ય લેવું મિથ્યાત્વને છોડવું અને સમકિત સ્વીકારવું અજ્ઞાનને છોડવું ને જ્ઞાન મેળવવું ઉન્માર્ગને છોડીને સન્માર્ગ પકડવો—આમ તો તમે રોજ બોલો છો, પણ પઢાવેલા પોપટની માફક બોલવું બોલવાથી કાંઈ વળશે નહીં આ રીતે જ એને આચરણમાં મૂકવા મંડો.

શ્રીકૃષ્ણ મહારાજે આ ધર્મની ઘણી દલાલી કરીને તીર્થંકર નામ ગોત્ર બાંધ્યું એ શ્રીકૃષ્ણમહારાજને આમંત્રણ આપનારો દૂત ચાર ઘંટાવાળો અશ્વરથ તૈયાર કરીને દ્વારકાપુરી જવા નીકળ્યો. દ્વારકાનગરી બાર યોજન લાંબી ને નવ યોજન પહોળી હતી. લંબાઈ વધારે ને પહોળાઈ ઓછી હોય તે નગરી કહેવાય છે ને લંબાઈ તથા પહોળાઈ સરખી હોય તે નગર કહેવાય છે નગરીમાં કરવેરા ભરવા પડે છે ને નગરમાં કરવેરા ભરવા પડતા નથી. દ્વારકાનગરીમાં દૂત આવે છે હવે શું બનશે તે અધિકાર અવસરે.

ૐ શાંતિ.

*

વ્યાખ્યાન : ૮૬

(ગુરુવાર, તા. ૩-૧૦-૭૩)

અગિ નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણે કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં દ્રૌપદીનો અધિકાર ચાલે છે ચાર ઘંટવાળો રથ લઈને દ્રુપદરાજાનો કુશળ દૂત દ્વારિકાનગરીમાં આવ્યો સભામાં આવી અને શ્રીકૃષ્ણ મહારાજને વંદન કરીને દૂત કહેવા લાગ્યા કાંપિલ્યપુરથી દ્રુપદરાજાએ આપને પ્રણામપૂર્વક વિનંતિ કરી છે કે તેમની પુત્રી દ્રૌપદીનો સ્વયંવરમંડપ રચાવાનો છે માટે આપ

આપના વિશાળ કુલ, કુટુમ્બ અને વીર સૈનિકો સાથે અવશ્ય પધારવા કૃપા કરજો' શ્રીકૃષ્ણમહારાજે દ્રુપદરાજાના દૂતનુ રાજરીત પ્રમાણે સ્વાગત કર્યું પછી તેમણે દ્વારિકામા પડહો વગડાવીને સભાજનોને એકઠા કર્યા અને કહ્યુ, 'પાચાલદેશના કાપિલ્યપુરના રાજા દ્રુપદની પુત્રી દ્રૌપદીનો સ્વયવરમડપ રચવાનો છે તેનો વિવેકી દૂત વિનતિ કરવા આવ્યો છે, માટે દરેક તૈયાર થઈ જવુ' અને તમામ સાજ તથા વાહનો સાથે બધા તૈયાર થયા પોતાના બેતાળીસ લાખ હાથીઓમાના એક મુખ્ય હાથી પર શ્રીકૃષ્ણ બિરાજ્યા દશેય દશારો, પ્રદ્યુમ્ન આદિ રાજકુમારો, ઉગ્રસેનાદિ યોદ્ધાઓ અને યાદવો પોતપોતાના વાહનો પર બેસીને કાપિલ્યપુર તરફ રવાના થયા દૂતે અગાઉ જઈને આ સમાચાર દ્રુપદ રાજાને પહોચાડચા

વ્યવહાર અને પ્રેમ એ પરસ્પરની અનુકૂળતાથી ટકે છે દ્રુપદ રાજાએ એક દૂતને અગદેશની ચપાનગરીના આલીલન રાજા પાસે મોકલ્યો શુક્તિમતી નગરીના દમઘોષ રાજાના પુત્ર શિશુપાલ રાજા પાસે એક દૂત મોકલ્યો એક દૂત હસ્તિશીર્ષ નગરીના દમદત રાજાની પાસે મોકલ્યો મથુરાપ્રદેશના ધર રાજા પાસે એક દૂત મોકલ્યો રાજગૃહી નગરીના જરાસધ રાજાના પુત્ર સહદેવ પાસે એક દૂતને મોકલ્યો, કૌડિનનગરીના ભેષજ રાજા પાસે એક દૂતને મોકલ્યો વિરાટનગરીના કીચકરાજા અને તેના સો ભાઈઓ પાસે એક દૂતને રવાના કર્યો આમ ત્રણ અપાયુ એકલે દેશે દેશના રાજાઓ કાપિલ્યપુર તરફ આવવા લાગ્યા કોઈ રાજા વ્યવહાર અને પ્રેમ જાળવવા આવતા હતા, કોઈ દ્રૌપદીને મેળવવાની લાલચથી પ્રેરાઈને આવતા હતા. કોઈ રાજા પોતાને સર્વ શ્રેષ્ઠ સમજીને કૌતુકથી આવતા હતા, તો કોઈ આવા મોટા સ્વયવર-મડપની શોભા જોવા અને દેશદેશના રાજાઓને મળવા માટે આવતા હતા તમને વ્યાખ્યાનમા આવવાનો ભલે ટાઇમ ન હોય, પણ કોઈ ને માડવે કે જાનમા તો ગમે તેટલો ટાઈમ નીકળી શકે છે કદાચ સામો માણસ આમત્રણ આપવામા ભૂલ કરી બેસે, તો તમને ખોટુ પણ

લાગી જાય છે ત્યારે વીતરાગની અમૃતમય વાણી સાંભળવા આવવામાં તમે બહાનાં કરો છો. તમે તો પૈસા મળે કે સંસાર વધે તેમાં રાજી રાજી થઈ જાવ છો પરન્તુ જેમ વરરાજાને કન્યા પરણવાનો કોડ હોય છે તેમ જ્ઞાની પુરુષોને શિવલક્ષ્મીને વરવાની તીવ્ર ઇચ્છા જાગે છે માટે મોક્ષ મેળવવો હોય તો અભ્યાસ કરવો પડશે. આગળના બાળકો જીવ–અજીવાદિ નવ તત્ત્વના જાણકાર હતા. જેને નવ તત્ત્વોની પણ જાણ ન હોય તે નામનો જ શ્રાવક છે જ્ઞાનીને મેવા–ખાવાની લગની ન હોય. એને મમતા કે મોહ ન હોય. સોનાની અભરાઈ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપથી ભરાઈ પૂરી હોય.

સોના રૂપા અતિ ઘણા બીજાનું નહીં લેખું
આખરી હાંડી રે એના કરમમાં, એ તો આગળ દેખું
એક રે દિવસ એવો આવશે.

સંસારી જીવોની અ–ભરાઈ કદી ભરાતી જ નથી, કારણ કે એને તૃષ્ણાથી પોતાની અભરાઈ ભરવી છે ભલા વિચારો તો ખરા કે કુમારના કોઈએ પોટલા બાંધ્યાં જોયાં છે? મિથ્યા વસ્તુથી તૃષ્ણા કોઈની બુઝાઈ છે? એ અભરાઈનું નામ જ અ–ભરાઈ છે અપૂર્ણ એવી ન ભરાઈ શકે જ નહીં પૂર્ણ તત્ત્વ આત્મતત્ત્વ છે આત્મતત્ત્વને જાણ્યા જાણ્યા પછી એને અન્ય પુદ્ગલો મેળવવાની ઇચ્છા જ થતી નથી.

દિવાળી આવી ને તમારી અભરાઈનાં વાસણો માંજવા માંડ્યા. આ તે દિવાળી કરો છો કે દિવાળાની હોળી? સાચો શ્રાવક ચોમાસામાં આવા કામ કરે જ નહીં તમે પરના માટે કૂર કર્મો કરતાં પણ અચકાતા નથી પણ જ્યારે એનું ફળ ભોગવવાનો વારો આવશે ત્યારે—

સગી રે નારી એના કામની, ઊભી ટગમગ જુએ,
આંસુડે ભી નવે વસ્ત્ર ભરતાં, મુખડું મૂકી રુવે!
એક રે દિવસ એવો આવશે!

પાપકર્મના ફળો ભોગવવાનો જ્યારે સમય આવશે, કર્મના વાદળે જ્યારે રોગો ઘેરી લેશે ત્યારે સગી સ્ત્રી પણ શું કરી શકશે? એ

તમારું અર્ધું દઈ લઈ શકશે ને ? નહી ? તો પછી કાળા બજારો કોના માટે કરો છો ? તમારે રોજ બશેર અનાજ જોઈએ કે વધારે ? તમારે કેટલા ભવ જીવવું છે ? બહુ થશે, તો તમારી બીમારી વખતે તમારી સ્ત્રી સામે ઊભી ઊભી રડીને તમારુ મોત બગાડશે, અથવા રડતા રડતા કાલાવાલા કરશે કે કાંઈ છુપાવ્યુ હોય તો કહેતા જજો પત્ની ધર્મનિષ્ઠ અને પતિવ્રતા હોય તો પોતાના પતિના મરણને સુધારી શકે છે, પણ જે સ્ત્રી પતિના આરંભપરિગ્રહમા વધારો કરાવતી હોય એ સ્ત્રી પતિનો શુ દિવસ વાળવાની હતી ?

દૃષ્ટાન્ત—મણિરથ નામે એક રાજા હતો, અને તેનો ભાઈ યુગબાહુ યુવરાજપદે હતો યુગબાહુની પત્નીનુ નામ મયણરેહા હતુ મયણરેહા જેવી ગુણવતી હતી તેવી જ સ્વરૂપવતી, પતિવ્રતા અને ધર્મપ્રેમી હતી એકવાર અગાસી ઉપર ઊભી ઊભી એ પોતાના વાળ સુકાવી રહી હતી આગળના વખતની આવી મર્યાદા હતી કોઈપણ પુરુષ સ્ત્રીને ઉઘાડે માથે જોઈ જાય, તો એને શરમ માનવામા આવતી હતી આજે તો ઘરની યુવાન છોકરી અને યુવાન પત્ની બધા જ ઉઘાડે માથે ફરવામા ફેશન માને છે આવા ફેશનના પૂતળા ભાઈબહેન છે કે પતિપત્ની એની અજાણ્યાને તો ખબર પણ પડતી નથી પોતાના નામની પાછળ પિતાના નામને બદલે પતિનુ નામ મૂકવામા તેઓ ગર્વ માને છે !

મયણરેહાનુ ખુલ્લુ માથુ અને રૂપ જોઈને સામેની બારીમા ઊભેલા મણિરથની આખમા વિકાર ઉત્પન્ન થયો એને થયુ કે જો આ સ્ત્રી મારી બને તો હુ ભાગ્યશાળી ગણાઉ ભોગના ભીખારીઓ પારકી વસ્તુને પોતાની બનાવવામા ભાગ્ય માને છે, પણ એ ભાગ્યનો જ્યારે ભડાકો બોલે છે ત્યારે એને સાચુ રડતા પણ આવડતુ હોતુ નથી ! મણિરથની આખમા મોહના અગારા ગોઠવાઈ ગયા બન્ને ભાઈઓમા અજોડ પ્રેમ હતો એ પ્રેમમા મયણરેહા પ્રત્યેના મોહે દીવાસ ચાંપી દીધી ! કાયાના પૂજારીઓ કામાન્ધ દશામા સમજી શકતા નથી કે—

રૂપ ઉપર શું મૂંઝ્યો પેલા રૂપ કરાવે દુઃખ,
કાયા બળીને ભસ્મ થઈ જશે,
મળશે ધૂળમાં ધૂળ રે.
ઘડી–બે ઘડી માટે શું મલકાઉં મતિ !

મણિરથ જે ભાઈની પત્નીને પુત્રી સમાન માનતો હતો તેને જ પોતાની પત્ની બનાવવાની ઝંખના જાગી. ભાઈ પ્રત્યેનો એનો પ્રેમ ઓસરી ગયો. એણે દાસીદ્વારા મયણરેહા પાસે મેવા અને મીઠાઈનો થાળ મોકલ્યો. ભોળી મયણરેહાએ માન્યું કે મોટાભાઈને તેમના નાનાભાઈ પ્રત્યે પ્રેમ છે અને હમણાં જ એમને યુવરાજપદ આપ્યું છે માટે આ થાળ મોકલ્યો છે આ ભાવથી તેણે એ થાળનો સ્વીકાર કર્યો. પણ આ બનાવથી મણિરથના વિકારમાં વધારો થયો. એણે માની લીધું કે હવે મયણરેહાનો હાથ મારા હાથમાં આવી ગયો છે

એકવાર યુવરાજ યુગબાહુ બહાર ગયેલ હતો, મયણરેહા રાજમહેલમાં આવેલા ઉદ્યાનમાં લતામંડપ નીચેના ઝૂલા પર ઝૂલતી બેઠી હતી એવામાં અચાનક મણિરથ ત્યાં આવ્યો. દાસીએ તેને અટકાવતાં કહ્યું ક્યાં જાવ છો ! મણિરથે જવાબ આપ્યો મારે મયણરેહા સાથે થોડી વાત કરવી છે દાસી બીચારી એક બાજુ ઉભી રહી અને મણિરથ ઉદ્યાનમાં આવ્યો અચાનક જેઠને આવેલા જોઈને મયણરેહા ઉભી થઈ ગઈ તન ઝટકાવતાં મણિરથ બોલ્યો દેવી ! તમે ઊભાં ન થાવ. હું તમારા માટે ઘણા દિવસથી તલસું છું એમ કહી તેણે મયણરેહાનું કાંડું પકડ્યું

મયણરેહાના શરીરમાં જાણે વીજળી ફરી વળી. હાથ છોડાવતાં અનાથી બોલાઈ ગયું આ કોણ બોલે છે ! શું તમારા હૃદયમાં શયતાને વાસ કર્યો છે ! તમે તો મારા મોટાભાઈ સમાન છો. તમે જો માનભેર પાછા ફરી જશો તો આ વાત હું કોઈને નહીં કહું અને ત્યાંથી એક સ્વ ઝગડું બાબળ વધ્યા તો એક પીલુ પામવા જેટલી

જ વાર છે એક ક્ષણવારમા તમારી આબરૂના કાકરા થઈ જશે આ શરીર પર યુવરાજ યુગબાહુનો જ અધિકાર છે આવા પાપકર્મના વિચારોથી તમારા જીવનને કલક ન લગાડો !'

મણિરથ નીચુ જોઈને પાછો ફરી ગયો તેણે વિચાર કર્યો કે જ્યાસુધી યુગબાહુ જીવતો હશે ત્યાસુધી મયણરેહા મારી બની શકશે નહી, માટે મારે યુગબાહુને જ ખતમ કરી નાખવો પડશે

દુર્જનોની અને કાગડાની દૃષ્ટિ હમેશા વિષ્ટા ઉપર જ જાય છે. મણિરથના વિચારો કામભોગની આસક્તિથી ભરાઈ ગયા આવા પાપી આત્માઓ ધર્મસ્થાનોમા પણ કાગડાના જેવા જ વિચારો સેવતા હોય છે મણિરથ હવે સગાભાઈનો વધ કરવા તૈયાર થયો ભાઈ પરનો તેને અજબનો ભાવ હતો, ને ગજબનો ગોટો વાળ્યો

અર્ધી રાત્રિનો સમય હતો પોતાની પત્નીને લઈને યુગબાહુ શહેરની બહાર આવેલા ઉદ્યાનભવનમા રહેવા ગયો હતો મયણરેહાને પૂરા દિવસો હોવાથી વાયુસેવન માટે તેણે આ સ્થાન પસદ કર્યું હતુ મણિરથની સભ્યતા અને શિષ્ટતા નેવે મુકાઈ ગઈ હતી મનની મેલી મુરાદથી એ બહાર નીકળ્યો એના હાથમા ઝેર પાયેલી તલવાર હતી મહેલના પ્રવેશદ્વાર પાસે આવતા વાર જ તેને પ્રહરીએ અટકાવ્યો અને તેને કહ્યુ, 'અત્યારે આપ ક્યા જઈ રહ્યા છો?' મણિરથે સત્તાજનક સ્વરે કહ્યુ, 'મારે અત્યારે ને અત્યારે યુગબાહુને મળવુ છે' પ્રહરી બોલ્યો, 'તેઓ અતપુરમા છે, માટે આપ અત્યારે જઈ શકશો નહી.'

પરતુ પ્રહરી અને મણિરથની આ ખેચતાણ બારી પાસે ઊભેલા યુગબાહુએ જોઈ લીધી એ પોતાના ભાઈને મળવા માટે સામેથી જવા તૈયાર થયો આજ દિવસ સુધી મયણરેહાએ કોઈપણ વાત પતિને કહી ન હતી એને લાગ્યુ હતુ કે હવે મણિરથ સુધરી ગયો હશે, અને આવી વાત પતિને કહેવાથી ભાઈભાઈ વચ્ચે નકામુ વૈમનસ્ય શા

માટે વધારવું ? પરંતુ જ્યારે તેણે મણિરથને મોડી રાત્રે આવેલો જોયો, ત્યારે એ તરત જ જાણી ગઈ કે મણિરથ વૈરભૂખ્યા વાઘ સમાન બની ચૂક્યો છે આથી યુગબાહુને અટકાવીને મદનરેખા બોલી, અત્યારે ક્યાં જાવ છો ? તમારો ભાઈ આજે જુદા સ્વરૂપમાં છે માટે હું તમને જવા દેવાની નથી. પરંતુ યુગબાહુએ પત્નીનો હાથ તરછોડતાં કહ્યું, મારો ભાઈ મારા ઉપર રોષ કરે જ નહી જરૂર અત્યારે તેને કાંઈ કામ પડ્યું છે માટે મારે જરૂર ત્યાં જવું જોઈએ.

પણ તમે સમજો તો ખરા, મદનરેખાએ પતિને અટકાવીને કહ્યું મેં તમો બન્ને ભાઈઓમાં ખટરાગ ન થાય એ હેતુથી તમારી આગળ આ વાત કરી જ ન હતી, પણ તમારા ભાઈ મારી પાછળ મારા રૂપના ભૂખ્યા બનીને ભટકે છે તમારી ગેરહાજરીમાં તેઓ મારી પાસે એકાન્તમાં આવવા સુધીની હિંમત કરી ચૂક્યા છે મેં જ્યારે મચક ન આપી, ત્યારે હવે એ પોતાની ભૂખ સંતોષવા ખાતર જ તમારા પ્રાણના ભૂખ્યા બન્યા લાગે છે મારી જમણી આંખ ફરકે છે. મને મારું હૃદય તમને બહાર જવા ના કહે છે માટે તમે કૃપા કરીને અત્યારે શાંત બનીને બેસી જાવ. ભોગના ભીખારીઓનો આવા સમયે વિશ્વાસ કરવો યોગ્ય નથી.

હું અત્યારે તારું વચન માની શકું નહીં યુગબાહુ બોલ્યો, મારા મોટાભાઈને માટે આવી વાત હું કલ્પી શકતો નથી. એમ છતાં જો તારું કહેવું ઉચિત હશે તોપણ અમે બન્ને ભાઈઓ પરસ્પર સમજી લઈશું. એમાં તારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. આમ કહીને યુગબાહુ એની એ સ્થિતિમાં ઉદ્યાનના દ્વાર આગળ આવ્યો. અને આગળ વધતાં તેણે પ્રસંગીન પધરાવતાં કહ્યું તેં મારા ભાઈને અટકાવ્યા એ ઠીક કર્યું નથી. અમે તેવા તોય એ તારા માલિક છે આમ કહેતા કહેતા યુગબાહુ મણિરથની પાસે આવી પહોંચ્યો અને તેણે નમીને મોટાભાઈને વંદન કર્યાં પરંતુ વંદન કરતા યુગબાહુ ઉપર મણિરથે છુપાવેલી

તરવારનો ઝાટકો માર્યો, અને તેની એક ચીસ નીકળી ગઈ એ તરફડતો તરફડતો ભૂમિ પર આળોટવા લાગ્યો હવે જ એને મયણરેહાના વચનો યાદ આવ્યા એ મણિરથને સામો પ્રહાર કરવા ઊભો થવા લાગ્યો તત્કાળ મયણરેહાએ દોડીને તેને અટકાવતા કહ્યું, 'નાથ ! થવાનું હતુ તે થઈ ચૂક્યુ છે હવે તમે આ તકાળે તમારા ભાઈ પર ક્રોધ કરીને તમારુ મરણ ન બગાડશો. મૃત્યુસમયે આવેલા રાગ અને દ્વેષ બન્ને આત્માને બગાડનારા છે અત્યારે તમારા ભાઈ એ તમારા ભાઈ પણ નથી ને દુશ્મન પણ નથી હુ તમારી સ્ત્રી પણ નથી હવે તો તમારા મૃત્યુના નિમિત્ત બનેલા તમારા સહોદરને ક્ષમાપના આપો સર્વે જીવોની ક્ષમાપના કરો

खामेमि सव्वे जीवा सव्वे जीवा खमन्तु मे।
मित्ति मे सव्वभूएसु वेर मज्झं न केणइ॥

તમને સિદ્ધનુ શરણુ હોજો, અરિહંત ભગવાનનુ તમને શરણુ હોજો ધર્મનુ તમને શરણુ હોજો આ નિમિત્ત તમારો દેહ પડનાર હતો એમ માનીને તમારા આત્માને સ્વસ્થ અને સ્થિર બનાવી દેજો'

આ તરફ મયણરેહા પતિનુ મૃત્યુ સુધારી રહી હતી, ત્યારે બીજી તરફ બેત્રણ પ્રહરી સૈનિકોએ મણિરથને પકડ્યો મયણરેહાએ સૈનિકોને કહ્યુ, 'હવે એ બીચારાને મારશો નહી ભોગના ગુલામો જીવતા હોવા છતા મરેલા જ હોય છે માટે એને જવા દો' મણિરથ માંડ માંડ સૈનિકોના હાથમાથી છટકીને ભાગ્યો યુગબાહુ ત્યા ને ત્યા મૃત્યુ પામ્યો.

છટકીને ભાગેલો મણિરથ જાણે આંખો મીચીને દોડી રહ્યો હતો રાત્રિના ઘોર અધારામા એના પગમા કાળો વિષધર અથડાયો સર્પ-દશથી એનુ ત્યા ને ત્યા રસ્તામા અકાળે મૃત્યુ થઈ ગયુ મયણરેહાએ ઊભા ઊભા એક ક્ષણવારમા વિચાર કર્યો પતિ મૃત્યુ પામ્યો અને મણિરથ હમણા તો ભાગી નીકળ્યો છે, પણ એના રાજ્યમા હવે મારી કોઈપણ રીતે સલામતી નથી આથી એ પણ મૂઠીઓ વાળીને જ ગલના

માર્ગે ભાગી છૂટી. એને હવે પ્રાણના ભોગે પોતાનું શિયળ બચાવવાની ચિન્તા હતી. શરીર સુકોમળ હતું. પૂરે મહિને બાઈ ચાલી જાય છે. પગમાં કાંટા વાગતા હતા અને અંધારામાં ઠોકરો ખાતા અને પડતાં પડતાં એ દોડી રહી હતી. દોડતાં દોડતાં એ એક કૂવાના કાંઠા પર આવેલા એક ઝાડ નીચે આવી અને ત્યાં તેને પુત્રપ્રસવ થયો. ધૈર્ય અને સહનશીલતાથી કૂવાના જળ વડે તેણે પોતાના પુત્રને નવડાવ્યો. પોતાની સાડીનો અર્ધો ભાગ ફાડીને તેની ઝોળી બનાવી. પોતાના હાથમાં રહેલી યુગબાહુના નામની મુદ્રિકા તેણે [illegible] વીંટીને બાળકની આંગળીમાં પહેરાવી દીધી, અને બાળકને એ ઝોળીમાં મૂકીને ઝાડની ડાળી પર લટકાવી દીધો!

બાઈ પોતાની અશુચિ નિવારવા કૂવાકાંઠે આવી. એટલામાં જાણે દુઃખની પરંપરા બાકી હોય તેમ એક ગાંડો થયેલો હાથી ત્યાં આવી પહોંચ્યો. તેણે પોતાની સૂંઢમાં મદનરેખાને ઉપાડી ને આકાશ તરફ ઉછાળી. પરન્તુ આકાશમાં એક વિદ્યાધરનું વિમાન ત્યાંથી નીકળતાં એ વિમાનમાં એ જઈ પડી. [illegible] જોઈને વિદ્યાધર લલચાઈ ગયો.

રાજા થયો અને તમામ પૌદ્ગલિક સુખો પ્રાપ્ત થઈ ગયાં એટલે તમામ સુખોનો ઉદય કાયમ રહી રહેશે એમ સમજવાની ભૂલ કરશો નહિ. કામવાસનાથી ભરેલા મણિરથના હાથમાં શું આવ્યું? ભૂંડાં કામ કરનારનો કેવો કરુણ અંજામ આવ્યો!

વિદ્યાધરે પોતાના વિમાનમાં પડેલી મદનરેખાને વિદ્યાના બળથી સ્વસ્થ કરી. જાગીને મદનરેખાએ પ્રશ્ન કર્યો. આપ કોણ છો? હું ક્યાં આવીને પડી છું? વિદ્યાધરે કહ્યું. બહેન! તમે ગભરાશો નહિ. હું વિદ્યાધર છું. મારા પિતાએ વૈતાઢ્ય પર્વત પર દીક્ષા લીધી છે. તેમને કેવળજ્ઞાન થયું છે. વિમાનમાં બેસીને હું તેમને વંદન કરવા જતો હતો. પણ હવે તમને નિર્ભયસ્થાનમાં મૂક્યા પછી જ હું પિતાજીના

દર્શને જઈશ તમારા પર આવી પડેલુ કષ્ટ મે મારી વિદ્યાના ઉપયોગથી જાણી લીધુ છે '

' ભાઈ ! ' મયણરેહા બોલી, ' હુ ખરેખર ભાગ્યશાળી છુ તમારા પિતાનાં દર્શનનો સુયોગ મને પણ મળી ગયો, માટે મને પણ એ કેવળી ભગવાનના દર્શન કરવાનો લાભ લેવા દો પછી મારુ જે થવાનુ હોય તે ભલે થાય ' વિમાન આગળ ચાલવા લાગ્યુ

યુગબાહુ પણ મરીને દેવ બન્યો હતો તેણે મનમા વિચાર કર્યો કે હુ ક્યાથી આવ્યો ? ઉપયોગ મૂકી તેણે મયણરેહાને જોઈ, મણિ-રથનુ શબ દૂર પડેલુ જોયુ અને પોતાના પૂર્વશરીરના ટુકડા પણ તેણે નિહાળ્યા ! તેણે જોયુ કે મયણરેહા વિદ્યાધરની સાથે કેવળી ભગવાનને વદન કરવા ગઈ છે આથી એ પણ કેવળી ભગવાનની પાસે આવ્યો. તેણે પ્રથમ પોતાની સ્ત્રી મયણરેહાને વદન કર્યો અને પછી કેવળી ભગવાનને વદન કર્યો બધા લોકો દેવના આ આચરણને જોઈ રહ્યા

કોઈએ કહ્યુ કે દેવ ભૂલ્યા ! કેવળી ભગવાનને છોડીને તેણે એક નારીને વદન કર્યો. પરન્તુ બધાના સમાધાન માટે કેવળી ભગવાન બોલ્યા, ' દેવ ભૂલ્યા નથી એણે જે કાઈ કર્યું તે બરાબર કર્યું છે એણે જ્ઞાનીઓના કથનનુ અનુકરણ કર્યુ છે

गुरु गोविंद दोनों खड़े, किसको लागू पाय।
बलिहारी गुरुदेवकी, गोविंद दियो बताय॥

આ મયણરેહા એની પૂર્વભવની પત્ની છે, માત્ર પત્ની જ નહી, પણ મરણ પામતા પતિનુ મરણ સુધારી દેનાર એક સુશીલ સન્નારી છે ' સમાધાન કર્યા બાદ કેવળી ભગવાને મયણરેહાને કહ્યુ, ' મણિરથ સર્પદશથી મરીને નરકમા ગયો છે અને ઝોળીમા લટકાવેલો તમારો પુત્ર એક રાજાના હાથમા આવ્યો છે મોટો થતા તમારો એ પુત્ર નમિરાજ નામનો રાજા થશે જ્ઞાન પામીને એ એક હજાર સ્ત્રીઓનો

ત્યાગ કરીને મુનિ બનશે, અને પોતાના જ્ઞાનથી એ ઇન્દ્રના બધા પ્રશ્નોના ઉત્તર આપશે.

મયણરેખાએ કેવળી ભગવાનને વંદન કર્યા. તેણે કહ્યું 'ભગવન્! હવે મારે મારા પતિ અને પુત્રનું કોઈ કામ નથી. આપ મને દીક્ષા આપીને કૃતાર્થ કરો.

આમ એક ધર્મપ્રેમી સ્ત્રીએ પોતાના ચારિત્ર અને ધર્મના પ્રભાવથી પોતાના પતિનો અને પોતાનો ભવ સુધારી લીધો.

દ્રૌપદીના સ્વયંવરમાં દેશદેશના રાજાઓ આવ્યા હતા. બધાના મનમાં હતુ કે દ્રૌપદીની લોટરી અમને લાગી જાય! હવે ત્યાં શુ બનશે તે અધિકાર અવસરે.

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૮૭

(શનિવાર, તા. ૫-૨ -૭૪)

અહીં નામે સિદ્ધાન્ત પ્રરૂપણા. ત્રણેય કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં દ્રૌપદીનો અધિકાર ચાલે છે દ્રુપદરાજાએ પોતાની પુત્રી દ્રૌપદીના સ્વયંવર માટે સુંદર મંડપ બંધાવ્યો હતો. તેમાં ૯ નરો સ્તંભો હતા. થાંભલે થાંભલે ચિત્રવિચિત્ર પૂતળીઓ કલાત્મક રીતે ગોઠવેલી હતી. તેની શોભા જોનારાઓ આશ્ચર્ય પામતા હતા. દેશદેશના રાજાઓને જરીભરત રેશમી તંબૂઓમાં ઉતારા દેવામાં આવ્યા હતા. શ્રીકૃષ્ણમહારાજાના પધારવાના ખબર મળતાં જ દ્રુપદરાજા ચતુરંગિણી સેના લઈને તેમની સામે ગયો અને તેમનું સ્વાગત કર્યું

આંગણે આવેલા અતિથિનું યથોચિત સ્વાગત કરવું એ પ્રત્યેક ગૃહસ્થનું કર્તવ્ય છે તમે તો તમારા જમાઈ મહેમાન બને તો તેનું

સ્વાગત ગજા ઉપરાંત પણ કરો છો, પણ એ તો સ્વાર્થનુ અને વાહ-વાહનુ સ્વાગત છે વાહવાહનુ ઊલટુ તો 'હવા હવા' છે, પરતુ કોઈ અજાણ્યો સાધર્મી અતિથિ બનીને આવે તો? તેનુ સ્વાગત કરવામા તમે કેમ કરો છો? સગાવહાલાઓને તો વ્યવહારદૃષ્ટિથી જમાડો છો, ત્યારે સાધર્મીને જમાડો એ જ સાચો અતિથિસત્કાર છે. આવી ભાવના બતાવવા માટે જ આગળના સમયમા ગચ્છો બધાતા હતા અને સ્વામીવત્સલના ઉત્સવો યોજાતા હતા શ્રાવકો એ પ્રકારે સાધર્મીભાઈઓની સેવા કરવાની તક ઝડપી લેતા આજે ગચ્છો તો એના એ રહી ગયા ને સાધર્મીભાઈઓની સેવાની ભાવના ઘણે અશે ઊઠી જવા પામી છે આગળના શ્રીમત શ્રાવકો કેટલાય સાધર્મીઓને દુખમા મદદ કરતા, એમનુ કરજ ભરપાઈ પણ કરી દેતા

દૃષ્ટાન્ત—કાન્તિલાલ કરીને એક કોટ્યાધિપતિ શેઠ હતા એક વાર તેમણે સ્વામીવત્સલનુ જમણુ ગોઠવ્યુ આવા ભોજનમા માત્ર ખાવા-પીવાનો જ ભાવ હોતો નથી કેટલાય ગરીબો એવા પણ હોય છે કે જેને ત્યા દિવાળી જેવાં પર્વોમા પણ સાદા ભોજનથી પતાવાતુ હોય છે આજે તો સોમા પોણોસો ટકા મનુષ્યો મોઘવારીની ભીસમા ભીંસાઈ રહ્યા છે ઘરનો એક માણસ કમાતો હોય, ત્યારે ઘરમા ખાનારા આઠ માણસો હોય તેમા કેટલી દિવાળીઓ વીતી જાય તેનો એને ખ્યાલ પણ ક્યાંથી આવે? આવા લોકો કોઈને ત્યા જમણવાર હોય, ત્યારે જ મિષ્ટાન્ન જમી શકતા હોય છે બધા માણસોની સ્થિતિ સરખી હોતી નથી

કાન્તિલાલ શેઠે સાધર્મીઓની સેવા કરવા માટે અનેક મિષ્ટાન્નો તૈયાર કરાવ્યા અને પોતે પણ બધાને પીરસવા લાગ્યા છેલ્લે પાપડનો ટોપલો લઈને તેઓ પીરસી રહ્યા હતા તેમા એક મણિલાલ કરીને મધ્યમવર્ગનો સાધર્મી ભાઈ પણ જમવા બેઠો હતો બરાબર એની થાળી આવી ને કાન્તિલાલ શેઠના ટોપલામા અડધો જ પાપડ બાકી રહ્યો.

આથી મણિલાલની થાળીમાં કાન્તિલાલે અડધો જ પાપડ પીરસ્યો. પછી કાન્તિલાલ શેઠ રસોડામાં ચાલ્યા ગયા.

જો કે કાન્તિલાલ શેઠના મનમાં તો કોઈ અસર હતી જ નહીં પરંતુ મણિલાલના મનમાં એક ઉર્મીની દવા ભરાઈ ગઈ તેણે માન્યું કે કાન્તિલાલે મને તેનું જમણ કર્યું પણ મને તેણે ઇરાદાપૂર્વક જ અડધો પાપડ પીરસ્યો છે. જમતાં જમતાં તો મણિલાલનો આ તેજો દ્વેષ વ્યાપક બની ગયો. ક્રોધ, દ્વેષ અને મોહના અગ્નિને વધતાં વાર લાગતી નથી. કાન્તિલાલ શેઠે મને પાપડ ઓછો આપ્યો માટે તેનો બદલો લેવા હું પણ આવું જ સ્વામીવત્સલ જમણ ગોઠવું એવો વિચાર મણિલાલને આવી ગયો.

જો કે મણિલાલ પાસે એટલું ધન ન હતું પણ કાન્તિલાલ શેઠને દેખાડી દેવા માટે અને તેમનું ગુમાન ઉતારી નાખવાના ઈરાદાથી તેણે પોતાના ઘરના દાગીના વેચી નાખ્યા અને નાનુંસનું ઘર પણ ગીરો મૂકીને મણિલાલે સ્વામીવત્સલ ભોજનની જાહેરાત કરી. બધા સાધર્મિઓને નિમંત્રણ મોકલ્યાં. કાન્તિલાલને નિમંત્રણ આપવા માટે મણિલાલ પોતે જ ગયો અને બહુ આગ્રહ કરીને જમણમાં આવવાની વિનંતિ કરી. કાન્તિલાલ જેટલા શ્રીમંત હતા તેટલા જ નમ્ર અને વિવેકી હતા. આથી જમણમાં બધા સાધર્મિભાઈઓ સાથે તેઓ બેસી ગયા. બરાબર જેટલી વાનગીઓ કાન્તિલાલના જમણમાં હતી તેટલી જ વાનગીઓ મણિલાલે પણ કરાવી હતી. ઉમંગ ઉમંગે પાપડનો ટોપલો લઈને મણિલાલ પીરસી રહ્યો હતો. લોકો આશ્ચર્યમાં પડી ગયા હતા કે મણિલાલ ઘણા ગરીબ હોવા છતાં કરજ કરીને એને આવું મોટું જમણ કરવાનું કારણ શું હશે? પણ કોઈના દિલની કોઈને ક્યાંથી ખબર પડે ભલા!

પાપડ પીરસતા પીરસતા કાન્તિલાલ શેઠ પાસે આવીને મણિલાલે બરાબર અધો જ પાપડ પીરસ્યો અને કાન્તિલાલનું ગુમાન ઉતારવાનો

આનંદ અનુભવ્યો, પરંતુ કાન્તિલાલ શેઠને અર્ધો પાપડ મળ્યો છતાં તેની કાંઈ ઊણપ દેખાઈ નહીં બધાએ જમી લીધું એટલે મણિલાલે વિવેક કરીને કાન્તિલાલ શેઠને પોતાના ઘરમાં આરામ કરવા બેસાડ્યા એનાથી પૂછ્યા વિના રહી શકાય તેમ પણ ન હતું, તેથી સામે બેસીને મણિલાલે પૂછ્યું, 'કેમ શેઠજી! અર્ધો પાપડ માટે તમને કાંઈ લાગ્યું કે નહીં !'

'અર્ધો પાપડ!' કાન્તિલાલ બોલ્યા, 'મને તો કાંઈ ખબર નથી ને તમે અર્ધા પાપડ માટે પૂછો છો ? શી વાત છે એ મને સમજાવશો ?'

'ત્યારે તો મારું કર્યું કારવ્યું નકામું ગયું,' મણિલાલ બોલ્યો 'તમારે ત્યાં જમણ વખતે તમે મને અર્ધો જ પાપડ પીરસ્યો હતો, એનો બદલો વાળવા માટે તો મારે આ જમણ ગોઠવવું પડ્યું, ને મેં પણ તમને અર્ધો જ પાપડ પીરસ્યો, છતાં તમને કાંઈ ખોટું લાગ્યું નહીં '

'તો એમાં શું થઈ ગયું ?' કાન્તિલાલ શેઠ બોલ્યા, 'જો આટલા માટે જ તમે શક્તિ ઉપરાંત ખર્ચ કરીને આ જમણ કર્યું હોય, તો તો તમે બહુ ખોટું કર્યું ભલા માણસ, તમે ક્યાં જમવા બેઠા હતા ને મેં તમને ક્યારે અર્ધો પાપડ પીરસ્યો હતો એ પણ મને તો યાદ નથી હવે બતાવો કે આ જમણ કરવા જેટલી તમારી પાસે મૂડી હતી કે કરજ કરીને આ બધું ગોઠવ્યું છે ?'

કાન્તિલાલ શેઠની સામે નજર માંડતાં માંડતાં મણિલાલની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં એ બોલ્યો, 'જે ઘરમાં તમે બેઠા છો એ ઘર ગીરો મૂકીને અને એ ઉપરાંતની રકમ કરજમાં લઈને મેં આ કામ કર્યું છે હવે મને તેનો પસ્તાવો થાય છે જેના માટે મેં આ કર્યું તેનું આપના દિલમાં તો કાંઈ જ થયું નહીં આપના આ વિશાળ હૃદય માટે મને ખરેખર માન ઊપજે છે '

'તો આજના સ્વામીવત્સલનું ખર્ચ પણ મારા ઉપર!' કાન્તિલાલ શેઠે પોતાની ઉદારતા બતાવતાં કહ્યું, 'તમે આ ખર્ચની જેટલી રકમ

વાપરી છે તે પણ હું ચૂકવી આપું છું. હવે પછી તમારો આવો ઈર્ષ્યાભાવ નીકળી રહે તો હું મને ધન્ય માનીશ. અને જમણનો બધો ખર્ચ કાન્તિલાલે ઉપાડી લીધો. મણિલાલ કરજમુક્ત બન્યો અને સાથે સાથે ઈર્ષ્યામુક્ત પણ બની ગયો. કાન્તિલાલે આ પ્રકારે એક સાધર્મી ભાઈને કરજભારથી મુક્ત કરી દીધો.

આવા રાગ દ્વેષ અને ઈર્ષ્યાના ભાવો તમારામાં ક્યારેય આવે છે? જ્ઞાનીઓ કહે છે—

अरिहंत नहीं जब भारतमें
अरि-मद कभी नहीं भागत है।
जिनिया हथियार नहीं करमें
अरि उनको ही नित्य डरापत है ॥
जिनने पापसे हाथ उठाय लिया
दया-धर्ममें ध्यान लगाय दिया।
वे ही निश्चय मनसे ठराव किया
वे ही कर्मसे जग भगावत है ॥

જેના હૃદયમાં અરિહંત ભગવાન નથી તે કદાપિ આંતરિક દુશ્મનોનો અંત કરી શકતો નથી. જેના હાથમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ હથિયાર નથી તેને અંતરના દુશ્મનો નિત્ય ડરાવતા રહે છે. જેણે પાપમાંથી હાથ ઉઠાવી લીધો હોય, જેને સ્વ અને 'પર'નો વિવેક જાગ્યો હોય એવો મન વચન અને કાયાએ કરી દયાધર્મમાં ધ્યાન લગાડનારો આત્મા જ કર્મની સામે જંગ ખેલી શકે છે અને વિજય મેળવી શકે છે. દયા એ ધર્મનું મૂળ છે. **धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो** —અહિંસા એ ધર્મનું પહેલું પગથિયું છે. જ્યાં સ્વદયા છે ત્યાં પરદયા આવી જ જાય છે. **थूलाओ पाणाइ-वायाओ वेरमणम्** —સ્થૂલ હિંસાથી બચવું એ ગૃહસ્થોનું અણુવ્રત છે અને **सव्वाओ पाणाइवायाओ वेरमणं** એ સાધુઓનું મહાવ્રત છે. માટે કોઈપણ પ્રકારની હિંસામાં ઊભા રહેશો નહીં. મનથી

એવા ઠરાવ કરી લેજો કે હું કોઈપણ પ્રકારની હિંસા આચરીશ નહી હવે તો દિવાળી આવી ગઈ છે તમે પણ ફટાકડા ફોડીને અને કોડિયામા દીવાઓ પ્રગટાવીને દિવાળી ઊજવવા તૈયાર હશો, પરન્તુ જ્યાસુધી સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્રના અજવાળા અંતરમા નહી ફેલાવો ત્યાસુધી અંધારા ઉલેચાશે નહી કેટલાક લોકો તો ફટાકડાના ભડાકા છોકરાઓને નામે બોલાવતા હશે, પણ જ્યારે એના કર્મના ભડાકા બોલવા માડશે ત્યારે છોકરા નહી બચાવે ! સાચી દિવાળી તો પ્રગટી ભગવાન મહાવીરના જીવનમા તેઓ મોક્ષમા ગયા ગૌતમ-સ્વામીને કેવળજ્ઞાન થયુ, તો તેમની પણ સાચી દિવાળી બની ગઈ જેમણે ત્રણેય કાળને એક જ સમયે જોયા એની દિવાળી સાચી દી'વાળી થઈ તમે પણ દિવાળી ઉપર ચોપડા બદલાવો છો, પણ કર્મના ચોપડામા કોઈવાર નજર કરી છે ? વિક્રમનો સવત ચાલે છે, પણ વિક્રમે પોતાના પ્રજાજનોના કરજ ભરપાઈ કરીને ચોપડા બદલાવ્યા હતા તેવી જ રીતે તમે એકાદ સાધર્મી ભાઈનુ કરજ ભરપાઈ કરી શકશો ખરા ?

અન્ય દર્શનવાળાઓ તો મદિરના જીર્ણોદ્ધારમા અને ઉપધાન આદિ તપના નિમિત્તે લાખો રૂપિયાનો ખર્ચ કરી નાખે છે, ત્યારે તમારા ધર્મ નિમિત્તે તમે કેટલો ખર્ચ કરો છો ? તમારી જૈનશાળાઓ, તમારા સાધર્મી ભાઈઓના બાળકો અને ભાઈબહેનો માટે તમે શુ કર્યુ છે ? ભગવાન મહાવીર, શાલિવાહન અને વિક્રમના આજે સવત ચાલે છે તેમણે તો દિવાળીને દીપાવી દીધી, તમે પણ—

શુભાશુભના દિયો સરવાળા, લાભ-ખોટ લો લક્ષે રે,
સરભર ખાતા કરો સર્વના, પ્રભુ કરવા નિજ પક્ષે રે

તમારા હાથથી કેટલુ શુભ કર્મ થયુ અને કેટલા અશુભ કર્મો થયા ? કેટલાને છેહ દીધી અને કેટલાના ઉપર દયા કરી ? એ સરવાળા બાદબાકી કરી જુઓ હૈયુ ખોલી નાખો જેનુ હૈયુ ખુલ્લુ હોય. તેના જ હૈયામા ઉચ્ચ ભાવના પ્રવેશ કરે છે વિચાર, વાણી અને વર્તનને એક બનાવી નાખો તો જ તમે મહાત્મા બની શકશો તમારા

મનની સાચી કિમ્મત છે એ મનને ભગવાનમાં જોડીને તમે મહાત્મા બની શકો છો. મણિલાલે ભલે કાન્તિલાલ શેઠ પ્રત્યે ઈર્ષ્યાથી પ્રેરાઈને જમણ કર્યું પણ કાન્તિલાલે પોતાના હૃદયની ઉદારતા દાખવીને મણિલાલનુ બધુ લેણુ પતાવી દીધુ. ઉદારતા એ મોટા બનવાનુ મુખ્ય લક્ષણ છે. મોટાઈનુ માપ ગુણોથી મપાય છે.

મન મોટુ છે જેહનું તે જન મોટા થાય,
ક્ષમા ગુણ ધીરજ નમ્રતા સદા તેનામાં હોય.

માટે રાગ દ્વેષાદિ કષાયોથી મુક્ત બનો. '**कषायमुक्तिः किल मुक्तिरेव।**' કષાયથી મુક્ત બનો તો જ સાચી દિવાળી ઉજવી ગણાય. જેના હૃદયમાં કામ, ક્રોધ ને ઈર્ષ્યાની હોળી સળગતી હોય, તેને દિવાળી અને હોળી બન્ને સરખા છે.

जब क्रोध-अरि महाक्रूर बनी
अग्निसम ताप दिखावत है।
तब मेघ सम जलधार क्षमा
अरितापको आप समावत है॥

પોતાના મન અને પોતાની જાત પર કાબૂ ધરાવવો એ બધા વિજયોમાં સહુથી ચઢિયાતો વિજય છે.

માટે એ ક્રોધ, ઈર્ષ્યા આદિ અગ્નિને શાન્ત કરવા માટે ક્ષમારૂપી શીતળ જળનો છંટકાવ કરો, સાધર્મી બંધુઓનો સત્કાર કરો. ગૃહસ્થ-જીવનમાં આતિથ્ય વખતે વાણી અને વર્તનમાં કોમળતા બતાવવી જોઈએ. દ્રુપદરાજાએ આવેલા અતિથિઓનુ સન્માન કરવામાં એવી જ કોમળતા વાપરી અને બધાનુ ભાવભીનુ સ્વાગત કર્યું. તમે પણ ગૃહસ્થ બનવા ચાહતા હો તો તમારે આંગણે આવનાર દરેક માણસને તમારે આવકાર આપવો જોઈએ, પછી તે તમારો મિત્ર હોય કે દુશ્મન હોય. ગૃહસ્થોનો આ ધર્મ છે. હવે ત્યાં શું બનશે તે અવસરે.

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૮૮

(રવિવાર, તા ૬-૧૦-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય લોકમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનનો અધિકાર ચાલે છે દ્રૌપદી દેવી બત્રીસ લક્ષણવાળી હતી તેના માટે બનાવેલો સ્વયવરમડપ સુગધી દ્રવ્યોથી મઘમઘાયમાન બન્યો હતો. આસનો અને મચો પર બેસનારા રાજાઓના નામો અકિત કરેલા હતા દ્રુપદરાજાએ પોતાના પુત્ર ધૃષ્ટદ્યુમ્નને હાથી પર બેસાડીને રાજાઓના ઉતારા પર સ્વયવરના સમય પર પધારવાનુ આમત્રણ આપવા મોકલ્યો આમત્રણ મળતા જ રાજાઓ પોતપોતાના શરીરને શોભાવવા તથા વસ્ત્રાભૂષણોથી સજ્જ બનવા લાગ્યા સાસારિક વાસનામા પડેલા જીવોને આવી તૈયારીઓ કરવી પડે છે તમારી દીકરીનુ સગપણ કરવાનુ હોય તો તમે તેને સારા સારા વસ્ત્રો અને દાગીનાઓ પહેરાવીને મહેમાનો પાસે મોકલો છો અને દીકરીને ભલામણ કરો છો કે મહેમાન જે કાઈ પૂછે તેનો બરાબર જવાબ દેજે અને કોઈ કચાશ ન દેખાય તેવુ વર્તન રાખજે

જ્યારે ક્ષણિક વસ્તુ માટે આટલી તૈયારી કરવી પડે છે, ત્યારે શિવરમણીને વરનારા આત્માર્થીઓને કેટલી પૂર્વતૈયારીઓ કરવી જોઈએ ? જે સુખ આવ્યા પછી જાય જ નહી અને અનતા ભવોનો ભાગીને ભુક્કો થઈ જાય, એમા કેટલી તાલાવેલી જોઈએ ? તમને પરણવા જતી વખતે જેવો ઉમળકો હતો, તેવો ઉમળકો પૌષધ કરવામા

દેખાય છે ! જ્યાંસુધી સાધના માટે તમન્ના નહીં હોય ત્યાંસુધી સિદ્ધિ દૂર ને દૂર રહેવાની છે. પૌષધ કરનારે રાત ને દિવસ ભગવાનનાં દ્રવ્ય, ગુણ અને પર્યાયની સાથે જ પોતાનાં દ્રવ્ય ગુણ અને પર્યાયની સરખામણી કરી પ્રભુ સમાન બનવાનો સતત પ્રયત્ન કરવો જોઈએ. દુધપાક ખાધો હોય તો લસણનો ઓડકાર કદાપિ આવે જ નહીં. આત્મસિદ્ધિની ઝંખનાવાળાને ઘર શું કહેવાય એની ખબર હોતી નથી, કારણ કે—

પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ,
પરમ પુરુષથી રાગતા એકત્વતા હો દાખી ગુણ ગેહ.
ઋષભ જિણંદશું પ્રીતડી.

હવે અનંતકાળથી પરની ગુલામી સ્વીકારી છે એ અનાદિકાળથી કાદવમાં ફસાઈને મોહમાં ભરાઈ રહ્યો છે એ જ કારણથી તેને ચાર ગતિ, ચોવીસ દંડક અને ચોરાસી લાખ જીવયોનિમાં ભટકવું પડ્યું છે. એમાં જો નિર્વેદ થાવે, તો જ સંવેગ જાગે. જીવને સંસારી વિષયોમાં અરુચિ આવે, તો ધર્મમાં રુચિ જાગે છે. શિક્ષકની આજ્ઞા પ્રમાણે વર્તનારો છોકરો જ શિક્ષકનો કૃપાપાત્ર બને છે. એક સંસ્કારી બાઈ આખા પરિવારમાં બે-ચાર સાડી વિના બીજું કાંઈ ન લાવી હોય તોપણ કુળ અને કુટુંબને સુધારી દે છે, ત્યારે લાખ રૂપિયાનો કરિયાવર લાવનારી અસંસ્કારી બાઈ ઘરમાં આવી જાય તો ઘર આખું બગડી જાય છે. માટે તમે પત્ની પસંદ કરતાં ચેતી રહો. તમે તમારા દેહને પોષવામાં અને શણગારવામાં શું બાકી રાખો છો ? જ્યાં તમારા વાળ કાળા મટીને ધોળા થઈ જાય છે ને બત્રીસ દાંત તમારા હોય, તો એ ખરવા કેમ માંડે છે ? માટે ખ્યાલ રાખો કે પુદ્ગલોથી બનેલું શરીર એ પરદ્રવ્ય છે. એના જતન માટે આટલી બધી શક્તિ શું કામ ગુમાવી રહ્યા છો ? તમે જેટલી સંભાળ શરીર માટે રાખો છો તેના સોમા ભાગની સંભાળ પણ આત્મા માટે રાખો છો ? શરીરમાં કે કપડામાં પડેલા ડાઘને દૂર કરવા માટે તમે તરત જ તૈયાર થઈ જાઓ છો, પણ

આત્મામા કેટલા ડાઘ પડ્યા છે? છતા ભગવાન જેની ના પાડે તે જ આચરણ તમે કરી રહ્યા છો ભગવાનને રીઝવવા માટે સર્વીપણુ કરવુ પડે છે

अणाणाए एगे सोवट्ठाणे, आणाए एगे निरुवट्ठाणे, एयं ते मा होउ एयं कुसलस्स दंसणं ॥

—આચારાગસૂત્ર અ ૫, ઉ ૬.

કેટલાક જીવો આજ્ઞા બહાર ઉદ્યમી વર્તે છે, અને કેટલાક જીવો આજ્ઞામા નિરુદ્યમી વર્તે છે આવુ તને ન હો આજ્ઞામા જ તારો ઉદ્યમ હો અને આજ્ઞા બહાર તારો ઉદ્યમ ન હો તમે તમારા સ્વામીને રીઝવી શકો તેમ છો? જો રીઝવવા હોય તો સસારની આસક્તિ છોડવી પડશે આત્માર્થી જીવને તો ત્યાગ જોઈએ છે, ભોગ જોઈતો નથી, એને વૈરાગ્ય ગમે છે, વિલાસ નહી, તેને સત જોઈએ છે, સતાન નહી, તેને ધર્મ પ્રિય છે, ધન નહી, તેને મોક્ષ જોઈએ છે, પણ મરણ નથી જોઈતુ, તેને સુગતિ જોઈએ છે, દુર્ગતિ નહી ભગવાન કહે છે કે જેમ તમે ધન મેળવવામા અતૃપ્ત છો તેવા જ જ્ઞાન મેળવવામા અતૃપ્ત બનો તમે એક સામાયિક કરવાની બાધા લીધી હોય ને ફુરસદ હોવા છતા બે સામાયિક કરતા નથી પણ એકવાર સો રૂપિયા મળી ગયા હોય, છતા બીજીવાર મેળવવા માટે તો દોડાદોડી કરી મૂકો છો. તમારી તૃષ્ણા તો પારાવાર છે જેની તૃષ્ણા વિશાળ છે, તે મોટામા મોટો કગાળ છે તમે અસતોષની ભભૂકતી જ્વાળામા સળગી રહ્યા છો. માટે આ અવસર મળ્યો છે, તેને લેખે લગાડો

દૃષ્ટાન્ત—બાદશાહ અકબર અને બિરબલ એકવાર નગરચર્યા જોવા નીકળ્યા દરેક પ્રજાજનો બાદશાહને સલામ ભરતા જતા હતા ચાલતા ચાલતા બજારમા એક વાણિયો પોતાની દુકાનમા લમણે હાથ દઈને બેઠો હતો તેના પર બાદશાહની દૃષ્ટિ પડી ગઈ આથી બાદશાહે પૂછ્યુ, ' બિરબલ ! મારી બધી પ્રજા મને ઝૂકીઝૂકીને સલામ કરે છે, દરેકના મો પર આનદ છે ને આ વાણિયો ઉદાસ કેમ બેઠો છે?" બિરબલે જવાબ આપ્યો, ' જહાપનાહ ! ' **बनिया सदा उदासा.**"

સ્વયં ભગવાન પણ એની ઉદાસીનતા મટાડી શકે નહીં બાદશાહે કહ્યું ભલે એમ તે હોય ! એને મારી પાસે બોલાવો. હું એની ઉદાસીનતા મટાડી દઉં

વણિકને બોલાવવામાં આવ્યો. બાદશાહે તેને પૂછ્યું કેમ શેઠ ! તમે આટલા બધા ઉદાસ બનીને બેઠા છો તો કોઈ વેપારમાં મોટી ખોટ આવી છે કે કોઈ બીજી ઉપાધિ આવી પડી છે ?

હજુર ! વણિક બોલ્યો હું એક સાધારણ સ્થિતિનો વેપારી છું શિયાળાની મોસમ આવી, ને મેં વેપારની લાલચમાં ધાબળાઓની ખરીદી કરી પણ મારી ધારણા પ્રમાણે ઘરાકી વધી નહીં ને મારી મૂડી ધાબળામાં રોકાઈ ગઈ હવે આવતા શિયાળા સુધી મારો વખત બગડી ગયો છે

કેટલા ધાબળા વધ્યા છે ? બાદશાહે પ્રશ્ન કર્યો. લગભગ દોઢસો ધાબળા પડ્યા રહ્યા છે શેઠે જવાબ આપ્યો. શેઠનો જવાબ સાંભળીને બાદશાહ બોલ્યો શેઠ ! એમાં શું મોટી વાત છે ? આવતી કાલથી તમારા ધાબળાઓની ઘરાકી વધી જશે. માટે હવે ઉદાસીનતા છોડી દેજો. વણિક બોલ્યો પણ હજુર ! અત્યારે ઉનાળો બેઠો છે. હવે કોઈ એક પણ ધાબળો ખરીદે નહીં ને આપ કહો છો કે ધાબળાની ઘરાકી વધી જશે ! બાદશાહે કહ્યું એ બધું આવતી કાલે જણાશે. તમે દોઢસોએ ધાબળા ગોઠવીને તૈયાર રાખજો.

રાજા ના મિત્રએ બાદશાહને કહ્યું નામદાર ! સાધારણ આમ તો એક દાવ છે પણ ભારે તોફાની માણસને એથીસાથે અખિત્યાર આમ સાજશી હોય છે પણ એ વણિકની ઉદાસીનતા મટી શકશે નહીં બાદશાહે જવાબ આપ્યો એના બધા ધાબળા આવતી-કાલે વેચાઈ જશે ને ઉદાસીનતા ચાલી જશે ! બીજે દિવસે ભરી સભામાં બાદશાહે આજ્ઞા કરી આવતી કાલથી સભામાં આવનારે નવા ફેશનના ધાબળા ઓઢીને આવવું જે કોઈ નવો ધાબળો ઓઢીને નહીં આવે તેને પાંચસો રૂપિયા દંડ થશે ! રાજાની આજ્ઞાથી

બધાને આશ્ચર્ય થયુ કે ભર ઉનાળામા રાજાએ આવી આજ્ઞા કેમ કરી હશે ? પણ હવે તો બાદશાહની આજ્ઞા પાળ્યે જ છૂટકો

બીજે દિવસે સવારથી જ વાણિયાની દુકાનમા ઘરાકી વધી પડી શરૂઆતમા તો તેણે અઢી રૂપિયામા ખરીદેલો ધાબળો પાચ પાચ રૂપિયે વેચવા માડ્યો, પણ દસેક ધાબળા વેચ્યા બાદ તેને લાગ્યુ કે એકના બમણા કરવા એ બરાબર નફો ગણાય નહી, એટલે તેણે ધાબળાનો ભાવ દસ રૂપિયા કરી નાખ્યો પણ દસ રૂપિયામાયે ધાબળા માટે પડાપડી થવા માડી પચાસેક ધાબળા વેચાયા બાદ તેણે ધાબળાનો ભાવ પચાસ રૂપિયા કરી નાખ્યો પણ ધાબળા તો ચપોચપ ઊપડવા લાગ્યા હવે તેણે એક ધાબળાની કિમ્મત એકસો રૂપિયા કરી નાખી આમ કરતા કરતા છેલ્લે એક જ ધાબળો બાકી રહ્યો, ને બાકીના ધાબળા ઊપડી ગયા વાણિયાની દુકાનમા રૂપિયાનો ઢગલો થઈ ગયો સૌથી છેલ્લે બિરબલે જઈને વાણિયાને પૂછ્યુ, ' શેઠ ! ધાબળાનો શો ભાવ છે ? ' વાણિયો બોલ્યો, ' સાહેબ, ધાબળા તો બધા ખલાસ થઈ ગયા

બિરબલે કહ્યુ, ' શેઠ ! ગમે તેમ કરીને દુકાનમાથી એક ધાબળો શોધી આપો તમારે જોઈએ તો બેપાચ રૂપિયા વધારે લેજો, પણ આવતી કાલે જો ધાબળો લઈને સભામા નહી જાઉ, તો પાચસો રૂપિયા દડ ભરવા પડશે ' વાણિયાને ધાબળાની ઘરાકી વધવાનુ કારણ હવે જ સમજાયુ એણે વિચાર કર્યો કે હવે એક જ ધાબળો બાકી રહ્યો છે, માટે અઢીસો રૂપિયા કિમ્મત બતાવીશ તોપણ ધાબળો તો વેચાઈ જ જવાનો છે ' આમ વિચારીને વાણિયો બોલ્યો, ' એક જ ધાબળો માડમાડ બચ્યો છે, પણ તેના અઢીસો રૂપિયા પડશે ! ' અને અઢીસો રૂપિયા ચૂકવીને બિરબલે ધાબળો ખરીદી લીધો

બીજે દિવસે બાદશાહ ને બિરબલ વળી પાછા બજારમા નીકળ્યા અને જ્યા જોયુ તો વાણિયો એની એ દશામા લમણે હાથ દઈને બેઠો હતો બાદશાહે તેને પૂછ્યુ, ' શેઠ ! તમારા ધાબળા વેચાઈ ગયા છતા તમે હવે કેમ ઉદાસ છો ? ' વાણિયો બોલ્યો, ' હજુર ! મારી

ઉદાસીનતાનું કારણ શું છે ? મારા ભાઈ રૂપિયે પાશેર ઘાણનાં આ આતમાં દશ રૂપિયા જેવી મામૂલી કિંમતમાં વેચાયા પછી વીસ, પચાસ અને સો રૂપિયામાં એક એક ઘાણ ગયો, પણ છેલ્લો ઘાણ તો અગીઆર રૂપિયામાં વેચાયો. મને જો પ્રથમથી ખબર પડી હોત, તો એક પણ ઘાણ દશ રૂપિયામાં વેચત નહીં ને બધાની કિંમત અગીઆરસો ભરી જાત. મારી થયેલી ભૂલ માટે હું ઉદાસ છું. કારણ કે હું કર્મના સ્વરૂપનું આસ્વાદ મનમાં સમજી ગયા અને ચાલતા થયા. બિરબલે કહ્યું જેમ જહાંપનાહ ! મેં કહ્યું હતું ને કે **વણિયા સદા ઉદાસી** તે બરાબર છે ને !

તમે પણ તમારા તૃષ્ણાના મિનારાઓ ઊંચા ને ઊંચા બાંધતા રહ્યા છો. એ મિનારાઓને ટાળવાની જરૂર છે. પ્રારંભમાં ભલે તો ભણો જ રહેવાનું છે માટે દેવાધિદેવ ઓળખી કરો. જ્ઞાનીઓ કહે છે કે—

> અજ્ઞાનિયા ! તું આપણા આ બેસી રહે ને ભારમાં,
> તું નહિ ડૂબમાં તો કમ રહી તારમાં.

માટે પરવસ્તુની મહેનત છોડીને આત્મા તરફ લક્ષ કરો. મુમુક્ષુ આત્મામાં સંવેગ અને નિર્વેદ ઓળખવા પ્રમાણમાં હોય જ છે. જો એ બે સંવેગ આવે તો **સેવેગ મવગાહમેવ સિજઝઈ** —તે જ ભવે સિદ્ધ બની જાય. માટે જ તમે શિવરમણીને વરવા માટે તૈયારી કરજો.

દુનિયાના ત્યાં આવેલા રાજાઓ તો દ્રૌપદીને વરવા માટે તાલાવેલી કરી રહ્યા છે. ખૂબ ઠાઠમાઠથી અને સજ્જ બનીને સૌ રાજાઓ પોતપોતાની યોગ્યતા પ્રમાણે હાથી ઘોડા રથ આદિમાં બેસીને મંડપમાં આવ્યા અને સૌ સૌના નામથી અંકિત આસનો પર બેસીને મંડપની શોભા નિહાળવા લાગ્યા. હવે દ્રૌપદી મંડપમાં ક્યારે આવે તેની રાહને જોતા હતી.

ૐ શાન્તિ.

*

વ્યાખ્યાન : ૮૯

(સોમવાર, તા ૭-૧૦-૬૭)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને **સિદ્ધાન્ત કહે છે.**

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે શ્રીકૃષ્ણ વાસુદેવ અને દશાર, બલદેવાદિ રાજાઓનો સમૂહ પોતપોતાને સ્થાને ગોઠવાઈ ગયા પછી દરેક રાજા દ્રૌપદીની રાહ જોવા લાગ્યો દ્રૌપદીનો હર્ષ પણ માતો નથી જે જીવો સસારની માગણી કરતા હોય, જેને સસાર ગોઠતો હોય, એને લગ્નના સમયમા હર્ષ હોય દ્રૌપદીએ શતપાક, સહસ્રપાકાદિ તેલોનુ અભ્યગ કરી, સ્નાન કરી, વસ્ત્રો સજી, ભાર થોડો અને મૂલ્ય ઘણુ હોય તેવા અલકારો ધારણ કર્યા કેડમા રત્નજડિત કદોરો, ગળામા ત્રણસરા અને નવસરા હાર, હાથમા રત્નજડિત કકણો, કાનમા કુડલ, પગમા રત્નજડિત નૂપુરો આદિ શૃગારો-થી સજ્જ થઈને દ્રોપદી કામદેવના મદિરે ગઈ પ્રણામ અને યથાયોગ્ય પૂજન કરીને એ કહેવા લાગી.

કરી પૂજા કામદેવની, ભાખે દ્રૌપદી નાર,
દેવ દયા કરી મુજને, ભલો દેજો ભરથાર

દ્રૌપદીએ સારા પતિની માગણી કામદેવ આગળ કરી છે જ્ઞાતા-સૂત્રની કેટલીક પાછળથી લખાયેલી પ્રતોમા લખ્યુ છે કે પ્રતિમા પાસે જઈને દ્રૌપદીએ '**નમોત્થુણં**' કહ્યુ પરતુ ભરૂચના ભડારમા તાડપત્ર પર લખાયેલી ૭૦૦ વર્ષ પહેલાની પ્રતોમાં તેમ લખાયેલ નથી પરતુ

તેમાં આ પ્રમાણે પાઠ છે **जिणपडिमाणं अच्चणं करेइ, करित्ता मेणेव अंतेउरे तेणेव उवागच्छइ** —બીજા પુસ્તકરૂપે છતાવેલાની શ્રી રત્નચંદ્રજીમુનિ જણાવે છે કે દ્રૌપદીને અંગે જિનપૂજા વિષે જે આપેલો સૂત્રોમાં આવી છે તે કેટલીક વધારે પડતી છે અને સબબ વિનાની છે આમ અમારી શોધ પરથી જણાઈ આવ્યું છે તેઓશ્રી લખે છે કે—

અમારા આગમના ચાતુર્માસ દરમ્યાન શ્રી સુધીરવિજયના પ્રશિષ્ય શ્રી રત્નવિજયના ભંડારમાં પડિમાત્રાની પ્રાચીન પ્રતિ જોવામાં આવી. તેના ઉપરથી જણાય છે કે આવી પ્રતોમાં **नमोत्थुणं** નો પાઠ નથી વળી અભયદેવસૂરિએ ઠાણાંગ આદિ નવ અંગો પર ટીકા લખી છે તેમણે જ્ઞાતાસૂત્ર પર વિક્રમ સંવત ૧૧૨ માં ટીકા લખી છે તેમાં તેમણે પોતાની પ્રતમાં **नमोत्थुण** રહિત પાઠ રાખ્યો છે અથવ **नमोत्थुणं** કે તે સબંધી બીજા પાઠોની ટીકા તેમણે કરી જ નથી.

વળી ઠાણાંગસૂત્રમા ત્રણ પ્રકારના જિન કહેવામાં આવ્યા છે (૧) અવધિજ્ઞાની જિન (૨) મન પર્યવજ્ઞાની જિન, અને (૩) કેવળજ્ઞાની જિન. તેમા પ્રથમના અવધિજ્ઞાની જિન ભાગી થઈ શકાય. માટે દ્રૌપદીએ કામદેવની પૂજા કરી એમ સાબિત થાય છે કારણ કે સંપૂર્ણ વીતરાગી પ્રભુ પાસે કે ત્યાગીની પાસે ભોગની માગણી કરનાર મૂર્ખ ઠરે છે

દ્રુપદરાજાએ આ સ્વયંવરના પ્રસંગ નિમિત્તે મદ્ય માંસ, અન્ન પાણી ખાદિમ સ્વાદિમ આદિ તમામ પ્રકારનો આહાર તૈયાર કરાવ્યો હતો આથી સિદ્ધ થાય છે કે દ્રુપદરાજા ન તે સમકિતી અથવા શ્રાવક હોત તો આવી ભોજનસામગ્રી એ તૈયાર કરાવે જ નહીં દ્રૌપદીને પણ તે વખતે સમકિત હોય તેવો કોઈ પુરાવો મળતો નથી.

વળી મૂર્તિપૂજાની જો અતિ આવશ્યકતા હોત, તો પંચપરમેષ્ઠિ- પદના નમસ્કાર સાથે છઠ્ઠું પદ નક્કી હોત. તે ઉપરાંત આનંદાદિ

દસ શ્રાવકો તથા તુગિયા નગરીના શ ખપોખલીજી શ્રાવકો આદિ ઘણા અધિકારોમા પણ ઘરદેરાસરની કોઈ વાત નીકળતી નથી જ્યા જડ પૂજાની શરૂઆત થઈ, ત્યા દયાધર્મને દેશવટો દેવાયો પ્રભુ તો છકાયના રક્ષક ને છકાયના નાથ છે તે ભગવાન હિંસાએ ધર્મ કેમ પ્રરૂપે ? આચારાગ-સૂત્રના ચોથા અધ્યયનના બીજા ઉદ્દેશમા હિસાથી દોષ નહી માનનારનુ વચન 'અનાર્યવચન' બતાવ્યુ છે વળી '**दोसं दुग्गइवड्ढणं**'— હિસા એ દુર્ગતિમા લઈ જવાનુ કારણ છે એમ દશવૈકાલિક આદિ સૂત્રોમા ઠેર ઠેર કહ્યુ છે માટે—

પુત્ર કહે માતા વાંઝણી, વાત ન માને કોઈ,
એ દષ્ટાન્તે જાણજો, હિસા ત્યા ધર્મ ન હોય

દીકરો કહે કે મારી મા વાઝણી છે, તો એ વાત અસત્ય જ છે એમ હિસામા ધર્મ માનવો તે મિથ્યા છે જૈનોના સાધુસાધ્વીને સ્નાન, માળા, વિલેપન, વિભૂષા, દાગીના, સચેત પુષ્પ, સચેત પાણી આદિ કલ્પે નહી, તો જેને પ્રભુ માન્યા તેને તો કેમ જ કલ્પે ? તિથિને દિવસે, પર્યુષણ તેમ જ ઓળી આદિ દિવસોમા શ્રાવકો લીલોતરી શાકની બધી કરે, અને ધર્મને નામે પ્રભુ પર પુષ્પ ચડાવવા અને ફળો મૂકવા આદિમા પાપ ન માનવુ એ શુ મિથ્યા નથી લાગતુ ? માટે તમે તમારી બુદ્ધિને કસો અને વિચાર કરો કે જે પ્રભુએ જન્મ, જરા અને મરણ તજી દીધા અને પરમપદ નિર્વાણની પ્રાપ્તિ કરી તે પ્રભુને ફરી વાર કોઈ માતા બનીને જન્મ કરાવે, કોઈ તેના પિતા બને અને કોઈ માનવ ઇન્દ્ર-ઇન્દ્રાણી બનીને નાટક ભજવે એ શુ યોગ્ય કર્તવ્ય છે ? નાટક જેવા બેસો અને પ્રભુને પારણા આદિમાં ઝુલાવવા એ શુ જૈનદર્શનથી વિરુદ્ધ નથી ? ક્યા અતીન્દ્રિય પરમાત્મા અને ક્યા એકેન્દ્રિય પ્રતિમા ? પ્રભુમા અનત ગુણો સિદ્ધાન્તપ્રતિપાદિત છે, ત્યારે તેમની પ્રતિમામાં એક ગુણ પણ દેખાય નહી ! પ્રભુ અનાહારી નિરાહારી અને પ્રતિમા પાસે અન્નકૂટ પૂરવા એ ક્યાનો ન્યાય છે ?

વળી શાસ્ત્રોમાં જિનપ્રતિમા શાશ્વતી વર્ણવી છે. કોઈ કારીગરે ઘડીને એની રચના કરી હોય તે શાશ્વતી કહી શકાય નહીં. દેવતાઓ તો આવી પ્રતિમાઓ બારસાખ અને ચોપડાઓ આદિને પૂજે છે એ તેમનો જિત આચાર છે. પણ પ્રભુનો અહિંસાધર્મ અંગીકાર કરનારને ધર્મના બહાના નીચે આરંભ હિંસાદિ કરવાની વીતરાગે આજ્ઞા કરી નથી. જડ આલંબનને આટલું મહત્ત્વ આપ્યું નથી. જ્ઞાનીઓએ તો ઔપપાતિક સૂત્રમાં ચાર આલંબનો બતાવ્યાં છે : **धम्मस्स झाणस्स चत्तारि आलंबणा पण्णत्ता तं जहा—वायणा पुच्छणा परियट्टणा धम्मकहेत्ति।** આ ચાર આલંબનો છે (૧) વાચના એટલે ગુરુ પાસેથી સૂત્રના અર્થસહિત વાચના લેવી. (૨) પૃચ્છના તે અપૂર્વજ્ઞાન પામવા માટે સંશય નિવારવા માટે પરની પરીક્ષા લેવા માટે અને જિનેશ્વરના માર્ગને દીપાવવા માટે પ્રશ્ન પૂછવા. આમ પ્રશ્ન પૂછવાથી જ્ઞાનમોહનીયને મિથ્યાત્વ મોહનીય કર્મ છેદાઈ જાય છે (૩) પરિવર્તનાથી પૂર્વે ભણેલા જિનભાષિત સૂત્રો અસ્ખલિત થાય, બહુ લબ્ધિ પ્રાપ્ત થાય. માટે તેનું વારંવાર રટણ કર્યા કરવું (૪) ધર્મકથા એટલે ધર્મની કથા વાંચવી અને સાંભળવી. આથી નિર્જરા થાય અને સંસાર પ્રત્યે ઉદાસીનતા આવી જાય.

નવલિકાઓ વર્તમાનપત્રો આદિ શૃંગાર રસ કે રજનીકથાઓ એ વિકથા છે. ઉપર દર્શાવેલાં ચાર આલંબનો સિવાય બીજું કોઈ આલંબન નથી. આજે તો જડપૂજનનો જમાનો વધ્યો છે પરંતુ ગુણ એ પૂજાસ્થાનીય છે આકૃતિ નહીં માટે ગુણોની પૂજા કરો. પ્રભુની આજ્ઞા એ જ ધર્મ છે **आणाए मामगं धम्मं** (આચારાંગસૂત્ર, અ. ૬ ઉ. ૨) તીર્થંકરદેવ કહે છે કે આજ્ઞાની આરાધનામાં જ મારો ધર્મ છે. મનુષ્યોને માટે આ કેટલું એક ફરમાન છે!

રાજાની પાસે આવીને કોઈ પુરુષ એમ કહે કે મારે તમારી ભક્તિ કરવી છે અને એ રાજાના જ પુત્રોને વધેરીને તેના લોહી-માંસ રાજાને ચડાવે તો રાજા ખુશી થાય ખરો? અથવા તો એ પુરુષ રાજાની

ભક્તિ કરી કે અભક્તિ ? તેવી જ રીતે ફલ-પુષ્પાદિ વનસ્પતિ ધરાવવાથી અને આમ્ગ આદિથી, તાલીઓ પાડવાથી અને ઉઘાડે મોઢે બોલવાથી અનેક જીવોની હિંસા થાય છે ધૂપ અને દીવાથી, યજ્ઞ હોમ હવનાદિથી તેજસ્કાયની હિંસા થાય છે પખાલ આદિ સ્નાન કરવાથી પાણીની હિંસા થાય છે વાજિત્ર, દાંડિયારાસ આદિથી વાયુકાયના જીવોની હિંસા થાય છે મૂર્તિ બનાવવામા પૃથ્વીકાયની હિંસા થાય છે માટે આત્માર્થી જીવોએ ભગવાનના છ પુત્રો સમાન છકાયની હિંસા ધર્મને નામે કરવી તે ઉચિત નથી માટે હિંસા અને રંગરાગથી અટકો વિલાસ છોડી વિકાસ સાધો કેવળી પ્રભુએ ધર્મના ચાર આલબનો કહ્યા છે તેને જ પકડો અન્યની દેખાદેખીથી કે તમારા મોજશોખને તૃપ્ત કરવાને ખાતર પણ આવુ આચરણ છોડો ભગવાને સયમને જ યાત્રા કહી છે, ઇન્દ્રિય અને મનના નિગ્રહને જપ કહ્યો છે આમ ભગવતીસૂત્રમા કહ્યુ છે માટે શાસ્ત્રને વાચો, વિચારો અને જડભાવની બદીને દૂર કરીને ચૈતન્યભાવને ઉજાળો

કામદેવની પૂજા અને પ્રાર્થના કરીને દ્રૌપદી પોતાની દાસીઓ સાથે અત પુરમા આવી ત્યાથી સ્વયવરમડપમા આવવા માટે તૈયાર કરેલા રથમા તે બેસશે ત્યા શુ બનશે તે અવસરે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૯૦

(મંગળવાર તા. ૮-૧૦-૧૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. મણે મળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં દ્રૌપદીનો અધિકાર આવે છે ભગવાનની વાણી વિઘ્ન હરનારી, શાન્તિ સ્થાપનારી આપત્તિને દૂર કરનારી તથા મંગળ કરનારી છે આવા વીતરાગની વાણીની સાધના ૪૧ આદિ કરનારનું કલ્યાણ થઈ જાય છે આ વાણી આત્માને ઊંચે લઈ જનારી છે જેને મોક્ષની સાધના કરવી હોય તેને ગુણગ્રાહી બનવું જોઈએ શ્રી દેવચંદ્રજી મહારાજ તેરમા જિનેશ્વર શ્રી વિમલ નાથ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે—

તારા શુદ્ધ સ્વભાવને જી આદરે ધરી બહુ માન,
તેહને તેહી જ નીપજે જી એ કોઈ અદ્ભુત તાન.
વિમલ જિન! વિમળતા તાહરીજી અવર બીજે ન સમાય.

હે પ્રભો! આપ સર્વગુણસંપન્ન બન્યા છો. જે આપના ગુણોની સ્તુતિ-ભક્તિ કરે તેને આપના જેવી વિમળતા પ્રાપ્ત થાય છે. ગુણહીન ૮ ગુણોની કદર હોય છે માટે ગુણગ્રાહક બનો. નદીઓનાં મીઠાં પાણી સમુદ્રમાં આવ્યા ૧૫ પછી એ વાળ્યાં ખારાં નહીં. તમારાં યૌવન અને આયુષ્ય નદીના પાણીની પેઠે વહી રહ્યાં છે માટે આત્મામાં ભગવાનના ગુણોની કદર કરો. સમકિતી જીવન ગુણ સ્વભાવ અને

મોક્ષ જોઈએ છે ચાર ગતિ, ચોવીસ દંડક અને ચોરાસી લાખ યોનિમા ભટકતા જીવે દુર્ગુણને જ ગ્રહણ કર્યા છે તમારામા ગુણ વધે છે કે દુર્ગુણ ? ભગવાન મહાવીરસ્વામીએ ત્રીસમે વર્ષે સસારનો ત્યાગ કર્યો દેવાગનાઓ પણ પ્રભુના ચિત્તને ડોલાવી શકે નહી એવી એમની દઢતા હતી

> चित्रं किमत्र यदि ते त्रिदशांगनाभि-
> र्नीतं मनागपि मनो न विकारमार्गम् ।
> कल्पान्तकालमरुता चलिताचलेन
> किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ॥

ભક્તામરસ્તોત્ર, શ્લો. ૧૫.

'ભગવાનને દેવાગનાઓ ચલિત કરવા આવે, છતા તેમના મનનો એક પર્યાય પણ વિકારમય ન બને પરન્તુ તેમા કાંઈ આશ્ચર્ય નથી, અનેક પર્વતોને ચલાયમાન કરી દેનાર પ્રલયકાળનો મહા તોફાની પવન પણ શુ મેરુપર્વતના શિખરને ચલાયમાન કરી શકે છે ?' આવા ભગવાનના ગુણો ગાનાર નિર્મળ અને અચલ બની શકે, પરન્તુ ગુણ ગાનારની આરાધના નિર્વિઘ્ન હોવી જોઈએ

પરન્તુ જે માનવની દૃષ્ટિ, ભાવ, ભાષા, સગીત અને ખાનપાનમા અગારા ભર્યા હોય, જેના આચાર અને વિચાર આછકલા હોય, તે પતનને માર્ગે જાય છે દ્રૌપદીએ કામદેવની સ્તુતિ કરી જેના પૂર્વજન્મમા ભોગની ભડભડતી ભૂખને ભીખારીએ પણ પૂર્ણ ન કરી અને પાચ પાચ પુરુષોથી સેવાયેલી વેશ્યાને જોઈને જેના ચલિત થયેલા હૃદયમા વિષય પ્રત્યેની ભાવના જાગી હતી એ જ દ્રૌપદીએ નિયાણાના કારણથી કામદેવની પાસે જઈને પણ કામવિકાર પૂરો કરનાર પતિની જ માગણી કરી, કારણ કે નિયાણાનો પ્રભાવ જોર કરી રહ્યો હતો અતપુરમા જઈને તેણે વસ્ત્રાભૂષણો ધારણ કર્યા દાસીઓથી વીંટાઈને એ ચાર ઘટાવાળા અશ્વરથમા બેઠી અને કાપિલ્યપુરના મધ્યભાગમા

ગઈ ને પોતાની ધાવમાતાની સાથે સ્વયંવરમંડપમાં આવી. મંડપના મધ્ય ભાગમાં આવીને તેણે બધા રાજાઓને વિનયપૂર્વક વંદન કર્યું. તેના હાથમાં એક પુષ્પનો દડો અને મોટી પુષ્પમાળા હતી. દાસીએ પોતાના હાથમાં એક વિશાળ દર્પણ રાખ્યું. દ્રૌપદી એ દર્પણમાં જુદા જુદા રાજાઓના પ્રતિબિંબ જોવા લાગી. ચતુર દાસી દર્પણમાં એક એક રાજાનું પ્રતિબિંબ બતાવતાં તેનાં કુળ, શીલ, માતાપિતા મોસાળપક્ષ વગેરે અને ભગિનીઓનું વર્ણન કરતી જાય છે. પ્રતિબિંબમાં પડતું તે તે રાજાનું સ્વરૂપ દ્રૌપદી નિહાળતી જાય છે. આજકાલના સમયમાં કન્યા આપતી વખતે કુળના જીવનનો મૂલ્યાંકન પણ જોવાતો હતો. કુળપરંપરાની પરંપરામાં ન્યાય, શીલ અને પ્રામાણિકતા પર પણ પૂરતું ધ્યાન અપાતું.

દૃષ્ટાન્ત—એક શેઠને ત્યાં ચાર પુત્રો હતા. તેમાં ત્રણને પરણાવેલા હતા. ચોથો પુત્ર નવનીતલાલ વિદ્યાભ્યાસ કરતો હતો. તેમાં એકવાર મોટા પુત્ર પ્રેમચંદને ગામના દીવાને કહ્યું, તમારા નાનાભાઈ નવનીત વેરે મારી પુત્રી તારામતીનું સગપણ કરવાની મારી ઇચ્છા છે. તમે તમારા પિતાને પૂછીને મને જવાબ આપજો. પ્રેમચંદે ઘેર આવીને પિતાને વાત કરી. પણ પિતાએ તરત જ જવાબ આપ્યો કે આપણે એ દીવાનની પુત્રીને વહુ બનાવવી નથી, માટે બીજે ક્યાંય સારી કન્યા હોય તો શોધ કરો. પિતાનો આ જવાબ પ્રેમચંદને ન ગમ્યો. તેણે મનમાં વિચાર કર્યો કે પિતાજી તો વૃદ્ધ થયા છે. દીવાન જેવાની આપણને ઓથ મળે ને વેપારમાં આડીખૂટી આવે તોપણ મોટા માણસની સહાય મળે. વળી સામે પગલે દીવાનસાહેબ કહેવા આવે છે તો એની ના પાડવી શું કહેવાય? માટે આવેલી લક્ષ્મીનો અનાદર ન કરવો.

ત્રણેય ભાઈઓ એકમત બની ગયા. બાપ સમજાવીને બેસી રહ્યો. દીવાનપુત્રી તારામતી નવનીતની વહુ બનીને ઘરમાં આવી ગઈ. દીવાને પોતાના મનમાં પ્રમાણે વિચાર કર્યો.

હવે તો ખાવા બેસતી વખતે તારામતી રસોઈ પણ બનાવવા લાગી રોટલીના ફૂલકા થાળીમા આવતા પ્રેમચદ કહેતો, ' બાપા ! આ ફૂલકા તારામતીએ બનાવ્યા છે ' મનમા ને મનમા સમજીને શેઠ બોલતા, ' હા ભાઈ ! મોટાની દીકરી છે, એટલે એની ચતુરાઈમા તો કહેવાપણુ શુ હોય ! '

આમ કરતા કરતા દુકાનનો વેપાર નબળો પડવા લાગ્યો અને વેપારમા પણ મોટી ખોટ આવી પડી શેઠે હવે વેપારનુ કામ છોડી દીધુ હતુ આથી પુત્રોએ આવીને પિતાની આગળ પેઢીની સ્થિતિની વાત કરી શેઠ બોલ્યા, ' ભાઈ, વ્યવહારના કામમા દખલ દેવાનુ મે તો ક્યારનુ છોડી દીધુ છે હવે તમે જાણો ને તમારો વેપાર જાણે, અને બહુ મૂઝાયા હો તો જેની તમે ઓથ શોધી છે તેની પાસે જાવ એ તમારી ભીડ ભાગી દેશે ! '

પ્રેમચદ આજે દીવાનસાહેબને મળવા ગયો દીવાને આવકાર આપીને ચાપાણીનો વિવેક કર્યો ચા પીતા પીતા પ્રેમચદે વાત કરી, ' હુ આજે તમારી પાસે એક કામે આવ્યો છુ ' દીવાને જાણ્યુ કે, ઓફિસના તુમારો સબધી કાઈક સાધારણ કામ હશે આથી તેણે કહ્યુ, ' એક શુ, હજાર કામ હોય, તોપણ બતાવો ' પ્રેમચદે ધીમે રહીને કહ્યુ, ' વેપારમા થોડી ખાધ જવાથી હુડીઓ પાછી ફરે એવો સયોગ છે, માટે એક અઠવાડિયા માટે પચાસ હજાર રૂપિયા '

' રૂપિયા ! ' દીવાનસાહેબે ઉત્તર આપ્યો, ' હુ તો નોકરિયાત માણસ છુ વળી દીકરીના લગ્ન કરવામા મારી શક્તિથી ઉપરાત ખર્ચ થઈ ગયો છે મારી પાસે એટલી બચત નથી જો હોત, તો તમને ના પાડત નહી '

આજે પહેલી જ વાર કામ પડ્યુ ને દીવાને ગોળ વીટીને આપેલો જવાબ પ્રેમચદને ગમ્યો નહી એની આશાના ચૂરેચૂરા થઈ ગયા ઢીલે મોઢે એ બાપ પાસે આવ્યો અને બોલ્યો, ' દીવાનસાહેબ

તો રૂપિયા આપવાની ઘસીને ના કહે છે શેઠ બોલ્યા તો હવે
તમારું તમે જાણો. તમે મોટે ઉપાડે ઓચ્છવ કરાવવા નીકળ્યા હતા.
એ ઓચ્છવ જ્યારે સારી ન નીકળી, ત્યારે હું શું કરું?

પ્રેમચંદ અને બીજા ત્રણેય પુત્રો દીધા પછી ગયા. તેણે બાપને
કહ્યું જેમ તેમ કરો પણ આ બાબતનો નિકાલ તો લાવવો જ
પડશે. તમે વધોરક ને અનુભવી છો. કંઈક માર્ગ બતાવો.' શેઠ
બોલ્યા તો એમ કરો. મારા ત્રણેય મોટા પુત્રની વહુઓ તો ગરીબ
ઘરની છોકરીઓ છે તેમનાં માબાપે તો જાડું જાડું તો પણ વીસ તોલા
સોનું આપ્યું હશે અને દીવાનની છોકરી તો ઘણું ઘણું સોનું લાવી
હશે. બોધ વિશ્વ માટે એ બધાંના દાગીના લઈને ગીરો મૂકી દો
ને તમારો વ્યવહાર પતાવો. એ સિવાય બીજો માર્ગ નથી. ચારેય
ભાઈઓને આ વાત ગમી ગઈ ચારેય વહુઓને કહેવામાં આવ્યું
કે સૌ સોના દાગીના અહીં હાજર કરો. ત્રણેય વહુઓએ તો
માત્ર હાથની બંગડીઓ અને નાકના હીરા સિવાયના તમામ દાગીનાનો
ઢગલો કર્યો પણ આ બાજુ તારામતી પોતાની બેગ તૈયાર કરવા
લાગી. જ્યારે બધા તારામતીના દાગીનાની રાહ જોઈ રહ્યા હતા
ત્યારે તે બા ના આપવા દાગીના અને કપડાંની બેગ નોકરાણીના માથા
પર ચડાવીને બાપને ઘેર જઈ રહી હતી. બધા આ દૃશ્ય જોઈ આભા

ના ત માનતો વારો આવ્યો. તેણે પુત્રોને ઉદ્દેશીને કહ્યું
આ નવનીતનું સગપણ કરતી વખતે તમે મને પૂછ્યું હતું ને મેં
ધનાન ન ની. તેમ ના નવાણું ટકા નક્કી કરીને એક ટકા
ની માટે પૂછવા આવ્યા હતા એ પણ
સનું તેમ આ એક જનાના કન્યાને અણમોલ
ન ની આ કરી બેઠા. હવે તમે જોઈ
કે નતી તેમાંથી કોઈ ખરી કુળવાન
તે આ ગરીબ જેવા કુલીન માબાપની પુત્રીઓએ
તેના વખતે ના પાડી હતી.

ત્યારે જ મને ખબર હતી કે તમે એકવાર ખત્તા ખાવાના છો હવે મૂઝાશો નહી, મારી પાસે અગાઉની સઘરેલી થોડી મૂડી પડી છે. સામેના ખૂણામા એને દાટી રાખી છે. એને કાઢીને તમારુ કામ ચલાવો. પણ આજથી એક વાતની ગાઠ વાળી લેજો કે ધન અને રૂપના સામે નહી જોતાં કન્યા લેતી વખતે તેનાં માતાપિતાના અને કન્યાના ગુણો સામે પ્રથમ દૃષ્ટિ કરજો '

'બાપા!' પ્રેમચદે પૂછ્યુ, 'અમે તમને સગપણની બાબતમાં જ્યારે પૂછ્યુ હતુ ત્યારે તમને કેવી રીતે ખબર પડી કે આ કન્યા કુલીન નથી?'

'એ બહુ જૂની વાત છે,' વૃદ્ધ અને અનુભવી શેઠ બોલ્યા, 'આ તારામતીની માતા જ્યારે કુવારી હતી, ત્યારે એકવાર એનાથી કાઈ ખોટુ કામ થઈ જવાથી એ કૂવામા પડવા તૈયાર થઈ ગઈ હતી પછી તો એ બચી ગઈને દીવાન જેવાના ઘરમા થાળે પડી ગઈ પણ આવી માતાની છોકરીમા સારા સસ્કારો ક્યાથી હોય?'

તમે બધા આજે પૈસા, બગલો, મોટર અને એમ એ ની ડિગ્રીઓને જોતા થયા છો, પણ છોકરા કે છોકરીના સગપણ માટે એવી લાયકાત પ્રથમ જોવાની ન હોય ખરી ખૂબી ખાનદાનીની છે આજની વિદ્યાની ડિગ્રીઓ ખાનદાનીની ખાનાખરાબી કરી નાખે છે

દ્રૌપદી દર્પણમા એક એક રાજાનુ પ્રતિબિબ જોતી જાય છે ને ચતુર દાસી તે તે રાજાની ખાનદાની, વય, વિદ્યા, ગુણ, શીલ, પરાક્રમ આદિનુ વર્ણન કરતી જાય છે પ્રથમ શ્રીકૃષ્ણમહારાજનુ વર્ણન કર્યું. પછી અનુક્રમે દશ દશાર, બલદેવાદિ પ્રધાન વીરપુરુષોની પ્રશસા કરી, પુડરીક કમલસમાન ઉગ્રસેન રાજાનુ વર્ણન કરી સભળાવ્યુ આમ આગળ ચાલતા ચાલતા પૂર્વકૃત નિયાણાથી પ્રેરાયેલી દ્રૌપદીદેવી પાચ પાડવોને જોવા લાગી તેમના બળ, વીર્ય અને પુરુષાર્થ આદિનુ દ્રૌપદી આગળ દાસીએ વર્ણન કર્યું આ સાભળીને દ્રૌપદીએ એ પાચેય

પાંડવોના ગળામાં પુષ્પહાર આરોપી દીધો ને એ બોલી, 'હું આ પવિત્ર પાંડવોને મારા પતિ તરીકે સ્વીકાર કરું છું. દ્રૌપદીનો આ નિર્ણય સાંભળીને કેટલાક રાજાઓ પરસ્પર ચર્ચા કરવા લાગ્યા. એટલામાં શ્રીકૃષ્ણે ઊભા થઈને ઉદ્‌ઘોષણા કરી : દ્રૌપદીદેવીએ આ એક વસ્તુ કરી છે.

બધા રાજાઓ પોતપોતાના આવાસમાં પાછા ફર્યા. દ્રુપદરાજા પાંચ પાંડવો અને દ્રૌપદીને લઈને પોતાના રાજભવનમાં આવ્યા અને સોનાના રૂપાના તેમ જ રત્નના ૧૦૮ કલશો વડે વિધિપૂર્વક સ્નાન કરાવ્યું. ત્યારબાદ વિધિપુરસ્સર પવિત્ર પાંડવો સાથે દ્રૌપદીનાં લગ્ન થયાં. લગ્ન કરનાર દંપતી પરસ્પર દેવની સાક્ષીથી એક ગાંઠે બંધાય છે અને પરસ્પર શીલ અને સંતોષની પ્રતિજ્ઞા લે છે. પત્નીની સાક્ષીએ વરરાજા પ્રતિજ્ઞા લેતાં કહે છે : આજથી અમે ધર્મ અને નીતિના માર્ગે એક બનીને ચાલશું. ધર્મની બાબતમાં પરસ્પર અનુકૂળતા આપીશું અને પતિ તરીકે સ્વદારસંતોષ તથા પત્ની તરીકે સ્વભર્તારસંતોષ વ્રતનું પાલન કરીશું. આવકના વ્રતમાં સ્વદારસંતોષ'નો સમાવેશ છે.

પતિ અને પત્ની પરસ્પરની સમ્મતિથી યાવજ્જીવન બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે તો એ ઉત્તમ ધર્માચરણ છે. પરંતુ તેમ ન થાય તો અમુક દિવસોમાં અવશ્ય બ્રહ્મચર્યનું પાલન કરે. એમ ન બની શકે તો પણ પતિએ પત્ની સિવાયની અન્ય સ્ત્રીઓને માતા, ભગિની અને પુત્રી સમાન માનવી, અને તેવી જ રીતે પત્નીએ પતિ સિવાયના અન્ય પુરુષોને પિતા, ભાઈ અને પુત્ર સમાન માનવા જોઈએ. જ્ઞાનીઓ કહે છે કે—

બ્રહ્મચારીનું પારખું મીઠાં બોલે વેણ,
સમ જાણે ઊંચો રહે નીચાં રાખે નેણ.

આ જગતમાં દુર્જનોની હમેશાં બહુમતી હોય છે ને સજ્જનો હમેશાં ઓછા હોય છે. ન્યાય, નીતિ અને ધર્મમાં બહુમતી હોવી આવશ્યક નથી. માટે દુર્જનોનાં વાક્યો પર વિશ્વાસ ન કરજો. દુર્જન અને મંકોડા એ બીજાને દુઃખ દેવા જ સર્જાયેલા છે. આવા દુર્જનોનો

સગ નહી કરતા સાધુપુરુષોનો અને જ્ઞાનીઓનો સત્સગ કરવો જોઈએ અને સમજીને પોતે પોતાના આત્માને ઉચ્ચ સ્થિતિમા લાવવા પ્રયત્નશીલ બનવુ જોઈએ. બીજાને સુધારતા પહેલા પોતે જ સુધરવાનો પ્રયત્ન કરવો જોઈએ જ્ઞાની પુરુષો કહે છે કે—

સમજી આપ સુધારીએ, દુનિયા નહી સુધરાય,
પગે પગરખા પહેરીએ, પૃથ્વી નહી મઢાય

પૃથ્વી પર કાટા પથરાયેલા હોય, તો આખી પૃથ્વીને મઢવા ઈચ્છનાર જગતના ઉપહાસને પાત્ર બને છે પૃથ્વીને બદલે પોતાના જ પગમા જોડા પહેરીને કાટાથી બચો તમારે જો આગળ આવવુ હોય, તો તમે જાતે જ તમારુ સભાળો નવકોટીનુ બ્રહ્મચર્ય પાળનાર તો ધન્યવાદને પાત્ર જ છે. તેમ ન બને તો સ્વનારી સિવાય પરનારીના પચ્ચક્ખાણ કરો દ્રૌપદીદેવીએ પાચ પાડવો સિવાય અન્ય પુરુષોને ભાઈ અને પિતા સમાન માન્યા

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૬૧

(બુધવાર, તા ૯-૧૦-૬૪)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે. દ્રુપદરાજાએ દ્રૌપદીના લગ્ન કરીને આઠ કરોડ સોનામહોરો, આઠ કરોડ રૂપામહોરો, આઠ હ સાસનો, આઠ ગડાસનો, રત્નોના બહુમૂલ્ય આભૂષણો અને આઠ આઠ દાસદાસીઓ દ્રૌપદીને કરિયાવરમા આપ્યા રાજાઓને પણ યોગ્યતાનુસાર વસ્ત્ર-ગધ-માલા આદિની ભેટો આપીને વિદાય કર્યા.

કૃષ્ણ વાસુદેવ આદિ રાજાઓ પ્રત્યે પાંડવોએ વિનય કર્યો કે જેવી રીતે દ્રુપદરાજાના આમંત્રણથી આપ સૌ અહીં પધાર્યા હતા તેવી જ રીતે જ્યારે અમે આપને આમંત્રણ મોકલીએ ત્યારે કોઈપણ કામનું બહાનું કાઢ્યા વિના આપ સૌ અવશ્ય પધારજો.

દ્રૌપદીને સાસરે વિદાય કરતી વખતે માતાપિતા તેને શિખામણ આપે છે કે બેટા ! તારા શીલનું સર્વથા રક્ષણ કરજે. કાયાથી, વાણીથી, મનથી કે ગર્વથી પણ અસભ્યતાનું આચરણ કરીશ નહીં અને ઘરને વગોવીશ નહીં.

ઘણી વહુઓ સસરાના ઘરમાં આવીને તરત (વગોવવા મંડી જાય છે પરિણામે ઉભયપક્ષમાં વિખવાદ ઊભો થાય છે દ્રુપદરાજાએ અને તેની પત્નીએ દ્રૌપદીને શિખામણ આપતાં કહ્યું કે તારા શ્વસુર પક્ષની ફરિયાદ લઈને અમારી પાસે ન આવજે સહુથી માબાપની પુત્રીના હાથમાં ઉભયપક્ષની આબરૂ વધવાના ઉપાય રહેલો હોય છે ખાનદાનની પુત્રી બળતાં બળતાં પણ કોઈને કુવચન સંભળાવતી નથી. પાડોશમાં કે સગાંકુટુંબીઓની વચ્ચે એ સભ્યતા અને મર્યાદાથી વર્તે છે ઘર ફૂટે ઘર જાય પોતાના દુઃખની બીજાને વાત કરનારી ઘણી વાર તે માટે વહાલી બને છે અને પછીથી એ બીચારી બને છે કારણ કે કોઈ કોઈનું દુઃખ ખાંડી શકતું નથી. દરેકને પુણ્યના ઉદય પ્રમાણે સુખ અને પાપના ઉદય પ્રમાણે દુઃખ મળે છે આવેલા દુઃખને સમતાથી વેઠી લેવું જોઈએ. દુનિયા અને સંયોગ ફેરવવા ઇચ્છનારે પોતે પ્રથમ ફરવું જોઈએ.

સુજ્ઞ માતાપિતાએ પોતાનાં સંતાનોને સારા સંસ્કારો આપવા જોઈએ કારણ કે કોઈક વાર કુસંગતિમાં પડી જઈને બાળક બગડી જાય છે સમાન માણસના વિચારો સમાન હોય છે

દૃષ્ટાન્ત—એક જ જગ્યાએ બંધાયેલાં ગાય અને ગધેડો સાથે રહેતાં હતાં. એક વાર ગાયે ગધેડાને પૂછ્યું તમારો માલિક તમારી

પાસેથી ખૂબ કામ લે છે, છતા ખાવાનુ તો આપતો નથી, તો પછી તમે આટલા બધા હૃષ્ટપુષ્ટ કેમ રહો છો?' ગધેડાએ કહ્યુ, 'અહીંથી છૂટ્યા પછી મારી સાથે આવે તો હુ તને બતાવુ કે હુ કેવો સારો ચારો ચરુ છુ' ગાયે ગધેડાનો સગ કર્યો ગધેડો તેને એક મજાના લીલા ખેતરમા લઈ આવ્યો બન્ને જણા ચરવા લાગ્યા, પણ ગધેડાને ખાઈ લેતા કેટલી વાર? એણે ખાઈ લીધુ કે તરત જ ખેતરમાથી બહાર નીકળ્યો અને ગાયને કહેવા લાગ્યો, 'તુ હવે જલદી બહાર નીકળી જા, કારણ કે મને હવે ખાઈપીને ગાયન ગાવાની ઇચ્છા થઈ છે' ગાય બોલી, 'ગધેડાભાઈ, આવો સરસ ચારો મને આજે જ ચરવા મળ્યો છે, માટે મને સારી રીતે ખાઈ લેવા દો' પણ ગધેડાએ માન્યુ નહી અને તેણે ભૂકવાનુ ચાલુ કર્યું એટલામા ખેતરનો માલિક આવ્યો ગધેડો તો છટકી ગયો, પણ ગાયને ખૂબ માર પડ્યો એટલા માટે જ્ઞાનીઓ કહે છે કે—

ગધેડે ભમાડી ભોળી ગાયને ભુલાવી જી,
મારી મારી પ્રાણ દીધા છાડી, સત્સગ રે તજી,
દુષ્ટ દુર્જનનો સગ કદી નવ કરીએ જી

દૃષ્ટાન્ત—સાગ માતાપિતાનો પુત્ર અશોક દારૂડિયા ભાઈબંધોની સાથે બજારમા ફરવા નીકળ્યો મિત્રોએ કહ્યુ, 'દારૂની દુકાન સામે જ છે, માટે ચાલો થોડો પીને પાછા ફરીએ' શેઠના છોકરાએ કહ્યુ, 'હુ કોઈ દિવસ દારૂ પીતો નથી, માટે તમારે જવુ હોય તો જાવ' પણ મિત્રોએ આગ્રહ કરતા કહ્યુ, 'તારે દારૂ ન પીવો હોય તો દૂધ પીજે, પણ સાથે તો ચાલ' આ ભાઈ દારૂની દુકાનમા ગયો બધાએ દારૂ પીધો અને તે દૂધનો પ્યાલો હાથમા લઈને જ્યા પીવા લાગ્યો ત્યા જ અકસ્માત્ તેના ઘરનો નોકર ત્યા થઈને નીકળ્યો તેણે પોતાના શેઠના પુત્રને દારૂની દુકાનમા અને હાથમા પ્યાલો લઈને પીતા જોઈ લીધો. ઘેર જઈને નોકરે શેઠને વાત કરી એટલામા અશોક આવ્યો પિતાએ તેને પૂછ્યુ, 'તુ અત્યારે કોની સાથે અને ક્યા ગયો હતો? જો સાચુ

ઓછીશ તો ખાડી ભમશે અને મોટુ ઓછીશ તો વધારેમાં વધારે શિક્ષા થશે.

અશોક બોલ્યો, પિતાજી! હું સાચું જ કહું છું. મિત્રોના આગ્રહથી હું દારૂના પીઠામાં ગયો હતો પણ મેં દારૂને બદલે દૂધનો પ્યાલો પીધો છે. પિતાએ કહ્યું, આજથી એ બધા મિત્રોનો સંગ બંધ કરી દે? આ રીતે દારૂને બદલે દૂધ પીવું ન આવતી કાલે દારૂ પીવાનું મન થઈ જશે. અશોકે તે દિવસથી એવા મિત્રોનો સંગ છોડી દીધો.

ભગવાન એટલા માટે જ આજ્ઞા કરે છે: **મઈ બાલસંગેર્ણ** —અજ્ઞાન અને અજ્ઞાનીઓનો સંગ કરશો નહીં. બીડીનાં ઠૂંઠાં વીણીને ખાનગીમાં પીનાર છોકરાને બાપ ન ટોકે અટકાવે તો આગળ જતાં નિર્ભયતાથી એ બાપની સામે બેસીને બીડી પીતાં અચકાશે નહીં અને એવાં કુટુંબોમાં બાપ અને દીકરો પરસ્પર પાસિંગ શો ની ઓફર કરતા થઈ જશે.

આજે તો સસરો ને વહુ એક જ ટેબલ પર વાતો કરતાં કરતાં ખાય છે. દીકરીઓ અને વહુઓમાં કોણ દીકરી ને કોણ વહુ એની પણ અજાણ્યા માણસને ખબર પડતી નથી. આગળના સમયમાં દીકરી મોટી થાય એટલે કારણ વિના ઘર બહાર પગ મૂકવાની મનાઈ હતી. આજે તો કુલીન પુત્રીઓ કોલેજમાં અને ફરવાને બહાને ગમે ત્યાં ફરે છે. જુવાન વિધવાઓને તેની સાસુ એકાસણું, ઉપવાસ, આયંબિલ, સામાયિક આદિ વ્રતો કરાવીને સંયમ રખાવતી. આજે તો એ કોને નામે અને ક્યાં જાય એનો કોઈ કન્ટ્રોલ રહ્યો નથી. આ સ્વચ્છંદતાએ સંસ્કૃતિની હોળી સળગાવી મૂકી છે. સાધુ અને સાધ્વીઓમાં પણ અમુક અપવાદો બાદ કરતાં શિથિલતા આવી ગઈ છે. ભગવાન કહે છે કે સાધુ વખાણ વાંચે, પણ સ્ત્રીઓની સાથે પુરુષો ન હોય તો વાંચી શકે નહીં અને સાધ્વી વખાણ વાંચે ત્યારે સાંભળનાર બધા જ પુરુષો હોય અને સ્ત્રીઓ ન હોય તો વાંચી શકાય નહીં. સાધુએ સ્ત્રીઓને પાઠ

ફેવો, ભણાવવી કે સાથે ફેરવવી કદાપિ યોગ્ય નથી તેવી જ રીતે સાધ્વીએ પણ કોઈ સાધુની સાથે વિહાર કરવો કે સાથે રહેવું એ વર્જ્ય માનવામાં આવ્યુ છે સજાતીય સજાતીય સાથે જ રહી શકે, ફરી શકે અને ભણી શકે, પણ વિજાતીય સાથે એકાન્તમા રહેવું કે બેસવુ એ શાસ્ત્રવિરુદ્ધ છે પરન્તુ આજનો સમાજ ક્યા જઈને પડશે એ સમજાતુ નથી કોઈ કોઈ સ્થાને સાધુ અને સાધ્વીની અધાધુધી વધતી જાય છે આ અધાધુધી શ્રાવકોના મૌનને આભારી છે શ્રાવકો કા તો આવા આચારશિથિલ સાધુસાધ્વીઓને અટકાવતાં ડરે છે કે આ સાધુ કે સાધ્વી આપણને કાઈક કરી નાખશે, અથવા તો તેઓ ઇરાદા-પૂર્વક મૌન સેવે છે

પરતુ શ્રાવકશ્રાવિકા એ તો સાધુસાધ્વીઓના માબાપ કહેવાય છે તેમણે થોડા કડક થવુ ઘટે છે જો એમ નહી થાય તો ક્રમશ આ શિથિલાચાર આગળ વધી જશે પછી તમે દર્શન કોના કરશો? સાચા ને ધર્મનિષ્ઠ સાધુસાધ્વીઓ બનાવવા માટે હવે કડક નિયમનની આવશ્યકતા ઊભી થઈ છે કોઈ કોઈ સાધુસાધ્વીઓ ફડફાળામા પોતાની દખલ ઊભી કરે છે અને એને શ્રાવકો નભાવી લે છે ભગવાન કહે છે કે—

सीह जहा व कुणिमेण निब्भयमेग चरंति पासेणं,
एविस्थियाउ वधंति संवुडं एगतियमणगारं ।

—સૂત્રકૃતાગસૂત્ર અ ૪, ઉ ૧, સૂ ૮

શિકારી સિહને ફસાવવા માટે બોકડો બાંધીને શિકારને મેળવે છે, એમ કરતા કરતા સિહ શિકારને મેળવવા માટે હળી જાય છે ને છેવટે પાજરામા બાધેલા શિકારને ભક્ષણ કરવા લલચાયેલો સિહ જાતે જ પાજરામા ફસાઈ જાય છે એવી જ રીતે સ્ત્રીઓ નર્મ વાક્યોથી સાધુઓને ફસાવે છે માટે ભગવાન કહે છે કે—

नो तासु चक्खु संधेज्जा नो वि य साहसं समभिजाणे ।
नो सहियं पि विहरेज्जा एवमप्पा सुरक्खिओ होइ ॥

—સૂત્રકૃતાગસૂત્ર અ ૪, ઉ ૧ સૂ ૫

બ્રહ્મચારી સ્ત્રીઓની સામે આંખે આંખ મિલાવે નહીં તેની સાથે વાર્તાલાપ કરે નહીં તેની સાથે વિહાર પણ ન કરે તે જ બ્રહ્મચારી પોતાના આત્માને સુરક્ષિત રાખી શકે છે

મેરુ ઉપરથી પગ લપસે તો આવી ભૂતલ ભોંય પડે છે
ભૂલ જરા જબરું દુ:ખ દે છે અનુભવીઓ એમ જ ઉચ્ચારે છે

સાધુઓએ અને સાધ્વીઓએ પોતાનો આદર્શ ઉજ્જવલ બનાવ્યો હોવા છતાં સદા સર્વદા સાવધાન રહેવું જોઈએ. ચોપડા લખાઈ ગયા ને ચોકીક ભૂલ થઈ ગઈ ખાતાને કોરવાણી અને આખા હિસાબકિતાબ પર શાહી ફરી વળી તો શું થશે? સુંદર ચિત્રકામ પૂરું થઈ જવા આવ્યું ને અણીના સમયે આખા ચિત્ર પર રંગનું ટીપું ઢોળાઈ જાય તો શું થાય? કર્યું કાર્ય ધૂળમાં મળી જાય કે નહીં?

संगो एस मणुस्साणं जाओ लोगम्मि इत्थिओ।
जस्स एया परिन्नाया सुकडं तस्स सामण्णं॥
—ઉત્તરાધ્યયનસૂત્ર અ. ૨ ગા. ૧૬

જેણે સ્ત્રીના ત્યાગ કર્યો હોય તેનું જ શુદ્ધ ચારિત્ર છે તે સાધુ ... કરી શકે છે કીચડમાં ઉપજ્યા પછી ખરડાયા વિના રહી શકાતું નથી સાચા ચારિત્રવાન સાધુસાધ્વીની જ સમાજમાં છાપ પડે છે

સાસરે જતી પુત્રીને તેનાં માબાપ આ ના સમયે ... જવા માટે શિખામણ આપે છે વાણી મન અને શરીરના સંયમનું મહત્ત્વ તે સમજાવે છે હોઠ બહાર ને કોટ બહાર —જ્યાંસુધી તમારા હોઠમાંથી બહાર નીકળ્યા નથી ત્યાંસુધી શબ્દ પર તમારો કાબૂ છે પણ હોઠથી બહાર નીકળી ચૂક્યા શબ્દો તમારા ઉપર કાબૂ જમાવી જાય છે માટે આપ ભલા તો જગ ભલા —જો તમે સુધરશો તો ... આપોઆપ સુધરી જશે પણ જેની દૃષ્ટિમાં કમળો હશે તેને ધોળી વસ્તુ પણ પીળી દેખાશે માટે જરાક સાચું બોલશો કે અમણું વેતરશો એ બધું તમને ... પ્રત્યાઘાતરૂપ નીવડવાનું છે ચિત્ર હશે તો

'ભાઈસાહેબ' કહીને અને નોકર હશે તો 'શેઠસાહેબ' કહીને તમારી આડોડાઈને નભાવી લેશે એ બધા તો તમારી 'હાજી હા'મા જ લાભ માનનારા છે, પણ સદ્‌ગુરુ તમારા દુરાચરણો આડે લાલબત્તી ધરશે થોડુ કડવુ હોવા છતા સત્યની આશા સદ્‌ગુરુ પાસેથી રાખી શકાય પરન્તુ એ જ સદ્‌ગુરુઓને—સાધુસાધ્વીઓને શ્રેષ્ઠ રાખવા એ તમારુ કામ છે તે જ રીતે તમારા બાળકોને પણ સત્ય, શીલ, અહિંસા, અચૌર્ય અને સંયમ આદિ ધર્મોનુ જ્ઞાન આપશો તો એ ભવિષ્યમા ઊગી નીકળશે, કારણ કે આવતી કાલના શ્રાવકશ્રાવિકા અને સાધુ-સાધ્વીઓ એ બનવાના છે

દૃષ્ટાન્ત—ગોપાલકૃષ્ણ ગોખલે જ્યારે નિશાળમા ભણવા જતા હતા ત્યારનુ આ દૃષ્ટાન્ત છે તેમને શિક્ષકે ઘેરથી ગણી લાવવાના દસ દાખલા આપ્યા તેમાના નવ દાખલા તો પોતે ગણી લીધા, પણ દસમો તેમણે મોટાભાઈની મદદ લઈને ગણ્યો નિશાળમા આવ્યા બાદ શિક્ષકે બધા છોકરાઓના દાખલા જોયા, તો કોઈના બે, કોઈના ચાર કે ૭ દાખલા ખરા હતા, ત્યારે ગોપાલકૃષ્ણના દસે દસ દાખલા ખરા જોઈને શિક્ષક ખુશી ખુશી થઈ ગયા પોતાના ખીસામાથી એક રૂપિયો કાઢીને તેણે ગોપાલના હાથમા મૂક્યો અને શાબાશી આપતા કહ્યુ, 'ગોપાલ ! મારા શીખવેલા દાખલા તે બરાબર ગણ્યા છે, માટે તારી હોશિયારીનુ હુ આ ઇનામ આપુ છુ ' પણ હાથમા રૂપિયો લેતા વાર ગોપાલ રડવા લાગ્યો આથી શિક્ષકે વિસ્મય પામીને પૂછ્યુ, 'તુ શા માટે રડે છે ?' ગોપાલ બોલ્યો, 'તમે મને શાબાશી સાથે ઇનામ તો આપ્યુ, પણ એ ઇનામને પાત્ર હુ નથી નવ દાખલા મારા ગણેલા છે, પણ દસમો દાખલો તો મારા મોટાભાઈની મદદ લઈને તૈયાર કર્યો છે માટે તમારો આ રૂપિયો પાછો સભાળો'

એક નાના બાળકમા આટલી સત્યનિષ્ઠા એ જેવીતેવી વાત નથી શિક્ષક ગોપાલની આવી સત્ય અને ન્યાયપરાયણતા માટે વધારે ખુશી

બા અને તેના હાથમાં બીજો રૂપિયો આપતાં બોલ્યા 'આ બીજો રૂપિયો તારા સત્ય બોલ્યા ઇનામનો છે

તમારાં બાળકોમાં આવું સાચું બોલવાની ટેવ છે ખરી ! કેટલાંક બાળકો ઘેરથી કાગળમાં લખી લાવીને કે નકલ કરીને પરીક્ષાના પ્રશ્નપત્રોના ઉત્તરો લખી માંડમાંડ સોમાંથી પાંત્રીસ માર્કસ મેળવી પાસ થતા હોય છે હવે ધારો કે એ જ બાળક આવું ખોટું અનુકરણ કરીને એન્જિનેર બની જાય અને તે સો પુલો બાંધે તો તેમાંથી પાંચ પુલ સાચા બાંધે કે નહીં ! આનાથી કેટલા એક્સિડન્ટ થઈ જાય !

દ્રૌપદીને સાસરે વળાવતી વખતે તેનાં માતાપિતા શીખ, સંતોષ અને સદાચારનું શિક્ષણ આપે છે પછી તે પતિ પાંડવો સાથે હસ્તિનાપુરમાં જાય છે ત્યાં જઈને તેનો લગ્નમહોત્સવ ઊજવ્યો અને સ્વયંવરમાં આવેલા તમામ રાજાઓએ તેમાં હાજરી આપી. દ્રૌપદી પાંચેય પતિઓની સેવામાં વારાફરતી રહેવા લાગી. આગળ શું બની તે અવસરે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૯૨

(બુધવાર, તા. ૧૦-૧૦-૧૩)

અગી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણે કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં દ્રૌપદીનો અધિકાર ચાલે છે ભગવાન કહે છે કે—

चत्तारि परमंगाणि दुल्लहाणीह जन्तुणो ।
माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं ॥

—ઉત્તરાધ્યયનસૂત્ર અ. ૩ ગા. ૧

મનુષ્યભવ આર્ય ક્ષેત્ર ઉત્તમ કુળ અને સમ્યક્ત્વની પ્રાપ્તિ દુર્લભ

છે આવી દુર્લભ વસ્તુઓ મળ્યા પછી મિથ્યાત્વીનો સગ થઈ જાય તો તેનું કર્યું કારવ્યુ ધૂળમા મળી જાય છે માટે જ્ઞાનીઓ કહે છે—

પાખંડીઓનો તમે સગ ન કરશો, એવી પ્રભુની વાણી,
જગતમા સુણજો સતની વાણી
ડાહ્યા ડાહ્યાના આ કલિયુગમા, ઉતરી ગયા છે પાણી જગતમા૦

દૃષ્ટાન્ત—રાજગૃહી નગરીમા નદ મણિયાર નામનો એક શેઠ હતો. આ નદ મણિયારને ભગવાન મહાવીરનો ભેટો થયો અને એ વ્રતધારી બન્યો પણ ભગવાન એક જ જગ્યાએ રહેતા નથી સત, મહાત્માઓ કે મહાપુરુષો તો સત્સગનો લાભ આપીને વિચરતા હોય છે, પણ જીવે એ સત્સગને સાધના અને તપ કરી તેમ જ સિદ્ધાન્ત પ્રમાણે વર્તી હૃદયમા ટકાવી રાખવો જોઈએ ભગવાન રાજગૃહીમાથી વિહાર કરીને પધાર્યા સાધુઓને નવકલ્પી વિહાર હોય છે સાધુ ઓગણત્રીસ દિવસ એક જ ગામમા રહી શકે અને સાધ્વી અઠ્ઠાવન દિવસ રહી શકે 'સાધુ તો વિચરતા ભલા' સાધુઓ જો એક ઠેકાણે બધાઈ રહે તો ગૃહસ્થનો પરિચય વધી જાય, સમાજનો અને સ્થાનનો રાગ વૃદ્ધિ પામે માટે એ નિયમ બાધવામા આવ્યો છે કે સાધુસાધ્વીઓએ ચોમાસા સિવાયના સમયમા સતત પર્યટન કરતા રહેવુ જ્યાં સુધી સશક્ત શરીર હોય ત્યા સુધી તો તેણે પર્યટન કર્યા કરવુ જોઈએ શરીર અશક્ત થઈ જાય કે બીમાર પડી જવાય તો તેમા અપવાદરૂપે છૂટ હોઈ શકે, પરન્તુ ઓછામા ઓછુ એક ગાઉ ચાલી શકાય તેવી સ્થિતિ હોય ત્યા સુધી તો વિહાર અટકાવીને બેસી રહેવાય નહી એક ગામમા ચોમાસુ થઈ ગયા પછી ફરી એ ગામમા ચોમાસુ કરવાની જરૂર પડે, તો ચોથે ચોમાસે એના એ ગામમા ચોમાસુ કરી શકાય છે

પણ શ્રાવકોએ સાધુસાધ્વીઓને મોટે ભાગે શિથિલ બનાવી મૂક્યા છે રાગના કારણે સાધુસાધ્વીઓના વિહારમા લોકો ટિફિનમા ખાવાનુ લઈને સાથે ચાલે છે અને ગામડા ગામમા એ ટિફિનમાથી સાધુ-સાધ્વી

ઓને આહાર વહોરાવે છે. ભગવાન કહે છે કે મારા સાધુસાધ્વીઓને આવુ કલ્પે નહીં. આમ કરે તો **अग्गि विव सव्वभक्खि भविता** — એ અગ્નિની જેમ સર્વભક્ષી અને તેજસ્વી બની જાય છે માટે સાધુઓએ એક જ ગામમાં નિયમથી વધારે સ્થિર બનીને રહેવુ નહીં. જ્ઞાનીઓ કહે છે કે—

> સ્ત્રી પિયર, નર સાસરે, સંયમીઓ સ્થિર વાસ,
> એ ત્રણ હોય અળખામણા, જો રહે એક જ વાસ.

કોઈ શહેરમાં બે માસ રહેવુ હોય તો એનો નિયમ બતાવતાં ભગવાન કહે છે કે **अंतो एगमासं बहिं एगमासं अंतो मास मासस्स अंतो भिक्खायरियाए बहिं मासमासस्स बहिं भिक्खायरियाए** — શહેરની અંદર એક માસ રહે ત્યારે શહેરમાંથી ભિક્ષા લેવી ને બહાર એક માસ રહે તો બહાર ભિક્ષા લેવી. ભગવાન કહે છે કે મારો સાધુ ટાઢો ટુકડો ખાય ને આધારે ઊંઘો જાય. સાચો સાધુ પાદવિહાર દ્વારા ગામે ગામ ધર્મનો ઝંડો ફરકાવતો રહે. ગામડાના અજ્ઞાન લોકોને સમજણ શીખવે. પગે ચાલનારા જે કામ કરી શકે છે તે એરોપ્લેનમાં બેસનારા પણ કરી શકતા નથી. વિહાર કરતી વખતે અમારી પાસે ગામડાના કેટલાક ખેડૂતો કહે છે કે અમે દવાઓ છાંટીને ખેતરના ઘણા જીવોને મારી નાખ્યા છે એ પાપ છે એવું તો અમોને આપે જ બતાવ્યું. મોટરમાં આવનારાઓ અમને એવી જ સલાહ કરે છે કે ખેતરમાં એક પણ જીવને રહેવા દેશો નહીં. હવે અમારાથી પાપ તો થઈ ગયુ છે તો એમાંથી છૂટવાનો કોઈ ઉપાય પણ આપ જ બતાવો.

ગામડાના માણસો ભાવિક સરળ હોય છે. તેમના ભોળા હૃદયમાં ધર્મનો બોધ બહુ જલદી ઊતરી જાય છે ત્યારે અમે દર ચોમાસે જુદાં જુદાં પ્રવચનો સાંભળતાં હોવા છતાં રીઢા ઘડા જેવા થઈ ગયા છીએ.

બાર વ્રતોના ધારણ કરનાર નંદ મણિયારે એક વાર ત્રણ દિવસનું પૌષધવ્રત કરી ધર્મની આરાધના કરવાનો વિચાર કર્યો. અઠ્ઠમ પૌષધ

કરી ધ્યાનમા બેઠા પછી તેને પાણીની તરસ લાગી આથી તેણે વિચાર કર્યો કે જેમ પાણી વિના મારો જીવ આકુલવ્યાકુલ થાય છે, તેમ અનેક જીવો પાણી વિના દુખી થતા હશે માટે આ પૌષધવ્રતને પૂર્ણ કર્યા પછી હુ એવુ કામ કરુ કે જેથી લોકો તૃપ્ત પણ થાય અને મારા આ કાર્યના વખાણ પણ કરે

પાખડીઓના સગમા નદ મણિયારે પુણ્યતત્ત્વને ધર્મતત્ત્વ સમજી લીધુ પુણ્યથી શુભ બધ બધાય છે, પણ કર્મની નિર્જરા થતી નથી, ત્યારે ધર્મથી કર્મની નિર્જરા થઈ જાય છે કોઈ લૂલા, લગડા, અપગને જોઈને તમને અનુકપાભાવ આવે ને તેને તમે ખવડાવો કે દાન આપો એ પુણ્ય કહેવાય, પણ તેને ધર્મ માની શકાય નહી પણ તમારે ત્યા અકસ્માત્ આવી ચડેલા તથારૂપના સાધુને ભાવપૂર્વક વહોરાવો એ ધર્મ કહેવાય માટે અહિસા, સયમ, તપ આદિ ધર્મમા ધ્યાન રાખો પુણ્યથી તમને બધી સામગ્રી પ્રાપ્ત થાય, પરતુ ભવપરપરાની સાકળ તોડવી હોય તો સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપી ધર્મનુ આચરણ કરવુ પડશે ભવફદી કરવામા પુણ્ય કામ આવશે નહી આથી તેના મિથ્યાત્વના પુદ્ગલો વધવા લાગ્યા અને સમ્યક્ત્વના તત્ત્વો ઓછા થવા લાગ્યા તેણે પૌષધમા આરભના કાર્યો કરવાનો નિર્ણય કરી લીધો

'जे परिस्सवा ते आसवा'— જ્યા કર્મ નિર્જરાનુ કારણ હતુ ત્યા કર્મના બધનો બાધ્યા પૌષધ પાળીને આવ્યા પછી તેણે વિચારેલુ કામ શરૂ કર્યું નદ મણિયાર પાસે પૈસા ઘણા હતા એ પૈસાથી તેણે દાનશાળા, હજામતશાળા, નાટકશાળા, ઔષધાલય અને એક પુષ્કરણી–વાવ વગેરે બધાવ્યા અને પોતે કરેલા એ પુણ્યકર્મમા **'गड्ढिए मुच्छिए अज्झोववन्ने'**—ગૃદ્ધ થયો, મૂર્ચ્છિત બન્યો અને આસક્ત થયો. લોકો તો આ દાનશાળા વગેરેની પ્રશસા કરવા લાગ્યા, પણ જેમ જેમ એ પોતાની પ્રશસા સાભળતો ગયો તેમ તેમ તેનુ અભિમાન અને તેની આસક્તિ વધવા લાગ્યા મિથ્યાત્વના કારણથી થયેલા પાપના

જેમાંથી તેને સોળ સોળ રોગો એકીસાથે લાગુ પડ્યા. નંદ મણિયારે લાખો રૂપિયા ખર્ચીને વૈદ્યોની વમન, વિરેચન અને શમનની દવાઓ કરી, પરંતુ તેનાથી તેને મહીંભર શાતા લાગે, પણ પાછુ એનુ એ દર્દ એવુ થયુ નહીં પણ ઊલટુ વધવા લાગ્યુ કારણ કે—

દર્દીઓના દર્દને હરનારો હોય છે?
દોરી તૂટી આયુષ્યની ત્યાં સાંધનારો કોણ છે?

કર્મોના ઉદયને કોઈ મટાડી શકતું નથી. નંદ મણિયારની બીમારી વધતી જાય છે ખબર પૂછવા આવે એ બધા લોકોના કામનાં ખૂબ વખાણ કરતા જાય છે રોગમાં ઘેરાયેલો છે છતાં પોતાનાં કામની પ્રશંસાથી એની આસક્તિ વધી ગઈ જેમ કોઈ માણસે નવાં મકાન કર્યાં હોય અને વાસ્તુ લીધા પહેલાં આયુષ્યના હાર્ટફેલ થઈ જાય તો એના જીવ એ મકાનમાં ઉંદર ગિરોળી કે સર્પરૂપે જન્મે, તેવી જ રીતે વાવમાં આસક્તિ રાખીને નંદ મણિયાર મૃત્યુ પામ્યો અને એ જ વાવમાં એ દેડકાના ભવ પામ્યો. આ આસક્તિએ નંદને દેડકો બનાવ્યો. પરંતુ વાવમાં રહેતાં રહેતાં પણ લોકોનાં વખાણ સાંભળી સાંભળીને એને એમ થયું કે આવું પૂર્વે મેં ક્યાંક સાંભળ્યું છે અને એ વિચારના દેડકાના ભવમાં એને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું તેને દુઃખ થયુ કે અરેરે હું મનુષ્ય ભવ હારી ગયો. હવે મારી હારેલી બાજીને જીતમાં પલટતી નાખું મનુષ્ય ભાર ગયો બાજી હાથ છે તેમ દેડકાના ભવમાં તેણે અભિગ્રહ વ્રત આદર્યાં અને તેણે છઠના પારણે છઠ કરવાનું વ્રત લીધું

બરાબર એ જ સમયમાં ભગવાન મહાવીર રાજગૃહીના ઉદ્યાનમાં પધાર્યા. ભગવાન પધાર્યા લોકો દ્વારા આ સમાચાર સાંભળીને દેડકાએ વિચાર કર્યો કે હું પણ ભગવાનનાં દર્શન કરીને પાવન થાઉં આથી એ વાવમાંથી નીકળીને ઉદ્યાન તરફ જવા લાગ્યો. આ તરફ શ્રેણિક રાજા અશ્વ ઉપર બેસીને ભગવાનનાં દર્શન માટે જઈ રહ્યા હતા. અશ્વ અચાનક ચાલ્યો. ત્યાં દેડકો એ ઘોડાના પગ નીચે દબાયો. ભગવાનના

દર્શનની અભિલાષામા જ મરીને એ દેવલોકમા દુર્દુર નામનો દેવ થયો દેવભવ પામીને તેણે ઉપયોગ દ્વારા પોતાનુ પૂર્વભવનુ દેડકાનુ શરીર જોયુ એ ભગવાન મહાવીરના દર્શન કરવા માટે આવ્યો વદન કરીને એ દુર્દુર નામના દેવે ભગવાનને પૂછ્યુ, 'ભગવન્! હુ ભવ્ય છુ કે અભવ્ય ?' ભગવાને ઉત્તર આપ્યો, 'તુ ભવ્ય છે' દેવે બીજો પ્રશ્ન કર્યો, 'હુ સમ્યગ્દષ્ટિ છુ કે મિથ્યાત્વી ?' પ્રભુએ કહ્યુ, 'તુ સમ્યગ્દષ્ટિ છે' દેવે ફરી પ્રશ્ન કર્યો, 'હુ પરિત્તસસારી છુ કે અપરિત્તસસારી ?' પ્રભુ બોલ્યા, 'તુ પરિત્તસસારી છે' દેવે પ્રશ્ન કર્યો, 'હુ દુર્લભબોધિ છુ કે સુલભબોધિ ?' પ્રભુએ કહ્યુ, 'તુ સુલભબોધિ છે' દેવે પૂછ્યુ, 'હુ ચરમ છુ કે અચરમ ?' ભગવાન બોલ્યા, 'તુ ચરમ છે' દેવે પૂછ્યુ, 'હુ આરાધક છુ કે વિરાધક ?' પ્રભુએ કહ્યુ, 'તુ આરાધક છે' ભગવાનના વાક્યો સાભળીને દુર્દુર દેવને બહુ આનદ આવ્યો તેણે ભગવાનને પ્રાર્થના કરીને આજ્ઞા માગી, 'આ આનદમા હુ મારી વૈક્રિયશક્તિથી નાટકની રચના કરવા ઇચ્છુ છુ' અને તેણે નાટકની રચના કરી ગૌતમસ્વામીએ આ જોઈને પ્રશ્ન કર્યો, 'ભગવન્! આ દુર્દુર દેવ પૂર્વે ક્યા ભવમા હતો ?' ભગવાને કહ્યુ, 'આ નદ મણિયારનો જીવ છે પૂર્વેનુ અધૂરુ રહેલુ આ ભવમા પૂરુ કરે છે' આમ માનવી બન્યો દેડકો આસક્તિથી અને એ જ દેડકો બન્યો દેવ અનાસક્તિથી

પાચ પાડવોને પતિ તરીકે સ્વીકાર્યાં પછી દ્રૌપદીની પણ સમ્યગ્દષ્ટિ થઈ ગઈ હતી આવી દૃષ્ટિવાળો જીવ મિથ્યાત્વીના પરિચયમા પણ આવતો નથી એ પાચેય અતિચારને જાણે છે, પણ અતિચાર આચરતો નથી આજે તો તમે સમકિતીના ઠેકાણા રહેવા દીધા નથી જે જૈનમાર્ગને વમી ગયો હોય તેની પાસે જોવા જવામા પણ લાભ શો ? આવા મિથ્યાત્વીના સગથી જે કોહિનૂર હીરા કહેવાતા હતા તે પાચીકા જેવા બની ગયા છે જૈનત્વ ગુમાવીને જૈનત્વની જ ટીકા કરનારાઓ આજે જૈનધર્મને વગોવે છે હિદુ મટીને જે મુસલમાન બને તે હિદુત્વની

ઘોર ખોદી નાખે છે માટે ભગવાન કહે છે કે 'परपासंडसंथवो'—
પાખંડીનો તમે સંગ ન કરજો. ભગવાનના જમાઈ જમાલીએ 'कडेमाणे कडे' ને બદલે 'कडेमाणे अकडे' કહીને મત વધારી દીધો. તેથી તેનો અનંત સંસાર વધી ગયો. ભગવાન કહે છે—

जेयऽबुद्धा महाभागा वीरा असमत्तदंसिणो।
असुद्धं तेसिं परक्कंतं सफलं होइ सव्वसो॥

જે વસ્તુના અજાણ છે મિથ્યાત્વદર્શી છે અશુદ્ધ પરાક્રમી છે તેનો સંસાર ઊભો ને ઊભો રહે છે અને તેને માટે—

जेय बुद्धा महाभागा वीरा सम्मत्तदंसिणो।
सुद्धं तेसिं परक्कंतं अफलं होइ सव्वसो॥

જે તત્ત્વજ્ઞ પુરુષો છે સમ્યગ્દર્શી છે વીર પુરુષ છે એનું પરાક્રમ શુદ્ધ છે કારણ કે એ પરાક્રમ કર્મનો નાશ કરી નાખે છે તેનો સંસાર ટૂંકો થઈ જાય છે.

પુણ્ય અને ધર્મ એ બન્ને એક નથી. મિથ્યાત્વી જે પરાક્રમ કરે છે તેથી પુણ્યબંધ બંધાય છે પણ નિર્જરા થતી નથી. સમકિતી મિથ્યાત્વના આડંબરમાં અંજાતા નથી. દ્રૌપદીમાં આ સંસ્કાર ઊતર્યા હતા.

ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તી નવ વાસુદેવ એ ચોપન શ્લાઘનીય પુરુષો છે. નવ નારદ એક આરામાં થાય છે. તેમાં જ્યારે જ્યારે વાસુદેવ થાય ત્યારે ત્યારે નારદ થાય છે. તેમાં કચ્છુલ નામના નારદ કૃષ્ણ વાસુદેવના સમયમાં હતા. આ નારદમાં બ્રહ્મચર્યનો અદ્ભુત પ્રભાવ હતો. વિદ્યાનો ઉપયોગ કરવાની શક્તિ હોવાથી એ ગમે ત્યાં જઈ શકે. ઊર્ધ્વલોક અને અધોલોકમાં ફરવામાં એની ઝડપ વાયુ કરતાં પણ વધારે હોય, પણ તેમાં કલહપ્રિયતા હોવાથી તેને જ્યાં સંપ હોય ત્યાં કલહ કરાવવો બહુ ગમે.

ૐ શાન્તિ.

*

વ્યાખ્યાન : ૯૩

(શુક્રવાર, તા ૧૨-૧૦-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય લોકમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે નારદ જેવા બ્રહ્મચારી છે તેવા જ વિદ્યાના વૈભવવાળા પણ છે પણ કોઈના ઘરમા સારુ ચાલે, તેને દેખી શકે તેવા નથી આવા માણસો આસતેલનો ડબ્બો ને દીવાસળીની પેટી સાથે લઈને જ ફરતા હોય છે જ્યા સુધી તેમનો આવો કલુષિત—કલહપ્રિય સ્વભાવ જતો નથી, ત્યા સુધી તેમનુ કલ્યાણ કેવી રીતે થઈ શકે ? લોટ, ગોળ અને ઘીનો બધ નિબિડ હોય છે લોટમા ઘી ભળે તો તેની ચીકાસ વધે છે તેવી રીતે આત્મપ્રદેશ અને કર્મપુદ્‌ગલ વચ્ચે કષાય ભળે તો સ્થિતિ અને અનુભાગ નામના બધ પડે છે પ્રકૃતિ અને પ્રદેશ એ બે બધો યોગના ઘર છે જ્ઞાની અને અજ્ઞાની બન્નેને એ બધો પડે છે, પણ જ્ઞાની શિથિલ બધ બાધે છે, ત્યારે અજ્ઞાની એ બધને બહુ નિબિડ અને ચીકણા બાધે છે

सरिसो होइ बालाणं तम्हा भिक्खु न संजले।

કોઈ અજ્ઞાની બે શબ્દો કહે ત્યારે જ્ઞાની સમજે છે કે અજ્ઞાની બાળક જેવો છે, પણ મે તો ભગવાનની વાણી સાભળી છે, માટે મારે ક્રોધ કરવો ન જોઈએ ત્યારે અજ્ઞાનીઓ સહેજમા આવા કર્મો બાધે છે આવા જીવો ધર્મસ્થાનમા પણ સખણા રહેતા નથી, તો ઘેર સીધા રહી જ

જેમ હોય! સન્તિમર્ગાં ચ પુરુષ — ભગવાન કહે છે કે જેમ શાંતિ રહે તેમ કરો. ભક્ત આત્મા કેમ સાચો જ ધર્મ કરી છે નારદ સરળ ન હતા. આ નારદ બહુ કુતૂહલપ્રિય હતા. એના માટે એક લૌકિક દૃષ્ટાન્ત છે કે—

એક વાર નારદને વિચાર થયો કે ભગવાનના ભક્તને ધર્મ પ્રિય છે કે ગરીબને! આ જોવા માટે તેમણે એક ભીખારીનું રૂપ લીધું. હાથમાં તંબૂરો અને ભિક્ષાપાત્ર લીધાં ફાટેલાં વસ્ત્રો પહેર્યાં અને શહેરમાં ફરવા લાગ્યા. અનેક માણસો મળ્યા પણ કોઈને આ ભીખારી સામે જોવાની ફુરસદ નથી. ભટકતે ભટકતે ફરીને થાક્યા ત્યારે તે એક નાની ઝૂંપડીની પાસે આવીને ઊભા રહ્યા. વરસાદથી તેમનાં કપડાં ભીંજાઈ ગયાં હતાં. આ ઝૂંપડીમાં વિધવા હરિજન બાઈ રહેતી હતી. તેનો એકનો એક પુત્ર ટાઈફોઈડ તાવમાં પટકાયો હતો. તેની સેવા કરતાં કરતાં ત્યાં અચાનક ભીખારીનો અવાજ સાંભળ્યો. રાત્રિનો સમય હતો. વરસાદ ધોધમાર પડતો હતો. વીજળીના ચમકારામાં આ ભીખારીને બાઈએ જોયા. આ ભીખારીને ટાઢથી ધ્રૂજતો જોઈને હરિજન બાઈને દયા આવી અને તેણે આ ભીખારીને કહ્યું 'મહારાજ! આપ ઝૂંપડીમાં આવી જાવ.' ભીખારીરૂપે નારદ અંદર આવ્યા. હરિજને પોતાનું જૂનું કપડું આપીને તેમને કહ્યું 'આ કપડું પહેરીને તમે તમારાં કપડાં સુકાવી નાખો.' ભીખારીએ પોતાનાં કપડાં સુકાવી નાખ્યાં. હવે હરિજન બાઈએ પોતાના ખાવાના રોટલા ને મેળ આપીને ભીખારીને કહ્યું 'આપ ખાઈ લો અને પછી સામેની પથારીમાં સૂઈ જાવ, કારણ કે આખા દિવસના થાકી ગયા છો.' ભીખારીરૂપે નારદ સૂઈ ગયા અને હરિજન છોકરાના ખાટલા પર બેઠી. તેણે જોયું તો ભીખારીનાં કપડાં બહુ ફાટી ગયેલાં હતાં. આથી પોતાના ઘરમાંથી કપડું કાઢીને એ અંગરખું સીવવા બેઠી. સવાર પડ્યું ને ભીખારી ઊઠ્યો એટલે હરિજને નવું સીવેલું અંગરખું આપીને કહ્યું 'આ અંગરખું પહેરી લો.' ભીખારીરૂપે નારદે વિચાર કર્યો કે આ બાઈ ખરેખર ધર્મવાળી છે માટે એને માટે કંઈક બદલો આપવો જોઈએ. આથી ચાલતાં ચાલતાં

તેણે દરજણ બાઈને કહ્યુ, 'આજથી તમારા પુત્રનો તાવ ઊતરી જશે અને અહીંથી ઘરમા જાવ ત્યારે જે કામ પહેલુ હાથમા લેશો તે સાજે પૂરુ થશે' આમ કહીને નારદ ચાલતા થયા દરજણ બાઈ ઘરમા આવી ત્યા કપડુ સીવતા જે બે વારનો ટુકડો બચ્યો હતો તે એના હાથમા આવ્યો એને એ ગજથી ભરવા લાગી, પણ નારદના આશીર્વાદથી કપડુ વધવા માડ્યુ અને આમ ને આમ એ કપડુ આખો દિવસ ભરતી જ રહી, પણ કપડુ ખૂટતુ જ નથી!

એટલામા પાડોશના બગલામા રહેતી શેઠાણી સીવેલુ કપડુ લેવા આવી તેણે જોયુ તો આ દરજણ એકનુ એક કપડુ ક્યારની માપી રહી છે, પણ એનો છેડો જ આવતો નથી આ તાકો તે કઈ જાતનો હશે? તેણે દરજણને પૂછ્યુ, 'હુ મારુ સીવવા આપેલુ કપડુ લેવા આવી હતી, પણ ક્યારનો આ તાકો પૂરો જ થતો નથી તો આ ક્યુ કપડુ છે?' દરજણ બોલી, 'હુ પણ એ જ નવાઈમા પડી છુ એક જટાધારી ભીખારીની મે આજ રાતે સેવા કરી, રોટલો ને ગોળ ખાવા માટે આપ્યા, મારી પથારી તેને સૂવા આપી અને આ કપડામાથી તેને એક અગરખુ બનાવી આપ્યુ તેના કહેવાથી આ બે વારનો ટુકડો હુ સવારથી માપી રહી છુ, પણ તેનો છેડો જ આવતો નથી!'

બગલાવાળી શેઠાણીએ વિચાર કર્યો કે આવો ભીખારી મારે ત્યા પણ આવે, તો મને પણ આના જેવો જ લાભ મળે સાજ પડી અને એ જ નારદ ભીખારીરૂપે ફરતા ફરતા નીકળ્યા શેઠાણીએ તેને બગલામા બોલાવ્યા તેના ઘરમા તો સારુ સારુ ખાવાનુ હાજર હતુ, છતા તેને સૂકી રોટલી ખાવા માટે આપી અને નોકરને રહેવાની કોટડીમા તેને સૂવા માટે જગ્યા આપી. ભીખારી સૂઈ ગયો જ્યારે એ સવારે ઊઠયો ત્યારે શેઠાણીએ એક ફાટેલ તૂટેલ કપડુ ભીખારીના હાથમાં આપ્યુ ચાલતા ચાલતા નારદે કહ્યુ, 'બહેન! તમે કરેલી મારી સેવાના બદલામા તમે ઘરમા જઈને જે કામને પહેલો હાથ લગાડશો એ કામ સાજ સુધી ચાલુ રહેશે.'

શેઠાણી તો રાજી થતી થતી ઘરમાં આવી. તેને વિચાર હતો કે સ્વજનોની બાબતમાં પણ કપડું ભરવા માંડીશ અને એ કપડું મોટો તાકો થઈ જશે. જ્યાં ઘરમાં દાખલ થાય છે ત્યાં એક નોકરાણી કચરો વાળી રહી હતી. રોજના ટકટક કરવાના સ્વભાવ મુજબ શેઠાણી તાડૂકીને બોલ્યાં — જો તો પાછળ કેટલો કચરો પડ્યો છે ? એમ કહેતાંની સાથે તેના હાથમાંથી ઝાડુ લઈને શેઠાણી વાળવા મંડી. સાથે બોલી કે — દેખ, આમ કચરો કાઢ.

નારદજી કલહપ્રિય અને કુતૂહલપ્રિય હતા પરંતુ તેમની પાસે વિદ્યાઓ ઘણી હતી. તેઓ રૂપપરાવર્તન કરી શકતા સાથે તેઓને વચનસિદ્ધિ હતી. એમણે શેઠાણીને આશીર્વાદ આપેલા કે જે કામ પહેલું કરશો તે સાંજે છૂટશે. શેઠાણીના હાથમાં તો સાવરણી આવી ગઈ. વાળતી જાય ને બોલતી જાય કે — દેખ, આમ કચરો કાઢ. દાસીઓએ ઘણું વીનવ્યાં છતાં શેઠાણી સાવરણી કેમેય છોડે નહિ. થાકીને શેઠને બોલાવ્યા. શેઠે કહ્યું કે 'સાવરણી મૂકે છે કે નહિ ?' શેઠની સામે સાવરણી ફેરવતી શેઠાણી બોલી — દેખ કચરો આમ કાઢ. શેઠ તો આશ્ચર્ય પામી ગયા કે આ શું ? નક્કી કોઈ વળગાડ લાગે છે. શેઠે તો ભૂવા જોગી, જતીને બોલાવ્યા. પણ દરેકને સાવરણી બતાવીને શેઠાણી જોરથી બોલે, દેખ, આમ કચરો કાઢ. બધા થાક્યા. કોઈની કારી ફાવી નહિ. નારદજીને ખૂબ મઝા આવી. આખો દિવસ પસાર કરીને શેઠ તો થાક્યા ને નિરાશ થઈને બેસી ગયા. આ બાજુ સૂર્યાસ્ત થયો કે શેઠાણીના હાથમાંથી સાવરણી છૂટી ગઈ ને શેઠાણી બેસી ગઈ. તેણે ભિખારીએ આપેલા વચનની સૌને વાત કરી. આ છે નારદનો સ્વભાવ. એ ચૂપ કેમ બેસી રહે ? એ સાચો કામ કરનારની દશા શેઠાણી જેવી થાય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે નારદ આવા કુતૂહલપ્રિય હતા. એમને આવા ન આવા કૌતુક કરવા અને જોવા બહુ ગમતાં હતાં. નારદના હાથમાં દંડ ને કમંડળ હતા. તેમની પાસે પ્રજ્ઞપ્તિ નામની વિદ્યા હતી. એ વિદ્યાના પ્રભાવથી એ [illegible] ના માતાપિતાના દેશ જાણી

શક્તા હતા આગળના સમયમા આવી વિદ્યાઓ બહુ પ્રચારમાં હતી

થોડા સમય પહેલા મહમદ છેલ કરીને એક આવી વિદ્યા જાણુનાર થઈ ગયો એક ગામના ચોરા પર એ મહમદ બેઠો હતો, ત્યા એક જૈન મુનિ ભાત વહોરીને ત્યાથી નીકળ્યા, કૌતુકને ખાતર મહમદ છેલે એ ભાત પર દૃષ્ટિ કરી અને એ ભાત માસના રૂપમા ફેરવાઈ ગયા મહમદ છેલે ગામલોકોને કહ્યુ કે 'તમે લોકો જે સાધુને પૂજ્ય માનો છો એના પાતરામા માસ છે' ઘડીવાર તો ગામલોકોએ એ વાત માની નહી, પણુ જ્યારે કહ્યુ ત્યારે ગામલોકોએ સાધુની પાછળ જઈને ખાતરી કરી તો સાધુના પાતરામા ખરેખર માસ દેખાયુ ગામલોકોએ સાધુને પૂછ્યુ કે આ શુ છે ? ત્યારે સાધુમહારાજે કહ્યુ કે, 'એ શુ છે તે હુ ઉપાશ્રયમા પહોચીને હમણા જ બતાવુ છુ'

સાધુમહારાજે ઉપાશ્રયમા જઈને ભિક્ષાપાત્રને બાજુમા મૂકયુ અને કાઉસગ્ગ કરીને તેણે નવકારમત્રનો જપ શરૂ કર્યો આ જપના પ્રભાવથી મહમદ છેલ જે ખુરશી પર બેઠો હતો ત્યા ને ત્યા જ ચોટી ગયો જ્યારે ખાવા માટે ઊઠવાનો સમય થયો ત્યારે એ ઊઠવા લાગ્યો, પણુ કોઈ રીતે ઊઠી શક્યો નહીં ખુરશી સાથે એ સજ્જડ રીતે ચોટી ગયો હતો આખરે તેણે વિચાર કર્યો કે જે સાધુમહારાજને મે ચમત્કાર બતાવ્યો તેની જ વિદ્યાનુ આ કામ છે આથી તેણે સાધુમહારાજને ચોરા પર આવીને માફ કરવા વિનતી મોકલાવી, પણુ સાધુએ કહેવડાવ્યુ કે અમારે તો ત્યા આવવાની કોઈ જરૂર નથી એ મહમદ છેલને કહી દો કે જો તમારે ગરજ હોય તો એની એ હાલતમા અહી આવીને ક્ષમા માગે આખરે મહમદ છેલ તોબા તોબાના પોકાર કરતો ચોટી ગયેલી ખુરશી સાથે ઉપાશ્રયમા આવ્યો સાધુએ કહ્યુ, 'પહેલા તો આ પાત્રામાની જે વસ્તુ હતી તેની તે બનાવી દો અને પછી પ્રતિજ્ઞા કરો કે આજથી તમારી વિદ્યા કોઈપણુ સાધુ ઉપર અજમાવવી નહી તો જ આ ખુરશી ઊખડશે, નહીતર એમ ને એમ રહેશે'

મહાત્મા ઉભે ક્ષમા માગી, પાત્રામાંનું માંસ ભક્ષી ગયું અને મને મારેપણ સાધુને નહીં ખાવાની પ્રતિજ્ઞા લીધી. ત્યાર બાદ સાધુએ મહાત્મા ઉપર રજોહરણ ફેરવ્યો ત્યારે એ છૂટ્યો ભાગ્યમે પાત્રમાં ભાત જોયા ને મુનિને વંદન કરી સૌ વિદાય થયા.

નારદ આવી વિદ્યાના જાણકાર હતા. દ્વારિકાના શ્રીકૃષ્ણ વાસુદેવ તેમની આદિ અગ્રમહિષીઓ પ્રદ્યુમ્ન સાંબ આદિ કુમારો હલ હજારાદિ રાજપુત્રો આદિને બહુ પ્રિય હતા. શ્રીકૃષ્ણ વાસુદેવનું ઐશ્વર્ય અદ્ભુત હતું. શ્રીકૃષ્ણના ભાઈઓ દેવકીના ૭ પુત્રો કે જેમનું સુલસાએ પાલન કર્યું હતું તે અને ગજસુકુમાલ આદિ સાત પુત્રો તો મોક્ષગામી હતા. શ્રીકૃષ્ણ વાસુદેવપત્નીના ધણી હતા. આવતી ચોવીસીમાં તેઓ તીર્થંકર થશે. આવા શ્રીકૃષ્ણમહારાજના ઘરમાં પણ નારદ નિરંકુશ રીતે આવી જઈ શકતા હતા. બધાંને નારદનું આગમન આનંદ આપતું હતું. નારદ પોતાની વિદ્યાથી અંતરીક્ષમાં પણ ફરી શકનારા હતા. જળવાટ અને સ્થળવાટના મુખવાળા નગરોમાં, ફરીગરી જેવી હોય તેવાં પટ્ટણોમાં વણિક લોકો વધારે રહેતા હોય તેવા નિગમોમાં ગોવાળો રહેતા હોય તેવા સન્નિવેશમાં અને ઋષિઓ રહે તેવા આશ્રમોમાં વગેરેમાં રીતે ફરતા ફરતા આ કચ્છુલ નામના નારદ અંતરીક્ષમાર્ગે હસ્તિનાપુર નગરમાં આવેલા પાંડવોના પ્રાસાદમાં પધાર્યા. તેમને જોઈને પાંચ પાંડવો કુંતાજી અને પાંડુ રાજા સાત જણા સામે ચાલીને તેમનું સ્વાગત કરવા આવ્યા અને તેમને બેસવા માટે આસન આપ્યું. એ આસન પર દર્ભ બિછાવીને તથા પોતાના કમંડળમાંથી ચારે બાજુ પાણી છાંટી અને તેના પર મૃગચર્મ બિછાવીને નારદજી બેઠા. તેમણે ચારે તરફ દૃષ્ટિ કરી. હવે નારદજીએ દૃષ્ટિ ક્યાં પાડી અને શું કરી તે અધિકાર અવસરે કહેવાશે.

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૯૪

(શનિવાર, તા ૧૨-૧૦-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે પાડવોના રાજમહેલમા આ કચ્છુલ નામના નારદ પધાર્યા અને પાચેય પાડવોએ, પાડુ રાજાએ તથા કુતાજીએ તેમને વદન કર્યા, પણ દ્રૌપદીએ તેમને વદન કર્યા નહી નારદે આડી દષ્ટિએ અતપુરમા જોયુ ત્યા દ્રૌપદીને બેઠેલ જોઈ, પરન્તુ નારદ અવિરતિ હોવાના કારણથી દ્રૌપદીએ જાણીજોઈ ને જ તેમનો આદર કર્યો ન હતો શ્રાવકને ઘેર શ્રાવક આવે, તો શ્રાવકને વદન થાય છે સાચા વદન તો તેના પચ્ચક્ખાણને થાય છે મિથ્યાત્વીને સમ્યક્ત્વી જીવો આદર આપતા નથી, કારણ કે આદર સમ્યગ્દષ્ટિનો હોય મિથ્યાદષ્ટિમા આદર કરવા જેવુ શુ છે ? જેના દેવ અરિહત, ગુરુ નિર્ગ્રંથ અને ધર્મ કેવળીનો પ્રરૂપેલો—આ ત્રણ તત્ત્વની જેને શ્રદ્ધા હોય તે આદરને પાત્ર છે નદીમા ઘસાતો ઘસાતો પથ્થર જેમ ગોળ થઈ જાય છે તેમ અનેક કર્મના પરિણામો ભોગવતા ભોગવતા જીવને સમ્યક્ત્વ લાધે છે તે સમ્યક્ત્વના ત્રણ કરણ છે

૧ યથાપ્રવૃત્તિકરણ—કર્મ ઘસાતા ઘસાતા સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમને વટાવીને એક ક્રોડાક્રોડી રહે છે

૨ અપૂર્વકરણ—દીર્ઘકાળના કર્મોને મદરસ કરી નાખવા તે આમા જીવ તેનો સ્થિતિઘાત રસઘાત, ગુણશ્રેણી, ગુણસક્રમણ, અપૂર્વ

મહમદ ઉમે ક્ષમા માગી, પાત્રામાંનું માંસ જતી ગયું અને આને કોઈપણ સાધુને નહીં પજવવાની પ્રતિજ્ઞા લીધી. ત્યાર બાદ સાધુએ મહમદ બેગ ઉપર રજોહરણ ફેરવ્યો ત્યારે એ ઉભો થયો, આશ્ચર્યમાં પાત્રમાં ભાત જોયા ને મુનિને વંદન કરી સૌ વિદાય થયા.

નારદ ભારી વિદ્યાના જાણકાર હતા. દ્વારિકાના શ્રીકૃષ્ણ વાસુદેવ તેમની આઠ અગ્રમહિષીઓ પ્રદ્યુમ્ન સાંબ આદિ કુમારો દશ દશારાદિ રાજપુરુષો આદિને બહુ પ્રિય હતા. શ્રીકૃષ્ણ વાસુદેવનું ઐશ્વર્ય અદ્ભુત હતું. શ્રીકૃષ્ણના ભાઈઓ દેવકીના ૭ પુત્રો કે જેમનું સુલસાએ પાલન કર્યું હતું તે અને ગજસુકુમાલ આદિ સાત પુત્રો તો મોક્ષગામી હતા. શ્રીકૃષ્ણ વાસુદેવપર્યાયના ધણી હતા. આવતી ચોવીસીમાં તેઓ તીર્થંકર થશે. આવા શ્રીકૃષ્ણમહારાજના ઘરમાં પણ નારદ નિરંકુશ રીતે આવી જઈ શકતા હતા. જ્યાંને નારદનું આગમન આનંદ આપતું હતું. નારદ પોતાની વિદ્યાથી અંતરીક્ષમાં ઊંચે ઊડી શકતા હતા. જળવાટ અને સ્થળવાટના મુખવાળાં નગરોમાં, ફરીગરી થતી હોય તેવાં પત્તનોમાં, વણિક લોકો વધારે રહેતા હોય તેવા નિગમોમાં ગોવાળો રહેતા હોય તેવા સન્નિવેશમાં અને ઋષિઓ રહે તેવા આશ્રમોમાં સ્વેચ્છ રીતે ફરતા ફરતા આ કચ્છુલ નામના નારદ અંતરીક્ષમાર્ગે હસ્તિનાપુર નગરમાં આવેલા પાંડવોના પ્રાસાદમાં પધાર્યા. તેમને જોઈને પાંચ પાંડવો કુંતાજી અને પાંડુ રાજા સાત જણા સામે જઈને તેમનું સ્વાગત કરવા આવ્યા અને તેમને બેસવા માટે આસન આપ્યું એ આસન પર દર્ભ બિછાવીને તથા પોતાના કમંડળમાંથી ચારે બાજુ પાણી છાંટી અને તેના પર મૃગચર્મ બિછાવીને નારદજી બેઠા. તેમણે ચારે તરફ દૃષ્ટિ કરી. હવે નારદજી દૃષ્ટિ ક્યાં પાડે અને શું કરશે તે અધિકાર અવસરે કહેવાશે.

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૯૪

(શનિવાર, તા. ૧૨-૧૦-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને **સિદ્ધાન્ત** કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે પાડવોના રાજમહેલમા આ કચ્છુલ નામના નારદ પધાર્યા અને પાચેય પાડવોએ, પાડુ રાજાએ તથા કુતાજીએ તેમને વદન કર્યા, પણ દ્રૌપદીએ તેમને વદન કર્યા નહી નારદે આડી દૃષ્ટિએ અતપુરમા જોયુ ત્યા દ્રૌપદીને બેઠેલ જોઈ, પરન્તુ નારદ અવિરતિ હોવાના કારણથી દ્રૌપદીએ જાણીજોઈ ને જ તેમનો આદર કર્યો ન હતો શ્રાવકને ઘેર શ્રાવક આવે, તો શ્રાવકને વદન થાય છે સાચા વદન તો તેના પચ્ચક્ખાણને થાય છે મિથ્યાત્વીને સમ્યક્ત્વી જીવો આદર આપતા નથી, કારણ કે આદર સમ્યગ્દષ્ટિનો હોય મિથ્યાદષ્ટિમા આદર કરવા જેવુ શુ છે ? જેના દેવ અરિહત, ગુરુ નિર્ગ્રથ અને ધર્મ કેવળીનો પ્રરૂપેલો—આ ત્રણ તત્ત્વની જેને શ્રદ્ધા હોય તે આદરને પાત્ર છે નદીમા ઘસાતો ઘસાતો પથ્થર જેમ ગોળ થઈ જાય છે તેમ અનેક કર્મના પરિણામો ભોગવતા ભોગવતા જીવને સમ્યક્ત્વ લાધે છે તે સમ્યક્ત્વના ત્રણ કરણ છે

૧ **યથાપ્રવૃત્તિકરણ**—કર્મ ઘસાતા ઘસાતા સિત્તેર **ક્રોડાક્રોડી** સાગરોપમને વટાવીને એક ક્રોડાક્રોડી રહે છે

૨ **અપૂર્વકરણ**—દીર્ઘકાળના કર્મોને મદરસ કરી નાખવા તે. આમા જીવ તેનો સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી, ગુણસક્રમણ, અપૂર્વ

સ્થિતિબંધ કરી નાખે છે. જેમ ભૂખાદિ હોય ભૂખી રહી [illegible] છે
તેની આ દસની રસી એકાંતપણે [illegible] જાય છે [illegible]
અપૂર્વકરણનો નવો બંધ પડે, તોપણ અનંત [illegible] વધે તેવો [illegible]
પડતો નથી.

૩. અનિવૃત્તિકરણ—આવા જીવને એ નિર્મળ થઈ જાય છે કે
હવે સમ્યગ્દર્શન લીધા વિના પાછો ફરવાનો નથી. [illegible]
ગ્રંથિના ત્રણ ટુકડા થઈ ગયા. સમ્યગ્દર્શન [illegible] જાય તે [illegible]
[illegible] આત્મા નીચે ભલે જાય છે એટલે મિથ્યાત્વી [illegible]
એવો બંધ રહેતો નથી કે [illegible] [illegible] [illegible] નહીં [illegible]
અને [illegible] થઈ જશે તો [illegible] કારણ કે [illegible] [illegible] કરી શકતાં
નથી. એ તો [illegible] [illegible] [illegible] છે. શુભ કર્મના પરિણામે
એ દેવલોકનાં સુખો ભોગવે છે. પણ એ આત્માને કોઈ બાંધી શકતા
નથી. લાભ અને હાનિ તો પોતાનાં કર્મથી જ થાય છે.

દૃષ્ટાન્ત—[illegible] [illegible] [illegible] [illegible] ચક્રવર્તીને [illegible]
સોળ હજાર દેવો હતા. પણ જ્યાંસુધી તેનાં શુભ કર્મોનો [illegible]
ત્યાંસુધી આ દેવોએ [illegible] કરી. એકવાર સોળેય હજાર દેવોને એકી
સાથે એવો વિચાર આવ્યો કે સોળ હજાર દેવોમાં હું એકલો ન હોઉં
તોપણ ચક્રવર્તીને કોઈ ખોટ આવવાની નથી. મારા સિવાય પંદર
હજાર તો [illegible] [illegible] છે [illegible] જ વિચાર એકીસાથે [illegible]
દેવોને [illegible] [illegible] ચક્રવર્તી [illegible] [illegible] દેવતાઓ
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
તમારી સેવામાં [illegible] દેવતાઓ છે? શુભ કર્મોનો [illegible] [illegible] ત્યાંસુધી
[illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] તો એ [illegible] [illegible]
નહીં. [illegible] [illegible] જીવોમાં [illegible] [illegible] [illegible] છે.

[illegible] [illegible] ક્રોધ અને [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible]

અને માન વધારે હોય છે, તિર્યંચને આહાર ને કપટ વધારે હોય છે, ત્યારે દેવતાઓમા લોભ અને પરિગ્રહ વિશેષ હોય છે

દેવતાઓને કવલાહાર કરવો પડતો નથી, છોકરા-છોકરીઓને પરણાવવા પડતા નથી એક જ પ્રહરનુ નાટક જોવામા એમના આયુષના દસ હજાર વર્ષ વીતી જાય, છતા એમના લોભ અને પરિગ્રહનો કોઈ પાર નથી આવા દેવતાઓ તમને શું આપવાના હતા ?

બે મિત્રો ગામડામાથી શેઠીસાથે શહેરમા જાય તેમા એક ઑફિસ સાફ કરતા કરતા પણ શેઠની મહેરબાનીને પાત્ર થઈને ક્રમે ક્રમે પેઢીનો ભાગીદાર શેઠ બની જાય, ત્યારે બીજો એ જ ઑફિસનુ ઝાડુ વાળતો જ રહી જાય પુણ્યનો ઉદય હોય તો કચરામાથી લાખો રૂપિયા થઈ જાય અને પાપનો ઉદય હોય તો હાથમા રાખેલા દસ હજારના એક હજાર રહી જાય અથવા બજારમા જતા તેનુ ખીસુ કપાઈ જાય તો પછી તમે દેવદેવીઓ પાસે શુ માગો છો ? સાચો શ્રાવક કદાય ભીખ માગવા જતો નથી જેને નવેય તત્ત્વોનુ જાણપણુ હોય તેવો શ્રાવક લાભ મળે ત્યારે ફુલાઈ જતો નથી ને નુકસાન થાય ત્યારે હાયહાય કરતો નથી પરતુ અજ્ઞાની આત્માને સમજણ પડતી નથી, માટે એ દેવીદેવતાની માનતા કરવા લાગી જાય છે

દૃષ્ટાન્ત—મીરાબાઈ પરણીને રાણાને ઘેર આવતા હતા માર્ગમા જ એમની કુળદેવીનુ મદિર આવ્યુ વરકન્યાને મદિરમા લઈ જવામા આવ્યા રાણાએ ઝૂકીઝૂકીને વદન કર્યો, પણ મીરા એમ ને એમ ઊભી રહી ! આથી તેની સાસુ બોલી—

'સાસુ બોલ્યા સોહાગણી વહુ ! નમો શક્તિને પાય'

પરતુ ત્યા તો નવવધૂ તરીકે આવેલી મીરાએ તરત જ જવાબ આપ્યો—

'મસ્તક મારુ નહી નમે, એક વિના ગિરિધરરાય
મીરા મન મોહનસે મોહ્યુ.'

આ સાભળીને સાસુ છછેડાઈ ગઈ એણે કહ્યુ —

સાસુ કહે સાસુ મોતી ભાળ્યથી મારે નથી આ વસ્તુનું કામ.
પુત્રને કહે એને રાખો પહેરી, એના ન્યારા આવાસે નિવાસ. મીરા

સાસુએ તે જ દિવસથી મીરાંને રહેવા માટે જુદું મકાન આપી દીધું પરન્તુ—

મીરાં બોલ્યાં મગન થઈ પ્રભુ પણ તે બક્ષિયો જ ભાગ!

જે જીવને વૈરાગ્ય અને ભજન પ્રિય હોય તેને તો એકાન્ત જ ગમે છે ત્યારે તમે આ પ્રકાર બોલવા બેસી રહેવામાં કંટાળી જાવ છો ને ઊઠીને બજારમાં દોડવા જાવ છો. લૌકિક અને લોકોત્તર મિથ્યાત્વમાં રાચનારાઓ ભાન ભૂલ્યા છે. શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે—

ગંગાજળમાં જે રમ્યા કેમ છિલ્લર હો રતિ પામે મરાલ કે
સરોવર જળધર જળ વિના નવિ ચાહે હો જગ ચાતક બાળ કે.
અજિત જિણંદશું પ્રીતડી!
મુજને ન ગમે હો બીજાનો સંગ કે માલતી ફૂલે મોહિયો,
કેમ બેસે હો બાવળતરુ ભૃંગ કે અજિત જિણંદશું પ્રીતડી!

હે અજિત જિનેશ્વર પ્રભુ! મને તો આપની સાથે જ પ્રીત લાગી છે. મને બીજા કોઈનો સંગ ગમતો નથી. માલતીફૂલમાં રમનારો ભમરો બાવળના ફૂલમાં ફરવા શા માટે જાય! આત્મસ્વરૂપમાં રમનારો હોય, તેને જડ પુદ્ગલનાં ખોખાં ગમતાં નથી. સમ્યક્ત્વના સ્વાદ ચાખનારને દેવ વિના દેવો ગુરુ લાગે છે. તમને બે ઘેડે સવારી કરવાના શોખ જાગ્યો છે. જરા વિચાર તો કરો કે દેવો તમને નમે કે દેવોને તમે નમો? **देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो** — જેનું મન ધર્મમાં રમે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે. ને તું તમે તમારા હૃદયથી ચકાસણી કરો કે તમારું મન ધર્મમાં રમે છે કે ધનમાં રમે છે? ઉપરની ભાષા તમે હૃદયથી બોલો છો કે માત્ર હોઠથી?

જ્યારે આત્મા પાંચમા ગુણસ્થાનમાં હોય છે ત્યારે દેવતાઓને

વધારેમાં વધારે તો ચોથુ ગુણસ્થાન મળે હવે તમે જ કહો કે તમે મોટા કે દેવ ? પરન્તુ તમારામા મિથ્યાત્વની ગાઠ એટલી બધી વધી ગઈ છે કે તેનુ ઓપરેશન કોઈ સાધારણ ડૅાકટરને હાથે થઈ શકે તેમ નથી.

અનંતકાળથી પેસી ગયેલુ મિથ્યાત્વ આ મનુષ્યભવમા જ નીકળી શકશે તમારા આત્માને અનતગણો વિભવ છે સિદ્ધના સુખનું વર્ગીકરણ કરતા તેનો અનતમો ભાગ એક છાબડામા મૂકો અને એક તરફ દેવોના તમામ સુખો મૂકો, તોપણ સિદ્ધના સુખના ભાગવાળુ પલ્લુ નીચે ને નીચે રહે છે આમ સિદ્ધના સુખો અનતગણા છે આવા સુખો પ્રાપ્ત કરવા માટે આ મનુષ્યભવમા જ કામ કાઢી લેવા જેવું છે પણ કષાયથી ડહોળાઈ ગયેલા હૃદયમા આત્માનુ સુખ દેખાતુ નથી. જેને આત્માનો વિભવ એકવાર દષ્ટિમા આવી ગયો હોય તેને દેવોની કે અમજેપતિની સમૃદ્ધિ આજી શકતી નથી એના માટે તો આનદ આનદ અને આનદ જ છે

અનુભવીને એકલુ આનદમા રહેવુ રે,
ડગવુ નહી દુખ પડ્યે સમભાવે સહેવુ રે

આ અનુભવીના ઉદ્દગારોને હૃદયમા ઠસાવો તો સસારનાં સુખો તમને તુચ્છ દેખાશે 'સ્વ' ભાવમા સ્થિર થાવ

'આપ સ્વભાવમે રે, અવધૂ! સદા મગનમે રહના'

'સ્વ' ભાવમા શોકનો સભવ નથી. તમારે શોક જોઈએ છે કે આનદ ? ભગવાન કહે છે કે જે લોકની જજાળમાથી છૂટે છે તે જ વીર પ્રશસાને પાત્ર છે તમે અગાઉ ગાડામા બેસીને એક ગામથી બીજે ગામ જતા હતા તેમાથી આગળ વધીને મોટર, ટ્રેઇન અને એરોપ્લેનમા ઊડવા જેવી પ્રગતિ સાધી પણ એ ટાઈમ બચાવીને તમે ધાડ શી મારી એ બતાવશો ? તેજીમદીના ભાવો તો ટેલિફોનની ઘટડીથી તમે મેળવી શકો છો, પણ આત્માના ભાવો ઊચા ગયા છે કે નીચા ? ભગવાને આરભ અને પરિગ્રહની ના

ખારી છે છતાં તમને એ જ ગમે છે પાપ અને શાપ એ બન્ને આવવા જેવાં નથી છતાં તમે તો પાપને સામે પગલે આવકારી રહ્યા છો. પરન્તુ તમે જે કાયા કંચન, કાન્તા અને કુટુમ્બ માટે આ બધું કરી રહ્યા છો એમને સાથે લઈ જવાની બાબત નિરાશાજનક છે અહીંની નિરાશાજનક તો તમે સાચિસ્થત થઈને પણ દૂર કરાવી શકો છો પણ ત્યાં તમારું ચાલશે નહીં એવો કોઈ બહાદુર જન્મ્યો નથી કે ઉપર જણાવેલા ચાર કકાઓને સાથે લઈ જઈ શકે.

જેની સુરતામાં 'સોઽહમ્'નો તાર અવિરતપણે અણુઅણુમાં વહી રહ્યો છે તેની સુરતા જ કર્મની નિર્જરા કરી શકે છે કોઈ ગરીબ વેપારી લાખનો હીરો ખરીદી ન શકે માટે એ એક હજારનો નાનો હીરો ખરીદે છે પણ એના દિલમાં જેમ લાખના હીરાનું મહત્ત્વ ઓછું અંકાયેલું નથી હોતું લાખના હીરાને એ લઈ શકતો નથી એ એની નબળાઈ છે તેમ તમારાથી સર્વવિરતિ સાધી ન શકાય તો દેશવિરતિને આદર આપો.

દ્રૌપદીએ નારદને વંદન કર્યાં નહીં આ જોઈને નારદને એમ થયું કે કુંતાજીએ પાંડુ રાજાએ અને પાંચ પાંડવોએ મારી પૂજા કરી મન વંદન કર્યાં પણ રૂપલાવણ્યના અભિમાનથી દ્રૌપદીએ મને વંદન પણ કર્યાં નહીં માટે આ દ્રૌપદીનું અભિમાન ઉતારું ત્યારે જ મારું નામ નારદ સાર્થક થઈ શકે! ગમે તેવા દેવતાઓ પણ મારા કરેલ કામને રદ કરી ન શકે તો આ દ્રૌપદી શી વિસાતમાં છે!

ॐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૯૫

(રવિવાર, તા ૧૩-૧૦-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે. કચ્છુલ નારદને નમસ્કાર નહી કરવા બદલ દ્રૌપદીની સાન ઠેકાણે લાવવાનો નિર્ણય અવિરતિ નારદે કર્યો તેણે વિચાર કર્યો કે આ દ્રૌપદી રૂપલાવણ્યવતી હોવા ઉપરાત પાચેય પાડવો પણ એનો સત્કાર કરે છે એ અભિમાનના કારણથી જ દ્રૌપદીએ મને વદન કર્યું નથી સમ્યગ્દર્શન વિનાની કરણી નિર્જરા કરનારી બનતી નથી નારદજીમા બ્રહ્મચર્ય, વિદ્યા આદિ ગુણો હતા, છતા તેઓ સમ્યગ્દર્શન પામી શક્યા ન હતા ભગવાન કહે છે કે—

नादंसणीस्स नाण नाणेण विना न हुन्ति चरणगुणा ।
अगुणस्स नत्थि मोक्खो नत्थि अमोक्खस्स निव्वाणं ॥

ઉત્તરાધ્યયનસૂત્ર, અ ૨૮, ગા ૩૦

સમ્યગ્દર્શન વિનાનુ જ્ઞાન એ સાચુ જ્ઞાન નથી જ્ઞાન વિના ચારિત્ર નથી, ચારિત્ર વિના મુક્તિ નથી અને મુક્તિ વિના નિર્વાણ પદની પ્રાપ્તિ નથી જે માણસ દ્વિધામા પડી જાય છે એ સમાધિને પ્રાપ્ત કરી શકતો નથી. સમકિતી જીવ 'પર'થી લાભ અને હાનિ થવાની કલ્પના પણ કરતા નથી સમ્યગ્દર્શન કહે છે કે મારી ઉત્તમ આરાધના-

કરીશ તો હે માનવ! તને એક જ ભવે મુક્ત કરીશ ને મધ્યમ આરાધના કરીશ તો ત્રણ ભવે અને જઘન્ય આરાધના કરીશ તોપણ તને પંદર ભવે મુક્ત કરીશ. અને—

जहा सुई ससुत्ता पडिया वि न विणस्सइ।
तहा जीवे ससुत्ते संसारे न विणस्सइ॥

પરોવેલા દોરાવાળી સોય કચરામાં પડી જાય તોપણ એ મળી જાય છે તેવી જ રીતે સમ્યક્ત્વ ન પામેલો જીવ અર્ધપુદ્ગલપરાવર્ત પામ્યા વિના રહેતો નથી. એક દેવાદાર માણસ પરદેશથી કમાઈને આવ્યા પછી દેવું પતાવતાં પતાવતાં એક અધેલી જેટલું જ બાકી રાખે, એવી રીતે સમ્યક્ત્વની જીવ પરિણામ થઈ જાય—મિથ્યાત્વના ઘરમાં તે ચાલ્યો જાય તોપણ અર્ધપુદ્ગલપરાવર્તન પામે છે પરંતુ—

સમકિત વિનાની કીધી કરણી મેં આજ સુધી;
ટાળ્યો ન ભવનો ફેરો સમકિતનો લઈને લ્હાવો.
મહાવીરનું શાસન ચારે ઓર ફેલાવે તમો
ઘર ઘર સંદેશ વધાવો વીરનો સુનાવે જાઓ.

જીવે પુણ્યના લક્ષે, પરગતિના લક્ષે ઘણું ઘણું કર્યું પણ આત્માના લક્ષે કંઈ કર્યું નહીં. મેરુપર્વત જેટલા મુહપત્તીના ઢગલા કર્યા, છતાં સમકિત વિના ભવના ફેરા ટળ્યો નહીં.

દૃષ્ટાન્ત—પદ્મસેન રાજાને બે પુત્રો હતા. મોટો પુત્ર વીરસેન અને નાના શૂરસેન. બંને વિચક્ષણ તો હતા પરંતુ નાનો ભાઈ શૂરસેન અભ્યાસુ હતો. પોતાની વિચક્ષણ બુદ્ધિથી બધી કળાઓ ત શીખી ગયો. હવે તેને યુદ્ધકળા પણ શીખી લેવાનો વિચાર કર્યો. આથી તેણે [illegible] શબ્દવેધ નામની ધનુર્વિદ્યા પણ શીખી લીધી! એક વાર પદ્મસેનના રાજ્ય પર શત્રુરાજા ચઢી આવ્યો. નાના પુત્ર શૂરસેને કહ્યું કે હું યુદ્ધ કરવા જઈશ. મારા શબ્દવેધ વડે શત્રુઓ પરાજિત થઈ જશે.

અને શત્રુસૈન્યના અવાજ ઉપરથી ચક્ષુહીન શૂરસેન લક્ષવેધી બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો. શત્રુના સૈન્યનો પરાજય હાથવેંતમા જણાવા લાગ્યો, પરંતુ ગુપ્તચરો દ્વારા શત્રુરાજાને ખબર પડી ગઈ કે આ શત્રુઓની સેનાનો સેનાપતિ જ આંધળો છે આપણા સૈન્યના અવાજ ઉપરથી જ એ બાણો મારે છે, માટે હવેથી કોઈએ લડતા લડતા અવાજ કરવો નહીં હવે અવાજ વિના શૂરસેન બાણ કયા મારે? શત્રુઓનુ બળ વધી ગયુ અને શૂરસેન પકડાઈ ગયો. આખરે વીરસેન યુદ્ધે ચડ્યો અને પોતાના બળપરાક્રમથી શત્રુઓને પરાજિત કરીને શૂરસેનને છોડાવી લાવ્યો

બન્ને રાજાના પુત્રો હતા, શૂરવીર પણ હતા, પણ શૂરસેન આંખો વિનાનો હતો, માટે પકડાઈ ગયો ! આ જીવ પણ સમ્યગ્દર્શન વિના આંધળો છે સંસારના લક્ષથી તો એણે ઘણુ કર્યું છે, પણ એ ભૌતિક સુખોના લક્ષમા એણે આત્મલક્ષને વહેંચી નાખ્યુ છે! પૌદ્ગલિક વસ્તુઓની ઇચ્છાએ એના શબ્દવેધી બાણ નિષ્ફળ નીવડે છે માટે નિર્વ્યાજ સેવા કરો વ્યાજ વગરની સેવા માનવને આત્મલક્ષી બનાવે છે પૌષધ, સામાયિક આદિ ધાર્મિક ક્રિયાઓ કરીને ભૌતિક ઇચ્છાઓ કરશો નહીં નવપૂર્વ સુધીની વિદ્યા તો અભવ્ય પણ લઈ શકે છે, પણ ભગવાન કહે છે કે—

> જો હોય પૂર્વ ભણેલ નવ પણ જીવને જાણ્યો નહીં,
> તો સર્વ તે અજ્ઞાન ભાખ્યુ સાક્ષી છે આગમ મહીં
> એ પૂર્વ સર્વ કહ્યા વિશેષે જીવ કરવા નિર્મળો,
> જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો

નવ નવ પૂર્વનુ જ્ઞાન હોવા છતા જો જીવને ન જાણ્યો, સ્વસંવેદન અને અનુભવ ન આવે તો એ અજ્ઞાન છે શાસ્ત્રોનુ જ્ઞાન જીવને નિર્મળ બનાવવા માટે છે. બત્રીસ છપ્પન હાથીઓને અંબાડી સહિત ઊભા રાખે તેટલા કોરી શાહીના ઢગલા કરે અને તેને ઘોળીને શાહી બનાવીને

વખાણ કરે તેટલી વિદ્યા એક નવમા પૂર્વની થાય. આટલી વિદ્યા ભણ્યા છતાં સમ્યગ્દર્શન વિના એ સાચું જ્ઞાન ગણાતું નથી.

સમ્યક્ વિનાની કરણી એકડા વિનાનાં સો મીંડાં જેવી છે સમ્યગ્દર્શન એ જૈન શાસનનું મૂળ છે

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું તે સાચા ગુરુ હોય
બાકી કુળગુરુ કલ્પના આત્માર્થી નહીં જોય.

જેટલાં સમ્યક્ સંયમ અને તપ વધે, એટલી કર્મની નિર્જરા થશે. સમકિતને સમ્યક્ત્વ કહેવાય છે ભગવાન કહે છે **तं जाणितु न मिहे न निक्खेवए जाणितु धम्मं जहा तहा** —જેમ છે તેમ ધર્મના સ્વરૂપને જાણ અને દયાધર્મી—ક્રિયાધર્મી બનીને ધર્મને સાચવ. કેટલાક જીવો તપ તપનારા હોવા છતાં અજ્ઞાના ખોટા હોય છે

ઊર્ધ્વબાહુ કરી ઊંધો લટકે ભસ્મ લગા ધૂમ ઘટકે
જટાજૂટ શિરમુંડે જૂઠો વિણ શ્રદ્ધા ભવ ભટકે
સમકિત નવિ લહ્યું રે એ તો રુલ્યો ચતુર્ગતિ માંહી
મિથ્યાત્વ નવિ ગયું રે એ તો

કેટલાયે તાપસો ઊંચા હાથ કરીને, ઝાડ પર લટકીને, કોઈ આખા શરીરે રાખ લગાડીને કોઈ જટા વધારીને અને કોઈ મુંડ મૂંડાવીને તપ તપે છે છતાં સમકિત વિનાના હોવાથી તેમનું ભવભ્રમણ અટકતું નથી. કોઈ સેવાળભક્ષી કોઈ વાયુભક્ષી કોઈ કંદમૂળભક્ષી, કોઈ પંચ તાપસ અને કોઈ હસ્તિતાપસ બનીને તપ કરે છે પણ આ બધાં તપની પાછળ સુખની લાલસા છે હિંસામાં ધર્મ માનનારને ભગવાન આર્ય પણ કહેતા નથી. જેને આત્મારૂપી વડની બીજથી શરૂઆત થઈ છે તે કોઈથી ડરતા નથી. સમકિતના આઠ પ્રકારો આ પ્રમાણે છે

निस्संकिय निक्कंखिय निव्वितिगिच्छा अमूढ दिट्ठीय।
उववूह थिरीकरणे वच्छल्ल पभावणे अट्ठ ॥

ઉત્તરાધ્યયનસૂત્ર અ. ૨૮ ગા. ૩૧

સમક્તિી જીવને જૈનધર્મમા શકા ન હોય, પાખડધર્મની વાછા ન હોય, કરણીના ફળમા સદેહ ન હોય, પાખડીઓના આડબર દેખી મૂઝાય નહી, સ્વધર્મની પ્રસસા કરનાર હોય, ધર્મથી ચ્યુત થતા જીવોને સ્થિર કરે, સ્વધર્મીઓની ભક્તિ કરે, જૈન ધર્મને અનેક રીતે દીપાવે, જેમ શ્રીકૃષ્ણે ધર્મની દલાલી કરી, રાજા શ્રેણિકે અમારિપડહ વગડાવ્યો. સાધક કહે છે, ' ભગવન્ ! આપના મહાનલમાથી સમકિતની, જ્ઞાનની, ચારિત્રની એક જ ચિનગારી મને મળી જાય તો મારુ ભવભ્રમણ અટકી જાય એ ચિનગારી માગતા ભક્ત પ્રાર્થના કરે છે—

ચકમક લોઢુ ઘસતા ઘસતા ખરચી જિદગી સારી,
જામગરીમા તણખો ન પડ્યો, ન ફળી મહેનત મારી,
મહાનલ ! એક જ દે ચિનગારી

સાધુપણા લીધા, બ્રહ્મચર્ય અને સયમ સાધ્યા, પણ જામગરીમા તણખો ન પડ્યો સમ્યગ્દર્શનમા મીડુ મુકાઈ ગયુ અને—

ચાદો સળગ્યો, સૂરજ સળગ્યો, સળગી આભ અટારી,
ના સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી !
મહાનલ ! એક જ દે ચિનગારી

અનત સિદ્ધો, તીર્થકરો એ જ સમ્યગ્દર્શન પામીને મુક્ત થઈ ગયા, અને મારી મિથ્યાત્વની ભરેલી સગડી ન સળગી તે ન જ સળગી ! આ ઓછા દુખની વાત છે ? આ સગડીના મિથ્યાત્વરૂપી કોલસાને જો સળગાવવા હોય તો સ્મરણ, આચરણ અને જ્ઞાનની ચિનગારીની યાચના કરો

બધા પામી જાય તેવી આ ચીજ નથી તમને તો પ્રભુની વાણીમા શ્રદ્ધા નથી, પણ નોટોના બડલોમા જ શ્રદ્ધા છે સો રૂપિયાની નોટ હાથમા લીધા પછી તમે તેને ફાડી નાખતા નથી એકમા નાણા મૂકવાની શ્રદ્ધા છે પહેલાથી ટિકિટના પૈસા આપ્યા પછી એ જ ટિકિટથી મુબઈ પહોચાઈ જશે એવી શ્રદ્ધા છે, પણ શાસ્ત્રોમા શ્રદ્ધા નથી.

ભગવાન કહે છે सर्व संधि ति मुह्मोसिप्पमाणे सव्वत्ति —જેટલાં સંધિ ને અવસર અને ક્ષણો હતાં તેટલાં જ તમને મળ્યાં છે માટે હાથમાં આવેલી તકને ગુમાવશો તો પસ્તાવો રહી જશે. સમય ટુંક છે ને કરવાનું ઘણું છે એક મિનિટ પણ મોડા પડનાર ગાડી ચૂકી જાય છે

કણબી કુશળ છે એવું અતલપૂર્વક મેળવેલા ધાન્યથી કોઠીઓ ભરી લીધી છે આજુબાજુના પ્રદેશમાં દુકાળ પડ્યો છે આવા સમયમાં બીજાઓ તો દુકાળ દુકાળ ની બૂમો પાડે એ સમજી શકાય તેવી વાત છે પણ જેની કોઠીઓ ધાન્યથી ઉભરાઈ રહી હોય એવો કણબી પણ બધાની સાથે પોકાર પાડવા માંડે એ તો ભારે આશ્ચર્યની વાત છે! ભગવાન કહે છે કે જે કેવળજ્ઞાન અને કેવળદર્શન અને ઘણું બધું એ જ તમારી સત્તામાં પણ છે જે માનવ એને જાગ્રત કરે તેનું પ્રગટ થઈ જાય! પ્રભુએ આ બોધ તમને સુલભ કરી આપ્યો છે છતાં તમે દુકાળ દુકાળ ના પોકારો પાડ્યા કરો તો એનાથી વધારે બીજું શું આશ્ચર્ય હોઈ શકે! જેવું સામાયિક કર્યું હોય, જે વિરતિમાં બેઠા હોય તેનાથી અવિરતિનો આદર થઈ શકે નહીં દ્રૌપદીએ નારદનો આદર ન કર્યો આથી ચિડાઈ જઈને નારદ ત્યાંથી એકદમ ઊભા થયા અને વિદ્યાના બળથી બે લાખ યોજનનો લવણસમુદ્ર ઓળંગીને ચાર લાખ યોજનના વિસ્તારવાળા ધાતકીખંડદ્વીપમાં અમરકંકા નામની નગરીમાં તેઓ આવી પહોંચ્યા. ત્યાં શું બન્યું તે અવસરે.

ૐ શાન્તિ.

*

વ્યાખ્યાન : ૯૬

(સોમવાર, તા ૧૪-૧૦-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે. રોષપૂર્ણ દષ્ટિવાળા કલુલ નારદ ધાતકીખંડદ્વીપની રાજધાની અમરકંકા નગરીમા આવ્યા આ નગરીને બાવન હજાર અને ચોરાશી ચૌટા હતા, અનેક પાણીના સ્થળો અને બાગબગીચાઓ હતા કોટ-કિલ્લાઓ અને તેમા એકસો વિશાળ દરવાજા હતા આજે તો ચારે તરફ જૂના કોટ-કિલ્લાઓ હોય, તેને પણ સાફ કરી નાખવામા આવે છે, આથી શહેરોની ચારેય દિશાઓ મોકળી થઈ ગઈ છે અમરકંકાનગરીમા પદ્મનાભ નામનો રાજા રાજ્ય કરતો હતો આગળના રાજાઓ પ્રજાના પિતા જેવા હતા તેમની પ્રજા સુખી ને સતુષ્ટ હતી તેઓ સિંહાસન પર નહી, પણ પ્રજાના હૃદય પર રાજ્ય કરતા હતા ત્યારે આજના ત્રણ ત્રણ વર્ષે બદલાતા મત્રીઓ માત્ર ખુરશી પર રાજ્ય કરે છે એમને પ્રજાના કરતા પોતાની પીડા ટાળવાની વધારે પડી હોય છે, કારણ કે ત્રણ વર્ષ પછી તો એને ખુરશી છોડી દેવાની હોય છે !

પરન્તુ પદ્મનાભ રાજા પ્રજાવત્સલ હતો એ અડગ, શૂરવીર અને પાપીઓને દડ દેનારો હતો. જે રાજ્યમા રાજા દયાળુ અને પાપીઓને દડ દેનારો હોય, તેની પ્રજા સુખી અને સમૃદ્ધ હોય છે તેથી ભિલકુ

જેના રાજ્યમાં સજ્જનો રિબાતા હોય, પાપીઓ ફૂલાફાલ્યા ફરતા હોય, સર્વત્ર અન્યાય, અધમ અનીતિ, સુરા અને સુંદરીનું સામ્રાજ્ય પ્રવર્તતું હોય, તે પ્રજાનાં પણ પાપનો ઉદય છે એમ સમજવું.

પદ્મનાભ રાજાના રાજ્યમાં કોઈ ચોર ન હતા. કોઈ લોભી ન હતા. કોઈ મદિરાપાન કરનારા ન હતા. કોઈ વ્યભિચારી ન હતા અને કોઈ જુગાર કે સટ્ટો ખેલનારા ન હતા. સટ્ટો એ સુધરેલો જુગાર છે. તેના માટે કહેવત છે કે સટ્ટો ત્યાં નટ્ટો! સટ્ટાનું વર્ણન કરતાં એક કવિ કહે છે—

> શેઠ મોટા ફુલમ કરે ને બ્યાજ પાકે રાજ,
> આણીપાણીથી હલેલું કરે, નાખે મોટી ફાળ,
> આ જગતમાં જ્યાં જુઓ ત્યાં સટ્ટો ચારે કોર.

સટ્ટાખોર એટલે વિના ... નો પીળો ચોર! સટ્ટાબજાર એટલે ધ્યાન અને રૌદ્ર ધ્યાનનું કારખાનું. સટ્ટો એટલે માનવના મગજરૂપી મશીનને ગરમાગરમ બનાવનારી બેટરી! સટ્ટો એટલે લોભ અને લાલચની કાલવભરેલી ગલી! આ સટ્ટાની સાણસીમાં સપડાયેલો તર ... તેમાંથી છટક્યો મુશ્કેલ છે. સટ્ટાખોરની ઓના દાગીના ગોખલામાં જ મુકાયેલા હોય. એના ઘર ... દાગીનાનું ક્યારે લીલામ થશે એનું કોઈ ઠેકાણું નથી. અને—

> ખાવાની તો ફુરસદ ન મળે, ખાવાનું ક્યાં ભાન!
> ટેલિફોનને ખોળામાં લઈને બેઠો બેઠો ખાય આ જગતમાં
> આગડદા પણ દોમે દોમે કરતા કારભાર આ જગતમાં

સટ્ટાખોરને જ્યાં ફુરસદ જ ન હોય ત્યાં ઘેર ખાવા માટે તો ક્યાંથી પહોંચી શકે? પણ સટ્ટાવાળાઓ એની ફિકર કરતા નથી. સટ્ટાબજારની આજુબાજુ ગમે એનવા માટેના સાધનો પૂરીપાડી, સેવ ચવડો ભજીયા ... ટેલીફોનવાળા ... હોય છે! બજારમાં બેસવાની ... આ તો ક્યાંથી હોય! અટલે આપોઆપ સગવડો પણ

ઊભા ઊભા જ એ પૂરીપકોડીને પેટમા પધરાવી દેતા હોય છે એ બીચારાઓને જ્યા ખાવાની જ ફુરસદ મળતી ન હોય, ત્યા જ પીને સૂઈ પણ ક્યાથી શકે? રાતના એક વાગ્યે ટેલિફોનની ઘટડી વાગે, ને એ બીચારા ઝબકીને જાગી જાય છે, અને—

પચીસ પાટનો સોદો કીધો, બજાર તેજી થઈ,
લાખો રૂપિયા કમાઈ આવ્યા, થેલી ભરાઈ ગઈ

પાચ, દસ, પદર અને વધતા વધતા પચીસ પાટનો સોદો કર્યો અને લાખો રૂપિયાથી એની થેલી ભરાઈ ગઈ! સટ્ટાના વેપારમા કાટો કે તોલાનુ તો કામ જ ક્યા હોય? 'લીધા ને દીધા'મા જ વેપાર થઈ જાય છે માલના અસ્તિત્વ વિના તોલમાપ વિનાનો વેપાર એ જ સટ્ટો! સટોડિયાને લાખ રૂપિયા મળી ગયા પછી ભલા બાકી શુ રહે? એક તો ઊટ જ ઊચુ હતુ ને તેમા એ ઊકરડા પર ચડી ગયુ પછી એની શેખાઈનો પાર ક્યાથી રહે? બજારમા એની 'વાહ વાહ' બોલાવા લાગી પણ એ બીચારાને ક્યા ખબર હતી કે આ વાહવાહ તો હવામા ઊડી જવાની છે અને બજારની રૂખ બદલી એટલે—

પાચસો લેતા લાખ ગુમાવ્યા, તેજી ઊડી ગઈ!
ઘરબાર ને માલમિલકત સાથે આબરૂ ચાલી ગઈ!

બજાર બદલી ને ભાવ બદલ્યો, આબરૂનુ લીલામ થઈ ગયુ. મકાન, ગાડી, વાડી અને લાડીના દાગીનાઓ વેચાઈ ગયા! પાચસોનો લાભ લેવા જતા લાખ ગુમાવ્યા 'લેને ગઈ પૂત તો ખોઈ આવી ખસમ!'ની કહેવત સટોડિયાને બરાબર લાગુ પડી ગઈ! આ છે સટ્ટારૂપી જુગારના વ્યસનનુ ફળ! સાત વ્યસનોમાના એક વ્યસનનુ નામ છે સટ્ટો—જુગાર! સટ્ટાને આત્માનુ ભાવ ખૂન માનવામા આવ્યુ છે. સટ્ટો કરનાર ઘોર નરકમા પડે છે પદ્મનાભ રાજાના રાજ્યમા સટ્ટો ખેલનાર કોઈ ન હતા એના રાજ્યમા કોઈને દાન દેવુ હોય, તો ભીખારીને શોધવા નીકળવુ પડતુ હતુ આજે આ દેશમા આપનાર

ભીખ ને માગનારા ઘણા છે પણ માગવું ને મરવું એ બન્ને બરાબર છે આજે તો વાણિયા જેવી ઊંચી કોમનો આદમી પણ હાથ લાંબો કરીને ભીખ માગતો નજરે પડે છે અશક્તને હાથ લાંબો કરીને ભિક્ષા માગવામાં જેટલું કષ્ટ પડે છે તેટલું કષ્ટ પરિશ્રમ કરવામાં પડતું નથી. માટે સશક્ત મનુષ્યે જ્યાંસુધી બની શકે ત્યાંસુધી પોતાના પરસેવાથી જ પોષણ મેળવવું જોઈએ. ગૃહસ્થાશ્રમીએ તો કોઈપણ સંજોગોમાં ભીખ માગવી ન જોઈએ.

દૃષ્ટાન્ત—વિશ્વામિત્ર ઋષિને પોતાનું રાજ્ય દક્ષિણામાં આપી દીધા પછી વનમાં નીકળેલાં હરિશ્ચંદ્ર, તારામતી ને એમનો એક પુત્ર રોહિત જ રસ્તામાં ફરતા ફરતાં એક ધર્મશાળામાં આવી પહોંચ્યાં. હરિશ્ચંદ્રે રક્ષકને પૂછ્યું કે અમારે આ જગ્યાએ આરામ કરવો છે માટે તેનું ભાડું શું લેશો ? ધર્મશાળાના રક્ષકે કહ્યું આ ધર્મશાળા છે માટે ઊતરવાનું ભાડું લેવાતું નથી. તમે ખુશીથી રહો. ત્યાં રહ્યા પછી હરિશ્ચન્દ્રે કહ્યું, તમે બધાં અહીં બેસો, હું નગરમાં જઈને કાંઈક મજૂરી કરીને ખાવાની જોગવાઈ કરી આવું ધર્મશાળાના રક્ષકે કહ્યું અમારે ત્યાં રસોડું ચાલુ છે તમે ખુશીથી ખાઈને પછીથી કામ શોધવા જજો. ઘણા દિવસના ઉપવાસ હોવા છતાં હરિશ્ચંદ્રે મફત ખાવાનું કબૂલ ન કર્યું રક્ષકે રાજકુમાર રોહિતને કહ્યું ભાઈ ! તું નાનો છે તારી કાયા કોમળ છે માટે તું ખાઈ લે. પણ રોહિતે જવાબ આપ્યો કે મારાં માતાપિતા ન ખાય ત્યાંસુધી હું ખાઈ શકું નહીં.

અયોધ્યાનો એક વખતનો રાજા હરિશ્ચંદ્ર શહેરમાં ગયો. ફરતા ફરતાં તેને સામાનના કોથળા સીવીને ગાડામાં ભરવાની મજૂરી મળી ગઈ આ તરફ ધર્મશાળામાં બેઠેલી તારામતી વિચાર કરવા લાગી કે પતિ તો મજૂરી કરવા ગયા છે ત્યારે મારાથી પણ બેઠાં બેઠાં કેમ ખવાય ! તેણે બીજા ઓરડામાં ઊતરેલી કેઈ બાઈઓ પાસે જઈને

કહ્યુ, ' બહેન ! મને કોઈ કામ જોઈએ છે, માટે મને કાઇક કામ આપો. ' આવી સ્વરૂપવતી અને સુશીલ તારામતીને જોઈને બાઈ બોલી, ' બહેન ! તમે મજૂરી કરવા લાયક નથી તમારે જોઈએ તેટલું ખાવાનુ ખુશીથી લઈ જાવ અમારી પાસે ઘણુ ભોજન તૈયાર છે ! ' પણ તેમ કરવાની તારામતીએ ના પાડી આખરે થોડા વાસણો સાફ કરવાની મજૂરી કરીને—વાસણોને પણ બરાબર માજીને તારામતીએ રસોઈ તૈયાર કરી રોહિતને ખાવા બેસી જવા તારામતીએ આગ્રહ કર્યો, પણ રોહિતે કહ્યુ, ' મારા પિતાજી આવશે ત્યારે જ હુ ખાવા બેસીશ. મને હમણા ભૂખ નથી ' જ્ઞાનીઓ કહે છે કે—

શત લઘ્નો વેઠ્યા છતા પણ સિંહ ખડ ખાતા નથી,
પરની દયા પર ગુજરવાનુ વીર નર ચાહતા નથી

રાજા મજૂરી કરીને સાજે ઉતારા પર આવ્યો, અને ત્રણેય જણાએ આજે ત્રણ ત્રણ દિવસના અપવાસને અ તે ભોજન કર્યું. આવા માણસો, આવુ કુટુમ્બ જો આજે ઘેર ઘેર બની જાય, તો એકારી પલટી જાય! જે માણસ એકવાર હરામનુ ખાય, તેના હાડકા હરામના થઈ જાય છે પદ્મનાભ રાજાના રાજ્યમા કોઈ હરામનુ ખાનાર ભીખારી ન હતો આ રાજાને ગુણ, શીલ અને સ્વરૂપમા એકએકથી ચડિયાતી સાતસો રાણીઓ હતી અને એક સુનાભ નામનો પુત્ર હતો. રાજા પોતે અ ત પુરના વિશાળ ભવનમા સાતસો સ્ત્રીઓ સાથે એકાન્તમા હાસ્યવિનોદ કરી રહ્યો હતો એટલામા ત્યા કહ્યુલ નારદ પધાર્યા. રાજા અને રાણીઓએ સાત આઠ ડગલા સામે ચાલીને નારદને વ દન કર્યાં અને ચ દનના સિહાસન પર બેસવાની પ્રાર્થના કરી નારદે એ આસન પર દર્ભ પાથરી, તેના પર જળ છાટ્યુ અને એ આસન પર તેઓ વિરાજમાન થયા

આગળના આવેકોને પણ રાજ્યના અ ત પુરમા જવાની છૂટ હતી, કારણ કે અ તઃપુરમા પણ મર્યાદા ને સભ્યતાને સ્થાન હતુ આજના

અસભ્ય ચેષ્ટાઓ ઘરમાં તો ઠીક જ પણ ફરવા જતાં હોય ત્યાં બહાર
બજારમાં પણ આંખમિચામણી કરીને ચાલતાં શરમાતાં નથી, જાણે એટલી
વારમાં સમજણ ચાલ્યું જતું ન હોય! આવા અસભ્ય માનવોની
દૃષ્ટિમાં વાણીમાં વર્તનમાં અને વિચારમાં ઝેર જ ભરેલું હોય છે.
સ્ત્રીજાતિ સભ્યતાનો સંહાર કરવાનું બીડું આજના સિનેમાએ ઝડપ્યું
છે! રસ્તે ચાલતા સિનેમાનાં પોસ્ટરોનાં અસભ્ય પ્રદર્શનો પણ આવી
અસભ્યતાના પ્રચારમાં ભાગ ભજવે છે. તમે પણ તમારાં જુવાન
બાળકોને હોંશે હોંશે આવા ઝેર પાઈ રહ્યા છો. અગાઉનાં જુવાન
બાળકો પણ માતાપિતાની આજ્ઞા લઈને જ જરૂર હોય તો બહાર
જતાં હતાં. સાધુસાધ્વીઓને પણ આવસ્સહિ કહીને આજ્ઞા લઈને
જવું પડે છે અને નિસ્સહિ કહીને પાછા ફરવાની અને ઉપાશ્રયમાં
પ્રવેશવાની આજ્ઞા લેવી પડે છે. આજનાં જુવાન છોકરાં માબાપને
પૂછ્યા વિના ગમે ત્યાં ફરી શકે અને ગમે ત્યારે આવી શકે. માબાપ
એમને પૂછી પણ શકે નહીં કે તમે ક્યાં ક્યાં હતાં? ખરું પૂછો તો
આજના માનવ, પછી એ રાજા હોય કે પ્રજા નિશાચર, બની ગયો
છે! બધાને એમ થઈ ગયું છે કે અમે જે કંઈ કરીએ છીએ, એને
કોઈ જોતું નથી. અમે જે બોલીએ છીએ, એને કોઈ સાંભળતું નથી!
બિલાડી જ્યારે કબૂતર તરફ તરાપ મારે છે ત્યારે કબૂતર પોતાની
આંખો મીંચી લે છે! કબૂતરને એમ લાગે છે કે મેં મારી આંખો
બંધ કરી એટલે બિલાડી હવે મને જોઈ શકવાની નથી! આજનો
માનવ પોતાનું નાક નથ તોય શરમાતો નથી! એ જેના પર કુદૃષ્ટિ
કરે છે એ પણ કોઈની માતા બહેન કે પુત્રી છે. પોતાની માતા,
બહેન કે પુત્રી ઉપર કોઈ કુદૃષ્ટિ કરે તો કેવું લાગે! આવું વિચારવાની
તો હવે શક્તિ જ હણાઈ ગઈ છે!

આસન પર બેસીને નારદે પદ્મનાભ રાજાના સુખરૂપ કુશળ-
સમાચાર પૂછ્યા. રાજાએ મનમાં વિચાર્યું કે જગતભરમાં મારા જેવો

કોઈ સુખી નથી, છતા નારદજીને જરા પૂછી જોઉં. આમ વિચારીને પદ્મનાભ રાજાએ નારદજીને પૂછ્યુ, ' હે દેવાનુપ્રિય ! આપ દેશેદેશમા ફરો છો તેમા કોઈ મારા જેવો સુખી અને મારા જેવા અ ત પુરના આનંદવાળો આપે જોયો છે ખરો ? '

રાજાના આ અભિમાનભર્યા શબ્દો નારદે બરાબર પારખી લીધા અને નારદને આવા જ માણસનુ કામ પણ હતુ આવા અભિમાનીની શોધ કરવા માટે તો તેઓ લવણસમુદ્ર ઓળગીને આટલે દૂર આવ્યા હતા બરાબર મેળો મળી ગયો હવે નારદ દ્રૌપદી દેવીની ત્યા શી વાત કરશે તે અવસરે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૯૭

(મ ગળવાર, તા ૧૫-૧૦-૬૪)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે અમરક કાના પદ્મનાભ રાજાએ કહુલ નારદને પ્રશ્ન કર્યો કે 'તમે ક્યાય મારા અ ત પુર જેવા સુખવૈભવો જોયા છે ? ' નારદે જાણી લીધુ કે રાજાએ અભિમાનથી પૂછ્યુ છે, માટે આ સોગઠી બરાબર દાવમા ચડી છે

જ્ઞાનીઓ કહે છે કે આ જગતમા શેરને માથે સવાશેર હોય જ છે, માટે જીવે અભિમાન કરવુ ન જોઈએ.

અભિમાન કરે શા માટે ?
આવ્યા સહુ એક જ વાટે રે . અભિમાન૦

આટલો મોટો કરી, સમુદ્રનો દેડકો બોલ્યો : ભાઈ! સમુદ્ર એથી પણ ઘણો મોટો છે. કૂવાનો દેડકો બોલ્યો : તો પછી આ કૂવાથી તો સમુદ્ર કદાપિ મોટો હોય જ નહીં! હવે સમુદ્રનો દેડકો આ કૂવાના દેડકાને કેવી રીતે સમજાવે?

નારદજી બોલ્યા, તારી અને આ દૃષ્ટાન્તમાં દર્શાવેલા કૂવાના દેડકાની દશા સરખી છે. જંબૂદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રના હસ્તિનાપુર નગરમાં પાંચ પાંડવોની પટરાણી દ્રૌપદીદેવીને તેં જોઈ નથી. એ દ્રૌપદીના પગના નખને તોલે પણ આ તારી સાતસો રાણીઓમાંની એક પણ નથી. એ દ્રુપદપુત્રી દ્રૌપદીને તેં જોઈ નથી, ત્યાંસુધી જ તું તારા અંતઃપુરના વખાણ કર્યા કરે છે.

પદ્મનાભ રાજાએ આ વાતને બરાબર લક્ષમાં લઈ લીધી. જેના હૃદયમાં ભોગના અગ્નિ લાગ્યો હોય તેને આવી વાત જલ્દી યાદ રહી જાય છે. તમને પણ બેંકના ખાતાના અને મોટા શેઠિયાઓના ટેલિફોનના નંબરો જલદી યાદ રહી જાય છે પણ સ્વ અને પરના ભેદની વાત યાદ રહેતી નથી!

નારદજીએ તિરછી દૃષ્ટિ કરીને જોયું કે પદ્મનાભ રાજાને દ્રૌપદીની વાત બરાબર યાદ રહી ગઈ છે અને હવે દ્રૌપદી સિવાયની બીજી કોઈ વાત ગમવાની નથી. આમ જાણીને તેઓ ત્યાંથી વિદાય થઈ ગયા.

પદ્મનાભ રાજાએ દ્રૌપદીને જોઈ ન હતી છતાં માત્ર નારદના વચન પરથી તેને દ્રૌપદીની રટ લાગી ગઈ! અને હવે પોતાના દેવો જેવી સાતસો રાણીઓનાં સુખ ફીકાં લાગવા માંડ્યાં. એનું ચિત્ત વ્યથિત બની ગયું. તે દ્રૌપદીના નામનું રટણ કરવા લાગ્યો. તેનું મન મૂર્છિત, મૂઢ અને આસક્ત બની ગયું. ધર્મ પામેલા જીવો આવા ભ્રમમાં પડતા નથી.

દૃષ્ટાન્ત—આનંદજીભાઈ કરીને એક નાના રાજ્યના મોદી હતા. તેઓ ન્યાયી, ધર્મપરાયણ અને નીતિમાન હોવાથી રાજાનો વિશ્વાસ એમની ઉપર હતો, પરંતુ ગામના કેટલાક વેપારીઓને આથી આનંદજી-

ભાઈની ઈર્ષ્યા થવા લાગી એક વાર આવા બેપાચ વેપારીઓ મળવાને બહાને રાજાની પાસે આવ્યા એ વેપારીઓએ જાદવજીભાઈના વખાણુથી વાતની શરૂઆત કરી રાજાએ કહ્યુ, 'મને પણ જાદવજીભાઈ માટે ખૂબ માન છે' તક સાધીને ઈર્ષ્યાખોર લોકોએ કહ્યુ, 'જેવા જાદવજીભાઈ રત્ન છે તેવા જ તેમના શેઠાણી પણ નારીરત્ન છે' બસ, આવી વાત કરીને ઈર્ષ્યાખોર ચાલ્યા ગયા રાજાને પણ પદ્મનાભની જેમ શેઠાણીની રઢ લાગી ગઈ આથી તેણે જાતે જ જાદવજીભાઈની દુકાને જઈને જાદવજીભાઈને દૂર દેશાવરમા મોકલીને પણ શેઠાણીને મેળવવાનો વિચાર કર્યો અચાનક રાજાસાહેબને પધારેલા જોઈને જાદવજીભાઈએ તેમને ગાદી પર બેસાડયા અને પૂછ્યુ, 'આપે તસ્દી લીધી, તેના કરતા મને જ કહેવડાવવુ હતુ ને?'

રાજાએ કહ્યુ, 'મારે થોડા જ સમયમા એક સો ગુણી ઊચી જાતના ચોખા જોઈએ છે, માટે તમે જાતે જઈને તૈલગપુરથી ખરીદી લાવો આ કામ તમારા સિવાય કોઈને સોપી શકાય તેમ નથી, માટે જ હુ પોતે આવ્યો છુ' જાદવજીભાઈએ વિનયથી કહ્યુ, 'આપ ચિતા ન કરો તૈલગપુરમા જ મારા વિશ્વાસુ આડતિયા છે આપને સમયસર ચોખા મળી જશે' પણ રાજાએ તો હઠ લીધી કે હુ તમને હુકમ કરુ છુ કે તમે આજ ને આજ તૈલગપુર રવાના થઈ જાવ આમ કહીને રાજા ચાલ્યો ગયો

જાદવજીભાઈએ ઘેર આવીને પોતાની પત્નીને બધી વાત કરી ચતુર શેઠાણીએ તરત જ જવાબ આપ્યો, 'આ કામ આપણી ઈર્ષ્યા કરનારા કોઈક માણસોનુ લાગે છે એ વિના રાજાનુ મન બદલે જ નહી એમ છતા જે કાઈ થાય તેને જેયા કરો હુ એ રાજાની સાન ઠેકાણે લાવી દઈશ તમે ખુશીથી આજે જ તૈલગપુર તરફ વિદાય થાવ'

જાદવજીભાઈ તૈયાર થઈને રાજા પાસે આવ્યા અને કહ્યુ, 'હુ આજે ને આજે આપની આજ્ઞા મુજબ તૈલગપુર જાઉ છુ' રાજાએ પ્રસન્નતા બતાવીને રજા પણ આપી અને માલ લેવા માટે જોઈતા

જીવ જે પૌદ્ગલિક વસ્તુ માટે અભિમાન કરે છે એ વસ્તુ સ્વયં નાશવંત છે પછી એનું અભિમાન ક્યાં સુધી ટકી શકવાનું છે ! ભગવાન કહે છે માહણ્માસિ ત્તિ —અભિમાની જીવ હું હું એમ બોલ્યા કરે છે. હું ઉનો વળાંક પણ કેવો છે એક વળાંકની નીચે બીજો વળાંક અને એની નીચે ત્રીજો વળાંક ને વળી તેના ઉપર મીંડું ! આ માનપાન તમને જુદા જુદા વેશે ભજવવાની ફરજ તો પાડે જ છે પણ સાધુઓને પણ એ માનપાન છોડતો નથી. જ્ઞાનીઓ કહે છે—

જ્ઞાનસઢ તૂટી ગયો, ગર્વવાયુ વાયો,
અજ્ઞાન અંધકાર જગ અંતરે છવાયો.
કામ ક્રોધ લોભ મોહ નાવમાં ભરાયાં
પાપ કેરાં પોટલાં અમાપ ઊભરાયાં.
જય જય જગનાથ, હાથ ઝાલીને ઉગારો.

જ્યારે અભિમાનનો પવન જોરથી ફૂંકાય છે ત્યારે જ્ઞાનનો સઢ તૂટી જાય છે અને પછી એની જીવનનાવ ડોલે ચડી જાય છે. અજ્ઞાનનાં અંધારાં છવાઈ જાય છે એટલે માર્ગ પણ સૂઝતો નથી. જે જીવમાં સંપૂર્ણ જ્ઞાન હોતું નથી એનો માનપાન પણ સંપૂર્ણ રીતે છૂટતો નથી. કારણ કે Emty vessel makes most sound —અધૂરો ઘડો વધારે છલકાય છે. ખાલી ચણો ઘણો વાગે. દેહરૂપી નાવને નિયમમાં રાખનારનો જ્ઞાનરૂપી સઢ જો સલામત હોય તો એ નાવ જોખમમાં આવી પડતી નથી.

આચારે અભિમાન વધ્યું તપથી વધ્યો ક્રોધ,
જ્ઞાને ગર્વ વધ્યો ઘણો અવળો ભજવ્યો વેશ.

ઉગ્ર તપથી જ્ઞાનથી અને ઉચ્ચ આચારથી જો અભિમાન વધે તો ઘીથી ભરેલી ઢાકણીમાં ઉભરા જેવું થાય. માટે આ ગર્વ અને ગુમાન વધારનારો માનપાન છોડવા જેવો છે. તેમાં કોઈના ઉપર ઉપકાર કરવાનો નથી. કારણ કે રોગ મટાડવા માટે પથ્ય ચરી પાળવાનું

કહે ને તમે ચરી પોળો, એમા ક્યા કોઈના ઉપર ઉપકાર કરો છો ! તમારી કાયારૂપી શીશીમા તમારે અત્તર ભરવુ છે કે દુર્ગન્ધ ? તમને શુ ગમે છે ? અત્તરની સુવાસ કે ગટરની દુર્ગન્ધ ? જેમ જેમ તમે ગુણોને ભરતા જશો, તેમ તેમ તમારા દુર્ગુણો પલાયન થતા જશે સદ્‌ગુણીની પાસે બેસશો તો સદ્‌ગુણ મળશે માટે પ્રથમ સદ્‌ગુણી અને દુર્ગુણીને ઓળખો, કારણ કે રાયણ અને લીબડી બન્ને આકાર અને દેખાવમા તો સરખા હોય છે, પરતુ તેમના સ્વાદમા આસમાન જમીન જેટલુ અતર છે માટે ઉપરનો ભભકો જોઈને અન્જાઈ જશો નહી એકલો વાચાળ હોય તેને જ્ઞાની કહી શકાય નહી એનામા કેટલા ગુણો છે તેને જો નહી તપાસો તો ભૂલ ખાઈ બેસશો આવા વાચાળ દુર્જનોને આજે શોધવા જવુ પડે તેમ નથી એક સુભાષિતકાર કહે છે કે—

दुर्जन परिहर्तव्यो विद्ययाऽलकृतोऽपि सन् ।
मधु तिष्ठति जिह्वाग्र, हृदये तु हलाहलम् ॥

આવા દુર્જનો મધ કરતા પણ મીઠી વાણી વાપરતા હોવા છતા તેમના હૃદય હલાહલ ઝેરરૂપી માન અને વિષયકષાયોથી ભરેલા હોય છે માટે એવાને ઓળખી લેજો આવા કૂવાના દેડકાઓ સિદ્ધાન્તની વાતો પોતે જ સમજી શકતા નથી, તો બીજાને શુ સમજાવી શકે ? પદ્મનાભ રાજાને નારદે કહ્યુ, 'ભાઈ ! તને તારી સુખસમૃદ્ધિ મોટી લાગે છે, પણ તુ તો કૂવાના દેડકા જેવો છે જો સાભળ

દૃષ્ટાન્ત—સમુદ્રનો દેડકો એક વાર કૂવાના દેડકાનો **મહેમાન** બન્યો વાતવાતમા કૂવાના દેડકાએ પ્રશ્ન કર્યો, 'તમે જેમા રહો છો તે સમુદ્ર કેટલો મોટો છે ?' સમુદ્રનો દેડકો બોલ્યો, 'સમુદ્ર તો બહુ મોટો છે' આથી કૂવાના દેડકાએ કૂવાના પાણીના બે હાથ જેટલા ભાગમાં ચક્કર લગાવીને કહ્યુ, 'તમારો સમુદ્ર આટલો મોટો છે ?' સમુદ્રનો દેડકો બોલ્યો, 'એથી ઘણો મોટો છે !' કૂવાનો દેડકો પાણીમા ચાર હાથ જેટલુ ચક્કર લગાવીને કહેવા લાગ્યો, 'તો પછી તમારો સમુદ્ર

આટલો મોટો કરી સમુદ્રનો દેડકો બોલ્યો ભાઈ ! સમુદ્ર એથી પણ ઘણો મોટો છે કૂવાનો દેડકો બોલ્યો તો પછી આ કૂવાથી તો સમુદ્ર કદાપિ મોટો હોય જ નહીં ! હવે સમુદ્રનો દેડકો આ કૂવાના દેડકાને કેવી રીતે સમજાવે ?

નારદજી બોલ્યા, તારી અને આ દૃષ્ટાન્તમાં કહેવેલા કૂવાના દેડકાની દશા સરખી છે જમ્બૂદ્વીપમાં આવેલા ભરતક્ષેત્રના હસ્તિનાપુર નગરમા પાચ પાંડવોની પટરાણી દ્રૌપદીસતીને તેં જોઈ નથી. એ દ્રૌપદીના પગના નખને તોલે પણ આ તારી સાતસો રાણીઓમાંની એક પણ નથી. એ દ્રુપદપુત્રી દ્રૌપદીને તેં જોઈ નથી, ત્યાંસુધી જ તું તારા અંતપુરના વખાણ કર્યો કરે છે

પદ્મનાભ રાજાએ આ વાતને બરાબર હૃદયમાં ધારી લીધી. જેમ હૃદયમા ભોગનો અગ્નિ લાગ્યો હોય તેને આવી વાત ભલું યાદ રહી જાય છે તમને પણ એ ક્યાં ખાતાના અને મોટા શેઠિયાઓના ઠેકાણાના નંબરો ત્યારી યાદ રહી જાય છે પણ સ્વ અને પર ના ભેદની વાત યાદ રહેતી નથી !

નારદજીએ તિરછી દૃષ્ટિ કરીને જોયું કે પદ્મનાભ રાજાને દ્રૌપદીની રત ભ ભ વ દ ની ગઈ છે એન હવે દ્રૌપદી સિવાયની બીજી કોઈ વાત ગમવાની નથી. આમ જાણીને તેઓ ત્યાંથી વિદાય થઈ ગયા.

પદ્મનાભ ા તમે દ્રૌપદીને જોઈ ન હતી છતાં કેવલ નારદના વચન પ રી તન ો રીની રઢ લાગી ગઈ ! એને હવે પોતાના મહેલો આ । સાતમા ભીઆના સુખ ફીકા લાગવા માંડયા. એનું ચિત્ત ચલિત બની ગયું ત ોરીને જ નામનું રટણ કરવા લાગ્યો. તેનું મન મૂઝાન ાર મન આસક્ત બની ગયું ધમ પામેલા જીવો આવા ક્ષ ામા ર ના નરી

રાજા— પદ્મનાભ જેવા એક નાના રાજ્યના મોટી હતા. તમા ાર્ય મન ર ચમ આ ।નીતિમાન હોવાથી ગ તનો વિષાદ મળતાં સૂરપ હત પ ગુ ગ મના કેમકે વપરીમાન આવી નારદજી

ભાઈની ઈર્ષ્યા થવા લાગી એક વાર આવા બેપાચ વેપારીઓ મળવાને બહાને રાજાની પાસે આવ્યા એ વેપારીઓએ જાદવજીભાઈના વખાણથી વાતની શરૂઆત કરી રાજાએ કહ્યુ, 'મને પણ જાદવજીભાઈ માટે ખૂબ માન છે' તક સાધીને ઈર્ષ્યાખોર લોકોએ કહ્યુ, 'જેવા જાદવજીભાઈ રત્ન છે તેવા જ તેમના શેઠાણી પણ નારીરત્ન છે' બસ, આવી વાત કરીને ઈર્ષ્યાખોર ચાલ્યા ગયા રાજાને પણ પદ્મનાભની જેમ શેઠાણીની રઢ લાગી ગઈ આથી તેણે જાતે જ જાદવજીભાઈની દુકાને જઈને જાદવજીભાઈને દૂર દેશાવરમા મોકલીને પણ શેઠાણીને મેળવવાનો વિચાર કર્યો અચાનક રાજાસાહેબને પધારેલા જોઈને જાદવજીભાઈએ તેમને ગાદી પર બેસાડ્યા અને પૂછ્યુ, 'આપે તસ્દી લીધી, તેના કરતા મને જ કહેવડાવવુ હતુ ને?'

રાજાએ કહ્યુ, 'મારે થોડા જ સમયમા એક સો ગુણી ઊચી જાતના ચોખા જોઈએ છે, માટે તમે જાતે જઈને તૈલગપુરથી ખરીદી લાવો આ કામ તમારા સિવાય કોઈને સોપી શકાય તેમ નથી, માટે જ હુ પોતે આવ્યો છુ' જાદવજીભાઈએ વિનયથી કહ્યુ, 'આપ ચિતા ન કરો તૈલગપુરમા જ મારા વિશ્વાસુ આડતિયા છે આપને સમયસર ચોખા મળી જશે' પણ રાજાએ તો હઠ લીધી કે હુ તમને હુકમ કરુ છુ કે તમે આજ ને આજ તૈલગપુર રવાના થઈ જાવ આમ કહીને રાજા ચાલ્યો ગયો

જાદવજીભાઈએ ઘેર આવીને પોતાની પત્નીને બધી વાત કરી ચતુર શેઠાણીએ તરત જ જવાબ આપ્યો, 'આ કામ આપણી ઈર્ષ્યા કરનારા કોઈક માણસોનુ લાગે છે એ વિના રાજાનુ મન બદલે જ નહી એમ છતા જે કાઈ થાય તેને જોયા કરો હુ એ રાજાની સાન ઠેકાણે લાવી દઈશ તમે ખુશીથી આજે જ તૈલગપુર તરફ વિદાય થાવ'

જાદવજીભાઈ તૈયાર થઈને રાજા પાસે આવ્યા અને કહ્યુ, 'હુ આજે ને આજે આપની આજ્ઞા મુજબ તૈલગપુર જાઉ છુ.' રાજાએ પ્રસન્નતા બતાવીને રજા પણ આપી અને માલ લેવા માટે જોઈતા

રૂપિયા પણ આપ્યા. ભરતભાઈ તેમ ગપુર જવા માટે રવાના થઈ ગયા.

રાત પડી, ને રાજાએ નવાં વસ્ત્રો ધારણ કર્યાં. દેહ, અત્તર અને ફૂલહાર પહેરીને શેઠની ડેલી પર આવ્યા. શેઠાણીએ શણગારેલી રાણીને અંદરનાં કમાડો બંધ કર્યાં હતાં. રાજાએ ત્યાં આવીને સાંકળ ખખડાવી. અંદરથી શેઠાણીએ પ્રશ્ન કર્યો, કોણ છે અત્યારે? રાજાએ ધીમેથી જવાબ આપ્યો: એ તો હું છું. શેઠાણી સમજી ગઈ હતાં છતાં ફરીવાર પ્રશ્ન કર્યો: હું એટલે કોણ? રાજાનો અંતરમાં કંઈ સમો હતો કે નામ પાડ્યા વિના જ પાણી સમજી જશે પરંતુ અતિરેકમાં શેઠાણીને મળવા માટે આતુર બની જવા લાગ્યો. અને નિયમની ભાવનાએ જોર કર્યું અને રાજાએ જવાબ આપ્યો, હું તમારો રાજા છું.

શેઠાણીએ જાતે આવીને ડેલીનાં બારણાં ખોલ્યાં અને હસતે મોંએ સ્વાગત કરતા તેણે કહ્યું: પધારો આજે આપે મારું ઘર પાવન કર્યું! શેઠાણીએ ગાલીચો બિછાવી દીધો. તેના પર બેસતાં બેસતાં રાજાએ કહ્યું: મેં તમારા બહુ વખાણ સાંભળ્યાં હતાં. હવે તમે મારે વશ થઈ જાવ એટલે આ રાજ્ય તમારું જ છે.

શેઠાણી બોલી, અમે તો આપની પ્રજા કહેવાઈએ અને આપની વસ્તી તમારી તાબેદાર જ ગણાય. હવે આપ શાન્તિથી બેસો. હું આપના માટે દૂધ બનાવી લાવું. રાજાએ માની લીધું કે હવે શેઠાણી મારે વશ થઈ ચૂકી છે.

શેઠાણીએ રસોડામાં જઈને સુંદર કેસરિયું દૂધ બનાવ્યું અને જુદા જુદા રંગબેરંગી પાંચ પ્યાલાઓમાં થોડું થોડું દૂધ ભરીને એ પાંચે પ્યાલા રાજા પાસે હાજર કર્યાં. રાજાએ પૂછ્યું: આ પાંચ પ્યાલામાં થોડું થોડું દૂધ શા માટે લાવ્યાં? શેઠાણીએ કહ્યું: પહેલાં આપ પાંચેય પ્યાલાનું દૂધ પી જુઓ. આ સાંભળીને રાજાએ પાંચેય પ્યાલાનું દૂધ ચાખી જોયું અને એ બોલ્યો, બધા પ્યાલાનું દૂધ એકસરખું છે. તેના સ્વાદમાં કંઈપણ ફરક નથી.

શેઠાણી બોલી, કયા પ્યાલામાં ભરેલું દૂધ આપને કેવું લાગ્યું? રાજા બોલ્યો: બધું સુગંધિત અને સ્વાદિષ્ટ લાગ્યું. શેઠાણીએ

ફરી વાર પૂછ્યુ, ' અને સફેદ પ્યાલાનુ દૂધ કેવુ લાગ્યુ ? ' રાજા કહે, ' સ્વાદમા તો બધા દૂધ સરખા જ છે માત્ર પ્યાલાના રંગમા જ તફાવત છે ' શેઠાણીએ કહ્યુ, ' તો સાભળો રાજન્ ! જેમ જુદા જુદા રંગના પ્યાલાઓમા ભરેલા દૂધમા એકસરખો સ્વાદ છે, તેવી જ રીતે સ્ત્રાઓની વસ્તુ એક જ હોવા છતા રંગ જુદો હોય છે એ રંગને અને સ્વાદને કોઈ સબધ નથી આપ તો બહુ યોગ્ય અને ચારિત્રવાન રાજા છો, પરન્તુ આજે આપને કોઈએ ચડાવ્યા છે જેને સ્વસ્ત્રીથી સતોષ થાય નહી, તેને પરસ્ત્રીથી કેવી રીતે સતોષ થવાનો હતો ? હુ એક બહેન તરીકે આપને સલાહ આપુ છુ કે આપ આબરૂભેર રાજમહેલમા પાછા પધારો હજી કાઈ બગડી ગયુ નથી જો આપ સ્વમાનભેર પાછા ફરી જશો, તો આ વાત અહી ને અહી દબાઈ જશે '

રાજાને આજે સાચી વાત સમજાઈ ગઈ શરીર એ મિલોરી કાચ છે એની અંદર રહેલા આત્મા સમાન છે કાચરૂપી શરીરના રંગભેદથી આત્મામા રંગભેદ આવી જતો નથી રાજાની આખો ઊઘડી ગઈ તેણે શેઠાણીના પગમા પડીને ક્ષમાયાચના કરી રાજા બોલ્યો, ' બહેન ! આજે તે મને સાચુ તત્ત્વ સમજાવ્યુ છે હુ આજથી પ્રતિજ્ઞા કરુ છુ કે હુ પરસ્ત્રીને માતા અને બહેન સમાન માનીશ ' આમ કહીને રાજા ત્યાથી વિદાય થયો એક ઘોડેસવાર મોકલીને તેણે શેઠને પાછા બોલાવી લીધા, ઈર્ષ્યાખોર વેપારીઓને સજા કરી અને જમ્બુજીભાઈને તથા શેઠાણીને શિરપાવ આપ્યો તે દિવસથી રાજાએ શેઠાણીને જીવનભર પોતાની બહેન માનીને સન્માન આપ્યુ

પદ્મનાભ રાજા પણ નારદના કહેવાથી કહેડે ચડી ગયો દ્રૌપદીને મેળવવા માટે તેણે દેવતી સાધના કરવાનો વિચાર કર્યો, કારણ કે એ લાખ યોજનનો લવણસમુદ્ર ઓળગીને હસ્તિનાપુર સુધી પહોચવાની તેનામા શક્તિ ન હતી

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૯૮

(બુધવાર, તા. ૧૧-૧૦-૧૧)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. ત્રણેય કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં દ્રૌપદીનો અધિકાર આવે છે. અનીતિશિરોમણિ દ્રૌપદીને પોતાની બનાવવાની દુષ્ટ ભાવનાથી પદ્મનાભ રાજા પૌષધશાળામાં ધ્યાન ધરીને બેસી ગયો. બહાર પૌષો ભારો તો ઉપવાસથી પુરાઈ જાય છે પણ આ તો હૃદયની અંદર પૌષો ભારો હતો. પૌષધશાળાને હાથે પૂંજી નાખીને, આનો સથારો કરીને, એ આરાધના કરવા બેસી ગયો. નારદે કહેલું દ્રૌપદીનું સ્વરૂપ પણ ન તેના હૃદયમાં રમી રહ્યું હતું પણ પોતે પોતાના પુરુષાર્થથી દ્રૌપદીને મેળવી શકે તેમ ન હતો. વચ્ચે બે લાખ યોજનનો લવણસમુદ્ર ઓળંગવો મુશ્કેલ હતો. આથી તેણે દેવને પ્રસન્ન કરવા માટે અઠ્ઠમ પૌષધ શરૂ કર્યો. આવા પૌષધ નિર્જરાનો હેતુ બનતો નથી, કારણ કે રાજાનું લક્ષ દ્રૌપદીને મેળવવાનું હતું. આથી એણે પૂર્વસંગતિ નામના દેવની આરાધના ચાલુ કરી. જીવ પરના માટે તો ઘણું ઘણું કરે છે પરન્તુ ધર્મના જાપ જપવાથી એ પોતાના ભવ વધારી રહ્યો છે. જ્ઞાનીઓ કહે છે—

મન ઘોડો ન તન અસવાર હો જી ભાઈ વીરા !
મન ઘોડો ન તન અસવાર,
તમે આખુંનો જીન કસો રે હો જી
વિમળ બરછી ને સત હથિયાર,
તમે માંયલાથી યુદ્ધ કરો રે હો જી

દેવદુર્લભ એવા મનુષ્યભવમા મનરૂપી ઘોડો સવારી કરવા માટે મળ્યો છે, પણ અજ્ઞાની જીવ એ ઘોડાનો સવાર નહી બનતા એ ઘોડાને પોતાના ઉપર બેસાડે છે મન અને ઇન્દ્રિયો લગામ વિનાની બની જાય તો તેનુ પરિણામ શુ આવે ? મન પોતાના મનોરથ પુરા કરવા દોડી રહ્યુ છે આથી તેને સારી વસ્તુ ગમતી નથી બ્રહ્મચર્ય એ 'સ્વ'ની વસ્તુ છે, અને વ્યભિચાર 'પર'ની વસ્તુ છે મન સયમમાં જોડાતુ નથી અને વ્યભિચાર તરફ દોડી જાય છે, પણ વ્યભિચારીનુ કોઈ નામ પણ લેતુ નથી આવા વ્યભિચારના શબ્દો ઉચ્ચારનારને જીભનુ ભયકર કેન્સર થાય છે, કારણ કે એણે એવી ખરાબ વાતોમા જીભનો દુરુપયોગ કર્યો છે આવા વ્યભિચારીને એવા દર્દો થાય છે કે એ કોઈને ખુલ્લી રીતે કહી પણ શકતો નથી જે સ્ત્રી પતિને છોડીને પરમા બુદ્ધિ રાખે છે તે કા તો ભયકર રોગનો ભોગ બને છે અથવા તો એ બાળવિધવા બની જાય છે ભોગના આવા ભીખારીઓની આવી દશા કોણ કરે છે ? બ્રહ્મચર્યની બાધા લેતી વખતે બધાની વચ્ચે 'મોટા ભા' બન્યા હોય અને પછી જ્યારે એ લીધેલા બ્રહ્મચર્યનો ભડાકો બોલી જાય, તો એ બન્ને પતિપત્ની એવા દીર્ઘરોગી બની જાય છે કે એમને પસ્તાવાનો પાર રહેતો નથી આવા જીવોનુ જીવન '**निर्गन्धा इव किंशुका**'—કેસૂડાના ફુલના જેવા નિરર્થક છે કેસૂડાના ફુલો દેખાવમા કેવા મજાના લાગે છે, પણ એની માળા પહેરીને કોઈ ફરે છે ખરુ ?

આ પદ્મનાભ રાજા પણ દુર્વાસના માટે તપ કરે છે પૌદ્ગલિક સુખ માટે રાજાને પોતાનુ ચિત્ત એકાગ્ર કરવુ પડ્યુ, તો પછી શાશ્વત સુખ માટે ચિત્તની અસ્થિરતા કેમ ચાલે ? બાહ્ય વિદ્યા માટે તો જીવ ઘણુ કરે છે

દૃષ્ટાન્ત—માતાપિતાની આજ્ઞા લઈને રાવણ, કુભકર્ણ અને વિભીષણ એક હજાર વિદ્યા મેળવવા માટે વનમા તપ કરવા લાગ્યા. જ્યા ધર્મનુ આરાધન નથી ત્યા જીવને સહજતા લાગે છે ચા પીવાનુ

સહેલું છે પણ આનાં પચ્ચખ્ખાણ કરવાં અઘરાં લાગે છે એટલામાં જવું સહેલું છે પણ ક્ષમાનું પાલન કઠિન લાગે છે પરન્તુ બોધ ગુણની પ્રશંસા અને આદર કરે છે અને અવગુણનો તિરસ્કાર કરે છે

ત્રણેય ભાઈઓ વનમાં જઈને તપ કરવા બેઠા તેમની સાધના લૌકિક વિદ્યાઓ મેળવવા માટેની હતી ત્યારે ભગવાન મહાવીરની સાધના મોક્ષ માટેની હતી. એક વખત આ વનમાં ફરવા આવેલા અનાધિક દેવ આ ત્રણને જોયા. ત્રણેય ભાઈઓની આવી ઉગ્ર તપસ્યા જોઈને તેમને ચલિત કરવાની ઇચ્છા થઈ આ ત્રણેયના તપનો ભંગ કરવા માટે તેણે પોતાની દેવીઓને મોકલી. દેવો પોતાની વૈક્રિયશક્તિથી નાનાં મોટાં દૃશ્ય–અદૃશ્ય આદિ રૂપો બનાવી શકે છે આ દેવીઓ કાનમાં કુંડળો માથે રત્ન જડિત મુગટ અને કંઠમાં નવસેરો હાર ધારણ કરીને આ ત્રણેય ભાઈઓ પાસે આવી અને કહેવા લાગી તમે અમારા સ્વામી છો માટે અમારો સ્વીકાર કરો પરન્તુ ત્રણમાંથી એકેય ભાઈ ધ્યાનમાંથી ચલિત થયા નહીં આથી તેઓ પાછી ફરી ગઈ।

હવે અનાધિક દેવે પોતે જ તેમને ધ્યાનમાંથી ડગાવવાનો નિશ્ચય કર્યો. પ્રથમ તો તેણે અનેક પ્રલોભનો બતાવ્યાં, પરન્તુ કોઈપણ પ્રલોભન તેમને ચલિત કરી શક્યું નહીં

હવે અનાધિક દેવે ક્રોધનો આશ્રય લીધો. ઘણો મોટો સાપ બનીને એ ત્રણેય ભાઈઓને વીંટી વળ્યો. આવા વિઘ્નથી પણ ત્રણેય ચલિત થયા નહીં

સચ્ચા શમિત મન નહીં ભગવાન તુમ્હારા ભજન મેં
ક્રોધ નિકટ નહીં આને દેતે, શમ અચૂક ક્ષમાકા લેકે
માર કે દૂર ભગાઓ ભગવાન ! તુમ્હારા ભજન મેં

ભલે તેવો વીજળીનો ઘોર લાગતો હોય, છતાં હાથમાં લાકડી હોય તો વીજળીનો આંચકો લાગતો નથી. તેવી જ રીતે **क्षमा खड्गं करे यस्य दुर्जनः किं करिष्यति ! —**જેના હાથમાં ક્ષમારૂપ

ખડક છે તેને દુર્જનો શું કરી શકે? જ્યારે રાવણ, કુંભકર્ણ કે વિભીષણમાંથી કોઈ ભાઈ તપમાંથી ચલિત થયા નહીં, ત્યારે દેવે વૈક્રિયશક્તિથી રાવણના પિતાનું રૂપ બનાવ્યું આ બનાવટી પિતા ત્રણેયને કહેવા લાગ્યો કે 'હે પુત્રો! તમે અહીં તપ કરો છો ને આ દુષ્ટ મને મારી રહ્યો છે, માટે મને બચાવો!' પરન્તુ આ ત્રણેય ભાઈઓ દેવની માયાથી ચલિત થયા નહીં. ત્યારપછી તેણે રાવણની માતાનું સ્વરૂપ બનાવ્યું અને દેવ તેને પ્રહાર કરવા લાગ્યો ચોટલો ઝાલીને ઢસડે છે માતા પોકાર કરીને પોતાના પુત્રોને કહેવા લાગી કે 'આ દુષ્ટ મારું શિયળ ભંગ કરશે, માટે મને તમે બચાવો!' આમ છતા તેમનું ધ્યાનભંગ થયું નહીં.

હવે દેવે એ ત્રણેય ભાઈઓની સામે પરસ્પર ભાઈઓના માયાવી માથા કાપીને મૂકવા માડ્યા! વિભીષણ આગળ પ્રથમ કુંભકર્ણનું માથું આવીને પડ્યું, પણ એ ડગ્યો નહીં પછી રાવણનું માથું પડ્યું, અને વિભીષણ હતાશ બનીને ડગી ગયો જો તેણે ઘેઘડીમાં થોડું ઓછું ધૈર્ય રાખ્યું હોત તો તેને બધી વિદ્યાઓ મળી જાત, પણ વિભીષણનું તપ નિષ્ફળ ગયું તેવી જ રીતે કુંભકર્ણ આગળ રાવણનું માથું આવતા થોડીવાર પછી એ પણ ચલિત થઈ ગયો, પણ થોડું ધૈર્ય રાખ્યું તેથી કુંભકર્ણને માત્ર પાચ જ વિદ્યા સિદ્ધ થઈ ત્યારે રાવણ લેશ પણ ચલાયમાન થયો નહીં, તેથી તેને હજાર વિદ્યા પ્રાપ્ત થઈ ગઈ જ્યારે આવી લૌકિક સિદ્ધિઓ માટે પણ એકાગ્રતાની જરૂર પડે છે, ત્યારે આત્મસાધનામા કેટલી એકાગ્રતા જોઈએ એની કલ્પના કરો

આજે ભગવાન મહાવીરનો નિર્વાણદિન છે આજનું પર્વ એ તપ અને સાધનાનું પર્વ છે.

અમાસની પાછલડી રાતે, અષ્ટ કર્મ ક્ષય કીધા,
મહાવીર સ્વામી મોક્ષે પહોચ્યા, ગૌતમ કેવળજ્ઞાની રે
આજ મારે દિવાળી અજવાળી.

જ્યારે ગોશાળાએ તેજોલેશ્યા મૂકી ત્યારે ભગવાનના મુખમાંથી સરી પડ્યું હતું કે હું હજી સોળ વર્ષ સુધી ગંધહસ્તીની પેઠે વિચરીશ. આ વાતને સોળ સોળ વર્ષોનાં વહાણાં વીતી ગયાં. હવે પ્રભુનું આ છેલ્લું ચોમાસું છે એમ જાણીને હસ્તિપાળ રાજાએ પ્રભુને પોતાને ત્યાં ચોમાસું કરવાની પ્રાર્થના કરી અને પોતાની એક શાળા પ્રભુને આપી. પ્રભુએ ત્યાં નિવાસ કરીને હસ્તિપાળ રાજાની આ પ્રાર્થના સ્વીકારી. હસ્તિપાળે પ્રાર્થના કરી હતી કે—

મોરે કરો મોરે કરો મોરે કરો જી
ચરમ ચોમાસું સ્વામીજી મોરે કરો જી

પ્રભુના આ છેલ્લો વર્ષ છે એમ જાણીને નવ મલ્લી, નવ લિચ્છવી અને અઢાર દેશના રાજાઓએ છઠ્ઠ પૌષધ કર્યો. પ્રભુએ સતત ધારાએ સોળ પ્રહર સુધી દેશના આપી. એ વખતે ગૌતમસ્વામી અને સુધર્માસ્વામી એ બે ગણધરો પ્રભુની પાસે હાજર હતા. પ્રભુનાં ચાર અઘાતી કર્મો છૂટી ગયાં અને ભગવાને નિર્વાણપદ પ્રાપ્ત કર્યું. આપણે ચોવીસીના છેલ્લા તીર્થંકરનો આ ? નિર્વાણદિન છે શાસનપતિ ભગવાન મહાવીરના આજના નિર્વાણદિને તમે શું કરશો ? ધારી, ચૂરમા ને મેવા મિષ્ટાન્ન ઉડાવશો કે વ્રત-પચ્ચક્ખાણ કરીને શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરશો ? વડીલોની તિથિ હોય, તો પણ તે દિવસે તમે વ્રત પચ્ચક્ખાણ કરો છો તો પછી કૂળનાના તારણહાર અને શાસનાધિપતિ ભગવાનના નિર્વાણદિને મોજશોખમાં ફરવું અને [illegible] રહેવું એ કેમ પાલવે ?

જેમણે સાડાબાર વર્ષ ને એક પખવાડિયું આંખનું મટકું પણ માર્યાં વિના આત્મસાધના કરી એ ભગવાન મહાવીરના નિર્વાણદિને તપ એક ઉપવાસ પણ કરીને સાધના કરી ન શકો તો એથી બીજું દુર્ભાગ્ય શું હોઈ શકે ?

હા દિવાળીની રાતે તમે ઉજાગરા તો કરો છો, પણ એ તો

લક્ષ્મીની જડ પૂજા કરવા માટે અને ફટાકડા તેમ જ ફૂલખરણી સળગાવવા માટે તમે સમયની બરબાદીની સાથે સાથે કર્મના બંધને મજબૂત બનાવવા માટે જાગો છો, પણ એ ફટાકડા ફૂટતા ફૂટતા જે બોધ આપતા જાય છે એનો અર્થ સમજવા પણ તમે તૈયાર નથી 'ફટ્ ફટ્' ફૂટતા એ ફટાકડા તમને કહી જાય છે કે 'ઓ કાજળઘેરા અજ્ઞાનના અંધકારમા અથડાતા માનવો! તમે આખુ વરસ તો ચોપડાઓમા કઈક કાળાધોળા ચીતરીને પાપો બાધ્યા છે હવે આજે ફટાકડાના ગગનભેદી અવાજોથી અનેક પક્ષીઓના પ્રાણને ફફડાવીને તથા અનેક ત્રસ અને સ્થાવર જીવોની હત્યા કરીને એ પાપરૂપી મદિર પર નવ ધ્વજાગરા બાધવા ઇચ્છો છો? જરા સમજો તો ખરા! જો સમજીને સાર ગ્રહણ કરો તો તો તમે ધન્યવાદને પાત્ર છો, નહીતર અમે પણ તમને 'ફટ્ ફટ્' કહીને ફિટકાર આપીએ છીએ '

તમે લક્ષ્મીપૂજન કરો છો, રૂપિયા અને સોનામહોરો જેવી જડ વસ્તુની પૂજા કરો છો, પણ તેથી તમને શુ મળવાનુ છે? રૂપિયાને કેટલાક દૂધથી ધોવે છે, પણ જ્યાં સુધી જીવનને દૂધે ધોયુ નહી બનાવો, જીવનમા ધર્મની ઉજ્જવલતા નહી લાવો, ત્યાસુધી એ દૂધે ધોયેલા પૈસા તમારો દી' કેવી રીતે વાળશે? ધર્મની આરાધના કરનારની દિવાળી એ જ સાચો દી' વાળનારી બને છે ધર્મની પાછળ લક્ષ્મી દોડતી આવે છે એ કેમ ભૂલી જાવ છો? આજે તમે ચોપડામાં 'ધન્ના-શાલિભદ્રની ઋદ્ધિ હજો' એમ લખો છો, પરન્તુ એ બન્ને સાળા-બનેવીના ત્યાગની વાત તો તમારાથી અજાણી નથી એક ક્ષણવારમા તેમણે કરોડોની સમૃદ્ધિનો ત્યાગ કર્યો હતો એમના ત્યાગને બદલે તમે તો ઋદ્ધિની ચાહના કરો છો આજે મહાવીરના નિર્વાણદિન પ્રસગે તમારે ભાવની વૃદ્ધિ કરીને ભગવાન જેવા બનવાનો ભાવ ઠરવો જોઈએ લગ્નના ગીતોમા હાથમા સફેદ જારની થાળી હોવા છતા બહેનો ગાય છે કે "મે તો થાળ ભર્યો સગ મોતીએ" આ લગ્નગીતોના જેવી જ તમારી ઉપરની વાતો ભાવની અને અદરનો ભાવ જૂઠાનો હશે, તો એ દિવાળી

ઘાની ભેજની નહીં ગણાય. તમે વીરના પૂત્રો છો સિંહનાં સંતાન છો અને [illegible] માને ગજની સાથે રે. મોટાનાં સંતાનો નબળાં સાથે બાથ ભીડતાં નથી. આજના દિવસે કુમની આશા કરીને માત્ર જડની પૂજામાં રાચશો તો શુદ્ધિ ચાલી જશે. ચોપડામાં તમે લખો છો કે અભયકુમારની બુદ્ધિ હજો. આ અભયકુમારની બુદ્ધિ ભોગમાં હતી કે ત્યાગમાં ?

દૃષ્ટાન્ત—ભગવાનનાં દર્શને જ્યારે મહારાજા શ્રેણિક અને મહારાણી ચેલણા ગયાં ત્યારે કેટલાક સાધુઓને તેમણે ઉઘાડે શરીરે તપ કરતા જોયા હતા. એક રાત્રે શિયાળાની સખત ઠંડીમાં મહારાણી ચેલણા છત્રીપલંગ પર પોઢી હતી. રેશમી અને મખમલની રજાઈઓ ઓઢી હતી, પણ એક હાથ ખૂલો બહાર રહી ગયેલ. તેથી ત્યાં એ હાથ ઝૂલ થવા લાગ્યો. તેથી તેને વિસ્મૃતા—તપ કરતા મુનિઓ યાદ આવ્યા એણે વિચાર કર્યો કે હું આવાં ગરમ સાધનો ઓઢીને સૂતી છું, ત્યારે તપસ્વીમુનિઓ આવી ઠંડીમાં પણ ઉઘાડે શરીરે ધ્યાન ધરતા હશે !

આવો વિચાર આવતા વાર જ મહારાણીથી સ્પષ્ટ બોલી જવાયું શુ [illegible] ? અને મહારાજા શ્રેણિક મહારાણીના આ શબ્દ સાંભળી ગયા ! એમનું મન શંકાના ચક્કરમાં ચડી ગયું. સવારમાં ઊઠીને તેમણે અભયકુમારને આજ્ઞા આપી, મહારાણી ચેલણા સહિત તેના રાજમહેલને આગ લગાડી દો !

આ આજ્ઞા સાંભળીને અભયકુમારે વિચાર કર્યો કે મહારાજાએ [illegible] આ આજ્ઞા આપી છે આથી તેણે રાણીના મહેલની આજુબાજુ ધુમાડો થાય તેવા કુડા સળગાવી દીધાં કે જેથી મહારાજાને [illegible] મહેલ સળગતા દેખાય. આ બાજુ મહારાજા શ્રેણિક પ્રભુના દર્શને ગયા. પ્રભુ [illegible] એ શ્રેણિકને ઉદ્દેશીને [illegible] સાત પુત્રીઓ સતીઓ છે. શ્રેણિક [illegible] શું કહ્યું [illegible] ચેલણા માટે [illegible] કરી તો શકે

ચેલણાએ એવુ વાક્ય કેમ ઉચ્ચાર્યું ?' પ્રભુએ ખુલાસો કર્યો કે મુનિઓના તપના વિચારે એ બોલાયુ હતુ શ્રેણિકને પોતાની ભૂલ સમજાઈ પ્રભુને વંદન કરી તુરત જ તે પાછા ફર્યા ત્યા અભયકુમાર મળ્યો. રાજાએ તેને પૂછ્યુ, 'મારી આજ્ઞાનુ પાલન કર્યું ?' અભયકુમારે કહ્યુ, 'એ બધુ આપ રાજમહેલમાથી નીકળતા ધુમાડા પરથી જાણી જ શકયા હશો' એ સાભળીને મહારાજા શ્રેણિકથી બોલી જવાયુ, 'જા રે જા, આ તે શુ કર્યું ?' આ શબ્દો સાભળતા વાર જ અભયકુમારે પિતાના ચરણોમા વદન કરીને કહ્યુ, 'પિતાજી, અગાઉ એક વાર મે સયમ લેવા માટે આપની આજ્ઞા માગી હતી, પરન્તુ તે વખતે આપે મને કહ્યુ હતુ કે જ્યારે હુ તને 'જા રે જા!' એવા શબ્દો કહું ત્યારે તારે આજ્ઞા મળી ચૂકી એમ સમજવુ, તો આજે આપે આ શબ્દોનો ઉચ્ચાર કર્યો છે, માટે હુ ભગવાનના શરણુમા જાઉ છુ રાણી ચેલણા અને તેના મહેલને કાઈ ઈજા પહોચી નથી. માટે આપ નિશ્ચિત રહેજો

ત્યારપછી અભયકુમારે દીક્ષા લઈલીધી આ અભયકુમારની બુદ્ધિ તમે માગો છો એ સાચા ભાવપૂર્વક માગો છો ખરા ? અને એ જ ચોપડામા ગૌતમસ્વામીની લબ્ધિની યાચના પણ કરો છો ભગવાન મહાવીરે છેલ્લી દેશના આપી, તેમા કહ્યુ કે 'હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ કરીશ નહી ' ભગવાન મહાવીર અને ગૌતમસ્વામીનો ઘણા ભવનો સબધ હતો ભગવાન જ્યા જ્યા ગયા ત્યા ગૌતમસ્વામી અનુકૂલ જ વર્ત્યા છે અને ભગવાન મોક્ષે ગયા ત્યારે ગૌતમસ્વામીને ક્ષાયિક દાનાદિ પચલબ્ધિ, ક્ષાયિક સમકિત, કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ આમાની કઈ સિદ્ધિ તમે ચોપડામા લખીને માગો છો એની પ્રાથમિક ભૂમિકા પણ તમારી પાસે છે ખરી ?

મહાવીરસ્વામી મોક્ષે પહોચ્યા, ગૌતમ કેવળજ્ઞાની રે,
આજ મારે દિવાળી અજવાળી

ગૌતમસ્વામીને તત્કાલ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તેમને લોકાલોક દેખાયા. ગૌતમસ્વામીની ભાવદિવાળી સાચી દિવાળી બની ગઈ એ જ દિવાળીનું આજે મહાપર્વ છે પણ તમે તો તેને મિઠાઈઓનાં પડીકાં વાળીને અને ફટાકડાના ભડાકા બોલાવીને ઉજવો છો ! તમારા એ ભડાકા કેટલા ભયંકર અને રોગી માણસની ઉપાધિ વધારનારા બનતા હશે, કેટલા જીવજંતુઓને એના ધુમાડા પ્રાણઘાતક બનતા હશે. એનો તમને ખ્યાલ પણ આવે છે ખરો ! તમારી મજાથી કેટલા જીવોને કમ અને સજા ભોગવવી પડતી હશે ! આ ? કોઈ માબાપનો એકનો એક ઊછરો આ ફટાકડા ફોડતાં ફોડતાં મરી ગયો હશે તો એના માબાપને શું થતું હશે !

આ ફટાકડાના અવાજ તમને મધુર કેમ લાગે છે એની ખબર તમને આજ નહી પડે. કર્મના ભોગ ભોગવવાનો જ્યારે સમય આવે છે શરીર જ્યારે રોગોથી ઘેરાઈ જાય છે, ત્યારે એક નાની સરખી કાંકરીનો અવાજ પણ અસહ્ય યાતના આપનારો બની જાય છે આ બધું સમજીને આ ? ભડાકા નહી કરવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. આટલું કરશો તોય તમે ભાવદિવાળીની અલ્પાંશે પણ ઉજવણી કરી શકશો.

પદ્મનાભ રાજા આરાધના કરવા બેઠો છે તું એની સાધના દીક્ષાન મળનાર માટે છે તમે બધા આ ? ૨૪ વંદનાઓ અને ૨૪ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરો અને મહાવીરસ્વામિસર્વજ્ઞાય નમઃ તથા મહાવીર સ્વામિ પારંગતાય નમઃ ની માળાઓ કરીને સાચી ભાવના પ્રગટાવો એ જ સાચી દિવાળી છે એમાં જ તમારું કલ્યાણ છે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૯૯

(ગુરુવાર, તા. ૧૯-૧૨-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણે કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં અમરકંકાનો અધિકાર ચાલે છે. પદ્મનાભ રાજા દેવની આરાધનામાં મશગૂલ બની ગયો હતો મનુષ્ય જો સ્વપ્રયત્નથી દેવતાને બોલાવવા ઇચ્છે તો બોલાવી શકે છે અને સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ કર્મો પણ બાંધી શકે છે આ મનુષ્યભવમાં જો સવળો પુરુષાર્થ ખેડે તો તે મોક્ષમાં પણ જઈ શકે છે આજના નૂતનવર્ષે જો તમે આવો પુરુષાર્થ ખેડો તો સાચા અભિનંદનને પાત્ર ઠરો ૯૯ જાતના દેવના પર્યાપ્તા, ૧૦૧ સમૂર્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના અપર્યાપ્તા ને પર્યાપ્તા, તિર્યંચના ૪૦ ભેદ અને ૬ નરકમાંથી નીકળેલા જીવ મનુષ્ય બની શકે, અને ૫૬૩ ભેદમાં જઈ પણ શકે. આ પર્વ મિષ્ટાન્નો ઉડાવવા માટે નથી, પણ મોક્ષ મેળવવા માટે છે તમે કષાયની આંધીમાં અટવાઓ નહીં અને તમે જ્ઞાનીઓના માર્ગે ચાલો તો જ તમારા નવા વર્ષના મેળવેલા અભિનંદન સાચા ઠરે સાચો શ્રાવક ચૈતન્યતત્ત્વને જાણવામાં પાછી પાની કરે નહીં ભગવંત બન્યા પછી યોનિનો અંત આવી જાય છે. ભગવાન મહાવીર સર્વ કર્મથી મુક્ત બન્યા પાવાપુરીમાં છેલ્લો છટ્ઠ સંથારો સીઝ્યો કે તરત જ બંધનમુક્ત બની એરંડબીજવત્, નિર્લેપતુંબીવત્ અને ઇન્ધનવહ્નિધૂમવત્ એક સમયમાં સિદ્ધક્ષેત્રે પહોંચી ગયા અહીંથી સાતસો નેવું

યોજન ઊંચે જ્યોતિષચક્ર છે એ જ્યોતિષચક્ર એકસો દસ યોજનમાં છે ત્યાંથી અસંખ્યાત યોજન ક્રોડાક્રોડી ઊંચે અનુક્રમે બાર દેવલોક નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન છે તેમાં છેલ્લા સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધજાથી બાર યોજન ઊંચે સિદ્ધશિલા છે આ સિદ્ધશિલા વચ્ચે આઠ યોજનની જાડી છે તેના ઉપર એક યોજનના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગમાં સિદ્ધક્ષેત્ર છે આ સિદ્ધક્ષેત્રમાં પ્રભુ પહોંચી ગયા. પ્રભુને પાવાપુરીથી સિદ્ધક્ષેત્ર જેટલે દૂર ગમન કરવામાં માત્ર એક જ સમય જેટલો કાળ થયો. આ સમય બહુ સૂક્ષ્મ છે

ચોથા આરામાં જન્મેલો યુવાન બલિષ્ઠ અને વજ્રઋષભનારાચ સંઘયણનો ધણી એકસોપચાસ પાનનું બીડું લઈ તેમાં એક સારા લોઢાની સોય ભોંકે તો એ સોયને એક પાનથી બીજા પાનમાં પહોંચતાં અસંખ્યાત સમય જાય. આવા અસંખ્યાત સમયમાંના એક સમયમાં પ્રભુનો આ આત્મા અવિગ્રહગતિએ સાકાર ઉપયોગે સિદ્ધપદે પહોંચ્યો. એ પ્રભુએ બેસી શિષ્યસ્વરૂપે ઉત્તરાધ્યયનસૂત્રની પ્રરૂપણા કરી. અરિહંત તો અર્થરૂપે પ્રરૂપણા કરે અને ગણધર પુરુષો તેની ગદ્ય અને પદ્યરૂપે ગૂંથણી કરે પ્રભુની પ્રરૂપણાની ગૂંથણી કરનાર શ્રી સુધર્માસ્વામી હતા. એ રીતે સુધર્માસ્વામીનો આપણા ઉપર મહાન ઉપકાર છે

એ પ્રભુ મહાવીરનું શાસન એકવીસ હજાર વર્ષ સુધી રહેવાનું છે માટે જો તમારે સાચા શ્રાવક બનવું હોય તો એકવીસ ગુણો કેળવી લો અને સાધુ બનવું હોય તો સત્તાવીસ ગુણો કેળવો આ એકવીસ ગુણ કેળવનાર શ્રાવક અભિનંદન અને માનપત્રને યોગ્ય છે. તમે આજે નવા વર્ષથી નિશ્ચય કરો કે બીજાને સુધારવા કરતાં હું મારી જાતને જ સુધારું. તમને હવે રમવું ગમે છે કે છૂટવું ગમે છે? આજના નવા વર્ષથી રોજ જીવનને તપાસજો કે તમે પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું કે પાપના ભારા બાંધ્યા? તમારું માન ખંડિત થાય તેના માટે તમારી આંખમાંથી ટીપાં પડ્યા છે કે તમારા આત્માના એકરારથી?

સમયે સમયે જીવ સાત કે આઠ કર્મો બાંધે છે માટે સમજીને સ્વઘરમા આવો. તમારી દેહરૂપી નૌકાની કેવી દશા થઈ રહી છે ?

હૈયામાથી કૂડકપટ નીકળી જાય, ક્રોધ, કામ, મોહ અને માયા દૂર થઈ જાય, ત્યારે જ તમારી ભાવ-દિવાળી પ્રગટી ગણાય અજ્ઞાનના અંધારા ઉલેચાઈને અતરમા પ્રકાશ પથરાય તો જ આ નાવડી લક્ષ્યસ્થાને પહોંચી શકે જ્ઞાનીઓ કહે છે કે—

> અક્કલની અગ્નિ કરી તેમા સુસ્તીપણુ સળગાવો રે,
> દારૂ ફોડી દુર્ગુણરૂપી, પ્રેમ વિશુદ્ધિ પ્રગટાવો રે
> શ્રમણાસ્થળ ભીતરનુ તોડો, ફોડો કર્મ ફટાકડા રે;
> જ્ઞાન ગડદિયા ભરી ભભર પર, ભાવે કરો ભડાકા રે

તમારામા પૌદ્ગલિક ભાવોને ઠાંસીઠાંસીને અતરમા ભરવાની અક્કલ તો ઘણી છે, પણ જ્ઞાન સમજવામા તમને યાદ રહેતુ નથી જ્ઞાનીઓ કહે છે કે—

> ઉપાશ્રયે જાતા તારા, પગ પાછા થાય,
> જમવાનુ હોય ત્યા તો, દોડ્યો દોડ્યો જાય,
> મૂરખ ! મનમા વિચાર

આ કથાનો પ્રત્યક્ષ અનુભવ તો તમે જોઈ શકો છો વ્યાખ્યાનમાં ઉપાશ્રય પહોળો દેખાય છે, પણ સ્વામીવત્સલના ભોજનમા બેસવા માટે કોર્ટ અને ઉપાશ્રય વચ્ચેની વડી તોડવી પડી હતી. કારણ કે તે દિવસે ઉપાશ્રય સાકડો બની ગયો હતો ! આ વસ્તુ જ એમ બતાવે છે કે તમને જીભના સ્વાદોમા જેટલી રુચિ છે, તેટલી રુચિ જ્ઞાન સાભળવામા નથી ઘણા કહે છે કે અમે આરછ દિવસથી ઉપાશ્રયમા ગયા નથી, તેથી અમારો પગ ભારે થઈ ગયો છે પણ પાચ વર્ષથી ઉપાશ્રયમા જમણ થયુ ન હતુ ને આ વર્ષે થયુ એમા પગ ભારે થઈ જતો નથી ' આનો અર્થ એ થયો કે તમે પોતાનુ પરાયુ બનાવી દીધુ છે ને પરાયુ પોતાનુ બનાવી દીધુ છે તમે શત્રુઓને ઘરમા ઘાલ્યા છે.

એને ઘણી મહત્તા હોય, તો સ્વ અને પરનું ભેદવિજ્ઞાન તો થાય.
આજના વિષયના ઉપસંહારમાં કુસંસ્કારના ઘરને તોડી નાખો કે જેથી ફરી
વાર આવવું ન થાય. જ્યારે તૃષ્ણા થઈ જાય છે કે મને પરમાંથી સુખ
મળે છે, કુતરાને તૃષ્ણા થઈ જાય છે કે મને હાડકામાંથી લોહી મળે
છે તેમ પદ્મનાભ રાજાને તૃષ્ણા થઈ ગઈ હતી કે સાતસો રાણીઓના
કરતાં દ્રૌપદીથી મને વધારે સુખ મળશે. એટલા માટે તો એ નિયમ
ધ્યાન મલીન બેઠો છે.

પૂર્વસંગતિદેવની આરાધના કરતાં કરતાં એ દેવનું આસન ચલાય-
માન બન્યું. તેણે ઉપયોગથી જોઈ લીધું કે પોતાને કોણ યાદ કરે છે
આથી એ એક ક્ષણમાત્રમાં ધાતકીખંડદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રની
અમરકંકા નગરીમાં આવેલી પૌષધશાળામાં આવી પહોંચ્યો. દેવની
શક્તિ અજબ છે. એક ચપટી વગાડે ત્યાં દેવ જંબૂદ્વીપને સાત આંટા
મારી શકે. ચાલતા માણસની પાંપણ પર દેવ સહસ્રરૂપે બત્રીસ બંધનાં
નાટક કરે તોપણ માણસને ખબર ન પડે એવી અજબ એની શક્તિ
છે. આ શક્તિ દ્વારા દેવ [illegible] આવ્યો. અને તેણે પદ્મનાભ રાજાને
પૂછ્યું [illegible] કેમ યાદ [illegible] પદ્મનાભ રાજાએ
કહ્યું [illegible] જંબૂદ્વીપમાં આવેલા દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં આવેલ
હસ્તિનાપુર નામના નગરમાં પંડુરાજાના પુત્ર પાંચ પાંડવો છે. તેમની
પત્ની [illegible] દ્રૌપદીને અહીં લાવી આપો.

[illegible] સાતસો નારીઓથી સંતોષ થયો
નથી તે [illegible] સંતોષ થઈ જશે એમ માને છે આત્માની પ્રકૃતિ
[illegible] આ [illegible] છે [illegible] શાસ્ત્રકારો
[illegible] ચોરી [illegible] છે
[illegible] ચોરી કરનારને ઘણા
[illegible]

દૃષ્ટાન્ત— [illegible] જાપાન ગયો. ત્યાંની લાયબ્રેરી
[illegible] પુસ્તક વાંચવા માટે લીધું પુસ્તકમાં

તેને ચાર રંગીન ચિત્રો બહુ ગમી ગયા તેણે તેની નકલ કરવા બહુ મહેનત કરી, છતા એ કરી શક્યો નહીં આથી લોભમા પડીને તેણે એ ચાર ચિત્રો ફાડી લીધા અને એ પુસ્તકને લાયબ્રેરીમા જમા પણ કરાવી દીધુ

એક વાર એક જાપાનીસ મિત્ર એ યુવાનને ત્યા બેસવા આવ્યો. ત્યા તેણે આ ચાર ચિત્રો જોયા એણે નક્કી કર્યું કે આ ચાર ચિત્રો એક જ પુસ્તકના છે, અને તેમાથી જ આ મિત્રે ચોરી લીધા લાગે છે આથી તેણે લાયબ્રેરીમા જઈને પ્રથમ તો ખાતરી કરી જોઈ, ત્યાં એ ચાર ચિત્રો એ પુસ્તકમા ન હતા આથી તેણે લાયબ્રેરિયનને કહ્યું કે આવા અપ્રાપ્ય ચિત્રો ભારતીય યુવાને ફાડી નાખ્યા છે આથી તેના પર પગલા લઈને એ ચિત્રો કબજે કરવામા આવ્યા તે દિવસથી ત્યાની સત્તાએ ઠરાવ પસાર કર્યો કે આજથી ભારતમાથી આવેલી કોઈ વ્યક્તિને લાયબ્રેરીના પુસ્તકો આપવા નહીં આ છે આજની ભારતીય સસ્કૃતિનુ અધ પતન !

તમારી નીતિનુ કેવુ દેવાળુ નીકળ્યુ છે એનો આજે વિચાર કરજો. પદ્મનાભ રાજાને દેવે કહ્યુ કે, 'અરે રાજા ! તારી વિનાશકાળે વિપરીત બુદ્ધિ થઈ છે દ્રૌપદીનુ શિયળ ખડિત કરવા ત્રણુ કાળમા કોઈ શક્તિમાન નથી માટે તુ આવી હઠ છોડી દે' પણ રાજાએ પોતાની લત છોડી નહીં વિષયની વૃત્તિઓ માણસને સાચુ સમજવા દેતી નથી

આવ્યા અવળા અક્ષરે, સવળુ ક્યાથી પમાય ?

પદ્મનાભ રાજાએ દેવને કહ્યુ, 'દ્રૌપદી માને કે ન માને, એ તમારે જોવાનુ નથી તમારે મારી ઉપાસનાને આધીન બનીને દ્રૌપદીને લાવી જ દેવી પડશે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૧૦૦

(શનિવાર, તા. ૧૬–૨–૧૩)

અહીં નામે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. ત્રણેય કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં અમરકંકાનો અધિકાર ચાલે છે પૂર્વસંગતિમિત્રદેવે પદ્મનાભ રાજાને ઘણી રીતે સમજાવ્યો છતાં તેણે પોતાની હઠ છોડી નહિ જેનો જીવ વિષયોની પાછળ ભટકતો હોય તેને જ્યાંસુધી કર્મની જોરદાર થપ્પડ ન વાગે ત્યાંસુધી એ ઠેકાણે આવતો નથી. સમુદ્રમાંથી પૃથ્વી તરફ દોડતું મોજું જ્યાંસુધી ભેખડોમાં ન અટકાય ત્યાંસુધી પાછું ફરતું નથી. આવા જીવને કેવળી ભગવાન પણ સમજાવી શકતા નથી. તેઓ કોરડુ મગની જેમ કોરા ને કોરા રહી જાય છે ઉપાસના અને વચનથી બંધાયેલા દેવે પદ્મનાભની હઠને આધીન બનીને પોતાની શક્તિનો ઉપયોગ કર્યો. દેવોની શક્તિ અદ્ભુત હોય છે ચાળીસ યોજનની મેરુની ચૂલિકા ઉપર ઊભેલા ચાર દેવો મેરુની તળેટીમાં ઊભેલી ચાર દેવીઓ હાથમાંથી બલિ ફેંકે તે નીચે ધરતીને પહોંચ્યા પહેલાં ગ્રહણ કરી શકે છે આ મેરુની ઊંચાઈ નવાણું હજાર યોજન છે આવી ઉત્કૃષ્ટ શક્તિથી આ દેવ હસ્તિનાપુરમાં આવ્યો અને યુધિષ્ઠિરના રાજમહેલની અગાસીમાં સૂતેલી દ્રૌપદીને પોતાની શક્તિથી ઉઠાવી. દેવોની આ શક્તિથી આજુબાજુના કોઈને પણ ખબર પડતી નથી. એક માણસ ચાલ્યો જતો હોય દેવ પોતાની ઉત્કૃષ્ટ શક્તિદ્વારા તેનું માથું કાપીને એ માથાનું ચૂર્ણ કરી નાખે અને એના પર છાંટતા

એક તુબડાનુ પણ ચૂર્ણ કરી નાખે. એ બન્ને ચૂર્ણોને મેળવીને તેને ભૂંગળી વડે અવકાશમા ઉડાડી નાખે પાછા વીખરાયેલા પુદ્દગલ ભેગા કરી અને એક ક્ષણમાત્રમા એ તુબડાના પુદ્દગલોથી તુબડુ અને માથાના પુદ્દગલોથી માથુ બનાવીને એ માથુ ચાલ્યા જતા માણસના ધડ ઉપર ગોઠવી દે, તુબડુ વેલે મૂકી દે, છતા એ ચાલતા માણસને ખબર ન પડે કે મારુ માથુ કોઈએ કાપી લીધુ હતુ એનુ ક્યારે ચૂર્ણ થયુ અને પાછુ એ ક્યારે ગોઠવાયુ એની તેને ખબર પડતી નથી જોકે દ્રૌપદીને લઈ જવાની ઇચ્છા ન હોવા છતા દેવને તેમ કરવુ પડયુ જે જીવ પોતાની ઇચ્છા વિના કર્મ કરે તેના લૂખા બધ બધાય છે, અને ઇચ્છાપૂર્વક કર્મ કરે તેના ચીકણા બધ પડે છે દેવે અવસ્થાપિની નિદ્રા મૂકીને દ્રૌપદીને ત્યાથી ઉઠાવી અમરકકા નગરીની અશોક વાડીમા આવેલા એક અશોક વૃક્ષની નીચે મૂકી દીધી પછી નિદ્રા અપહરી લીધી ત્યારબાદ દેવે પદ્મનાભ રાજાને ખબર આપી કે દ્રૌપદીને અશોક વાટિકામા મૂકી છે ત્યારબાદ દેવ જે દિશાએથી આવ્યો હતો ત્યા ચાલ્યો ગયો

કામાન્ધ જીવ છતી આખે આધળો છે રાજાના હૈયામા હરખ માતો નથી ત્રણ દિવસના ઉપવાસ હોવા છતા પારણુ કરવાની પણ દરકાર કર્યા વિના એ દ્રૌપદીને જોવા માટે આતુર બની ગયો જેની દશા બગડી હોય તેને આવા વિચારો સૂઝે છે

પરદારાની પ્રીત અસતના ઘરમા પેઠી,
પરદારાની પ્રીત દશા રાહુની બેઠી,
પરદારાની પ્રીત પનોતી લોઢાની કહીએ,
પરદારાની પ્રીત ચદ્રમા બારમો લહીએ

પદ્મનાભ રાજાએ આમ વિષયપૂર્તિની ઇચ્છા માટે અઠ્ઠમ ત આદર્યું, પણ એને બીચારાને ક્યા ખબર છે કે ' સત સતી સતાપતા ગયા કૈકના રાજ ! ' પરસ્ત્રીનો સગ મહા અનર્થકારી છે વેશ્યાગમન, પરસ્ત્રીગમન, જુગાર, શિકાર, ચોરી વગેરેની ટેવ પ્રથમ પડે છે અને

પછી એ જ રસ માણસને પાડી નાખે છે. જે સાધક સ્વાધ્યાયતીપણું પાળે છે તે જ ક્રમે ક્રમે આગળ વધે છે. આમ આગળ વધેલાઓનાં નામ જૈન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકાઈ ગયાં છે.

સુબાહુપ્રમુખ પરિયો પરિયો નાર,
તજી વીરપે લીધાં પંચ મહાવ્રત સાર,
ચારિત્ર લઈને પાળ્યા નિરતિચાર,
દેવલોક પહોંચ્યા સુખવિપાક અધિકાર.

સુબાહુકુમાર, જેને પ રમણીઓ હતી, તેને પણ સમજણ કે તરત એ છોડવા તૈયાર થઈ ગયા. પછી એ મોહપાશમાં બંધાયા નહીં. જેવું ચિત્ત મોક્ષને માર્ગે જવામાં છે પણ વિષયી જીવોને એ સમજાતું નથી અને એ વિષયવાસનાને છોડી શકતા નથી.

जहा नई वेयरणी दुत्तरा इह संमता।
एवं लोगंसि नारीओ दुत्तरा अमईमया॥
—સૂત્રકૃતાંગસૂત્ર અ. ૩, ઉ. ૪ ગા. ૧૬

જેમ વૈતરણી નદીને તરવી દુસ્તર છે તેવી જ રીતે સ્ત્રીઓની નદીને તરવી અતિ દુસ્તર છે. માટે જીતેન્દ્રિય અને બ્રહ્મચારી ધન્યવાદને પાત્ર છે. કારણ કે—

दुज्जए कामभोगे य निच्चसो परिवज्जए।
संकाठाणाणि सव्वाणि वज्जेज्जा पणिहाणवं॥
ઉત્તરાધ્યયનસૂત્ર અ. ૧૬ ગા. ૧૪

ત્યાંત્યાં મન ઇન્દ્રિયોમાં માણસનું આ કામ નથી. આવા કામભોગ વર્જ્ય કહ્યા છે. એકાન્ત આદિ શંકાનાં સ્થાનોને પણ છોડી દેવા. સ્ત્રીએ એક આસને બેસાય નહીં. એકાન્તમાં બેસાય નહીં આદિ નિયમોનું યથાવત્ પાલન કરનાર જ વિષયોને જીતી શકે છે. જો આ નિયમોનું પાલન કરવામાં પ્રમાદ કરવામાં આવે તો તેનું પતન થતાં વાર લાગતી નથી. કારણ કે અનાદિ કાળથી જીવ આસક્ત

મા રાચ્યો છે પરંતુ મનુષ્યભવ વિષયકષાયને જીતવા માટે જ મળ્યો છે એમા જે બ્રહ્મચર્યનું પાલન કરે, તેવા જીવોને દેવો પણ વંદન કરે છે

દેવનરિન્દનમંસિયપુઈયં,
સવ્વજગુત્તમમંગલમગ્ગં ।

બ્રહ્મચારીઓ દેવતાઓના પૂજનીય બને છે દેવતાઓના અધિપતિ ઇન્દ્ર જ્યારે સુધર્માસભામા સિંહાસને બેસે છે ત્યારે એ ત્રણ વાર કહે છે કે મારા પહેલા નમસ્કાર બ્રહ્મચારીને છે બીજા નમસ્કાર જ્યાં જ્યા અરિહંત ભગવાન બિરાજતા હોય તેમને છે, અને ત્રીજા નમસ્કાર સર્વ સાધુસાધ્વીઓને છે

બ્રહ્મચર્યનો વિવેક મનુષ્યો જ કરી શકે છે, દેવતાઓ અપચ્ચક્ખાણી છે અને તિર્યંચો વિવેકહીન છે તમે જુઓ છો કે ગયા વર્ષમા જે તિર્યંચ સબંધમા માતાપુત્ર હોય, તેના તે તિર્યંચ પતિપત્ની પણ બનતા હોય છે માત્ર માનવ જ ઇન્દ્રિયરૂપી ઘોડાને વશ કરી શકે છે, પરંતુ સુપાત્રને જ આત્મિક જ્ઞાન અને વિવેક સાંપડે છે

સિંહણકેરુ દૂધ હોય તે, સિંહણસુતને ઝરે,
કનક વિનાના પાત્રમા ફોડીને નીસરે,
જે કોઈ પ્રેમ અંશ અવતરે,
પ્રેમરસ એના દિલમા ઠરે

વીતરાગની વાણી પણ સિંહના દૂધ જેવી છે યોગ્ય જીવના હૃદયમા જ આ વાણી સ્થિર થઈ શકે છે યોગ્ય જીવ જ આ વાણીને પચાવી શકે છે માટે આવા પાત્ર બનવા ઇચ્છા હોય તો બ્રહ્મચર્યનું સેવન અત્યંત આવશ્યક છે 'પાત્ર થવા સેવો સદા બ્રહ્મચર્ય મતિમાન.' એ બ્રહ્મચર્યના તેજ અને પ્રભાવ જ્યા સુધી અનુભવમા નથી આવ્યા ત્યા સુધી જ જીવ વિષયનો કીડો બની રહે છે જ્ઞાનીઓ કહે છે કે—

જોઈ જોઈ એના તેજને રે, એના મૂલ્ય દેવોથી ન થાય,
મૂલ્ય કરનાર એના માનવી રે, એને પહેરનાર લોકમા પુજાય,
ચારિત્ર રંગે રંગી ચૂંદડી રે, શોભે ચૂંદડીમા નવા નવા રંગ

આ કિંજળની સૂંઢી પણ અજબ છે દેવતાઓથી પણ એનાં મૂલ્ય આંકી શકાતાં નથી. એનું મૂલ્યાંકન માનવ વિના અન્ય કોઈ કરી શકવા સમર્થ નથી. ચારિત્રના રજથી રંગાયેલી આ રંગબેરંગી સૂંઢી પહેરનાર ત્રણલોકનો પૂજ્ય બને છે અને—

વેચાતો નથી કોઈ દેશમાં રે એ તો શીલવ્રતનો શણગાર,
બ્રહ્મચારીના ઘટમાં વસ્યો રે એ તો તેજ તેજનો અંબાર.

આ કિંજળરૂપી દિવ્ય શણગાર કોઈ દેશમાં કે કોઈ કિંમતથી વેચાતો નથી. એ તો ઉત્તમ પુરુષોના હૃદયમાં છે બ્રહ્મચારીના વચનમાં સિદ્ધિ આવી જાય છે તેની સ્મરણશક્તિ વધે છે જેણે વિદ્યા સાધ્ય કરી હોય, તેણે પોતાના અંતરમાં એ વિદ્યાને સ્થિર કરવા માટે બ્રહ્મચર્યનું અવશ્ય પાલન કરવું જોઈએ.

પદ્મનાભ રાજાને વિષયનો ઉભરો ચડ્યો છે તેણે સુંદર તેલ-કુંડથી સ્નાન કર્યું અને પોતાની સાતસો રાણીઓ સહિત મૂલ્યવાન વસ્ત્રાભૂષણોથી સજ્જ બનીને એ અશોકવાટિકા તરફ આવવા લાગ્યો.

આ તરફ દેવના ગયા પછી અંતમુહૂર્તે દ્રૌપદી નિદ્રામાંથી જાગી. ચમ ચારેય તરફ જોવા લાગી. તેને આ બધું નવું જ દેખાયું એ વિચારવા લાગી કે હું તો મારી અગાસીમાં સૂતી હતી ત્યાંથી આ અજ્ઞાત પ્રદેશમાં ક્યાંથી આવી ચઢી! શું મને કોઈ દેવ, ગંધર્વ કિંપુરુષ કે વિદ્યાધર અહીં ઉઠાવી લાવ્યો હશે! મને આમાં કંઈ સમજ પડતી નથી હવે મારે શું કરવું! ક્યાં જવું!

આમ વિચાર કરતા કરતા દ્રૌપદીની આંખમાંથી આંસુની ધારા પડવા લાગી. હવે ત્યાં શું બનશે તે અધિકાર અવસરે.

ૐ શાન્તિઃ

વ્યાખ્યાન : ૧૦૧

(રવિવાર, તા ૨૦-૧૦-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય લોકમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે. અમરકકા નગરીના બગીચામા એકલી બેઠેલી દ્રૌપદી વિચાર કરતા કરતા આર્તધ્યાનમા પડી ગઈ રડતા રડતા એ નીચુ મુખ કરીને બેઠી હતી, ત્યા તેના કાનમા પદ્મનાભ રાજાનો અવાજ પડ્યો, ' હે દેવાનુપ્રિયા ! તમે શા માટે રડી રહ્યા છો ? તમને કદાચ એ ધ્યાન નહી હોય કે ધાતકીખડદ્વીપમા આવેલી આ અમરકકા નામની નગરી છે ત્યાનો હુ રાજા છુ મારુ નામ પદ્મનાભ છે આ મારી સાથે આવેલી સાતસોયે સ્ત્રીઓની શિરોમણિ સ્વામિની બનાવવા માટે મે જ પૂર્વસગતિમિત્ર દેવની સહાયથી તમારુ અપહરણ કરાવ્યુ છે તમારા રૂપ, ગુણ અને લાવણ્યની મે જેટલી પ્રશસા સાભળી હતી તેના કરતા પણ તમે અધિક સુકોમલ અને રૂપગુણવાળા છો, પણ તમે લેશ પણ ચિન્તા ન કરો. મારા અતપુરમા દેવોના જેવા ઉપભોગો તમને મળશે જેના તમે સ્વપ્નમા પણ દર્શન ન કર્યા હોય, તેવી ઉત્કૃષ્ટ ભોગસામગ્રી હુ તમને આપીશ '

કામના ભીખારીઓ શુ બોલે છે અને કોની આગળ બોલે છે, એનુ એમને ભાન હોતુ નથી આવા ભોગભિક્ષુઓ ' **न जानाति मार्ग**

કુમાર્ગે ચ કિંચિત્ —માર્ગ અને કુમાર્ગનો વિચાર પણ કરી શકતા નથી. આવા જીવો આખરે મોતના મુખમાં જાય છે રૂપની પાછળ મુગ્ધ બનારા જીવો આખરે પોતાના પ્રાણને પણ ગુમાવે છે કારણ કે રૂપ પોતે જ અનિત્ય છે એક સ્વરૂપવતી સુંદરીનું નાક અચાનક કોઈ રોગ થતાં બેસી જાય કે આંખ ફૂટી જાય, તો તેનું સ્વરૂપ કુરૂપ બની જાય છે એમ જ્યાં રૂપના પતંગિયાં એ રૂપની આગમા હોમ કરીને હોમાઈને ભસ્મ બની જાય છે પૂર્વોક્ત પ્રસંગના ઉદયથી પંચેન્દ્રિયની પ્રબળતા શક્તિ ચાલ્ય અને સાતસો રાણીઓનું સુખ પ્રાપ્ત થતાં જ્યાં પદ્મનાભ રાજા કેવો દુષ્ટ ભાવ ભજવી રહ્યો છે! પદ્મનાભ રાજાના ઉપર્યુક્ત શબ્દો સાંભળીને પણ જ્યારે દ્રૌપદી પ્રસન્ન થઈ નહીં ત્યારે તેણે દ્રૌપદીના દાસ બનવાનું પ્રલોભન આપ્યું જેમ મદારી માંકડાને નચાવે તેવી રીતે કામરૂપી મદારી સ્ત્રીરૂપી ગુરુ ગુલામી નાચ નચાવી રહ્યો છે ભા ? પણ લોકના ભીખારીઓ પોતાના માબાપને પાણીનો પ્યાલો દેવા તૈયાર હોતા નથી ત્યારે એની સ્ત્રી એઓર કરે કે આ છોકરાને તેડી લો મારાથી એને તેડીને ચાલી શકાતું નથી તો એ તરત જ છોકરાને તેડીને ચાલવા માંડે છે હાથમાં ચાર આંગળના નાકીયે લટકાવીને, નાકોલોનનાં કપડાંમાં સજ્જ થઈને બે ચોટલા ખુલ્લા રાખીને ચાલી આવતી એ આધુનિક સ્ત્રી અને પાછળ નાના છોકરાને તેડીને ચાલ્યા જતા પરાવાળા જેવા પતિને તો તમે બ નગરમાં ન ગલીઓમાં જોતા હશો સ્ત્રી ખુરશી પર બેઠી હોય અને પતિદેવ નીચે બેઠા હોય આ બધા ચેનચાળાને આજના આજના ભીખારીઓ ફેશનમાં ખપાવે છે ત્યારે સુધી સ્ત્રી આ આતીને કહે કે તું મને દસ જ રૂપિયા મહિનાના આપે છે તેનાથી મારું પૂરું થતું નથી માટે પાંચ રૂપિયા વધારે આપ, તો એના જવાબમાં એ સપૂત કહે છે કે મારું પૂરું થતું નથી માટે તારા દાગીના વેચી નાખ અને મને સો રૂપિયા આપ એક ઉત્તમ છોકરાનું પૂરું કરનાર સ્ત્રી નતાને તેનું ઓારી કરે છે કેટલાક તો જનેતાને હડસેલી કાઢીને

ગાળ પણ આપે છે. ત્યારે એ જ કૂતરીના પેટમા પાકેલા આ દીકરાને પણ સાથે સાથે જ ગાળ પડે છે કે નહી ?

જ્યારે એ નાનો હતો ત્યારે એ જ જનેતાએ ગળથૂથીમા ઝેર આપી દીધુ હોત તો ? તો તેનુ અસ્તિત્વ પણ હોત ખરુ ? કોરી પથારીમા બાળકને સુવાડીને ભીનામા સૂનારી માના ઉપકારનો બદલો જ્યારે મોટો થયેલો પુત્ર આવો આપે, ત્યારે માના દિલમા શુ થતુ હશે ? જે બાળકની માબાપ પ્રત્યે અર્પણતા હોય તેને માબાપના આશીર્વાદ મળે છે પણ બાર મહિને હજાર રૂપિયા ડૉકટરના બિલના ભરનારા છોકરા જ્યારે માબાપને હડધૂત કરે છે, ત્યારે એ કર્મની કઠણાઈ કોને જઈને કહેવી ? આવા સતાનો નારકીમા જઈને કેવા દુ ખો ભોગવે છે ?

छिंदंति बालस्स खुरेण नक्क
ओट्ठे वि छिन्दन्ति दुवे वि कण्णे ।
जिब्भं विणिकस्स विहत्थिमेत्तं
तिक्खाहि सूलाहिऽभितावयन्ति ॥

–સૂત્રકૃતાગસૂત્ર અ ૫, ઉ ૧, ગા ૨૨

એ અજ્ઞાનીનુ નાક ખેચીને છેદી નાખે છે હોઠ અને જીભને તોડી નાખે છે, એની આખો તીક્ષ્ણ શસ્ત્રોથી ફોડી નાખે છે કામશાસ્ત્ર વાચનારની જીભને પરમાધામીઓ ખેચી કાઢે છે આવા જીવો ચીકણા કર્મ બાધે છે

પદ્મનાભ રાજા દ્રૌપદીનો દાસ બનવા માટે લાચારી કરવા લાગ્યો આવો જીવ દેવભવમા જાય, તોપણ એના ચેનચાળા સાથે જ લઈને જાય છે માટે આવી રીતે ભટકવાનો સ્વભાવ બદલો પદ્મનાભ રાજાના હાવભાવ જોઈને ચતુર દ્રૌપદી સમજી ગઈ કે આ વિદેશી રાજા આગળ મારુ કાઈ બળ ચાલશે નહી, માટે તેને અત્યારે ગમે તેમ કરીને ટાળવો જોઈએ આમ વિચાર કરીને એ બોલી, 'દેવાનુપ્રિય ! જબૂદ્વીપના

ભરતમાં દ્વારિકાનગરીમાં મારા પતિના ભાઈ શ્રી કૃષ્ણ વાસુદેવ છે. તે છ માસની અંદર મારી વહારે આવશે. તે જરૂરથી મારું રક્ષણ કરશે. આપ જે કાંઈ કહો છો એ મને સમજાવવાની જરૂર નથી. આપના રાજ્યમાં મને કોઈ દુઃખ નથી પણ મારે છ મહિનાનું વ્રત છે માટે મને એકાન્ત નિવાસ આપો અને મારો નિયમ પૂરો થઈ જવા દો. તમારી યાચનાનો જવાબ હું પછી આપીશ.

વ્રત અમારે ખટ માસનાં શ્રી કૃષ્ણ રાખશે લાજ
વહારે આવો શ્રી કૃષ્ણ મહારાજ

દ્રૌપદીનાં વચનો સાંભળીને પદ્મનાભ રાજાએ વિચાર્યું કે છ માસની મુદત તો એક ચપટી વગાડતાં ચાલી જશે. પછી તો દ્રૌપદી મારી જ છે એ લાખ ચો [illegible] સમુદ્ર ઓળંગીને દ્રૌપદીને [illegible] કોણ આવવાનું છે? આથી પદ્મનાભ રાજાએ દ્રૌપદીને [illegible] આપી. દ્રૌપદીસતીએ વિચાર કર્યો [illegible] છ મહિના પછી પ્રાણ પણ ગુમાવવા પડે! [illegible] આરાધક મૃત્યુ ઉત્તમ છે [illegible] સાચવવા માટે આ કામ કર્યું છે હવે દ્રૌપદી [illegible] આયંબિલ કરવાનો નિશ્ચય કર્યો.

[illegible] આયંબિલ કરવાનું હોય તો બીસ બીસ વાનીઓ [illegible] આયંબિલમાં મીઠું વપરાતું જ નથી [illegible] દ્રૌપદીએ પારણામાં પાણીમાં [illegible] પારણે મનની શરૂઆત [illegible] છ ઉપવાસથી શરીર [illegible] વ્રતો અને નિયમો [illegible]

[illegible] વાર ગુરુને વંદન [illegible] જ્યાં સુધી મને

આખુ પ્રતિક્રમણુ મુખપાઠ ન થાય, ત્યા સુધી મારે નીચે બેસવુ જ નહી એવી પ્રતિજ્ઞા પણ આપો '

નાના બાળકનો આવો દઢ નિર્ધાર અને આત્મબલ જોઈને ગુરુદેવ પ્રસન્ન થઈ ગયા તેમણે બાળક જયમલ્લજીને આખા પ્રતિક્રમણનો પાઠ આપ્યો, અને માત્ર અડતાળીસ મિનિટમા જ તેમણે આખુ પ્રતિક્રમણ મુખપાઠ કરી લીધુ બાળકની વિચક્ષણ બુદ્ધિ અને તીવ્ર ત્યાગની ઇચ્છા જોઈને ભૂધરજી મહારાજે તેમને દીક્ષા આપી તે જ દિવસથી જયમલ્લજી સ્વામીએ એકાન્તર ઉપવાસની પ્રતિજ્ઞા લીધી આ એકાન્તર ઉપવાસ બાવન વર્ષ સુધી ચાલુ રહ્યા

પૂ જયમલ્લજીએ 'સાધુવદના' બનાવી તેમા ભગવતીસૂત્ર, જ્ઞાતાસૂત્ર આદિ છ સૂત્ર લઈને જે જે રાજાઓ થઈ ગયા તે બધાના સિદ્ધાન્ત અનુસાર નામો ગોઠવ્યા છે દીક્ષા લીધા પછીના બે વર્ષ બાદ એક વાર ગુરુદેવ સાથે તેઓ વિહાર કરી રહ્યા હતા માર્ગમા ગુરુદેવે તેમને આજ્ઞા કરી, 'મને પાણીની તરસ બહુ લાગી છે, માટે પાણી લાવી આપો' જયમલ્લજી નજીકના ગામમા ગયા અજાણ્યા ગામમા સૂઝતુ પાણી મેળવતા થોડી વાર પણ લાગી ગઈ પાણી લાવીને તેઓ ગુરુદેવ પાસે આવ્યા અને જોયુ તો ગુરુદેવ સથારો કરીને બેઠા બેઠા કાળ કરી ગયા હતા

અને તે જ વખતે જયમલ્લજી સ્વામીએ બીજી પ્રતિજ્ઞા કરી કે હવેથી મારે સૂવુ જ નહી તેમની આ પ્રતિજ્ઞા બરાબર પચાસ વર્ષ સુધી ચાલુ જ રહી

આવા ઉગ્ર તપસ્વી શ્રી જયમલ્લજીની સામે તમારી જાતને મૂકી જુઓ તમારે તો 'લડ્ડૂ ભી ખાના હૈ ઔર મોક્ષમે ભી જાના હૈ,' તો એ કેમ કરીને બની શકશે ?

દ્રૌપદી રાજાની પુત્રી હતી, સુકોમળ પુષ્પલતાની જેમ લાડથી

જરૂરી હતી ત્યાં તેણે છ માસમાં આત્મસાધનાનું કામ કરી લેવાનો નિશ્ચય કર્યો, કારણ કે—

દુઃખમાં પ્રભુને સૌ ભજે સુખમાં ભજે ન કોય
જો સુખમાં પ્રભુને ભજે તો દુઃખ કાહેકો હોય.

દ્રૌપદીનો નિર્ધાર મક્કમ હતો. આવનારાં કષ્ટો ભોગવી લેવાની એની પૂર્ણ તૈયારી હતી. ખેતરના પાકને જેટલી વરસાદની જરૂર છે તેટલી જ તાપની પણ જરૂર હોય છે. દુઃખને કસોટી સમજીને તેણે તપની શરૂઆત કરી. હવે ત્યાં શું બનશે તે અવસરે

ૐ શાન્તિ.

*

વ્યાખ્યાન : ૧૦૨

(સોમવાર, તા. ૩૧-૮-[illegible])

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. ત્રણેય કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં દ્રૌપદીનો અધિકાર ચાલે છે. પદ્મનાભ રાજાએ આપેલી એકાન્તશાળામાં બેસીને દ્રૌપદી સતી છઠ્ઠ અને પારણે આયંબિલ કરીને તપ કરવા બેસી ગઈ. આપત્તિ એક નિશાની અગ્નિ પરીક્ષા છે. દુઃખ આવી પડે, તેને ભોગવ્યા વિના છૂટકો થતો નથી. કારણ કે કર્મના ફળરૂપ જ દુઃખ આવતું હોય છે. જ્ઞાનીઓ કહે છે કે બાંધે સમે જીવ ચેતીએ ઉદય સમે શો ઉચાટ! સુખ આવે ત્યારે છકી જવું ને દુઃખ વખતે દિલગીર થવું એ જ્ઞાની પુરુષો માટે ઉચિત નથી. લેણું [illegible] કરતી વખતે કરજદાર માણસ જેવા ઉપ[illegible] કે જેવું ભરપાઈ કરવાની તેની તાકાત નથી. આ તો [illegible] ની વાત થઈ. અહીં તો સિદ્ધાન્ત કે ત્યાંથી પણ લેવું [illegible] પરંતુ કર્મના ફળરૂપે આવેલાં દુઃખને તો ભોગવ્યા વિના છૂટકો થતો નથી. ભગવાન કહે છે કે—

न तस्स दुखं विभयंति नाइयो,
न मित्तवग्गा न सुया न बंधवा।
एक्को सयं पच्चणुहोइ दुक्खं,
कत्तारमेव अणुजाइ कम्मं ॥

—ઉત્તરાધ્યયનસૂત્ર, અ ૧૩, ગા ૨૩

કર્મના પરિપાકરૂપે આવેલા દુ ખોમા સ્ત્રીઓ ભાગ પડાવી શકતી નથી મિત્રવર્ગ, પુત્રો, બન્ધુઓ આદિ પણ એ દુ ખમા ભાગ લઈ શકતા નથી કર્મના કોયડા એકલાને જ ભોગવવા પડે છે જે કર્તા બન્યો તેને જ ભોક્તા બનવુ પડે છે ધણી કેન્સરના રોગમા પીડાતો હોય, તો તેની પીડા પત્ની ઓછુ કરી શકતી નથી બહુ પાપ કરીને ભેગી કરેલી દોલત છોડીને મરવા પડેલો બાપ કહે છે કે 'હુ તો જાઉ છુ, પણ તમારુ બધાનુ શુ થશે?' ત્યારે છોકરો કહે છે કે 'બાપા! અમે તો તમારા ભેગા કરેલા પૈસા ઉડાવશુ ને તાગડધિન્ના કરશુ, પણ તમારુ શુ થશે એનો વિચાર કરો'

તરવા બાધ્યુ એક તુબડુ રે, તરતા તોડી નાખ્યો તાર,
અ તે ઓરતો કરતા સુધરે ન કામ,
ચોરી ગયો એક ચોરટો રે, કરતા સુધરે ન કાઈ

તરતા શીખવનાર તુબડુ બાધીને શીખનારને નદીમા ફેકે છે તેમા તરવા જતા એ તુબડાની દોરીને તોડી નાખે છે પાછળથી ગમે તેટલો ઓરતો કરે તોપણ કામ આવતુ નથી જો સુગુરુ હોય તો તરતા શીખવાડે છે કુગુરુના શરણે જનાર પણ એવી જ રીતે ભવ-સાગરમા ડૂબી જાય છે જેને સાચી સાધુતા ગમતી હોય તે જ સાચા સાધુને સમજી શકે, બીજા નહી

સાચો સાધુ વહોરવા જાય ત્યારે તેની ઈર્યાસમિતિ અને ભાષા-સમિતિ એટલી બધી સરસ હોય કે લોકોને સાધુ ઉપર પ્રેમ ઉપજે એમા જ સાધુની કસોટી છે સાધુ પોતાના માટે કોઈપણ પ્રકારની

હિંસા કરતો—કરાવતો નથી. સાધુ વસ્તુ લેતાં અને દેતાં પણ જીવની
જયના કરે છે. સાધુના પરઠવવામાં પણ જતના દેખાય. આવા સાધુની
કોઈ શ્રાવક–શ્રાવિકા કે કોઈ સાત્વિક મુમુક્ષુ આત્મા સેવા કરે ભાવ
પૂર્વક ભક્તિ કરે, તો તેનું શું ફળ મળે ? તેના ઉત્તરમાં ભગવાન કહે
છે કે પ્રથમ સાધુ અને જ્ઞાન પ્રત્યે ભક્તિભાવ જાગે. ભક્તિભાવ
જાગ્યા પછી જ્ઞાન મળે, જ્ઞાન દ્વારા ભેદવિજ્ઞાન અને ભેદવિજ્ઞાનદ્વારા તેને
પચ્ચક્ખાણ મળે. માટે એકલો વેષ જોઈને ભિક્ષા ઉતારી જશો નહીં.
સર્વપ્રથમ તમારામાં પરીક્ષકદૃષ્ટિ આવવી જોઈએ. જ્યાં સંયમ,
તપ, ચારિત્ર અને આત્મજ્ઞાન હોય, ત્યાં જ મુનિપણું છે. સાચો શ્રાવક
ગુણનો પૂજારી છે, વ્યક્તિનો નહીં. **નમો લોએ સવ્વસાહૂણં**
બોલીને તમે વંદના કરો છો, તેમાં તમે કોઈ સંપ્રદાયના, કોઈ એક ગચ્છના
કે કોઈ એક પંથના સાધુને વંદના કરતા નથી. માટે સાચા સાધુને
ઓળખીને સુસંગતિ કરો. તમારી દૃષ્ટિ વિશાળ બનાવો. સત્સંગથી

હેય —છોડવા જેવું, **જ્ઞેય** —જાણવા જેવું અને **ઉપાદેય** —
આદરવા જેવું શું શું છે તેનું જ્ઞાન થાય છે. આ જ્ઞાનથી વિજ્ઞાન
મળે છે. પણ જીવને ચારિત્રમોહનીય કર્મ નડે છે તેથી નબળો આત્મા
સંસાર છોડી શકતો નથી. તેને શ્રદ્ધા નથી, તેની ભાષા પણ [illegible]
[illegible] હોય છે. [illegible] સમ્યગ્જ્ઞાન મળે છે તે સમકિતીનો પૂજારી બને
છે. વિજ્ઞાનમાંથી આ જીવ પચ્ચક્ખાણ કરે છે અને પચ્ચક્ખાણથી
પાપકર્મ ઓછું થાય છે. સમકિત થાય તો મિથ્યાત્વના આસ્રવ અટકી જાય
છે. [illegible] વધારે [illegible] રહે છે. જેણે [illegible]
પચ્ચક્ખાણ [illegible] મનને પણ બહાર ભટકવા જવા દેતા નથી.

[illegible] વાડી અને [illegible] બાંધીને સામાયિક કરે છે પણ
[illegible] સામાયિક [illegible] સૌભાગ્યવતી સ્ત્રીઓ
[illegible] પોષધ કરે એ
[illegible] ઈર્ષ્યા [illegible] કરે તો એ
[illegible] કોઈ કરો તે સમજીને કરો.

પૌષધમા બેઠા પહેલાં નક્કી કરી લેવુ કે હવે પછી જે કાંઈ દર્દ થાય તેને સહન કરવા તૈયાર છુ મનને આટલુ કેળવ્યા વિના પૌષધ થાય નહી. દર્દ થાય તો કોઈપણ જાતની દવા ચોળી શકાય નહી સાધુને પણ રાત્રે દવા રાખવી કલ્પે નહી રાત્રે સાધુની ઝોળીમાં દવાનો ભોટલો ન હોય શ્રાવકો સાધુઓના આવા શિથિલાચારને નભાવી લે છે, પણ એ ઠીક નથી

ભગવાન કહે છે કે જેટલી કોટીથી વ્રત થઈ શકે તેટલુ જ લેજે, પરન્તુ જે વ્રત લો તેને બરાબર પાળો ગોળના માટલા પર ' એક મણ ને પાચ શેર ' લખ્યુ હોય, પણ તેની અ દરનો ગોળ તો મ કોડા ખાઈ ગયા હોય, તેમ આજે શ્રાવકોના લેબલ રહી ગયા ને ચારિત્રરૂપી માલ ચાલ્યો ગયો, તો તેના વ્રતનુ માહાત્મ્ય શુ ? પચ્ચક્ખાણ લીધા પછી વ્રત ભગ કરનાર અયોગ્ય છે, માટે પચ્ચક્ખાણ લીધા પહેલાં તમારા આત્માને પૂછી જુઓ કે હુ એ ઘડીનુ પચ્ચક્ખાણ લઉ છુ, તેમા મારુ મન ચલિત તો નહી થઈ જાય ને ? આહારકથા, દેશકથા, સ્ત્રીકથા આદિ વિકથાઓનો ત્યાગ કરશો તો જ તમારુ ચિત્ત ચચળ નહી બને ધ્રુવનો કાટો ગમે તેટલો ફેરવ્યો હોય છતા તે ઉત્તર દિશામા જ જાય છે, કેમકે બરાબર ઉત્તર દિશામા એક ચુબકીય તત્ત્વ ચોટેલુ હોય છે તેવી જ રીતે તમારા ધ્રુવના કાટામા સસારનો મસાલો ભર્યો હશે, તો એ તમારા ધ્રુવના કાટાને—લક્ષ્યને સસાર તરફ ખેચ્યા વિના નહી રહે માટે એ લોહચુબકને ઉખેડ્યા વિના તમારા વ્રત–પચ્ચક્ખાણ ફલદાયી નહી નીવડે દ્રૌપદીએ આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી દીધો અને પોતાના ચિત્તને તમામ જગ્યાએ જતુ અટકાવીને એક જ દિશામા સ્થિર કર્યું છઠ છઠના ઉપવાસ ને પારણામા આયબિલ કરીને એ ધ્યાનમા બેસવા લાગી

પદ્મનાભ રાજા દ્રૌપદીને પ્રસન્ન કરવા માટે મેવા–મીઠાઈ અને વસ્ત્ર–આભૂષણો આદિ મોકલતો હતો, પરન્તુ દ્રૌપદી, એના એ થાળ

સહિત દાસીઓને પાછી મોકલતી. દ્રૌપદીને હવે કોઈના પ્રત્યે રાગ કે દ્વેષ થતો જ ન હતો. કારણ કે એણે માની લીધું હતું કે જે કંઈ થઈ રહ્યું છે એ મારા પોતાનાં જ કરેલાં કર્મોનો પરિપાક છે.

આજની સ્ત્રીઓ પતિના વિયોગમાં કેવી રીતે રહે છે? ગયે ગયા નાથ, ને છૂટા થયા હાથ. આવી સ્ત્રીઓ પતિનો પગ ઘર બહાર જાય કે તરત જ બહાર ચાલી નીકળે છે. આવી સ્ત્રીઓનાં તમામ વસ્ત્રો અને શરીરશોભા બીજાને જ બતાવવા માટે હોય છે. પતિને બતાવવા માટે નહીં.

હસ્તિનાપુરમાં અગાસીમાં સૂતેલા યુધિષ્ઠિર જાગ્યા. યુધિષ્ઠિરે જ્યાં અગાસીમાં જોયું ત્યાં દ્રૌપદીને જોઈ નહીં. તેમણે આજુબાજુના મહેલોમાં તપાસ કરી. બાગબગીચાઓ અને ઉપવનોમાં તપાસ કરાવી, પણ ક્યાંય દ્રૌપદીનો પત્તો લાગ્યો નહીં. પાંડવોના મહેલોમાં પણ દાસદાસીઓ ફરી વળી. પણ દ્રૌપદી ક્યાંય ન મળી. એટલે અંતે પાંડુરાજાને ખબર આપી કે અગાસીમાં સૂતેલાં દ્રૌપદીજી ક્યાંય દેખાતાં નથી. દ્રૌપદી એના પગે એકલી બહાર જાય તેવી સ્ત્રી નથી. કોઈ દેવ, દાનવ, ગંધર્વ કે વિદ્યાધર તેનું હરણ કરીને લઈ ગયો જણાય છે.

પાંડુરાજાએ આખા નગરમાં પોતાના અનુચરો દ્વારા પોલીસો દોડાવીને તપાસ કરાવી. ને આખા નગરમાં પડહ વગડાવીને ખબર આપી કે જે દ્રૌપદીના પત્તા લાવશે તેને જાગીરથી રાજ્યમાં ખબર આપશે. પરંતુ દ્રૌપદીજીના ક્યાંય પત્તા લાગ્યા નહીં.

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૧૦૩

(મંગળવાર, તા ૨૨-૧૦-૬૩)

અહીં નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે જ્યારે હસ્તિનાપુરની હદમા દ્રૌપદીનો પત્તો ન લાગ્યો, ત્યારે પાંડુરાજાએ કુંતાજીને કહ્યુ, 'તમે આજે ને આજે દ્વારિકા જવા રવાના થાવ અને આ વાતની કૃષ્ણને જાણ કરો એ સામર્થ્યવાન છે ગમે ત્યાથી દ્રૌપદીનો પત્તો લગાવી દેશે' કુંતાજીએ પોતાના પતિની આ વાતને બરાબર સાભળી અને સ્વીકારી સ્ત્રી, નોકર અને આપ્તજનોએ સ્વામીની વાતને બરાબર સાભળવી જોઈએ અને તેનો સ્વીકાર કરવો જોઈએ કુંતાજીએ તરત જ એક કૌટુ બિક પુરુષને સાથે લઈ ને હાથી પર બેસીને દ્વારિકા નગરી તરફ પ્રયાણ કર્યું અને ઝડપથી હાથીને ચલાવવાની આજ્ઞા કરી, કારણ કે તેને શ્રી કૃષ્ણમહારાજ પાસે પહોંચવાની તાલાવેલી હતી ત્યારે તમને શાની તાલાવેલી છે ? મોઘા માનવદેહ વડે ઝટ કરી લેવાની તમારા દિલમા તમન્ના છે ? તમારો મોઘો માનવભવ રોજ ને રોજ સૂર્યાસ્ત વખતે કપાતો જાય છે. એક એક દિવસ તમારો આતાનો ટુકડો લઈને વિદાય થાય છે માટે હવે તો ઉતાવળ કરો ધર્મ જ દુર્ગતિને આવવાના બારણા બંધ કરે છે ને સદ્‌ગતિના બારણા ખોલી નાખે છે, પરંતુ—

દિવસ ગુમાવ્યો ખાઈને રાત ગુમાવી સોઈ
હીરા જૈસો મનુષ્યભવ, કોડી બદલે ખોઈ

મંદિરમાં તમને તો રાત્રે સૂવા પણ દેતા નથી, કારણ કે તમને ખાવાની ને વેપારની ધૂન લાગી છે ખરી રીતે સમજ્યા હોવ તો ધર્મની ધૂન છે કેટલાનું ચિત્ત પરધન અને પરસ્ત્રીમાં અટક્યું રહે છે એ જ ચિત્તને જો પ્રભુમાં જોડી દો તો એ પ્રભુમાં પણ તન્મય બની શકે માટે—

શ્વાસે શ્વાસે એક પ્રભુને સંભારજો,
પ્રેમ ને નેમ નહીં ભુલાય,
અપનાવો અવસર આનંદનો.
સાફ સાફ દિલથી પ્રભુને સંભાળજો
લાખ લાખ વંદનાની સાથ અપનાવો
લૂંટો લૂંટાવો પ્યારા એ નામને
ગાવો ગવરાવો ને પવિત્ર ગાનને
[દુનીના સઘળા બેહાલ અપનાવો

તમારો એક એક શ્વાસ લાખોના મૂલ્યનો ગણાય જાય છે તમે ખાધું હોય એ પચશે કે કેમ તમે મીંચેલી આંખ પાછી ખુલશે કે કેમ એની પણ કોઈને ખબર પડી નથી. માટે શ્વાસનું મૂલ્ય સમજો. એક પણ શ્વાસ નકામો જવા દેશો નહીં જ્ઞાનીઓ કહે છે—

श्वास श्वासपे हरि भजो मिथ्या श्वास मत खोय।
क्या जाने यह श्वा [illegible] आवन होय न होय॥

દૃષ્ટાન્ત—એક કંજૂસકાકો એક રૂપિયો લઈને બજારમાં બાજરો લેવા નીકળ્યો ભાવ પૂછતા પૂછતા બપોરનો સમય થઈ ગયો એક વેપારીને ત્યાં હલકામાં હલકો અને સસ્તો બાજરો જોઈને તેણે તોલાવી લેવાનું નક્કી કર્યું હાથમાનો રૂપિયો જોયો તો તેને પરસેવો વળી ગયો હતો આથી તેણે રૂપિયાને ઉદ્દેશીને કહ્યું, 'રહીશ નહી તને મારા ખિસ્સામાં પડ્યા રહેવુ ગમે છે તેવી જ રીતે તને મેળવવામા મને પણ બહુ મહેનત પડી છે હું ભલે બાજરા વિના ભૂખ્યો રહીશ, પણ તને હું જવા નહી દઉં' આમ કહીને એ કંજૂસકાકાએ વેપારીએ તોળેલા બાજરાને પાછો નખાવી દીધો

આજે જ્ઞાનપંચમી છે તમે અહી માલ લેવા માટે આવ્યા છો, પણ કંજૂસકાકાની જેમ સંયમવ્રત અને પચ્ચક્ખાણ કરવામાં તમને પરસેવો છૂટી જાય છે માટે હવે તો વિચાર કરો

कौन मैं हूँ और कहांसे आया,
अपने संगमें क्या क्या लाया ?
ऐसा विचार जरा कर लो करनी कर लो।
मानव-तनको पाया है तो करनी कर लो॥

જરા સ્વસ્થ બનીને વિચાર કરો કે મન, બુદ્ધિ, ઇન્દ્રિય, સૂક્ષ્મ કે કાર્મણ શરીર એ હું છું? જ્યારે એમાથી કોઈ 'હું' નથી, તો પછી હું કોણ? '**के अहं आसी, के वा इओ चुओ इह पेच्चा भविस्सामि**'—હું કોણ છું, અહી કયાથી આવ્યો છું અને હવે ભવિષ્યમા અહીથી કયા જવાનો છું? તમે 'મારુ શરીર' એમ કહો છો, ત્યારે તો તમે શરીર નથી શરીરની ધારણા કરનાર કોઈ જુદો છે શરીર અપવિત્ર છે, આત્મા પવિત્ર છે આત્મા નિત્ય, ધ્રુવ અને શાશ્વત છે, ત્યારે શરીર નાશવંત, અનિત્ય અને અધ્રુવ છે આત્માના પ્રદેશની વધઘટ થતી નથી, પરંતુ તેનામા સંકોચ-વિસ્તારની શક્તિ છે **प्रदेशसंहारविसर्गाभ्यां प्रदीपवत्।**' એક નાના કોડિયાની નીચે ઢાંકેલા દીવાનો પ્રકાશ કોડિયા જેટલો જ હોય છે, ત્યારે મોટા ટોપલા-

દિવસ ગુમાવ્યો ખાઈને, રાત ગુમાવી સૂઈ
હીરા જેવો મનુષ્યભવ કોડી બદલે ખોઈ

બહિરાત્મા તમને તો રાત્રે સુવા પણ દેતો નથી કારણ કે તમને ધનની ને વેપારની ધૂન લાગી છે ખરી રીતે લગાડવા જેવી તો ધર્મની ધૂન છે કેટલાનું ચિત્ત પરધન અને પરસ્ત્રીમાં ભટક્યું રહે છે એ જ ચિત્તને જો પ્રભુમાં જોડી દો તો એ પ્રભુમાં પણ તન્મય બની શકે માટે—

શ્વાસે શ્વાસે એક પ્રભુને સંભારજો
પ્રેમ ને નેમ નહી ભુલાય
અપનાવો અવસર આનંદનો
ઘડી ઘડી દિલથી પ્રભુને સંભાળજો
લાખ લાખ વંદનાની સાથ અપનાવો
લૂટો લૂટાવો પ્યારા એ નામને
ગાવો ગવરાવને પવિત્ર ગાનને
[illegible]હ્મીના સવાયા લેવાય અપનાવો

તમારો એક એક શ્વાસ લાખોના મૂલનો ગણાયો છે તમે ખાધું હોય એ પચશે કે કેમ, તમે મીચેલી આંખ પાછી ખુલશે કે કેમ એની પણ કોઈને ખબર પડતી નથી. માટે શ્વાસનું મૂલ્ય સમજો. એક ક્ષણ પણ ભજન નકામા જવા દેશો નહી જ્ઞાનીઓ કહે છે—

श्वास श्वासपे हरि भजो मिथ्या श्वास मत खोय।
क्या जाने यह श्वासका आवन होय न होय॥

દૃષ્ટાન્ત—એક કજૂસકાકો એક રૂપિયો લઈને બજારમા બાજરો લેવા નીકળ્યો ભાવ પૂછતા પૂછતા બપોરનો સમય થઈ ગયો એક વેપારીને ત્યા હલકામા હલકો અને સસ્તો બાજરો જોઈને તેણે તોલાવી લેવાનુ નક્કી કર્યું હાથમાનો રૂપિયો જોયો તો તેને પરસેવો વળી ગયો હતો આથી તેણે રૂપિયાને ઉદ્દેશીને કહ્યુ, 'રહીશ નહી તને મારા ખિસ્સામા પડ્યા રહેવુ ગમે છે તેવી જ રીતે તને મેળવવામા મને પણ બહુ મહેનત પડી છે હુ ભલે બાજરા વિના ભૂખ્યો રહીશ, પણ તને હુ જવા નહી દઉ' આમ કહીને એ કજૂસકાકાએ વેપારીએ તોળેલા બાજરાને પાછો નખાવી દીધો

આજે જ્ઞાનપચમી છે તમે અહી માલ લેવા માટે આવ્યા છો, પણ કજૂસકાકાની જેમ સયમવ્રત અને પચ્ચક્ખાણ કરવામા તમને પરસેવો છૂટી જાય છે માટે હવે તો વિચાર કરો

कौन मैं हूँ और कहांसे आया,
अपने संगमें क्या क्या लाया ?
ऐसा विचार जरा कर लो करनी कर लो।
मानव-तनको पाया है तो करनी कर लो ॥

જરા સ્વસ્થ બનીને વિચાર કરો કે મન, બુદ્ધિ, ઇન્દ્રિય, સૂક્ષ્મ કે કાર્મણ શરીર એ હુ છુ ? જ્યારે એમાથી કોઈ 'હુ' નથી, તો પછી હુ કોણ ? '**के अहं आसी, के वा इओ चुओ इह पेच्चा भविस्सामि**'—હુ કોણ છુ, અહી ક્યાથી આવ્યો છુ અને હવે ભવિષ્યમા અહીથી ક્યા જવાનો છુ ? તમે 'મારુ શરીર' એમ કહો છો, ત્યારે તો તમે શરીર નથી શરીરની ધારણા કરનાર કોઈ જુદો છે શરીર અપવિત્ર છે, આત્મા પવિત્ર છે આત્મા નિત્ય, ધ્રુવ અને શાશ્વત છે, ત્યારે શરીર નાશવત, અનિત્ય અને અધ્રુવ છે આત્માના પ્રદેશની વધઘટ થતી નથી, પરતુ તેનામા સકોચ–વિસ્તારની શક્તિ છે '**प्रदेशसंहारविसर्गाभ्यां प्रदीपवत्**।' એક નાના કોડિયાની નીચે ઢાકેલા દીવાનો પ્રકાશ કોડિયા જેટલો જ હોય છે, ત્યારે મોટા ટોપલા-

ની નીચે ઢંકાયેલા એ જ દીવાનો પ્રકાશ વિસ્તાર પામે છે જેને સંકોચ અને વિસ્તાર નથી. બાકી શરીરમાંથી આત્મા ગયો એટલે શરીર અભડાઈ જાય છે. જ્ઞાનીઓ કહે છે કે—

આવો મા તમે અભડાવો એમ લોક કરે ચતુરાઈ
જીવને શ્વાસ તણી સગાઈ ઘરમાં ઘડી ન રાખશે ભાઈ

શરીરમાંથી એવું તે શું ચાલ્યું ગયું કે જેથી શરીર અભડાય છે! જેના વિના આભડછેટ આવી પડે છે એ આત્મા માટે તમે શું કર્યું? ધનપાલ રાજાએ પણ એવું જ કર્યું. તમે પણ શરીરની સંભાળ માટે શિવરસનાં ઇન્જેક્શનો લો છો. આ તમે કેટલા વસ્તુ સાચું કરો છો! તમને ઘડી ઘડીમાં એમ થયા કરે છે કે હાય હાય, હું મરી જાઉં તો કેરીનું શું થશે! પણ તમારા પરિચયમાં આવતી કેટલી વિધવાઓ આનંદથી ખાય-પીએ છે ને લહેર કરે છે! કોઈએ કૂટી-પીટીને જીવ આપી દીધો નથી. તો પછી તમારી પાછળ એનું શું થશે એની ચિન્તા શા કરતાં તમે તમારી ચિંતા કરો ને! છતાં પણ તમારી મમતા છૂટતી નથી.

આ મમતાના મંદિરમાં ખરી સમતાને તેં ખોઈ
તારો આતમ તો છે રોઈ રે જિંદગી તો ચાલી
હવે મૂકને મારું તારું રે જિંદગી તો ચાલી

તમે ભક્તિથી કે ધૂર્તતાથી ધન ભેગું કર્યું હોય તો તેમાં કંઈ નવું કર્યું નથી. દે તે દેવ છે અને રાખે તે રાક્ષસ છે. પૂર્ણ માણસ કહે છે મારું ધાર્યું કરે સહે —એ કોનું થઈ શકે! પરંતુ જો આવું સાહસ ધર્મને માટે કર્યું હોય, તો બેડો પાર થઈ જાય. તમે જ્યાં પચાસ રૂપિયા દાનમાં આપો છો ત્યાં તકતીમાં નામ મૂકવાની શરત કરો છો. આવું દાન કોને ખપે! દાન અને શીલ એ ઉત્તમ કોટીના જીવોને વરે છે. આજના ભીખારીઓ સિનેમાના પડદા પર નાચતી નટીને જોઈને ત્યાં પૈસા પૈસા નાખવા માટે છે આવા જીવો

ઘોળા વાળે પણ કાળા કામ કરતા શરમાતા નથી કેટલાકને ત્યા દીકરી, વહુ અને સાસુને એક સાથે સુવાવડ આવે છે આ કેવી ભયકર દશા છે? મૈથુનના પરિણામ એ પાપના પરિણામ છે પરસ્ત્રી હોય કે સ્વસ્ત્રી, પણ તેના તરફ મન ઢળ્યુ એ પાપ જ છે આજની સરકાર સતતિ-નિયમનના કેન્દ્રો ચલાવવાને નામે સયમનુ સત્યાનાશ વાળી રહી છે સાચુ સતતિનિયમન બ્રહ્મચર્ય છે બ્રહ્મચર્ય એ નીરોગ બનવાની ઔષધિ અને બ્રહ્મને જાણવાની જડીબૂટી છે.

હાથી પર બેસીને ત્વરાથી કુતાજી દ્વારિકાના બગીચામા આવી પહોચ્યા પછી તેમણે કૌટુબિક પુરુષને દ્વારિકામા શ્રીકૃષ્ણ વાસુદેવને ખબર આપવા મોકલ્યો તેણે શ્રીકૃષ્ણમહારાજને નમન કરીને કહ્યુ, 'આપના ફઈબા કુતાદેવી હસ્તિનાપુરથી અહી અગ નામના બગીચામા આવ્યા છે, અને તેઓ આપનુ દર્શન વાછે છે'

આ સમાચાર સાભળતા વાર જ શ્રીકૃષ્ણમહારાજે પોતાની મુખ્ય સ્ત્રીઓને સાથે લીધી અને તેઓ અગ ઉદ્યાનમા પધાર્યા તેમણે હાથી પરથી ઊતરીને કુતાજીને વદન કર્યા અને તેમને હાથી પર બેસાડીને રાજભવનમા લાવ્યા યથોચિત સ્વાગતસત્કાર અને ભોજનાદિ થયા પછી સુખાસન પર બેસાડીને શ્રીકૃષ્ણે કુતાદેવીને પૂછ્યુ, 'ફઈબા ! આપને અચાનક અહી સુધી પધારવાનો પરિશ્રમ કેમ લેવો પડ્યો ? આપના આગમનનુ પ્રયોજન બતાવો'

કુતાજી દ્રૌપદી ગૂમ થયાની વાત કરશે અને શ્રીકૃષ્ણ શો જવાબ આપશે તે અવસરે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન ૧૦૪

(બુધવાર તા. ૧૩–૧ –૧૩)

અહીં નાયે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. પ્રત્યેક કાળમાં સિદ્ધ બનેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં દ્રૌપદીનો અધિકાર ચાલે છે. શ્રીકૃષ્ણ વાસુદેવના પ્રશ્નનો જવાબ આપતાં કુંતાદેવી બોલ્યાં ભાઈ! દ્રૌપદીદેવી અગાસીમાં સૂતાં હતાં. ત્યાંથી કોઈ દેવ, મંત્રે અસુરે કે વિદ્યાધરે તેનું અપહરણ કર્યું છે અને તેની બહુ શોધ કરી પરન્તુ સફળતા મળી નથી. હવે હું તેની શોધ કરવાનું કાર્ય તમારા હાથમાં સોંપવા માટે આવી છું. આ સાંભળીને શ્રીકૃષ્ણે જવાબ આપ્યો, 'હવે આપ દ્રૌપદીની ચિન્તા કરશો નહીં. જેમ બને તેમ જલ્દીથી દ્રૌપદીદેવીની શોધ કરીને હું આપની સેવામાં ખબર મોકલીશ.

કુન્તાજીના વિદાય થયા બાદ શ્રીકૃષ્ણે પોતાના ગુપ્તચરોને મોકલીને સ્થળસ્થળમાં તપાસ કરાવી, પરન્તુ ગુપ્તચરો પાછા ફર્યા. શ્રીકૃષ્ણે દ્વારિકામાં પણ તત્કાલીન સમગ્ર પ્રજાજનોને દ્રૌપદીની શોધ કરવાની ભલામણ કરી. આમ છતાં તેનું કોઈ પરિણામ આવ્યું નહીં. બોલેલાં વચનનું પાલન ન થાય ત્યાંસુધી મહાપુરુષોને દુઃખ રહે છે. દ્રૌપદીના કોઈ ખબર નહીં મળવાથી શ્રીકૃષ્ણમહારાજ એકવાર ઉદાસ બનીને બેઠા હતા, ત્યાં અચાનક કચ્છુલ નારદ પધાર્યા. આસન આપીને સ્વાગત કરી પછી શ્રીકૃષ્ણમહારાજે કહ્યું હે દેવાનુપ્રિય! તમે દરેક સ્થાનમાં આવાગમન કરો છો તો તેમાં તમે ક્યાંય દ્રૌપદીદેવીને જોયાં છે?

નારદજીએ જવાબ આપ્યો, 'હું એકવાર ધાતકીખંડદ્વીપમાં આવેલા દક્ષિણાર્ધ ભરતક્ષેત્રની અમરકંકા નગરીમાં ગયો હતો ત્યાંના રાજા પદ્મનાભની એક એકાન્ત શાળામાં મે દ્રૌપદીના જેવી કોઈ નારીને જોઈ હતી એવુ મને યાદ આવે છે.' આ સાભળીને શ્રીકૃષ્ણદેવે કહ્યુ, 'તો નારદજી! આ બધુ તમારુ ગોઠવેલુ કારસ્થાન લાગે છે.' નારદજીએ શ્રીકૃષ્ણમહારાજની આ વાત સાભળી હવે વધારે સાભળવું પડશે એમ માનીને તેઓ ત્યાથી એકદમ વિદાય થઈ ગયા

શ્રીકૃષ્ણમહારાજે વિચાર કર્યો કે દ્રૌપદીદેવીનો પત્તો તો લાગી ગયો હવે તેને મેળવવા માટે પ્રયત્ન કરવો પડશે આથી તેમણે એક દૂતને હસ્તિનાપુર મોકલીને પાડવોને સમાચાર જણાવ્યા કે દ્રૌપદીના સમાચાર મળ્યા છે

દરેક વસ્તુમા ધ્યેય પ્રથમ નક્કી કરવુ જોઈએ ધ્યેય વિના દોટ મૂકનારને વ્યર્થ શ્રમમા મુકાવુ પડે છે તમે પણ આજ દિવસ સુધી ધ્યેયનો નિશ્ચય કર્યા વિના જ દોટ મૂકી છે પુણ્યના પ્રતાપથી વધારેમાં વધારે નવમી ગ્રૈવેયક સુધી જીવ પહોચી શકે, પણ પાછો મનુષ્યભવ પામીને સાતમા નરકે પણ ચાલ્યો જાય માટે તમે તમારુ ધ્યેય પ્રથમ નક્કી કરો તમે તો—

પૂર્વ દિશાએ જાવુ હતુ ને દોડયો પશ્ચિમ દ્વારે,
ઉત્તર દક્ષિણ અથડાયો ને આવ્યો નહી કિનારે
કાળી અમાસની રાતે રમતા, જાણી નહી અજવાળી પૂનમ,
જનમ જનમ ભટકુ છુ તોયે મુજને આવે નહી શરમ.

જરા વિચારો કે તમારા પગલા ઉદયાચળ તરફ છે કે અસ્તાચળ તરફ છે? ઉદયાચળ તરફ પગ મૂકનારની ઉત્તરોત્તર ઉન્નતિ થાય છે અને અસ્તાચળ તરફ જનાર એકલી વાતોના તડાકા મારવામા જ રહી જાય છે તમે દ્રવ્યને બદલે પર્યાયને મેળવવા દોડી રહ્યા છો, પણ પર્યાય

પર્યાય ખાતર છે ત્યારે દ્રવ્ય શાશ્વત છે જિનેશ્વરનો આ સ્યાદ્વાદ
સાપેક્ષવાદ છે દ્રવ્યની અપેક્ષાએ આત્મા નિત્ય, શાશ્વત અને ધ્રુવ છે
ત્યારે પર્યાયની અપેક્ષાએ એ જ આત્મા અનિત્ય, નાશવંત, અસ્થિર
અધ્રુવ છે એ બધાં આવરણો હટીને જો આત્માને મૂળ સ્વરૂપમાં લઈ
જવો હોય, તો હવે ધ્યેયની દિશામાં પગલાં માંડો. ક્રિયાઓ ઘણી
કરી પણ હવે એ ક્રિયાને આત્મલક્ષી કરવાની જરૂર છે માટે અંતરમાં
શોધ ચલાવો. બહારના કોઈ મંદિર, મસ્જિદ, દેવાલય કે ઉપાશ્રયમાં
મોક્ષ મળી શકશે નહીં. જ્ઞાનીઓ કહે છે કે—

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

જેમ આત્મામાં અનંત ગુણો છે તેમ આત્માને આવરણ
કરનારી કર્મોની વર્ગણા પણ અનંતી છે માટે એ આત્માને મુક્ત કરવા
માટે ભગીરથ પ્રયત્ન કરવા પડશે. તમે બહારના ભોગ અને તેની સામગ્રીની
પાછળ રાચી ને નાચી રહ્યા છો. પણ આટલું તો તમને મળ્યું પણ શું
છે? તમારા ઘરમાં ઊંચી કંચનના ભરેલા કરોડોના ખજાનાઓ પણ
દેવતાના વિમાનો આગળ તુચ્છ છે. જ્યાં એ મળ્યું તો મળી શકે
છે પુણ્યના બળથી એ દેવતાઓનાં વિમાનો પણ મેળવી શકશો પરન્તુ—

लब्भन्ति विमला भोए लब्भन्ति सुरसंपया ।
लब्भन्ति पुत्तमित्तं च एगो धम्मो न लब्भइ ॥

નિર્મળ ભોગો અને દેવોની સંપત્તિ મળી શકે છે પુત્રો અને
મિત્રો પણ મળી શકે [illegible] આ માનવભવ સિવાયના અન્ય ભવોમાં
ધર્મ મળી શકતો નથી. માટે ધર્મ એ અપ્રાપ્ય છે. ધર્મ ચિંતામણિ
સમાન [illegible] ધર્મ [illegible] તારી છે તેણે પોતે જ પોતાને ઉદ્ધાર
[illegible] ધર્મની આરાધના કરી નથી
[illegible] આ ત્યાંથી જ નિર્મોહી સચ્ચિદાનંદ,
અવધી [illegible] ભગવાનની સામે જ્યારે નમસ્કાર

એઠે છે, ત્યારે ખાડાટેકરા, કાટાકાકરા, પહાડ કે નદીની કોતરો જેવા વિષમ સ્થાનોની પરવા કર્યાં વિના બધુ જ સહન કરે છે તેવી જ રીતે આ આત્માને કર્મરાજાની સેના સામે બહારવટુ ખેડવાનુ છે માટે વર્તમાન વિષમતા સામે નહી જોતા આજે જ ઝપલાવો તમે તમારી જાતને 'જૈન' કહેવડાવો છો એ जिन શબ્દ 'जि' ધાતુ ઉપરથી બનેલો છે જે આત્માના શત્રુઓને જીતે તે જૈન છે તમે સાચા અર્થમા જૈન બનો, પરતુ એક ભક્ત કહે છે તેમ—

> જીતુ ના કદાપિ, સદા હાર પામુ,
> છતા જાતને હુ જૈન જ કહાવુ,
> મમતા ન મૂકુ જરીએ, સમતા ન સાધુ,
> છતા ગર્વથી હુ સાધક ગણાવુ,
> ભોગથી ભર્યો છે ભરપૂર ભાવ્યાં,
> કેમ કરી ગાઉં હુ તો પ્રભુ તારા ગાણા

તમારામા જૈનત્વ ઝળકે છે ? તમે રાગ, દ્વેષ, મોહ, કામ, ક્રોધ આદિ શત્રુઓને જીત્યા છે કે એ બધા દ્વારા તમે જાતે જ જિતાઈ ગયા છો ? બધુ મૂકીને મરી જવુ છે એટલુ તો તમે સમજો છો કે નહી ? તો પછી કેટલાક તૂટેલી સાવરણીને ગાય ચાવી જાય, ત્યારે ગાયને મારી મારીને લાકડીઓ કેમ તોડી નાખે છે ? આવુ થતુ હોય તો આમા તમારુ જૈનત્વ ક્યા રહ્યુ ? કે પછી લેબલ રહી ગયુ ને માલ ચવાઈ ગયો ? તમે લેબલને માનો છો કે માલને ?

દ્રૌપદીદેવી છઠને પારણે આબેલ કરે છે, બધા દુ ખોને સહન કરે છે, છતા તેને કોઈના ઉપર રાગદ્વેષ થતો નથી એ સમજે છે કે આ અદરના દુશ્મનોને મે જ આવકાર્યા છે એને હવે મારે જ ધક્કો મારવાનો છે પરિણામ વિના બધ પડતો નથી, બધ વિના સત્તા નથી, સત્તા વિના ઉદય નથી, ઉદય વિના વેદન નથી અને વેદન વિના નિર્જરા નથી

દ્વારિકામાંથી આવેલા દૂતે પાંચેય પાંડવોને ખબર આપ્યા કે ધાતકીખંડદ્વીપમાં આવેલી અમરકંકા નગરીમાં દ્રૌપદીદેવી છે તેને મેળવવા માટે તમે પાંચેય પાંડવો પોતપોતાના રથ લઈને લવણસમુદ્રના કિનારા પર આવીને શ્રીકૃષ્ણમહારાજની રાહ જુઓ. તેઓ પણ હવે વહેલાં દ્વારિકાથી લવણસમુદ્રના કિનારે આવી પહોંચશે. હવે ત્યાં શું બનશે તે અવસરે.

ॐ શાન્તિ

•

વ્યાખ્યાન : ૧૦૫

(શુક્રવાર તા. ૧૪-૨-૫૧)

અહીં નામે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. પ્રત્યેક પ્રમાણમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતસૂત્રના ૧૬મા અધ્યયનમાં દ્રૌપદીનો અધિકાર ચાલે છે. કોઈપણ વસ્તુ ખોવાઈ જાય તો તેનો પત્તો લાગ્યા પછી જ પ્રમાણ થઈ શકે. શ્રીકૃષ્ણમહારાજને દ્રૌપદીના સમાચાર મળ્યા એટલે તેમને માર્ગ સૂઝ્યો. તમને તમારા આત્માનો પત્તો લાગ્યો છે કે નહીં? અનંત શક્તિનો સ્વામી અનંતકાળથી સ્વભાવમાં પડી ગયો છે. હવે એ સમજીને પોતાની શક્તિનો ઉપયોગ કરે તો **સિદ્ધિગઈ સાસયમપેતપસ**—એમ રહિત થઈ જાય અને જેની આદિ છે પણ અંત નથી એવી સિદ્ધિગતિને પ્રાપ્ત કરે. અજ્ઞાની આત્માને ભૌતિક સુખની રુચિ છે પણ આધ્યાત્મિક સુખની રુચિ નથી. આ પુદ્ગલનો મોહ છે તેને છોડે તો અનંત આનંદને ભોગવવાના અધિકારી બને છે. જ્ઞાનીઓ કહે છે કે—

જ્ઞાન ધ્યાન આચાર ચેતનજી પુદ્ગલમોહ નિવાર,
પુદ્ગલ મોહ નિવાર ચેતનજી પુદ્ગલ મોહ નિવાર.

અમુક વસ્તુ મળે છે એવું જ્ઞાન થયે પછી તમે એ વસ્તુને

અડતા પણ નથી, કારણ કે એ વસ્તુ ખાવાથી તમને મોતનો ભય છે તો પછી અનંતા મોતનો તમને ડર છે કે નહી ? જો ડર હોય તો તમે વીતરાગની વાણી દ્વારા એ મિથ્યાત્વના ઝેરને શુ કામ ઉતારતા નથી ? કેવી છે એ પ્રભુની વાણી ! —

અહો વાણી તારી, પ્રશમરસ ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી, અમૃતરસ અંજલિ ભરી ભરી,
અનાદિની મૂર્છા, વિષતણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી, સ્વરૂપ ભણી દોડે પરિણતિ

શમ, સવેગ, નિર્વેદ આદિ ભાવથી નીતરતી પ્રભુની વાણી છે એ વાણીના અમૃતરસની લહાણી જ્ઞાનીઓ અંજલિ ભરીભરીને કરે છે, તેનાથી અનાદિમિથ્યાત્વની મૂર્છા ઊતરી જાય છે અને જીવને સ્વ-રૂપનુ ભાન કરાવે છે જીવનો શત્રુ કર્મ નથી, પરંતુ વિભાવભાવ શત્રુ છે. તમને પેટમા દુખાવો ઊપડે અને આજકાલ કરતા ડૉક્ટર પાસે જાવ ડૉક્ટર તમને કહી દે કે તમારા પેટમા મોટી ગાઠ થઈ છે મારી પાસે આવવામા તમે મોડા પડ્યા છો હવે તો આ ગાઠને ઑપરેશન કરીને બહાર કાઢવી પડશે ! તેવી જ રીતે મિથ્યાત્વની ગાઠ માટે તમે મોડા પડ્યા છો, એમ તમને લાગે છે ખરુ ? હજી પણ તમને એ ગાઠ નડતરરૂપ નથી લાગતી ? હુ દર્દી છુ એમ દર્દી ન માને તો તેની દવા ડૉક્ટર કરી શકતો નથી જીવને પણ તેવો જ રોગ અનાદિકાળથી લાગુ પડ્યો છે

अष्ट कर्मका रोग जीवको, शुभाशुभ कर छाया।
अंग-उपांग लगा नस्तरको अंग साफ कर डालो।
दवैया ले लो डाक्टर आया रे बड़ी दूरसे ॥

આ જીવને આઠ કર્મનો રોગ લાગુ પડ્યો છે શુભના ઉદયવાળા એમ માને છે કે આ સુખને હુ કાયમને માટે ભોગવતો રહીશ નીરોગી માણસ એમ માને કે હુ કાયમને માટે આવો ને આવો રહેવાનો છુ

તો એમ માનનારા બધું ખાય છે એક રાત્રે ફાંસીમાં રહેનારા પણ એમ જ માનતા હતા કે આ અમારા બંગલા બાગબગીચા ધન અને સમૃદ્ધિ કાયમનાં છે અને એને અમે એકલા જ ભોગવવાના છીએ. પણ એમને ક્યાં ખબર હતી કે દિવસ ઊગ્યા પહેલાં તો ખાલી હાથે— હાથ ઘસતાં ઘસતાં ભાગવું પડશે. તમે બધા જાણો છો કે ત્યાર પછી શું શું બની ગયું. અશુભનાં મંડાણ આવે છે ત્યારે ઢોલ પીટીને આવતાં નથી પણ આવ્યા વિના રહેતાં નથી. એ મંડાણ ક્યારે મંડાશે એની કોઈને ખબર પડતી નથી.

દ્રોપદીદેવી મોડી રાતે પોતાના મહેલની અગાસીમાં સૂતી હતી. એને સ્વપ્નમાં પણ ખ્યાલ ન હતો કે દિવસ ઊગ્યા પહેલાં મારે લવણ-સમુદ્રને પેલે પાર ધાતકીખંડદ્વીપની અમરકંકાનગરીમાં પહોંચી જવું પડશે. તમે માનવ થવાનાં કારણો આપ્યાં ત્યારે જ તમે માનવ થયા છો. પણ હવે અહીંથી ક્યાં જવાના છો? તમે શાની તૈયારી કરી છે એ તમારા આત્માને પૂછો.

તમે કદાચ મહા આરંભ-સમારંભ કરતા હશો. કોઈ મચ્છીમારની મિલોના કે કારખાનાઓના ઉદ્ઘાટનોમાં અભિનંદનો આપવા જતા હશો તો તમારી એ બધી તૈયારીઓ પાપને અનુમોદન આપનારી છે એથી તો દુર્ગતિ મળે છે તો જરા સ્વસ્થ બનીને વિચાર કરો કે નરક-તિર્યંચના મહાદુઃખ તમે કેવી રીતે ભોગવી શકશો! અહીં માથું દુખે છે એ પણ સહન થતું નથી ત્યારે નરકનાં દુઃખો જેનાથી અનંતાં છે અનંતગણી એની વેદનાઓ ન જોઈતી હોય, તો તે ગતિમાં જવાનાં કારણોને જેમ બને તેમ સત્વરે નાબૂદ કરી નાખો બધાંને છેદી નાખો.

જે જે કારણ બંધનાં તેહ બંધનો પંથ,
તે કારણ છેદક દશા મોક્ષપંથ ભવ અંત.

માટે આજથી જ મહેનત કરો. તમે મહેનત કરો ને બીજા મહેનત કરે તેવું કર્મના રાજ્યમાં શક્ય નથી. અહીં તો તમારા નોકરો તમને

મહેનત કરીને કમાઈ આપે છે અને તમે મજા લૂટો છો, પણ મોક્ષના માર્ગમાં તો જે ખાય તે ધરાય હજારો જમતા હોય તેમા જે ન જમે તેનુ પેટ ખાલી રહે, એવો ન્યાય છે માટે આત્માના અનત ગુણો પ્રગટ કરવા માટે જબ્બર પુરુષાર્થ આદરો આત્મામા પ્રદેશભેદે ભેદ છે, પણ લક્ષણભેદે ભેદ નથી શ્રીકૃષ્ણમહારાજને દ્રૌપદીને લેવા માટે જવુ છે, પરતુ એકલી માળા જપવાથી એ મળી જવાની નથી તેવી જ રીતે આત્માને પ્રાપ્ત કરવા માટે સતેજ અને જબ્બર કાર્ય કરવુ પડશે પ્રદેશીરાજાને કેશીસ્વામીનો ભેટો થઈ ગયો ને તેને એક જ વારમા એવુ ઇન્જેક્શન લાગી ગયુ કે તેનો બેડો પાર થઈ ગયો કેટલીક વાર વિદ્યાર્થી માસ્તર કરતા પણ આગળ વધી જાય છે અમે પણ એવુ ઇચ્છીએ કે તમે એવા બની જાવ કે અમારે પણ તમને વદન કરવા પડે એ તમારા જ હાથની બાજી છે

આ મિથ્યાત્વની મૂર્છા અનાદિની છે તમે બોલો છો કે '**साहु मंगलम्** ।' એ સાધુઓ તમારી મૂર્છા ઉડાડવા માટે વીતરાગની વાણીરૂપી અમૃતની અજલિઓ છાટીને તમને જગાડી રહ્યા છે સત્પુરુષો તમને વિભાવમાથી સ્વભાવમા લાવે છે, પણ તમને મોક્ષ લેવાનો 'ભોખ' છે ખરો ?

હસ્તિનાપુરમા આવીને દૂતે સમાચાર આપ્યા અને પાચેય પાડવો સૈન્ય સાથે પોતપોતાના રથમા બેસીને લવણસમુદ્રના કિનારા તરફ રવાના થયા જેની પ્રિય વસ્તુ ખોવાઈ ગઈ હોય તેની શોધ કરવામા કેવી ચીવટ આવે છે તમારો આત્મા અનાદિકાળથી ખોવાઈ ગયો છે. તમે એને કેવા ભાવથી સભારો છો ? કેવા ભાવથી શોધ ચલાવો છો ? જે છીપ સમુદ્રમા પડ્યા પડ્યા સ્વાતિનુ બિદુ ઝીલે છે તેના મોતી એક રૂપિયાના પાચ મળે તેવી કિમતના પાકે છે, ને જે છીપ ઉછળીને બિદુને ગ્રહણ કરે છે તેનુ એક મોતી સવા લાખનુ પાકે છે તમે ઉછાળાથી સાભળો છો કે પડ્યા પડ્યા સાભળો છો ?

શ્રીકૃષ્ણે ભેરી વગાડીને તમામ યોદ્ધાઓ, સુભટો અને મહારથી-

ઓને એવા મોટા મહાપુરુષના બોધ ઝીલવામાં વાંધો માણસો આજ માને છે એ એમનાં પુણ્યનો ઉદય સૂચવે છે ત્યારે તમારો બોધ સાંભળવામાં તમારો પુત્ર કે તમારો નોકર પણ આંખ આડા કાન કરે છે તો એમાં તમને તમારા પાપનો ઉદય દેખાય છે ખરો?

બધા યોદ્ધાઓને આજ્ઞા આપીને પોતપોતાના વાહનો પર બેસીને શ્રીકૃષ્ણમહારાજ લવણસમુદ્રને કિનારે આવી પહોંચ્યા. પાંડવો ત્યાં આગાઉથી જ હાજર હતા. હવે બે લાખ યોજનનો આ લવણસમુદ્ર અને સોળ હજાર યોજનનો અગાધ પાર કેવી રીતે કરવો? તેના માટે નિશ્ચય કરીને શ્રીકૃષ્ણે તત્કાલ એક પૌષધશાળાની રચના કરાવી. દર્ભનો સંથારો કરી તેઓ અઠ્ઠમ તપ કરવા બેસી ગયા. ત્રણ દિવસ અને ત્રણ રાત્રિના ઉપવાસથી લવણસુસ્થિતદેવનું આસન ડોલવા લાગ્યું દેવે અવધિજ્ઞાનના ઉપયોગથી જાણી લીધું કે પોતાને શ્રીકૃષ્ણ વાસુદેવ યાદ [illegible] છે આથી એ પોતે જ પૌષધશાળામાં હાજર થયો. આ છે અઠ[illegible]ભાવ! તમારા અઠ્ઠમમાં કેવો પ્રભાવ પડે છે. તમે જેનું ધ્યાન [illegible]કો તેનો [illegible] પ્રભાવ પડે ને?

લવણસુસ્થિતદેવે આવીને શ્રીકૃષ્ણમહારાજને પૂછ્યુ, 'મને કેમ યાદ કર્યો?' શ્રીકૃષ્ણે તેને કહ્યું, 'દેવાનુપ્રિય! મારે અને પાચ પાડવોને લવણસમુદ્રને પેલે પાર અમરકકા નગરીમા જવુ છે ત્યાંના રાજા પદ્મનાભે પૂર્વસંગતિમિત્રદેવની સહાયતાથી દ્રૌપદીદેવીનુ અપહરણુ કર્યું છે અમારે તેને લેવા માટે જવુ છે માટે અમારા રથો સમુદ્રમા માર્ગ કરી શકે તેવુ કરો' લવણસુસ્થિતદેવે શ્રીકૃષ્ણને વદન કરીને કહ્યું, 'તો એમા આપને પરિશ્રમ લેવાની શી જરૂર છે? આપ કહો તો હું એક ક્ષણવારમા દેવી દ્રૌપદીને અમરકકા નગરીમાથી હસ્તિનાપુરમાં હાજર કરી શકુ છુ, અને આપ આજ્ઞા આપો તો આખી અમરકંકા નગરીને અને પદ્મનાભ રાજાને લવણસમુદ્રમા ડુબાડી દઉં'

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૧૦૬

(શુક્રવાર, તા ૨૫-૧૦-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા, ત્રણેય કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે. લવણસુસ્થિતદેવે દ્રૌપદીદેવીને લાવી આપવાની આજ્ઞા માગ્યા છતાં શ્રીકૃષ્ણમહારાજે તેમ કરવાની ના પાડી કારણ કે તેમને પોતાના પ્રયત્નથી દ્રૌપદીને લાવવામા વિશ્વાસ હતો આત્માની શક્તિ સવળી ઊતરે તો અનન્ત કર્મને છિન્નભિન્ન કરી નાખે, અને જો અવળી ઊતરે તો પોતાનુ પણ અકલ્યાણ કરી નાખે એક જ નિશાળ, એક જ શિક્ષક અને એક જ ક્લાસમા ભણતા પચાસ વિદ્યાર્થીઓમા પણ બધા એક-સરખા હોતા નથી જે આત્માના ઉઘાડને સ્વપુરુષાર્થમા ફેરવે તે

ઓને બેગા કરી મહાપુરૂષના બોધ ઝીલવામાં લાખો માણસો લાભ માને છે એ એમનાં પુણ્યનો ઉદય સૂચવે છે ત્યારે તમારો બોધ સાંભળવામાં તમારો પુત્ર કે તમારો નોકર પણ આંખ આડા કાન કરે છે તો એમાં તમને તમારા પાપનો ઉદય દેખાય છે ખરો!

બધા યોદ્ધાઓને આજ્ઞા આપીને પોતપોતાના વાહનો પર બેસીને શ્રીકૃષ્ણમહારાજ લવણસમુદ્રને કિનારે આવી પહોંચ્યા. પાંડવો ત્યાં અગાઉથી જ હાજર હતા હવે બે લાખ યોજનનો આ લવણસમુદ્ર અને સોળ હજાર યોજનનો જમાવો પાર કેવી રીતે કરવો! તેના માટે નિશ્ચય કરીને શ્રીકૃષ્ણે તનૂતી એક પૌષધશાળાની રચના કરાવી. જેનો સંથારો કરી તેઓ અઠ્ઠમ તપ કરવા બેસી ગયા. ત્રણ દિવસ અને ત્રણ રાત્રિના ઉપવાસથી લવણસુસ્થિતદેવનું આસન ડોલવા લાગ્યું દેવે અવધિજ્ઞાનના ઉપયોગથી જાણી લીધું કે પોતાને શ્રીકૃષ્ણ વાસુદેવ યાદ કરે છે આથી એ પોતે જ પૌષધશાળામાં હાજર થયો આ છે અઠ્ઠમના પ્રભાવ! તમારા અઠ્ઠમમાં કેવો પ્રભાવ પડે છે તમે જેનું ધ્યાન ધરતા હો તેનો જ પ્રભાવ પડે ને!

દૃષ્ટાન્ત—વિષ્ટાના કીડાને એક વાર બગીચાના ભમરાનો સંગ થઈ ગયો. ભમરાએ તેને પોતાના બગીચામાં આવવાનું આમંત્રણ આપ્યું બગીચામાં માલતી મલ્લિકા અને મોગરાનાં ફૂલોની સુગંધમાં ભમરાએ કીડાને બેસાડ્યો અને પૂછ્યું કેમ ભાઈ! બગીચાની સુગંધ કેવી લાગી! કીડાએ જવાબ આપ્યો મને તો વિષ્ટાની અને બગીચાની સુગંધ સરખી લાગે છે આથી ભમરાએ એ કીડાના શરીરમાં તપાસ કરી તો એ કીડાના નાકમાં વિષ્ટાના કણ પણ સાથે જ હતા. પાસેના સરોવરમાં લઈ જઈને ભમરાએ કીડાને બરાબર સાફ કરી નાખ્યો ત્યાર પછી જ કીડાને પુષ્પોની સુમધુર સુવાસનો સ્વાદ લાગ્યો.

તમે વ્યાખ્યાનમાં આવો છો ત્યારે સંસારરૂપી વિષ્ટાના કણો સાથે લઈને આવો છો એથી તમને તેનો સાચો સ્વાદ આવતો નથી. માટે સંગ ની દુર્ગંધ ખંખેરી નાખો.

લવણસુસ્થિતદેવે આવીને શ્રીકૃષ્ણમહારાજને પૂછ્યુ, 'મને કેમ યાદ કર્યો?' શ્રીકૃષ્ણે તેને કહ્યુ, 'દેવાનુપ્રિય! મારે અને પાચ પાડવોને લવણસમુદ્રને પેલે પાર અમરકકા નગરીમા જવુ છે ત્યાના રાજા પદ્મનાભે પૂર્વસગતિમિત્રદેવની સહાયતાથી દ્રૌપદીદેવીનુ અપહરણ કર્યું છે અમારે તેને લેવા માટે જવુ છે માટે અમારા રથો સમુદ્રમા માર્ગ કરી શકે તેવુ કરો' લવણસુસ્થિતદેવે શ્રીકૃષ્ણને વદન કરીને કહ્યુ, 'તો એમા આપને પરિશ્રમ લેવાની શી જરૂર છે? આપ કહો તો હુ એક ક્ષણવારમા દેવી દ્રૌપદીને અમરકકા નગરીમાથી હસ્તિનાપુરમાં હાજર કરી શકુ છુ, અને આપ આજ્ઞા આપો તો આખી અમરકકા નગરીને અને પદ્મનાભ રાજાને લવણસમુદ્રમા ડુબાડી દઉ'

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૧૦૬

(શુક્રવાર, તા ૨૫-૧૦-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા, ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સૈદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં દ્રૌપદીનો અધિકાર ચાલે છે. લવણસુસ્થિતદેવે દ્રૌપદીદેવીને લાવી આપવાની આજ્ઞા માગ્યા છતાં શ્રીકૃષ્ણમહારાજે તેમ કરવાની ના પાડી કારણ કે તેમને પોતાના પ્રયત્નથી દ્રૌપદીને લાવવામા વિશ્વાસ હતો આત્માની શક્તિ સવળી ઊતરે તો અનન્ત કર્મને છિન્નભિન્ન કરી નાખે, અને જો અવળી ઊતરે તો પોતાનુ પણ અકલ્યાણ કરી નાખે એક જ નિશાળ, એક જ શિક્ષક અને એક જ ક્લાસમા ભણતા પચાસ વિદ્યાર્થીઓમા પણ બધા એક-સરખા હોતા નથી જે આત્માના ઉધાડને સ્વપુરુષાર્થમાં ફેરવે તે

અનંત કર્મોની નિર્જરા કરી નાખે, અને જો એ શક્તિને પરમાં ફેરવે તો એનાં બંધન મજબૂત બને. એટલે મોક્ષ અપાવનારી એ આત્મ-શક્તિને પરમાં ફેરવી છે. જો એ જ શક્તિનો આત્મામાં સદુપયોગ કર્યો હોત તો ઘાતીકર્મનો ક્ષય થઈ ગયો હોત. લબ્ધિસંપન્નોની શક્તિ અદ્ભુત છે. એક ચપટી વગાડે, તેટલા સમયમાં આખીય એક લાખના જંબૂદ્વીપને સાત પરિક્રમા કરે. માનવમાં પણ એવી શક્તિ પ્રગટી શકે છે. ભગવાન કહે છે કે હે ગૌતમ! જંઘાચારી અને વિદ્યાચારી નામના બે પ્રકારના ચારણમુનિઓમાં વિદ્યાચારી મુનિ છઠ છઠનાં પારણાં કરીને લબ્ધિ મેળવી શકે. એ એક ચપટી વગાડે ત્યાં જંબૂ-દ્વીપને એક આંટો મારી શકે. એ જે સ્થાનમાં ઊભો હોય, ત્યાંથી પગ ઉપાડી તે સીધો માનુષોત્તર પર્વત પર પહોંચે. ત્યાંથી પગ ઉપાડીને સીધો આઠમા નંદીશ્વરદ્વીપમાં પહોંચે. ત્યાંની બધી રચના જોઈને એ ભગવાનના અનંત જ્ઞાનનાં ગુણગાન કરે છે. ભગવાનનું જ્ઞાન ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત છે. તે અનંત ભૂતકાળ, એક સમયનો વર્તમાન અને અનંત ભવિષ્યકાળ જુએ છે. એવા ભગવાનના ગુણોના વિદ્યાચારી મુનિ ઉપાસક બને છે. ત્યારે જંઘાચારી મુનિ આઠમને પારણે આઠમ કરે છે. તે મુનિ નિરભિમાની હોય. જેના કષાય પાતળા પડ્યા હોય તેને વિદ્યા મળે. એ આંખીથી એક પગ ઉપાડીને સીધા પંદરમા રુચક દ્વીપમાં પહોંચે. ત્યાંની રચના જોઈને ભગવાનના ગુણાનુરાગી બને છે. ત્યાંથી વળતાં નંદન દ્વીપમાં આવે ને ત્યાંથી સ્વસ્થાને આવે. ઉપરના ભાગમાં વિદ્યાચારીને જવું હોય, તો ઉપર જતાં મેરુ પર્વતના નંદન વનમાં વિસામો લે ત્યાંથી મેરુ પર્વતની ટોચે આવેલા પંડગ વનમાં જાય અને પછી ત્યાંથી પાછો વળે. ત્યારે જંઘાચારી મુનિ સીધા પંડગવનમાં પહોંચી ત્યાંથી રસ્તામાં નંદનવનમાં આવે અને પછી સ્વસ્થાને પહોંચે. ભગવાનના જ્ઞાનનો મહિમા તો જુઓ! જ્ઞાન એ ચક્ષુ છે. આખા ત્રિભુવનના ભાવોને કેટલાં સૂક્ષ્મ રૂપે? આવું એ જ્ઞાનચક્ષુ ક્યાં અને કેવી રીતે મળે?

નહી ગ્રન્થમાહે જ્ઞાન ભાખ્યુ, જ્ઞાન નહી કવિચાતુરી,
નહી મત્રતત્રો જ્ઞાન ભાખ્યા, જ્ઞાન નહી ભાષા ઠરી.
નહી અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યુ, જ્ઞાન જ્ઞાનીમા કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાભળો

ગ્રન્થમા અક્ષરો છે, પણ તેનો જાણકાર તમારી અંદર બેઠો છે એકના એક ગ્રન્થને વાચનાર જુદા જુદા હોય, તો સૌ સૌના ક્ષયોપશમ પ્રમાણે સમજવામા ફેર પડે છે પુસ્તક જો બધાને જ્ઞાન આપી શકતુ હોત તો તો બધાને સરખુ જ જ્ઞાન થાત, મત્રતત્રથી પણ જ્ઞાન થતુ નથી કોઈ સ્થાનમા કે માગધ, વરદામ, પ્રભાસાદિ તીર્થસ્થાનમા પણ જ્ઞાન ટાક્યા નથી જ્ઞાન એ આત્માનો વિષય છે જ્યા આત્મા છે ત્યા જ્ઞાન છે **'जे आया से विन्नाया जे विन्नाया से आया'**— આત્મા એ જ જ્ઞાન છે અને જ્ઞાન એ જ આત્મા છે આત્મામા જ અનત જ્ઞાન ભર્યું છે જ્ઞાન એ બીજે ક્યાયથી મળે તેવી વસ્તુ નથી ધર્માસ્તિકાય આદિ પાચેય જડ છે અજીવ વસ્તુ સ્વપરપ્રકાશક નથી એ બધાને જીવ જણાવે છે સ્વપરપ્રકાશક પણ જીવ છે 'તમે મને ઓળખો છો?' એમ તો તમે ઘણાને પૂછતા હશો પરની ઓળખાણ તો જીવે અનત વાર કરી છે, પરન્તુ સ્વને ઓળખવામા તેની કચાશ રહી ગઈ છે માટે '*Know thyself*'—તુ તારી જાતને ઓળખ. એક ભક્ત પ્રભુની પ્રાર્થના કરતા કહે છે—

મે ને તમે આ સસારસાગરમા, કર્યા સગપણ અપારો રે,
તમે તો થયા પ્રભુ સિદ્ધ નિરજન, મારો ના'વ્યો આરો રે
પ્રભુ! મને એક આધાર તમારો રે
એક ઘડી પળ કેમ ભુલાશે? સાભરશે આખો જન્મારો રે
પ્રભુ! મને એક આધાર તમારો રે

હે પ્રભુ! હુ સસારમા રઝળુ છુ આપ પણ તેવી જ રીતે રઝળતા હતા મે આપની સાથે પુત્રપણે, સ્ત્રીપણે, ભાઈપણે, માતાપિતાપણે,

મિત્રપણે અને શત્રુપણે અનેક સંબંધો બાંધ્યા છે કર્મની પાછળ પડવાથી આપનાં તમામ કર્મો ખેદાઈ ભેદાઈ ગયાં! આપે વીર્ય ફોરવ્યું, કર્મને વીણીવીણીને ચૂરીચૂરીને બાળી નાખ્યા, ને મારા રઝળપાટનો આરો ન આવ્યો.

આપશ્રી પણ એ જ વાત છે એવું શું કરણ આડે આવ્યું કે આપણે એવા ને એવા રહી ગયા એનો કોઈવાર વિચાર કર્યો છે? પ્રભુનો આત્મા એકવાર નિગોદમાં પણ હતો છતાં તેઓ સિદ્ધ બની ગયા અને આપણે એવા કેમ ન બન્યા? ઉદરપૂર્તિ માટે ને પૈસા ભેગા કરવા માટે તમે રાતદિવસ બજારમાં રખડો છો, કર્મને જરાય જોતા નથી, પણ એનાથી તમારે મોક્ષ મેળવવો હશે તો નહીં બની શકે. તમે બધામાં પ્રવીણ બન્યા છો. માત્ર આત્માની બાબતમાં જ ઉદાસીન છો. જરા વિચારી જુઓ કે તમારી પ્રવૃત્તિ શાની છે? તેનાથી ભવભ્રમણ ઘટે છે કે વધે છે? હવે જરા સ્વસ્થ બનીને વિચારો કે ઉદાસીનતા શેમાં જોઈએ—જડમાં કે ચેતનમાં?

દૃષ્ટાન્ત—એક રોગી ડૉક્ટર પાસે જઈને કહેવા લાગ્યો કે મને ખોરાક પચતો નથી, ભૂખ લાગતી નથી, આખો દિવસ સુસ્તી જેવું લાગ્યા કરે છે, આ શરીરના સાંધા પકડાઈ ગયા છે. આ બન્ને રોગને નરમ [illegible] ન [illegible] ડૉક્ટરે તપાસીને દવા લખી દીધી.

આ અણઘડ રોગીની મૂર્ખતા પર તમને હસવુ આવતું હશે, પરન્તુ તમારુ અણઘડપણુ એનાથી પણ આગળ વધી જાય તેવુ છે ભગવાને ભવ્ય જીવોને ભવમુક્ત થવામા સહાયક બને, ભવરોગ ઓછો થાય, આત્મભાવ પ્રગટે, કર્મના બંધનો તૂટી જાય, સ્વરૂપની ઝાખી થાય, આત્મરમણુતા પ્રગટી જાય, તે માટે ધર્મ બતાવ્યો તે ધર્મ એ પીવાની દવા અને ધન એ માલિશ કરવા માટેની દવા હતી, પરન્તુ તમે એ માલિશ પૂરતી દવાને—વ્યવહાર ચલાવવા પૂરતી ધનરૂપી દવાને પી ગયા જે દવા ઝેરી હતી, માત્ર ઉપયોગ પૂરતી જ કામની હતી, તેને તો પેટમા ઉતારી દીધી અને જે દવા પીવાની હતી એ ધર્મરૂપી દવાને તમે ચોળવાના કામમા—બતાવવા પૂરતી જ ઉપયોગમાં લેવા માડી તમે પૌષધ, આયબિલ આદિમા પણ આડબર કરવામા પડી ગયા તમે જો એક સામાયિક યથાર્થ રીતે કરો તો ૯૨,૫૯,૨૫,૯૨૫ પલ્યોપમ ઝાઝેરા નરકના દુ ખો નાશ પામે, પણ આવી ઉત્તમ ધાર્મિક ક્રિયાને તમે કેવી રઝળાવી મૂકી છે ? તમે ધર્મને ટૂકી નજરે જુઓ છો અને ધનને લાબી નજરે જેવા લાગ્યા છો ધર્મ કરતા જે ધ્યેય બાધવાનુ હતુ કે **नन्नहूनिर्जरट्ठयाए**—ધર્મ એ કર્મની નિર્જરા માટે છે, તે ધ્યેય ન સધાયુ તમે ખેતરમા તો વાવો છો, પણ અનાજ માટે નહી, માત્ર ઢોરને ચરવાના ચારા માટે ! જો તમે ધારો તો એ જ ખેતરમાથી અમૂલ્ય પાક પણ ઉપજાવી શકો ધર્મમા કોઈ પણ પ્રકારના ભૌતિક ભડાકા ન જોઈએ તમારા ભવરોગ માટે તમને દવા તો મળી છે, પણ એ દવાને વાપરવાની રીત ઊધી છે તમે ધર્મને ચોપડવા પૂરતો જ રાખ્યો છે દિવસના ચોવીસ કલાકમા જ્યાસુધી તમે બાર કલાક ધર્મધ્યાનમા ગાળો, ત્યાસુધી સસાર અને ધર્મના પલ્લા સરખા ગણાય એથી વધારે કરવાની તમે કોઈ દિવસ વૃત્તિ સેવી છે ? હવે બતાવો કે તમે શામા આગળ વધ્યા છો ?

જઘાચારી અને વિદ્યાચારી મુનિ પાછા આવીને જો તેની આલોચના ન કરે, તો ભગવાન તેને વિરાધક માને છે વિદ્યાની શક્તિ દેશવિદેશમા

કરવા અને જોવા માટે નથી, પરન્તુ આત્મામાં સમાઈ જવા માટે છે આજના સાધુઓ કેટલીક વાર ભરતનાં કારખાનાં, વીજળીઘર કે મશીનરી જોવા માટે જાય છે કોઈ વળી માઉન્ટ આબુ જોવા જાય છે અરે ભાઈ! એમાં શું જોવાનું છે?

લવણસુસ્થિતદેવને શ્રીકૃષ્ણ વાસુદેવે કહ્યું : અમારે તમારી વિદ્યાનો વધારે ઉપયોગ જોઈતો નથી. અમારે અમારા ધાતકીખંડ પદ્મનાભ રાજા પાસે જઈને દ્રૌપદીને લાવવી છે એક રાજાની સામે મધુકુમાર આવીને લડાઈ કરવા લાગ્યો પણ એક રાજા બાળક હોવાથી પ્રથમ હથિયાર ઉપાડ્યાં નહીં જ્યારે મધુકુમારે પ્રથમ બાણ છોડ્યું તે પછી જ તેમણે બાણ છોડ્યું તેમણે રણસંગ્રામમાં પણ ધર્મ રાખ્યો. તમે તો પ્રતિજ્ઞા અને બાધા લેવાના અભાવમાં રહો છો કે એવાં બંધન અમારે ન જોઈએ. પણ એ વાત ખોટી છે તમે એવાં એવાં બંધનો સામે જઈને સ્વીકાર્યાં છે કે જે બંધનો તમારા સંસારને વધારનારાં છે ત્યારે બાધા અને પ્રતિજ્ઞા તો ભવમુક્તિ કરવા માટેનાં બંધનો છે જ્યારે તમને બંધન નહોતાં ગમતાં ત્યારે ઉપાશ્રયના બંધનમાં શું કામ પડવા એ બતાવશો? સંસાર અને મોક્ષ એ બન્ને એકસાથે સધાતી શકે નહીં નદીપાર જવામાં બે હોડીમાં એકસાથે ન બેસી શકાય. એક પગ એક હોડીમાં અને બીજો પગ બીજી હોડીમાં એમ કરવા જશો તો ક્યાંયના નહીં રહો. કહિયારો કહે કે રાજા જેવો વરઘોડો કાઢવાની મારી શક્તિ થાય તો હું દીક્ષા લઉં તો એ કદાપિ દીક્ષા લઈ શકે નહીં રાજા અને કઠિયારા બન્નેને **કરેમિ ભંતે** નો પાઠ તો સરખો જ ભણવાનો છે અહીં એવો કોઈ ભેદ નથી.

ધર્મ એ આત્માની ચીજ છે દુકાનને થડે બેસીને પણ ધર્મ પાળી શકાય છે પણ તમે તો કેમ બેઠા છો ઉદાસી? તો જવાબ આપો છો કે ન મળ્યો કોઈ વિશ્વાસી? કોઈ વિશ્વાસુ ન મળે, ત્યાંસુધી જ તમે વિશ્વાસઘાત કરતા અટકો છો આમ તમારો ધર્મ ગોપવવાની દવા જેવો તમે બનાવી દીધો છે

શ્રીકૃષ્ણ વાસુદેવે લવણસુસ્થિતદેવને કહ્યું, ' પાચ પાડવોના પાચ રથ અને છઠ્ઠો મારો રથ લવણસમુદ્રમાથી જઈ શકે એટલી જ સહાયતા આપો ' અને ' તથાસ્તુ ' કહીને દેવ અદશ્ય થઈ ગયો બન્ને સેનાઓને પાછી વિદાય કરીને પાચ પાડવો અને શ્રીકૃષ્ણમહારાજ રથમા બેસીને જેમ સડક પર જતા હોય તેવી રીતે પાણીમા જવા લાગ્યા અને અમરકકા નગરીના અગ ઉદ્યાનમા આવી પહોચ્યા શ્રીકૃષ્ણે પોતાના દારુક નામના સારથિને આજ્ઞા કરી કે તુ પદ્મનાભ રાજા પાસે જઈ, તારા ડાબા પગથી તેનુ સિંહાસન દબાવી અને ભાલાની અણીએ લેખ દઈને તેને કહેજે કે 'શ્રીકૃષ્ણ વાસુદેવની ભગિની દ્રૌપદીદેવીને તુ અહી લાવ્યો છે, માટે જો તારુ હિત ચાહતો હોય તો જલદીથી તેને બગીચામા આવીને સોપી જા અને જો ન સોપવી હોય તો યુદ્ધ કરવા તૈયાર થઈ જા '

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૧૦૭

(શનિવાર, તા ૨૬-૧૦-૩૬)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે અમરકકા નગરીની એકાંત શાળામા દ્રૌપદીદેવી પચપરમેષ્ઠીની ઉપાસનામા મસ્ત બની ગઈ હતી જે માણસ એકાગ્રતાથી ધ્યાન ધરે છે તેના તમામ વિઘ્નો દૂર થઈ જાય છે શ્રી માનતુગાચાર્યજી ભક્તામરસ્તોત્રમા કહે છે કે—

> त्वत्संस्तवेन भवसन्ततिसन्निबद्धं
> पाप क्षणात्क्षयमुपैति शरीरभाजाम् ।
> आक्रान्तलोकमलिनीलमशेषमाशु
> सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥

હે પ્રભુ ! આપનું સ્મરણ કરતાં જન્મની પરિપાટીથી બંધાયેલાં પ્રાણીમાત્રનાં પાપો એક ક્ષણમાત્રમાં એવી રીતે નાશ પામે છે કે જેવી રીતે આખા લોકમાં વ્યાપ્ત અને ભ્રમર સમાન કાળો રાત્રિનો સમસ્ત અંધકાર સૂર્યનાં કિરણો વડે નાશ પામે છે. આત્મારૂપી સિંહ જ્યારે જાગ્રત થઈ જાય છે ત્યારે કર્મરૂપી શિયાળો ભાગી જાય છે

કર્મરૂપી કૂતરો કરડ્યો વારવાર,
સમકિતથી ભાગી ગયો જાણો ઘરની બ્હાર.

આ જીવને કર્મરૂપી કૂતરો વારવાર કરડે છે પરન્તુ સમકિતરૂપી સિંહના પોકારમાત્રથી એ કર્મરૂપી કૂતરો પલાયન થઈ જાય છે.

પ્રભુ જિનરાજ તું એવો નહીં કોઈ દેવતા જેવો
ત્રિલોકીનાથ તું કહીએ, અમારી બાંહ દઢ ગ્રહી લે.

હે પ્રભુ ! તારું સ્મરણ કર્યા પછી ભવભ્રમણ હોય જ નહીં આપના માર્ગને મેં પકડ્યો નહીં હું સંતોનો વિરોધી બન્યો ધર્મથી વિમુખ થયો. અત્યાર સુધી હું વિષયલંપટ અને કદાગ્રહી હતો પરન્તુ હવે મને મારી ભૂલ સમજાય છે.

જ્યારે જીવ કષાયોની ધમધમતો હતો ત્યારે તે અભિમાનથી ઉદ્ધત હતો. હવે એ પોતાની ભૂલ કબૂલ કરીને નમ્ર બની ગયો. હવે એ કહે છે કે હે પ્રભુ ! આપના સ્મરણ-સ્તવનમાં અદ્ભુત શક્તિ છે આપની સ્તુતિ નિર્દંભ નિર્વિકાર નિરાશંસભાવે અને નિષ્કારણ કરવી [illegible] ભક્તિ [illegible] રસ છે ભક્તિથી આપણુતા [illegible] છે ભક્તિ [illegible] વિભક્તિ-જુદાપણું છે સાત વિભક્તિ અને સંબોધન [illegible] વિનાના બે ત્યારે ભક્તિ એટલે એકતા. જ્યાં [illegible] તેનું નામ ભક્તિ છે

[illegible] મનની
[illegible] નહીં કર્મ [illegible] ધનની
[illegible] વિનાના ભાવ

જ્યા સમર્પણ હોય ત્યા જ સેવા છે આશાથી સેવા કરનાર પોતે અ તે હારે છે દ્રૌપદીદેવી આત્મધ્યાનમા તદ્દચિત્ત, તદ્દલેશ્યા અને તદ-અધ્યવસાય થઈ ગયા હતા પદ્મનાભ રાજાને એના જે દેહનો મોહ જાગ્યો હતો એ રૂપલાવણ્ય હવે રહ્યુ ન હતુ તે તો એકચિત્તથી પ્રભુની ભક્તિ કરી રહી હતી.

> શબ્દો સામુ જોઈશ ના તુ, ભાવ હૃદયનો જોજે,
> કઠ સૂરીલો હોય ભલે ના, તાલ જીવનનો જોજે
> શબ્દે શબ્દે ગૂથાયેલી, ગીતે ગીતે ગૂથાયેલી,
> પારખજે તુ પ્રીત રે વ્હાલા, ગાવા તારા ગીત
> અ તરને એકતારે મારે, ગાવા તારા ગીત

ભક્ત ભગવાનને પ્રાર્થના કરતા કહે છે કે, 'હે ભગવન્ ! મારા શબ્દો સામે જોઈશ નહી, પણ મારા હૃદયના ભાવો સામે જોજે, મારા કઠનો સૂર સારો ન હોય, પણ મારા હૃદયનો તાલ તારા સાથે જ જોડાયેલો છે મારા ગીતે ગીતમા અને શબ્દે શબ્દમા તારી જ પ્રીતિ ગૂથાયેલી છે'

આખો ઓરડો ઉકરડાનો ભર્યો હોય અને એક બાજુ અમૂલ્ય હીરો મૂકી રાખ્યો હોય, તો તેમા શાની કિમ્મત વધારે છે ? તમે તો સતની નહી, પણ સતાનની કિમ્મત વધારે સમજો છો, તમને ધર્મની નહી, પણ ધનની પડી છે ? બાબાનો અવાજ સભળાય કે 'બાપા!' ત્યા તો બાપા ખાતા ખાતા બેઠા થઈ જાય, પરન્તુ સતની શીતળતા ઓર છે સતનો આશ્રય લીધા વિના–સતનુ શરણુ સ્વીકાર્યા વિના જીવનો ઉદ્ધાર નથી મોક્ષ–નગરમા પહોચાડનાર સત છે સત્પુરુષોના ચરણોમા અર્પણ થઈ જાવ, તો જ તમારા પગલા ઉત્થાન તરફ જશે માટે સતતિ કરતા સતને વહાલા માનો, ભૌતિક કરતા આધ્યાત્મિકને ચાહો, ધન કરતા ધર્મને શ્રેષ્ઠ સમજો અહી આવો ત્યારે દેવ, ગુરુ ને ધર્મની શ્રદ્ધા દૃઢ કરવાની વાતો કરો ને ઘેર જાવ ત્યા દીવો કરીને કહેશો કે 'જે

માતાજી! તમે તો ઘડીકમાં દેવગુરુની ધજા ફરકાવો ને મસ્જિદમાં સોનાના લોટાની આશા રાખો—એ બન્નેનો મેળ ક્યાં ખાય? અહીં તો મસ્જિદમાં—

ભાવ ધરીને જે શુભ થાય, તે જીવ તરીને મોક્ષે જાય.

સંતોનું શરણ તરવા માટે છે ડૂબવા માટે નહીં. સંતો તમને વચ્ચે લટકાવી દેવા ઇચ્છતા નથી. સંતો તમને લાભમાં કે હાનિમાં સુખમાં કે દુઃખમાં સમભાવ દ્વારા ટકી રહેવાની હિમ્મત આપે છે. દ્રૌપદી વિચારે છે કે આ પણ કર્મનું જ ફળ છે માટે એના જ્ઞાતા ને દ્રષ્ટા બનવું અને વ્રતમાં નિશ્ચલ રહેવું. પતિવિરહિણી સ્ત્રી જેવી રીતે રહે એ રીતે સાદાઈથી એ રહેવા લાગી.

આજે તો વિધવાના રાગરંગ વધ્યા છે. આજની વિધવાને પૂછનાર કોણ? આજે તો વિધવાના બ્રહ્મચર્યમાં પણ છિદ્ર પડે તેવા વાતાવરણમાં તેને ઇરાદાપૂર્વક મૂકવામાં આવે છે. પરન્તુ ક્યાંય નાટક-સિનેમા, પુરુષો સાથેની વાતચીતની છૂટછાટ આદિમાં તમે વિધવાને કેવા રૂપમાં જોવા માગો છો?

શ્રીકૃષ્ણ વાસુદેવે દારુક સારથિને અમરકંકા નગરીની રાજસભામાં મોકલ્યા. સારથિ પદ્મનાભ રાજાની સભામાં આવ્યો અને દૂતના નિયમ પ્રમાણે વિનય કરીને તેણે કહ્યું: હું શ્રીકૃષ્ણનો દારુક નામનો દૂત આપને વંદન કરું છું. હવે મારા સ્વામીએ જે આજ્ઞા આપી છે તે કહું છું. આમ કહીને તેણે ડાબા પગથી પદ્મનાભ રાજાનું સિંહાસન દબાવ્યું અને ક્રોધિત થઈ કપાળમાં ત્રણ ભ્રૂકુટી ચડાવી, રોષથી આંખો લાલ કરી ભાલાની અણીએ તેને સંદેશો આપતાં દૂતે કહ્યું: શ્રીકૃષ્ણની ભગિની દ્રૌપદીનું તમે હરણ કર્યું છે તેને લેવા માટે પાંચ પાંડવો તથા શ્રીકૃષ્ણ વાસુદેવ આવ્યા છે. જો જીવિત ઇચ્છતા હો તો ઉદ્યાનમાં જઈને તમે દ્રૌપદીને સોંપી દેજો, નહીંતર યુદ્ધ કરવા તૈયાર થઈ જાઓ. વિષય એ વિષથી પણ ભયંકર છે તેમ જાણતા નથી. આ કવિ કહે છે કે—

विषये च विषे भेदो यकारेण महान् कृत ।
उपभुक्तं विषं हन्ति विषया स्मरणादपि॥

સ્મરણ કરવામાત્રથી કામી જીવો હણાય છે. દૂતના વચનો સાભળીને પદ્મનાભ રાજાની ભૃકુટી વક્ર બની ગઈ ક્રોધાયમાન થઈને એ કહેવા લાગ્યો, 'શ્રીકૃષ્ણ વાસુદેવથી જે થાય તે ભલે કરી લે હું દ્રૌપદીને સોપવાનો નથી' વિષનુ પાન કરનારાઓ વિવિધ પ્રયોગોથી બચી પણ જાય છે, જ્યારે વિષયો તો બેસુમાર નુકસાન પહોચાડે છે. પદ્મનાભ રાજાને ખબર ન હતી કે દસ લાખ સુભટોને એકી સાથે યુદ્ધમા હરાવવાનુ સામર્થ્ય એકલા શ્રીકૃષ્ણ વાસુદેવમા છે એને તો અભિમાનનો આબળો ચડ્યો હતો। અહ કાર અલ કાર નહિ, પણ વિકાર છે.

જો આવે મને આબળો, સાલમ જુલ્મી ગણાય,
ર જેવુ પોચુ નહી, વળવી ફાસી થાય

પદ્મનાભ રાજાએ દારુક સારથિનુ અપમાન કરીને કહ્યુ કે, 'કૃષ્ણ વાસુદેવને કહી દેજે કે અમે યુદ્ધ કરવા તૈયાર છીએ' આમ કહીને તેણે દારુકને પાછલી બારીએથી કાઢી મૂક્યો એક જ નિમિત્તમા બે પક્ષો છે એક પક્ષ સતીને છોડાવવા માગે છે, ત્યારે બીજો પક્ષ સતીને ભ્રષ્ટ કરવા ઇચ્છે છે। પદ્મનાભ રાજાને પોતાના સૈન્યનુ અભિમાન હતુ એ માનતો હતો કે આ છ જણને તો હુ ચાચડની માફક ચોળી નાખીશ એમનુ શુ ગજુ ? આ છ જણા મારા સૈન્ય સામે ટકી શકશે નહી પણ સિંહણના સતાન એક હજારા ને ભૂડણના સોએ બીચારા। શ્રાવકના લેબલ લગાડવાથી શ્રાવક ગણાય ખરા ? એકવીસ ગુણો ધારણ કરે તે શ્રાવક છે તમે તો ઘડી ઘડીમા પલટો ખાવ છો, પરન્તુ ઔષધ, ગ્રહ, નક્ષત્ર અને દેવતા એ તો ભાગ્યના ઉદય વખતે જ પ્રસન્ન થાય છે, ભાગ્યના અસ્ત વખતે એ બધા રિસાઈ જાય છે પદ્મનાભનુ ભાગ્ય હવે રિસાયુ છે

દારુક સારથિ પાછો આવ્યો શ્રીકૃષ્ણને વદન કરીને તેણે બધી હકીકત કહી આ તરફ સૈન્ય લઈને પદ્મનાભ રાજા યુદ્ધ કરવા માટે

આવ્યો આવે છે. પાંડવોએ શ્રીકૃષ્ણને કહ્યું: પ્રથમ અમે યુદ્ધ કરીએ અને આપ જુઓ. શ્રીકૃષ્ણે કહ્યું: બહુ સારું.

યુદ્ધ માટે સજ્જ થઈને પાંડવો બોલ્યા, કાં તો અમે નહીં ને કાં તો પદ્મનાભ નહીં! પદ્મનાભના સૈન્ય સાથે પાંચેય પાંડવોનું ઘનઘોર યુદ્ધ ચાલુ થયું. પરન્તુ યુદ્ધમાં જતી વખતના બોલાયેલા શબ્દો પાંડવોને આડે આવ્યા. કારણ કે એ શબ્દો હારસૂચક હતા. પદ્મનાભ રાજાએ બાણો ચલાવવા માંડ્યાં અને પાંડવોના રથ પાછા પડવા લાગ્યા. પદ્મનાભે પાંડવોના શુભ ચિહ્નરૂપ ધ્વજાઓ રથ પરથી ઉતારી લીધી. પાંડવો હવે થાકી ગયા અને ભયભીત અને શક્તિ વગરના થઈ ગયા.

પદ્મનાભ રાજાના લશ્કરમાંથી હ તીરો બાણ છૂટવા લાગ્યાં. આખરે પાંડવો થાક્યા. તેમણે શ્રીકૃષ્ણની પાસે આવીને કહ્યું: પદ્મનાભ રાજાનું સૈન્ય બહુ વિશાળ છે ને અમે યુદ્ધમાં થાકી ગયા છીએ. શ્રીકૃષ્ણે કહ્યું: તમે તો શક્તિશાળી છો, વીરપુત્ર છો પરંતુ ખરી વાત તો એ છે કે યુદ્ધમાં જતી વખતે બોલાયેલાં વચનોએ જ તમને હરાવ્યા છે. હવે તમે જુઓ. હું યુદ્ધમાં જાઉં છું.

શ્રીકૃષ્ણે પોતાના રથમાં બેસતાં બેસતાં કહ્યું: આજ હું છું, નહીં પદ્મનાભ રાજા. એક વચન માણસને પરાજિત કરાવે છે ને એક વચન વિજય અપાવે છે. વચન મારે અને વચન તારે. તમે ઉપવાસ કરવાની વખતે મનમાં નક્કી કરો છો કે ખાટલે પડીને પણ ઉપવાસ તો કરવો છે ને [illegible] ખાટલે પણ પડે છે. માટે એવું નિશ્ચયાત્મક વચન મનમાં [illegible] ની આ નામાં હિંમત આવી જાય.

[illegible] નઈને પદ્મનાભ રાજાના મનમાં થયું કે ક્યાં [illegible] ગમે ત્યાં [illegible] શ્રીકૃષ્ણને હરાવવામાં શી વાર [illegible] યુદ્ધ [illegible] અવસરે.

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૧૦૮

(રવિવાર, તા ૨૭-૧૨-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે પદ્મનાભ રાજાના બળથી ધ્રૂજતા પાડવોને શ્રીકૃષ્ણમહારાજે કહ્યુ, 'તમે બલવીર્ય અને પરાક્રમવાળા છો, તમે હજારો રાજાઓને જીતવા શક્તિમાન છો, પણ તમે ચાલતી વખતે બોલેલા શબ્દોના કારણથી જ હાર્યા છો હવે શ્રીકૃષ્ણમહારાજ યુદ્ધે ચડયા શૂરવીરો માનતા હોય છે કે મોતથી વધારે શુ થવાનુ છે? સાધુઓને પણ બાવીસ પરિષહ સહન કરવાનો સમય આવે, તો નીચે લખેલા પરિષહોને સહન કરવા માટે તત્પર રહેવુ જોઈએ—' **क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्याक्रोशवधयाचनालाभरोगतृणस्पर्शमलसत्कार-पुरस्कारप्रज्ञाज्ञानादर्शनानि ।**' (તત્ત્વાર્થસૂત્ર અ ૯, સૂ ૮)

અર્થાત્ ભૂખ, તરસ, શીત, તાપ, મચ્છર આદિના દંશ, અચેલ, અરતિ, સ્ત્રી, ચાલવાનો, બેસવાનો, ઉપાશ્રયનો, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણાદિનો સ્પર્શ, મેલ ધારણ કરવો, સત્કાર, પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન—આ બાવીસ પરિષહોમાના પ્રજ્ઞા અને અજ્ઞાન બે જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આવે છે, અલાભનો અ તરાય

કર્મના ઉદયથી દર્શનનો જ્ઞાનમોહનીયના ઉદયથી, સાત ચારિત્ર મોહના ઉદયથી અને બાકીના અગિયાર વેદનીયના ઉદયથી આવે છે કેવળી ભગવાનને વેદનીયના અગિયાર પરિષહો હોય છે પહેલા ચાર ગુણસ્થાન પરિષહ દુઃખરૂપ પણ નિર્જરારૂપ ન હોય. નવમા ગુણસ્થાન સુધી બાવીસ પરિષહો હોય છે કર્મ સાથે યુદ્ધ કરવા તૈયાર થયેલો મુનિ એક આત્માને જીતીને પાંચ ઇન્દ્રિયને જીતે અને પાંચને જીતે એટલે ચાર કષાયને જીતે, એમ દુશ્મનને જીતે.

એક અજિત આત્માનો વિજય કરે ટલે બધાય જિતાઈ જાય છે

न तं अरी कंठछेत्ता करेइ
जं से करे अप्पणिया दुरप्पा।

—ઉત્તરાધ્યયનસૂત્ર અ. ૨ ગા. ૪૮

શત્રુ ત્રાસ આપે તેના કરતાં આત્મા પોતાનું વધારે અહિત કરે છે પછી એ દુષ્ટ આત્મા મૃત્યુ સમયે પશ્ચાત્તાપ કરે છે કુટુંબ [illegible], પિતા પુત્ર પર અને શેઠ નોકર પર હકૂમત ચલાવે છે પરન્તુ આ માનું દમન કોઈ કર્યું નથી. દમવા યોગ્ય આત્મા છે

अप्पा चेव दमेयव्वो अप्पा हु खलु दुद्दमो।
अप्पा दन्तो सुही होइ, अस्सिं लोए परत्थ य॥

—ઉત્તરાધ્યયનસૂત્ર અ. ૧ ગા. ૧૫

આ માન દમવે બહુ મુશ્કેલ છે આત્માને દમે તે આ લોક ને પરલોકમાં સુખી થાય છે પોતાનો છોકરો ઘરમાંથી વીસ તોલાની કંદોરી કરી [illegible] ને તમારા મારવાનું તમને મન થઈ જાય છે [illegible] તમન તમ [illegible] છોકરાના દોષો ગમતા નથી ત્યારે તમે અહીં [illegible] એમ છો જ્યાં તમારા દુર્ગુણોને જોવા તૈયાર [illegible] દુર્ગુણો આપને ગમે ખરા ને ? તમે પોતે [illegible] આત્મા હો તો તમે તમને [illegible] ખરા ? જે આત્માને દમે ત [illegible] સુખી થાય

દૃષ્ટાન્ત—આત્મારામને બે સ્ત્રીઓ હતી એકનુ નામ હતુ સુમતિ અને બીજીનુ નામ હતુ કુમતિ તેમા તેને એક અજ્ઞાનચદ્ર નામનો મિત્ર મળી ગયો. અજ્ઞાનચદ્રના સગથી આત્મારામે કુમતિને જ માનીતી બનાવી સ્ત્રી અને મિત્રની સાથે એ કુછ દે ચડી ગયો અને સુમતિને ઠોકરે મારવા લાગ્યો

એકવાર આત્મારામ સુમતિ નામની સ્ત્રીને ત્યા અકસ્માત્ જઈ ચડ્યો બહુ સમયે આવેલા પતિને સુમતિએ મિષ્ટાન્નો અને પક્વાન્નોની થાળી પીરસી અને ભોજન લેવાની વિનતી કરી, પરન્તુ આત્મારામનુ ચિત્ત કુમતિમા હોવાથી તેણે એ મિષ્ટાન્નની થાળીને પણ ઠોકરે ચડાવી. ત્યાથી એ કુમતિને ત્યા ગયો કુમતિ મો ચડાવીને બેઠી હતી ત્યા જઈને આત્મારામે કહ્યુ, 'મને બહુ ભૂખ લાગી છે, માટે જલદી ખાવાનુ કરી દે' મોઢુ બગાડીને કુમતિ બોલી, 'તમે તો તમારી માનીતીને ત્યાં પેટ ભરીને જમી આવ્યા હશો હવે અહી શુ કામ આવ્યા છો? અત્યારે આગ ઘરમા કાઈ નથી'

આત્મારામે કહ્યુ, 'હુ સુમતિને ત્યા ભૂલથી જઈ ચડ્યો હતો, પણ તેણે પીરસેલુ ભોજન મે ખાધુ નથી તારા હાથે તુ જે બનાવી આપીશ તે મને મીઠુ લાગશે જલદી ખાવાનુ બનાવી દે.' કુમતિ બોલી, 'મારી પાસે અત્યારે ગોબર (છાણુ) સિવાય બીજુ કાઈ ખાવાનુ નથી જો તમારે ખાવુ જ હોય તો ગોબર વઘારીને આપુ' આત્મારામ રાજી રાજી થતો બોલ્યો, 'તારા હાથનુ બનાવેલુ ગોબર પણ મને મીઠુ લાગશે' કુમતિએ ગોબર વઘારી દીધુ અને આત્મારામે હોસે હોસે ખાઈ લીધુ મોહઘેલાની દશા તો જુઓ!

તમે પણ ક્રોધ, માન, માયા, અભિમાન આદિ કષાયો આવે ત્યારે આત્માને રોકી શકતા નથી કુમતિના પીરસેલા એ બધા ગોબર— છાણુ જ છે માટે આત્માને સમજાવો કે હવે તો તેમાથી પાછો વળ! જો આ ને આ ગોબરના ગુલામ બની રહેશો, તો દુર્ગતિમા જવુ પડશે જ્ઞાનીઓ કહે છે કે—

વિપત્તિ વળગી ઘણી વૈરાગ્ય ના વાસ જરી,
હાથે કરી દુઃખડાં વહોરી સુખની બહુ આશ કરી,
મળ્યો હીરો હાથેથી ગુમાઈ ગયો રે,
ભૂલા તારું નામ વગત ગયો રે

વૈરાગ્ય વિના આ જીવે કેટકેટલી આપત્તિઓ વહોરી લીધી છે અને એમ છતાં એ સુખની આશા કરી રહ્યો છે ભલા એ કેવી રીતે બને? તમે ? જે સભપો નાખ્યા તેના વિચારોથી તમારાં દિલ અને દિમાગ કાળાં બની ગયાં છે બીજાનાં માથાં વઢાઈ જાય તો તમને કાંઈ ન થાય, ત્યારે તમારો પોતાનો છોકરો નખ ઉતરી જાય તો તમને કેટલું દુઃખ લાગે! હવે તમે જ વિચારો કે આ આપત્તિઓથી તમને કેટલું બચાવી શકો?

સેવ્યા પગ પામરના વિષયમાં શું અંધ બની,
સેવ્યા નહીં સજ્જન તારા ઓળખના ગુલામ બની.
છેવટે શું આજે મૂંઝાઈ રહ્યો રે ભૂલ્યા તારું
સાર તારો સૂવામાં ગયો ગયો રે ભૂલ્યા તારું

અજ્ઞાની જીવ ભાઈઓ ઝાંઝવાના દેખાવને સાચું પાણી માની બેસે છે. અરે [illegible] પછી પણ તમે આ તે મેળવ્યું શું! મરતાં મરતાં પણ કાંઈ સ [illegible] નિશ્ચિત સમજાવે એવું તમે શું કર્યું છે? લીધા અને [illegible] ના તમે [illegible] સેવાઈ-દેવાઈ ગયા છો. કેટલાયે ભવભ્રમણ [illegible] કેટલાયે એરોપ્લેનમાં ઊડીને જ્યાં [illegible] દુઃખને ભોગવ્યાં કેટલાયે ગયા. એ બધા ગયા [illegible] આ બધું તમે ઘણીવાર સુણો [illegible] આવે છે એવું [illegible] અમરચંદ કહે છે કે
सजगा इव सम्मियम नो बायम्नि — [illegible] પડે, ઢાલ પડે, [illegible] રહે છે તેવી

જ રીતે તમને અનેક દુ ખો આવતા હોવા છતા વૈરાગ્ય આવતો નથી તમે આટલા બધા બેઠા છો, તેમા કોઈ હૃદય પર હાથ મૂકીને કહી શકો છો કે તમને દરેક રીતે સુખ જ છે? બુદ્ધિશાળી માનવી સારાસારનો વિચાર કરી શકે કે સુખ કયા છે અને દુ ખ કયા છે

તમને જડ ધનના ઢગલામા સાર દેખાય છે એ જડને સાચવવા તમે તાળા મારો છો અને જે ચેતન છે તેને તમે છૂટું મૂકી દો છો જ્યાસુધી તમારો મિત્ર અજ્ઞાનચદ્ર તમારી સાથે હશે, ત્યાસુધી તમે કુમતિને છોડવાના નથી પણ સુમતિથી લાભ છે ને કુમતિથી હાનિ છે એ તમને ક્યારે સમજાશે?

એ આત્મારામને એક વિવેકચદ્ર નામનો મિત્ર મળી ગયો એણે ભટકતા આત્મારામને ઊભો રાખીને સમજાવ્યો કે 'ભાઈ! તુ મારુ કહ્યું માનીને એકવાર અજ્ઞાનચદ્રની સોબત છોડી દે તારે સાથે ચાલનાર મિત્ર જોઈ એ તો હુ તારી સાથે આવીશ' આત્મારામ સમજી ગયો તેણે અજ્ઞાનચદ્રની સોબત છોડીને વિવેકચદ્રનો સગ કર્યો હવે જ તેને 'સ્વ' અને 'પર'નો વિવેક જાગ્યો જે ઇન્દ્રિયોએ આત્માને ગુલામ બનાવી દીધો હતો તે આત્માએ ઇન્દ્રિયોને ગુલામ બનાવી એણે કુમતિનો ત્યાગ કર્યો જેણે પાચ ઇન્દ્રિયો, ચાર કષાયો અને દસમા આત્મા પર વિજય મેળવ્યો, તેણે આખા જગત પર વિજય મેળવી લીધો મહાત્મા કબીર કહે છે કે—

દસ દરવાજા બધ કર, અદર અમકત મોતી,
કહત કબીર સુનો ભાઈ સાધો, નહી પુસ્તક નહી પોથી
આતમજ્યોતિ નજરમા ન આવી,
ઝિલમિલ ઝિલમિલ જલત હૈ જ્યોતિ,
નહી તેલ નહી બાતી આતમજ્યોતિ

એ આત્માની જ્યોતિ અલૌકિક છે, પણ જીવ જ્યાસુધી અજ્ઞાનચદ્રનો સગ ન છોડે ત્યાસુધી તેને સુમતિના ઘરમા શાન્તિ મળવાની નથી

આત્મારામને સમજાવીને નવો મિત્ર વિવેકચંદ તેને સુમતિના ઘરમાં લઈ ગયો. હવે જ તેને ગોબરના સ્વાદને બદલે સાચો સ્વાદ પ્રાપ્ત થયો.

પદ્મનાભ રાજા અજ્ઞાનદશામાં હતો. આથી તેને સાચી વસ્તુ સમજાતી ન હતી. વિષયી જીવોને જ્યાંસુધી મોત સામે ન આવે ત્યાંસુધી સમજાતું નથી.

શ્રીકૃષ્ણ રથમાં બેસીને પદ્મનાભ રાજાની સામે આવ્યા. શ્રીકૃષ્ણ એક છે અને સામે એનું સૈન્ય વિશાળ છે. સૈન્યસાગર છલકાઈ રહ્યો હતો. તેની સન્મુખમાં શ્રીકૃષ્ણે પોતાના પાંચજન્ય નામના શંખનો નાદ કર્યો. પૂર્વે ખૂબ આરાધના કરીને અને નિરતિચાર સંયમ પાળીને શ્રીકૃષ્ણે બાંધી લીધું હતું કે હું ખૂબ બળવાન બનું. શ્રીકૃષ્ણનો શંખનાદ શ્રવણ કરીને પદ્મનાભ રાજાનું ત્રીજા ભાગનું સૈન્ય મૂર્છા પામી ગયું અને ત્રીજા ભાગનું લશ્કર ત્યાંથી પલાયન કરી ગયું. હવે શ્રીકૃષ્ણે શાર્ઙ્ગ નામનું ધનુષ લીધું અને એના એક જ ટંકાર દ્વારા બાકીનું સૈન્ય પણ નાસી ગયું. હવે પદ્મનાભ રાજા એકલો થઈ ગયો. આથી એ બળ, વીર્ય, ધૈર્ય અને પરાક્રમ વિનાનો બની ગયો. પોતાના પ્રાણ બચાવવાનું તનામાં સામર્થ્ય ન રહ્યું. કુબુદ્ધિ વડે જ વિપત્તિ આવે છે. એ પોતાના પ્રાણ બચાવવા મુઠ્ઠીઓ વાળીને દોડ્યો ને અમરકંકા નગરીમાં પેસી ગયો. જાણીને સંતાપવાથી મોર્ચું બચું થયું છે કે પદ્મનાભ રાજાનું બચું થાય! ત્યારે અમરકંકા નગરીના તમામ દરવાજા બંધ કરી દીધા. એનું અંતરમન રણમાં રોળાઈ ગયું.

શ્રીકૃષ્ણ તેની પાછળ ગયે દોડ્યો. પણ નગરીના દરવાજા બંધ હતા. આથી તેમણે રથમાંથી નીચે ઉતરીને વૈક્રિય સમુદ્ઘાત કરી લીધું. નવું બનાવ્યું સિંહનું એવું નરસિંહ સ્વરૂપ ધારણ કર્યું અને મોટી ગર્જના કરી. આ ગર્જનાથી અમરકંકાના મકાનો ધ્રુજવા લાગ્યાં ... કિલ્લા ખળભળવા લાગ્યો અને અંતઃપુરમાં પેસી ગયેલા પદ્મનાભ પણ ધ્રુજવા લાગ્યો. હવે મોત સામે

આવીને ઊભુ હોય તેમ તેને લાગી ગયુ હવે બચવાનો શો ઉપાય કરવો? બીજો તો કોઈ આધાર રહ્યો ન હતો આથી એ દોડીને એકાંત શાળામા આવ્યો અને તપમા બેઠેલી દ્રૌપદીના ચરણોમા પડ્યો

દ્રૌપદીદેવીએ શખનો નાદ સાભળ્યો હતો તેણે જાણ્યુ કે મારા ભાઈ શ્રીકૃષ્ણ આવી ગયા છે તે વિના આ રાજા મારા ચરણોમા પડે નહીં પગમા પડેલા રાજાને દ્રૌપદી કહેવા લાગી, 'રાજન્! મે તમને પ્રથમથી જ કહ્યુ હતુ કે મારા ભાઈ કૃષ્ણ વાસુદેવ છે, છતા તમે એમનો પ્રભાવ જાણ્યા વિના મારુ અપહરણ કરાવ્યુ અને તેમનો કોપ વહોરી લીધો માટે હવે જો તમારે બચવુ હોય તો એનો એક જ ઉપાય છે'

જેના હૈયામા ધર્મ પરિણમ્યો હોય તે દુશ્મન પ્રત્યે પણ ઉપકાર જ કરે છે દ્રૌપદીએ પદ્મનાભ રાજાને કહ્યુ, 'હવે જો તમારે પ્રાણ બચાવવા હોય, તો તમે તમારા દાઢી–મૂછ મૂડાવીને સ્ત્રીનો વેષ ધારણ કરો અને ભીની સાડી પહેરીને મને આગળ કરી અને તમારા હાથમા મૂલ્યવાન રત્નોની ભેટ લઈને શ્રીકૃષ્ણના ચરણમા નમો સાથે તમારી સાતસોયે સ્ત્રીઓ ગીત ગાતી ગાતી આવે અને એ પ્રકારે જો તમે શરણે જશો, તો જ બચી જશો આ સિવાય અન્ય કોઈ પણ ઉપાય નથી.' હવે એ પદ્મનાભ રાજા કેવી રીતે જશે અને ત્યા શુ બનશે તે અવસરે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૧૦૯

(સોમવાર તા. ૨૮-૨-૫૨)

અહીં નાર્યે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. ત્રણે કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે.

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં દ્રૌપદીનો અધિકાર ચાલે છે. આજે પદ્મનાભ રાજાનો ભય શીઘ્રમાં પરિણમ્યો. દ્રૌપદીદેવીના શીલનો ભંગ કરવા માટે આટઆટલા વાનાં કર્યાં. છતાં જ્યારે એ દ્રૌપદીદેવીની શરણમાં આવ્યો ત્યારે દ્રૌપદીએ જ તેને ઉપાય બતાવ્યો. જો કે આ ઉપાય એક શૂરવીર પુરુષ માટે નામોશીભર્યો ગણાય. છતાં બીજો કોઈ થઈ શકે તેમ ન હતું. આથી દ્રૌપદીદેવીએ તેને આ માર્ગ બતાવ્યો હતો. દયાળુ જીવના દિલ દિલાવર હોય છે. તમને શાપ આપે તેને પણ તમે માફી આપો.

માર્ગ ભૂલેલા જીવનપથિકને માર્ગ ચીંધવા ઊભો રહું
કરે ઉપેક્ષા એ મારગની તોયે સમતા ચિત્ત ધરું

જે મનુષ્ય માર્ગ ભૂલેલાને માર્ગ બતાવી શકે તેનું જીવન ઉજ્જ્વલ બને છે. આવા મનુષ્યને મનના શોક હોતો નથી. મરતાં મરતાં પણ તેને નિશ્ચય હોય છે કે મેં કોઈનું કાંઈ ખરાબ કર્યું નથી માટે મારું ખરાબ થવાનું નથી. સુખ અને દુઃખ કર્મના બાંધેલા જીવનું ભગાડી દે છે વધુ ય મા અ ના અને પની ઋદ્ધિ ચાલી જવા માંડી આ અમારાનું કારણ એકથી વધુને માથે આવી પડે છે પરંતુ જ્યારે અશુભ કર્મનો ઉદય આવે ત્યારે મનુષ્યે વિચારવું જોઈએ કે હે જીવ! તું

એકલો આવ્યો છે ને એકલો જ ચાલ્યો જવાનો છે આવ્યો ત્યારે તને કોઈ ઓળખતુ ન હતુ, અને જઈશ તે પછી પણ કોઈ ઓળખવાનુ નથી માત્ર વચ્ચેના થોડાક સમય માટે થયેલી એ ઓળખાણ હતી એ ટૂંકા ગાળાની ઓળખાણમા પણ સ્ત્રી-પુરુષ વચ્ચે, પિતા-પુત્ર વચ્ચે, શેઠ-નોકર વચ્ચે ને મિત્ર-મિત્ર વચ્ચે કેટલીયે વાર સબધો કથળી ગયા હશે છતા એના માટે તમારા ધમપછાડા કેટલા ? જો વિષયમા સુખ હોત તો તીર્થંકરો એને તજત શા માટે ?

જ્યાસુધી ચારિત્રમોહનીય કર્મ જોરદાર હોય, ત્યાસુધી જીવને માર્ગ મળતો નથી દેવલોકમા બેઠેલા દેવતાઓ પણ એમ ઇચ્છતા હોય છે કે અમને સર્વવિરતિયોગ્ય માનવભવ મળે તો અમારુ કલ્યાણ થઈ જાય, ત્યારે તમે તો ભોગની માગણી કરો છો તમે જો નામના સુખને પણ જતુ ન કરી શકો તો એ કર્મની કઠણાઈ કોને કહેવી ?

ગૅસ ચડે છે ને ખાધેલુ પચતુ ન હોય, પણ લાડુ સાથે થાળીમા આવેલા વાલ ને ચણામા તમારો જીવ દોડાદોડી કરવા માડે છે 'આટલામા શુ ?' એમ કહીને એ કઠોળ ખાઈ જાવ, તો પછી એનાથી થતી પીડા માટે રડવુ પડે શા માટે ? ક્ષણમાત્રનો જીભનો ચટાકો છોડી દીધો હોત, તો પેટની પીડા કે ગૅસ ને ઝાડા ન થાત હવે એ બીમારી વધવામા કારણભૂત કોણ ? એવી જ રીતે પારકાનુ પચાવનારા અને કાળાબજારિયાઓ નામના સુખ માટે શુ કરી રહ્યા છે ? તમે ચાળીસ મણ ભાર ઉપાડીને જતા બળદોને તો જોયા જ હશે તમારે પણ એ બળદોના જેવા દુ ખો ભોગવવા છે ? તમે જો એવી ગતિના કારણ ન આપો તો એવો ભવ ન મળે પણ તમે ઇન્દ્રિયસુખની સામે ઊભેલા કર્મના પરિપાકજન્ય દુ ખોને જોઈ શકતા નથી બિલાડી પોતાની સામે પડેલા દૂધની લાલચમા સામે ઊભેલા રખેવાળની ડાગને જોઈ શકતી નથી તમારી પણ એ બિલાડીના જેવી જ દશા છે

દૃષ્ટાન્ત—દૂધનુ દોણુ ઠરવા માટે મૂકીને એક બાજુ રખેવાળ ઊભો રહ્યો હતો, તેવામા એક બિલાડી આવી આવુ તાજુ ગરમ દૂધ

પીવા માટેની લાલચને એ છોડી શકી નહીં. તેણે એ દૂધના દોણામાં મોઢું નાખ્યું. રખેવાળી કરનારને રોષ ચડ્યો. તેણે એક લાકડી મારી. વાસણનું મોઢું નાનું હતું. તરફડતાં તરફડતાં એ વાસણ ફૂટી ગયું. સંજોગોને એ વાસણનો કાંઠો બિલાડીના ગળામાં બરાબર ભરાઈ ગયો. બિલાડી નાસી છૂટી, પણ હવે ગામનાં કૂતરાં તેને સુખે રહેવા દેતાં ન હતાં. આથી એ જંગલમાં ચાલી ગઈ. પરંતુ જંગલમાં આવ્યા છતાં એનો હિંસક સ્વભાવ તો એનો એ જ હતો. એ આમતેમ ઉંદરોની શોધ ચલાવવા લાગી. એક ખેતરમાં પાંજરાપોળ ઉંદરોનું દર હતું. તેની સામે એક પથ્થરની પાટ પર આવીને બિલાડીએ આસન જમાવ્યું.

બધા ઉંદરો બિલાડીને જોઈને ભાગવા માંડ્યા. ત્યાં બિલાડી બોલી : અરે ભાઈઓ ! મારાથી હવે તમારે બીવાનું નથી. હું તો હવે અહિંસક બની ગઈ છું. મારા ગળામાં પહેરું આ અહિંસાનું પ્રતીક જુઓ. હું તમને ધર્મનો બોધ આપવા આવી છું. હું કેદારનાથની યાત્રામાં ગઈ હતી. ત્યાંથી મને ધર્મનો બોધ મળ્યો ને મને ગળામાં [illegible] પણ મળ્યું છે. એ [illegible] ધર્મનો બોધ હું તમોને સંભળાવીશ.

[illegible] હવે બીજી રીતે ન ફાવ્યું એ ધર્મને નામે ફસાઈ [illegible]. આવા ધર્મને નામે ફસાઈ [illegible] ઢોંગીઓ કુગુરુ અધર્મને માર્ગે [illegible] [illegible] ઉંદરો [illegible] ધર્મને નામે ફસાઈ ગયા. પાટ પર બેઠેલી બિલાડી ઉંદરોની સભા ભરી ધર્મની વાતો કહેવા લાગી. જ્યારે ઉંદરો ઘરમાં [illegible] ત્યારે સૌથી છેલ્લા [illegible] તેને [illegible] બિલાડી ખાઈ જવા લાગી. [illegible] ઉંદરોની સંખ્યા ઘટવા લાગી. આથી આગેવાન ઉંદરને [illegible] ગઈ [illegible] મનતી કરવા માટે એક યુક્તિ [illegible] કાનની આગ [illegible] પણ આ ? એ પૂછી વિના ઉંદર [illegible] હતા [illegible] આવીને આગેવાન ઉંદરે બધા ઉંદરોની સભા [illegible] બધાની પોલ ખોલી નાખી. હવે [illegible] બિલાડીને [illegible] નહીં સાંભળવાનો ઠરાવ કર્યો.

સમય પ્રમાણે બિલ્લીબાઈ પાટ પર આવ્યા અને ઉંદરોને બોલાવ્યા, પણ ઉંદરના આગેવાને દરની અંદર રહીને જવાબ આપ્યો કે, ' नमः केदारकंकणायै ! હવેથી અમારો એક પણ ઉંદર તમારી વાણીમાં ફસાશે નહી '

આ તો એક રૂપક છે, પરંતુ આજની દુનિયામાં પણ આવું બને છે આવી પાપની પોકળલીલા ક્યાં સુધી ચાલે ? જ્યાં સુધી દુનિયાને સાચી આંખ ન આવી હોય, ત્યાં સુધી પાખંડીઓ પોલ ચલાવતા હોય છે આજે જૈનધર્મના નામે કેટલાયે મિથ્યાત્વીઓ પાખંડ પ્રવર્તાવે છે જેનામાં વ્રત નહી, પચ્ચક્ખાણ નહી, તપ-સંયમ નહી, ચતુર્વિધ આહારનો ત્યાગ નહી, સામાયિકપણું નહી, તે પણ ઉપદેશ આપતા ફરે છે કે 'બસ, આત્માને ઓળખો તો જ બેડો પાર થઈ જશે ' આવા કુગુરુઓનું કામ જ એક પછી એકને પકડવાનું હોય છે આખરે આવા શિકારીઓ પોતે જ શિકાર બની જાય છે આવા કુગુરુ આત્માનું અહિત કરે છે સાચા સદ્ગુરુ મળવા દુર્લભ છે

આજે અમારા પરમ ઉપકારી મહાસતી શ્રી દિવાળીબાઈસ્વામીની પુણ્યતિથિ છે જેમણે જેમણે તેમના વ્યાખ્યાનો સાંભળ્યા હશે, તેમના કાનમાં એ વ્યાખ્યાનોના મીઠા સ્વરો ગૂંજતા હશે તેમના આત્મામાં જ્ઞાનની જ્યોતિ ઝળહળતી હતી શ્રી જવાહરલાલજી મહારાજના ગુરુ શ્રી લાલજી મહારાજે પોણોસો સાધુઓની પરીક્ષા લીધી હતી તેમાં શ્રી દિવાળીબાઈસ્વામીનો પહેલો નંબર હતો તેમને ૧૦૦ થોકડાઓ કંઠસ્થ હતા, ઘણા સૂત્રોના તે જ્ઞાતા હતા તેમને પંદરમે વર્ષે વૈરાગ્ય જાગ્યો અને વીસમે વર્ષે બા૦ બ્ર૦ સુરજબાઈસ્વામી પાસે તેમણે દીક્ષા લીધી જે કોઈ એમના સંસર્ગમાં આવતું તેને કોઈ ને કોઈ પ્રતિજ્ઞા લીધા વિના ચાલતું જ નહી વિહારમાં રસ્તો બતાવનારને રસ્તે ચાલતા ચાલતા પણ તેઓ ધર્મનું સ્વરૂપ સમજાવતા અને વ્રત-પચ્ચક્ખાણ આપતા. અમારા મોક્ષમાર્ગના ઉપદેશક અને અમારા જીવનના તેઓ ઉદ્ધારક

હતાં વાંકાનેરના ચાતુર્માસમાં અમોને અગિયારમે વર્ષે નાની ઉંમરમાં તેમનો બોધ લાગ્યો કારણ કે—

लज्जा-दया-संजम-बंभचेरं
कल्लाणगामिस्स विसोहिठाणं ।
जे मे गुरू सययमणुसासयंति
तेऽहं गुरू सययं पूययामि ॥

—દશવૈકાલિકસૂત્ર અ. ૯ ઉ. ૧ ગા. ૧૪

જેઓ લજ્જા દયા સંયમ અને બ્રહ્મચર્યના ધારણ કરનાર છે કલ્યાણના ઇચ્છુક છે અને જેઓ મને સદાય હિતની શિખામણ આપે છે એવા ગુરુને સદાસર્વદા પૂજવા-માનવા જોઈએ.

જેણે અવગુણ ટાળવાનો સાચો રસ્તો બતાવ્યો તેનો વિનય કરવો જ જોઈએ. તેમણે પોતે જ પાળેલા સંયમના બીજાની વારંવાર સંભાળ લીધી હતી. તેમણે વીતરાગની વાણી સિવાય અન્ય ભિન્ન મતાવલંબીના ઘણા પુસ્તકોનું વાંચન કર્યું હતું. એમના મુખમાં સદાય સિદ્ધાન્તની જ વાતો રમતી. તેમનું જ્ઞાન સચોટ હતું. તેઓ કહેતાં કે કામ [illegible] બહુ મીઠા છે પણ ભોગવતાં બહુ કડવા છે. જો તમને સંયમમાં મનનું દુઃખાતું હોય તો તેના મોંમાં હાથ નાખવા જેવી નહીં [illegible] પછી—ઝેરને ઝેર સમજ્યા પછી એને અડવું [illegible] નહીં. શ્રી દિવાળીબાઈસ્વામી અનેક મત-પંથોમાં [illegible] તેઓ કહેતાં કે સૂત્રમાં બધું છે પણ [illegible] એનું મર્મ તો ગુરુના હૃદયમાં હોય. મર્મ જાણે [illegible] આવા વીતરાગના માર્ગને દેખાડનાર બતાવનાર [illegible] બાવન વર્ષની ઉંમરે આડત્રીસ વર્ષનો સંયમ [illegible] તેમને અમુક રોગ થયા કર્મ દેહોને ભોગવવાં પડે છે

જ્ઞાની અજ્ઞાની જન સુખ દુઃખ વડે હોય,
જ્ઞાની વેદે જ્ઞાનમાં અજ્ઞાની વેદે રોય.

જ્ઞાની અને અજ્ઞાનીની બે જગ્યાએ ખબર પડે છે એક ખાટલે અને બીજી પાટલે અજ્ઞાની ખાવા માટે બેસે ત્યારે તેની રીત જોવા જેવી હોય છે, અને અજ્ઞાની બીમાર પડે ત્યારે તેની વેદના પણ જોવા જેવી હોય છે એ રડતા–પછડાતા દુઃખ ભોગવે છે શ્રી દિવાળીબાઈ-સ્વામીની આવી ભયકર બીમારીમા જ્યારે શ્રાવકો સુખસાતા પૂછતા ત્યારે તેઓ કહેતા, 'મારા દેહને કષ્ટ હશે, પણ મને નથી શરીર તો આત્માનુ પાડોશી છે પાડોશીના ઘરમા નુકસાન જાય, તેમા મારે શું ?'

દૂરદૂરથી લોકો પૂ દિવાળીબાઈસ્વામીનુ વેદન અને ઉદ્ગારો સાભળવા માટે આવતા હતા આમ પચપરમેષ્ઠીનુ ધ્યાન ધરતા ધરતા તેઓ શરીરની વેદનાને સહન કરતા હતા આવા ઉપકારી અને જ્ઞાની આત્માની પુણ્યતિથિના દિવસે જીવોમા ધર્મની જાગૃતિ આવે છે

સોનાચાદીના ગમે તેવા કીમતી વાસણોમા પાણી ઠડુ થતુ નથી, પણ માટીના ઘડામા જ પાણી શીતળ બને છે એ ઘડો કેટકેટલા કષ્ટો, તાપ અને ટપલા ખમીખમીને થયો છે ? કુભારે એને માટીના રૂપમાથી ઘડો બતાવતા સુધીમા કેટલી કસોટીમાથી પસાર કર્યો, ત્યારે જ એ બીજાની તરસ છિપાવવા યોગ્ય બન્યો

ગુરુ પ્રજાપતિ સરીખડા, ઘડ ઘડ કાઢે ખોટ,
ભીતર સે કર રાખ કે, ઉપર લગાવે ચોટ

ગુરુ પણ શિષ્યને વાકાચૂકા રહેવા દેતા નથી એમના ઘડતરમાં ખામી હોતી નથી ક્ષત્રિય ગજર્ષિએ સયતિ રાજાને પૂછ્યુ, 'તમારુ ચિત્ત આટલુ બધુ પ્રસન્ન છે, તો તમારા ગુરુ કોણ ? તમારુ નામ અને ગોત્ર કયુ છે ? આવો વિનય તમને કોણે શીખવાડ્યો છે ?' સયતિ રાજાએ ઉત્તર આપ્યો, 'મારા ગુરુ આચાર્ય ગર્દભાલી મુનિ છે મારુ ગોત્ર ગૌતમ છે અને મને લોકો સયતિ નામથી ઓળખે છે મારી પ્રસન્નતા મારા ગુરુએ આપેલા જ્ઞાનના કારણથી છે એમણે જ મને અભય આપ્યુ અને અભયદાન દેતા શીખવ્યુ છે'

ગુરુ સંસારના દીર્ઘ રોગમાંથી મુકાવનાર સાચા વૈદ્ય છે કર્મરૂપી શત્રુના કેસમાં લડીને જિતાવનાર સાચા વકીલ-બેરિસ્ટર છે ગુરુના ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી. તેમનામાં અનેક ગુણો હોય છે વરસાદની ધારાઓ, આકાશના તારાઓ અને રેતીના રજકણોની જેમ સંતના સદ્‌ગુણો અપાર હોય છે કહનારનુ પણ આયુષ્ય ખૂટે તે સંત.

પૂ. દિવાળીબાઈસ્વામીનો સંવત ૧૯૯૫ના માગશર સુદી ૧૧ના દિવસે કાળ થયો. તેઓ અમારા મોક્ષમાર્ગના પ્રણેતા, ધર્મનો સાચો રાહ બતાવનારાં ચારિત્રમાર્ગના સાચા હિમાયતી અને અમારા શિરછત્ર સમાન હતાં. ભવોભવમાં પણ અમે એમના ઉપકારનો બદલો વાળી શકીએ તેમ નથી. તેમની પુણ્યતિથિ નિમિત્ત આપણે ધર્મધ્યાન, નિયમ અને પચ્ચક્ખાણ કરીએ

ૐ શાન્તિ.

*

વ્યાખ્યાન : ૧૧૦

(મંગળવાર, તા. ૧૯-૧ ૬૪)

અહીં નાખે સિદ્ધાન્ત પ્રરૂપ્યા. ત્રણેય કાળમાં સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં દ્રૌપદીનો અધિકાર ચાલે છે રેક જીવન મરણ એ અપ્રિય વસ્તુ છે મનુષ્ય ભયંકર રોગમાં સપડાયો હોય ક ન કનિયાની કી લેનારા ડોક્ટરો ઇન્જેક્શનો લગાવતા હોય ગુણોના બાટલા ચડાવતા હોય તોપણ મનુષ્યને જીવવુ ગમે છે જ વુ એ જીવનશક્તિ છ જ્યા તમારે જીવવાની શક્તિનો આરોગ ર શરી ન ક વા છ ણુ ત ના આ મા છે એને જીવવા-મરવા પણ ર કયાં છ ? પછી મરણની આરતી નથી બીક શા માટે !

નહા મ ણની બીતિ ન ધર્મધ્યાનમા પ્રીતિ
ાતનુ ગ્રમ કરી નવ રોપ માદમામાન દૂર જ હે કે
નમ રયતન જીવી, ન ધમધ્યાનમા પ્રીતિ

જેને ધર્મધ્યાનમા પ્રીતિ હોય તે કદાપિ મરણથી ભય પામતો નથી ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે કે 'હે ભગવન ! **आयकम्मुणा उववज्जइ वा परकम्मुणा उववज्जइ ?**'—જીવ પોતાના કર્મથી હેરાન થાય છે કે પરના કર્મથી ? ભગવાન જવાબ આપે છે કે, '**गोयमा ! आयकम्मुणा उववज्जइ**'—હે ગૌતમ ! જીવ પોતાના જ કર્મથી હેરાન થાય છે ઇષ્ટ પ્રત્યેનો રાગ અને અનિષ્ટ પ્રત્યેનો દ્વેષ એ કર્મ-બધનમા કારણભૂત છે માટે ભગવાન કહે છે કે, '**नो लिप्पइ तेण मुणि विरागो**'—મુનિઓ રાગ અને દ્વેષમા લેપાતા નથી અને '**नत्थि मग्गो विरयस्स त्ति बेमि**'—વિરતને માટે મુક્તિ સિવાય બીજો માર્ગ નથી ઘટીના બે પડમા દાણા ઓરાતા જાય છે તેમા જે ખીલાને વળગી રહે છે તે બચી જાય છે અને વચ્ચે જાય છે તેના ભુક્કા ઊડી જાય છે માટે—

એકને વળગ્યા એટલા ઊગર્યા રે,

દાણાઓ બીજા પિસાય

એમ આ સસારમા રાગ-દ્વેષના બે પડ વચ્ચે જીવો પિસાઈ રહ્યા છે એમાથી ધર્મરૂપી ખીલાને વળગી રહેનાર જીવ ઊગરી જાય છે આવો જીવ વિચાર કરે છે કે હુ જેના પર રાગ કરુ છુ તેણે મારુ અનત વાર અહિત કર્યું છે અને જેના પર હુ દ્વેષ કરુ છુ તેણે મારુ અનત વાર હિત કર્યું છે, કારણ કે જીવ અનત વાર માબાપ, પતિપત્ની, પુત્રપિતા અને શત્રુમિત્રપણે જન્મી ચૂક્યો છે માટે રાગને છોડો અને ત્યાગને સ્વીકારો રાગ એ અંધકાર છે અને ત્યાગ એ પ્રકાશ છે સ્વાર્થી મમતી માણસ સારાસારને જોતો નથી ખાબોચિયાના પાણીની જેમ સાકડા હૈયામાથી નીકળેલી વાણી સ્વાર્થની ગંધવાળી જ હોય ને ? માટે તમારા મનના બગીચામા મૈત્રીનો છોડ વાવો

જગતના તમામ જીવોનુ કલ્યાણ થાવ, બધા પરસ્પર મિત્ર સમાન વર્તો, કોઈ કોઈનો દ્વેષ ન કરો—આવી જેના હૃદયમા ભાવના હોય તે કોઈને શત્રુ માનતો નથી સાચો શત્રુ તો તમારા દેહમા છે—

દુશ્મન છે તુજ દેહમાં. જો તમે અંદર ઊતરીને જોશો તો ખબર પડશે કે જે તમારાથી અનુકૂળ ન વર્તે એના પર તમને દ્વેષ થાય છે પરન્તુ એવાં નિમિત્ત તમને કેમ ભટકાણાં એનું કંઈ સૂઝે છે? અંદર રહેલું ઉપાદાન બહારના નિમિત્તને બોલાવે છે એ એક નહીં તો બીજા નિમિત્તને બોલાવશે માટે કર્મનું વિશ્લીકરણ કરો. કારણ કે ઉપાદાન પ્રમાણે જ નિમિત્તો મળે છે એક માણસ રસ્તે ચાલ્યો જતો હોય. એ જ રસ્તેથી સેંકડો માણસો નીકળી ચૂક્યા હતા ને બરાબર આ માણસ નીકળ્યો કે નળિયા પર બેઠેલો કાગડો ઊડ્યો. નળિયું એ માણસના માથામાં વાગ્યું ને એને પાટો બંધાવવો પડ્યો. તેમાં કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ અને પુરુષાર્થ એ પાંચેય સમવાય એકીસાથે ભેગા થઈ ગયા. લોકો આવીને તેને પૂછવા લાગ્યા કે તમને કેવી રીતે નળિયું વાગ્યું? ના તેણે જવાબ આપ્યો કે હું તો ચાલ્યો જતો હતો ત્યાં અણધાર્યું નળિયું ભેગું થઈ ગઈ! આવા વિચાર કરો કે આ પીડા ક્યાંથી સર્જાતી હતી કે અણધાર્યું હતી? તેવી જ રીતે નોકરી છૂટી જાય ત્યારે લાભાન્તરાય કર્મનો ઉદય સમજવો. જો આ કર્મનો ઉદય થયો ન હોય તો સાહેબને કોઈ ગમે તેટલું સમજાવે છતાં એ તમારા વિરુદ્ધ થાને જ નહીં માટે આ બધા કર્મના નિયમાનુસાર બરાબર સમજો. તમારા જ કરેલા દોષો તમને દુઃખરૂપ થઈને આવે છે. તમારા દોષો તમને ખૂંચે છે ખરા? કે પછી તમારામાં કોઈ દોષ જ નથી? શું તમે સર્વગુણસંપન્ન થઈ ગયા છો? ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો કે **सव्वगुणसंपण्णयाए णं भन्ते! जीवे किं जणयइ** —હે ભગવન્! જીવ સર્વગુણસંપન્ન બની જાય તો શું થાય? ભગવાન કહે છે કે સર્વગુણસંપન્ન જીવ મોક્ષમાં હોય. તમે તો અહીં છો માટે તમે સર્વગુણસંપન્ન તો નથી જ.

સંસારના અનુકૂળ-પ્રતિકૂળ નિમિત્ત તો મળવાનાં જ માટે રાગ-દ્વેષ ન થાય તે જ ખરું સત્ય. તમે ધર્મધ્યાન કરીશું તો એનું સત્ય ન કોઈ પરિણામ નથી. શુભાશુભ આચારમાં કઈ ધ્યાન કરતા નથી. દુઃખ આવે તો ધર્મ તરફ પ્રીતિ અને સંસાર

પર અરુચિ ઉત્પન્ન કરનારુ ઉત્તમ તત્ત્વ છે દુ ખ એ તો એક અવનવી ભેટ છે જો દુ ખ ન પડે તો જીવને જાગવાનો સમય આવે જ નહી સડવુ, પડવુ, બગડવુ અને નાશ થવુ એ જડ પરમાણુનો સ્વભાવ છે જીવનો પુરુષાર્થ ચેતનને ફેરવવામા કામ લાગે છે જડને ફેરવવામા જીવનનો પુરુષાર્થ કામ લાગતો જ નથી માટે હવે આ ભાજગડ કયા સુધી કર્યા કરશો ? નવેય તત્ત્વો જેમ છે તેમ સમજો એનુ જ નામ સમ્યગ્દર્શન છે તમારા હૃદયમા સાચી દૃષ્ટિ પ્રગટે, તો તમારા ઘણા પાપો ઓસરી જાય

દ્રૌપદી સમજે છે કે મારા ઉપાદાનકારણથી જ પદ્મનાભ રાજા નિમિત્ત બન્યો છે એમા મારો પોતાનો જ દોષ છે દ્રૌપદીના કહેવાથી પદ્મનાભ રાજાએ સ્ત્રીના કપડા પહેર્યા અને દ્રૌપદીદેવીને આગળ કરીને અને હાથમા ભેટ લઈને એ આગળ ચાલ્યો, પાછળ તેની સાતસો સ્ત્રીઓ ગીત ગાતી જતી હતી શ્રીકૃષ્ણમહારાજ પાસે આવીને તેમના ચરણોમા પડી ગયો શ્રીકૃષ્ણે કહ્યુ, 'હે રાજા ! તને એટલી પણ ખબર ન રહી કે મારી બહેન દ્રૌપદીનુ અપહરણ કરાવ્યુ ? જો તે પ્રથમ વિચાર કર્યો હોત, તો આ બધુ બનવા પામત ખરુ ? હવે આવે વેષે તુ મારા ચરણમા પડ્યો, માટે હુ તને અભય આપુ છુ, કારણ કે સ્ત્રીવેષ ધારણ કરનાર પર હુ હાથ ઉપાડતો નથી'

તમે તો ઘરમા જાવ છો ને સ્ત્રી ઉપર શૂરવીર બની જાવ છો. કદાચ તમને એના કામમા કચાશ લાગતી હોય, પણ વિચાર કરો કે જ્યારે તમે કુવારા હતા ત્યારે દસ છોકરીઓના કહેણ આવ્યા હતા તેમાથી આ છોકરી સાથે જ તમારુ સગપણ કેમ થયુ ? તમારા કલેશનુ એ નિમિત્ત શા માટે બની ? માટે એ પણ તમારા જ કર્મનુ પરિણામ છે માટે હવે તમે તેના જેવા ન થઈ બેસો તો જ તમારી બાજી સુધરે ! પણ તમે તો એની સામે લાલ અગારા જેવા બની જાવ છો

દૃષ્ટાન્ત—ધોબીઘાટ પર કપડા ધોતા એક ધોબીના છાટા ત્યા

સ્નાન કરતા એક સાધુ ઉપર પડી ગયા. સાધુમહારાજ તો નાહવું છોડીને ધોબીને ગાળો દેવા લાગ્યા. બીચારો ધોબી સાધુના પગમાં પડીને કહેવા લાગ્યો: મહારાજ ! આ ધોબીઘાટ છે અહીં નાહવાથી તો છાંટા જ ઊડે. તમારે જો છાંટા ન ઊડવા દેવા હોય તો બીજે ઠેકાણે જઈને નાહવું જોઈતું હતું. મારાથી છાંટા ઊડી ગયા તેની હું માફી માગું છું. છતાં સાધુમહારાજનો ક્રોધ ઉતર્યો નહીં. આખરે ધોબી સાધુના પગમાં પડ્યો ત્યારે સાધુ મહારાજે ક્રોધ ઉતાર્યો અને નાહવા લાગ્યા. આ તરફ કપડાંને ધોવાં પડતાં મૂકીને ધોબી પણ નાહવા લાગ્યો. સાધુએ પૂછ્યું: અને તો તારા છાંટા ઊડ્યા માટે હું ફરીવાર નહાઉં છું પણ તું કપડાં ધોવાં મૂકી દઈને શું કામ નહાય છે ? ધોબી બોલ્યો: મહારાજ ! આપ જ કહો છો કે ક્રોધ તો ચાંડાળરૂપ છે. આપે ક્રોધ કર્યો, માટે આપ ચાંડાળ બન્યા અને મારે તમારો સ્પર્શ કરવો પડ્યો તેથી મારે પણ નાહવું પડે છે.

ક્રોધનાં ફળ કડવાં છે ને સમતાનાં ફળ મીઠાં છે એવું તમે ક્યાંય વાંચ્યું છે ? વાંચ્યા પછી એ વાત તમને સાચી લાગતી હોય તો પછી ઘડીઘડીમાં ક્રોધ શું કામ કરો છો ? એવાં કડવાં ફળો ચાખી કરીને શા માટે દુઃખી થાઓ છો ? તમે તમારી જાત ઉપર ક્રોધ કરો છો. માની લઈએ કે [illegible] અપરાધી છે [illegible] તમે ક્રોધ કરીને એને સુધારી શકશો નહીં. ઊલટું [illegible] તમારો ને એ બીજાનો સંબંધ બગડે બગડે તો ના એક [illegible] પૂરતા છે માટે પ્રેમ પાનું નભાવી લો.

શ્રી [illegible] ભગવાન [illegible] પાસેથી દીક્ષા લઈને પવિત્ર જીવવાને [illegible] દીધી અને [illegible] ઘણા ભવોમાં તેઓ ગણતા ગયા. પરાત્પર [illegible] ભરતક્ષેત્રની ચંપાપુરીમાં મુનિસુવ્રત નામના [illegible] તીર્થંકરદેવ વિરાજમાન હતા અને [illegible] હતા. ધાતકીખંડના [illegible] નામના [illegible] હતા. ત્યારે શ્રીકૃષ્ણ

વાસુદેવનો પાચજન્ય શખ વાગ્યો ત્યારે કપિલ વાસુદેવના મનમા થયુ કે મારા જેવો જ શખનાદ કરનાર કોઈ બીજો વાસુદેવ પ્રકટ થયો કે શુ ? કપિલ વાસુદેવના મનનો આ અધ્યવસાય તીર્થંકરદેવે જાણી લીધો આથી તેમણે પૂછ્યુ, 'કપિલ વાસુદેવ ! ધર્મદેશના સાભળતા તમને આવો સકલ્પ થયો ?' કપિલ વાસુદેવે વદના કરીને કહ્યુ, 'હા પ્રભુ ! આપની વાત સાચી છે' આથી મુનિસુવ્રતસ્વામીએ પદ્મનાભ રાજાએ દ્રૌપદીનુ અપહરણુ કરાવ્યુ ત્યાથી લઈને શ્રીકૃષ્ણ વાસુદેવ આવ્યા હતા ત્યાસુધીની બધી હકીકત કહી સભળાવી આથી કપિલ વાસુદેવને એમ થયુ કે 'જબૂદ્વીપના શ્રીકૃષ્ણ વાસુદેવ અનાયાસે મારા ખડમા પધાર્યા છે, માટે હુ તેમને મળુ અને તેમનુ સ્વાગત કરુ' આવો તેના મનનો ભાવ તીર્થંકરદેવ જાણી ગયા તેઓ તેને શુ કહેશે તે અવસરે

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૧૧૧

(બુધવાર, તા ૩૦-૧૦-૬૪)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે શ્રીકૃષ્ણ અને પાચ પાડવોના રથો લવણસમુદ્રના માર્ગે ચાલતા થયા કપિલ વાસુદેવના મનમા સકલ્પ થયો કે મારા સમાન પદવી ધરાવનારા જબૂદ્વીપના કૃષ્ણ વાસુદેવને હુ મળુ અને તેમનો સત્કાર કરુ પરતુ તીર્થંકરદેવે તેને અટકાવતા કહ્યુ, 'ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળમા બે તીર્થંકર, બે ચક્રવર્તી, બે વાસુદેવ આદિ ભેગા થઈ શકે નહી' આમ છતા કપિલ વાસુદેવનો ઉત્સાહ અટકી શક્યો નહી આથી એ

જવા તૈયાર થયો. તીર્થંકરદેવે કહ્યું કે તમને કૃષ્ણના સુદેવ મળશે નહીં માત્ર તેમના રથની પીળી ને પીળી એ ધ્વજનાં તમને દર્શન થશે. કપિલ વાસુદેવ હાથી પર બેસી ખૂબ વેગથી આગળ ચાલ્યા છેક લવણસમુદ્રના કિનારે પહોંચ્યા પણ કૃષ્ણ વાસુદેવના રથ તો ઘણે દૂર નીકળી ગયા હતા. માત્ર શ્રીકૃષ્ણમહારાજના રથની પીળી ને પીળી ધ્વજ જોવામાં આવી. કપિલ વાસુદેવે પોતાનો શંખનાદ કરીને શ્રીકૃષ્ણ વાસુદેવને કહ્યું કે કપિલ વાસુદેવ હું આપનું સ્વાગત કરવા ઈચ્છું છું આપ પાછા ફરો ને અમારું સ્વાગત સ્વીકારો. આ શંખનાદનો શબ્દ સાંભળીને શ્રીકૃષ્ણે પોતાના પાંચજન્ય શંખના નાદ દ્વારા જણાવ્યું કે અમારે મોડું થયું છે તમારા સ્વાગતના ઉત્સાહ માટે આભારી છીએ. બન્ને વાસુદેવોના સામસામા શંખનાદો થયા તે પણ આ જગતનું મોટું આશ્ચર્ય છે. કારણ કે બે વાસુદેવના શંખનાદે શંખનાદ પણ ક્યારેય કાળમાં સાથે મળતા નથી.

કપિલ વાસુદેવ ત્યાંથી પાછા ફર્યા અને અમરકંકા નગરીની ખબર લેવા આવ્યા. આવીને જોયું તો આખી નગરી છિન્નભિન્ન થઈ ગયેલી હતી. કપિલ વાસુદેવે પદ્મનાભ રાજાને બોલાવીને પૂછ્યું આ નગરી કેમ છિન્નભિન્ન થઈ ગઈ છે? પદ્મનાભ રાજાએ આંસુ લૂછીને સાચો જવાબ આપતા કહ્યું મહારાજ! જંબૂદ્વીપની દ્વારિકાનગરીના વાસુદેવ કૃષ્ણ આપનું રાજ્ય છીનવી લેવા માટે અહીં આવ્યા હતા. આ આખી નગરી નષ્ટ થઈ જવા પહેલાં મેં યુદ્ધ કરીને તેમને પાછા હટાવી દીધા અને મારા અતુલ વીર્ય પરાક્રમનો મેં તેમને બરાબર સ્વાદ ચખાડી દીધો છે. આવી મિથ્યા વાત સાંભળીને કપિલ વાસુદેવ ગુસ્સે થઈને બોલ્યા અરે મિથ્યાભાષી પદ્મનાભ રાજા! સાચી વાતને છુપાવીને તું મરી આગળ બનાવટી વાત શા માટે કરે છે? શું તેં પાંડવોની પત્ની આ દ્રૌપદીનું પૂર્વસંગતિમિત્રદેવ દ્વારા અપહરણ નહોતું કરાવ્યું? એ સતીને બચાવવા આવેલા શ્રીકૃષ્ણ વાસુદેવના શસ્ત્રોમાં આવીને તું શરણાગત નહોતો થયો? મારા રાજ્યમાં સતિ

તુ આવી અનીતિ, અધર્મ ને અત્યાચાર કરે છે ? અને સામેથી તારા પરાક્રમની વાત ઉપજાવી કાઢે છે ? ભૂલ કર્યા પછી એને છુપાવવાનો મારી આગળ પણ પ્રયાસ કરે છે ?'

> ભૂલ કરો તો ભલે કરો, પણ છુપાવવા માટે—
> યુક્તિ શોધશો મા, ખોટુ બોલશો મા,
> ડહાપણ ડોળશો મા, નીતિ ચૂકશો મા

જે મનુષ્ય ભૂલ જ ન કરે તે ઉત્તમોત્તમ છે, ભૂલ કર્યા પછી સુધારી લેનાર મધ્યમ છે અને ભૂલ કર્યા પછી તેને છુપાવનાર મનુષ્ય અધમમા પણ અધમ છે આને '**मायामोसो**'—કપટ કરીને છુપાવવાનુ પાપ કહેવામા આવે છે આવા અધમ મનુષ્યને આ લોકમા અને પરલોકમા—નારકીના ભવમા અનેક કષ્ટો ભોગવવા પડે છે પરમાધામી દેવો તેની જીભ ખેચી લે છે આવા પાપી જીવને આ લોકમા પણ દુ ખો ભોગવવા પડે છે પદ્મનાભ રાજાને કપિલ વાસુદેવે તરત જ હદપાર થવાનો હુકમ આપ્યો, અને તેના પુત્રને અમરકકા નગરીનુ રાજ્ય સોપી દીધુ પાપી મનુષ્યને ક્યાય ઠેકાણુ મળતુ નથી

જેણે પોતાના કરેલા પાપને ઢાક્યા હોય ને પુણ્યને પ્રદર્શનમા મૂક્યા હોય—ઉઘાડા કર્યા હોય તેની દશા પદ્મનાભ રાજા જેવી થાય છે તમને તમારા કરેલા પાપોનો પશ્ચાત્તાપ થાય છે ? એક ભક્ત કહે છે કે—

> રૂવે રૂવે ભર્યાં પાપ, પ્રભુજી મારે રૂવે રૂવે ભર્યા પાપ રે,
> કિયુ વિધિ હવે હુ ઊગરુ, પ્રભુ શરણ ગ્રહ્યુ મે આજ રે
> શરણ ગ્રહ્યુ મે આજ પ્રભુજી મારા ! શરણ ગ્રહ્યુ મે આજ રે,
> મારી બેલડીને બૂડવા ના દિયો પ્રભુ, શરણ ગ્રહ્યુ મે આજ રે

હે મારા પ્રભુ ! મારા માથાના વાળ ગણવા હોય તો ગણી શકાય છે, પરતુ મારા પાપ ગણ્યા ગણાય તેમ નથી હવે તો મે તારુ શરણુ સ્વીકાર્યું છે, માટે મારી નાવ ડૂબે નહી તેમ કર જે !

તમે સમજતા થયા ત્યારથી લઈને અત્યાર સુધીમાં તમે કેટલાં પાપો કર્યાં છે તેનો સરવાળો માંડ્યો છે કોઈ વાર ? તમે તમારા દિલને પૂછી જુઓ કે કેટલા સાધુઓ અને જ્ઞાનીઓ ઉપર દ્વેષ કર્યો છે !

ગુણીનો કરીયો ખાર પ્રભુજી મારા ગુણીનો કરીયો ખાર જી
આજનાં આળ ઓઢાડિયાં પ્રભુ શરણ ગ્રહ્યું મેં આજ જી

ભગવાન કહે છે ગુણિષુ પ્રમોદમ્ — ગુણવાનોને જોઈને તમારામાં પ્રમોદભાવ આવવો જોઈએ. તેને બદલે કેટલાક ગુણવાનો અને જ્ઞાનીઓ ઉપર મિથ્યા દોષારોપણ કરે છે એની બાબતમાં તે જોઈ શકતા નથી, છતાં બચાવમાં એ કહે છે કે મેં તો સારા માણસ પાસેથી સાંભળ્યું છે ! માટે એવા જોયા વિનાના આજના આરોપો મૂકશો નહીં ભગવાન કહે છે કે અઢાર પાપસ્થાનો ૮૫, તપ સંયમ, વ્રત-પચ્ચક્ખાણ, વૈરાગ્ય આદિથી તોડી શકાય છે પરંતુ 'અભ્યાખ્યાન (કોઈના ઉપર મિથ્યા આળ ચઢાવવા)નું પાપસ્થાન કોઈપણ સાધના કરવાથી તોડી શકાતું નથી. કોઈને આળ ચઢાવ્યું હોય તેવું પાપ તો પોતાના ઉપર એવું જ આળ ચડે ત્યારે જ ઉતરે છે. માટે બીજાનો કદી ઉજ્જના ન બનશો. પદ્મનાભ રાજાએ પાપકર્મ કર્યું અને તેને છુપાવ્યું ત્યારથી એ પશ્ચાત્તાપ થઈ ગયો. પદ્મીના સંગનું કેવું ભૂંડું પરિણામ આવ્યું ? દુરાચારી મનુષ્ય જ્યાં જાય ત્યાં દુઃખ પામે છે પોતાનું પાપ પોતાને પીડા આપે છે જ્ઞાનીઓ કહે છે કે—

જીવ તને નહિ કળી આવે ને એની વાત મોરે સ્વામ જી
પૂનેમ મામા એન ખાવા દોડમે જોખમ આડે નામ જી
જીવ ! તું કાળાં કરીશ નહીં કામ જી
કાળાં કર્મોના ન કે કામ નહિ તો તારો વિસાઈ જાશે રામ
જીવ તું

આખા શરીર મળ્યાં એક નોકાનું નાક તો શું આવી શકે ? એમ સંયમ વિનાના જીવની કોઈ કિંમત નથી. આજના પરિણામ ..... આ એ સે નહીં અને ઘા એરસે ન

તુ ત્યા નહી જતો એ માયાનો સગ કરવા જેવો નથી પદ્મનાભ રાજા છુપાવવા ગયો ને છતા એના પાપ છુપાવ્યા છુપાઈ શક્યા નહી અભિમાનમા જે અધ છે તેની બુદ્ધિના બારણા બધ છે

દાટયા હશે ત્યાથી ડોકિયા કરશે, કપટ તણા એ કામ જી,

' કાગ ' ત્યા તે ઉઘાડા પડશે, ને રોશે આતમરામજી જીવ તુ

જેણે કાળા કૃત્યો છાના છાના કર્યો હોય તેને છાના કેન્સર થાય છે પછી એ કોઈને કહી પણ શકતો નથી ને સહી પણ શકતો નથી. આવા અનેક પાપોનુ ફળ ભગદર, જળોદર, કેન્સર વગેરે રોગોમા ભોગવ્યા વિના છૂટકો નથી માટે પાપ કરતા પાછુ વાળીને જોજો પાપ ભોગવતી વખતે કેટલાયને રડવા માટે આસુનો સ્ટોક ઓછો પડે છે, કેટલાયે ગળે ફાસો કે અફીણ આદિ ઝેર ખાઈને ઊથી જાય છે ને કેટલાય પોતાને હાથે પિસ્તોલની ગોળીથી ઠાર થઈને પોઢી જાય છે

કપિલ વાસુદેવ પોતાને સ્થાને ચાલ્યો ગયો શ્રીકૃષ્ણ તથા પાડવોના રથો લવણસમુદ્રને કિનારે પહોચી ગયા શ્રીકૃષ્ણે પાડવોને કહ્યુ, ' તમે તમારા રથમા બેસીને જાવ રસ્તામા ગગા નદી આવશે ત્યા એક હોડી હશે તે દ્વારા સામે કિનારે પહોચીને હોડી પાછી મોકલજો અને મારી રાહ જોજો હુ લવણસુસ્થિતદેવ પાસે જઈને તેનો આભાર માનીને તમને આવી મળુ છુ ' શ્રીકૃષ્ણમહારાજ લવણસુસ્થિતદેવ પાસે ગયા અને પાડવો આગળ ચાલતા થયા ગગાનો કિનારો આવતા તેમા પડેલી નાવમા પોતપોતાના રથ મૂકીને તેઓ સામે કિનારે પહોચ્યા કિનારા પર આવીને પાડવોના મનમા એક કુવિચાર જાગ્યો ગગાની અદર પડેલી નાવને તેમણે ડુબાડીને સતાડી દીધી હવે શ્રીકૃષ્ણ ગગામાથી કેવી રીતે અહી આવી શકશે એ જોવા માટે તેઓ કિનારા પર ઊભા રહ્યા

લવણસુસ્થિતદેવનો આભાર માનીને શ્રીકૃષ્ણમહારાજ રથમા બેસીને ગગાકિનારે આવ્યા ત્યા નાવ તેમના જોવામા આવી નહી તેમને આશ્ચર્ય થયુ કે નાવ વિના પાડવો કેવી રીતે સામે કિનારે ગયા હશે ? શુ સાડાબાસઠ યોજનનો ગગાનો પટ તેઓ પોતાના બળથી તરી ગયા હશે ?

તમે સમજતા થયા ત્યારથી લઈને અત્યાર સુધીમાં તમે કેટલાં પાપો કર્યાં છે તેનો સરવાળો માંડ્યો છે કોઈ વાર? તમે તમારા હૈયાને પૂછી જુઓ કે કેટલા સાધુઓ અને જ્ઞાનીઓ ઉપર દ્વેષ કર્યો છે!

ગુણીનો કીધો ખાર પ્રભુજી મારા ગુણીનો કીધો ખાર જી
અછતાં આળ ઓઢાડિયાં પ્રભુ શરણ ગ્રહ્યું મેં આજ જી

ભગવાન કહે છે **ગુણિષુ પ્રમોદમ્** — ગુણવાનોને જોઈને તમારામાં પ્રમોદભાવ આવવો જોઈએ. તેને બદલે કેટલાક ગુણવાનો અને જ્ઞાનીઓ ઉપર મિથ્યા દોષારોપણ કરે છે એવી આત્માઓ તે જોઈ શકતા નથી. છતાં અભાવમાં એ કહે છે કે મેં તો સારા માણસ પાસેથી સાંભળ્યું છે! માટે એવા જોયા વિનાના અછતા આરોપો મૂકશો નહીં. ભગવાન કહે છે કે સત્તર પાપસ્થાનો જપ, તપ, સંયમ, વ્રત-પચ્ચક્ખાણ, વૈરાગ્ય આદિથી તોડી શકાય છે પરંતુ 'અભ્યાખ્યાન (કોઈના ઉપર મિથ્યા આળ ચઢાવવા)નું પાપસ્થાન કોઈપણ સાધના કરવાથી તોડી શકાતું નથી. કોઈને આળ ચઢાવ્યું હોય તેનું પાપ તો પોતાના ઉપર એવું જ આળ ચડે ત્યારે જ ઉતરે છે માટે બીજાનો કચરો ઉઠાવશો ન ધોશો. પદ્મનાભ રાજાએ પાપકર્મ કર્યું અને તેને છુપાવ્યું આથી એ પથભ્રષ્ટ થઈ ગયો. પરસ્ત્રીના સંગનું કેવું ભૂંડું પરિણામ આવ્યું! દુરાચારી મનુષ્ય જ્યાં જાય ત્યાં ધક્કા ખાય છે. પોતાનું જ પાપ પોતાને પીડા આપે છે. જ્ઞાનીઓ કહે છે કે—

જીવ જાય નહીં કળ આવે ને એની કથા મોટે સ્વામ જી
ધૂતેલ ખાધા એને ખાવા દોરશે જોખમ આડે નમ જી
જીવ! તું ભલાં કરીશ નહીં કામ જી
ભલાં કરીશ નહીં કામ, નહીં તો તારો રિસાઈ જશે રામ.
...જીવ તું

આખા શરીરમાંથી એક તોલાનું નાક જાય તો શું બાકી રહે? એમ સદાચાર વિનાના જીવનની કંઈ કિંમત નથી. માયાના પરિણામ જીવને દુર્ગતિમાં ફેંકી દે છે. મા એટલે નહીં અને યા એટલે જે.

તુ ત્યા નહી જતો એ માયાનો સગ કરવા જેવો નથી પદ્મનાભ રાજા છુપાવવા ગયો ને છતા એના પાપ છુપાવ્યા છુપાઈ શક્યા નહી અભિમાનમા જે અ ધ છે તેની બુદ્ધિના બારણા બધ છે

દાટચા હશે ત્યાથી ડોકિયા કરશે, કપટ તણા એ કામ છ,
' કાગ ' અ તે ઉઘાડા પડશે, ને રોશે આતમરામજી જીવ તુ

જેણે કાળા કૃત્યો છાના છાના કર્યા હોય તેને છાના કેન્સર થાય છે પછી એ કોઈને કહી પણ શકતો નથી ને સહી પણ શકતો નથી આવા અનેક પાપોનુ ફળ ભગદર, જળોદર, કેન્સર વગેરે રોગોમા ભોગવ્યા વિના છૂટકો નથી માટે પાપ કરતા પાછુ વાળીને જોજો પાપ ભોગવતી વખતે કેટલાયને રડવા માટે આસુનો સ્ટોક ઓછો પડે છે, કેટલાયે ગળે ફાસો કે અફીણ આદિ ઝેર ખાઈને ઊધી જાય છે ને કેટલાય પોતાને હાથે પિસ્તોલની ગોળાથી ઠાર થઈને પોઢી જાય છે

કપિલ વાસુદેવ પોતાને સ્થાને ચાલ્યો ગયો શ્રીકૃષ્ણ તથા પાડવોના રથો લવણસમુદ્રને કિનારે પહોચી ગયા શ્રીકૃષ્ણે પાડવોને કહ્યુ, ' તમે તમારા રથમા બેસીને જાવ રસ્તામા ગ ગા નદી આવશે ત્યા એક હોડી હશે તે દ્વારા સામે કિનારે પહોચીને હોડી પાછી મોકલજો અને મારી રાહ જોજો હુ લવણસુસ્થિતદેવ પાસે જઈને તેનો આભાર માનીને તમને આવી મળુ છુ ' શ્રીકૃષ્ણમહારાજ લવણસુસ્થિતદેવ પાસે ગયા અને પાડવો આગળ ચાલતા થયા ગ ગાનો કિનારો આવતા તેમા પડેલી નાવમા પોતપોતાના રથ મૂકીને તેઓ સામે કિનારે પહોચ્યા કિનારા પર આવીને પાડવોના મનમા એક કુવિચાર જાગ્યો ગ ગાની અ દર પડેલી નાવને તેમણે ડુબાડીને સ તાડી દીધી હવે શ્રીકૃષ્ણ ગ ગામાથી કેવી રીતે અહી આવી શકશે એ જોવા માટે તેઓ કિનારા પર ઊભા રહ્યા

લવણસુસ્થિતદેવનો આભાર માનીને શ્રીકૃષ્ણમહારાજ રથમા બેસીને ગ ગાકિનારે આવ્યા ત્યા નાવ તેમના જોવામા આવી નહી તેમને આશ્ચર્ય થયુ કે નાવ વિના પાડવો કેવી રીતે સામે કિનારે ગયા હશે ? શુ સાડાબાસઠ યોજનનો ગ ગાનો પટ તેઓ પોતાના બળથી તરી ગયા હશે ?

હવે શું કરવું ! શ્રીકૃષ્ણ મહારાજમાં અદ્ભુત બળ હતું. તેમણે ઘોડા અને સારથિ સહિત રથને પોતાના એક હાથમાં રાખ્યો અને એક હાથે તેઓ તરતાં તરતાં આગળ જવા લાગ્યા. ગંગાનો કિનારો હવે થોડેક જ દૂર રહ્યો અને શ્રીકૃષ્ણ તરતાં તરતાં થાકી ગયા. આખે શરીરે પરસેવો વળી ગયો. એમને વિચાર થયો કે અહો આશ્ચર્ય ! પાંડવો મહા બળવાન કે એક હાથે ગંગા નદી ઊતરી ગયા ! કૃષ્ણ વાસુદેવ થાકી ગયા છે એવું જાણીને ગંગાદેવીએ એ નદીના પ્રવાહની વચ્ચે જ એક બેટ બનાવી દીધો. એ બેટ પર શ્રીકૃષ્ણે પળભર આરામ લીધો. પછી તેઓ પાછા ગંગામાં તરતા તરતા આગળ વધવા લાગ્યા. જ્યાં પુરુષ પાધરા હોય ત્યાં દેવો પણ હાજર થાય.

ભગવાને સાધુઓને શ્રમજીવી કહ્યા છે એમ છતાં આજે તો સાધુઓ ગૃહસ્થો પાસે વૈયાવચ્ચ કરાવે છે. શ્રીકૃષ્ણ આપબળથી સામે કિનારે પહોંચ્યા અને ત્યાં ઊભેલા પાંડવોને પૂછ્યું : તમે કેવી રીતે ગંગામાંથી અહીં આવી શક્યા ? પાંડવોએ હસતાં હસતાં કહ્યું : અમે તો નાવ દ્વારા તરીને જ અહીં આવ્યા. પણ અમને એ જોવાની ઇચ્છા થઈ કે આપ નાવ વિના કેવી રીતે આવી શકો છો ? માટે અમે નાવને સંતાડી દીધી હતી.

પાંડવોની આવી ક્રૂર મશ્કરી જોઈને શ્રીકૃષ્ણમહારાજ ક્રોધમાં આવી ગયા. નાની ગરસમ જ ક્યારેક મોટી આપત્તિ આણે છે. તેમણે કહ્યું : પાંડવો ! તમે આ બહુ ખોટું કામ કર્યું છે. પદ્મનાભને હરાવતી વખતે તમે મારું બળ જોયું ન હતું ! હવે તમારે મારું બળ જોવું હોય તો હું તમને હમણાં જ બતાવું છું. આમ કહીને તેમણે લોહદંડ હાથમાં લીધો અને ક્રોધથી પાંડવોના ઉપર તેઓ પ્રહાર કરવા તૈયાર થયા.

ટાઈમ થયું કે બાજી પૂરી થઈ ગઈ છે. આથી એ વાર્તાનો બાકીનો ભાગ હવે આગળ ઉપર કોઈ અવસરે.

ૐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૧૧૨

(ગુરુવાર, તા ૩૧-૧૦-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય લોકમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે દ્રૌપદીદેવી શ્રીકૃષ્ણમહારાજને વીનવવા લાગ્યા કે 'મારા પતિઓએ આપનો અપરાધ કર્યો છે આપે અમારા ઘણા ઘણા ઉપકાર કર્યા છે આપનુ બળવીર્ય અમોઘ છે માટે હવે આપનો ક્રોધ શાન્ત કરો અમે આપની ક્ષમાયાચના કરીએ છીએ' પરતુ શ્રીકૃષ્ણે કહ્યુ, 'બહેન! પાડવોએ કહેલા વચનો હુ ભૂલી શકુ તેમ નથી મે જે લોહદડ હાથમા લીધો છે તે મારો ક્રોધ ઊતર્યા વિના નીચે મુકાશે નહી'

'દ્રૌપદી તારા પતિના વેણ કે ક્ષણ ક્ષણ સાભરે રે લોલ'

દ્રૌપદીએ પાડવોને રથમાથી નીચે ઉતાર્યા અને શ્રીકૃષ્ણે ક્રોધથી ઉગામેલો લોહદડ એમના પાચેય રથો પર પડયો આથી પાચેય રથો ચૂર્ણ બની ગયા ક્રોધપૂર્ણ શબ્દોથી શ્રીકૃષ્ણે પાડવોને કહ્યુ, 'તમે મારા બળ, વીર્ય અને ઐશ્વર્યને ઓળખી શક્યા નહી અને નાવને સતાડી દઈને મારી મશ્કરી કરી તેથી હુ તમને દેશનિકાલ કરુ છુ' આમ કહીને શ્રીકૃષ્ણે પોતાના રથને દ્વારિકાનગરી તરફ પાછો વાળ્યો પાડવો નીચે મોઢે પગે ચાલીને હસ્તિનાપુરમા આવ્યા દ્રૌપદીને પાછી લાવવા-થી હસ્તિનાપુરની પ્રજા અને બધા રાજી થયા, પણ પાડવો ઉદાસ-ચિત્તે અતપુરમા આવ્યા અને પાડુ રાજાને તથા કુતાજીને બધી વાત

કરી. આ સાંભળીને કુંતાજી બોલ્યાં : તમે બહુ ખોટું કામ કરી નાખ્યું છે. શ્રીકૃષ્ણે કરેલા ઉપકારનો બદલો તમે અપકારથી વાળ્યો છે. અને તો અપકારી પર ઉપકાર કરવો જોઈએ.

પાંડુ રાજાએ કુન્તાજીને કહ્યું : તમે જલદીથી શ્રીકૃષ્ણમહારાજ પાસે પહોંચી જાવ અને આ દુનિયામાં ક્યાંય આપણું સ્થાન રહે તેવું કરો. કુંતાજીએ દ્વારિકાનગરી તરફ જવા માટે હાથી તૈયાર કર્યો અને હસ્તિનાપુરમાંથી દ્વારિકા જવા તૈયાર થયાં.

એક વડના બીજમાં અનંત વડો, એક ગોટલીમાં અનંત આંબાઓ અને એક આત્મામાં અનંત આત્મશક્તિઓની સત્તા પડેલી છે. જીવ આવી અનેક ભૂલો કરીને કર્મનાં બીજ વાવતો હોય છે. એને બીજ વાવતી વખતે કર્મનાં ફળોનો ખ્યાલ રાખવો જોઈએ. જ્ઞાનીઓ કહે છે કે—
As you sow so shall you reap—જેવું કરશો તેવું પામશો.

ભૂલ કર્યા છે તારી એની કર ને તપાસ રે
સમતાએ એ ભૂલ સુધાર તું અંતર ધરીને ઉલ્લાસ રે
મા મા હાથે કરીને નરભવ રત્ન સમાન રે,
ખો મા હાથે કરીને

જશે તેમ તેમ દુષ્ટ ભાવો તમારામાંથી પલાયન થતા જશે એકલી વાતોના વડાથી તમારુ પેટ ભરાવાનુ નથી **'वत्थुसहावो धम्मो'**— વસ્તુનો સ્વભાવ તે ધર્મ સ્વમા રમણ કરવુ એ આત્માનો સ્વભાવ છે મગજના લોહીને છણછણતુ કરી મૂકવુ એ આત્માનો ધર્મ નથી એમ છતા ક્રોધ થઈ જાય છે, એ તમારા આત્માની નબળાઈ છે આમ ક્યારે થાય ? ક્રોધ એ વિભાવ છે ને ક્ષમા એ સ્વભાવ છે, એમ સમજાય તો ક્રોધ થતો અટકે ગુણ અને ગુણીનો અભેદ છે ગુણને ધારણ કરનાર દ્રવ્ય છે ગુણ વિનાનુ દ્રવ્ય કહેવાય નહી, કારણ કે **'गुणपर्यायवद् द्रव्यम्'** માટે કોઈપણ જાતની ભૂલ કે ભ્રાન્તિ વિનાના થવુ હોય, તો અરિહતના પ્રરૂપેલા માર્ગે પ્રસ્થાન કરો અરિહતને સેવો તો અરિહત જેવા થવાય અને ભોગીને સેવો તો ભોગી જેવા થવાય. વિષયકષાયોથી નરઓળ હોય તેવા કરોડપતિની સેવા મોક્ષેચ્છુઓ કરતા નથી મોક્ષાર્થી જીવોને કરોડોની કિમત નથી, પરતુ ગુણની કિમત છે આવા ગુણગ્રાહી જીવોને ચક્રવર્તી અને વૈમાનિકની ઋદ્ધિ પણ તરણા સમાન લાગે છે

અબજોપતિને પણ અદર લા'ય લાગી છે, કારણ કે સુખ ધન કે વૈભવોમા નથી, પણ આત્મામા છે,

नाव सुहि देवता देवलोये, नवि सुहि पुढवीवई राया।
नवि सुहि सेट्ठसेणावइयं, एगंतसुही मुणी वीतरागी॥

ચક્રવર્તીઓ અને દેવતાઓ સુખી નથી, માત્ર વીતરાગી મુનિઓ જ સાચા સુખી છે માટે ભગવાન કહે છે કે અમે તમને જે પથ્ય બતાવીએ તેને તમે છોડી દેશો નહી. જે વસ્તુ ખાવાની નથી એને ખાશો, તો એ ફૂટી નીકળશે ભગવાનની વાણી રસાયન સમાન છે રસાયનને બહુ ઓછા પ્રમાણમા પણ લેવાથી રોગનો નાશ થઈ જાય છે, પરતુ પથ્ય પાળવામા ભૂલ થાય તો ? તો એ રસાયન ફૂટી નીકળે કે નહી ? ભગવાન કહે છે કે આરભ અને પરિગ્રહ એ કુપથ્ય છે, પરતુ ભગવાન જેની ના પાડે છે તેને તો તમે હોંસે હોંસે કરો છો.

શિકારીઓ સસલાંને ને હરણોને મારવા આવે અને ગામના મહાજનો તેને અટકાવતા કહે કે તમે અમારા ગામની હદમાં શિકાર કરશો નહીં મતલબ કે આ ગામની હદમાં બધાં જ પ્રાણીઓને અમે અભય આપ્યું છે તો શિકારીઓ જવાબ આપે કે તમારા ગામની હદમાં અમે શિકાર નહીં કરીએ તો બીજા ગામની હદમાં શિકાર કરીશું એમ કહી અન્ય હદમાં પાસલાઓ રચે છે

આ તો અગાઉના મહાજનોની વાત છે આજે તો તમે બધા મહાજનો બેઠા છો ને તમારી સરકાર વાંદરાં કૂતરાં મચ્છર અને માછલાંને મારવાની યોજનાઓ ઘડે છે ત્યાં પ્રજાકીય સરકાર મહાજનોનું માનતી નથી, [illegible] તાત્ત્વમાં રમનારા શેઠિયાને એક દી જરૂર પસ્તાવું પડશે. [illegible] શિકારીઓથી રક્ષા કરવા માટે મહાજને પોતાની હદમાં દોરી બાંધી ને મૃગલાઓ તે દોરી ઠેકી ઠેકીને પાસલામાં પડવા ગયા તેમ [illegible] પોતાના [illegible] પાશમાં ફસાઈ જશે. સમજવાનું એ છે કે આ બધી ધર્મ માનનારા પાખંડીઓનો સંગ કરશો નહીં અને તેવી [illegible] અને વીતરાગના કથનની દોરી ટપી [illegible] એ જ સામાજિક સુખનો [illegible]

પણ કર્મની ગતિ ગહન છે એક રાજાને ત્યા પુત્ર જન્મે ને આખુ રાજ્ય ઘેરઘેર ઉત્સવો ઊજવે અને બધાને મિષ્ટાન્નો વહેચાય. એ જ સમયે એક વાઘરીને ત્યા પુત્રનો જન્મ થાય, તો તેને ગળથૂથી પાવા માટે પણ ભીખ માગવા જવુ પડે બન્ને એકસાથે જન્મ્યા, છતા બન્નેના ભાગ્યમા કેટલો બધો ફેર છે?

'એક વેપારી એક વાઘરી, પ્રત્યક્ષ પટતરે જોય'

માટે આ કર્મના નિયમોને અને મહત્ત્વને જાણો પાંડવોએ જાણી જોઈને શ્રીકૃષ્ણની મશ્કરી કરી, તેથી તેમને શ્રીકૃષ્ણના કોપપાત્ર બનવુ પડયુ પાડુ રાજાના કહેવાથી કુતાજી હાથી ઉપર બેસીને દ્વારિકા નગરી તરફ ચાલતા થયા

ॐ શાન્તિ

*

વ્યાખ્યાન : ૧૧૩

(શુક્રવાર, તા ૧-૧૨-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે. મહાપુરુષોની કરેલી અવહેલનાનુ ફળ તુરત જ મળે છે પાડવોને દેશનિકાલ કર્યો પછી હવે ક્યા રહેવુ એની ચિન્તા થઈ પડી ભગવાન કહે છે કે, '**न यावि मोक्खो गुरुहीलणाव**'—ગુરુની અવહેલના કરનારનો પણ મોક્ષ થતો નથી કુન્તાજીએ દ્વારિકા જઈને શ્રીકૃષ્ણને વિનતી કરી કે ભૂલ કરી હોવા છતા પણ પાડવો તમારા ભાઈઓ છે, તો હવે તેમને તમારા રાજ્યમા ક્યાંક રહેવાની જગ્યા આપો. શ્રીકૃષ્ણે કહ્યુ, 'દક્ષિણ દિશાના વનમા, જ્યા ખાલી જગ્યા પડેલી છે, ત્યા પાડુમથુરા નામનુ નવુ નગર વસાવીને પાડવો ભલે રહે, પણ હવે

તેઓ મને મોઢું ન બતાવે. કુન્તાજીએ ગર્જના કરીને પાંડુ રાજાને આ વાત કહી. પાંડુ રાજાએ પાંડવોને બોલાવીને કહ્યું તમારી જ ભૂલથી તમારે આટલું મોટું હસ્તિનાપુરનું રાજ્ય છોડવું પડે છે તમારી કરેલી ભૂલ તમને નડી રહી છે આ જીવ પણ પોતાની જ ભૂલથી ભટકી રહ્યો છે તેણે સાચો પ્રયત્ન કર્યો નથી. જે કર્મે તેના પર અત્યાર સુધી જોર જમાવ્યું છે તેના પર વિજય મેળવવા માટે તમારે એમનો માર્ગ પકડવો જોઈએ. તમે ચાર ચાર માસથી ભગવતનો પ્રતિબોધ ધર્મબોધ સાંભળી રહ્યા છો પણ જેમ બાળકીને પાણીમાં ડુબાડીને ને ભરેલી લાગે, પણ બહાર કાઢીએ ત્યાં ખાલી ને ખાલી ! તેમ તમે પણ જો બહાર જઈને બૌતિકની ભૂતાવળમાં ભરમાઈ જશો તો સાંભળવાનો કોઈ અર્થ નથી. માટે ચાર ચાર માસથી સાંભળેલા જ્ઞાના મૃતના આચરણ દ્વારા ઉપયોગ કરજો.

પાંડવોને કુટુંબ સહિત હસ્તિનાપુર છોડવું પડયું આટલું મોટું રાજ્ય વૈભવ અને મહેલો છોડવામાં તેમને ઘણું દુઃખ થયું કારણ કે તેમણે તેને મારું માન્યું છે મમતા ત્યાં દુઃખ છે પણ છોડયા વિના છૂટકો ન હતો ત્યાંથી નીકળીને તેઓ દક્ષિણ દિશાના વનમાં આવ્યા અને પાંડુમથુરા નામનું નગર વસાવીને તેમાં રહેવા લાગ્યા. દ્રૌપદીને એક પુત્ર થયો તેનું નામ પાંડુસેન રાખવામાં આવ્યું. પુત્ર મોટો થતા પાંડવોએ તેને વિદ્યાભ્યાસ કરાવ્યો. વ્યવહારની વિદ્યા તો માતાપિતા બાળકને શીખવે છે પણ આત્માને મુક્ત કરવાની વિદ્યા ગુરુ વિના કોઈ બતાવતું નથી. મહારી વાડીને નષ્ટ કરવાની, પૈસા માગવાની અને મિલકતને લેર કરવાની કળા તો શીખવે છે પણ પોતાની ટ્રકમાં આપેલી સાંકળ છોડવાની કળા શીખવતા નથી. તેવી જ રીતે માબાપ પણ પોતાના પુત્રને સંસારમાં બંધાવાની વિદ્યા તો શીખવે છે પણ એ બંધનમાંથી મુક્ત કેમ થવું એ તો ભગવાન મહાવીરના સાધુઓ સિવાય કોઈ શીખવતું નથી. સંસારમાં પુત્ર, પૌત્ર અને પ્રપૌત્રાદિના બાથમાં જીવ પડયો રહે છે મહાત્માઓ કહે છે કે આમાં ફસાઈને તમે

આ ખાડામા પડશો નહીં હવે જો તમારે એમાથી બચવુ હોય, તો મોક્ષમાર્ગે પ્રયાણ કરજો એના વિના તમે જે કાંઈ કરી રહ્યા છો તે તો બીજા પચેન્દ્રિય જીવો પણ કરે જ છે. તમારામા અને એકેન્દ્રિયથી પચેન્દ્રિય સુધીના જીવોમા આહાર, ભય, મૈથુન વગેરે દસ સંજ્ઞાઓ પડેલી છે. જો તમારામા પણ એ જ દસ સજ્ઞાઓ માત્ર હોય, તો તમે જરા પણ આગળ વધ્યા ન ગણાઓ સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર વિના મોક્ષ નથી તમને મોક્ષમાર્ગના પ્રણેતા અને જગતના ઉદ્ધારક ભગવાનનો આ માર્ગ મળ્યો છે અને તેમા સાચા મગલસ્વરૂપ ધર્મ છે—'**धम्मो मंगलम् ।**' મોક્ષસુખને નજીક લાવે અને પાપને પીગળાવે તેનુ નામ મગલ છે અનત ધર્મોને ધારણ કરનારો ધર્મી આત્મા છે એ અનત-કાળથી હતો, અત્યારે છે ને ભવિષ્યમા હશે એ નિત્ય, શાશ્વત અને ધ્રુવ છે દરેકના આત્મા જુદા જુદા છે તેમા સૌને પોતપોતાના કર્મો ભોગવવાની સ્વતત્રતા છે ઘઉની કોઠીમા જેમ ઘઉના એકેએક દાણા જુદા છે, તેમા પ્રદેશભેદે ભેદ છે અને લક્ષણભેદે તે એક છે, તેવી જ રીતે આત્મા પણ પ્રદેશભેદે ભેદવાળો અને લક્ષણભેદે એક છે કેટલાક લોકો આત્માને માને છે, પણ જો આત્મા એક જ હોય, તો એક ભગવાન ને એક નારકી કેમ બને ?

કોઈનુ કર્મ કોઈને ભોગવવાનુ નથી તમારી ભૂલ કોઈ ટાળી દે તેમ નથી સોનાની ખાણમાથી ખોદીને માટીને જેમ અગ્નિની ભઠ્ઠીમા અને તેજાબ આદિમા શુદ્ધ કરીને ચોખ્ખુ સોનુ બનાવવામા આવે છે, તેવી જ રીતે અશુદ્ધ આત્માને પ્રયોગ અને પુરુષાર્થ દ્વારા શુદ્ધ કરવો જોઈએ સસારનો પુરુષાર્થ તો કોઈવાર નિષ્ફળ પણ થાય છે, ત્યારે મોક્ષ માટેનો પુરુષાર્થ નિષ્ફળ નીવડતો જ નથી સસારના પુરુષાર્થમા પ્રારબ્ધની જરૂર પડે છે, ત્યારે મોક્ષ માટેના પુરુષાર્થમા પ્રારબ્ધની પણ જરૂર રહેતી નથી, તેમા તો આગેકદમ કરવાની જરૂર છે ત્યારે તમે રાજહઠ, બાલહઠ, જોગીહઠ અને સ્ત્રીહઠથી જુદા પ્રકારની પીછેહઠ કરો છો મહેમાન જાય ત્યારે તમે ભાતુ બાધી આપો છો, પણ અમારા

વિહાર વખતે અમે તમને મોક્ષનું ભાથું બંધાવીએ છીએ. જીવને સાચો માર્ગ બતાવનારા સદ્ગુરુ છે અને ભવભ્રમણ વધારનાર કુગુરુ છે.

પાંડવોનો પાંડુસેન નામનો પુત્ર મોટો થયો. એટલામાં ભગવાન નેમિનાથના શિષ્યો વિહાર કરતાં કરતાં પાંડુમથુરામાં પધાર્યા. પાંચેય પાંડવોએ તેમની ધર્મદેશના સાંભળી અને તેમના હૃદયમાં વૈરાગ્યની દીપમાળા પ્રગટાઈ ગઈ. મુનિરાજની દેશનાથી તેમનાં હૈયાં રસાઈ ગયાં. તેમનાં હૈયાં પોકારી ઊઠ્યાં કે—

ગુરુજી! મુક્તિ જવાનો અપૂર્વ માર્ગ બતાવજો રે,
ભવભ્રમણનો પાર ન આવ્યો
દયા કરી ગુરુ એવી ચાંપ બતાવજો રે. ગુરુ

એક ચાંપ દબાવે ને હજારો દીવા પ્રગટી જાય, તેમ ગુરુની ધર્મદેશનાથી સુજ્ઞ શિષ્યોના હૃદયમાં વૈરાગ્યની જ્યોતિ પ્રગટી જાય છે. એમને હસ્તિનાપુર છોડતાં દુઃખ થયું હતું, પણ હવે પાંડુમથુરા છોડવા માટે તેઓ અધીરા બની ગયા. તમે ચાર મહિનાથી ધર્મની દેશના સાંભળી, પણ આ તો બહેરાની વાત જેવું બન્યું. બહેરો આગળ જઈને એક માણસ પૂછે: તમારી તબિયત કેમ રહે છે? પણ બહેરો બજારમાં જતો હતો એટલે એનું ધ્યાન ભાવતાલમાં હતું. આથી તેણે જવાબ આપ્યો: હમણાં ભાવ બહુ સારા ચાલે છે.

તમારા ભાવતાલ કેવા ચાલે છે? તમે સર્વવિરતિ ન બની શકો તો દેશવિરતિ બનો અને સર્વવિરતિ થવાની ભાવના સેવો. આરંભ કર્યો હશે તો કોઈવાર પૂર્ણાહુતિ થશે, પણ જો આરંભ જ નહીં કર્યો હોય તો શું થશે? મુનિઓ તમને મુક્તિની કળા શીખવે છે. તમે મુક્તિના માર્ગને મુશ્કેલ માનો છો. તમને બધું સહેલું લાગે છે ને મુક્તિનો માર્ગ મુશ્કેલ લાગે છે. તમને દંભ કરવો સહેલો દેખાય છે ને સંયમના વ્રતો મુશ્કેલ લાગે છે. જીવની આ કેવી મૂઢતા! કેવી દશા! માટે હવે જડતાને ટાળો ને સત્ય વસ્તુને સમજો. મનુષ્ય

ભવ એ કથીર સમ બની ગયેલા આત્માને કુંદન બનાવનાર મોટો કીમિયાગર છે. આ મનુષ્યભવ મુક્તિપુરીનું બંદર છે. કર્મ સામે કેસ લડવાની હાઈકોર્ટ આ મનુષ્યભવ છે. જન્મ અને મરણનું સહીસલામત ઓપરેશન કરનારું દિવ્ય ઓપરેશન થિયેટર આ છે. કેટલાક કહે છે કે પ્રાણ ને પ્રકૃતિ એકીસાથે જાય, પણ એ ખોટી વાત છે. પ્રદેશી રાજાએ પ્રકૃતિને પલટાવી નાખી કે નહીં ? પણ જગતના જીવો કાસલામાં કસાઈ ગયા છે. એ પોતાના છોકરાનું સગપણ કરવાના કાર્યને ચાદલા કહે છે. એક જીવને સંસારના બંધનમાં બાંધવાના ચાદલા કરીને પછી મીઠાઈ, કપડાં અને દાગીનાના રમકડામાં એ જીવને ભરમાવી દે છે, અને પછી એના લગ્ન લેવાય છે. આ લગ્ન લેવાય છે કે વર અને કન્યા લેવાઈ જાય છે ? તમે બધા વર અને કન્યાને સંસારમાં હોમવારૂપ 'જાન'માં જાવ છો, અને પછી તો—

લઈ હાથમાં શ્રીફળ અને વર ઘોડો બનીને જાય છે,
માનવ મટીને ત્યારથી પશુતુલ્ય એ પંકાય છે.

તમે આ ક્રિયાને વરઘોડો કહો છો. આજ દિવસ સુધી એ બીચારો બે પગવાળો માનવ હતો, ત્યારે હવે બધા ભેગા થઈને એને પોતાના જેવો ચારપગો બનાવવા તૈયાર થાવ છો.

સાસુ જ્યારે પોંખવા માટે આવે છે, ત્યારે પ્રથમ ધોસરું બતાવીને સાનમાં સમજાવે છે કે આ સંસારનું ધોસરું તારા પર પડશે, પછી સાબેલું બતાવીને કહે છે કે આ સાબેલાથી તારા છોતરા ઊતરી જશે, પછી રવાઈ બતાવીને સમજાવે છે કે તારે વલોવાઈ જવું પડશે અને છેલ્લે અણીવાળો સળિયો (ત્રાક) બતાવીને કહે છે કે તારે આ તીરની જેમ વીંધાઈ જવું પડશે. કેટલીક વેવાણો એને ગાળો પણ આપે છે કે 'તારી માને ક્યાં મૂકી આવ્યો રે . . .' જ્યાં મોટા માણસનું બાળ એવું જબ્બર છે કે એ ગાળો પણ એને ઘીની નાળો જેવી લાગે છે !

ત્યારપછી બે ચોખાના અને બે ગખના એમ ચાર પીંડિયા ફેરવીને સમજાવે છે કે તારી રાખ મરણ પછી ચારેય દિશામાં ઊડી

જવાની છે ને તારા મરણ પછી બધા મિથ્યાત્વ ભોગવવાના છે, ત્યારે તારે તો આ પીંજરાની જેમ ચતુર્વિધ ગતિમાં ભટકવાનું રહેશે. છતાં મોહપાશમાં જકડાયેલો વરઘોડો સમજતો નથી। છેવટે તેની સામે કોડિયાનો સંપુટ મૂકીને ફોડાવી નાખે છે અને કહે છે કે આ સંસારમાંના કરમ ફૂટવા લાગે છે। આથી સાસુ વેનુ નાક તાણીને કહે છે કે તારે નાક જ રાખવું નથી.

આજમાં પુરું એ વખતે કેટલીક જ્ઞાતિઓમાં કન્યા આવીને તમોળનો કોળિયો ભરી જાય છે। આટઆટલા સરકાર છતાં એ વર જ્યારે પાછો જતો નથી, ત્યારે તેને કન્યા પરણાવે છે જેથી આ વીતરાગી માયા વળગી ને જે બે પગો મટીને ચાર પગો થયો. પછી તો છ પગો આઠ પગો અને અનુપગો બની ગયો। હવે સાચા સદ્ગુરુ મળ્યા વિના એને માનવ કોણ બનાવે ? માનવ બન્યા પછી- વિવેકી થયા પછી જ મોક્ષમાર્ગને એ વિચારી શકે ને !

વ્યાખ્યાન : ૧૧૪

(શનિવાર, તા ૨-૧૧-૬૩)

અહી નાથે સિદ્ધાન્ત પ્રરૂપ્યા ત્રણેય કાળમા સિદ્ધ થયેલી વસ્તુને સિદ્ધાન્ત કહે છે

જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમા દ્રૌપદીનો અધિકાર ચાલે છે પાડુસેન નામના પુત્રનો રાજ્યાભિષેક કરીને પાચેય પાડવો અને દ્રૌપદીદેવી બધા '**मुण्डे भवित्ता**'—દીક્ષા લેવા માટે ચાલી નીકળ્યા સસાર પ્રત્યે અરુચિ થાય, તો જ ધર્મ પ્રત્યે રુચિ થાય જેનામા સવેગ હોય તેને જ નિર્વેદ થાય છયે જણાએ મહાનિષ્ક્રમણ કર્યું જેના રોમરોમમા મોક્ષ માટે અભિરુચિ જાગે તે કોઈનો દાબ્યો દબાય નહી

દૃષ્ટાન્ત—એક મહાત્મા ગામ બહાર નદીકિનારે પર્ણકુટી બાધીને રહેતા હતા અનાયાસે એ દેશનો રાજા ત્યા આવ્યો અને મહાત્માને નમસ્કાર કર્યા એટલે મહાત્માએ સામેથી રાજાને પણ નમસ્કાર કર્યા આથી રાજા એ પૂછ્યુ, 'મારા જેવા અઢારેય પાપકર્મ કરનારને આપ જેવા મહાત્માએ નમસ્કાર શા માટે કરવા જોઈએ?' મહાત્માએ જવાબ આપ્યો, 'રાજન્! લોકો અમને ત્યાગી કહે છે, પણ અમે તમારા જેવો મહાન ત્યાગ કરી શક્યા નથી અમે માત્ર ઉપરના છોતરા જેવા ભૌતિક સુખનો ક્યોં છે, ત્યારે તમે તો સારામા સારી મોક્ષ જેવી વસ્તુનો ત્યાગ કર્યો છે તમારા આ ત્યાગને હુ નસ્કાર કરુ છુ' મહાત્માની આ ટકોરથી રાજા સાચો ત્યાગી બની ગયો

પ્રાણુ સખા તુજ બાળ ગણીને નિશદિન દેજે સહારો,
જે દિન ભાન ભુલાય આતમનુ તે દિન કરજે ટકોરો રે
પ્રભુ મારા અતરને અજવાળો.

સાચા વૈરાગીને આત્માનું અને લોકનું જ્ઞાન થાય છે. છ દ્રવ્યો છે (૧) ધર્મ (૨) અધર્મ (૩) આકાશ (૪) કાળ (૫) પુદ્‌ગલ, અને (૬) જીવ. તેમાં પ્રથમનાં ધર્મ અધર્મ અને આકાશ એ ત્રણે એક એક છે બાકીનાં ત્રણ અનેક છે. આ છ દ્રવ્યો જેમાં હોય તેને લોક કહેવાય છે તેમાં આત્મા જાણકાર છે જો એ જડનો સંગ ન કરે તો તેનો જે અનંત વૈભવ છે તે તેને મળે. એ સુખ દેખાડનાર જ્ઞાન છે. પુદ્‌ગલમાં વર્ણ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ આદિ છે આત્મામાં એ નથી. આકાશ એ ક્ષેત્ર છે ત્યારે બાકીનાં પાંચ દ્રવ્યો ક્ષેત્રી છે. ધર્માસ્તિકાયનો સ્વભાવ ચાલનારને મદદ કરે. અધર્માસ્તિકાયનો સ્વભાવ સ્થિર રહેનારને મદદ કરે. આકાશનો સ્વભાવ વિકાસલક્ષણ છે. કાળનો સ્વભાવ વર્તનાલક્ષણ છે. પુદ્‌ગલનો સ્વભાવ પૂરણગલનનો છે. જ્યારે જીવનો સ્વભાવ ચૈતન્યલક્ષણ છે. જ્યાં સુધી આત્મા રાગદ્વેષનો કર્તા હોય ત્યાં સુધી એ બંધનમાં રહે છે.

પાંચ પાંડવો અને દ્રૌપદી દીક્ષા લઈને આરાધનામાં ઉતરી ગયા. અનુક્રમે જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધનામાં મશગૂલ થઈ ગયું. જોઈએ! સાધુઓને માટે ભગવાને નવકલ્પી વિહાર બતાવ્યો છે આથી સાધુના સંયમમાં વૃદ્ધિ અને લોકોમાં ધર્મનો લાભ થાય છે. પાંડવોએ ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. સોળહજાર ત્રણસો ત્યારી આગારી સહિત સાધ્વીઓ દ્રૌપદી જ્યાં તેટલા કોરી વાણીના દર્શન કરે. જેનું જેટલું સમાયું સમજાય અને તેનું જ્ઞાન મુખપાઠ થાય તેને ચૌદપૂર્વનું જ્ઞાન કહે છે. દ્રૌપદીએ અગિયાર અંગનું જ્ઞાન મેળવ્યું અને સુવ્રતા આર્યાજીની સેવામાં લીન તપ-સંયમમાં અભિવૃદ્ધિ કરી.

આ જ્ઞાન ભણ્યું ભણાતું નથી અને શીખ્યું શીખાતું નથી. એને માટે તો—

મૂંગા વાચા પામતા, પંગુ ગિરિ ચઢી જાય,
ગુરુકૃપા બસ ઔર હૈ, અંધ દેખતા થાય.

ગુરુની કૃપા મેળવે તો જ્ઞાન પ્રાપ્ત થઈ જાય.

જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેઓ તપશ્ચર્યામા જોડાઈ ગયા તપ કરતા કરતા એક વખત તેમને પ્રભુ નેમિનાથ ભગવાનના દર્શનની ભાવના થઈ તેઓએ ગુરુ પાસે આજ્ઞા માગી કે જો આપની આજ્ઞા હોય તો અમે વિહાર કરીએ ગુરુએ આજ્ઞા આપી અને તેઓએ અભિગ્રહ કર્યો કે પ્રભુના દર્શન થાય ત્યા સુધી માસખમણને પારણે માસખમણ કરવા ગુરુની આજ્ઞા લઈ તેઓએ ઉગ્ર વિહાર શરૂ કર્યો. વિહાર કરતા કરતા તેઓ હસ્તિકલ્પ નગરમા આવ્યા માસખમણનુ પારણુ હોવાથી યુધિષ્ઠિર મુનિની આજ્ઞા લઈ બે સઘાડે ચારે મુનિ વહોરવા નીકળ્યા જ્યા થોડુ વહોરાયુ ત્યા તેમને ખબર પડી કે શ્રીનેમિનાથ ભગવાન નિર્વાણ પામ્યા છે આથી તેઓએ પાછા ફરીને યુધિષ્ઠિર મુનિને ખબર આપી ભગવાનના નિર્વાણથી બધાને બહુ આઘાત થયો તે દિવસથી પાચેય પાડવોએ આહારપાણીનો યાવજ્જીવન ત્યાગ કરી દીધો વહોરી લાવેલો આહાર પરઠવી તે શત્રુજય પર ગયા શિલા પર દર્ભસથારો બિછાવીને બધાએ યાવજ્જીવનનો સથારો કરી લીધો

તમે ડૉક્ટરના હાથમા નાડી હોય, ઇન્જેક્શનો ચાલુ હોય ને દવાના બાટલા સામે પડયા હોય એવી રીતે મરવા ઇચ્છતા હો, તો એવુ મરણ લાછનરૂપ ગણાય છે સાધુસાધ્વીઓ સથારાસહિત કાળ કરે તો તેમનુ જીવન ધન્ય ગણાય

તમે કોઈ વાર વ્રત, ઉપવાસ કે આયબિલ કરો તો રાહ જુઓ છો કે 'ક્યારે ઊગે દીનોનાથ કે ન કાઢુ મો બારો હાથ' રાતદિવસ તમે તમારા શરીરને પપાળ્યા જ કરો છો કે રખે ને ટાઢ લાગી જાય, રખે ને તાપ લાગી જાય, રખે ને ભૂખ કે તરસ લાગી જાય, રખે ને કાઈક વાગી જાય અને રખે ને કઈક થઈ જાય આવી રીતે સભાળ રાખવામા તમે આકાશપાતાળ એક કરો છો, ત્યારે ભગવાન મહાવીરના સાધુઓ કેમ વર્તે છે?

દેહ છતા જેની દશા, વર્તે દેહાતીત,
એ જ્ઞાનીના ચરણમા હો વ દન અગણિત

પાંચેય સંથારો કરીને બેસી ગયા. એમના દેહમાં અરિહંત અરિહંતના પોકારો થઈ રહ્યા હતા. જેને પ્રાણ અને દેહ વહાલો નથી, પરંતુ ધર્મ વહાલો છે એવા પાંચેયનો સંથારો બે માસ સુધી ચાલ્યો. આગળના એક માસના ઉપવાસ હતા. કુલ નેવું દિવસના ઉપવાસ થયા માત્ર હાડચામ બાકી રહ્યા. હવે તેઓ શુકલધ્યાનની શ્રેણિએ ચડ્યા. ક્ષપકશ્રેણિ, ક્ષાયિકભાવ અને કેવળજ્ઞાનદર્શન પ્રાપ્ત થઈ ગયાં. જેના માટે બાવીસ પરીષહો સહન કર્યાં એ કામ સિદ્ધ થઈ ગયું

આજે તો કેટલાક કહે છે કે અમે આત્માને જાણી લીધો છે હવે અમે જેમ કરીએ તેમ ચાલે. આવા જીવો પોતે જ પોતાના આત્માને છેતરી રહ્યા છે જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ન જાય, ત્યાં સુધી પોતે પોતાને અધૂરા જ માનવા જોઈએ. જ્ઞાન મળ્યા પછી તરત જ તપશ્ચર્યામાં ઉતરી જવું જોઈએ. તપશ્ચર્યાથી આત્માનાં કર્મોનું ખરી પડવું તેને નિર્જરાતત્ત્વ કહે છે તપશ્ચર્યા એ કર્મ ખપાવવાનું અમોઘ શસ્ત્ર છે

પાંચેય કાળ કરીને મોક્ષમાં ગયા. દ્રૌપદીનો મહિનાનો સંથારો ચાલ્યો અને ત્યાંથી કાળ કરીને પાંચમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઈ દેવીઓ આ ન દેવલોક સુધી છે માટે દ્રૌપદીને દેવશરીર પ્રાપ્ત થયું પાંચમા દેવલોકમાં દસ સાગરોપમની સ્થિતિ છે અત્યારે દ્રૌપદી પાંચમા દેવલોકમાં વિદ્યમાન છે ભવ આયુષ્ય અને સ્થિતિનો ક્ષય કરી બાદ તે મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ કુળમાં જ્યાં ત્યાગી મુખો હાજર હશે ત્યાં [illegible] તેમના માતાપિતા ધર્મનિષ્ઠ હશે તેમને નાની ઉંમરમાં મુનિ [illegible] મળી જશે. તેમની પાસે દીક્ષા લઈને અને તે સંયમની આરાધના કરીને તે મોક્ષમાં જશે.

[illegible] નાનામાં [illegible] મુનિના બનેથી લઈને દ્રૌપદીએ [illegible] સાધુને ઉકરડો જાણીને કડવી તુંબડીનું [illegible] ત્યારથી ન કોના ભવમાં અનંતા દુઃખો ભોગવતાં [illegible] ભોગવ્યાં હતાં તેવી તેમ દશામાં ગયા ! કર્મ ખપાવતાં

ખપાવતા જીવ કેવો તૈયાર થઈ જાય છે આ અધિકાર સાંભળ્યા બાદ તમે પણ જાગ્યા ત્યાંથી સવાર ગણો જીવના અભ્યુત્થાન માટે આજથી જ **શ્રીગણેશાય નમ** કરજો, કારણ કે સુકુમાલિકાના ભવ જેવી વિષયની તીવ્ર આસક્તિ નથી, તેમ નાગેશ્રી જેવો સાધુઓ પ્રત્યેનો દ્વેષ પણ નથી સારાશ એ છે કે તમે નાગેશ્રી અને સુકુમાલિકાના ભવ કરતા તો જરૂર આગળ વધેલા છો હવે એથી પણ આગળ વધવા કટિબદ્ધ બનજો

ભગવાન કહે છે કેભાવ સાથે દ્રવ્ય જોઈએ એકલા ચોખા ખેતરમા ઊગતા નથી. એના માટે છોતરા સહિતની ડાંગર જોઈએ માટે કરણી-રૂપ દ્રવ્ય અને ભાવનો સુમેળ સાધી આત્મોન્નતિમા આગળ વધજો જ્ઞાની વિના ભાવની તપાસણી કોઈ કરી શકે નહી કેટલીક વાર અશુદ્ધ આત્મા ભાવની પરીક્ષામા ભૂલ ખાઈ બેસે છે ભાવને જાણવાની પારા-શીશી કર્તવ્યની નિષ્ઠામા છે ભાવની કચાશ હોય તો જ કર્તવ્યની—દ્રવ્યની કચાશ આવે

ભગવાને માનવદેહની ખૂબ ખૂબ પ્રશસા એટલા માટે કરી છે કે મોક્ષ મેળવવાનુ તે અપૂર્વ સાધન છે દેવના વૈક્રિયક શરીરથી કે અસજ્ઞી પચેન્દ્રિયથી મોક્ષના સાધનો સાધી શકાતા નથી તમે મનુષ્ય તો છો જ ને, તો પછી કેમ બેસી રહ્યા છો ? માટે રમણીકના રમણીક રહેજો શેરડીનો વાઢ ચાલુ હોય, શેરડી પિલાતી હોય, ગોળની કડાઈઓ ગરમાગરમ તૈયાર થતી હોય, ત્યારે તો ખેડૂત ઉદાર હોય છે, પણ વાઢનુ કામ પૂરુ થઈ જાય, ગોળના માટલા ઘરમા આવી જાય પછી તો એ જ શેરડીના વાઢમા શુ હોય છે ? ખેડૂતમા પણ ઉદારતાને સકુચિતતા આવી જાય છે એમ સાધુઓ અને સત્પુરુષોની હાજરીમા તો વડો ભર્યો ભર્યો લાગે, પણ તમે વાઢના જેવુ ન કરજો ! જેમ-બને તેમ ધર્મમા ઉજમાળ બનજો

ૐ શાન્તિ

*

વિદાય વેળાએ

(રવિવાર તા ૩-૨૧ ૬૬)

ધર્મ જીવને સંસારસમુદ્રથી તારણહાર છે ને મોક્ષ મેળવવો હોય તો વીતરાગની વાણીમાં શ્રદ્ધા રાખજો અને સંપૂર્ણ શ્રદ્ધા પછી તેને વર્તનમાં ઉતારજો. આ ધર્મ જીવનમાં તાણાવાણાની માફક વણાય, તો બેડો પાર થઈ જાય. આ ધર્મ અમૂલ્ય છે. શ્રદ્ધામાં લાવવા જેવો છે. શ્રદ્ધા એ મૂળ પાયો છે. એ પાયો મજબૂત હશે તો જ ચારિત્રની ઇમારત ચણાશે. ધર્મ અને ધર્મનિષ્ઠા જ ધર્મસિદ્ધિ અપાવે છે માટે પ્રભુનાં વચનોમાં શ્રદ્ધા રાખજો.

કોઈ એક રાજા શિકાર ખેલવાનો ખૂબ શોખીન હતો. એક વખત રાજા શિકાર કરવા નીકળ્યો. એક હરણની પાછળ ઘોડો દોડાવ્યો. હરણની પાછળ ઘોડો આવી શક્યો નહીં. હરણ દૂર ને દૂર નીકળી ગયું. રાજા પણ તેની પાછળ દૂર ને દૂર નીકળી ગયો. અંતે હરણ અદ્રશ્ય થઈ ગયું ને રાજા નિરાશ થઈ એક ઝાડ નીચે વિસામો લેવા બેઠો. સૂર્ય મધ્યાહ્ને તપી રહ્યો હતો. રાજાને કકડીને ભૂખ લાગી પણ તે વનમાં કંઈ ફળફૂલ નહીં, તેમ કોઈ હરણાં કે સસલાં નજરે પડતાં નહીં કે શિકાર કરીને પેટ ભરે. હવે શું કરવું? તે વિચાર કરે છે ત્યાં એક પક્ષી નજરે પડ્યું. ભૂખ્યો રાજા તેને હાથમાં લઈ મન મનાવે છે કે કાંઈ નહીં તો રાત ગુજારવાનો તો બસ. સ્વાર્થી માણસ બીજાને શું દુઃખ થશે તેનો જરા પણ વિચાર કરતો નથી. ત્યાં તેને મસળવા જાય છે ત્યાં પેલું માસૂમ બોલી ઊઠ્યું: સાંભળ રાજન્! મારા પ્રાણ તો જગ પડવાની માણસના શરીર ઉપર ફેંક્યા પછી જાય છે તો મને ખાવાથી તારી આખી શરીરમાં ભળતરાની વેદના મટી જ સુધરશે નહીં સંતોષ પણ નહીં અને મારો આહાર કરવાથી તારું ઈં

પેટ ભરાશે ? માટે જો તુ મને જીવતી મૂકી દે તો હુ તને ત્રણ વાત કહુ તેમાની પહેલી વાત તારી હથેળીમા બેસીને કહીશ, બીજી વાત તારા ખભા ઉપર બેસીને અને ત્રીજી વાત સામા ઝાડ પર બેસીને કહીશ બોલ તારી શી ઇચ્છા છે ?' રાજાએ હા કહી, એટલે એણે વાત કહેવી શરૂ કરી જોકે આ તો ફક્ત રૂપક છે, પણ એમા સાર ઘણો છે ખડમાકડીએ પહેલી વાત કહી કે, 'હે રાજન્ ! શાસ્ત્ર કહે તે પ્રમાણે કરવુ શાસ્ત્ર પર સચોટ શ્રદ્ધા રાખવી આ પહેલી વાત' આટલુ કહીને તરત ઊડીને તે ખભા પર બેસી ગઈ અને બીજી વાત કહેવી શરૂ કરી કે, 'હે રાજન્ ! શાસ્ત્રના રહસ્ય કે મર્મ ગુરુના હૈયામા હોય છે, માટે ગુરુવચનને માન્ય કરવા શાસ્ત્રની વાતો ગુરુગમ દ્વારા જ સમજી શકાય છે'


એક જગ્યાએ પ્રભુએ મુનિને કહ્યુ છે કે, 'હે મુનિ ! તારે સ્ત્રી સામે દૃષ્ટિ પણ કરવી નહી' જ્યારે બીજી તરફ કહ્યુ છે કે, 'હે મુનિ ! તારે સ્ત્રીને પગથી માથા સુધી નિરખી લેવી' હવે આવી બે વાતો સાભળવાથી આશ્ચર્ય થાય કે આવી પરસ્પરવિરોધી વાત કેમ મૂકી હશે ? પણ આનો ઉકેલ તો ગુરુઓ સમજાવે કે વિકાર ભાવથી સ્ત્રી સામે દૃષ્ટિ પણ ન કરવી, પણ જ્યારે વહોરવા જાય ત્યારે બાઇના માથામા સચેત ફૂલની વેણી તો નથી ને ? તેમ હાથ પગ કોઈ કાચા પાણીના સ્પર્શવાળા તો નથી ને ? આ જોવાની દૃષ્ટિએ સ્ત્રીની સામે નજર કરે એક જગ્યાએ કહ્યુ છે કે, '**गुणेहिं साहु, अगुणेहिं साहु**'—ગુણોથી યુક્ત હોય તે સાધુ અને ગુણોથી મુક્ત હોય તે પણ સાધુ આના ખુલાસામા ગુરુદેવ કહે છે કે સમ્યગ્જ્ઞાન દર્શન, આદિ ગુણથી યુક્ત હોય તે સાધુ અને પાચ પ્રકારના કામગુણથી મુક્ત હોય તે પણ સાધુ આમ ગુરુએ કહેલા વચનો માન્ય કરવા એ બીજી શિખામણ

ત્યારપછી ઝાડ પર બેસીને તેણે કહ્યુ, 'હે રાજન્ ! શાસ્ત્રવચન પ્રમાણ હોય, ગુરુગમ હોય, તેમા પણ પોતાનો અનુભવ જે કહે તે સાચુ માનવુ આ મારી ત્રીજી શિખામણ છે' આટલુ બોલી ખડ-

માછલી ખડખડાટ હસી પડી. ત્યારે રાજાએ પૂછ્યું કે હસે છે શા માટે? ખડમાછલીએ કહ્યું કે હે રાજન્, તારા પંજામાંથી હું આબાદ બચી ગઈ મારા બે ગલસુંમાં તોલા તોલાના તારા રાજ્યમાં પણ ન હોય તેવાં કીમતી હીરા હતા જો તેં મને મારી હોત તો તને એ મળી જાત. આ સાંભળતાં જ રાજાએ મ[illegible]-તાકી એટલે એણે કહ્યું કે હજૂર કર રાજન્! અત્યારે ને અત્યારે જ મારી કહેલી વાત ભૂલી ગયો! અત્યાર સુધી હું તારા હાથમાં જ હતી. તને શું મારું વજન બે તોલા જેટલું લાગ્યું! હું તને ગમે તે કહું પણ તારો અનુભવ તને શું કહે છે! રાજાને પોતાની મૂર્ખતા સમજાઈ અને એ પસ્તાવો થયો.

આ પરથી આપણે પણ ઘણો સાર ગ્રહણ કરવાનો છે. શાસ્ત્ર એ બોધનું સાધન છે. સદ્ગુરુઓ એનું દોહન કરીને એમાંથી સારભૂત વસ્તુઓ આપણને બતાવે છે. મહાન પુણ્યનો ઉદય હોય તો આ વાણી સાંભળવા મળે. તમારા પુણ્યે તમને સત્સમાગમ સુધી તો મૂકી દીધા છે. હવે પુરુષાર્થ ઉપાડો. પ્રમાદ ત્યજી પગલાં માંડી હિંમતભેર આગળ વધો. સાધનાની સિતાર છેડો તો સિદ્ધિનું સંગીત જરૂર ગૂંજશે.

મહા મન બમ પ્રતિકૂળતાને પછાડી નાખશે. આ માનવજન્મ આ અમા એવા સંસારસમુદ્ર તરવા માટેની એક મહાન મજબૂત હોડી છે એ દ્વારા તરીને પાર પહોંચજો.



'પ્રવચન-પીયૂષ'ના બન્ને ભાગોના ગ્રાહકોની વધારાની નામાવલિ

—(૦)—

ધ્રાંગધ્રા

૩૫ શ્રી સ્થાનકવાસી જૈન મોટો સંઘ, હસ્તે મગળજીભાઈ જીવરાજ સંઘવી
૧૦ ,, નરસીદાસ વખતચંદ સંઘવી
૫ ,, નારણદાસ હરગોવનદાસ ઠક્કર
૩ ,, મગળજી જીવરાજ સંઘવી
૨ ,, મગનલાલ છગનલાલ વોરા
૨ ,, પદમશી કાનજીભાઈ સંઘવી
૨ ,, શાન્તિલાલ વ્રજલાલ શાહ
૨ ,, રસિકલાલ મણિલાલ ચુડગર
૧ ,, નંદલાલ માણેકચંદ શાહ
૧ ,, મફતલાલ ધનજીભાઈ શાહ
૧ ,, શકરચંદ મગનલાલ સંઘવી
૧ ,, અમૈચંદ વાઘજીભાઈ મહેતા
૧ ,, ચીમનલાલ પરમોત્તમદાસ સંઘવી
૧ ,, દેવશી રાજપાલ શાહ
૧ ,, નરસીદાસ શકરચંદ ભાવસાર
૧ ,, વ્રજલાલ ઓઘડભાઈ શાહ
૧ ,, લાલચંદ લખમીચંદ શાહ
૧ શ્રી જીવણલાલ ઠાકરશી શાહ
૧ ,, નરસીદાસ પોપટલાલ શાહ
૧ ,, લાલચંદ પોપટલાલ શાહ
૧ ,, જાદવજી અમરચંદ શાહ
૧ ,, હરિલાલ મગળજી શાહ
૧ ,, હરગોવન શકરચંદ સંઘવી
૧ ,, ચંદુલાલ પ્રેમચંદ શાહ
૧ ,, ભાઈચંદ ડુંગરશી શાહ
૧ ,, કસ્તૂરચંદ નાગરભાઈ શાહ
૧ ,, રઘુભાઈ ગાગજીભાઈ શાહ
૧ ,, રતિલાલ હીમચંદ શેઠ
૧ ,, ચીમનલાલ વ્રજલાલ સંઘવી
૧ ,, હરખચંદ નાગરદાસ સંઘવી
૧ ,, ચંપકલાલ મગનલાલ વોરા
૧ ,, મગનલાલ મોહનલાલ શાહ
૧ ,, લખમીચંદ કુંવરજી શાહ
૧ ,, હિંમતલાલ હરજીવનદાસ ભાવસાર
૧ ,, કસ્તૂરચંદ મોહનલાલ શાહ
૧ ,, મોહનલાલ જેઠાભાઈ ભાવસાર
૧ ,, હરિલાલ દેવશીભાઈ શેઠ
૧ ,, પ્રેમચંદ ગોબરભાઈ શાહ

૧ શ્રી તારાચંદ નાનજીભાઈ કોઠારી
૧ અમરશી રતનો ઉપાશ્રય
૧ ન્યાલચંદ ખુશાલદાસ શાહ
૧ " માણેકચંદ છગનલાલ વોરા
૧ લાલચંદ હરિભાઈ સંઘવી
૧ " મણિલાલ કુંવરજી શાહ
૧ " અમૃતલાલ સોમચંદ સંઘવી
૧ હિંમતલાલ હરિલાલ સંઘવી
૧ કાન્તિલાલ સંઘજીભાઈ શાહ

મુંબઈ

૫ શ્રી અમૃતલાલ ગોવરધનદાસ ટોપીવાળા
૫ ભાઈચંદભાઈ ગુલાબચંદ ગોસા

રાજકોટ

૩ શ્રી ભાનુલાલ ભાઈચંદ દોશી
૧ ગિરધરભાઈ ભામરોળવાળા
૧ જયંતિલાલ મનોરદાસ વોરા
૧ શિવલાલ હેમચંદ મહેતા
૧ શ્રી ગિરધરભાઈ લખમીચંદ સંઘવી
૧ " પ્રભાશંકર દેવચંદ દોશી
૧ " રમણીકલાલ રતિલાલ રૂપાણી

આકોલા

૧ શ્રી મણિલાલ પ્રેમચંદ સંઘવી
૧ જેઠાલાલ પ્રેમચંદ "
૨ ત્રંબકલાલ પ્રેમચંદ
૧ " બાપુલાલ પ્રેમચંદ "
૧ " શામળજી પ્રેમચંદ

જૂનાગઢ

૧ શ્રી સ્થા. જૈન સંઘ લાયબ્રેરી
૧ રૂગનાથ વલ્લભજી લખાણી
૧ " ગુણવંતલાલ વનેચંદ રૂપાણી
૧ હરજીવનદાસ હીરાચંદ

મળિયા

૧ ખીમચંદ માણેકચંદ હળિયા
૧ " મોહનલાલભાઈ ભાયાણી

શુદ્ધિપત્ર

પાનુ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૧	૧૪	સગ્ની	૦
૨૦	૬	કરે	કર
૨૨	૧૬	કરવુ	કરવા કહેવુ
૨૫	૧૮	સાધકને	શ્રાવકને
૩૫	૯	મરીને દેવ	મરીને મનુષ્ય
૩૬	૧૭	સાધારણ	પ્રત્યેક
૩૭	૫	તેમા	તેને નીચે પડતા
૫૮	૧૪	થાપે	સ્થાપે
૬૯	૧૯	માનો	મારો
૭૧	૨૧	પચેન્દ્રિયના	પાચે ઇન્દ્રિયના
૮૧	૨૦	ન શક્યો નહી	ન શક્યો
૮૫	૯	વિભાગમા	વિભાવમા
૯૩	૨૭	તો તો	તો તે
૯૮	૯	પડવા	પડતા
૧૦૦	૧	ગાડી આવવાનો અવાજ સાભળીને	ગાડીના ધણધણાટથી
૧૦૮	૨૦	વિભાવનુ	વિકારનુ
૧૨૫	૨૩	પરિપાપ	પરિતાપ
૧૨૬	૪	૨,૭૭,૭૭,૭૭,૭૭૭	૨૭૭૭૭૦૭૭૭૭૦
૧૬૦	૬	નિમાણુ	નિયાણુ
૧૬૦	૧૦	કિલ્બિપ	કિલ્વીષો
૧૭૫	૧૯	વખને	વખતે
૧૮૫	૫	ભાવ	ભાન
૨૦૧	૩	તપ	તપમા
૨૦૪	૨૧	ચદનબાળાએ	ચદનબાળાપે

૨૦૭	૨	એક્ષે	એટલે
૨ ૮	૮	સોનીની	જ્ઞાનીની
૨૧૨	૧૩	પોતાવી	પોતાની
૨૪૪	૧૮	એક	એ
૨૫૫	૧૪	ઘર	ઘરના
૨૬૨	૮	સમકિત	સમકિતી
૨૬૭	૧૯	નરી	નથી
૨૬૮	૭	પરાવર્ત પામ્યા	પરાવર્તમાં મોક્ષ પામ્યા
૨૬૮	૧૧	પરાવર્તન પામે છે	પરાવર્તનમાં મોક્ષ પામે છે
૨૭૩	૭	[illegible]જાર	મઝાર
૨૮૨	૧૬	નારજીએ	નારકીએ
૨૮૯	૧	ખડક	ખડગ
૨૯૭	૧	ભમર	ભરમ
૧	૨૩	ત	તપ
૩ ૩	૧૯	સિદ્ધના	સિદ્ધપુના
૩૧૩	૨૨	શરીરની ધારણા	શરીરને ધારણ
૩ ૧	૧૮	અદર્શન	દર્શન
૫	૨	અધ ક્ર	અધકર કુમી
૩૨૧	૮	ચતુર્વિધ	રાત્રે ચતુર્વિધ
૩	૧૧	બતાવર્તા	બતાવતાં
૩૭	૫	જીવનનો	જીવનો
	૧	બતાવને ?	બતાવજો ?
	૧૨	શાકે ન !	શકે ને !
	૨૨	ઉદારતાને	ઉદારતાને બદલે

(અને તેમ જ) [illegible] મળી [illegible] સુધારેાા.

૧

શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘનાં

પ્રકાશનો

આધ્યાત્મિક વ્યાખ્યાન-સંગ્રહ

મહાસતીજી શ્રી લીલાવતીબાઈનાં સંવત ૨૦૧૩ ના
અમદાવાદના ચાતુર્માસનાં વ્યાખ્યાનો
મૂલ્ય રૂ. ૧॥

સુમતિ પ્રવચન-સુધા

મહાસતીજી શ્રી સુમતિકુંવરજીના સંવત ૨૦૧૫ ના
અમદાવાદના ચાતુર્માસનાં વ્યાખ્યાનો
મૂલ્ય રૂ. ૧॥

પ્રવચન-પીયૂષ

બે ભાગ

મહાસતીજી શ્રી લીલાવતીબાઈનાં સંવત ૨૦૧૯ ના
અમદાવાદના ચાતુર્માસનાં વ્યાખ્યાનો
મૂલ્ય બેઉ ભાગના રૂ. ૪

પ્રાપ્તિસ્થાન
શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ
નગરશેઠનો વંડો, ઘીકાંટા રોડ, અમદાવાદ.